વાર્ષિક લવાજમ રૂા. ૧૫૦/-

વર્ષ : ૪૧મું
નવેમ્બર - ૨૦૧૬
અંક : ૪૬૨


મંગલ મંદિર ● નવેમ્બર-૨૦૧૬ ● ૧
(કુલ પાના : ૧૨૮)

શ્રી કચ્છી જૈન સેવા સમાજ

# મંગલ મંદિર

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનું માસિક મુખપત્ર

## દીપોત્સવી વિશેષાંક




# ૨૧મી સદીનું કચ્છ

: મુખ્ય કાર્યાલય :
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ
માતુશ્રી સાકરબહેન રવજી મોરારજી લાલન (કોડાય-સુપ્રીમવાલા)
શ્રી કચ્છી જૈન ભવન
૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી, પાલડી, એલિસબ્રીજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬
ફોન : (079) 2657 8892, 2658 1501, 2657 9469 ફેક્સ : (079) 2658 2060
Email : kutchijainamd@gmail.com • Website : www.kutchijainahd.org


YOUVA
ART of being SMART
એક્ઝામ બોર્ડ
સબજેક્ટ બુક
PROJECT FILE
પ્રોજેક્ટ ફાઈલ
રીફિલ બુક
ELECTRICAL GAZETTE
પ્રેક્ટિકલ બુક
આન્સર બુક
ગ્રાફ બુક
MAPS
મેપ્સ
બ્રાઉન પેપર
વ્હાઈટ એડહેસીવ
WHITE ADHESIVE
કંપાસ
COMPASS
વેક્સ ક્રેયોન્સ
WAX CRAYONS
PACK OF 12 SMALL
સ્ટ્રાઈપ્સ પેન્સિલ
STRIPES PENCILS
LEARN WITH FUN
મેથેમેટિકલ ડ્રોઈંગ સેટ
MATHEMATICAL DRAWING SET
ડો
DOUGH
કલર પેન્સિલ
COLOUR PENCIL
2 IN 1
PACK OF 12

# Available on HIRE

- Gas Engine Driven Generators
  Range : 50 KVA to 10 Mega Watts
- Gas Engine Driven Gas Compressors
  Range : 10 HP to 8000 HP
- Oil & Gas Processing Equipments Readily Available
- Work Over Rig 100 Ton, 50 Ton & 30 Ton Capacity
- 120 kg/cm2 Air Compressors

# We Provide

- Complete equipment Readily Available
- Spare Parts
- Operation & Maintenance
- Engineering Consultancy



**Corporate Office :**

## Deep Industries Limited

6th Floor, N.G. Tower, Opp. Fun Republic Cinema,
S.G. Highway, Ahmedabad - 380 015.
Tel # 91-79-26862076/78
Fax # 91-79-26862077

**Registered Office :**

## Deep Industries Limited

Opp. Suryanarayan Bunglows,
State Highway, Motera,
Dist. Gandhinagar.
Phone # 91-79-27571128
Fax # 91-79-27502464
Email info@deepindustries.com

AN ISO 9001 - 2000 COMPANY

# દીપોત્સવ અને નૂતનવર્ષ પ્રસંગે સૌ કચ્છી વાચક મિત્રોને શુભેચ્છાઓ

## ગુજરાતી સાહિત્યને કચ્છી સાહિત્યથી સમૃદ્ધ કરનાર સાહિત્યકાર

## દુલેરાય કારાણી અભિવંદના શ્રેણી



કચ્છી ભાષાનું સાહિત્ય માર્મિક પણ છે અને મબલક પણ છે. કેટલાક કચ્છી સાહિત્યકારોએ કચ્છી ભાષા ઉપરાંત ગુજરાતી, હિંદી ભાષાઓમાં સીધું જ સર્જન કર્યું છે. તે તેમની અલગ સિદ્ધિ ગણાય. દુલેરાય કારાણી મૂલ્યનિષ્ઠ સાહિત્યકાર હતા. તેમણે ગુજરાતી ભાષામાં વિપુલ સર્જન કર્યું છે તેમ કચ્છી ભાષામાં પણ સંશોધન અને સંવર્ધનનું નોંધપાત્ર કાર્ય કર્યું છે. તેમનું ઉત્કૃષ્ટ સાહિત્ય વિસરાઈ જાય એ ન પરવડે. આ કારણે તેમનાં પુસ્તકોનું નવેસરથી સંકલન કરીને, નવી ગોઠવણી સહિત 'દુલારાય કારાણી અભિવંદના' શ્રેણી અંતર્ગત કરેલું આ પ્રકાશન સાહિત્યનો નવો ઇતિહાસ રચશે.

**કચ્છની રસધાર** [ભાગ ૧થી ૫ સંયુક્ત]

*કચ્છના ખમીરની વિરલ કથાઓ*

**જામ અબડો અભંગ**

*આદર્શ કચ્છી રાજવીના આત્મગૌરવની કથા*

**જામ ચનેસર**

*એક કચ્છી રાજવીની પ્રણયભીની કથા*

**જામ લક્ષરાજ**

*પ્રજાવત્સલ કચ્છી રાજવીની જીવનકથા*

**જામ રાવળ**

*એક કચ્છી રાજવીની કુશળ કારોબાર-કથા*

**કચ્છનો ક્રોમવેલ જમાદાર ફતેહ મહમ્મદ**

*કર્તવ્યનિષ્ઠ કચ્છી જમાદારની ખુમારીની કથા*

**મિઠે મેરાણ જા મોતીડા** [ભાગ ૧-૨ સંયુક્ત]

*કચ્છી સુભાષિતોની અત્તરક્યારીઓ*

**રસાલો શાહ અબ્દલતીફ ભિટાઈ જો**

*કચ્છી કવિની કલમે પ્રેમીપાત્રોનાં ચરિત્રકાવ્યો*

**શાયર નઝીર અકબરાબાદી**

*એક કચ્છી શાયરનો કાવ્યવૈભવ*

**સાર્થ કચ્છી કહેવતો**

*કચ્છી કહેવતોનો કુબેરભંડાર*

**કચ્છી પિરોલી**

*કચ્છી ઉખાણાં-ઉક્તિઓમાં ઉભરાતું જીવનદર્શન*

**કચ્છડો બારે માસ**

*કચ્છી લોકસાહિત્યના ધબકારા*

**કારા ડુંગર કચ્છ જા**

*ઇતિહાસ અને લોકકથામાં કચ્છ : એક અધ્યયન*

**કથાક્યારી**

*જીવનપ્રેરક પ્રસંગોની અણમોલ પ્રસાદી*

ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય

**ગૂર્જર સાહિત્યભવન**

રતનપોળનાકા સામે, ગાંધી માર્ગ, અમદાવાદ - 380 001
ફોન : 079-22144663.
e-mail : goorjar@yahoo.com

**ગૂર્જર સાહિત્ય પ્રકાશન**

102, લૅન્ડમાર્ક બિલ્ડિંગ, ટાઇટેનિયમ સિટીસૅન્ટર પાસે, સીમા હૉલની સામે,
100 ફૂટ રોડ, પ્રહ્લાદનગર, અમદાવાદ-15 ફોન : 26934340, મો. 9825268759
ઇમેલ : gurjarprakashan@gmail.com

છેલ્લા ૪૦ વર્ષથી દર મહિનાની ૫ તારીખે નિયમિતપણે પોસ્ટ કરવામાં આવતું "શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ"નું મુખપત્ર – **"મંગલ મંદિર"**

**મુખ્ય કાર્યાલય**

**શ્રી કચ્છી જૈન ભવન,**
૪૩-૪૪, શ્રી બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી,
પાલડી, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૮૯૨, ૨૬૫૮૧૫૦૧
ફેક્સ : (૦૭૯) ૨૬૫૮૨૦૬૦
ઈ-મેઈલ : kutchijainamd@gmail.com
વેબ-સાઈટ : www.kutchijainahd.org

**તંત્રી**
પ્રતાપ નારાણજી દંડ
(મો. ૯૪૨૬૭ ૨૫૬૧૯)

**આ અંકના માનદ્ સંપાદક**
શ્રી હરેશ ધોળકિયા
ભુજ, કચ્છ.

***અંકમાં પ્રસિધ્ધ થયેલ લેખો તથા અન્ય વિભાગની માહિતીઓ સાથે તંત્રીમંડળ સહમત છે તેમ માની લેવું જરૂરી નથી. રજૂ થયેલ વિચારો જે તે વ્યક્તિના હોય છે, જેની નોંધ લેવા વિનંતી.***

## લેખકોને નમ્ર વિનંતી

*'મંગલ મંદિર'માં પ્રગટ કરવા માટે વિપુલ પ્રમાણમાં લેખ સામગ્રી અમને મળતી રહે છે અને એટલે સ્વીકૃત કૃતિઓને પ્રગટ કરવાનું પણ સ્વાભાવિક રીતે વિલંબાય. મંગલ મંદિરના ધોરણને ધ્યાનમાં લઈ, પોતાની રચના મોકલતી વખતે લેખક સ્વવિવેક દાખવે તેવી વિનંતી છે.*

*એક સાથે એકથી વધુ કૃતિઓ ન મોકલવા વિનંતી.*

*ભાષાદોષ અને લાંબા લેખો અસ્વીકાર્ય બનશે તેની નોંધ લેવા વિનંતી. લેખમાં એકની એક વાતનું પુનરાવર્તન (રિપિટેશન) ટાળવું જરૂરી છે. કૃતિની હસ્તપ્રત સ્વચ્છ અને સુવાચ્ય હોવી જોઈએ. આશા છે કે, આ બાબતમાં લેખક મિત્રોનો સહકાર અમને મળી રહેશે.*

***– મુખ્યતંત્રી***

# અનુક્રમણિકા

**તંત્રી લેખ :**


- તંત્રીલેખ ........ ૭
- આગામી કાર્યક્રમોની એક ઝલક ........ ૮
- માનદ્ સંપાદકની કલમે ........ **હરેશ ધોળકિયા** ........ ૯


**લેખ વિભાગ**


- કચ્છમાં આધુનિકતા વધી રહી છે ખરી? ........ **હરેશ ધોળકિયા** ..... ૧૦
- ★જવાબદાર પ્રવાસનથી જ કચ્છીયત ટકે ........ **કીર્તિ ખત્રી** ..... ૧૪
- ૨૦૨૫નું કચ્છનું પ્રવાસન ........ **નરેશ અંતાણી** ..... ૧૭
- ★બીમારીના બિછાને કચ્છનું પર્યાવરણ ........ **રમેશ ભટ્ટી** ..... ૧૯
- ૨૧મી સદીનું કચ્છ : વિકાસ અને વિઝન
  લોકજાગૃતિ વધી છે ........ **નવીન જોશી** ..... ૨૧
- ★કચ્છનું બારડોલી – નખત્રાણા સુવિધાસજ્જ નગર હશે ........ **અશ્વિન જેઠી** ..... ૨૪
- પરિસ્થિતિ અને પરિવર્તન ........ **માવજીભાઈ એલ. બારૈયા** ..... ૨૬
- ★પ્રાથમિક માધ્યમિક શિક્ષણ વીડિયો કોન્ફરન્સથી થશે ........ **રમેશ દવે** ..... ૩૧
- નવી સદીમાં વ્યાપારનું સ્વરૂપ ........ **રાજેશ ખંડોલ, સી.એ.** ..... ૩૩
- ★રાપર રેલવે સ્ટેશનથી સીધી દિલ્હીની ટ્રેન મળશે..... **સૂર્યશંકર ગોર • રસિક મોરબિયા** ..... ૪૦
- કચ્છની વિશાળતા અને કોમ્યુનિકેશનનો વિકાસ ........ **ભાવિન વોરા** ..... ૪૨
- ★મુંદ્રા ફરી પેરિસ બની જશે ........ **અશ્વિન ઝિંઝુવાડિયા** ..... ૪૬
- પરપ્રાંતીય પ્રજાઓનું આગમન : સવાલો અને ઉકેલો ........ **નિમિષ વોરા** ..... ૪૭
- ★ગાંધીધામ.... ઊભરતું મુંબઈ ........ **અઝીમ શેખ** ..... ૪૯
- મહિલા સશક્તીકરણ : દિલ્લી અભી દૂર હૈ ........ **ઉત્કંઠા ધોળકિયા** ..... ૫૦
- ★સ્માર્ટ કચ્છ : હડપ્પન યુગથી ડિજિટલ યુગ ........ **નવીન જોશી** ..... ૫૩
- યુવાઓ પર નવી સદીનો પ્રભાવ ........ **મુંજાલ સોની** ..... ૫૬
- ★કંડલા મહાબંદર ૩૦ કિ.મી. સુધી વિસ્તરી ચૂક્યું હશે ........ **અદ્વૈત અંજારિયા** ..... ૫૮
- ૨૧મી સદીનું કચ્છ (ગ્રામ્ય માળખામાં પરિવર્તન) ........ **અશ્વિન ઝિંઝુવાડિયા** ..... ૫૯
- ★ઉચ્ચ શિક્ષણનો તો સિનારિયો જ પલટાઈ જશે
  ડિજિટલ યુનિ. સંપૂર્ણ ઓનલાઈન અને પેપરલેસ બનશે ........ **દિવ્યેશ વૈદ્ય** ..... ૬૧
- એકવીસમી સદીમાં કચ્છનું આરોગ્ય માળખું ........ **વૈદ્ય નિપુણ પી. બુચ** ..... ૬૩
- ★કચ્છની વન્યજીવ સંપદા તસવીરોમાં જોઈ રાજી થશું ........ **ડૉ. પંકજ જોશી** ..... ૬૮
- સાત દાયકા દરમિયાન
  કચ્છે ધુખાવી વિકાસની ધૂણી ........ **મુકુંદ કે. મહેતા 'અલ્પ'** ..... ૭૦
- ★સામાજિક ઐક્યથી કચ્છહિતને વિશેષ માવજત મળશે ........ **હરેશ ન. મહેતા** ..... ૭૩
- સિત્તેરનો ઉંબરો ઓળંગતાં... ........ **ફાધર વર્ગીસ પૉલ** ..... ૭૬

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના

**"પદાધિકારીશ્રીઓ"**

**મેનેજિંગ ટ્રસ્ટી**
શ્રી પ્રતાપ નારાણજી દંડ
ઘર : ૦૭૯- ૨૬૪૦૫૦૪૭ મો. ૯૪૨૬૭ ૨૫૬૧૯

**ઉપપ્રમુખ-૧**
શ્રી મનુભાઈ ગોવિંદલાલ શાહ
ઘર : ૨૬૪૪ ૬૪૧૩, ઓ. ૨૬૪૦ ૧૧૫૦
મો. ૯૮૨૫૦ ૩૧૫૨૮

**ઉપપ્રમુખ-૨**
શ્રી શાંતિલાલ મુળજી સાવલા
ઘર : (૦૨૭૧૭) ૨૩૪૪૫૫ મો. ૯૮૨૫૦ ૪૮૬૪૫

**માનદ્ મંત્રી**
શ્રી કાંતિલાલ રામજી શાહ
ઘર : ૨૬૪૨૩૮૯૫, ઓ. : ૨૫૮૯૪૫૫૬/૨૫૮૩૩૯૮૯
મો. ૯૩૨૮૦ ૦૧૧૪૦

**સહમંત્રી**
શ્રી હસમુખ બાબુભાઈ શાહ (ખાંડવાલા)
ઘર : ૨૬૬૦૩૪૫૮, ઓ. : ૨૬૬૦૫૪૫૩
મો. ૯૮૨૫૦ ૪૦૬૬૬

**ખજાનચી**
શ્રી ચંદ્રકાંત દામજી શાહ
ઘર : ૨૬૬૦૫૨૨૫

**સહ ખજાનચી**
શ્રી રમણિકલાલ કુંવરજી ગોસર
ઘર : ૨૬૬૫૦૨૯૯, મો. ૯૪૨૮૩ ૫૧૩૭૦


**શ્રી કચ્છી વિશ્રામ ગૃહનું સરનામું :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
શ્રી ખનિજ વિકાસ નિગમ લિ. પ્રાયોજિત
શ્રી કચ્છી વિશ્રામ ગૃહ
અરિહંતનગર દેરાસરની સામે,
ગાંધી વિદ્યાલયની ગલીમાં, રચના સ્કૂલની પાછળ,
રાજસ્થાન હોસ્પિટલ પાસે, શાહીબાગ,
અમદાવાદ-૩૮૦ ૦૦૪. ફોન : ૦૭૯-૨૨૮૮૪૫૪૭

**સેવા ભવનનું સરનામુ :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, એસ. ટી સ્ટેન્ડ પાસે,
સત્કાર ગેસ્ટ હાઉસની સામે, રૂગનાથપુરા,
અમદાવાદ-૩૮૦ ૦૨૨. ફોન : ૦૭૯-૨૫૪૬૧૨૭૦

**'મંગલ મંદિર'ના અંકો સમાજની વેબસાઈટ**
**www.kutchijainahd.org**
**ઉપર... *ઉપરાંત*....**
**www.hellokutchis.com**
**ઉપર વાંચી શકાય છે.**


- ★કચ્છમાં સલામતી માળખું સ્માર્ટ બનશે
  સીમાએ સેન્સર – પોલીસને એકે-૪૭ .................... **નિખિલ પંડ્યા ● પ્રફુલ્લ ગજરા** ..... ૭૮
- કચ્છી કથા : સસઈ - પુનંહ .................................... **સ્વામી સચ્ચિદાનંદ** ..... ૮૧
- ★કચ્છી લેખકોના સર્જનમાં કચ્છનો પરિવેશ જોવા મળશે .................... **નરેશ અંતાણી** ..... ૮૫
- વણકહ્યો વહાલભર્યો સંબંધ .................................... **ઇલા કે. શાહ** ..... ૮૭
- ★પર્યટન વિકાસની રોચક પરિકલ્પના .................... **અખિલેશ અંતાણી 'નિત્ય પ્રવાસી'** ..... ૮૮
- શૈક્ષણિક દર્પણ : કચ્છ .................................... **દિવ્યેશ વૈદ્ય** ..... ૯૦
- ★કચ્છ – અર્થકારણની આવતીકાલ .................................... **ડૉ. તુષાર હાથી** ..... ૯૨
- આત્મકથ્ય : છાવણી .................................... **ધીરેન્દ્ર મહેતા** ..... ૯૪
- આ ફૂલોની સુગંધ તમે જોઈ! .................................... **માલતી શાહ** ..... ૯૬
- ડેડી, આઈ લવ યુ!!! .................................... **પ્રેષક : જાદવજી કાનજી વોરા** ..... ૯૯
- ખાલી ખુરશી .................................... **ડૉ. આઈ.કે. વીજળીવાલા** .. ૧૦૦
- **I LOVE YOU DEAR...** .................................... **ભદ્રાયુ વચ્છરાજાની** .. ૧૦૧
- સાંઢણી .................................... **વીનેશ અંતાણી** .. ૧૦૨
- સ્વપ્નપરી .................................... **કેશુભાઈ દેસાઈ** .. ૧૦૫
- નોખો નેત્રયજ્ઞ
  જ્યારે લાભ લેનાર, દેનારનું સમગ્ર જીવન રોશન કરે છે! ... **કુલીનકાંત ચાંપશી લુઠિયા** ... ૧૦૬
- ધારાવાહિક નવલકથા : છોરાંવછોઈ – (૧)
  રતનના પતિનું મૃત્યુ અને નવો સંબંધ .................................... **હંસરાજ સાંખલા** .. ૧૦૭


## નિયમિત વિભાગો


- બાલુડેં જ્યું ગાલિયું .................................... **સંકલન : ગુલાબચંદ ધારશી રાંભિયા** .. ૧૦૯
- આંજો કાગર .................................... ૧૧૦
- અન્ય સંસ્થાઓના સમાચાર .................................... ૧૧૦
- *Nano Nine* શબ્દ રમત-૧૨૨ .................................... **સંકલન : રજનીકાંત પારેખ** .. ૧૧૧
- *Nano Nine Sudoko* (ક્રમાંક : ૧૦૭૯) .................... **સંકલન : રજનીકાંત પારેખ** .. ૧૧૩
- જાણવા જેવું .................................... **સંકલન : રજનીકાંત પારેખ** .. ૧૧૪
- વલોવતન .................................... **સંકલન : દિનેશચંદ્ર જગજીવન શાહ** ... ૧૧૬
- સમાજ દર્પણ .................................... ૧૧૭
- સંસ્થા સમાચાર .................................... ૧૧૮
- શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો માસિક અહેવાલ .................................... ૧૨૩
- ઊડતી નજરે .................................... ૧૨૪


**વાચકો જોગ**
ઉપરોક્ત અનુક્રમણિકામાં (★) તારાંકિત લેખો "કચ્છમિત્ર"ની ૭૦મા જન્મદિન વિશેષ પૂર્તિ – કચ્છ@૨૦૨૫માંથી સાભાર લીધેલ છે.


Printed & Published by : **Mr. Pratap Dand,** For **Shri Kutchhi Jain Seva Samaj - Ahmedabad**. Printed at **Vinayak Offset,** Dudheshwar, Ahmedabad. Published at **Shri Kutchhi Jain Seva Samaj – Ahmedabad,** 43/44, Brahman Mitra Mandal Soc., Opp. Navchetan High School, Paldi, Ellisbridge, Ahmedabad-380 006. Editor : **Mr. Pratap Dand ● Yearly Subscription : Rs.150/-**

# તંત્રી લેખ

દીપોત્સવીનું પ્રકાશપર્વ અને બેસતું વર્ષ એટલે જાણે જીવનના એક નવા જ તબક્કાનું પ્રવેશપર્વ! દિવાળી દર વર્ષે આવે છે અને આપણી ચેતનાને સંકોરે છે, આપણામાં પડેલી સુષુપ્ત ઊર્જાને જાગ્રત કરી દે છે. શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ એની માનવમાંગલ્ય સભર પ્રવૃત્તિઓને કારણે વરસોવરસ કોઈ નવા ઉપક્રમો અને નવા વિક્રમો ભણી અગ્રસર બનતો રહ્યો છે. 'મંગલ મંદિર' એ એનું જ પ્રતિબિંબ છે, જે સમગ્ર સમાજને લક્ષમાં રાખી સુરુચિપૂર્ણ વાચન સામગ્રી પીરસવાનો પુરુષાર્થ કરતું રહે છે.

ગત દીપોત્સવી પ્રસંગે પ્રકાશિત કરાયેલ 'મંગલ મંદિર'નો વાર્તાસાગર વિશેષાંક વાચક સમુદાયનો ખૂબ જ ઉમળકાભર્યો આવકાર પામ્યો હતો. આ વર્ષે 'મંગલ મંદિર' એકવીસમી સદીના કચ્છની પરિકલ્પના પર આધારિત વિશેષાંક સાથે વાચક સમુદાય સમક્ષ ઉપસ્થિત થાય છે. કચ્છ ખાતે કેટલાક લેખક - પત્રકાર મિત્રો સાથેની ગોષ્ઠિમાં ઊપસી આવેલ આ વિષયનું સૂચન મૂર્ધન્ય કેળવણીકાર અને સર્જક ડૉ. હરેશ ધોળકિયાના ફળદ્રુપ મગજની નીપજ હતું. અમે એમને જ આ મુદ્દા પર તજજ્ઞો પાસેથી લખાણો મંગાવી દીપોત્સવી વિશેષાંકના માનદ્ સંપાદક તરીકે સેવાઓ આપવા ઈજન પાઠવ્યું અને એમણે તે હરખભેર સ્વીકાર્યું એ બદલ અમે એમના આભારી છીએ. વિષય એટલો વ્યાપક હતો કે ટૂંકા સમયગાળામાં અપેક્ષિત સામગ્રી એકત્ર કરવી અઘરી હતી. પરંતુ મુ. શ્રી ધોળકિયા સાહેબે તજજ્ઞોની પાછળ પડી કેટલાક મહત્ત્વપૂર્ણ લેખો મેળવી આપ્યા છે અને વિદ્વત્તાપૂર્ણ સંપાદકીય પણ લખી આપ્યું છે. અમે એમની સાથે પરામર્શ કરી આ દીપોત્સવી અંકમાં 'કચ્છમિત્ર'ના ૭૦મા જન્મદિવસ વિશેષાંકમાંથી કચ્છના વિકાસ વિશેની કેટલીક લેખન સામગ્રીનો પણ સમાવેશ કર્યો છે. તદુપરાંત 'મંગલ મંદિર' આ અંકથી કચ્છના પાટીદાર સમાજની કઠોર વાસ્તવિકતા આલેખતી હૃદયદ્રાવક કથા 'છોરાંવછોઈ' ધારાવાહિક સ્વરૂપે પ્રકાશિત કરી એક નવો જ ચીલો ચાતરવા જઈ રહ્યું છે. વરિષ્ઠ સર્જક ડૉ. ધીરેન્દ્ર મહેતાની પુરસ્કૃત 'છાવણી'નું આત્મકથ્ય અને શ્રી વીનેશ અંતાણીની હૃદયસ્પર્શી વાર્તા 'સાંઢણી' પણ આ દીપોત્સવી અંકનાં નવલાં નજરાણાં બની રહેશે. 'મંગલ મંદિર'માં શક્ય એટલી કચ્છીયતની આભા જાળવવાની કોશિશ તો સતત રહ્યા જ કરે તે સ્વાભાવિક છે.

તમામ લેખકો - પત્રકારો અને સવિશેષ જેમણે સહર્ષ પોતાના ૭૦મા જન્મદિન વિશેષાંકની કેટલીક સામગ્રીનો અમારા દીપોત્સવી અંકમાં ઉપયોગ કરવાની પરવાનગી આપી એવા 'કચ્છમિત્ર'ના તંત્રીશ્રી તથા વહીવટી તંત્રનો આ તબક્કે અમે હૃદયપૂર્વક આભાર માનીએ છીએ.

દીપોત્સવી પર્વ અને નવું વરસ સૌને ખૂબ ખૂબ ફળે, બધાની મહેચ્છાઓ પરમકૃપાળુ પરમાત્મા પૂરી કરે અને એકવીસમી સદીમાં કચ્છ એની જે નવી ઓળખ ઊભી કરી રહ્યું છે એની સાથે એની મૌલિક ઓળખ પણ અકબંધ જળવાય, એવી અંતઃકરણની અભ્યર્થના સહ સૌને નૂતન વર્ષાભિનંદન!

# આગામી કાર્યક્રમોની એક ઝલક....

| તારીખ – સમય | સ્થળ | કાર્યક્રમ - આયોજનકર્તા | કાર્યક્રમની વિગત |
|---|---|---|---|
| ● ૧૪-૧૧-૨૦૧૬થી ૧૯-૧૧-૨૦૧૬ | નવનીત ભવન, બહેરામપુરા. | ગૃહ ઉદ્યોગ સમિતિ | મહેંદી તાલીમનો વર્કશોપ. |
| ● રવિવાર, તા. ૨૭-૧૧-૨૦૧૬ સવારે ૯.૩૦થી ૧૨.૦૦ | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી | શિક્ષણ તથા સર્વાંગી વિકાસ સમિતિ | ધોરણ-૭, ૮, ૯ અને ૧૦ ધોરણના વિદ્યાર્થીઓ અને વાલીઓ માટે વર્કશોપ "તમારી કરિયર કેવી રીતે ડિઝાઈન કરશો?" |
| ● રવિવાર, તા. ૨૭-૧૧-૨૦૧૬ સાંજે ૪.૦૦થી ૬.૦૦ | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી | શિક્ષણ તથા સર્વાંગી વિકાસ સમિતિ | ૩ થી ૮ વર્ષની વયના બાળકની બુદ્ધિ (ઇન્ટેલિજન્સ)ને ઓળખવા માટેનો સેમિનાર |
| ● શુક્રવાર તથા શનિવાર તા. ૨-૧૨ તથા ૩-૧૨-૨૦૧૬ સાંજે ૭.૩૦થી રાતના ૧૦.૦૦ | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી | શિક્ષણ તથા સર્વાંગી વિકાસ સમિતિ | એપ્ટિટ્યૂડ ટેસ્ટનો સેમિનાર. |
| ● તા. ૧૪-૧૨-૨૦૧૬ | સૌરાષ્ટ્રનો પ્રવાસ | વયસ્ક સમિતિ | સૌરાષ્ટ્રના પ્રવાસમાં જૂનાગઢ, નરસિંહ મહેતાના સ્થળોની મુલાકાત, દેવળિયામાં સિંહ દર્શન, ગીરના જંગલની સફર, સોમનાથ મંદિરની મુલાકાત, માધવપુર - ચોરવાડના દરિયાકાંઠાની સહેલગાહ, ચિંતામણિ પાર્શ્વનાથ અને બલેજ પાર્શ્વનાથ પ્રભુના દર્શનનો લહાવો. |

## "મંગલ મંદિર" વિશેષાંક વિશે

*'મંગલ મંદિર'ના દીપોત્સવી વિશેષાંક "૨૧મી સદીનું કચ્છ" પ્રગટ કરવાનું નક્કી કરવામાં આવ્યું ત્યારે તેના વિષયો તથા લેખકો નક્કી કરવામાં આવ્યા હતા. તેમાં શ્રી કાંતિભાઈ ગોરના ફાળે "કચ્છમાં સંશોધન – શક્યતાઓ અને વલણ" વિષય નક્કી કરવામાં આવ્યો હતો. વિષય ખૂબ જ ગહન હોતાં તથા તેમાં આંકડાકીય માહિતી ઘણી બધી એકત્ર કરવાની હોવાથી લેખ લખવામાં વિલંબ થયેલ છે. તેથી તેમનો લેખ આ અંક પછીના અંકોમાં ક્રમશઃ પ્રસિદ્ધ કરવામાં આવશે.*

*આ વિશેષાંક તૈયાર કરવા માટે જે કોઈ પણ નામી અનામી મહાનુભાવોએ સહકાર આપેલ છે તેમનો સંસ્થા આભાર માને છે. ખાસ કરીને માનદ્ સંપાદક તરીકેની જવાબદારી સ્વીકારનાર શ્રી હરેશભાઈ ધોળકિયા તથા સલાહકાર તરીકે ડૉ. શ્રી કાંતિભાઈ ગોર, શ્રી દીપકભાઈ માંકડ, મુખ્યતંત્રીશ્રી - 'કચ્છમિત્ર' તથા શ્રી કીર્તિભાઈ ખત્રી (વરિષ્ઠ પત્રકાર)નો પણ આભાર માનવામાં આવે છે.*

*– મુખ્યતંત્રી, મંગલ મંદિર*

# માનદ્ સંપાદકની કલમે....

– *હરેશ ધોળકિયા, ભુજ, કચ્છ*

કચ્છના ઇતિહાસને તપાસવો હોય તો ચાર તબક્કાઓમાં વહેંચી શકાય.

પ્રથમ તબક્કો ધોળાવીરાથી માંડી ખેંગારજી પહેલાના સમય પહેલા સુધીનો ગણી શકાય. આ તબક્કા દરમ્યાન કચ્છમાં વિવિધ લોકોનું આવનજાવન થતું રહ્યું. વિવિધ રાજાઓ આવતા રહ્યા. આ રાજાઓમાં જામ ફૂલ અને લાખો ફુલાણી મહત્ત્વના રહ્યા. વિકાસની દૃષ્ટિએ આ તબક્કો ખાસ મહત્ત્વનો ન હતો.

બીજો તબક્કો રાવ ખેંગારજી પહેલાથી માંડી મહારાવ મદનસિંહજી સુધીનો કહી શકાય. આ સમય દરમ્યાન કચ્છમાં જાડેજા વંશ શરૂ થયો અને એક જ વંશના રાજાઓ આવતા રહ્યા. મોટા ભાગના રાજાઓ સામાન્ય હતા. રાવ દેશળજી કે રાવ લખપતજીને કદાચ મહત્ત્વના રાજવીઓ ગણી શકાય. રાવ લખપતજી સૌથી મહત્ત્વના રાજવી રહ્યા કારણ કે તેમના સમય દરમ્યાન કચ્છમાં ઔદ્યોગિક ક્રાંતિ જેવી પરિસ્થિતિ ઊભી થઈ હતી જે ધ્યાન ખેંચે છે. બાકીના રાજાઓનો સમય સામાન્ય રહ્યો. વિકાસ પણ સામાન્ય જ રહ્યો. કચ્છ મોટાભાગે, બીજા પ્રદેશોની તુલનામાં, પછાત જ રહ્યું. રાવ મદનસિંહજી છેલ્લા રાજવી હતા.

૧૯૪૮માં કચ્છમાં રાજાશાહીનો અંત આવ્યો અને ભારત સાથે કચ્છ પણ સ્વતંત્ર થયું અને ભારત સાથે ભળી ગયું. શરૂઆતમાં "ક" રાજ્ય બન્યું. પછી શરૂઆતમાં મુંબઈ રાજ્યમાં અને પછી ગુજરાત રાજ્યનો એક જિલ્લો બની રહ્યો – આજ સુધી. આ સમયમાં ભારત સરકાર અને ગુજરાત સરકાર દ્વારા જે વિકાસ યોજનાઓ થતી રહી તેમાં કચ્છના ભાગે જે વિકાસ આવ્યો તે થતો રહ્યો. અન્ય તબક્કાઓ કરતાં, અલબત્ત, ચોક્કસ વધારે વિકાસ થયો, પણ કચ્છનું અર્થકારણ ખાસ બદલ્યું નહીં. પરંપરાગત વ્યવસાયો જ ચાલુ રહ્યા. કચ્છનો ઝડપી વિકાસ કરી શકે તેવા કોઈ પ્રયાસ ન થયા.

એકવીસમી સદી શરૂ થઈ અને તેના છવ્વીસમા દિવસે જ કચ્છમાં ભયંકર ભૂકંપ આવ્યો. અડધાથી વધારે કચ્છમાં તેણે કલ્પનાતીત વિનાશ પાથર્યો. કચ્છ ખલાસ થઈ ગયું. શરૂઆતમાં તો એવું લાગ્યું કે કચ્છ હવે ક્યારેય બેઠું નહીં થાય અને જે કંઈ વિકાસ થયો હતો તે પણ અસ્તવ્યસ્ત થઈ ગયો હતો. પણ સદ્‌ભાગ્યે, ત્યારના વડાપ્રધાન શ્રી અટલબિહારી બાજપેયીએ કચ્છના વિકાસમાં ઊંડો રસ લીધો અને કચ્છમાં ઉદ્યોગો આવે તે માટે "ટેક્સ હોલી ડે" જાહેર કર્યો. પરિણામે કચ્છમાં ઉદ્યોગોનું આગમન શરૂ થયું. અચાનક કચ્છમાં પ્રથમ વાર ઔદ્યોગિકીકરણ શરૂ થયું. કચ્છનો ચહેરો પહેલીવાર બદલાવા લાગ્યો. વ્યવસાયોમાં વૈવિધ્ય, રોજગારીમાં ઉછાળો જેવાં અનેક પરિવર્તનો આવવા લાગ્યાં અને પહેલી વાર કચ્છમાં આર્થિક સમૃદ્ધિ દેખાવી શરૂ થઈ. ભૂકંપના પ્રથમ દોઢ દાયકામાં જે વિકાસ થયો, તે જોતાં કહી શકાય કે ધોળાવીરાથી લઈ ૨૦૦૧ દરમ્યાન જે કુલ વિકાસ થયો, તેની તુલનામાં પછીના દોઢ દાયકામાં અનેકગણો વિકાસ કચ્છમાં થયો છે. કચ્છનો ચહેરો જ બદલાઈ ગયો છે. સમગ્ર ભારત જ નહીં, વિશ્વે તેની નોંધ લીધી છે એમ ચોક્કસ કહી શકાય. સદીઓથી અભાવગ્રસ્ત કચ્છ આ દોઢ દાયકા દરમિયાન અચાનક સમૃદ્ધિને માણવા લાગ્યું છે. ત્યારે "મંગલ મંદિર"ને લાગ્યું કે આ જે કલ્પનાતીત વિકાસ થયો છે તેનો અભ્યાસ થવો જોઈએ. હજી તે વિશે બહુ જ ઓછું સંશોધન થયું છે. નહિવત્ દસ્તાવેજીકરણ થયું છે. ત્યારે જો આ વિકાસનાં વિવિધ ક્ષેત્રોમાં જે પણ વિકાસ થયો છે તે વિશે જો નિષ્ણાતો પાસે લખાવાય, તો એક ચિત્ર સ્પષ્ટ થાય. એટલે સંપાદકોએ આ વર્ષનો દિવાળી અંક આ દોઢ દાયકાના વિકાસ પર જ પ્રકાશિત કરવાનો નિર્ણય લીધો. તેઓ કચ્છમાં ગયા. વિવિધ સંશોધકો અને લેખકોને મળ્યા. તેમની સાથે ચર્ચાઓ કરી અને વિષયો નક્કી કર્યા અને તેમને જ તે વિષયો પર લખવાની વિનંતી કરી. લગભગ પચીસ જેટલા નિષ્ણાતોને આમંત્રણ આપ્યું. તેમાંથી જે લેખકો અને નિષ્ણાતોએ પણ લેખો લખી આપ્યા છે, તેને આ અંકમાં મૂક્યા છે. લગભગ બારેક જેટલા લેખકોએ લેખો આપ્યા છે. આ લેખો પર નજર કરતાં ખ્યાલ આવશે કે ભૂકંપ પછી કચ્છે સારો કહી શકાય તેવો વિકાસ કર્યો છે. અલબત, ઔદ્યોગિકીકરણની શરૂઆતમાં જે સાંસ્કૃતિક આઘાતો આવતા હોય છે તે પ્રદેશના સામાજિક અને અન્ય ક્ષેત્રો પર ગાઢ પ્રભાવ જન્માવતા હોય છે. બહુ મોટું સાંસ્કૃતિક વલોણું થતું હોય છે. તેમાં અનેક બાબતો ન ગમે તેવી પણ બનતી હોય છે. વિકાસની એ અનિવાર્ય ઘટના હોય છે. એટલે લેખોમાં વિકાસની પ્રક્રિયા સાથે આ પરિવર્તનની પ્રક્રિયાનો પણ ખ્યાલ આપવાનો આ લેખકોએ પ્રયાસ કર્યો છે.

આ અંકમાં આપેલ લેખો કંઈ સંપૂર્ણ નથી. ઊંડાં સંશોધન પછી લખાયા છે એમ પણ નથી. મોટાભાગે તો અવલોકનને આધારે લખાયા છે. છતાં તે એક વ્યાપક ચિત્રની ઝાંખી આપવાનો પ્રમાણિક પ્રયાસ કરે છે. આ રીતે એક વ્યાપક ચિત્ર રજૂ કરવાનો કદાચ આ પહેલો પ્રયાસ છે. તેથી અધૂરાશ રહી જવાનો પૂરો સંભવ છે. છતાં, આશા છે, આ દસ્તાવેજીકરણ વાચકો અને સંશોધકોને વધારે ઊંડાણમાં જવા પ્રેરશે અને વધારે સંશોધન થશે. તો તેની પહેલ કરવાનો આનંદ 'મંગલ મંદિર' ને ચોક્કસ થશે.

આશા છે, આ ભૂકંપ પછીના કચ્છના દોઢ દાયકાના વિકાસ પરની ઝાંખી આપતો અંક વાચકોને પસંદ પડશે. વાચકોના અભિપ્રાયો મળશે તો ગમશે. ભવિષ્યમાં બાકી રહેલ વિષયો પર પણ લેખો મળશે તો તેને પણ પ્રકાશિત કરવામાં આવશે.

# કચ્છમાં આધુનિકતા વધી રહી છે ખરી?

હરેશ ધોળકિયા

સામાન્ય રીતે જ્યાં પ્રકૃતિ આધારિત વ્યવસાયો હોય છે, ત્યાં સમાજ રૂઢીચુસ્ત હોય છે. ખેતી, મત્સ્ય, પશુપાલન વગેરે વ્યવસાયો આવા વ્યવસાયોમાં આવે છે. તે વરસાદ, દરિયો વગેરે પર આધારિત હોય છે. અને પ્રકૃતિ નિયમિત જ હોય એવું કહી ન શકાય. તેમાં પરિવર્તનો આવતાં હોય છે. તેથી તેને કારણે આ વ્યવસાયોમાં અનિશ્ચિતતા રહેતી હોય છે. આ વ્યવસાયોમાં વ્યક્તિ કે સમાજ એક જ જગ્યાએ રહેતો હોય છે. મોટા ભાગે સ્થળાંતર કરતો નથી. એક બાજુ પ્રકૃતિ આધારિતતા હોય છે, તો બીજી બાજુ એક જગ્યાએ રહેવાનું હોય છે. તેથી તેમના જીવનમાં ગતિશીલતાનો અભાવ રહે છે. તેથી આવો સમાજ સ્થગિત થઈ જતો હોય છે. અને જે સમાજ સ્થગિત હોય છે, તે મોટાભાગે પરંપરાઓમાં વ્યસ્ત અને ગ્રસ્ત હોય છે. તે મોટા ભાગે, બદલવા, પરિવર્તન પામવા તૈયાર નથી હોતો.

સમાજમાં બદલાહટ તો જ શક્ય થાય છે જો તે પ્રકૃતિ પર આધાર મટાડે અને એવા વ્યવસાય સ્વીકારે છે જેમાં, પ્રકૃતિમાં પરિવર્તનો આવવા છતાં તેના વ્યવસાયોને આંચ આવતી નથી. આવા વ્યવસાય તો કેવળ ઉદ્યોગોમાં જ શક્ય બને છે. વળી, ઉદ્યોગોમાં કામ કરવા માટે વ્યક્તિએ અન્ય સ્થળે પણ જવું પડે છે. તેણે જરૂર પડે સ્થળાંતર કરવું પડે છે. એટલે જ્યાં જાય ત્યાં તેણે અનુકૂળ થવું પડે છે. તેથી પણ તેણે સતત બદલાતા રહેવું પડે છે. જો ખેતીપ્રધાન કે પ્રકૃતિ આધારિત સમાજમાં ઔદ્યોગિકીકરણ આવે તો જ બદલાહટ શક્ય બને છે. વિશ્વમાં જ્યાં જ્યાં ઉદ્યોગો આવતા ગયા, ત્યાં ત્યાં સમાજ બદલાતો ગયો છે, આધુનિક થતો ગયો છે. જ્યાં જ્યાં આજે પણ ખેતીપ્રધાન સમાજ છે, ત્યાં, તુલનાત્મક રીતે, હજી પણ સમાજ પરંપરાગત અને રૂઢીચુસ્ત રહ્યો છે.

કચ્છ સદીઓથી ખેતીપ્રધાન પ્રદેશ રહ્યો છે. સાથે પશુપાલન અને મત્સ્યોદ્યોગ પણ રહ્યાં છે. વળી, કચ્છમાં વરસાદ અતિ અનિયમિત રહ્યો હોવાથી ખેતી પણ તકલીફભરી રહી છે. પાણીના અભાવે પશુપાલન પણ મુશ્કેલ રહે છે. તેથી આ કોઈ જ વ્યવસાયમાં પ્રગતિની શક્યતાઓ નથી રહેતી હોતી. તેમાં લોકો સમૃદ્ધ થઈ શકતા નથી. સતત પ્રકૃતિ સાથે લડતા રહે છે અને ગરીબ અથવા મધ્યમવર્ગી રહે છે. સતત અસલામતીમાં જીવે છે. અને જે લોકો અસલામતીમાં હોય છે, તેઓ, મોટાભાગે, પ્રારબ્ધવાદી લોકો બનતા હોય છે. આવા લોકો, સલામતી શોધવા રૂઢી અને પરંપરાને વળગી રહે છે. તેથી નવું સ્વીકારવા તૈયાર નથી થતા. કદાચ કોઈ તૈયાર થાય તો તેને સમાજનો ભારે વિરોધ સહન કરવો પડે છે. સમાજ સ્થગિત રહે છે. કચ્છમાં જયારથી પણ વસતિ વસી હશે, ત્યારથી આવી જ સ્થિતિ રહી હશે. અને માત્ર છેલ્લાં પાંચસો વર્ષનો પણ અભ્યાસ કરીએ, તો દેખાશે કે આ સમય દરમ્યાન કચ્છમાં ક્યારેય ઉદ્યોગો આવ્યા જ નથી. રાવ લખપતજીએ ઔદ્યોગિકીકરણનો પ્રયાસ કરેલ, પણ તે મોટા પાયા પર ન થયું અને તેના મૃત્યુ પછી બંધ થઈ ગયું અને ખેતી જ મહત્ત્વની રહી. સ્વતંત્રતા પછી નાના ઉદ્યોગો આવ્યા, પ્રયાસો થયા, પણ તે માટે વાતાવરણ ન જામ્યું. પાણીનો અભાવ, લોકોમાં સાહસિકતાનો અભાવ, પ્રોત્સાહનનો અભાવ જેવાં કારણોને લીધે ઔદ્યોગિકીકરણ આગળ જ ન વધ્યું. સાહસિક લોકો હતા તે પરદેશ ચાલ્યા ગયા. પરિણામે સમાજ મોટાભાગે નિષ્ક્રિય, પરંપરાગત અને જડ રહ્યો.

આ પરિસ્થિતિમાં પરિવર્તન આવવાની શરૂઆત એકવીસમાં સદીની શરૂઆતમાં થઈ. આમ તો વીસમી સદીના છેલ્લા દાયકામાં મોટા ઉદ્યોગ આવવાની શરૂઆત તો થઈ, પણ ત્યારે હજી તે સ્થિર થતા હતા. પણ ૨૦૦૧ની ૨૬ જાન્યુઆરીના કચ્છમાં જે ભીષણ ભૂકંપ આવ્યો, તેણે સમગ્ર પરિસ્થિતિને પાયામાંથી બદલી નાખી. ભૂકંપનાં ભયાનક પરિણામોને ટાળવા સરકારે કચ્છમાં ઉદ્યોગો માટે "ટેક્સ હોલી ડે" જાહેર કર્યો. પરિણામે સમગ્ર દેશમાંથી મોટા ઉદ્યોગો કચ્છમાં આવવા આકર્ષાયા. ધીમે ધીમે પણ ચોક્કસ રીતે એક પછી એક ઉદ્યોગો આવતા ગયા અને સમગ્ર કચ્છમાં પથરાતા ગયા. પંદર વર્ષમાં લગભગ ચારસો જેટલા ઉદ્યોગોનું માળખું ઊભું થયું છે.

હવે સ્વાભાવિક છે કે ઉદ્યોગો આવે એટલે તેની સાથે પરિવર્તન આવે જ. ખેતીપ્રધાન સમાજમાં તો કેવળ સ્થાનિક લોકો જ રહેતા હોય છે. બહારના લોકોનું આવાગમન બહુ જ ઓછું હોય છે. પણ જેવા ઉદ્યોગો આવવા શરૂ થાય કે તરત અન્ય લોકો આવવા શરૂ થાય છે. ઉદ્યોગોમાં તો નિષ્ણાતોની જરૂર પડે છે. પરંપરાગત સમાજમાંથી આવા નિષ્ણાત લોકો મળવા અશક્ય હોય છે. તેથી સ્વાભાવિક રીતે, બહારથી જ લોકો લાવવા પડે છે. અને ઉદ્યોગોમાં કામ કરવા લોકો પણ આકર્ષાતા હોય છે. તેથી પણ દૂર દૂરથી લોકો તેમાં કામ કરવા આવે છે. પરિણામે સ્થાનિક સમાજમાં પરપ્રાંતીય લોકો ભળવા લાગે છે. તેઓ પોતાની સાથે

વિવિધ રિવાજો, વર્તન વગેરે લાવે છે જે આ સ્થાનિક સમાજ જુવે છે. તેને સમજવા પ્રયાસ કરે છે. આમ જૂના-નવા રિવાજો વગેરે સેળભેળ થવા લાગે છે. ખાસ કરીને જૂનો સમાજ હચમચી જાય છે. તેમાં પરિવર્તન આવવું શરૂ થાય છે. તેને પરંપરાઓની જગ્યાએ આધુનિકતા પણ સ્વીકારવી પડે છે. આ આવનાર લોકો સાથે અને ઉદ્યોગોમાં સ્થાન મેળવવા માટે હરિફાઈ કરવી પડે છે. તે માટે પણ નવાં પરિમાણો સ્વીકારવાં પડે છે. તેથી આ સમાજમાં આધુનિકતાનો સ્પર્શ થવો શરૂ થાય છે.

આ સંદર્ભમાં તપાસ કરવાની જરૂર છે કે કચ્છના સમાજોમાં આ આધુનિકતા કેટલી આવી છે. તેનાં શું પરિણામો તે અનુભવે છે. આ બાબતે ખાસ કોઈ અભ્યાસ થયા નથી. કેવળ છાપામાં આવતા સમાચારો કે અવલોકનથી જ અનુમાન કરવું પડે છે. સાથે સમાજ સાથે જે લોકો કે સંસ્થાઓ કામ કરે છે તેમના અનુભવોથી પણ ખ્યાલ આવે છે. આ બધાના આધારે વિવિધ ક્ષેત્રે કચ્છમાં કોઈ પરિવર્તન આવ્યું છે અને આધુનિકતા આવી છે કે નહીં તે તપાસીએ.

ઔદ્યોગિકીકરણનો પહેલો સીધો પ્રભાવ કચ્છના શિક્ષણ જગત પર પડ્યો દેખાય છે. ૨૦૦૧ પહેલાં કચ્છમાં બહુ જ ઓછી માધ્યમિક શાળાઓ અને તેનાથી પણ ઓછી કૉલેજો હતી. હતી તે બધી સંસ્થાઓ પણ પરંપરાગત શિક્ષણ આપતી હતી. ભૂકંપ પછી થોડા જ સમયમાં કચ્છમાં યુનિવર્સિટી શરૂ કરવામાં આવી. સ્વાભાવિક છે કે આવનાર ઉદ્યોગોને નિષ્ણાતોની જરૂર હતી. તેને પોષવા વિશિષ્ટ અભ્યાસક્રમોની કૉલેજોની જરૂર હતી. યુનિવર્સિટી આવવાથી આ કૉલેજો સ્થાપવાને પ્રોત્સાહન મળ્યું. સમગ્ર કચ્છમાં આવી ટેકનિકલ, મેડિકલ કે મેનેજમેન્ટની કૉલેજો શરૂ થઈ છે અને તે શિક્ષણ લેનારાનું પ્રમાણ પણ વધતું જાય છે. સમાંતરે, સરકારી અને અર્ધસરકારી માધ્યમિક શાળાઓ સાથે સ્વ-નિર્ભર શાળાઓ પણ શરૂ થઈ છે જે અંગ્રેજી માધ્યમમાં શિક્ષણ આપે છે. માધ્યમિક શાળાઓની સંખ્યા પણ આ વર્ષો દરમ્યાન વધી ગઈ છે. નાના નાના ગામડાંઓમાં પણ આવી શાળાઓ આવવી શરૂ થઈ છે. તેથી શિક્ષણ લેનાર બાળકોની સંખ્યામાં વધારો થવા લાગ્યો છે. લોકોમાં શિક્ષણની ભૂખ જાગી છે. અજ્ઞાન કહેવાતાં વાલીઓ પણ તેમનાં બાળકોને આધુનિક શિક્ષણ અપાવવાં લાગ્યાં છે. જાહેર પરીક્ષાઓમાં પણ હરિફાઈ કરવા વિદ્યાર્થીઓ સજ્જ થવા લાગ્યા છે. અંગ્રેજી, કમ્પ્યુટર જેવા વિષયોમાં રસ વધવા લાગ્યો છે. નાનામાં નાનાં કે સરહદ પરનાં ગામોમાં પણ કમ્પ્યુટર શીખવાની શરૂઆત થઈ છે. મહિલાઓ અને જૂના વ્યવસાયીઓ પણ તે શીખવા લાગ્યા છે. તેથી કોચિંગ પણ વધવા લાગ્યું છે. આમ શિક્ષણ પ્રત્યેની જાગૃતિ આ આધુનિકતા તરફ દોરે છે.

તેનો પ્રભાવ યુવાનો અને મહિલાઓ પર દેખાવો શરૂ થયો છે. યુવાનોમાં શિક્ષણ લેવાની વૃત્તિ વધી છે. અગાઉ, ખાસ કરીને ગામડાના યુવાનોને કહેવાય કે તેમણે શિક્ષણ લેવું જોઈએ, તો તેઓ હસતા અને બેદરકાર રહેતા. ભાગ્યે આ યુવાનો એસ.એસ.સી. સુધી પહોંચતા. પણ ઉદ્યોગો આવવાથી શિક્ષિતોની માંગ વધતાં હવે સ્વૈચ્છિક રીતે શાળા કૉલેજોમાં જવા લાગ્યા છે. તેમને પણ ઉદ્યોગોમાં મળતું વળતર આકર્ષે છે. ખેતી જેવા પરંપરાગત અને પારિવારિક વ્યવસાય છોડવાની તૈયારી બતાવે છે. મહિલાઓ - છોકરીઓમાં પણ શિક્ષણ લેવાની ઈચ્છા અને તેના કારણે સંખ્યા વધતી જાય છે. તેઓ પણ હવે છોકરાઓ સાથે હરિફાઈ કરવા લાગી છે. ક્યારેક તો એવું જોવા મળે છે કે છોકરાઓ કરતાં છોકરીઓની સંખ્યા વધતી જાય છે અને હરિફાઈમાં પણ તેઓ આગળ વધતી વધારે દેખાય છે. ઉદ્યોગોમાં અને અન્ય વ્યવસાયોમાં પણ મહિલાઓ હરિફાઈ કરવા લાગી છે. તેઓ હવે સ્થળાંતર કરવાની પણ તૈયારી બતાવે છે. તે માટે લગ્ન મોડાં કરવાં પડે તો તેની પણ તૈયારી બતાવે છે. તેઓ પણ વિશિષ્ટ અભ્યાસક્રમોમાં જઈ રહી છે. આ પ્રક્રિયા ધીમી છે, પણ ગતિ પકડી રહી છે. તેનો પ્રભાવ કુટુંબ, લગ્ન, મહિલાની સ્વતંત્રતા વગેરે પર પડતો દેખાય છે. મહિલાઓમાં ક્રમશઃ જે આધુનિકતા આવવી શરૂ થઈ છે તે સમાજ પર બહુ મોટો પ્રભાવ પાડે છે.

ત્રીજું પરિવર્તન વ્યવસાયિક ક્ષેત્રે જોવા મળે છે. જ્યાં સુધી પ્રગતિ થઈ ન હતી, ત્યાં સુધી તો ગ્રામ્ય સમાજના યુવાનો મોટાભાગે પારંપારિક વ્યવસાયોને જ વળગી રહેતા હતા. નોકરીમાં જતા હતા. તે પણ, જે શક્ય હતી તે નોકરીમાં જ જતા હતા અથવા તેનાથી જ સંતોષ માની લેતા હતા. સ્થળાંતર ઓછું હતું. આમાં પરિવર્તનની શરૂઆત ભૂકંપ પછી નહીં, પણ ૧૯૯૮-૯૯ માં જે વાવાઝોડું આવ્યું તેના પછી તરત થઈ. ખેતીને ખૂબ નુકસાન થવાથી તે ત્યારે તો લગભગ ભાંગી પડ્યો. તેથી ત્યારે ખેડૂતોએ તેમનાં સંતાનોને ખેતીના બદલે ટ્રાન્સપોર્ટ વ્યવસાયમાં મૂકવાની શરૂઆત કરી. બહુ નાનું પરિવર્તન હતું, પણ શરૂઆત થઈ ગઈ. ભૂકંપ પછી તો વ્યાપક નુકસાન થયું. અનેક વ્યવસાયો હચમચી ગયા. તેમાં કામ કરતા વિચારમાં પડી ગયા. કેટલાયે તે વ્યવસાયો છોડી નવા વ્યવસાયોમાં ઝંપલાવવાનું શરૂ કર્યું. એવા પણ હતા જેમણે કચ્છ જ છોડી દીધું અને બહાર જઈ વ્યવસાય કરવા લાગ્યા. કચ્છમાં ભૂકંપના કારણે અનેક સ્વૈચ્છિક સંસ્થાઓ આવી. તેથી એક નવું જ ક્ષેત્ર વ્યવસાય માટે ખુલ્લું થયું. તો પણ ઘણા-ખાસ કરીને ગ્રામ્ય યુવાનો-જોડાયા. અને જેમ જેમ ઉદ્યોગો આવતા ગયા, તેમ તેમ તો યુવાનો સામે એક નવી જ દિશા ખૂલી અને અનેક નવા વ્યવસાયો દેખાવા લાગ્યા. ઉદ્યોગોને મદદરૂપ એવા સહાયક વ્યવસાયો ઊભા થવા લાગ્યા. તેમાં પણ રોજગારીની તકો વધવા લાગી. તે દરમ્યાન યુનિવર્સિટી શરૂ થઈ. તેમાં નવા નવા અભ્યાસક્રમો શરૂ થયા. તેથી પણ નવાં ક્ષેત્રોમાં જવાની શરૂઆત થઈ. આ ઉપરાંત મનોરંજન, મીડિયા, રમતગમત, શિક્ષણ વગેરેમાં વિકાસ થવા લાગ્યો અને તેમાં પણ માંગ ઊભી થવા લાગી. છેલ્લાં કેટલાંક વર્ષોથી કચ્છમાં પ્રવાસન ઉદ્યોગ વિકસવો શરૂ થયો છે અને

તેમાં પણ અનેક યુવાનો કામ કરવા લાગ્યા છે. આમ, ભૂકંપ પછી વ્યવસાયિક જગતમાં ક્રાંતિકારી કહી શકાય તેવું વૈવિધ્ય આવ્યું છે જેનો લાભ યુવાનોને મળે છે. તેણે પણ યુવાનોને અદ્યતન અને આધુનિક થવાની ફરજ પાડી છે.

ભૂકંપ પછી કચ્છમાં વાહન વ્યવહાર, સંદેશાવ્યવહાર વગેરેમાં ખૂબ ઝડપી વિકાસ થયો છે. તેણે પણ લોકોને આધુનિક થવામાં ખૂબ મદદ કરી છે. ટી.વી., મોબાઈલ, ઈન્ટરનેટનો વપરાશ વધતો ગયો છે તેમ તેમ લોકો સામે વિશાળ જગત ઊભું થવા લાગ્યું છે. તેનો એક લાભ વ્યવસાયિક ક્ષેત્રે થયો છે. હવે તે પણ ઓનલાઈન થવા શરૂ થયા છે. અરે, હસ્તકળામાં કામ કરતી કહેવાતી અભણ બહેનો પણ આ ઓનલાઈન વ્યવસાય કરે છે. તે દ્વારા તે વિશાળ જગતના પરિચયમાં આવે છે અને તે તેમને પણ આધુનિક થવા પ્રેરે છે.

આ બધાં પરિબળોએ કચ્છના સમાજને આધુનિક થવાની ફરજ પાડી છે. તેણે કુટુંબ, જ્ઞાતિ, ધર્મ, પરંપરાઓ, બધા પર વ્યાપક અસર પાડી છે. આ બધામાં આધુનિકતા પ્રવેશી ગઈ છે. તેણે લોકોની જીવનશૈલી પર ગાઢ અસર પાડી છે. ઘરોમાં ટેકનોલોજી પ્રવેશી ગઈ છે. ગરીબ ઘરોમાં પણ આધુનિક સગવડો આવી ગઈ છે. ખુદ ઘરોમાં પણ પરિવર્તન આવી રહ્યાં છે. શેરી કે ગલીઓ અદૃશ્ય થતાં જાય છે અને જૂની ફળિયા સંસ્કૃતિ પણ અદૃશ્ય થઈ ગઈ છે. તેની જગ્યાએ સોસાયટી કલ્ચર આવી ગયું છે. તેણે સામૂહિક જીવનશૈલી પર ઊંડો પ્રભાવ પાડ્યો છે. ટી.વી., મોબાઈલ, વગેરેએ લોકોને સ્વકેન્દ્રિત બનાવ્યા છે. તેથી આગળ જે સામાજિક સંપર્ક રહેતો, તે ઘટવા લાગ્યો છે. પણ સાથે ફેસબુક વગેરે આવતાં દૂરનો સંપર્ક વધવા લાગ્યો છે. આવા તો અનેક ફેરફારો સમાજમાં આવતા દેખાય છે.

પણ આધુનિકતા, હકીકતે, એક વલણ છે. બહારથી ટેકનોલોજી દ્વારા કે સગવડોના આધારે આધુનિક બનવું તો કદાચ સરળ છે, તે થયું પણ છે. પણ આધુનિકતા એક વિચાર છે, વલણ છે. તે સંદર્ભે સમાજ આધુનિક થયો છે કે નહીં તે પણ તપાસવાની જરૂર છે.

## • આધુનિક વલણ એટલે શું?

આધુનિક વલણ એટલે વૈજ્ઞાનિક રીતે વિચારવું અને જીવવાનો પ્રયાસ કરવો. વિકાસને અનુકૂળ રહેવું. આગળ કહ્યું તેમ પરંપરાગત સમાજ પ્રારબ્ધવાદી હતો. રિવાજોમાં અને સંકુચિતતાથી ગ્રસ્ત હતો, રૂઢિચુસ્ત હતો, સ્થગિત હતો. વૈજ્ઞાનિક ચિંતન આ બધાને પડકારે છે. એ તેમાં પરિવર્તન લાવે છે. માત્ર સગવડોની દૃષ્ટિએ જ નહીં, પણ વિચારસરણીમાં પણ આધુનિકતા લાવે છે. એવું અહીં બન્યું છે?

સેંકડો વર્ષો પછી સમાજમાં પહેલીવાર પરિવર્તન આવી રહ્યું છે. પહેલીવાર સમાજ બદલાઈ રહ્યો છે. તેનો આ શરૂઆતનો તબક્કો હોવાથી તે એક સંક્રાંતિકાળમાંથી પસાર થઈ રહ્યો છે. અને સંક્રાંતિકાળમાંથી જ્યારે પણ કોઈ વ્યક્તિ કે સમાજ પસાર થાય, ત્યારે તે ગુંચવાઈ જાય છે. યુરોપમાં પણ જ્યારે ઔદ્યોગિક ક્રાંતિ આવી ત્યારે શરૂઆતમાં પણ આવું જ બનેલ. અરે, થોડા વર્ષો પહેલાં વૈશ્વિકીકરણની પ્રક્રિયા શરૂ થઈ, ત્યારે પણ વિશ્વના સમાજો હચમચી ગયા હતા. આધુનિકરણની પ્રક્રિયામાં ધર્મો સૌથી વધારે હચમચી ગયા છે. તેના તો પાયા હલવા માંડ્યા છે. કચ્છ આ તબક્કામાંથી જ પસાર થઈ રહ્યું છે. એટલે તે પણ ગુંચવણમાંથી પસાર થઈ રહ્યું છે તે જોઈ શકાય છે.

*પ્રથમ બાહ્ય ગૂંચવણ જોઈએ.*

સામાન્ય રીતે કચ્છમાં ગરીબ અને મધ્યમવર્ગીય સમાજ રહ્યો છે. સમૃદ્ધિ સમાજના બહુ જ ઓછા લોકોમાં હતી. મોટાભાગનો સમાજ તો અભાવગ્રસ્ત રહ્યો છે – આર્થિક અને ટેકનોલોજીકલ બન્ને રીતે. પણ કચ્છમાં ઉદ્યોગો પ્રવેશ્યા પછી અચાનક જે પૈસો પ્રવેશ્યો તેણે વ્યાપક પ્રભાવ ઊભો કર્યો છે. ખેડૂતોએ જમીન વેચી અને પુષ્કળ પૈસા મેળવ્યા. ઉદ્યોગોમાં જનારની આવક વધી. ઉદ્યોગોને સહાયક કાર્યોમાં પણ કામ કરનારની આવક વધવા લાગી. વધારે શિક્ષણ લેનારની આવક પણ વધી. આમ, થોડા વર્ષો પહેલાં જે મોટાભાગના મધ્યમવર્ગી કે ગરીબ પણ હતા, તેમની આવક અચાનક વધી ગઈ. તેમણે તો તે જોઈ ન હતી. પ્રથમ વાર તેમના હાથમાં પૈસો આવતો હતો. તેમને ખબર ન હતી કે પૈસો કેમ વપરાય યા બચાવાય. અભાવગ્રસ્તતા તેમને હેરાન કરતી હતી. સમજનો અભાવ હતો. તેના પરિણામે પૈસો હાથમાં આવતાં જ જે જે તેમના પાસે ન હતું, તે બધું જ મેળવવાના પ્રયાસ શરૂ થયા. મકાન, વાહનો, સગવડો, ફાર્મ હાઉસ વગેરે વધવા લાગ્યાં. નવા પૈસાદારો બનેલા પાસે સમજનો અભાવ. તેથી આડેધડ પૈસો વપરાવા લાગ્યો. બાકીનો સમાજ તેમને જોઈ તુલનાત્મક વિચારવા લાગ્યો. આમ હરિફાઈ શરૂ થઈ. આવેલ પૈસો કેટલો યોગ્ય માર્ગે જાય છે તે સવાલ ઊભો થયો. દેખાદેખીએ મધ્યમવર્ગને તાણમાં નાખી દીધો. યુવાનોમાં અચાનક સગવડોની માંગ વધી ગઈ. તે મેળવવા ગમે તે કરવા તૈયાર થવા લાગ્યા. તેનો પ્રભાવ કુટુંબો પર પડવા લાગ્યો. મોટાભાગનાં કુટુંબો આર્થિક રીતે તાણમાં આવી ગયાં છે. સગવડો તો જોઈએ જ એ માન્યતાએ ઉધારી વધી છે. તે ચૂકવવા પૈસા કેમ મેળવવા તે ચિંતાનો વિષય બની ગયો છે. આ તાણ એક બાજુ હતાશા જન્માવે છે, તો બીજી બાજુ હિંસાને જન્મ આપે છે. પૈસા મેળવવા સજ્જ થવું પડે. તે માટે મહેનત કરવી પડે. મોટા ભાગના તે નથી કરી શકતા. તેની પણ તાણ ભોગવે છે. એક વિષચક્ર ઊભું થયું છે.

ઔદ્યોગિક સમાજ એક વિશિષ્ટ મેનેજરિયલ નેતૃત્વ માગે છે. તે વિશિષ્ટ તાલીમ માગે છે. આવું નેતૃત્વ જો ન મળે તો સમાજ મૂંઝવણમાં મૂકાય છે. કચ્છ તો આમ પણ નેતૃત્વ બાબતે સદીઓથી નબળું રહ્યું છે. સ્વતંત્રતા પછી પણ એ જ સ્થિતિ

રહી છે. સમગ્ર કચ્છને માર્ગદર્શન આપી શકે તેવો કોઈ જ નેતા અહીં નથી થયો. આજે પણ નથી. રાજકીય નેતૃત્વ તો પક્ષીય હોય છે. તે સમગ્રતાને સમજી નથી શકતું અને પક્ષીય સંકુચિતતા પર જ આધારિત રહે છે. એટલે તે આધુનિક કચ્છને માર્ગદર્શન પૂરું પાડી શકતું નથી. અને નેતા વગર કચ્છનું પ્રતિનિધિત્વ નબળું રહે છે તેથી રાજ્ય કે કેન્દ્ર કક્ષાએ કચ્છને મહત્ત્વ નથી મળતું. તેથી અનેક વિકાસ યોજનાઓથી તે વંચિત રહી જાય છે. સહજ રીતે જે આધુનિકતા આવે છે તેને આ નેતાઓ યોગ્ય માર્ગદર્શન આપી શકતા નથી. અને સમાજ તો નેતા આધારિત છે. તેના વિના તે યોગ્ય કામ કરી શકતો નથી. એટલે આધુનિકતા વચ્ચે પણ પ્રદેશ પછાત રહે છે. આધુનિકતાની ગતિ સતત ધીમી રહે છે. વર્તમાન નેતાઓ પોતે નેતૃત્વ લઈ શકતા નથી. તેથી જૂના નેતાઓને યાદ કરે છે. તેમના પર વધારે પડતા આધારિત રહેવાથી પણ નવું નેતૃત્વ નથી આવતું. નેતૃત્વહીન સમાજ ગુંચવણમાં રહે છે. તેનો પ્રભાવ વિકાસ પર પણ પડ્યા કરે છે. આંશિક કાર્યો કે વિકાસ થાય છે, પણ લાંબાગાળાનો વિઝનરી વિકાસ નથી થઈ શકતો.

આગળ કહ્યું તેમ મોટાભાગના લોકો રૂઢીચુસ્ત હોય છે. પ્રારબ્ધવાદી હોવાથી હમેશ સલામતી પહેલી શોધે છે. રૂઢીઓમાં તે તેમને મળે છે. શાસ્ત્રવચનો પર આધારિત રહી જાતે નિર્ણય લેવાની હિંમત નથી કરતા અને ટાળે છે. અને નવી બાબતો શાસ્ત્રોમાં છે નહીં. તેથી તેનો જલ્દીથી સ્વીકાર કરી શકતા નથી. વિરોધ કરે છે. તેથી આધુનિકતા અને આ પુરાણા ખ્યાલો વચ્ચે સતત સંઘર્ષ થાય છે. એટલે રૂઢીચુસ્તો -પરંપરાવાદીઓ - તે ટાળવા વધારે રૂઢીચુસ્તતા તરફ જાય છે. તેના પરિણામે જૂના ખ્યાલોને વળગે છે. તેને વધારે મહત્ત્વ આપે છે. આ પણ થતું દેખાય છે. એક બાજુ આધુનિકતા અને વિશાળતા દેખાય છે, તો બીજી બાજુ જ્ઞાતિવાદ, જાતિવાદ, ધાર્મિકતાનો અતિરેક પણ વધતાં દેખાય છે. છાપાં વગેરે પર નજર કરીએ તો આ પરિબળો વધતાં દેખાય છે. તેનો આશ્રય લઈ સલામતી શોધવાના પ્રયાસ થતા દેખાય છે. વધતી વિશાળતાને રોકવા કોમવાદ વગેરે પણ ભડકાવવામાં આવે છે. જાતિવાદને મહત્ત્વ આપવામાં આવે છે. આગળ પછાત રહેલા અને આજે આગળ વધતા લોકોને પણ હેરાન કરી પાછળ રાખવાના પૂરા પ્રયાસ થાય છે. તો તેઓ પણ આક્રમક થઈ આગળ વધવા પ્રયાસ કરે છે. આમ સમાજમાં વિભાજિતતા વધતી દેખાય છે. પરંપરાવાદીઓ યુવાનો અને સ્ત્રીઓ પર થાય તેટલાં નિયંત્રણો મૂકવાનો પ્રયાસ કરે છે. નથી ફાવતા એટલે રઘવાયા થાય છે. આમ, એક બાજુ આધુનિકતા વધે છે અને બીજી બાજુ વૈશ્વિકતા વધે છે. આ ન સમજી શકવાથી અને સહન ન થવાથી સમાજ વધારે ગુંચવાતો જાય છે, સંકુચિત થતો જાય છે અને સંકુચિત રહેવું પોષાય તેમ નથી. એટલે ત્રિશંકુ અને અસ્વસ્થ રહે છે.

આધુનિકતા વિચાર સ્વાવલંબન માગે છે. સમાજ મોટાભાગે શાસ્ત્ર આધારિત છે. તેથી તાર્કિક નથી વિચારી શકતો. તેથી પણ ગુંચવણ રહે છે. ધાર્મિક વડાઓ જૂની વાતોને વ્યર્થ મહત્ત્વ આપી ગુંચવણમાં વધારો કરે છે. યુવાનોને તે પસંદ નથી, પણ કુટુંબો હજી પૂરા આધુનિક નથી. તેથી બે પેઢી વચ્ચે પણ સૂક્ષ્મ સંઘર્ષ ચાલે છે. તેમાં, ખાસ કરીને, સ્ત્રીઓને વધારે સહન કરવું પડે છે.

વળી, દિનપ્રતિદિન સમાજનું સરકારીકરણ અને બજારીકરણ વધતું જાય છે. તેમાં વિચાર અને પ્રચાર આધારિત થઈ જાય છે. તે પણ વિચાર કરવામાં આડખીલીરૂપ થઈ જાય છે. આ પણ ગુંચવણ વધારે છે.

આમ, ભૂકંપ પછી કચ્છમાં જે ઔદ્યોગિકીકરણના કારણે વિકાસ થયો છે, તેણે અનેક ફાયદા કર્યા છે. વિકાસના દરવાજા ખોલી નાખ્યા છે. વિશ્વના સમાજ સાથે રહેવાની તકો ઊભી કરી છે. પણ તે સાથે સમાંતરે જે આધુનિકતાનું વલણ કેળવાવું જોઈએ તેની તાલીમનો અભાવ છે. તેના સ્વીકારની ઝડપ ઓછી છે. કમનસીબે છેલ્લાં થોડાં વર્ષોથી સંસ્કૃતિ જાળવણીના નામે પરંપરાને જે વ્યર્થ મહત્ત્વ અપાય છે તે પણ હેરાન કરે છે. યુવાનોની દિશા ખોટી થઈ જાય છે. વ્યર્થ ઝનૂન વધે છે. રૂઢિચુસ્તોને મદદ કરે છે. આ વિકાસને આડખીલીરૂપ બને છે.

ટૂંકમાં, કચ્છનો સમાજ પણ એક ક્રોસરોડ પર છે. બે પગલાં આગળ પણ વધે છે અને વિકાસનો લાભ પણ મેળવે છે. તો ક્યારેક અચાનક રૂઢિચુસ્તતા વચ્ચે આવે છે અને વિકાસને ધક્કો વાગે છે અને તેની ગતિ ધીમી પડે છે. અલબત્ત, બાહ્ય વિકાસ તો ખૂબ ઝડપથી વધે છે. માળખાકીય વિકાસ તો સરસ થાય છે. પણ વલણ સંદર્ભમાં ગતિ ધીમી રહે છે. ઉદ્યોગો અને શિક્ષણ, સંભવ છે, તે ગતિને વેગ આપશે, પણ લોકો પોતે જ જેટલા જાગૃત થશે તેમ તેમ સમતુલિત વિકાસ — બાહ્ય અને માનસિક અને બૌદ્ધિક થશે જે સમાજને સ્વસ્થ રાખવામાં મદદરૂપ બનશે અને સમગ્ર સમાજને વિકાસનાં ફળ મળવાં શરૂ થશે. આ સમાજ જ વૈશ્વિક કક્ષાનો બની શકશે. બનશે ચોક્કસ, પણ ગુંચવણો જેટલી ઝડપથી દૂર કરવાનો પ્રયાસ થશે તે સંદર્ભમાં તેની ગતિનો આધાર રહેશે. આધુનિકતા અને વિકાસ આવશે તો અવશ્ય, પણ આની જવાબદારી સમાજના વિચારકો અને મહાજનો પર છે. તેઓ જેટલું ઉત્તમ નેતૃત્વ પૂરું પાડશે, તેટલી આ બધી પ્રક્રિયા ઝડપી થશે. ■

MILAN® MASALA

K. K. MASALAWALA
31, K.N. ROAD, MASJID (W), MUMBAI-400 009.
TEL. : 2377 4209 2375 7674
TELEFAX : 2379 0883

MILAN® MASALA

# જવાબદાર પ્રવાસનથી જ કચ્છીયત ટકે

કીર્તિ ખત્રી

આજકાલ પ્રવાસન એટલે કે ટૂરિઝમે એટલા તો રંગ, રૂપ અને નામ 'ધારણ કર્યા છે કે, એની યાદી લખવા બેસીએ તો થાકી જવાય. રણ, દરિયા, પર્વત, નદી, જંગલ અને બર્ફીલા પ્રદેશોની પ્રાકૃતિક લાક્ષણિકતાઓ, ત્યાં રહેતી પ્રજા અને એની લોકસંસ્કૃતિ, વન્યજીવન, પશુ-પંખીની વસાહતો, વનસ્પતિઓ... દરેક દરેક વિષય સાથેના આગવા પ્રવાસન ક્ષેત્રો વિકસી ચૂક્યા છે. દા.ત. પક્ષીપ્રેમીઓ માટે છારીઢંઢ અને મોટા રણમાં સુરખાબનગર; તો સિંહદર્શન માટે ગિર, ભાતીગળ લોકસંસ્કૃતિ માટે રાજસ્થાનના કેટલાયે સ્થળ પ્રખ્યાત છે. એક તરફ તાજમહેલ જેવી ઐતિહાસિક ઈમારતો છે, તો બીજી તરફ વિદેશીઓ માટે મુંબઈની ઝૂંપડપટ્ટીના રોમાંચક દર્શન માટે સ્લમ ટૂરિઝમ પણ છે. વ્યવસાયિક દૃષ્ટિએ મેડિકલ ટૂરિઝમ તો ભુજમાંયે બિનનિવાસી કચ્છીઓને લીધે વિકસી રહ્યું છે. ધરતીકંપ વખતે જાપાનની ટુકડીઓ માત્ર ભૂકંપનો વિનાશ જોવા આવી હતી એ ડિઝાસ્ટર ટૂરિઝમ હતું. આપણા કચ્છના રણ ઉત્સવ વખતે ભારતના કેટલાક ખગોળપ્રેમીઓ રણમાં અંધારી રાતે તારામંડળના ખાસ નિરીક્ષણ માટે આવે છે એ એસ્ટ્રો ટૂરિઝમ છે. ઈકો ટૂરિઝમે પણ ભારે ચર્ચા જગાવેલી છે.

કચ્છના પ્રવાસનની દશા અને દિશા વિશે પ્રસંગોપાત સવાયા કચ્છી સંદીપ વિરમાણી સાથે ચર્ચા થતી રહી છે. સૌ જાણે છે તેમ તેઓ કચ્છની આધુનિક એન.જી.ઓ. (બિનસરકારી પ્રવૃત્તિઓ) ના પ્રણેતાઓ પૈકી એક છે અને છત્ર સંગઠન 'અભિયાન' ના મોભી છે. બન્નીના હોડકો ગામે પ્રખ્યાત શામ-એ-સરહદ રિસોર્ટના નિર્માણ આયોજનથી માંડીને એની આંતરરાષ્ટ્રીય ખ્યાતિ સુધીની સફળતાના સંદીપભાઈ અને કિરણ વાઘેલા સહભાગી છે. ગામના તમામ વર્ગના પ્રતિનિધિઓની સમિતિ સંચાલિત આ રિસોર્ટનો ઈતિહાસ આપણે જાણીએ છીએ પણ હાલ રિસ્પોન્સિબલ ટૂરિઝમ એટલે કે જવાબદાર પ્રવાસન ભારે ચર્ચામાં છે અને સંદીપભાઈ કચ્છમાં આ પ્રકારના પ્રવાસનની હિમાયત કરે છે.

દેશ-વિદેશમાં 'રિસ્પોન્સિબલ ટૂરિઝમ' જાણીતું છે. ઈન્ટરનેટ પર એના વિશે જાણકારી મેળવવાનો પ્રયાસ કરતાં થોકબંધ સાહિત્ય વાંચવા મળે છે. એનો વિગતવાર અર્થ અને સમજનો વ્યાપ વિશાળ છે અને અનેકાનેક ક્ષેત્રોને સ્પર્શે છે. પણ ટૂંકમાં કહીએ તો જવાબદાર પ્રવાસન એટલે એવા પ્રકારનું પ્રવાસન જે પ્રથમ અગ્રતા સ્થાનિક લોકોના આર્થિક, સામાજિક, સાંસ્કૃતિક અને પર્યાવરણીય હિતોના જતન અને સંવર્ધનને આપે. મતલબ કે એની પહેલી જવાબદારી સ્થાનિક પ્રજા પ્રત્યેની છે. પર્યટકનું સ્થાન બીજા ક્રમે છે. દા.ત. કોઈપણ પ્રવાસન સ્થળ મોટાપાયે વિકસાવવું હોય ત્યારે પ્રથમ વિચાર સ્થાનિક પ્રજા સારી રીતે રહે અને જીવે તેનો કરવો અને તે પછી જ પર્યટકોની સુવિધાઓ વિકસાવવા આગળ વધવું.

આવા જવાબદાર પ્રવાસનના ખ્યાલ સાથે રણોત્સવનો વિચાર કરીએ તો એનું પ્રમાણ સાચી દિશામાં થતું હોય એવું ભાગ્યે જ લાગે છે. જો કે એની સફળતા અકલ્પ્ય છે. બન્નીની કાયાપલટ થઈ ગઈ છે, કચ્છના સફેદ રણને વૈશ્વિક ખ્યાતિ મળી છે, નરેન્દ્રભાઈ મોદી એના પર આફરીન છે. મુખ્યપ્રધાન હતા ત્યારે કેટલીયે વાર કેબિનેટ અને ઉચ્ચ અધિકારીઓની બેઠકો રણોત્સવ વખતે યોજાઈ ચૂકી છે અને વડાપ્રધાન બન્યા પછીયે રણોત્સવને નથી ભૂલ્યા. બોલીવૂડના સિતારા અને બીજા કલાકારોના કાફલા અવાર-નવાર શૂટિંગ માટે ઉતરી પડે છે વગેરે વગેરે ઘણુંયે છે. પણ મૂળ પ્રશ્ન એ છે કે શું આ રણોત્સવની કમાણીનો સિંહભાગ સ્થાનિક પ્રજાને મળે છે? જવાબ 'ના' માં છે. એટલે કે જવાબદાર પ્રવાસનની પ્રથમ શરત જ અહીં લાગુ પડતી નથી. રણમાં ઊભી કરાતી વિશાળ અને મોંઘીદાટ તંબુનગરીની તમામ આવક બહારના કોન્ટ્રાક્ટરો - બિઝનેસમેન લઈ જાય છે. આવા પ્રસંગોએ યોજાતા સંગીત કાર્યક્રમોમાં ઘણા સ્થાનિક કલાકારોની યા તો અવગણના થાય છે અગર તો પેટા કોન્ટ્રાક્ટમાં તેમને ચાન્સ મળે છે. અરે, કચ્છના સ્થાનિક ગાઈડોનેય બહારના કોન્ટ્રાક્ટરો બોલાવતા નથી.

વળી, બહારથી હજારો રૂપિયા ખર્ચીને આવતા લોકો માટે પેકેજ ટૂરમાં સ્થાનિક ભાતીગળ સમુદાયોને હળવા મળવાને કે સંપર્કને કોઈ અવકાશ જ હોતો નથી. એટલે પર્યટકો રણદર્શન જરૂર કરે છે અને રણની સાંજ તેમજ રાતની નજાકત મોજથી માણે છે પણ કચ્છીયત કે કચ્છની આગવી સંસ્કૃતિની પહેચાન તેમને મળે એવું કોઈ આયોજન છે જ નહીં. માલધારીઓના પ્રદેશમાં પ્રવાસન વિકસ્યું હોવા છતાં પર્યટકોને માલધારીયત શું છે એની ખબર જ પડતી નથી. કેવી વિચિત્ર સ્થિતિ છે આ?

હા, અપવાદ કહી શકાય તો તે શામ-એ-સરહદ રિસોર્ટ ઉપરાંત એની આગવી શૈલીમાંથી પ્રેરણા મેળવનારાઓ છે.

ઇન્ટેન્જિબલ હેરિટેજ સ્કીમ હેઠળ કેન્દ્ર સરકારની ગ્રાન્ટમાંથી તૈયાર થયેલા આ રિસોર્ટ હોડકો ગામની સર્વવર્ગ સમિતિને સુપરત કરી દેવાયું છે. એની તમામ નફો-આવક પણ એમને જ મળે છે. અહીંનો માહોલ સાવ અલગ છે. પરિવાર સાથે મળીને રહેતા હોઈએ એવું પ્રતીત થાય છે. સ્થાનિક લોકો જ કચ્છી ફૂડથી માંડીને કચ્છી સંગીત, નૃત્ય સુધીની તમામ જવાબદારી નિભાવે છે. અહીં પર્યટકો માટેય નિયમો ઘડાયેલા છે અને એના બોર્ડ મૂકેલાં છે. દા.ત. દારૂ પીવો નહીં, અમારી સંસ્કૃતિને માન આપો, ટૂંકા કપડાં ન પહેરો વગેરે.

ટૂંકમાં અહીં પર્યટક પરિવાર સાથે રહેતા હોય એવો ભાસ થાય છે અને આપણે જાણીએ છીએ કે તમે જ્યારે પરિવારમાં હો ત્યારે સંયમ રાખો, નિરંકુશ ન બનો. દારૂની કે કોઈ અન્ય પ્રકારની અજુગતી માગણી જ ન થઈ શકે એવો માહોલ હોય છે. હોડકોના આ રિસોર્ટની પ્રેરણા લઈને ગામમાં બીજાંયે થોડાં ઝૂંપડાં પર્યટકો માટે બન્યાં છે, તો ગેટવે ટુ રન રિસોર્ટ રાજ્ય સરકારની ગ્રાન્ટથી નિર્માણ થયા પછી ધોરડોના ખાનગી ટ્રસ્ટને સોંપી દેવાયું છે. એ જ રીતે ધોળાવીરામાંયે સરકારી રિસોર્ટ ખાનગી ટ્રસ્ટને સોંપી દેવાયું છે. બંને સ્થળે 'મેઇન્ટેનન્સ' કરવું મુશ્કેલ હોવાથી સરકારે લોકભાગીદારીની અજમાયેશ કરી છે, તોયે એ સારું છે. ચોબારીમાં એકલે હાથે ટુરિઝમના વિકાસની પહેલ રામજી મેરિયાએ કરી છે એ પણ નોંધનીય છે. તો પક્ષી નિરીક્ષણ માટે જે.કે. તિવારી તો દેશવિદેશમાં પ્રખ્યાત છે. ખડીરમાં ઇસ્માઈલ નારેજા પોતાની રીતે પક્ષીપ્રેમીઓને ફેરવે છે.

ચોબારી નજીકના રણની વાત આવે છે ત્યારે રણોત્સવના કેન્દ્રીયકરણનો મુદ્દો પણ ચર્ચવા જેવો છે. રણ માત્ર ધોરડો પાસે છે એવું નથી, પૂર્વ કચ્છમાંયે સેંકડો ચો. કિ.મી. વિસ્તારમાં અફાટ સફેદ રણ પથરાયેલું છે. એની કાંધીએ પણ કચ્છીયત ધબકે છે. અરે ચોબારી-એકલના રણની વાત જવા દો, આથમણી અને ઉગમણી બન્નીની વચ્ચેય કેટલો વિરોધાભાસ છે. આથમણી બન્નીમાં રણોત્સવ ગાજે, હજારો લોકો ઊમટી પડે પણ થોડા કિ.મી. દૂર ઉગમણી બન્ની ભેંકાર ભાસે. અરે, ત્યાંયે માલધારીઓ જે રીતે જીવે છે અને રહે છે એ એક મિશાલ છે, પણ ત્યાં તો આવ જા કરવા માટે રસ્તાયે નથી. એકાદ-બે ગામોમાં તો વીજળી સુદ્ધાં નથી. ખડીરની વાત કરીએ તો ધોળાવીરાના અને હડપ્પીય સંસ્કૃતિના અવશેષ અને ફોસિલ્સ પાર્ક પ્રખ્યાત છે પણ એની આજુબાજુના કેટલાક રણબેટનો નજારો અદ્ભુત છે. અહીં જો માળખાકીય સુવિધાઓ વિકસે તો બારેમાસ પ્રવાસન ધબકતું રહે.

રણોત્સવને સફળતા મળવાની શરૂઆત થઈ ત્યારે 'શામ એ સરહદ' પદ્ધતિએ બન્નીના ૪૦ ગામોમાંથી ૧૫ સ્થળે આવા જ રિસોર્ટ સ્થાપીને ગ્રામ સમિતિઓને સંચાલન માટે સોંપી દેવાની દરખાસ્ત હુન્નરશાળાએ કરી હતી. એ સ્વીકારાઈ ગઈ હોત તો ઓછામાં ઓછા ૪૦૦ જેટલા પર્યટકો માટે કચ્છીયતની પહેચાનસમી વ્યવસ્થા થઈ ગઈ હોત. મોંઘીદાટ તંબુનગરીની જરૂર જ ઊભી ન થાત અને સૌથી મહત્ત્વનું તો એ કે તમામ આવક સ્થાનિક ગ્રામજનોને મળત. એ સમયે ભીરંડિયારામાં બેગ પેકર્સ પર્યટકો માટે હોસ્ટેલ બાંધવાનુંયે સૂચન થયું હતું. એટલે કે રણોત્સવમાં દરેક પ્રકારના પર્યટકને પરવડે એવા રહેઠાણ ઊભા કરવાની દરખાસ્ત થઈ હતી. ઉપરાંત હસ્તકલામાં રસ ધરાવનારાઓ માટે ક્રાફ્ટ ટૂર, પક્ષીપ્રેમીઓ માટે છારીઢંઢ જેવી ઈકો ટૂર, માલધારી સંસ્કૃતિના ચાહકો માટે રાતના સમયે ભેંસોના ધણ ચરતા હોય એવા સ્થળની મુલાકાત અને ધર્મસ્થળો માટે આસ્થા ટૂર અંગે વિચારાયું હતું.

ખેર આ તો ભૂતકાળની વાત થઈ. હવે શું? કચ્છના પ્રવાસનને સાચી દિશામાં લઈ જવું હોય તો રિસ્પોન્સિબલ ટૂરિઝમ માટે મથવું અનિવાર્ય છે. કારણ કે, એમાં માત્ર સ્થાનિક પ્રજાના આર્થિક હિતોની વાત નથી, એની સામાજિક પરંપરાઓ, ઈતિહાસ અને સંસ્કૃતિ જાળવવાની સાથે પર્યાવરણને કોઈ જફા ન પહોંચે એની દરકાર પણ કરવાની છે. ટૂંકમાં કચ્છ એના દેશી બાવળથી માંડીને ચેરિયાના જંગલ સુધીની પર્યાવરણીય લાક્ષણિકતાઓ, જુદી જુદી જ્ઞાતિઓ અને સમુદાયોની આગવી પરંપરાઓ કહોને કે સમગ્ર કચ્છીયતને ટકાવવાની જવાબદારી નિભાવે એવા પ્રવાસન માટે આપણે કમર કસવી પડે.

સંદીપ વિરમાણી સાથેની ચર્ચામાં ઇન્ટેન્જિબલ હેરિટેજ અંગે યુનેસ્કોએ કરેલા નિરીક્ષણોની વાત થઈ હતી. એ મુજબ કચ્છ અને એની પરંપરાઓ અમૂલ્ય વારસાની શ્રેણીમાં આવે છે એટલે એનું જતન કરવું જ રહ્યું. કચ્છમાં જુદા જુદા સ્થળે જુદા જુદા ભાતીગળ સમૂહ-જ્ઞાતિઓ વસે છે. ત્યાં તેમની જીવનશૈલી, પરંપરાઓ અને સંસ્કૃતિનો પ્રત્યક્ષ પરિચય મળે એ માટે પ્રવાસન સુવિધાઓ યા તો સરકારે વિકસાવવી જોઈએ અગર તો પંચાયતોએ કે સમગ્ર ગ્રામ સમિતિએ આગળ આવવું જોઈએ.

પ્રથમ દૃષ્ટિએ જોઈએ તો કચ્છમાં ચાર પ્રકારની માલધારીયત છે. ગાય, ભેંસ, ઊંટ અને ઘેટાં-બકરાંના વ્યવસાય સાથે સંકળાયેલી પશુપાલક જ્ઞાતિઓ કે સમુદાયો. એમની સાંસ્કૃતિક અને સામાજિક પરંપરાઓ પર નજર કરીશું તો કચ્છના પ્રવાસનના કેન્દ્રસ્થાને એ જ દેખાશે. પછી એ બન્નીના જત હોય, લખપતના ફકીરાણી જત હોય, અબડાસા અને મુંદ્રાના રબારી હોય કે તુંબલ ચારણ પછી પૂર્વ કચ્છના ઢેબરિયા. આવા સમૂહોની વધુ વસતિ હોય એવા ગામોમાં પર્યટકોના રહેવા જમવાની વ્યવસ્થા થઈ શકે. દા.ત. જેમ હોડકોમાં રિસોર્ટ છે તેમ મુંદ્રાના ટુન્ડાવાંઢ, અબડાસામાં નાના કરોડિયા અને લખપતમાં પિયર કે મેડી જેવા ગામે રિસોર્ટ થાય તો કચ્છની વિવિધતાસભર સંસ્કૃતિની પહેચાન પર્યટકોને મળી રહે. નાના પર્યટન કેન્દ્રો પર સ્થાનિક સમુદાય હોમ સ્ટે નામે પ્રચલિત બનેલી પ્રથા પણ અપનાવી શકે. સમુદાય કે જ્ઞાતિની રીતે વિચારતાં રબારી, જત, ચારણ, ફકીરાણી જત,

બન્નીની અન્ય પશુપાલક જ્ઞાતિઓ, આયર, મહેશ્વરી સહિતના હરિજન, કોળી, ભીલ જેવા સમજોની પણ આગવી પરંપરાઓ છે, જેને યુનેસ્કોએ સાચવી રાખવાની હિમાયત કરી છે. ફકીરાણી જતની આગવી પરંપરા પર નજર કરીએ તો તેમની રહેવાની વ્યવસ્થા અન્યોથી સાવ અલગ છે. તેમના ઝૂંપડાં એટલે કે પખા શંકુ નહીં, પરંતુ લંબચોરસ આકારના હોય છે. એવી જ રીતે અન્ય સમાજોના ઝૂંપડાના આકાર અને રચનામાંયે વિવિધતા છે. ફકીરાણી જત તો ખારાઈ ઊંટને દરિયામાં લઈ જાય છે ત્યારનું દશ્ય પર્યટકો માટે યાદગાર બની શકે તેમ છે. ઉપરાંત ક્રીકની અદ્ભુત ભૌગોલિક રચના અને ચેરિયાના જંગલ પ્રવાસન માટે આકર્ષણરૂપ છે. હરે પટેલ ચોવીસી, કંઠી અને વાગડના જૈનોની પરંપરા તેમ અંજાર ભુજના મિસ્ત્રી (ગુર્જર ક્ષત્રિય) ગામોનીયે આગવી પહેચાન છે. આ બધી પરંપરાઓ, સંસ્કૃતિઓ લુપ્ત ન થાય એ માટે યુનેસ્કોએ કેટલીક યોજનાઓ પણ તૈયાર કરી છે.

શું પ્રવાસન મારફત આ પરંપરાની સાચવણી શક્ય છે ખરી? સવાલ મહત્ત્વનો છે. એ અશક્ય તો નથી જ, કારણ કે રણોત્સવના રૂપમાં કચ્છના પ્રવાસનનો માણેકથંભ તો સ્થપાઈ ચૂક્યો છે. એટલે દરવર્ષે લાખોની સંખ્યામાં પર્યટકો કચ્છ આવી રહ્યા છે અને આવવાનાયે છે. એમને કચ્છીયતની આગવી લાક્ષણિકતાઓથી જો વાકેફ કરાય અને એ પ્રકારે માર્કેટિંગ થાય તો રણોત્સવનું વિકેન્દ્રીકરણ શક્ય છે અને એ જરૂરી પણ છે. જેમ એક મુખ્યકેન્દ્ર હોય અને એની આજુબાજુ પેટા કેન્દ્રો હોય એમ રણોત્સવ નામના પ્રવાસન વટવૃક્ષની કચ્છના છેવાડાના ગામો સુધી ફેલાયેલી ડાળીઓ તરીકે 'રિસ્પોન્સિબલ ટૂરિઝમ'ના નાના-નાના ઝુમખા પાંગરી શકે તેમ છે. જો એકવાર એ સફળ થશે તો આગળ જતાં રણોત્સવ જાતે પણ 'રિસ્પોન્સિબલ ટૂરિઝમ'માં પલટાઈ જશે.

***૮, સંયુક્તા સોસાયટી, ભુજ, કચ્છ***

# કચ્છ : રેલવે માહિતી

***૧લી ઓક્ટોબરથી કચ્છની ટ્રેનોનો નીચે જણાવ્યા મુજબ સમયમાં ફેરફાર કરવામાં આવેલ છે.***

૧. કચ્છ એક્સપ્રેસ ટ્રેનને ફાસ્ટમાં પરિવર્તિત કરવામાં આવેલ છે. તેના નવા નંબર ૨૨૯૫૫ બાંદ્રા - ભુજ અને ૨૨૯૫૬ ભુજ - બાંદ્રા રહેશે. જે બાંદ્રાથી સાંજે ૫.૧૦ના બદલે અડધો કલાક મોડી એટલે ૫.૪૫ વાગે ઉપડશે. અને ભુજ સ્ટેશને અડધો કલાક વહેલી સવારના ૮.૫૦ વાગે પહોંચશે. આવી જ રીતે ટ્રેન નં. ૨૨૯૫૬ કચ્છ એક્સપ્રેસ ભુજ સ્ટેશનેથી સાંજે ૭.૫૦ના બદલે ૮.૧૫ વાગે રવાના થશે.

૨. નવા નંબર ૨૨૯૫૧થી ગાંધીધામથી દર ગુરુવારે બાંદ્રા ગાંધીધામ ટ્રેન સુપરફાસ્ટ તરીકે દોડશે. જે મુંબઈથી ગાંધીધામ એક કલાક ૧૦ મિનિટ વહેલી એટલે કે બપોરે ૩.૩૦ વાગે ગાંધીધામ પહોંચશે.

૩. તેવી જ રીતે ભુજ - મુંબઈ વચ્ચે દોડતી ટ્રેન નં. ૨૨૯૦૩ એ.સી. સુપરફાસ્ટ એક્સપ્રેસ ભુજ ખાતે બપોરે ૧.૧૫ વાગે પહોંચવાના બદલે બપોરે ૧૨.૩૦ વાગે પહોંચશે. તથા ટ્રેન નં. ૨૨૯૦૪ એ.સી. સુપરફાસ્ટ બાંદ્રા જવા માટે ૪.૦૦ વાગે ભુજથી રવાના થશે. જે બાંદ્રા ટર્મિનસ સાંજે ૫.૧૫ વાગે પહોંચશે.

૪. ટ્રેન નંબર ૧૯૪૫૩ ગાંધીધામ - પૂરી રાત્રે ૯.૫૫ વાગે ગાંધીધામથી પૂરી જવા રવાના થશે. આ ટ્રેનના પ્રવાસમાં ૧ કલાક ૩૫ મિનિટનો ઘટાડો કરવામાં આવેલ છે.

૫. તા. ૫-૧૨-૨૦૧૬થી ટ્રેન નં. ૧૪૩૧૨ ભુજ - બરેલી - આલાહઝરત એક્સપ્રેસ (વાયા અમદાવાદ) મંગળ, ગુરુ અને રવિવારના બદલે ભુજથી સોમ, મંગળ અને ગુરુવારે રવાના થશે. જ્યારે ટ્રેન નં. ૧૪૩૨૨ (વાયા પાલનપુર) સોમ, બુધ, શુક્ર અને શનિવારના બદલે રવિવાર, બુધવાર, શુક્રવાર અને શનિવારે ભુજથી રવાના થશે.

આમ ભુજથી ઉપડતી કચ્છ એક્સપ્રેસ, બાંદ્રા એ.સી., ભુજ - બરેલી અને ગાંધીધામથી ઉપડતી ગાંધીધામ - પૂરીના સમયમાં ફેરફાર થવાથી આ ટ્રેનો મોડી ઉપડશે.

૬. ટ્રેન નં. ૧૨૯૫૯ બાંદ્રાથી ભુજ વાયા પાલનપુર ટ્રેન બાંદ્રાથી દર મંગળ તથા શુક્રવારે ઉપડશે.

૭. ટ્રેન નં. ૧૨૯૬૦ ભુજથી બાંદ્રા વાયા પાલનપુર ટ્રેન ભુજથી દર સોમ તથા ગુરુવારે ઉપડશે.

૮. ટ્રેન નં. ૧૯૪૫૨ ગાંધીધામથી બાંદ્રા ટર્મિનસ વાયા મોરબી દર ગુરુવારે ઉપડશે.

૯. ટ્રેન નં. ૧૯૧૧૫ સયાજીનગરી એક્સપ્રેસ બાંદ્રા ટર્મિનસથી બપોરના ૨.૫૦ કલાકે ઉપડી બીજા દિવસે સવારના ૭.૦૫ કલાકે ભુજ પહોંચશે. તેવી જ રીતે ટ્રેન નં. ૧૯૧૧૬ (સયાજી નગરી એક્સપ્રેસ) ભુજથી રાત્રે ૧૦.૨૫ વાગે ઉપડી બીજા દિવસે બપોરના ૨.૦૫ વાગે બાંદ્રા ટર્મિનસ પહોંચશે.

***ખાસ નોંધ :*** ટિકીટ લેતી વખતે રેલવેનું સમયપત્રક જોઈ લેવા વિનંતી.

***માહિતી : દિનેશચંદ્ર જગજીવન શાહ***
***મો. ૯૪૨૬૫ ૭૭૬૭૮***

***આ દુનિયામાં પ્રેમથી મહાન બીજો કોઈ ચમત્કાર નથી. લોખંડના ટુકડામાંથી સોનું બની જાય એ ચમત્કાર છે. પણ લોખંડ જેવું કઠોર હૈયું પ્રેમને લીધે મલમલ જેવું મુલાયમ બની જાય એ એના કરતાં મહાન ચમત્કાર છે.***

# ૨૦૨૫નું કચ્છનું પ્રવાસન

નરેશ અંતાણી

પ્રાકૃતિક સૌંદર્ય અને સંપદાનો ખજાનો કચ્છ પોતાના આગવા પ્રવાસન માટે જાણીતું છે. કચ્છના પ્રવાસનના રંગરૂપ ગણવા બેસીએ તો તેની યાદી લાંબી થાય. અહીં રણ છે, દરિયો છે, ડુંગરો છે, નદી છે, આગવું લોકજીવન છે, લોક સંસ્કૃતિ, વન્યજીવન, પશુ-પક્ષીની વસાહતો, ઐતિહાસિક, ભૌગોલિક, પુરાતત્ત્વિય સ્થાનો! શું નથી કચ્છમાં? કચ્છને ઓળખતાં પહેલાં કચ્છ જોવું પડે, તેને સમજવું પડે. આ માટે છેલ્લા દોઢ દાયકામાં સારા પ્રયાસો થયા અને તેના સારા પરિણામો પણ મળ્યા. બૃહદ્ કચ્છ અને બૃહદ્ ગુજરાતની પ્રવાસન એજન્સીઓ પોતાના પ્રવાસ કાર્યક્રમોમાં કચ્છનો સમાવેશ કરતી થઈ છે એ પણ એનું સુખદ પરિણામ છે.

આપણે આજના કચ્છના પ્રવાસનથી તો પરીચિત છીએ જ પરંતુ આજે અહીં આપણે વાત ૨૦૨૫ના કચ્છના પ્રવાસનની કરવાની છે. કેવું હશે એ સમયનું કચ્છનું પ્રવાસન? એ વિચારતા રોમાંચ થાય એ સ્વાભાવિક છે. તેની થોડી ગંભીર વાતોની સાથે થોડા કલ્પનાના રંગો પણ વિષય રસાળ બનાવવા પૂર્યા છે.

આજકાલ મેડિકલ ટૂરિઝમ, ઈકો ટૂરિઝમ, ડિઝાસ્ટર ટૂરિઝમ વગેરે ચર્ચામાં છે. તેમાં હવે એક નવો રંગ ઉમેરાય છે ‘જવાબદાર પ્રવાસન.’ આ સંદર્ભે વરિષ્ઠ પત્રકાર કીર્તિભાઈ ખત્રીએ ‘કચ્છમિત્ર’ના પાને વિગતવાર વાત કરી છે. અહીં તેની આછી ઝલક મેળવશું.

વિદેશોમાં ‘રીસ્પોન્સિબલ ટૂરિઝમ’ જવાબદાર પ્રવાસન અજાણ્યું નથી. પણ હવે આવનારા વર્ષોમાં કચ્છ અને ગુજરાતમાં પણ તે જાણીતું બનશે. જવાબદાર પ્રવાસનનો અર્થ તો વિશાળ થાય એમ છે પરંતુ તેને ટૂંકમાં સમજીએ તો જવાબદાર પ્રવાસન એટલે એવા પ્રકારનું પ્રવાસન કે જેમાં પ્રથમ અગ્રતા સ્થાનિક લોકોના આર્થિક, સામાજિક, સાંસ્કૃતિક અને પર્યાવરણીય હિતોનું જતન અને સંવર્ધનને પ્રાથમિક અગ્રતા અપાતી હોય. મતલબ કે કોઈ પણ સ્થળ કે પ્રવાસન મથક તરીકે વિકસાવવું હોય તો પ્રથમ તે સ્થાનની પ્રજા સારી રીતે રહે, જીવે એ સૌપ્રથમ જોવું – એ પછી જ પ્રવાસીઓની સુવિધાનો વિચાર થાય. કચ્છમાં આ પ્રકારનો પ્રયાસ થયાના કોઇ આધારો જોવા મળતા નથી. આવનારા દાયકામાં કચ્છના દરેક પ્રવાસન મથકોએ તેનો અમલ થાય તો કચ્છના પ્રવાસનના વિકાસની સાથે કચ્છની સ્થાનિક પ્રજાનોય સર્વાંગી વિકાસ થયેલો જોઈ શકીશું.

રણ મહોત્સવની તમામ આવક બહારના ઠેકેદારો અને ઉદ્યોગ ગૃહો લઈ જાય છે. સાંસ્કૃતિક કાર્યક્રમોમાં પણ સ્થાનિક કલાકારોને સ્થાન મળતું નથી. આ દરમિયાન પેકેજ ટૂરમાં આવતા પ્રવાસીઓને કચ્છને સમજવાનો પૂરો અવકાશ અપાતો નથી. આ બધી સમસ્યાઓનું નિવારણ આવનારા દાયકામાં થશે તો જ કચ્છના પ્રવાસનને વેગ મળશે. જો કે ધોરડોમાં આવો પ્રયાસ થોડેવત્તે અંશે થયેલો જોઈ શકાય છે. પરંતુ તે પણ પૂર્ણ તો નથી જ.

ધોરડોના સફેદ રણની જેમ વાગડ અને ખડીરમાં અફાટ સફેદ રણનું સૌંદર્ય છે. ધોળાવીરા જેવી વૈશ્વિક વિરાસત હોવા છતાં સ્થાનિક પ્રજા અને પ્રવાસીઓ માટે માળખાકીય સુવિધાના નામે શૂન્ય છે. અહીં ધબકતા કચ્છીયતને ઉજાગર કરવાની સાથે સ્થાનિક પ્રજાની સુવિધા અને વિકસાવ્યા બાદ પ્રવાસીઓ માટે માળખાગત સુવિધાઓ વિકસાવાય તો હાલ સુનકાર ભાસતું પૂર્વ કચ્છનું રણ અને પ્રવાસન સ્થળો ચેતનવંતા બની શકે એમ છે.

પશ્ચિમથી પૂર્વ કચ્છના છેડા સુધી પથરાયેલ કચ્છના પારંપરિક જનજાતિઓના ગામોમાં, હોડકોમાં આવેલા રિસોર્ટની જેમ, અનેક રિસોર્ટ ઊભા કરાય તો સાથે કચ્છીયતથી પ્રવાસીઓ અવગત થઈ શકે અને સ્થાનિક પ્રજાનો પણ વિકાસ સાધી શકાય. આવનારા વર્ષોમાં આ કાર્ય કરાય તો જ સાચું જવાબદારી પ્રવાસન ખીલી ઉઠશે.

વીતેલા દોઢ દાયકાની સરખામણીએ આવનારા દાયકામાં અનેક રીતે પ્રવાસન ઉદ્યોગ વિકસશે. હા, વિકસતા પ્રવાસનની સાથે અનેક જોખમ અને ભયસ્થાનો પણ હશે. પ્રવાસનના નિયમોમાં કોઈ નિયંત્રણ નહીં હોય તો રણ, દરિયો, પશુ-પક્ષીઓ, અભયારણ્યો અને ઐતિહાસિક ધરોહર સાચવતાં સ્થળોને નુકસાની પહોંચવાનો ભય પણ અસ્થાને નથી. તો શું પ્રવાસન ઉદ્યોગને વિકસવા ન દેવો? ના. એનો પણ ઉપાય છે. એનો ઉકેલ આપતાં સુષ્માબહેન આયંગર ‘કચ્છની પોતીકી પ્રવાસન નીતિ હોવી જરૂરી’ હોવાનું માને છે.

કચ્છના પ્રવાસનની પોતીકી નીતિ કેવી હોઈ શકે તેની રૂપરેખા આપતાં સુષ્માબહેન આયંગર કહે છે કે, સૌપ્રથમ તો આવી નીતિ તૈયાર કરતા પહેલાં બહારથી આવતા પ્રવાસીઓને શિસ્ત પ્રત્યે સભાન બનાવે તેવું શિક્ષણ આપવા માટે ખાસ પ્રોગ્રામ ઘડી કાઢવો જોઈએ. પ્રવાસીઓ કચ્છના પ્રવાસન સ્થળને,

તેના રહેવાસીઓને પૂરતો આદર આપે, પ્રવાસન સ્થળનો આવીને માત્ર ઉપયોગ ન કરે પણ તે ક્ષેત્રના સંરક્ષણના સહભાગી પણ બને એ પ્રકારનું પ્રવાસન શિસ્ત શીખવવા ખાસ ઝુંબેશ અને કાર્યક્રમોને વધુ વેગ આપવો જરૂરી છે.

કચ્છની પોતીકી આ પ્રવાસન નીતિમાં પ્રવાસમાં શેની છૂટ આપવી, શેની છૂટ ન આપવી તેનો સ્પષ્ટ નિર્દેશ થવો જોઈએ. પ્રવાસીઓ કયા સ્થળની મુલાકાત લઈ શકશે તેનો સ્પષ્ટ નિર્દેશ અગાઉથી જ અપાયેલો હોવો જોઈએ. આ બધી બાબતોને ધ્યાને લઈને કચ્છની આગવી પ્રવાસન નીતિ તૈયાર કરવા સ્થાનિક સંસ્થાઓએ રાજ્યના પ્રવાસન વિભાગ સાથે સંકલન સાધી આગળ વધવું જોઈએ.

આટલી ગંભીર વાત પછી કચ્છના પ્રવાસની ઉદ્યોગના વિકાસમાં થોડા કલ્પનાના રંગો પણ પૂરીએ તો આવનારા દાયકામાં કચ્છના પ્રવાસનનો રંગ કેવો હશે તે જોવાનો, તેની કલ્પના કરવાનો પણ એક રોમાંચ છે. એ રોમાંચ મેળવવાની સાથે તે કલ્પના હકીકતમાં પલટાય તેવા પ્રયાસો કરવામાં પણ પ્રત્યેક કચ્છી સહભાગી બને તો આવનારા દિવસો કચ્છના પ્રવાસન માટે સોનાનો સૂરજ લાવે એ દિવસો દૂર નથી.

કચ્છના અફાટ સફેદ રણમાં વિકસી શકે તેવા ઔદ્યોગિક એકમો સ્થાપવા માટે અનેક પ્રતિષ્ઠાનો અત્યારે કતારમાં છે. જો આવનારા દિવસોમાં તેને મંજૂરી મળે અને સુનકાર અફાટ રણમાં મીઠામાંથી ઉત્પન્ન કરાતાં દ્રવ્યોનાં કારખાનાં ધમધમતાં હશે જેને પરિણામે તેની આસપાસની સ્થાનિક પ્રજાને પૂરી રોજીરોટી મળતી હશે, તેમનું જીવનધોરણ એકદમ ઊંચું આવ્યું હશે. ઘડુલી - સાંતલપુર માર્ગના કિનારે કિલોમીટરમાં વિકસેલા આ પ્રતિષ્ઠાનોને કારણે તથા લીગ્નાઈટ અને લશ્કરી માલસામાનની હેરફેરને કારણે એ માર્ગ ધમધમતો હશે. માર્ગમાં અનેક ઢાબા, હોટલો ખૂલી હશે. પરિણામે આ વિસ્તાર ઔદ્યોગિક પ્રવાસનથી ધમધમતો હશે. આ કલ્પના ફળીભૂત થાય તો કેવું લાગે? જરા કલ્પી જુઓ, જરૂર રોમાંચ થશે.

કચ્છના નળ સરોવર સમાન છારી ઢંઢનો વિકાસ કરાય. અહીં સરોવરમાં પાણી બારેમાસ ભરેલું રહે એ માટે નર્મદાના નીર અહીં સુધી પહોંચાડાય તો છારીઢંઢનો વિસ્તાર પક્ષીઓ માટે સ્વર્ગ સમાન બની રહે. પક્ષી નિરીક્ષણ માટે જુદા જુદા સ્થળે ઊંચા વોચ ટાવર બનાવાય, સંશોધકો તથા વૈજ્ઞાનિકો માટે ખાસ કેન્દ્ર તથા નિવાસની ઉચ્ચત્તમ વ્યવસ્થા કરાય તો આ સ્થાન પણ ગુજરાતનું ઉચ્ચ કક્ષાનું પક્ષીઓ માટેનું અભયારણ્ય બની શકે એમ છે.

વૈશ્વિક વિરાસત ધોળાવીરામાં પણ પ્રવાસીઓ તથા સ્થાનિક પ્રજા માટે માળખાકીય સુવિધા વિકસાવાય, ધોળાવીરા ખાતે નેશનલ સંગ્રહાલય જેવું ઉચ્ચ દરજ્જાનું સંગ્રહાલય બનાવાય જેમાં ધોળાવીરા તથા કચ્છની તમામ હડપ્પીય વસાહતોમાંથી મળી આવેલ નમૂનાઓ આધુનિક ટેકનોલોજીની મદદથી પ્રદર્શિત કરી દર્શકોને કચ્છની તમામ હડપ્પીય વસાહતોનું જ્ઞાન એક સ્થળે મળી રહે તેવું આયોજન ગોઠવાય. ઘડુલી, સાંતલપુર માર્ગ અહીં નજીકથી જ પસાર થતો હોઈ પ્રવાસીઓ માટે હાઈવે પર તથા ધોળાવીરામાં તમામ વર્ગને પોષાય તેવી હોટેલોનું નિર્માણ થાય. થ્રી-સ્ટાર, ફાઈવ સ્ટાર હોટેલો પણ બને તો પ્રવાસીઓને રહેવા માટે ભુજ - ગાંધીધામ જવું ન પડે અને ધોળાવીરાની મુલાકાત લઈ ઘડુલી - સાંતલપુર માર્ગથી જ કાળો ડુંગર, ધોરડો, લખપત, નારાયણ સરોવર, માતાના મઢ થઈ ભુજ સુધી પોતાનો પ્રવાસ આરામદાયક બનાવી શકે. આવનારા દાયકામાં આવું શક્ય બની શકે એમ છે. જરા કલ્પી તો જુઓ!

આ રીતે કચ્છના દરેક પ્રવાસન સ્થળનો વિકાસ સૌપ્રથમ સ્થાનિક પ્રજાના વિકાસથી શરૂ કરીને કરાય, ચોક્કસ પ્રવાસનીતિ ઘડાય અને પ્રવાસન મથકોનો સર્વાંગી વિકાસ કરાય, માળખાગત સુવિધાઓ વિકસાવાય તો આવનારા દાયકામાં પ્રવાસનની સાથે પ્રાદેશિક જિલ્લાનોય સર્વાંગી વિકાસ જરૂર થઈ શકે એમ છે.

*૨૨/બી, શિવમ પાર્ક, નાનાયક્ષ મંદિર પાસે,*
*રિંગ રોડ, ભુજ, કચ્છ-૩૭૦ ૨૨૦.*
*મો. ૯૯૯૮૨ ૨૦૪૭૮*

***તમે ગતિનો ત્યાગ ન કરો. યાત્રિક જે પળે ગતિનો ત્યાગ કરે છે તે પળે તે પથ્થર બની જાય છે.***

**પંચગની હવાફેર**
**પ્રકૃતિના સાન્નિધ્યમાં,**
**સુંદર મનોહર આલ્હાદક વાતાવરણમાં**
**હવાફેર કરવા પધારો.**
**શુધ્ધ સાત્વિક ભોજનશાળાની સુવિધા છે.**
**૩, ૪ અને ૭ દિવસ માટે રૂમ આપવામાં આવે છે.**
**રાજલક્ષ્મી આરોગ્યધામ**
**મુંબઈમાં બુકિંગ માટે સંપર્ક : 08879677709**

Estd. 1955
**Laxmichand Dharshi**
Container Transportation & Handling
Govt. Contractors • Erection Job
Owners & Suppliers
Crane • Top Lifter • Forklift • Trailor • Truck • Labour
Calcuttawala Building, Masjid Bunder,
137/41, Samuel Street, Mumbai-400 009.
**H.O.** : 2347 5611 • 2345 4093 • Fax : 2347 5619
**L. D. Yard (Jasai, JNPT)** : 6522 3399

# બીમારીના બિછાને કચ્છનું પર્યાવરણ

રમેશ ભટ્ટી

## સાવધાન હવે જાગવાનો સમય આવી ગયો છે

કામણગારો કચ્છ અતિ પછાતપણાની છાપ, અવિરત આર્થિક વિકાસ અને પર્યાવરણના ગંભીર પડકારોના ત્રિભેટે આવીને ઊભો છે. છેલ્લા દોઢ દશકમાં થયેલા આર્થિક ઔદ્યોગિક બદલાવો, કચ્છના કુદરતી પર્યાવરણના બદલાવ માટે નિમિત્ત બન્યા છે. વર્તમાનમાં કચ્છમાં સ્થાનિય પરિબળો અને વૈશ્વિક જલવાયુ પરિવર્તનની અસર હેઠળ કચ્છના પર્યાવરણની પરિસ્થિતિ ૨૦૨૫ સુધીમાં વધુ તેજ ગતિએ બદલાશે એ વાસ્તવિકતા છે. જેની અસર સામાજિક જીવન, આર્થિક વિકાસ, આબોહવા, આજીવિકા અને જીવસૃષ્ટિ ઉપર થશે. જે લાંબાગાળે કચ્છની ઓળખ અને અસ્મિતા માટે દુરોગામી અસર પડશે. કચ્છનું લોકજીવન અને જંગી જીવસૃષ્ટિનું જીવન તંદુરસ્ત તો જ રહે જો પર્યાવરણ તંદુરસ્ત રહેશે. કોઈ પણ ભૌગોલિક વિસ્તારના લોકોનું સામાજિક, આર્થિક જીવન પર્યાવરણના સંતુલન પર જ નિર્ભર હોય છે. કચ્છનું પર્યાવરણ નાજુક, સંવેદનશીન, લચીલું અને ખૂબજ માવજત માગી લે તેવું છે.

વૈશ્વિક સ્તરે ઔદ્યોગિક ક્રાંતિ પહેલાં કરોડો વરસો સુધી પૃથ્વીનું સરેરાશ તાપમાન ૧૪.૭° સેલ્સિયસ હતું. ઉદ્યોગો અને વાહનના ધુમાડાથી છોડાયેલા કાર્બન ડાયોક્સાઈડથી હવે પૃથ્વીનું સરેરાશ તાપમાન ૧૫° સેલ્સિયસ થયું છે. ઔદ્યોગિક ક્રાંતિની શરૂઆતે ઈ.સ. ૧૭૫૯ માં હવામાં કાર્બન ડાયોક્સાઈડ ($CO_2$) નું પ્રમાણ હવાના દસ લાખ ભાગે ૨૭૭/પીપીએમ હતું જે હવે વધીને હવાના દસ લાખ ભાગે ૪૦૦ પીપીએમ યું છે, જે વધારો પૃથ્વીના સરેરાશ તાપમાનમાં ૦.૩° સેલ્સિયસ વધારા માટે નિમિત્ત બન્યો છે. ગયા વરસે સંયુક્ત રાષ્ટ્ર સંઘ દ્વારા ફ્રાન્સના પેરિસમાં યોજાયેલી ૧૯૬ દેશોની ૨૧મી જલવાયુ પરિવર્તન પરિષદે પૃથ્વીના સરેરાશ તાપમાનને ૧.૫° સેલ્સિયસથી વધવા દેવું નહીં તે બાબતે સહમત થયા છે. હવે જો માત્ર ૦.૩° સેલ્સિયસથી સમગ્ર વિશ્વમાં ગ્લોબલ વોર્મિંગ અને ક્લાઈમેટ ચેન્જની કાગારોળ મચી જતી હોય તો વધુ ૧.૫° સેલ્સિયસ ઉમેરાયા પછી હાલત શું થશે? વૈશ્વિક સ્તરે જલવાયુ પરિવર્તન અને ગ્લોબલ વોર્મિંગની અસર હેઠળ કચ્છનું ઋતુચક્ર પણ બદલાયું છે. અગાઉ કચ્છમાં સરેરાશ વરસાદ ૩૩૦ મિમી હતો. ૨૦૦૫ પછી પરિસ્થિતિ બદલાઈ છે, ૨૦૦૪ થી ૨૦૧૩ દરમ્યાન ૧૦ વરસમાં સરેરાશ વરસાદ વધીને ૫૦૬ મિમી જેટલો થયો છે. સરેરાશ વરસાદ વધ્યો છે અને વરસાદની તીવ્રતા વધી છે, વરસાદની વધી રહેલી માત્રા અને તીવ્રતા ૨૦૨૫ સુધીના આવતા દસકમાં કચ્છના પર્યાવરણને ચોક્કસ અસર કરશે.

છેક એકવીસમી સદીના અંત સુધી કચ્છનું પર્યાવરણ સંતુલિત અને અકબંધ હતું. પરંતુ ત્યારે કચ્છ પછાત, દુર્ગમ, અલ્પ વિકસિત, દુકાળિયો મુલક છે એવી છાપ હતી. એકવીસમી સદીના પ્રારંભે જ, કચ્છના કાળચક્રમાં ૨૦૦૧ ના વિનાશકારી ભૂકંપ ગુજરાતની રાજકીય પરિસ્થિતિ અને કચ્છની આર્થિક પરિસ્થિતિને ધરમૂળથી બદલી નાખવા મોટું નિમિત્ત બન્યો. દસકાઓ સુધી રાજકીય ઉપેક્ષાનો ભોગ બન્યા પછી, ભૂકંપના પ્રતાપે કચ્છ અચાનક જ આર્થિક વિકાસનું કેન્દ્રબિન્દુ બન્યું. કચ્છના પછાતપણાની છાપને મિટાવવા માટે ઔદ્યોગિક વિકાસના દ્વાર ખોલવામાં આવ્યા. બંદર, ખાણ-ખનિજ, કૃષિ, પશુપાલન-ડેરી અને પર્યટન વિકાસથી રાતોરાત કચ્છની જાણે કાયાપલટ થઈ. આર્થિક આંકડાઓ અને બાહરી દશ્યો જોતાં લાગે કે કચ્છ ભૂતકાળની પછાતપણાની છાપ મિટાવીને સુવિકસિત સદ્ધર જિલ્લો બની ચૂક્યો છે. પણ, સાવધાન! આટલેથી જ ખુશ થવાની જરૂર નથી. કચ્છનો ઝડપી આર્થિક વિકાસ તેની રફતાર સાથે અનેક પર્યાવરણીય, સામાજિક ગંભીર સવાલો લઈને આવ્યો છે. કચ્છની ઉત્પત્તિ અને પછીની ભૌગોલિક પ્રક્રિયાથી વિકસિત થયેલું પર્યાવરણ અતિ સંવેદનશીલ, નાજુક અને ગંભીર માવજત માગી લે તેવું છે.

કુલ ૪૫,૬૫૨ ચો.કિ.મી. નો ભૌગોલિક વિસ્તાર ધરાવતો આ પ્રદેશ દેશનો સૌથી મોટો જિલ્લો છે અને ગુજરાતના કુલ ભૂ-ભાગના ૨૪ ટકા વિસ્તાર ધરાવે છે. કચ્છની ઉત્પત્તિ સાથે જ કુદરતે કચ્છને ૪૦૬ કિ.મી. લાંબો દરિયો, ૧૫,૬૮૦ ચો.કિ.મી. મોટું (સફેદ) રણ; ૫૧૮૦ ચો.કિ.મી. નાનુરણ, ૫૧૦૦ ચો.કિ.મી. ઘાસિયા પ્રદેશ, ૭૨૭૮ ચો.કિ.મી. ખેતીલાયક જમીન, ૭૮૬૩ ચો.કિ.મી. બિનખેડાણની પડતર જમીન, ૫૬૫૩ ચો.કિ.મી. કુંઠિત અને કાંટાળા જંગલો વગેરે જેવાં વૈવિધ્યસભર કુદરતી સ્રોતો આપ્યાં છે.

કચ્છની માનવ વસતિ પર્યાવરણના બદલાવવામાં અસર

કરનાર મહત્ત્વનું પરિબળ છે. ઈ.સ. ૧૯૦૧માં કચ્છની માનવવસતિ ૪,૮૮,૦૨૨ હતી જે ૧૧૦ વરસમાં ૨૦૧૧ માં ચારગણી વધીને ૨૦,૯૦,૩૧૩ થઈ. ૧૯૯૧ થી ૨૦૦૧ દરમ્યાન વસતિ વૃદ્ધિદર ૨૫.૪% હતો, જે ૨૦૧૧ માં વધીને ૩૨.૧૬% થયો છે, જે સમગ્ર રાજ્યમાં સૌથી વધુ વૃદ્ધિદર છે. વસતિના વૃદ્ધિદરમાં ૭ ટકા જેટલો થયેલ વધારો કચ્છ બહારથી આવલા ઔદ્યોગિક કામદારો અને આનુષંગિક ધંધાઓ અર્થે આવેલા બહારી લોકોની વસતિમાં થયેલો વધારો દર્શાવે છે. ૧૯૮૧થી ૨૦૧૧ ના ત્રીસ વરસમાં કચ્છની વસતિ બેગણી થઈ છે. આવનારા દસકમાં આ જ વૃદ્ધિદરથી ૨૦૨૫ સુધીમાં કચ્છની વસતિ ૩૦ લાખના આંકે પહંચશે. વધી રહેલી વસતિની મૂળભૂત જરૂરિયાતો જેવી કે મકાન, ખોરાક વગેરે પૂરી કરવા તેનું ભારણ જમીન ઉપર વધશે. આવાસ અને ખેતી ઉત્પાદન વધારવા માટે ખેતીની જમીનોનું બિનખેતીમાં રૂપાંતરણ થશે અને ખુલ્લી, ચરિયાણ અને પડતર જમીનોનું ખેતીમાં કાયદેસર - ગેરકાયદેસર રૂપાંતર થશે.

અજાણતા જ કચ્છનો મહેમાન બની ચૂકેલો ગાંડો બાવળ કચ્છના પર્યાવરણમાં દુરોગામી અસર ઊભી કરનાર મહત્ત્વનું પરિબળ બની ચૂક્યો છે. સ્પેસ એપ્લીકેશન સેન્ટરના ૨૦૦૧ ના રિપોર્ટ મુજબ કચ્છના રણને બાદ કરતાં બાકીની મુખ્ય જમીનના ૮ ટકા વિસ્તારમાં ગાંડો બાવળ ફેલાયેલો હતો. ગાંડા બાવળનો વાર્ષિક વૃદ્ધિદર ૨૬૦૦ હેક્ટર છે. જે આજદિન સુધીમાં વધીને કચ્છના મુખ્ય ભૂવિસ્તારના ૧૬ થી ૧૭ ટકા (૪૮૯૫ ચો.કિ.મી.) વિસ્તારમાં ફેલાઈ ચૂક્યો છે. ઘાસચારાનું ઉત્પાદન અને જંગલી જીવોની સંખ્યા ગાંડા બાવળને કારણે પ્રભાવિત થઈ છે. દર વરસે દુષ્કાળમાં હજારો ટન ઘાસની આયાત કરવી પડે છે. કચ્છના ચરિયાણોમાં ઘાસની ઉત્પાદન ક્ષમતાને ધ્યાનમાં લેતાં કચ્છને જો સંપૂર્ણ રીતે ગાંડા બાવળ મુક્ત કરવામાં આવે તો ૭૩૪૩૦૪ ટન જેટલા વધુ ઘાસચારાનું ઉત્પાદન થાય, જે દુષ્કાળના ચાર મહિના સુધી ૮૧૫૮૦૦ જેટલા દૂધાળા ઢોરને નિભાવી શકાય. ગાંડો બાવળ નાબૂદ થવાથી કુદરતી રીતે જ દેશી તળપદી વૃક્ષો વનસ્પતિ અને જંગલી જીવસૃષ્ટિમાં વધારો થાય. સરકાર અને લોકો ઇચ્છે તો કચ્છને ચોક્કસ ગાંડા બાવળ મુક્ત કરી શકાય, જેના માટે દૃઢ ઈચ્છાશક્તિ સાથે આયોજન થવું જ જોઈએ.

સૂકી ખેતી કચ્છના પર્યાવરણને અનુકૂળ સૌથી મોટો વ્યવસાય છે. કચ્છમાં કુલ ખેતી હેઠળ ૭૪૭૫૦૩ હેક્ટર પૈકી ૨૨૨૨૮૦ પિયત હેઠળ છે અને ૫૨૫૨૨૩ હેક્ટર ૭૦ ટકા વિસ્તાર સૂકી ખેતી હેઠળ છે, જેમાં ૧૬૪૮૭૯ કુટુંબો ખેતી કરી પોતાનું ગુજરાન ચલાવે છે. કચ્છની પારંપરિક ખેતી પદ્ધતિમાં ખેડૂતો કચ્છના વરસાદી ઋતુચક્રને ધ્યાનમાં લઈને દેશી બાજરી, મગ, મઠ, તલ, જુવાર, એરંડા, દેશી કપાસ જેવા પાકોનું સદીઓથી વાવેતર કરતા આવ્યા છે. સૂકી ખેતી સાથે ગાય-ભેંસ જેવા દૂધાળા પશુઓ રાખવાથી સૂકી ખેતી સુખેથી જીવનનિર્વાહ ચલાવવા અગત્યનું સાધન બને છે. સિંચાઈ ડેમ અને કૂવા આધારિત પિયત ખેતીની પદ્ધતિ છેલ્લા પાંચ દાયકામાં જ વિકસિત થઈ છે અને કચ્છના તળ ખાલી થઈ ગયાં છે. કચ્છમાં ખેતીલાયક જમીન પૈકી ૩૦ ટકા જમીન પિયત હેઠળ છે.

નર્મદા કચ્છમાં પહોંચી ચૂકી છે અને બધુ સમુંસૂતરું ચાલશે તો ૨૦૨૫ સુધીમાં કચ્છના ૭ તાલુકાના ૧૮૨ ગામની કુલ ૧૧૨૭૭૮ હેક્ટર વિસ્તારને સિંચાઈનો લાભ મળતો થશે. કચ્છને સિંચાઈ માટે નર્મદા કેનાલ દ્વારા મળનારું પાણી ખૂબ મોટા આર્થિક બદલાવ તરફ લઈ જશે. નર્મદાના નીરથી મબલખ પાક, વધુ ઉત્પાદન થતાં ખેતીનું આર્થિક પાસું પણ ખૂબ મજબૂત થશે. કેનાલ આધારિત સિંચાઈના ફાયદાઓ સાથે ભય સ્થાનોને પણ ધ્યાને લેવા પડશે. સિંચાઈનું પુષ્કળ પાણી મળવાથી લોકો દ્વારા વધુને વધુ જમીન ખેતીમાં તબદીલ કરવા ગામની પડતર, ગૌચર, જંગલની જમીનોમાં મોટાપાયે દબાણ થશે અને સરવાળે ગામની સામૂહિક જમીનો ઘટી જશે. જમીનોનું ખાનગીકરણ થતાં કુદરતી વનસ્પતિ, જંગલો અને જંગલી જીવોનું અસ્તિત્વ ખતરામાં મુકાશે. જેને ટાળવા માટે દરેક ગામોએ પોતાના ગામની ગૌચર, પડતર, ખરાબાની કે જંગલની સામૂહિક જમીનોને જી.આઈ.એસ. નકશા પદ્ધતિ સાથે ડિમાર્કેશન કરીને રક્ષિત કરવી પડશે.

કચ્છના કેટલાક વિસ્તારોના ભૂગર્ભમાં જમીનમાં ૧૦-૧૫ ફૂટની નીચે કુદરતી ખારાશ રહેલી છે, ત્યાં પાણી સતત ભરાઈ રહેવાથી પાણી ખારાશના સ્તર સુધી ઊતરવાથી ઉનાળામાં થતા બાષ્પીભવનથી જમીનમાં રહેલી ખારાશ પાણી સાથે જમીનના ઉપરના સ્તર સુધી આવશે. જેથી ખેતીલાયક જમીન (માટી) માં ખારાશનું પ્રમાણ વધશે, જમીન વધુ કઠણ અને સરવાળે બિનઉપજાઉ બનશે. વધુ પાણી તેમ વધુ રાસાયણિક ખાતર, વધુ દવાઓ ઉપયોગમાં લેવી એવો સામાન્ય સિદ્ધાંત છે. લાંબાગાળે કચ્છમાં પંજાબની કેન્સર એક્સપ્રેસ અને ઊડતા પંજાબની સ્થિતિ પેદા ના થાય તે માટે સાવધ રહેવું પડશે. કચ્છમાં ભૂગર્ભની ખારાશ, માટીનો પ્રકાર, સૂર્યપ્રકાશ અને આબોહવાને ધ્યાને લેતાં ટપક સિંચાઈ પદ્ધતિ કે ફુવારા સિંચાઈ પદ્ધતિ સૌથી શ્રેષ્ઠ પદ્ધતિ નીવડશે. ગુજરાત ગ્રીન રિવોલ્યુશન કંપનીના આંકડા મુજબ વર્ષ ૨૦૦૫-૨૦૧૬ દરમ્યાન કુલ ૫૯૪૪૮ હેક્ટર વિસ્તાર આવરી લેવાયો છે. નર્મદાના નીર વડે ફ્લડ ઈરિગેશન કરવાને બદલે, કૂવાઓ, તળાવો, ડેમો, નાળાઓને પાણી વડે ભરીને ૭૦ ટકા જેટલી સૂકી ખેતીને ટપક પદ્ધતિ કે ફુવારા પદ્ધતિ હેઠળ આવરી લઈને બાગાયત ખેતી અને ઘાસચારા ઉત્પાદનને ઉત્તેજન મળે તો આ દસકમાં કચ્છને વાસ્તવમાં ઇઝરાયેલથી પણ વધુ ઉત્પાદક બનાવી શકાય. જે સરવાળે કચ્છનાં પર્યાવરણ સંદર્ભે ફાયદાકારક રહેશે. ■

## ૨૧મી સદીનું કચ્છ : વિકાસ અને વિઝન

# લોકજાગૃતિ વધી છે

નવીન જોશી

૧૯૮૪માં ભારતના એશિયાડ ગેમ્સનું આયોજન થયું ત્યારે સૌપ્રથમ વખત તત્કાલીન વડાપ્રધાન રાજીવ ગાંધીએ આ દેશને ૨૧મી સદી તરફ આંગળી ચીંધી કહ્યું હતું કે આપણે ત્યાં પહોંચવું છે. અને એશિયાડ રમતોત્સવે રાષ્ટ્રને કલર ટી.વી.ની ભેટ આપી અને ધીમે ધીમે દેશનાં ડગ ૨૧મી સદીમાં મંડાતાં ગયાં અને ક્રાંતિ વધતી ગઈ. ટેલિવિઝનમાં દૂરદર્શનનું વર્ચસ્વ ઘટતું હોવાથી ટી.વી. અને પછી ખાનગી ચેનલોનું એક ચક્રચારી જગત સર્જાવા મંડ્યું. તેમાં વળી અધૂરામાં પૂરું સામ પિત્રોડાની ટેકનોલોજીએ કમાલ કરી દીધી અને દેશે એક પછી એક ઐતિહાસિક ડગ માંડવાના શરૂ કર્યા. પણ ત્યાં સુધી કચ્છ વિકાસથી વંચિત હતું, અલિપ્ત હતું, દુકાળ માટે લડતું અને વરસાદ પાસે રીતસર રડતું કચ્છ ૨૧મી સદીમાં પ્રવેશીને પણ ૧૮મી ૧૯મી સદી જેવું જ જીવન જીવતું હતું. પણ ૨૬મી જાન્યુઆરી, ૨૦૦૧ શુક્રવારની સવારે વિનાશકારી ભૂકંપે આ મુલક પર કેર મચાવ્યો અને ત્યારબાદ પ્રથમ સંવેદનાના ઝરણાથી તૃપ્ત થયેલા કચ્છ ધીમે ધીમે વિકાસ તરફ ગતિ શરૂ કરી અને જોતજોતામાં જ એ ગતિ એટલી તો ઝડપ પકડી ચૂકીકે એક તબક્કે દહેશત પેઠી કે કદાચ 'કચ્છ' પોતાની અંદરનું 'કચ્છ' ખોઈ બેસશે! પણ એવું ન થયું અને તેજીના સાતમા આસમાને પહોંચી ગયેલી એસ્ટેટ બજાર તૂટી, એ સાથે જ વિકાસનો એક મહત્તમ પરપોટો પણ ફૂટ્યો અને કચ્છે બાજી બગડે એ પહેલાં જ પત્તાં સમેટવાનું શરૂ કરીને શાનમાં સમજવાનું કૌવત દાખવ્યું અને પર્યાવરણ પરત્વે જાગૃતિ આવવા માંડી, વિકાસ તરફનો ઝોક ઘટવા માંડ્યો, ઉદ્યોગોનું આગમન આભાસી અને સ્વાર્થી હોવાનું સાબિત થવા માંડ્યું અને જાગૃતિએ કચ્છનાં દ્વાર ખખડાવ્યાં જ નહીં, પણ ઉઘાડી દીધાં.

આમ તો કચ્છ માટે લોક જાગૃતિ એ કોઈ નવો શબ્દ નથી. દેશ અને દુનિયાએ મિલીજૂલી સરકારો વિશે કલ્પના પણ નહીં કરી હોય ત્યારે આપણા કચ્છમાં જુલ્મી રા'રાયધણજીને ભુજિયા ડુંગરમાં કેદ પકડીને જમાદાર ફતેહ મહમદ નોતીયાર અને લોહાણા અગ્રણી મેઘજી શેઠ (ઠક્કરે) બારભાયાનું રાજ સ્થાપી લોક જાગૃતિનો પાયો નાખ્યો હતો. એ પાયો આજે ૨૧મી સદીમાં પણ એટલો તો ઊંડો છે કે ભયાનક ભૂકંપ પણ એને ચલિત કરી શક્યું નથી. હા, એટલું ખરું કે એ પાયો વચ્ચે વચ્ચે ડગમગે છે અને ખાસ કરીને રાજકીય પરિબળો, એ પાયાને ભારે જફા પહોંચાડી રહ્યા હોવાનું પણ જોવા મળે છે.

કચ્છમાં લોક જાગૃતિના ઇતિહાસ પર તો પુસ્તક લખાય એટલા બનાવો મોજૂદ છે. ૧૯૪૮માં કચ્છ હિંદી સંઘમાં ભળ્યું એ પહેલાની વાત ટૂંકમાં કરીએ તો ફ્રેંચ વિપ્લવથી પાંચ વર્ષ પહેલા ઇ.સ. ૧૭૮૪ની સાલમાં ધર્મઝનુની બનેલા - ઇચ્છનારા રા'રાયધણએ પોતાને મુસ્લિમ ધર્મના અનુયાયી જાહેર કર્યા ત્યારે અંજારમાં જન્મીને આગળ વધેલા મહાવીર મેઘજી શેઠના નેતૃત્વ તળે વિરોધના સૂર ઉઠ્યા અને ખંડિત થતી મૂર્તિઓ અને તૂટતાં મંદિરો બચાવવા બારભાયાનું રાજ સ્થપાયું.

આજે કચ્છ બે ભાગમાં વિસ્તરેલું છે પૂર્વ અને પશ્ચિમ. આ ભાગ સૌપ્રથમ પાડ્યા આ બાર ભાયા રાજના સ્થાપક મેઘજી શેઠે. તેમણે પૂર્વ કચ્છની શાંતિ માટે અને જમાદાર ફતેહ મહમદ એ પશ્ચિમ કચ્છની શાંતિ માટે જવાબદારી સ્વીકારી.

કચ્છની લોક જાગૃતિની વાત જમાદાર ફતેહ મહમદ વિના લખી જ ન શકાય. ન માત્ર જુલ્મી રાજા પણ અંગ્રેજો સામે પણ ફતેહ મહમદે ઝીંક ઝીલી. સહજાનંદ સ્વામીને જોતા ઘોડા પરથી ઊતરીને આદર આપનાર આ યોદ્ધો એટલી ખ્યાતિ પામેલો કે, 'રૂતિયા તારી ફોજરો, ભયડંકો ભારી, સૂતી થડકે રાતમાં, નગરરી નારી' એવા ગીતો રચાયા. પ્લેગની બીમારીમાં ૧૮૭૦માં એ જવાંમર્દે ૬૧ વર્ષની વયે આંખો મીંચી અને એક અધ્યાય જાણે કે પૂર્ણ થયો.

રાજાશાહી બાદ લોક જાગૃતિની ઘટનાઓમાં સૌથી મોખરે આવે સ્વરાજના જંગ વખતે મહાત્મા ગાંધીજીની અસર તળે ૧૯૨૬માં રચાયેલી કચ્છી પ્રજાકીય પરિષદ. લક્ષ્મીદાસ રવજી તેરશી, ડૉ. પુનશી હીરજી મહેશ્વરી, મથુરદાસ મટાણી અને પ્રો. ખુશાલ ટી. શાહ (કે.ટી. શાહ)ના પ્રયાસોથી આ પરિષદની રચના થઇ અને ઓક્ટોબર ૨૨-૨૩-૨૪, ૧૯૨૬ના પ્રથમ અધિવેશન મુંબઈમાં ડુંગરી મેદાનમાં યોજાયું. કચ્છમાં આ પરિષદનો રાજવીએ વિરોધ કર્યો. કહેવાય છે કે તત્કાલીન પોલીસ કમિશનર અબ્દુલ રશીદે કચ્છના મહારાવને ગેરમાર્ગે દોર્યા હતા, પણ કચ્છીઓનો, પરિષદને ટેકો હતો.

આ પરિષદે માંડવી અને અંજારમાં અધિવેશન યોજના અને ૫૭(અ) કલમનો જબ્બર વિરોધ કરી લોકશક્તિ દર્શાવી. આ સંગઠન વધુ મજબૂત બન્યું સુપર ચિત્તા સત્યાગ્રહ દ્વારા. આ લડત દરમિયાન 'નવયુવાન કાર્યકર સંઘ'ના નામે એક વધુ સંગઠનનો કચ્છમાં જન્મ થયો. ત્યારબાદ રખાલ સત્યાગ્રહ અને યુસુફ મહેરઅલીના મુંદ્રા અધિવેશન પણ લોક જાગૃતિનાં પ્રકરણોમાં સ્થાન પામે... આઝાદી મળી ત્યારબાદ 'કચ્છ સત્યાગ્રહ'ના નામે આંદોલન થયું તેમાં દેશભરના નેતાઓ સામેલ હતા. તેથી કચ્છના

નેતા અને લોકો પણ તેમાં જોડાયેલા હોય એ સ્વાભાવિક છે. છાડબેટ સત્યાગ્રહ તરીકે પણ આ આંદોલન ઓળખાય છે.

આમ ટૂંકમાં આપણે જોયું કે કચ્છ પાસે લોક જાગૃતિની વાત કરવા માટે સમૃદ્ધ અતીત છે પણ એ સાથે એટલું સારું અને સ્પષ્ટ પણ છે કે કચ્છને કોઈ લડત, સંઘર્ષ, સત્યાગ્રહ કે વિપ્લવ સાથે વધુ બનતું નથી. શાંતિ પ્રિયતા કરતાં પણ આ એક પ્રકારની 'ભીરુતા' દર્શાવતાં લક્ષણ ગણી શકાય.

હવે આપણે ભૂકંપ બાદ લોકજાગૃતિ વધી છે કે કેમ એ તરફ આવીએ. ધરતીકંપ બાદના એકાદ વરસના ગાળામાં લોક શક્તિના સથવારે કોઈ મોટી લડત કે સત્યાગ્રહ થયા કે કેમ? એ યાદ કરીએ તો ભુજમાં રાજ્ય વિધાનસભાના પૂર્વ અધ્યક્ષ કુંદનલાલભાઇ ધોળકિયાએ કચ્છ બાર એસોસિએશનના એલાન પર ઉપવાસ શરૂ કર્યા, એ એક મોટી લડત હતી. જેમાં દુઃખ સાથે નોંધવું પડે છે કે વયોવૃદ્ધ ઉપવાસી કુંદનભાઇ લગભગ ઝઝુમ્યા ત્યારે તત્કાલીન શહેરી વિકાસ મંત્રી આઈ.કે. જાડેજાએ આવીને આડેધડ ટાઉન પ્લાનિંગ અટકાવીને પારણા કરાવ્યા હતા. દુઃખ એ વાતનું છે કે શ્રી ધોળકિયાના એ ઉપવાસ આંદોલનમાં જોડાયેલા લોકોની સંખ્યા ખૂબ ઓછી હતી.

આ આંદોલન ૨૦૦૩ જાન્યુઆરીમાં થયું હતું. ટાઉન પ્લાનિંગમાં માનવીય અભિગમ અપનાવવાની માંગ સાથે શરૂ થયેલી આ લડત જાણે એકલા કુંદનભાઈની હોય તેમ બાદમાં કોઈએ તેમની સાથે આમરણ ઉપવાસ પણ કર્યા ન હતા. કદાચ તેમણે અન્યોને આવું કરતા રોકી રાખ્યા હોય એવું પણ બને કારણકે વયોવૃદ્ધ નેતા તરીકે શાસક - વિપક્ષ બંને તેમને માન સન્માન પણ આપતા હતા.

શ્રી કુંદનલાલભાઇ ધોળકિયાના આંદોલન બાદ બીજા જ વર્ષે ૨૦૦૪માં એપ્રિલ માસમાં અન્યના ગેરકાયદેસર બાંધકામને કારણે વર્ષો જૂના સુખાધિકારો અવરોધાયા છતાં તંત્રની ઉદાસીનતાના પ્રશ્ને કલેક્ટર કચેરી પાસે ભોગીલાલ વાપડા નામના સજ્જને ઉપવાસ કરેલા, જેને પ્રો. વખતસિંહ જાડેજા, પ્રો. જિતેન્દ્ર અંતાણી, કોમલ છેડા, નવીન ઉપાધ્યાય, હરેશ મહેતા, બી.આર. બાવસે, બાલમુકુંદ વ્યાસ, ઉમિયાશંકરભાઈ અજાણી અને કે.જી. ભટ્ટ જેવા શહેરના બૌધ્ધિકોએ સાથ આપ્યો હતો.

ભૂકંપ બાદ ઓક્ટોબર ૨૦૦૧માં ઝુંપડપટ્ટીના રહેવાસીઓએ અસ્તિત્વની લડાઈ લડી હતી અને રેલી કાઢી મકાન સહાયના મુદ્દે અન્યાય સામે અવાજ ઉઠાવ્યો હતો. કાસમ કેવર, હારૂન ગગડા, હુસેન વર્મા, જાદવજી સથવારા, ફકીરમામદ કુંભાર, પ્રાણલાલ ગજ્જર આદિની આગેવાની હેઠળ આ લોકોએ વિરોધ દર્શાવ્યો હતો.

ભુજ ઉપરાંત અંજારમાં પણ ગ્રુપ ૨૦૦૧ રચીને ભૂકંપગ્રસ્તોએ ડૉ. શ્યામસુંદરની આગેવાનીમાં 'ચલો ગાંધીનગર'ના એલાન સાથે આંદોલન ચલાવ્યું હતું પણ કહેવાય છે કે એ લડતમાં અંજારના અનેક જમીન માલિકો ફાવ્યા હતા. ભૂમિ વિહોણાઓ તો માત્ર દોડ્યા જ હતા. 'ચલો ગાંધીનગર'નો નારો રાપરથી તેજાભાઈ દેસાઈએ 'જન અધિકાર સંઘર્ષ સમિતિ'ના તોરણ તળેથી આપ્યો હતો. જેમાં કોંગ્રેસના અમરસિંહ ચૌધરી, હરિભાઇ પટેલ, દોલતભાઈ પરમાર, માલજીભાઈ દેસાઇ આદિ પણ જોડાયા હતા અને મકાન વળતર સહાયની માંગ કરી હતી.

મે-૨૦૦૪ના લોક અધિકાર મંત્રીઓ ભૂકંપ પીડિતોના પ્રશ્નો માટે ધરણા કર્યા હતા. મુળજીભાઈ વરજંગ સોલંકી, ગોવિંદ વીરા સોલંકી, વાઘેલા બળવંતસિંહ ગોપાલજીએ આ ધરણા - રેલીનું નેતૃત્વ લીધેલું. સોશિયાલિસ્ટ યુનિયન સ્ટુડન્ટ ઑફ ઇન્ડિયાએ પણ વખતોવખત આંદોલનના રાગ આલાપ્યા હતા.

લોક જાગૃતિની ભૂકંપ બાદની લડતમાં એક મોટી લડાઇ કોંગ્રેસના હોવા છતાં વ્યક્તિગત રીતે લડેલા આદમભાઈ ચાકીની લડાઈ પણ મહત્ત્વની રહી. ભુજમાં વડાપ્રધાન રાહત ફંડમાંથી બંધાયેલી જી.કે. જનરલ હોસ્પિટલ અદાણી કંપનીને સોંપાઈ અને ખાનગી કંપનીએ સારવારનું વેચાણ શરૂ કર્યું એ મુદ્દે વિરોધ દર્શાવી રાજ્યની હાઈકોર્ટમાં જાહેર હિતની અરજી કર કેન્દ્ર, રાજ્ય સરકાર અને અદાણી કંપનીની મુશ્કેલીઓ આદમભાઈ ચાકીએ વધારેલી. જો કે કંપનીને થયેલી હોસ્પિટલની સોંપણી કોર્ટે યોગ્ય ઠેરવી અને બાદમાં અમુક સારવારની ફી માફી પણ કંપનીએ જાહેર કરી હતી.

કચ્છમાં વિકાસના નામે ઉદ્યોગોને જમીન અપાવા માંડી. એ પરિસ્થિતિનો ગેરલાભ ઉઠાવીને કેટલાક જમીન માફિયાઓએ પણ ઉદ્યોગોના નામે જમીનો ખરીદી અને બાદમાં એ જમીનનો જ ઉદ્યોગ તરીકે ઉપયોગ કરી દલાલ બનીને વેચવા માંડ્યા. પરિણામે જમીનોના ભાવમાં અણધાર્યો વળાંક આવ્યો અને તેજીના ઘોડા હણહણવા મંડ્યા. પણ આ લ્હાયલ્હાયમાં તંત્ર એટલું વ્યસ્ત થઈ ગયું કે ગૌચર જમીન પણ સ્થાપિત હિતોએ કબજો કરી લીધો અને ત્યારબાદ લોક જાગૃતિનાં તરોતાજા બનાવ રૂપે મુંદ્રા તાલુકાના ગામડાંઓ અદાલતના દ્વારે પહોંચ્યા. જાહેર હિતની અરજીઓ થઈ અને ન્યાયિક પ્રક્રિયાનાં મંડાણ થયાં તે પૈકી અમુક કેસ હજુ ચાલે છે. અમુકમાં કંપની હાવી થઈને જમીનો મેળવવામાં સફળ પણ થઈ છે. મુંદ્રા તાલુકાના નવી નાળ, ભદ્રેશ્વર, ગોએરસમા, ભુજપુર એમ અનેક ગામો જાગ્યા — એ લોક લડતની દૃષ્ટિએ ખૂબ મહત્ત્વની વાત છે. સાથોસાથ દુઃખની વાત

Corporate Office :
D 6-2, Road No. 34,
Wagle Estate, Thane 400 604. India.
T (General) : +91 22 21582600 F: +91 22 21582602
T (Direct): +91 22 21582603 M: +91 9322663991
E: narendra@hdfire.com • www.hdfire.com

સ્વ. પૂ. માતુશ્રી રતનબાઈ નરશી દેવાણાંધ ધરમશી (સુથરી)ના સ્મરણાર્થે....

HD FIRE PROTECT PVT. LTD.
Protecting What Matters Most to You

એ પણ છે કે કેટલીક કહેવાતી બિનસરકારી સ્વૈચ્છિક સંસ્થાઓ તથા રાજકીય પક્ષોએ આ અંધાધૂંધી અને કાયદાની કલમોથી કલુષિત વાતાવરણ વચ્ચે લાભ પણ કમાયા. કોઈને ગેરમાર્ગે દોરીને, કેસ આદિ ઊભા કરાવીને બાદમાં સમાધાન માટે જાતે જ મધ્યસ્થીકાર બનીને તેમણે કાળા કામો કર્યા અને બે હાથે ઉસેડી શકે એટલું કમાયા પણ ખરા. આવો જ આક્ષેપ લોક સુનાવણી માટે આવતા અધિકારીઓ સામે પણ છે.

આટઆટલા વિઘ્ન, સત્તાની સાઠમારી, કાયદાનું પૈસાના જોરે અર્થઘટન બાદ પણ રાપરમાં જમીનની માહિતી ન મળવાથી જબ્બરદાન ગઢવીએ આત્મવિલોપન કર્યું એ સિવાય કોઈ ગંભીર ઘટના ક્યાંયે ઘટી નથી. આંદોલન હિંસક બન્યા નથી. પોલીસને ભાગ્યે જ લાઠીચાર્જ, ટીયર ગેસનો ઉપયોગ કરવો પડ્યો છે. ગોળીબાર સુધ્ધાં ક્યાયે પોલીસને કરવાની જરૂર પડી નથી. એ બતાવે છે કે કચ્છ હક્કનું મેળવવા પણ એટલું આક્રમક નથી થતું જેટલું બંગાળ કે મહારાષ્ટ્ર થાય છે.

હવે આપણે ૨૧મી સદીના વિઝન તરફ મીટ માંડીએ તો નર્મદાની નહેર સરદાર સરોવર ડેમનાં વધારાના પાણી સાચવવા કચ્છમાં 'સૌની' યોજના જેવી યોજના, બાગાયત પાકને તાત્કાલિક બજાર મળે તે માટે કાર્ગો વિમાની સેવા, સસ્તી વિમાની સેવા, સરહદો પર અત્યાધુનિક ઉપકરણો સાથેનું સૈન્ય, જીવ બચાવે તેવી અત્યાધુનિક આરોગ્ય સેવા, નિષ્ણાત જ નહીં પણ મલ્ટીસ્પેશિયલ તબીબો અને સુંદર માળખાકીય સુવિધાઓ કચ્છ ઝંખે છે.

*કચ્છમિત્ર કાર્યાલય, ભુજ, કચ્છ.*

**॥ આસ્વાદ ॥**

## "કચ્છ-અર્પણ" : કચ્છી સાહિત્ય વિશેષાંક

"કચ્છ-અર્પણ" (વડોદરા)નો જુલાઈ-૨૦૧૬નો અંક કચ્છી સાહિત્ય વિશેષાંક તરીકે પ્રકાશિત થયો છે. આ અંક બે બાબતોને ઉજાગર કરે છે : એક શ્રી કચ્છી સાહિત્ય સભા (ભુજ) લાંબા સમયથી સુષુપ્ત અવસ્થાની ધૂંધળી થઈ ગયેલી સ્મૃતિની ખૂટતી કડીઓનું અનુસંધાન કરાવવાનું અને બે : લાંબા સમયથી 'માતૃભાષા કચ્છી'માં સાહિત્ય સર્જન કરતાં સાહિત્યકારોને 'સાહિત્ય રત્ન'ના પારિતોષિકથી સન્માનિત કરવામાં આવેલ છે, તે સાહિત્યકારોનું અભિવાદન કરવું.

કચ્છી ભાષા અને તેના સાહિત્યના ઉત્કર્ષ માટે સતત સર્જન કાર્યમાં રત એવા સાહિત્યકારો પૈકીના કુલ આઠ સાહિત્યકારોને શ્રી કચ્છી સાહિત્ય સભા (ભુજ)એ 'કચ્છી સાહિત્ય રત્ન'ના પારિતોષિક માટે પસંદગી કરેલ છે. આ પસંદગી પામેલા સાહિત્યકારોની કચ્છી માતૃભાષામાં કરેલ સર્જન અને માતૃભાષા પરત્વેની સર્જકની સંવેદનાની અભિવ્યક્તિનો પરિચય અને ઓળખ એ આ વિશેષ અંકનું જમા પાસું.

'કચ્છી બોલી', 'કચ્છી કોશ', કચ્છી લિપિ / જોડણી જેવા ઉપેક્ષિત વિષયોને આ વિશેષ અંકમાં કચ્છી સાહિત્ય રત્નોના સહયોગથી આવા વિષયોને લોકભોગ્ય અને રૂચિકારક બનાવવા માટે તંત્રીશ્રીએ આ સાહિત્યકારોને એક મંચ પર મૂકી અને આવા વિષયોને લોકભોગ્ય કરવાના તેમના મનસુબાને ફળીભૂત કરવાનો આ અનુઠો પ્રયોગ એટલે આ વિશેષાંક અંક. અલબત્ત, આ સાહિત્યકારોએ પોતાની વાચિક અભિવ્યક્તિના માધ્યમ દ્વારા અભિવ્યક્ત કરેલ પોતાની અંગત અનુભૂતિની રજૂઆત પરિણામલક્ષી હોવાની છાપ ઊભી કરી શક્યા નથી. મુરબ્બીશ્રી વ્રજ ગજકંધ સાહેબ, ડૉ. નાગડાએ ઉપરોક્ત વિષયોની સમસ્યાના અપેક્ષિત ભાષા - વૈજ્ઞાનિક કારણોની તપાસમાં પડ્યા વગર 'કચ્છી શબ્દકોષ' ભાષા અને ઉચ્ચારણ ઉપરાંત કેટલાક ધ્વનિ ઘટકોને રૂપ ઘટકોમાં થતા પરિવર્તનને રમૂજ તેમજ વ્યવહારુ મુશ્કેલીઓ તરીકેનું મૂલ્યાંકન કરેલ છે.

આ આઠેય સાહિત્ય રત્નોના લેખો વચ્ચે કચ્છી બોલીને માતૃભાષા કહી શકાય? લેખ પ્રસ્તુત કે અપ્રસ્તુત આ પ્રશ્નનો જવાબ શ્રી કચ્છી સાહિત્ય સભાનું ભુજ ખાતે કચ્છી રત્નના પારિતોષિક જાહેર કરવા માટે સંમેલનનું આયોજન કરવામાં આવેલ હતું, આ સંમેલનમાં ગુજરાત રાજ્યના મંત્રીશ્રી તેમજ શ્રી કચ્છી સાહિત્ય પરિષદનાં સભ્યોએ 'કચ્છી બોલી'ને સંવૈધાનિક દરજ્જો આપવા માટેની કાર્યવાહી હાથ ધરવા માટે હિમાયત કરેલ હતી. શ્રી કચ્છી સાહિત્ય પરિષદના પાયાના પ્રશ્નોમાં કચ્છી બોલીની બંધારણીય જોગવાઈની કાર્યવાહી અગ્રસ્થાને હોવાથી કચ્છીના વર્ણવેલ વિષયો ઉપરાંત આ વિષય પણ મહત્ત્વનો હોવાથી કચ્છી ભાષાના લેખોની હારમાળા સાથે આ લેખને પણ સાંકળી લઈને તેને ઉચિત સ્થાન આપેલ છે.

કચ્છ પ્રદેશની પ્રાદેશિકતા સાથે ઘણી ભાતીગળ જ્ઞાતિઓ તથા સમાજોનો ઘણા પ્રાદેશિક સામાયિકોનો ઘરોબો છે, જેમાં 'કચ્છ અર્પણ' જ્ઞાતિ / સમાજના લેબલ વગર પ્રામાણિકપણે કચ્છી બોલીને ઉજાગર કરતું સામાયિક હોવાની છાપ ઊભી કરે છે.

*મહેન્દ્ર સા. દોશી - અમદાવાદ*

Office No.-7, Lokhandwala Building,
3/5, Garibdas Street, Vadgadi,
Masjid Bunder (W), Mumbai-400 003.
Tel. : (022) 23468106, (RIM) 32422541,
9324308802 Fax : 23468109
Customer Care : 9324945601
E-mail : nishant.vltc@gmail.com ■ www.vltc.in

NAVIN ORIENT

*VIJAY LAXMI TRANSPORT CARRIERS*
**NAVIN ORIENT CARRIER**
THE TRANSPORT FOR RAJASTHAN ■ THE TRANSPORT FOR MADHYA PRADESH
FLEET OWNERS ■ TRANSPORT CONTRACTORS ■ CARGO MOVERS

# કચ્છનું બારડોલી – નખત્રાણા સુવિધાસજ્જ નગર હશે

અશ્વિન જેઠી

પશ્ચિમ કચ્છનું મુખ્ય મથક નખત્રાણા આમ તો આ વિસ્તારના લોકોનું પાટનગર છે. ૨૦૦૧ના ભૂકંપ બાદ આ ગામની વસતિ તેમજ વ્યાપમાં ખૂબ જ વધારો થયો છે. અનેક નગર તરીકે ઓળખાણ ઊભી થઈ. ૨૦૧૬ સુધી ઠીક છે, હવે આપણે ૨૦૨૫ સુધીની આ નગરના વિઝનની વિસ્તૃત ચર્ચા કરીએ, તો આવનારા ૨૦૨૫ સુધી આ નગર સંપૂર્ણ શહેર તરીકે જરૂરથી હશે. એટલું જ નહીં સ્માર્ટ શહેર તરીકે પણ તેની ઓળખ હશે!

પ્રથમ વાત કરીએ તો નગરની વસતિ હાલે બાવીસ હજારની આસપાસ છે. ૩૧ સભ્યો સાથેની જિલ્લાની સૌથી મોટી ગ્રામ પંચાયત છે. નગરને નગરપાલિકાનો દરજ્જો મળે તે માટે પ્રયત્નો થઈ રહ્યા છે. પરંતુ નગરપાલિકા માટે ૨૫ હજારની વસતિ જોઈએ. તો આવનારા દાયકા બાદ આ નગરની જનસંખ્યા ત્રીસ હજારની ઉપર હશે તેમાં બે મત નથી. મતલબ નગરપાલિકા હશે. નગરપાલિકા મળતાં જ વિકાસની સાથે નગરનું શહેરીકરણ ધીમે ધીમે થશે. લોકોની માળખાકીય સવલતો વધશે.

નગરમાંથી શહેરની તરફ પગરવ મંડાતાંની સાથે જ નગરને આ દસ વર્ષ દરમિયાન સંપૂર્ણ ડ્રેનેજ ગટર વ્યવસ્થા સવલત ઉપલબ્ધ બનશે. હાલે ગટર વ્યવસ્થાનું કામ જમીન સંપાદન બાબતે ટલ્લે ચડ્યું છે.

તો બીજી વાત કરીએ તો હાલે આ નગરની વચ્ચેથી ભુજ લખપત હાઈવે માર્ગ પસાર થાય છે. ૧૯૯૫ના વર્ષ સુધી ઠીક હતું. ત્યારબાદ વિકાસ થતાં આ માર્ગ પર હાલે તમામ નાના-મોટા વાહનોનો ટ્રાફિક ખૂબ જ રહે છે, જેના કારણે આ નગરને ૨૦૨૫ સુધી બાયપાસ માર્ગ મળી જશે.

નગરને બાયપાસ માટેની જો વાત કરીએ તો તા. ૧૬-૧૨-૧૯૯૩માં માર્ગ મકાન વિભાગ દ્વારા રૂ. ૧૪,૮૪,૪૦૦ ની રકમની દરખાસ્ત કરવામાં આવી હતી.

જેમાં જમીન સંપાદન, માટીકામ, નાળાનાં કામો, સીલિંગ, મેટલિંગ, ડામરકામ વગેરેના સમાવેશ સાથે હતી. પરંતુ આ કામગીરી થઈ નહીં અથવા તો કોઈ પણ રીતે અટકાવવામાં આવી હતી.

ત્યારબાદ વિવિધ નગરના આગેવાનો દ્વારા બાયપાસની માગણી લેખિતમાં કરવામાં આવી. છબીલભાઈ પટેલ દ્વારા વિધાનસભાની પ્રશ્નોત્તરીમાં બાયપાસનો મુખ્ય પ્રશ્ન રહ્યો હતો.

છેલ્લે જાણવા મળતી માહિતી મુજબ ગાંધીનગર રાજ્ય સરકાર દ્વારા વિગતો માગવા પ્રમાણે આ નગરના ભુજ, લખપત માર્ગ પર મોડેલ સ્પ્લીટ ઑફ ટ્રાફિક. ટ્રાફિકની સરેરાશ ટકાવારી બાયપાસની લાઈનદોરી દર્શાવતો નકશો નાણાકીય અગત્યતા - અભિપ્રાય- પ્લાન એસ્ટિમેટ સાથે સંબંધિત કચેરી દ્વારા મોકલવામાં આવ્યા છે. ટૂંકમાં ૨૦૨૫ સુધી આ નગરને બાયપાસ માર્ગ જરૂરથી હશે.

આ તો શહેરને મળનારી માળખાકીય સુવિધાની વાત કરી. પરંતુ વ્યાપ વિસ્તારની આ નગરની વાત કરીએ તો ૨૦૦૧ના ભૂકંપ બાદ આ નગરનો વિસ્તાર ખૂબ જ વધ્યો છે. વસતિ વધવાની સાથે નવી નવી વસાહતો અસ્તિત્વમાં આવી. ખાસ કરીને મોટી વિરાણી જતા માર્ગ તરફ રહેણાકનો વિસ્તાર જેટ ગતિએ વધ્યો છે. તો નાગલપર ફાટકથી કોટડા જ સુધીના માર્ગ પર નગરની નવી સોસાયટીઓ બની છે. ૨૦૨૫ સુધી શક્ય છે મોટી વિરાણી નખત્રાણા એક જ શહેરમાં આવતા હોઇ, ભેગા થઈ જાય. આવનારો સમય બતાવશે, પણ વાત સો ટકા સાચી છે.

સ્માર્ટ શહેરને હોય તેવા નખત્રાણા શહેરમાં ૨૦૨૫માં શહેરના આંતરિક માર્ગો બની ગયા હશે. તો શહેરમાં જે રીતે અદ્યતન શાકમાર્કેટ હોય તે રીતે શાકમાર્કેટ પણ બની ગઈ હશે. તો નગરપાલિકા દ્વારા લોકોને ફરવા માટે વધુ બાગ-બગીચા, બાળકોના આનંદ માટે અદ્યતન રમતગમતના સાધનો સાથે સંપૂર્ણ ઉદ્યાન હશે.

હવે મહત્ત્વની વાત કરીએ તો ૨૦૦૧ પછી નાના-મોટા ટુ-વ્હીલરો, ફોર-વ્હીલરો, નાના-મોટા વાહનોની સંખ્યામાં જે રીતે વધારો થાય છે તે જોતાં નગરમાં ફ્લાય-ઑવરબ્રિજ પણ ૨૦૨૫ માં હશે. કારણ કે, ફ્લાય ઓવરને સરકાર અગ્રતા આપે છે. સાથે નવા બનેલા બસ સ્ટેશનમાં નવી નવી સવલતો એસ.ટી. નિગમ દ્વારા ઊભી કરવાની સાથે શહેરને શોભે તેવું બસ સ્ટેશન પણ અસ્તિત્વમાં હશે.

પ્રતિષ્ઠિત યાત્રાધામે નારાયણ સરોવર, કોટેશ્વર, માતાના મઢ, હાજીપીર, ધીણોધર તેમજ નખત્રાણા-નિરોણા માર્ગે સફેદ રણ જવાનો રસ્તો હતો. આ વિસ્તારમાં દેશ-વિદેશના પ્રવાસીઓ મોટી સંખ્યામાં આવે છે. જેના કારણે રેસ્ટોરન્ટ હોટેલો, આધુનિક હોટેલો – ટૂંકમાં હોટેલ ઉદ્યોગ આ નગરમાં વિકસી રહ્યો છે.

હાલે પણ સારામાં સારી હોટેલો આ નગરમાં ૨૦૦૧ પછી બની છે. ૨૦૨૫ સુધી હોટેલ ઉદ્યોગ આ શહેર નખત્રાણામાં સંપૂર્ણપણે વિકાસ પામ્યો હશે.

આગામી દાયકામાં સ્માર્ટ શહેર બની જશે, તો નગરમાં લોકોના સાંસ્કૃતિક કાર્યક્રમોનાં આયોજન માટે અદ્યતન ટાઉનહોલની સગવડ નખત્રાણા નગરપાલિકા દ્વારા ઊભી કરવામાં આવશે.

હવે મહત્ત્વની વાત કરીએ તો હાલે આ નગરની ગણના ભલે શહેર તરીકે ન થતી હોય પરંતુ કોઈ મેટ્રો શહેરમાં જમીન પ્લોટોના ભાવો હોય તેવા ભાવ આ નગરની જમીન-પ્લોટોના છે તેમાં બેમત નથી.

છેલ્લે ૨૦૨૫ સુધીમાં આ નગર શહેર બની ગયું હશે, તે પણ સ્માર્ટ શહેર. જે રીતે કેન્દ્રની ભાજપ સરકાર દ્વારા સ્માર્ટ શહેર વિવિધ શહેરોની યાદી બહાર પડાય છે, તે રીતે ગામમાંથી નગર, નગરમાંથી નખત્રાણા શહેર બની રહ્યું છે. એ તેના છેલ્લા પંદર વર્ષના વિકાસથી દેખાઈ રહ્યું છે, તો આવનાર ૨૦૨૫ સુધી નખત્રાણા સ્માર્ટ શહેર હશે જ.

૨૦૨૫ સુધી નખત્રાણા સ્માર્ટ શહેર બની ગયું હશે તેની વાત અહીંના જાણીતા તબીબ ડૉ. પી.જી. પટેલે કરતાં કહ્યું હતું કે ૧૯૯૫ બાદ નગરનો ખૂબ જ વિકાસ થયો છે. શૈક્ષણિક રીતે, આરોગ્યની રીતે, ખાનગી તેમજ સરકારી રાહે સગવડો વધી છે તે જોતાં વસતિ, રોજગારી વધવાની સાથે શહેરમાં હોય એવી બેન્કિંગ સુવિધાઓ પણ વધે છે. સમયની સાથે પરિવર્તન થાય તે તો કુદરતનો નિયમ છે. ૨૦૨૫ માં નખત્રાણા સંપૂર્ણ શહેર હશે. ડૉ. પી.જી. પટેલની વય ૮૦ વર્ષની છે!

તો આ બાબત અહીંના રાજકીય અગ્રણી અને બાંધકામ વ્યવસાય સાથે સંકળાયેલા ભરતભાઈ સોનીનો રિવ્યૂ જાણતાં તેઓએ કહ્યું હતું કે, બેશક, નખત્રાણા આવનારા વર્ષોમાં શહેર બની જશે. હમણાંથી જ આ નગરમાં અદ્યતન હોટેલ, રેસ્ટોરન્ટ સાથે જે રીતે નગરનો વ્યાપ વધે છે તે વધતો જ રહેશે. ઉપરાંત નગરમાં ૨૦૨૫ સુધીમાં મલ્ટિપ્લેક્સ થિયેટર્સ, રમતગમતનું મેદાન, સારી હોટેલોનું નિર્માણ જરૂર થશે.

ટૂંકમાં ૨૦૨૫ સુધી નખત્રાણાના વિકાસની સાથે આ વર્ષો દરમિયાન તેનું વિઝન બતાવવાની કોશિશ કરી છે, માટે જરૂરથી આવનારા દસ વર્ષમાં નખત્રાણા શહેર સ્માર્ટ શહેર હશે.

નખત્રાણા ૨૦૨૫ નું વિઝન આપતા અહીંના યુવા નીતિન ભરતભાઈ સુરાણીએ જણાવ્યું હતું કે, ભૂકંપ બાદ નખત્રાણા મક્કમ પગલે નગરમાંથી શહેર તરફ પગરવ માંડી રહ્યું છે. નગરમાં શહેરમાં જેવી સુવિધાઓ હોય તે સ્વબળે પ્રગતિ સાધી છે.

નખત્રાણાની ઓળખ આમ તો બારડોલી તરીકે થાય છે. મગફળીનું પોકેટ ગણાતા આ વિસ્તારમાં કપાસ, એરંડાના પાકોનું પણ ધરતીપુત્રો વાવેતર કરે છે. પરંતુ છેલ્લા પાંચેક વર્ષથી ટ્રેન્ડ બદલાતા રોકડિયા બાગાયતી પાકો તરફ કિસાનો વળતા આર્થિક સ્થિતિ પણ સુધરી છે.

લોકોની આવકનું સાધન બીજો ઉદ્યોગ ટ્રક-ટ્રાન્સપોર્ટનો છે. ઉપરાંત નખત્રાણાને દેશ દુનિયાના નકશામાં સ્થાન અપાવે તે છે પર્યટન પ્રવાસ ઉદ્યોગ. સરકાર દ્વારા જો અહીં પ્રોત્સાહન આપવામાં આવે તો નક્કી ઉદ્યોગના વિકાસ સાથે હોટેલ ઉદ્યોગનો પણ ખૂબજ વિકાસ થાય તેમ છે.

ટૂંકમાં, નખત્રાણા ૨૦૨૫ સુધીમાં એક સ્માર્ટ શહેર હશે તેવું મારું માનવું છે, મારું વિઝન છે. ■

## અતિ પ્રિય દોસ્ત ઉત્સવ

**– સુભાષ ભટ્ટ**

*વરસ અસ્ત થવાનો સમય એટલે :*
*રાખ ઉડાડવાનો,*
*વાટ સંકોરવાનો*
*અને તેલ પૂરવાનો સમય...!*
*વિશ્રાંતિનો સમય એટલે*
*નકશાઓ જોઈ જવાનો*
*અને કેડીઓ વિચારવાનો સમય...!*
*આળસ ખંખેરવાનો,*
*સ્વને એકઠો કરી લેવાનો*
*અને સંકલ્પ કરવાનો સમય...!*
*વિકલ્પો ગોઠવવાનો,*
*પ્રતીક્ષા કરવાનો*
*અને ગતિ-દિશામાં મૂલ્યાંકનનો સમય...!*
*ટેવો તોડી નાખવાનો,*
*ટોળું વિખેરવાનો*
*અને ચારેકોર નવી દૃષ્ટિ નાખવાનો સમય...!*
*ભાથું ખાઈ લેવાનો,*
*નવા આયામો શોધવાનો*
*અને માઈલો ગણી લેવાનો સમય...!*
*નવેસરથી આરંભવાનો...*
*આવતીકાલથી આરંભીએ....*
*નવી પાંખો,*
*નવું આકાશ,*
*નવી ચેતના,*
*નવી યાત્રા,*
*પારાવાર પ્રેમ - અપાર શુભેચ્છાઓ*
*અનંત પ્રાર્થનાઓ!*

*પ્રેમ - ધ્યાન - મૌનસહ (ઉત્સવ)*

# પરિસ્થિતિ અને પરિવર્તન

માવજીભાઈ એલ. બારૈયા, વી.આર.ટી.આઈ. માંડવી-કચ્છ

જરૂરિયાત એ સંશોધનની માતા છે. માનવીને જેમ જેમ જરૂરિયાતો વધતી ગઈ તેની તેમણે ગમે તેવી પરિસ્થિતિમાં પ્રયત્ન, મથામણ, જાત-ભાતના અખતરાઓ કરીને તે મેળવીને જ જંપ્યો છે. કુદરતી આફતો, બક્ષિસો, સંસાધનો, યુક્તિ-પ્રયુક્તિ, અસંતોષની ભૂખ સંતોષવા માનવીએ પરિસ્થિતિને પહોંચી વળવા માટે પોતાના જીવનની રીતભાત, જરૂરિયાતો, રહેણીકરણી, સગવડતાઓમાં અનેકવિધ પરિવર્તનો આણ્યાં છે.

***સિતમ જો હદ ન વટાવે તો આંદોલનો થતાં નથી,***
***વિના કારણ આ જમાનામાં પરિવર્તન થતાં નથી,***
***જરૂરત છે જીવન સુધારવા એક કડવા અનુભવની***
***ન લાગે ઠોકર તો હૃદયમંથન થતાં નથી.***

એકવીસમી સદી, એ એક વસમી સદી પણ છે. જ્ઞાન વિજ્ઞાન, માહિતી, વિકાસ અને અનેક પ્રકારની ઊથલપાથલની સદી છે. આ સદીમાં જન્મધારણ કરનારું બાળક સ્માર્ટ અને ઝડપી છે, અનેક ધારણાઓને ખોટી પાડનારું છે. આપણે એકવીસમી સદીમાં કચ્છને ધ્યાનમાં રાખીને દરેક પ્રકારની પરિસ્થિતિને પહોંચી વળવા માટે કેવા પ્રકારનાં પરિવર્તનો આવી રહ્યાં છે, અને હજી આવવાનાં છે, તેની ચર્ચા કરીએ.

સદીની શરૂઆતમાં કચ્છને ભયાનક ભૂકંપ માત્ર ધરતીને ધ્રુજાવીને અટકી ન ગયો, પણ ઘણાં હૃદયકંપન પણ કર્યાં. અણધારી આફતે શરૂઆતમાં વિચારવાની પ્રક્રિયાને બંધ કરી દીધી. પરંતુ કચ્છનું ખમીર જે રીતે જાગ્યું, તનતોડ મહેનત કરી, બેઠું થવામાં કચ્છને જે મદદ મળી તે દુનિયાનો અજોડ નમૂનો એટલે કચ્છ. આ ભાતીગળ ભોમકાએ, ખેતી, પશુપાલન, પરિવહન, બંદરીય, શૈક્ષણિક, ડેરી ઉદ્યોગ, રહેણીકહેણી, કુદરતી સંસાધનો, પવન ઊર્જા, સૌર ઊર્જા, ઔદ્યોગિકીકરણ વગેરેમાં ગજબનું પરિવર્તન આવ્યું. ભૂકંપ પહેલાં અને આજે કોઈ કચ્છમાં આવે તો આંખો પહોળી થઈ જાય કે હું આ એ જ કચ્છમાં છું કે કોઈ બીજા પ્રદેશમાં! પણ કચ્છમાં આફતને અવસરમાં પલટી નાખવાની ગજબની શક્તિ પડેલી છે.

કચ્છની ખેતી માટે પાણી ઓછાં - નબળાં, વરસાદ અનિયમિત જેવી પરિસ્થિતિમાં ખેડૂતોએ કમર કસી છે. ખેતીમાં સરકારની ઉદારનીતિ, સહાયનું ઊંચું ધોરણ, નવી ટેકનોલોજીનો ઉપયોગ, ખેડૂતોની આગવી સમજે ખેતીમાં ધરમૂળથી ફેરફારો કરી નાખ્યા. નવા પાકોનું આગમન, સજીવ ખેતીનો અમલ, રોકડિયા પાકોમાં પણ ડ્રીપ ઈરિગેશન, ઓછા પાણીએ થનારા પાકોનું વાવેતર, શાકભાજી-ફૂલોની ખેતી, ખારેક, દાડમ, બોર, પપૈયા જેવા બાગાયતી પાકોનો વધતો વ્યાપ, તરબૂચ, સક્કરટેટીની ખેતી વગેરેએ આમૂલ પરિવર્તન આણ્યું છે. ખાસ કરીને કચ્છના પ્રગતિશીલ ખેડૂતોએ પોતાનાં સંતાનોને ખેતીમાં જોડ્યાં છે. ઉચ્ચ અભ્યાસ કરેલ યુવાન ખેડૂતોએ દેશ વિદેશમાં ફરીને ખેતીમાં પોતાનો હાથ અજમાવી અનેક રોકાણો કરી જમીનને એક જાયદાદ બનાવી છે. કમાણીનું છેલ્લું સાધન ગણાતી ખેતી આજે અને આવતા દિવસોમાં પ્રથમ સાધન ગણાશે. "ઉત્તમ ખેતી, મધ્યમ વેપાર અને કનિષ્ઠ નોકરી" એ કહેવત હવે સાચી પડશે. એમાં પણ જ્યારે નર્મદાના નીરે કચ્છમાં પ્રવેશ કર્યો છે, ખડીર પંથકમાંયે નર્મદાનાં નીર દોડતાં થશે. આ નર્મદાનાં નીર ૩૮૫.૮૧ કિ.મી. પૈકી બનાસકાંઠાના સલીમગઢથી નીકળીને વાયા પાટણ થઈને ૮૪ કિ.મી.નું અંતર કાપીને કચ્છના નાના રણ મારફત પ્રવેશી ચૂક્યાં છે. ૩ ધોધ અને ૩ પમ્પિંગ સ્ટેશન દ્વારા કચ્છમાં ૧૦ તાલુકા પૈકી ૭ તાલુકાનાં ૧૮૨ ગામો અને ૧,૧૨,૭૭૮ હેક્ટર જમીનમાં પિયત માટે પાણી મળશે. ત્યારે કચ્છ કેટલું હરિયાળું, લીલુંછમ અને દેખાવડું બનશે. ખેડૂતોના ચહેરા પરની ખુશીનો કોઈ પાર નહીં હોય. આ સાત તાલુકામાં રાપર-૪૭, ભચાઉ-૩૩, અંજાર-૨૪, મુંદ્રા-૩૪, માંડવી-૩૦, ગાંધીધામ - ૮ અને ભુજ - ૬ ગામોનો સમાવેશ થાય છે. પીવાનું પાણી, ખેતી માટે પાણી, વન્ય જીવો માટે પાણી મળતાં ભટકવાનું બંધ થઈ જશે. દુષ્કાળ ભૂતકાળ બની જશે. જમીન સંપાદન માટે ખેડૂતોનાં હૃદય પરિવર્તન જરૂરી છે. "કુછ પાને કે લિયે કુછ ખોના પડતા હૈ" માત્ર મારો સ્વાર્થ નહીં, છેવાડે બેઠેલા લોકોનો પણ વિચાર કરવો જ પડશે. સૌના હકારાત્મક વિચારોથી જ પાણી પોતાનું બનશે. આજ પાણીને બચાવીને વાપરવા ડ્રીપ પદ્ધતિ અપનાવવી પડશે. અબડાસાના કનકપર ગામની જેમ ૧૦૦% ડ્રીપ ઈરિગેશન કરી પાણી અને જમીન, સમય અને શક્તિ બચાવવી પડશે.

આ પિયતની સુવિધાથી વાવેતર વિસ્તાર, પાકોની વિવિધતા વધશે. જેને કારણે પર્યાવરણ સુધરશે, વૃક્ષોની સંખ્યા વધશે. વરસાદને આમંત્રણ આપશે. ખેતીનું આર્થિક પાસું વધારે મજબૂત બનશે. બાગાયત ખેતીના વ્યાપમાં હજુ વધારો થશે. એક સમય એવો આવશે કે ઇઝરાયલ જઈને પ્રેરણા મેળવેલ ખેડૂતો ઈઝરાયલથી પણ વધુ ખેતી ઉત્પાદન મેળવશે. આ પરિસ્થિતિ

પ્રમાણે પરિવર્તન લાવવું જરૂરી એટલા માટે છે કે કચ્છમાં માનવવસતિ વૃદ્ધિ દર ૧૯૯૧થી ૨૦૦૧ સુધી ૨૫.૪ ટકા હતો. જે ૨૦૧૧ માં ૩૨.૧૬ ટકાનો થયો છે. જે સમગ્ર રાજ્યનો સૌથી ઊંચો વૃદ્ધિ દર છે. એક દાયકામાં ૭% વૃદ્ધિ દર નોંધાયો છે. જે કચ્છમાં આવેલા ઉદ્યોગો, બહારના કારીગરો, ઉદ્યોગ આનુષંગિક ધંધાઓ, પરિવહન વગેરે માટે બહારથી આવેલ છે. આ વૃદ્ધિ દર પ્રમાણે કચ્છમાં ૨૦૨૫ સુધીમાં કચ્છની વસતિ ૩૦ લાખે પહોંચી જશે. આ બધી જ વસતિને મકાન, ખોરાક, પાણી વગેરે માટે ખેતી પર જ ભારણ વધશે. બિનખેતીનું પ્રમાણ વધી જશે. સરકારી પડતર જમીન, ગૌચર જમીન પર દબાણ વધશે. હવે ખાલી પડ્યાં રહેતાં ખેતરો પોસાશે નહીં. વાવેતર વિસ્તાર અને એકર દીઠ ઉત્પાદન વધારવું જ પડશે. કચ્છની ખેતી આજે જે રીતે ભણેલા ખેડૂતો ખેતી તરફ વળ્યા છે, તે જોતાં પરિસ્થિતિને પહોંચી વળશે. સરપ્લસ અનાજ, શાકભાજી, ફળપાકોની નિકાસ કરતો જિલ્લો બની જશે તેમાં નવાઈ પામવા જેવું નથી. કચ્છની ખારેક અને કેરીએ દેશના સીમાડાઓ ક્યારનાય ઓળંગી લીધા છે. બદલાતા હવામાનમાં કુશળ ખેતી કેવી રીતે કરી શકાય તે માટે હવામાન આધારિત માહિતી ખેડૂતો સુધી પહોંચાડતું યુનિટ ઇન્ડિયન સેન્ટર ફોર ક્લાઈમેટ એન્ડ સોસાયટલ ઇમ્પેક્ટ રિસર્ચ (આઈ.સી.સી.એસ.આઈ.આર.) એ વી.આર.ટી.આઈ. માંડવી ખાતે કાર્યરત છે. જે સમયાંતરે ખેડૂતો માટે બદલાતા હવામાનની માહિતી વર્કશોપ, તાલીમો અને મોબાઈલ પર પૂરી પાડે છે. બદલાતા હવામાન સામે શું કરી શકાય તેનું માર્ગદર્શન પણ આપવામાં આવે છે. આ ઉપરાંત સી.સી. શ્રોફ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ માંડવીથી અલગ અલગ દેશ વિદેશથી વિષય નિષ્ણાતો તથા નેશનલ કાઉન્સિલ ફોર ક્લાઈમેટ ચેન્જ એન્ડ સસ્ટેનેબલ ડેવલપમેન્ટ - અમદાવાદ (એન.સી.સી.એસ.ડી.) થી શ્રી કિરીટભાઈ શેલત દ્વારા ગુજરાત અને કચ્છમાં ખેડૂતો સાથે વિષય નિષ્ણાતો, વૈજ્ઞાનિકો, પદાધિકારીઓ અને કૃષિ યુનિવર્સિટીના વડાઓ સાથે સેમિનાર અને તાલીમો દ્વારા બદલાતા હવામાનમાં કુશળ ખેતી કેમ કરવી તેનું સતત માર્ગદર્શન અપાઈ રહ્યું છે. તમારી પાસે અગાઉ ક્યારેય ન હોય તે મેળવવું હોય તો તે માટે અગાઉ ક્યારેય ન કર્યો હોય તેવો પરિશ્રમ કરવો પડે. આમાં ખેડૂતો પાછી પાની નહીં કરે તેવી શ્રદ્ધા છે.

પશુપાલન એ ખેતી સાથે જોડાયેલ પોતીકો વ્યવસાય છે. કચ્છમાં માનવ વસતિ કરતાં પશુઓની વસતિ વધારે છે. આ વ્યવસાયની, અવારનવાર પડતા દુષ્કાળોએ કમર તોડી નાખી છે. મોટાભાગે જેની પાસે જમીન છે તેની પાસે પાળી શકે તેટલાં પશુ છે. જ્યારે જમીન નથી અને માત્ર ચરિયાણ પર આધારિત પશુઓ રાખે છે તેની પરિસ્થિતિ કફોડી થઈ જાય છે. પૈસા આપતાં પણ ઘાસ મળતું નથી. પરંપરા ભુલાઈ તેનું પરિણામ પણ ભોગવવું પડે. આપણાં ચરિયાણો સમૃદ્ધ હતાં. બન્નીમાં ઊંટ ચાલ્યો જાય તો દેખાય નહિ એવાં ઘાસ હતાં તેવો ઇતિહાસ બોલે છે. આજે આ ચરિયાણ ગૌચરોને ગાંડાબાવળનું ગ્રહણ ધીરે ધીરે ગળી રહ્યું છે. સ્પેસ એપ્લીકેશન સેન્ટરના ૨૦૦૧ના રિપોર્ટ પ્રમાણે રણને બાદ કરતાં બાકીની મુખ્ય જમીનમાં ૮% વિસ્તારમાં ગાંડો બાવળ ફેલાયેલ હતો. ગાંડા બાવળનો વાર્ષિક વૃદ્ધિદર ૨૬૦૦ હેક્ટર છે. આજે ૧૬ થી ૧૭% ના દરે એટલે કે ૪૮૯૫ ચો.કિ.મી.ના વિસ્તારમાં ફેલાઇ ચૂક્યો છે. જેના કારણે જંગલી જીવો વધ્યા અને સારી જમીન પર વવાતા પાકો પર તેનું આક્રમણ વધ્યું છે.

આને કારણે ઘાસની તંગી વધતી જાય છે. નબળા વર્ષે હજારો ટન ઘાસ બહારથી મંગાવવું પડે. જે સ્થાનિક ઉત્પાદિત થતાં ઘાસથી ૨૦ થી ૩૦% મોંઘું હોય છે. કચ્છને આ ગાંડા બાવળ મુક્ત કરીએ તો સારાં સમૃદ્ધ, દૂધ ઉત્પાદન વધારનારાં, પોષણયુક્ત ઘાસ ૭,૩૪,૩૦૪ ટન ઘાસ વધારે ઉત્પાદિત થાય. જે દુષ્કાળ વખતે કટોકટીના ૪ મહિના માટે ૮,૧૫,૮૦૦ જેટલાં દુધાળાં ઢોરને નિભાવી શકાય. ઘાસ આયાત ન કરવું પડે. ટ્રાન્સપોર્ટેશન ખર્ચ બચી જાય. દેશનું લાખો લિટર ડીઝલ બચી જાય. આ માટે સામૂહિક પ્રયત્નો કરવા પડશે. રાજ્ય સરકારનું ગૌ સેવા અને ગૌચર વિકાસ બોર્ડ-ગાંધીનગર દ્વારા ગૌચર સુધારવા માટે ગામદીઠ ૨૦ હેક્ટર જમીન માટે ૭૫% સહાય સીધી જે તે ગ્રામ પંચાયતને આપે છે. કચ્છમાં ૫૦ જેટલા ગૌચર સુધારણાના પ્લોટ બન્યા છે. સરકારી નીતિરીતિ પ્રમાણે કાર્ય થઈ રહ્યું છે. પરંતુ જેટલી જનભાગીદારી અને જાગૃતતા વધશે તેટલું કામ સારું થશે એવી શ્રદ્ધા છે. પશુપાલન દ્વારા ઉત્પાદિત થતાં દૂધને યોગ્ય બજાર આપી સરહદ ડેરી અને માહી ડેરીમાં આ વ્યવસાયને ધમધમતો કર્યો છે. દૂધ ફેટ ઉપર નહીં, પાણી નાખીને જ અપાય એવી માનસિકતામાંથી માલધારીઓ બહાર આવ્યા અને ફેટ પ્રમાણે ગાયના દૂધના ૨૫ થી ૩૦ રૂ. અને ભેંસના દૂધના રૂ. ૪૦ થી ૫૦/- એક લિટરના મેળવતા થયા છે. આ પરિસ્થિતિ પામીને માલધારીમાં મોટું પરિવર્તન જોવા મળ્યું છે. ખીલે બાંધીને થોડું ખવડાવતા થયા. નહિતર વગડામાં ચરી આવે — જેટલું મળે એટલું દોહી લેવું એ હવે નથી થતું.

॥ ક્ષમા વીરસ્ય ભૂષણામ્ ॥
રાયચંદ કાનજી ધુલ્લા પરિવાર - સુથરી
''ધુલ્લા વિલા'', બંગલા નં.-૨૦, ડ્રીમલેન્ડ સોસાયટી, જયશાસ્ત્રી નગર, એન.આર. હાઈલેન્ડ પાર્ક, મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૨.
ફોન : ૨૫૯૨૪૪૪૬, ૨૫૬૨૪૫૪૪, ૨૫૯૧૪૫૪૪, ૬૬૩૪૩૫૭૭

ખાણદાણમાં પણ માત્ર ખોળ અને ભૂંસું જ આપવામાં આવતું જે બધું જ કચ્છ બહારથી આવે. આજે કચ્છમાં નારણપર ખાતે ગૌશક્તિ પશુઆહાર મિક્સ દાણ તૈયાર કરી પોષણયુક્ત, પ્રોટીનયુક્ત, મિનરલ મિક્ષ્ચર સાથેનું દાણ તૈયાર થઈને બજારમાં પ્રવેશી ચૂક્યું છે. જેને માલધારીઓ હસતા મોઢે ઢોરને આપતા થયા છે. અજોલાનો પણ દાણ તરીકે ઉપયોગ થાય તે માટે જાગૃતતા આવતી જાય છે. ગોબરગેસ પ્લાન્ટ, આધુનિક ગૌશાળા, નાનાં મોટાં ડેરી ફાર્મ ઊભાં થઈ રહ્યાં છે. ઘાસચારાના પાકોનું વાવેતર પણ વધતું જાય છે. કાયમી લીલા ચારા માટેનો બંદોબસ્ત પણ ગોઠવાતો જાય છે. સરહદ ડેરીના ચેરમેન અને કચ્છી પ્રજા જેને કચ્છ કુરિયન તરીકે નવાજે છે તેવા શ્રી વલમજીભાઈ હુંબલે સરહદ ડેરી દ્વારા કચ્છના ૫૦ લિટરથી ૫૦૦ લિટર સુધીના મિલ્ક કલેક્શન સેન્ટર ઊભા કરીને કચ્છમાં પ્રોસેસિંગ પ્લાન્ટ લાખોંદ ખાતે ઊભો કરી ડેરી વ્યવસાયમાં પ્રાણ પૂર્યા છે. આજે ગામડાંઓમાંથી રોજનું દોઢથી બે લાખ લિટર દૂધ એકત્ર કરવામાં આવે છે. જેના દર પંદર દિવસે ગામદીઠ લાખો રૂપિયાનાં ચુકવણાં થાય છે. ઉપરાંત જેનું વાર્ષિક બોનસ પણ માલધારીઓને આપવામાં આવે છે.

***“પસીનોં કી સ્યાહીસે જો લોગ લિખતે હૈં અપને ઈરાદોં કો ઉનકી જિંદગી કી કિતાબ કે પન્ને કભી કોરે નહીં હોતે.”***

આ પસીનાની કમાણીથી પરિવર્તનો આવી રહ્યાં છે. પરિશ્રમ એ સૌભાગ્યની જનની છે. “કંઈક થવું જોઈએ” એને બદલે “મારે કંઈક કરવું જોઈએ” એવી ધારણાથી ઘણા પ્રશ્નોના ઉકેલ આવી જાય છે. કચ્છના ખેડૂતો, માલધારીઓ અને દૂરદૃષ્ટિ ધરાવતા આગેવાનોએ આ કરી બતાવ્યું છે.

ગુજરાતને મળેલો ૧,૬૦૦ કિ.મી. નો દરિયાકિનારો છે. કચ્છમાં પણ દરિયા કિનારાનો વિકાસ, બંદરીય વિકાસ થયો છે, હજી પણ થશે. દરિયાઈ ખેતી, માછીમારી, દરિયા કિનારા પર પાવર પ્લાન્ટ, સેઝ ઓથોરિટી એક જવાબદાર બનીને કામ કરશે. દરિયાઈ શેવાળ સરગાસમ અને કપાફાઈક્સ એ ખૂબ ઝડપથી વિકસતી શેવાળ છે. ધરતી પરના પાકો કરતા ૩૦% ઝડપી વધે છે. આ શેવાળમાંથી વનસ્પતિવૃદ્ધિવર્ધક તૈયાર કરી શકાય છે. આ કામગીરી વિવેકાનંદ રુરલ ડેવલપમેન્ટ ઇન્સ્ટિટ્યૂટ - માંડવી દ્વારા “હર્બોવીટા” નામે પ્રોડક્ટ તૈયાર કરવામાં આવી છે. જેના ફિલ્ડ ટેસ્ટ ખૂબ પરિણામદાયી, સંતોષકારક અને ઉત્સાહ જગાડનારા રહ્યા. આ પ્રોડક્ટ બનાવવા કચ્છના દરિયા કિનારે માછીમારોને રજાના સમયમાં આ શેવાળના ઉત્પાદન કરવાનું એક આજીવિકાનું પૂરક સાધન મળશે. આ શેવાળથી $CO_2$ લેવલને ઘટાડવામાં મહત્ત્વનું પરિબળ બનશે. ગ્લોબલ વોર્મિંગ – વિશ્વ આખાના પ્રશ્નના ઉકેલની દિશામાં કચ્છ પહેલ કરશે. દરિયાની સાઈઝ ઘટવાની નથી, પાણી ઘટવાનું નથી. આથી આ શેવાળના સંવર્ધનથી જમીન પરની ખેતી, પર્યાવરણ, ખેડૂતો, બધાને ઉપયોગી બનશે. દરિયાકિનારે ઉદ્યોગો, પાવર પ્લાન્ટ આવવાથી મુંદ્રા જેવા વિસ્તારમાં એર ટ્રીપ કે ઍરપોર્ટ પણ બનશે જે સમયની માગ છે. ભુજ, મુંદ્રા, અંજાર અને માંડવી – એ સ્માર્ટ સિટી બનશે. કચ્છમાં ૨૮ ગામડાંઓને સ્માર્ટ વિલેજ બનાવવા રાજ્ય સરકારે નિર્ણય લઈ લીધો છે. ગામોની પસંદગી પણ થઈ ગઈ છે. ઔદ્યોગિક વિકાસમાં કચ્છ એ સુરત, અંકલેશ્વર અને વડોદરા પછીના ક્રમે આવી ગયું છે. થોડાં વર્ષોમાં મોખરાનું સ્થાન પ્રાપ્ત કરે તો નવાઈ ન પામશો. કચ્છનાં જવાબદાર ઉદ્યોગગૃહો પોતાની સામાજિક ઉત્તરદાયિત્વની જવાબદારીના પરિપાકરૂપે કચ્છમાં પાણીને સંગ્રહ કરવા કચ્છની જિયોલોજી પ્રમાણે ક્યાં શું થઈ શકે તેનો એક રિપોર્ટ ઍક્સેલ ક્રોપ કેર લિ., ના મેનેજિંગ ડાયરેક્ટર શ્રી દીપેશભાઈ શ્રોફ દ્વારા એ.સી.ટી. સંસ્થાના માધ્યમથી તૈયાર કરેલ છે. જે “ફોકિયા” સામે રજૂ કરવામાં આવ્યો છે. જેના આધારે કચ્છમાં વરસાદના પડતા પાણીને રોકવાના પ્રયત્નો જવાબદાર ઉદ્યોગ ગૃહો પણ આ કામગીરી હાથ ધરશે. રિવર બેઝિન મેનેજમેન્ટ આધારિત પાણી સંગ્રહની પ્રવૃત્તિઓ થશે. કચ્છમાં માંડવી તાલુકામાં શ્રી કાંતિસેનભાઈ શ્રોફ (કાકા) ના માર્ગદર્શન હેઠળ રુકમાવતી નદી જે ૬૦ કિ.મી. લાંબી છે. ૫૫ ગામોને તેનો આ કાર્યક્રમ છેલ્લા ૭ વર્ષથી રુકમાવતી રિવર બેઝિન મેનેજમેન્ટ કાર્યક્રમ કાર્યરત છે. જેમાં જળસંગ્રહ, ખેતી, પશુપાલન, મહિલા સશક્તીકરણ અને મહાજન ક્ષમતાવર્ધન કામગીરી પરિણામલક્ષી કરવામાં આવી છે. આવતા દિવસોમાં કચ્છની અન્ય નદીઓ પર આવી કામગીરી થશે.

કચ્છ, એ વિશ્વની સૌર ઊર્જા અને પવન ઊર્જા માટે સૌથી અનુકૂળ જગ્યા છે. કચ્છમાં વર્ષના ૩૬૫ દિવસો પૈકી ૩૦૦ દિવસ સુધી સૂર્યપ્રકાશ એકધારો - અવિરત મળે છે. આપણા માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ “મેઈક ઈન ઈન્ડિયા” અંતર્ગત કચ્છ પર પોતાની નજર કેન્દ્રિત કરી છે. કચ્છમાં આવતાં વર્ષોમાં ૨૫૦૦ મેગાવોટ જેટલી પવન ઊર્જા આધારિત વીજ મથકો રૂા. ૨૦,૦૦૦ કરોડના રોકાણ સાથે સ્થપાય તેવો અંદાજ છે. ૨૦૦૦ જેટલી પવન ચક્કીઓ સુઝલોન કંપની દ્વારા કચ્છમાં

Prakash®

**PRAKASH METAL CRAFT PVT. LTD.**
E-56/57, Sarvoday Nagar, 1st Panjrapole Lane, Mumbai-4.
Tel. : 2242 7461 Telefax : 2242 6636
E-mail : prakashmetalcraft@rediffmail.com • Website : www.prakashmetalcraft.com
**MFG. ST. STEEL UTENSILS**

ઊભી કરવામાં આવી છે. સૂર્ય ઉર્જા માટે અદાણીએ સાહસ કર્યું છે. હજુ પણ ૨૦૦૦ મેગાવોટ માટેની તૈયારીઓ થઈ ચૂકી છે. કચ્છમાં ૭૫% જેટલી વીજળી બિનપરંપરાગત સ્રોતોમાંથી બનશે. પવનચક્કી, સૌર ઊર્જા અને દરિયાના મોજામાંથી પણ વીજળી પેદા થશે. કચ્છના વિકાસમાં આ ઊર્જાસ્રોત વિકાસનો વાહક બનશે. કચ્છમાં ગત વર્ષે ૨૦૭ કરોડ યુનિટ વીજ વપરાશ થયેલ. આમાં હજી ૧૫% નો વધારો થશે. ધોરી માર્ગો, રિંગ રોડ, એલ.ઇ.ડી. લાઈટો - બલ્બો વગેરેનો વપરાશ અતિ વધી રહ્યો છે. "ચાહ હૈ તો રાહ હૈ" દઢ ઇચ્છા શક્તિ છે, તો રસ્તા મળી રહેશે.

આ ઉદ્યોગગૃહો, પ્રવાસન સ્થળોનો વિકાસ, સ્માર્ટ શહેરો, સ્માર્ટ વિલેજ વગેરેને કારણે બેન્કોનું નેટવર્કિંગ પણ વધશે. આવતાં વર્ષોમાં કચ્છની થાપણો ૭૦,૦૦૦ કરોડને આંબી જશે. બેન્કોની સુવિધા ક્લસ્ટરનાાં મોટાં ગામોમાં કાર્યરત થશે. એ.ટી.એમ.ની સંખ્યામાં નોંધપાત્ર વધારો થશે. હૅન્ડિક્રાફ્ટ ક્ષેત્રે કચ્છ અવ્વલ બનશે. કચ્છમાં પ્રવાસીઓને આકર્ષવા સુપર સ્ટાર અમિતાભ બચ્ચનનું માત્ર એક વાક્ય "કચ્છ નહીં દેખા, તો કુછ નહીં દેખા" એ કચ્છને વિશ્વ ફલક ઉપર મૂકી દીધું છે. સફેદ રણ આજે ફરવાના સ્થળમાં મોખરાનું સ્થાન ધરાવતું થઈ ગયેલ છે. પરંતુ આ ધોરડો સિવાયના રણમાં પ્રવાસન ક્ષેત્ર વિસ્તરશે. કચ્છી હેન્ડિક્રાફટના સંવર્ધન માટે અનેક કારીગરો, સંસ્થાઓ, કલાપ્રેમી અને કારીગરોના હિતેચ્છુઓ આગળ આવ્યા છે. હમણાં જ આપણી વચ્ચેથી વિદાય લઈ ગયેલાં શ્રીમતી ચંદાબેન શ્રોફ "કાકી"એ સોયદોરા થકી ક્રાફ્ટ ક્ષેત્રે ક્રાંતિ સર્જી દીધી છે. "લિવિંગ લર્નિંગ ડિઝાઈન સેન્ટર" ઊભું કરીને કચ્છ હસ્તકલાની ઓળખ અને શીખવા માટેનું પ્રેરણાદાયી યુનિટ ઊભું કર્યું. પોતાના રોલેક્સ ઍવોર્ડનાં નાણાં ઉપરાંતનાં નાણાં ખર્ચીને કારીગરોને વિશ્વ ફલક પર પહોંચાડવા કટિબદ્ધ થયા છે. પ્રવાસનને કારણે પ્રવાસીઓની અવરજવરથી નાનાં મોટાં ગામોમાં સ્થાનિક લોકો Stay At Home અંતર્ગત આર્થિક પ્રગતિ માટેનો મહત્ત્વનો સ્રોત બની રહેશે. સાથે સાથે તેમની સાંસ્કૃતિક અને સામાજિક તથા પર્યાવરણનું જતન કરનારનું બની રહેશે. પહેલાં વિકાસ કરતાં ટકી રહેવા પ્રયત્નો કરવા પડતા હતા. હવે આ શાખને ટકાવી રાખવા પ્રયત્નો કરવા પડશે. કચ્છીયતને ટકાવી રાખવા પણ પ્રયત્નો કરવા પડશે. બહારથી આવનાર લોકો તેની સંસ્કૃતિ લઈને આવે છે. તેમાં આપણી સંસ્કૃતિને ઝાંખપ ન લાગે તે માટે સતર્ક - સજાગ રહેવું પડશે. પ્રવાસન જવાબદાર બને અને આ ક્ષેત્રમાં પોતીકી નીતિથી જ કચ્છીયત ટકશે.

કચ્છમાં સજીવ ખેતી પ્રત્યે ખેડૂતોની જાગૃતતાને લીધે આરોગ્ય બાબતે પણ સમૃદ્ધ બનશે. આમ છતાં આધુનિક હોસ્પિટલો, તેનું વિસ્તૃતીકરણ, સુવિધાઓમાં વધારો કરવા સરકાર, સંસ્થાઓ અને સમાજનો સહિયારો પુરુષાર્થ, જાહેર અને ખાનગી ભાગીદારોની પહેલ દ્વારા તંદુરસ્ત કચ્છનું સપનું સાકાર થશે. કુદરતી ઉપચાર કેન્દ્રો, સજીવ ખેતી, આયુર્વેદિક ઉપચાર દ્વારા દીર્ઘાયુ અને સ્વાસ્થ્યપૂર્ણ આયુષ્ય લોકો ભોગવતા થશે. પીવા માટે નર્મદાનાં નીર પણ અનેક રોગોને પાછા ધકેલશે, આવતા અટકાવશે. નર્મદા થકી કચ્છમાં મિનરલ વોટર પ્લાન્ટ બંધ કરવા પડશે તેવું સ્વચ્છ, પૂરતું અને નિયમિત પાણી મળતું થઈ જશે.

કચ્છ, એ ધોળાવીરાની હડપ્પન યુગથી વિકસીને આજે ડિજિટલ યુગમાં પ્રવેશી ગયું છે. દેશનો સૌથી વિશાળ જિલ્લો છે. આથી કચ્છને શૈક્ષણિક રીતે બે જિલ્લામાં વહેંચવાની જરૂરિયાત છે. વિસ્તારની દૃષ્ટિએ શૈક્ષણિક ગુણવત્તા જાળવણી અઘરી છે. સાક્ષરતાનો ગ્રાફ ખૂબ ઊંચો જવાની સંભાવના છે. નવી પેઢી ખૂબ ભણતી થઈ છે. શિક્ષણક્ષેત્રના અભિનવ પ્રયોગ પ્રવેશોત્સવ, ગુણોત્સવ, પ્રવાસી શિક્ષકો, જનભાગીદારી વગેરે દ્વારા શિક્ષણનું સ્તર સુધારાની પટરી પર દોડતું થયું છે. કચ્છનો વિદ્યાર્થી વિશ્વની કોઈપણ યુનિવર્સિટીના પ્રોફેસર સાથે તેને જરૂરી માર્ગદર્શન પોતાના ઘરે બેઠાં મેળવતો થશે. નિષ્ણાતોની ખામી ક્યારેય નહીં રહે. ૨૦૨૫માં તો કચ્છ ઘણું બદલાઈ જશે. સમયાંતરે અન્ય પ્રદેશોની જેમ બિનકચ્છી કે ગુજરાતીની સંખ્યા વધશે. કચ્છની પોતીકી અને બળૂકી લોકબોલી કચ્છી ભાષાનું સંવર્ધન અને સંરક્ષણ કરવું જ પડશે. જેના માટે વી.આર.ટી.આઈ. - માંડવી, કચ્છી સાહિત્ય અકાદમી અને કચ્છ કલાસંઘની પ્રેરણાથી શ્રી નારાયણ જોશી 'કારાયલ' માર્ગદર્શન પૂરું પાડી રહ્યા છે. બહારથી આવતા શિક્ષકો માટે કચ્છી - ગુજરાતી પાઠાવલી બહાર પાડવામાં આવી છે. પરીક્ષાઓ લઈને પ્રમાણપત્રો કચ્છી જાણ-સુજાણ માટે આપવામાં આવે છે. કચ્છી-હિન્દીની પણ પાઠાવલી બહાર પાડવામાં આવી છે. દરેક કચ્છીના હૃદયપૂર્વકના પ્રયત્નો આ બળૂકી બોલીને ટકાવી શકશે.

કચ્છની વન્ય જીવ સંપદાને સાચવવી એ પણ એટલી જ અગત્યની છે. કચ્છમાં બાયો ડાઈવર્સિટી - જૈવ વિવિધતા અનેક પ્રકારની છે. તેના માટે સહજીવન ભુજ તેમાં શ્રી પંકજભાઈ જોશી લોકોને તેની જાણકારી અને સંપદાને બચાવવા કુદરતી

With Best Compliments From
**43 YEARS OF CIVIL ENGINEERING EXCELLENCE**
**We undertake Civil Works in Gujarat, Maharashtra & All Over India**
**M/s. NARENDRA SHAH & ASSOCIATES & M/s. D.N.D. Enterprises**
**Admn. Office :** 16, Shanti Bhuvan, 3rd Floor, Above Mcdonald's, Opp. Railway Station,
Mulund (West), Mumbai-400 080. **Tel. : 25647572 E-mail : narendra_shah2006@yahoo.co.in**

સંપત્તિને ખલેલ ન પહોંચાડીને તેનું જતન કેમ કરવું તે માટે તન, મન અને ધનથી પ્રયત્નો કરી રહ્યા છે. કેટલાયે ગામોમાં સમિતિઓ બનાવી તેમની જૈવ વિવિધતાનું રજિસ્ટર બનાવી તેના સંરક્ષણ અને સંવર્ધનના હક્કો મેળવવા કટિબદ્ધ કર્યા છે. સપાટ – ખાડા, ખડિયા વગરના રસ્તે પૂરપાટ દોડતાં વાહનોએ અનેક વન્ય જીવોનો ભોગ લીધો છે. શું આના બચાવ માટે આપણે બ્રેક ન મારી શકીએ? વિચારજો! જીવ જીવના આધારે પોતાનું જીવન જીવે છે. જીવો અને બીજાને જીવવામાં મદદ કરો. આના માટે આપણે સૌ કટિબદ્ધ થઈએ.

કચ્છમાં મહિલા સશક્તીકરણ તેમનું ક્ષમતાવર્ધન અને લીડરશીપમાં પણ આગળ વધી રહી છે. કચ્છ મહિલા વિકાસ સંગઠન દ્વારા બહેનોની શક્તિઓને બહાર લાવી સ્વાવલંબનની દિશા આપી છે. પોતાના પ્રશ્નોને વાચા આપતી થઈ. કાયદેસરની સલાહ દ્વારા પોતાના પરના અત્યાચારો, સમાજના કુરીવાજો અને કુટેવો સામે અવાજ ઉઠાવતી થઈ છે. સરકારશ્રી દ્વારા મહિલા ઉત્કર્ષને ઉત્તેજન માટે જે પ્રોત્સાહન આપવામાં આવે તે જોતા લાગે છે કે આવતા વર્ષોમાં ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત, જિલ્લા પંચાયત તથા ધારાસભ્યો તરીકે મહિલાઓ સ્વમાનભેર જવાબદારી લેતી થઈ જશે. જિલ્લા પંચાયત પ્રમુખ તરીકે શ્રીમતી કૌશલ્યાબેન માધાપરિયા કાબિલેદાદ કામગીરી કરી રહ્યાં છે. પોલીસ અધિકારી, પી.એસ.આઈ. તરીકે પણ મહિલાઓએ ફરજ બજાવી ગુનાખોરો સામે ધાક જમાવી છે. તો બીજી બાજુ બહેનોની આજીવિકાને મજબૂત બનાવવા, સ્વમાનભેર સમાજમાં સ્થાન અપાવવા શ્રી વિવેકાનંદ મહિલા વિકાસ ફેડરેશનમાં ૪૫૦૦ જેટલી બહેનો જોડાય છે. ૪૩૯ જેટલા ગ્રુપો કાર્યરત છે. બહેનોને આરોગ્ય, શિક્ષણ અને આજીવિકા માટે દર મહિને ફેડરેશન દ્વારા ૮ થી ૨૧ લાખ સુધીની લોન નીચા વ્યાજના દરથી આપવામાં આવે છે. વાર્ષિક ૧.૫ થી ૨ કરોડ સુધીનું ટર્નઓવર કરી બહેનોને આત્મનિર્ભર બનવામાં ઉપયોગી થાય છે. ભવિષ્યમાં કચ્છનાં અલગ અલગ સંગઠનો, પંચાયતોમાં ૩૦ થી ૪૦% મહિલાઓ સક્રિય રીતે પોતાની ફરજ બજાવતી હશે. આ મોટું પરિવર્તન દેખાઈ રહ્યું છે.

ખેડૂતોને પૂરતા ભાવો મળે, પોતાના ઉત્પાદનને બજારમાં પોતે જ મૂકે તે માટે અલગ અલગ સાત જેટલી પ્રોડ્યુસર કંપનીઓ કાર્યરત છે. આ કંપનીઓ સાથે અંદાજે ૩૫૦૦ થી ૪૦૦૦ ખેડૂતો જોડાયા છે. વેપારીઓથી બચવાનો વિકલ્પ ઊભો કર્યો છે. પોતાનું ઉત્પાદન પોતે બજારમાં મૂકવાનું શરૂ કર્યું છે. સમૂહમાં ખરીદ કરી વધારે ભાવો આપવાની પીડામાંથી છુટકારો મેળવતા થયા છે. આ ઉપરાંત કચ્છમાં એક મોડલ પ્રોજેક્ટ એન.ડી.ડી.બી. અને કચ્છ નવનિર્માણ અભિયાન-ભુજના માર્ગદર્શન હેઠળ બ્રુસોલોસીસ કંટ્રોલ કાર્યક્રમનું અમલીકરણ કરી રહ્યા છે. આ રોગ પ્રત્યે માલધારીઓમાં જાગૃતતા આવે તેવા પ્રયત્નો, રસીકરણ લોહી ટેસ્ટિંગ કરાવી રહ્યા છે. બ્રુસોલોસીસ (ચેપી ગર્ભપાત) થી બચવા, તેના દૂધનો ઉપયોગ કઈ રીતે કરવો તેનું માર્ગદર્શન આપવામાં આવી રહ્યું છે. જેની પહેલાં ક્યારેય જાણકારી પણ ન હતી. આ રોગ હતો, પણ માહિતી ન હતી. જે પશુપાલનને બચાવવા માટે મોટું પગલું હશે.

આવા બધા પરિવર્તન સામે આવેલી પરિસ્થિતિનો સામનો કરવા અને પરિસ્થિતિથી ડરવાને બદલે તેની સામે સુરક્ષિત થવાના પ્રયત્નો કચ્છમાં છેલ્લા કેટલાંક વર્ષોથી થઈ રહ્યા છે. આ બધી બાબતો બનીને રહેશે, બદલાશે, ત્યારે કચ્છમાં પરપ્રાંતીય લોકો તેની સંસ્કૃતિ સાથે આપણાં પણ માનસ બદલશે, ત્યારે કદાચ ગુનાખોરી, દુર્ઘટનાઓ, ચોરી, લૂંટફાટ, શોષણ, અત્યાચારો વધી શકે છે. તેના માટે પ્રજાનું કાયદામાં રહીને રક્ષણ કરનારું તંત્ર એટલે પોલીસ તંત્ર પણ વધારે સ્માર્ટ બનશે. તેઓ સંવેદનશીલ, મોર્ડન આધુનિક વાહનો અને શસ્ત્રોથી સજ્જ બનશે, સદાય સાબદા અને જવાબદાર બનશે, પ્રજાનો ભરોસો જીતનારી કામગીરી કરશે. પોતાની ફરજ પ્રત્યેની સઘન તાલીમ મેળવશે. જેથી ગુનાખોરી બનતી અટકાવી શકાય. પ્રજામાં ગુનાખોર માનસ ઓછું થાય તેની સતત જાગૃતતાપૂર્વક પ્રજામાં શિક્ષણ આપવાની કામગીરી કરશે. વ્યસનો દ્વારા થતી પાયમાલી રોકવા પોલીસ જવાબદારીભર્યાં પગલાં ભરશે. પ્રજાના પ્રતિનિધિ અને સજ્જન નાગરિકોનો સહકાર લેશે. મહિલા પોલીસકર્મીઓ પોતાની એક આગવી ઓળખ ઊભી કરશે. મહિલા પરના અત્યાચારો, યૌનશોષણ, ઘરેલુ હિંસા જેવા ગુનાઓને કાબૂમાં લેવા એડીચોટીનું જોર લગાવશે. મહત્ત્વનાં અને વધારે લોકોની અવરજવરવાળાં સ્થળોએ સીસીટીવી કેમેરા દ્વારા નિગરાની રાખવામાં આવશે. આધુનિક ગુનાઓ સામે પોલીસ વધારે આધુનિક બનશે. નિર્દોષ નાગરિકોના જીવનમાં દખલગીરી ન થાય અને ગુનાઓ આચરનારાને મોકળું મેદાન ન મળે તેવા પૂરા પ્રયત્નો કરતા થશે.

મુંબઈમાં જળમાર્ગથી આતંકવાદીઓની ઘુસણખોરીથી મોટું નુકસાન વેઠવું પડ્યું. તે ઘટનાને લઈને કચ્છની દરિયાઈ બોર્ડરને સુસજ્જ કરવા બોર્ડર સિક્યુરીટીને પણ આધુનિક શસ્ત્રો અને સાધનોથી મજબૂત કરેલ છે. બોર્ડર સિક્યુરિટી ફોર્સના જવાનો માટે રહેવાની વ્યવસ્થા તથા દરિયામાં ઝડપથી ચાલતાં સાધનોની વ્યવસ્થા કરવામાં આવી છે. સરહદ સુરક્ષિત હશે તો જ નાગરિકો સુરક્ષિત રહી શકશે. જાનહાનિને અટકાવી અને માલ મિલકતને બચાવી શકીશું.

ઓચિંતી બદલાતી પરિસ્થિતિઓને પહોંચી વળવા કચ્છ સજ્જ બની રહ્યું છે. હજુ પણ વધારે બનશે. આ જગતમાં એટલું કોઈ અમીર નથી કે વીતી ગયેલી કાલને ખરીદી શકે અને એટલું કોઈ ગરીબ નથી કે પોતાની આવતીકાલને બદલી ન શકે. કચ્છ માત્ર કલ્પના કરી બેસી રહેનારો પ્રદેશ નથી. અથાગ પરિશ્રમ કરનારો, વતનપ્રેમી, વેદના વાંચીને ઉકેલ લાવી શકનારો અને સપનાને સાકાર કરનારો પ્રદેશ છે.

જય કચ્છ...

***વી.આર.ટી.આઈ., માંડવી, કચ્છ.***

# પ્રાથમિક માધ્યમિક શિક્ષણ વીડિયો કોન્ફરન્સથી થશે

રમેશ દવે

કચ્છના બાળકોનું શિક્ષણ એટલે શહેરી, ગ્રામ્ય, ડુંગરાળ અને ઘૂઘવતા સાગર આસપાસ રહેનારાઓનું શિક્ષણ. વૈવિધ્યસભર પ્રકૃતિ અને સભ્યતાનો સમન્વય. ભણેલા નહીં પણ હસ્તકલા કારીગરી, ચંગ અને મોરલી જેવા વાદ્ય સંગીતના નિષ્ણાત. આ ભોમકાના ખૂણે આપણને ગણવેશમાં સજ્જ, પાછળ થેલા લટકાવેલા બાળકો જોવા ન મળે. બહારના શિક્ષકને પણ કદાચ ભણાવવાનું મન ન થાય. ઊંટ ઊટણીઓ પર ભટકતા પરિવારો પણ મળે. વરસાદ ન થાય ને ઘાસચારો ન મળે તો સ્થળાંતર કરતા પરિવાર અને તેમના બાળકોની કથા-વ્યથા જોઈ હૈયાં કંપી જાય.

પણ કચ્છ એટલે કચ્છ. 'કચ્છ નહીં દેખા તો કુછ નહીં દેખા' ની વાત જગતના ખૂણે ખૂણે પહોંચી અને રણોત્સવ જેવા કાર્યક્રમે દેશી-વિદેશી પ્રવાસીઓને આકર્ષ્યા. મોટા શહેરોમાં પ્રદર્શનો થવા લાગ્યા અને કચ્છી કલાગીરીનો વિકાસ થયો. શિક્ષણની અગત્યતા સમજાઈ અને છેક અગરિયાના બાળકો, ભૂંગામાં રહેતા બાળકો સુધી શિક્ષણ પહોંચાડવા સતત પ્રયાસો શરૂ થયા. નવી શાળાઓ જાજરું, મૂતરડીની સુવિધા સાથે બંધાવા લાગી છે. ઘેર ઘેર જાજરુની વ્યવસ્થાની વાત આગળ વધી છે. સ્વચ્છતા, શ્રમ અને આરોગ્ય શિક્ષણ મહત્ત્વના બન્યા છે. પ્રસૂતાઓને પણ સહાય અને સમજણ પહોંચતા કરાય છે. નિરંતર શિક્ષણ, સાક્ષરતા અભિયાન કે પ્રૌઢ શિક્ષણ જેવા અનેક કાર્યક્રમોની શૈક્ષણિક અસર હવે પછીના દસ વર્ષોમાં જોવા મળશે.

કૃષિ અને પશુપાલન ક્ષેત્રનો બદલાવ, ઉદ્યોગોને વિદેશથી કમાઈ આવી ઠરીઠામ થયેલા લોકો, આસપાસના રાજ્યોમાંથી આવતા ભણેલા કે નિરક્ષર લોકો પણ આપણી વિચારયાત્રાના આધારસ્થંભ રહેશે.

પુરુષો અને સ્ત્રીઓનો સાક્ષરતા દર વધ્યો છે. શાળાના ઓરડાઓ, વીજળીકરણ, પીવાનાં પાણીની સુવિધા, સેનિટેશન, કમ્પાઉન્ડ વોલ, કોમ્પ્યુટર લેબ – આ બધામાં દેખાતો ભૌતિક વિકાસ લોકજાગૃતિના કારણે વધશે. સમાજ, ઉદ્યોગો અને સરકાર ઉપરાંત ધાર્મિક સંસ્થાઓ પણ સવિશેષ યોગદાન આપશે. શિક્ષણ ક્ષેત્રે ભૌતિક સુવિધાઓની દૃષ્ટિએ હવે પછીના દસ વર્ષનું ચિત્ર આશાસ્પદ અને આનંદદાયક છે.

ખાનગી નોન ગ્રાન્ટેડ, અંગ્રેજી અને હિંદી માધ્યમવાળી શાળાઓમાં વધારો થશે. વિશ્વસમુદાય સાથે જોડાયેલા કચ્છમાં, વિદેશોમાં રહેતા અને પ્રવાસ કરતા સાધુ-સંતોના વિચાર-વ્યવહારમાં પરિવર્તન આવેલું છે અને આવશે. કચ્છમાં થોડેક સ્થળે એમના દ્વારા સ્થાપિત, વિકસિત અને સંચાલિત શાળાઓમાં હાલે જે બદલાવ દેખાય છે તેના કારણે જ્ઞાન, સંસ્કાર અને ટેકનોલોજી સાથેના સમન્વિત શિક્ષણનો વિકાસ ભૌતિક વિકાસને વેગ આપશે.

પાણીની સમસ્યા વિકટ છે. કચ્છ સુધી પહોંચતાં નીર પણ રિસાયેલાં રહે છે. આના કારણે સ્વચ્છતાની સમસ્યાઓ પણ વર્તમાનમાં શાળાઓને છે. વરસાદી પાણીના સંગ્રહની વ્યવસ્થા સાથેના મકાનો બનશે ખરા, પણ વરસાદ જ અનિયમિત છે. અત્યારથી નિષ્ણાતો, સરકાર અને સમાજ મથે છે. વર્ષો પહેલાં આપણા વૈજ્ઞાનિક 'WATER THE ELIXIR OF LIFE' પાણી-જીવનનું અમૃતની બાબતે ભારતની નદીઓને જોડી આ સમસ્યાના હલની વાત કરી ગયા છે. હવેના વર્ષોમાં આ સમસ્યાના હલ તરફના પ્રયાસો વેગવાન બનશે.

છાત્રાલયો, રમતગમતનાં મેદાનો, શિક્ષક માટે સ્થાનિકે રહેવાની સુવિધાઓમાં નોંધપાત્ર વધારો થશે.

**કચ્છની માધ્યમિક શાળાઓમાં શિક્ષકોનું ચિત્ર – આંકડાની આંખે**

| આચાર્ય | મંજૂર જગ્યા | ભરેલી જગ્યા | ખાલી જગ્યા |
|---|---|---|---|
| ઉચ્ચ માધ્યમિક આચાર્ય | ૭૬ | ૦૪ | ૭૨ |
| ઉચ્ચ માધ્યમિક શિક્ષક | ૨૫૬ | ૧૮૬ | ૭૦ |
| માધ્યમિક શિક્ષક | ૩૯૬ | ૧૯૨ | ૨૦૪ |
| **કુલ** | **૭૨૮** | **૩૮૨** | **૩૪૬** |
| મોડેલ શાળામાં શિક્ષક | ૧૮ | ૩ | ૧૫ |

કુલ શાળા ૧૨૨
માધ્યમિક શાળાઓમાં ૧૫૦ પ્રવાસી શિક્ષકો
ઉ.મા. શાળાઓમાં ૩૦ પ્રવાસી શિક્ષકો

શિક્ષણ સંસ્થાઓના સમય પ્રમાણે ચાલતી બસો છે અને તેની સંખ્યામાં વધારો થશે.

- **શિક્ષણ અને શિક્ષણ પદ્ધતિ :**

શિક્ષણમાં આધુનિક ટેકનોલોજી દ્વારા ડિજિટલ શિક્ષણ, ટીવી અને રેડિયો કાર્યાન્વિત છે. આના ઉપયોગ વિશેની સભાનતા નહિંવત છે. વાલીઓ, મેનેજમેન્ટ, આચાર્ય, અધ્યાપકો અને વિદ્યાર્થીઓમાં જાગૃતિ આવવા લાગી છે. કોમ્પ્યુટર યુગની ક્રાંતિ ગામડાઓ સુધી પહોંચી ચૂકી છે. આના કારણે વિવિધ વિષયોના નિષ્ણાતોની સેવાઓ બાળક સુધી પહોંચશે, વિદ્યાર્થી કેન્દ્રી સ્વઅધ્યયન પદ્ધતિ અમલી બનશે. વિષય શિક્ષણને લાગેવળગે છે ત્યાં સુધી ગુણવત્તાયુક્ત કાર્ય થશે.

જ્ઞાનોત્સવ અને વિદ્યાર્થી દત્તક યોજના દ્વારા અનેક આચાર્યોએ ટીમવર્ક અને વાલી સહકાર મારફત એક નવી કેડી કંડારેલી. માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા તૈયાર થયેલી વીડિયો સી.ડી. ગામના પ્રસારણ માધ્યમ દ્વારા ઘેર ઘેર પહોંચાડેલી. વાલીઓને જાગૃત કરવામાં આવેલા. રાત્રિના સમયે ગામડાંઓમાં કામ થાય છે કે કેમ તે માટે વાલીમંડળના સભ્ય સાથે ગાડીમાં જઈને અનુકાર્ય કરતા. સારું ઉચ્ચ પરિણામ મેળવી શકેલા. હવેનાં માધ્યમો ખૂબ ઉપયોગી બનશે.

શિક્ષણ આનંદ, જ્ઞાન, જીવન જીવવાની રીત, વિવેક વિનય, સંસ્કાર આપે. ઉચ્ચ મૂલ્યોવાળા મનુષ્યનું નિર્માણ થાય. શિક્ષણ પદ્ધતિમાં ટેકનોલોજીનો ઉપયોગ અવશ્ય થશે પણ હવેની માંગ પૂર્ણ કરવા શિક્ષકત્વ હોય તેની માંગ વધશે. આચરણયુક્ત સંસ્કૃતિપ્રેમી માનવધનની માંગ રહેશે.

વૈશ્વિકીકરણ અને વ્યાપારીકરણે શિક્ષણને સામાજિક પરિપ્રેક્ષ્યથી કાપી નાખ્યું છે. થોકબંધ નફો કરનારી શૈક્ષણિક સંસ્થાઓ તરફ લોકજાગૃતિ અસર પહોંચાડશે. નિંદામણ કરવાનો સમય આવી ગયો છે. જૂઠાણાસભર પ્રચારની જગ્યાએ તાર્કિક ચિંતન આવશે. અનામતની દૃષ્ટિ પછી હવે સમાનતા આગળ આવશે. ક્રમશઃ ગુણાત્મક વ્યક્તિત્વોને થતા અન્યાય વિદાય લેશે.

'ટેકનોલોજી સ્કીલ્સ' નો સમન્વય 'સોશિયલ સ્કીલ્સ' સાથે થશે. હવેનો સમય સમાજની માંગ અનુસારના અધ્યાપનનો છે. આપણો પાઠ્યક્રમ પુનઃમૂલ્યાંકન અને પુનઃ વિચારણા તરફ છે. એવી શાળાઓ અત્યંત ઓછી છે જ્યાં અધ્યયન વિષયાંગ અપાય છે અને પુસ્તકાલયની મદદ, વાલીની સહાય મુલાકાતથી વિદ્યાર્થી સમયાનુસાર સજ્જતા કેળવે છે. બાળક ભલે ટીવી જુએ, ફેઈસ બુકમાં ખોવાયેલો રહે. વિદ્વાનોનું કહેવું છે :

'Its part of their new learning style which allows students to be recipients and creators of information at the same time our students are effectively preparing themselves for a new kind of work place-fast technology rich and fostering life long learning.'

કચ્છના ગામડાઓમાં કામ કરેલું છે. ગામમાં માંડ એક બે રેડિયો હોય. એવી માન્યતા હતી કે રેડિયો હોટલમાં વગાડાય, એમાં તો ફિલ્મી ગીતો વાગે ને એ મનોરંજનનું સાધન ગણાતું. હોસ્ટેલમાં (કોઠારા) રહેતા ને ત્યાં રેડિયો આવ્યો ત્યારે અમે બે ત્રણ વિદ્યાર્થીઓ જ રેડિયો ચલાવી શકતા. ગામના લોકો જોવા આવતા. સાંજે બહેનો આવે ને ગામજો ચોરોમાં 'એ રામ રામ રામ' બોલાય કે બહેનો પગે લાગે.

ગામની શાળામાં નજીકના ગામડેથી બહેનો સાઈકલ પર ન આવી શકતી. ક્રમશઃ અમે વ્યાયામ અને સાંસ્કૃતિક કાર્યક્રમોમાં ભાઈઓ-બહેનોને સાથે રજૂ કરી શકેલા.

આજે આ વાત કેવી લાગે? કચ્છનો આવનાર સમય ભણેલા, કમાતા કે કમાઈને આવેલા જાગૃત મા-બાપોનો સમય છે.

હાલના સમયમાં જ ધો. ૯, ૧૦ માટે દિવસમાં બે વખત ગણિત, વિજ્ઞાન, અંગ્રેજી, સમાજવિદ્યા જેવા વિષયો શિખડાવવામાં આવી રહ્યા છે. કારકિર્દી માર્ગદર્શન અપાય છે. કેળવણીકારો દ્વારા મૂંઝવણો માટે સીધા સવાલ-જવાબ થાય છે. પણ ખૂબ જ નહિવત જાગૃતિ. હવેના સમયમાં આનો ઉપયોગ વધશે. શાળા સમય, શાળા સમયપત્રક, સમય આયોજનો, શિક્ષણ પદ્ધતિ, તાલીમો બદલાઈ જશે. વીડિયો કોન્ફરન્સો વધશે. આ નવી દિશા છે, નવા કદમ છે.

***The big shifts from***

- ★ Knowing to Doing
- ★ Teacher-centered to student-centered
- ★ The individual to the team
- ★ Consumption of information to construction of meaning

*(The mac Arthur Foundation)*

સમગ્ર ભારતમાં એકસરખા પાઠ્યક્રમ, પરીક્ષા પદ્ધતિ તરફ દેશ જઈ રહ્યો છે. આ દિશામાં જઈ રહેલો સમય સારા પરિણામ આપશે. નવોદય વિદ્યાલયો અને સૈનિક સ્કૂલો મોડેલ સમાન છે. આ કદમથી હવે પછીના દસ વર્ષોમાં અનેક ફેરફારો આવશે.

કચ્છના શૈક્ષણિક વિકાસ અને ખાસ કરીને ગામડાના વિકાસમાં સ્વૈચ્છિક સંસ્થાઓનું મહત્ત્વનું યોગદાન છે. સ્વ. તુલસીદાસ શેઠ અને સ્વ. ઝુમખલાલભાઈએ સારસ્વતમ્ સંસ્થા દ્વારા ગામડાઓને આવરી લીધા. વિજ્યાબહેન શેઠ અને શિવદાસભાઈના નેતૃત્વ હેઠળ હાયર સેકન્ડરીના વિભાગો વિકસ્યા. કેટલીક હાઈસ્કૂલો મોડેલ સ્કૂલ્સના વિઝન સાથે વિકસશે. એ પછી સરકારી શાળાઓ વિકસી અને દસ વર્ષ પછી સમાજના સહયોગ અને જાગૃતિથી એમાં નવચેતના અવશ્ય જોવા મળશે. ■

# નવી સદીમાં વ્યાપારનું સ્વરૂપ

રાજેશ ખંડોલ, સી.એ. - ભુજ

- **પ્રસ્તાવના :**

કચ્છ, એ ગુજરાતના ક્ષેત્રફળની દૃષ્ટિએ સૌથી મોટો જિલ્લો છે અને ગુજરાતના કુલ ક્ષેત્રફળનો ૨૩.૨૦% હિસ્સો ધરાવે છે. કુલ ૪૫,૬૧૨ ચો.કિ.મી. જેટલું વિશાળ ક્ષેત્રફળ ધરાવતા આ જિલ્લામાં ધોળાવીરાથી આડેસર એ બે પૂર્વથી પશ્ચિમ તરફ જતા છેડાઓને પસાર કરતાં ૩૫૦થી પણ વધારે કિલોમીટર જેટલું અંતર કાપવું પડે છે.

કચ્છમાં ૨૬ જાન્યુઆરી, ૨૦૦૧ના રોજ આવેલ વિનાશક ભૂકંપમાં ૧૫,૦૦૦થી વધારે વ્યક્તિઓએ જાન ગુમાવ્યો અને ૧,૬૭,૦૦૦થી પણ વધારે લોકો ઘાયલ થયા. અસંખ્ય સ્કૂલો, રહેણાંકના મકાનો, અન્ય બિલ્ડિંગો અને માલ મિલકતને નુકસાન થયું. ભૂકંપ પછીના થોડા દિવસો તો એવું લાગતું હતું કે, કચ્છ હવે ક્યારેય ઊભું નહીં થઈ શકે. અહીં આપણે ભૂકંપની ભયાનકતા વિશે વાત નથી કરવી પરંતુ આપણે એ ચર્ચા કરવી છે કે, એ ભયાનકતા કેવી રીતે ભૂતકાળમાં ફેરવાઈ ગઈ. માત્ર ૧૫ વર્ષના ટૂંકાગાળામાં જ એક ફિનિક્ષ પક્ષીની માફક કચ્છ ન તો માત્ર બેઠું થયું છે, પરંતુ ક્યારેય ન થયો હોય એવો આર્થિક વિકાસ થયો છે. કેટલીય સરકારી સંસ્થાઓ, ટ્રસ્ટ અને એનજીઓ મદદ માટે આવ્યાં પણ ખરાં અને મદદ પણ કરી પરંતુ કચ્છની ખમીરવંતી પ્રજાએ એ સાબિત કરી દીધું કે વિકટ પરીસ્થિતિમાં મળતી મદદ એ માત્ર આંગળી પકડીને રાહ બતાવવા પૂરતું જ કામ કરી શકે છે પરંતુ મંઝિલ તો પોતે જ ચાલીને પાર કરવી પડે છે. દેશમાં ઘણી જગ્યાઓએ ભૂતકાળમાં ભૂકંપ આવ્યા છે અને સરકારી સહાયો પણ મળી છે પરંતુ કચ્છે ભૂકંપ પછી જે આર્થિક વિકાસ કર્યો છે એ સરકાર માટે પણ એક ઉદાહરણ સ્વરૂપ છે. કુદરતી આફતોમાં સરકારીનીતિ કેવી હોવી જોઈએ એ માટે એ માર્ગદર્શક થઈ શકે તેમ છે. હંમેશાં સહાય આપવી એ ઉકેલ નથી પરંતુ આફતમાં ભોગ બનેલા પ્રદેશની કુદરતી લાક્ષણિકતાઓને ધ્યાનમાં રાખીને પોલીસી ઘડવાથી હંગામી ઉકેલને બદલે કાયમી ઉકેલ મળી શકે છે.

સૌ પ્રથમ તો આપણે એવાં કેટલાંક મુખ્ય પરિબળો વિશે ચર્ચા કરીશું કે જેમને કારણે આર્થિક વિકાસ સાધી શક્યા છીએ. ત્યારબાદ આર્થિક વિકાસને આંકડાકીય માહિતી દ્વારા દર્શાવતાં કેટલાંક કોમન બેરોમિટર વિશે ચર્ચા કરીશું. ત્યારબાદ કચ્છમાં આર્થિક વિકાસ જે મુખ્ય પાંચ ઈન્ડસ્ટ્રીઝમાં થયો છે એ વિશે ચર્ચા કરીશું અને છેલ્લે વધારે સારો વિકાસ સાધી શકવા માટે શું સુધારાની જરૂર છે અને હજી કયા ક્ષેત્રમાં વિકાસની વધારે તકો રહેલી છે એ વિશે ચર્ચા કરીશું.

## *કચ્છના વિકાસમાં ભાગ ભજવનાર મુખ્ય પરિબળો*

### ૧. સરકાર દ્વારા ભૂકંપગ્રસ્ત જિલ્લા માટે VAT અને EXCISE માફીની જાહેર કરેલી સ્કીમ :

સરકારે જાહેર કરેલી પાંચ વર્ષની EXCISE માફી અને ૧૦ વર્ષની VAT માફીની અમુક શરતોને આધીન એવી સ્કીમને કારણે સારા એવા ઉદ્યોગો કચ્છ તરફ આકર્ષાયા છે. આજના આ સ્પર્ધાત્મક વ્યાપારમાં કરવેરાની બચત એ એક નિર્ણાયક પરિબળ સાબિત થાય છે અને એનો લાભ લેવા માટે કેટલાય ઉદ્યોગો ભૂકંપ બાદ કચ્છમાં આવ્યા છે અને એ કારણે કચ્છમાં ઉદ્યોગીકરણને વેગ સાંપડ્યો છે.

### ૨. કચ્છમાં રહેલાં બંદરોનો વિકાસ :

કચ્છ આખો દરિયાકિનારે વસેલો મુલક છે. કચ્છમાં કંડલા, મુંદ્રા, જખૌ અને માંડવી એમ મુખ્ય ચાર બંદરો આવેલાં છે. જેમાં કંડલા અને મુંદ્રા બંદરો કુદરતી બંદરો છે અને ઉચ્ચ કક્ષાની માળખાકીય સુવિધાઓની ઉપલબ્ધતા ધરાવે છે. ખાસ કરીને મુંદ્રા બંદર તો અદાણી ગ્રુપના હસ્તક વર્ષોવર્ષ માળખાકીય સુવિધાઓમાં વધારો કરી રહ્યું છે.

કચ્છનાં બંદરો ભૌગોલિક રીતે અખાતી દેશો જેવા કે દુબઈ સાથે ખૂબ જ ઓછું અંતર ધરાવે છે. તે ઉપરાંત ભારતના જ મધ્યપ્રદેશ, ઉત્તરપ્રદેશ, પંજાબ, દિલ્હી, હરિયાણા, રાજસ્થાન જેવાં રાજ્યોમાં કોઈ જ બંદર જેવી વ્યવસ્થા ન હોવાથી તેમના માટે ભૌગોલિક રીતે કચ્છના બંદરો જ વધારે અનુકૂળ આવે છે. મોટાભાગના ઉદ્યોગો આયાત અથવા તો નિકાસ ઉપર આધારિત હોય છે અને બંદરની નજીકનાં સ્થળોમાં ઉદ્યોગ સ્થાપવાથી માલ પરિવહન ખર્ચ (Handling... Transportation)માં મહત્ત્વનો કાપ મૂકી શકાય છે.

### ૩. કચ્છમાં ખેતીનો વિકાસ

કુદરતની મહેરબાનીથી કચ્છમાં સરેરાશ 270 mm જેટલો વરસાદ પડતો હતો એ છેલ્લા દાયકામાં લગભગ ડબલ થઈ ગયો અને વિસ્તારની દૃષ્ટિએ તો હજી પણ ઘણી જ ખેતીલાયક જગ્યાઓ બાકી છે. બાગાયતી પાકો જેવા કે, ખારેક, કેરી,

દાડમનું છેલ્લા દાયકામાં ખૂબજ વાવેતર થયું અને ખેત પ્રવૃત્તિઓને વેગ સાંપડ્યો.

## *ભૂકંપ બાદ કચ્છમાં થયેલા આર્થિક વિકાસને સાબિત કરતી આંકડાકીય માહિતી :*

### ૧. અસામાન્ય વસતિ વધારો :

સામાન્ય રીતે જે સ્થળોએ આર્થિક વિકાસ અને રોજગારીની તકો હોય એ વિસ્તારોમાં જ લોકોનું સ્થળાંતર થતું હોય છે. છેલ્લા ૨૦૧૧ માં થયેલા વસતિ ગણતરીના આંકડાઓ મુજબ કચ્છની કુલ વસતિ ૨૦,૯૦,૩૧૩ છે. જે ૨૦૦૧ની કુલ વસતિની સરખામણીમાં ૩૨.૦૩%નો વધારો સૂચવે છે.

### ૨. બેંકોની સંખ્યા, તેમની કુલ થાપણો અને કુલ ધીરાણો :

આર્થિક ઉદારીકરણની નીતિ બાદ મોટાભાગની બેંકોમાં પબ્લિકનો હિસ્સો દાખલ થયો છે અને મહદ્ અંશે દરેક બેંકો તેમનું બ્રાંચ નેટવર્ક કેવી રીતે વિસ્તારવું એનો નિર્ણય, એ જે તે વિસ્તારમાં રહેલા ધંધાની તકો કેવી રહેલી છે એના ઉપર સંપૂર્ણ વ્યાવસાયિક રીતે વિચાર કરીને જ લે છે. કચ્છમાં વધી રહેલી બેંકોની બ્રાંચની સંખ્યા જ દર્શાવે છે કે આર્થિક વિકાસ થયો છે. ભૂકંપ સમયે અંદાજિત ૧૫૦ આસપાસ બેંકોની બ્રાંચ ધરાવતું કચ્છ ૨૦૧૫માં ૩૯૯ જેટલી બેંક બ્રાંચ ધરાવે છે. વિગતવાર માહિતી નીચે મુજબ છે.

| *ક્રમ* | *વિગત* | *સંખ્યા* |
|---|---|---|
| ૧. | પૂર્ણ સુવિધા ધરાવતી પબ્લિક સેક્ટર બેંકોની બ્રાંચ | ૩૦૦ |
| ૨. | સેટેલાઈટ બ્રાંચ (પબ્લિક સેક્ટર બેંકોની) | ૨૦ |
| ૩. | ખાનગી બેંકોની બ્રાંચ (HDFC, ICICI etc.) | ૫૬ |
| ૪. | કો-ઓપરેટિવ બેંકોની બ્રાંચ | ૨૧ |
| | *કુલ બ્રાંચ નેટવર્ક* | *૩૯૭* |

*(દેના બેંક રીજિઓનલ ભુજ ઓફિસના આંકડા મુજબ)*

આ તો વાત હતી માત્ર બ્રાંચ નેટવર્કની જે ખરા અર્થમાં આર્થિક વિકાસને દર્શાવે છે એ તો આંકડા છે કુલ થાપણો અને કુલ ધીરાણો ના. કુલ થાપણો અને કુલ ધીરાણોમાં ઘરખમ વધારો થયો છે. જે સ્પષ્ટ રીતે વધી રહેલી આર્થિક પ્રવૃત્તિઓના માપદંડ તરીકે લઈ શકાય.

*જીવનમાંથી જેને શુભ તત્ત્વો મેળવવા છે અને પરમ આનંદની ઝાંખી કરવી છે એવો અભ્યાસી પુરુષ દુશ્મનોની સાથે પણ સદા પ્રેમથી વર્તે છે. એ કદી જેમ તેમ બોલી નાખતો નથી. એના શબ્દો તોળાઈને આવે છે અને સામી વ્યક્તિને જરા પણ નુકસાન ન થાય એવી એ મૃદુ ભાષા વાપરે છે.*

*(આંકડા કરોડમાં)*

| ક્રમ | વર્ષના અંતે | કુલ થાપણો | કુલ ધીરાણો | કુલ ધીરાણોમાં પ્રાયોરીટી સેક્ટર ધીરાણો |
|---|---|---|---|---|
| ૧. | ડિસેમ્બર-૦૨ | ૫૨૮૧.૮૫ | ૬૩૭.૫૨ | ૩૬૮.૭૬ |
| ૨. | ડિસેમ્બર-૦૩ | ૫૯૫૫.૧૯ | ૭૩૪.૨૩ | ૪૨૯.૬૧ |
| ૩. | ડિસેમ્બર-૦૪ | ૬૪૫૨.૦૮ | ૯૦૧.૮૬ | ૪૭૯.૫૧ |
| ૪. | ડિસેમ્બર-૦૫ | ૬૫૦૮.૦૦ | ૧૧૫૮.૦૦ | ૫૮૭.૦૦ |
| ૫. | ડિસેમ્બર-૦૬ | ૭૯૬૯.૯૫ | ૧૭૩૦.૪૪ | ૭૬૨.૨૪ |
| ૬. | ડિસેમ્બર-૦૭ | ૯૨૫૮.૪૫ | ૨૧૮૧.૪૧ | ૯૯૪.૮૪ |
| ૭. | ડિસેમ્બર-૦૮ | ૧૦૬૪૫.૧૫ | ૨૯૩૩.૦૫ | ૧૨૨૫.૬૧ |
| ૮. | ડિસેમ્બર-૦૯ | ૧૨૪૬૧.૫૭ | ૩૧૩૪.૧૧ | ૧૫૨૩.૮૬ |
| ૯. | ડિસેમ્બર-૧૦ | ૧૩૩૪૩.૬૩ | ૩૫૮૮.૩૭ | ૧૮૮૬.૧૫ |
| ૧૦. | ડિસેમ્બર-૧૧ | ૧૪૮૭૨.૬૫ | ૪૧૮૨.૩૭ | ૨૧૯૭.૧૮ |
| ૧૧. | ડિસેમ્બર-૧૨ | ૧૧૭૬૯.૮૩ | ૫૫૮૬.૭૩ | ૩૦૪૫.૫૦ |
| ૧૨. | ડિસેમ્બર-૧૩ | ૨૦૭૩૮.૩૧ | ૭૨૨૭.૨૩ | ૩૫૬૭.૬૨ |
| ૧૩. | ડિસેમ્બર-૧૪ | ૨૧૯૩૩.૧૮ | ૮૫૧૭.૮૧ | ૪૪૨૮.૬૫ |

*(દેના બેંક રીજિઓનલ ભુજ ઓફિસના આંકડા મુજબ)*

પ્રાયોરિટી સેક્ટરનાં ધીરાણોમાં થયેલો વધારો સૂચવે છે કે માત્ર મોટા ઉદ્યોગો દ્વારા જ બેંકોના આંકડા વધ્યા છે એવું નથી. નાના ઉદ્યોગો અને ખેતીક્ષેત્રનાં ધીરાણોના આંકડામાં પણ મહત્ત્વનો વધારો થયો છે. આમ આર્થિક વિકાસ કોઈ એક મર્યાદિત ક્ષેત્ર પૂરતો જ થયો છે એવું નથી પરંતુ સર્વાંગી વિકાસ થયો છે.

આ તબક્કે એક નિર્વિવાદ વાત છે કે વિકાસ તો સર્વાંગી થયો છે. ધંધાના કયા ક્ષેત્રમાં મુખ્ય વિકાસ થયો છે એ વિશે વિસ્તૃત ચર્ચા કરીએ તો કચ્છનો આર્થિક વિકાસ અહીં જણાવેલ પાંચ ક્ષેત્રને કારણે થયો છે એમ કહી શકીએ. બીજાં ઘણાં ક્ષેત્ર હશે કે જ્યાં આર્થિક વિકાસ થયો હશે પરંતુ એમના કુલ આંકડા કચ્છના અમુક અર્થતંત્રની સરખામણીમાં મહત્ત્વના ન હોવાથી આપણે એવા ક્ષેત્રનો ઉલ્લેખ અત્રેથી નહીં કરીએ.

### (૧) ખેતી (Agriculture) :

ભારત ખેતીપ્રધાન દેશ છે. સમય, મનુષ્યની જરૂરિયાતો રહેણીકરણી સતત બદલાતી રહે છે. પરંતુ અન્નની જરૂરિયાત આજથી ૮૦૦૦ વર્ષ પહેલાં પણ મનુષ્યને હતી, આજે પણ છે અને આવતાં ૫૦૦૦ વર્ષમાં પણ એ જરૂરિયાત રહેવાની જ છે. આજ એક એવું ક્ષેત્ર કે ઉદ્યોગ છે કે, જેમાં ૧૦% કાચો

માલ નાંખીને ૧૦૦% પાકો માલ મેળવી શકાય છે. બીજા ઉદ્યોગોમાં રહેલી માળખાકીય સુવિધાઓ અથવા તો કુદરતી ખનિજ કે સંપત્તિનો ઉપયોગ કરવાથી તેનો નાશ થાય છે. જે ભવિષ્યમાં આવનારી પેઢી માટે જોખમકારમ છે પરંતુ ખેતી એક એવો ઉદ્યોગ છે કે, જેમાં ભવિષ્યમાં આવનારી પેઢીને કે પર્યાવરણને કોઈ જ નુકસાન નથી થતું. છેલ્લા દાયકામાં ખેતીના ક્ષેત્રે કચ્છનો વિકાસ હરણફાળ સમાન ગણાવી શકાય. સિંચાઈ માટેના ડેમો, કૂવા અને અન્ય વ્યવસ્થાઓમાં નોંધપાત્ર વધારો થયો છે. નર્મદાનાં પાણી કચ્છ સુધી આવ્યાં એનો પણ ખેતીને પૂરતો ફાયદો મળ્યો છે. કચ્છે મુખ્ય તો બાગાયતી પાકોમાં સારું એવું નામ કાઢ્યું છે.

### ★ ખારેક

કચ્છની ખારેકની ગુણવત્તામાં વર્ષોવર્ષ સુધારો થતો જોવા મળેલ છે. આજે વિદેશમાં ૫૦૦થી ૬૦૦ રૂપિયા કિ.ગ્રા.માં વેચી શકાય એવી ગુણવત્તા કચ્છની ખારેકમાં છે. દેશના મહત્ત્વના મેટ્રોસિટીમાં ૨૦૦ થી ૨૫૦ રૂપિયા કિલોમાં તો સહજ માંગ રહે એવી ગુણવત્તા કચ્છની ખારેકની છે. ખારેક માટે સૂકી હવા, ખૂબ તાપ અને ઓછું પાણી – આ જ મુખ્ય જરૂરિયાતો છે. એ કુદરતી રીતે કચ્છની આબોહવાને અનુકૂળ છે. કચ્છમાં ખારેકનું વાવેતર વર્ષોવર્ષ વધતું જ જાય છે. ખારેકનું વાવેતર કર્યા બાદ ત્રણ વર્ષ પછી તેનાં ફળ આવવાનાં શરૂ થાય છે. એટલે હાલમાં જે ઉત્પાદનના આંકડા છે એ પણ Conservative basis ઉપર છે. છેલ્લાં ત્રણ વર્ષમાં વાવેતર થયેલા પાકનું ભવિષ્યમાં ઉત્પાદન થશે એ પ્રમાણે ઉત્પાદન હજી વરસો વરસ વધશે જ. વર્ષ ૨૦૧૪-૨૦૧૫ ના ખારેક ઉત્પાદન આંકડા તપાસીએ તો માલૂમ પડશે કે કુલ ઉત્પાદન ૧૫૧૭૧૮ મેટ્રિક ટન થયું હતું. સરેરાશ ૭૦ રૂા./કિ.ગ્રા. ના આધારે ૧૦૦૦ કરોડની વાર્ષિક ઊપજ છે.

### ★ કચ્છી કેસર કેરી

ખારેકની માફક કેસર કેરીને પણ માફક આવે એવી કચ્છની આબોહવા છે. કચ્છની કેસર કેરીની ગુણવત્તાએ છેલ્લાં થોડાં વર્ષોમાં ગીરની કેસરને પાછળ પાડી દીધી છે. નિકાસ થાય છે એવી ગુણવત્તા ધરાવતી કેસર કેરીનું પણ વાવેતર થયા પછી ત્રણ વર્ષ બાદ તેનાં ફળ થાય છે.

છેલ્લાં ત્રણ વર્ષમાં જે વાવેતર થયું છે એનું ઉત્પાદન નજીકનાં ભવિષ્યમાં વધવાનું છે. વર્ષ ૨૦૧૪-૨૦૧૫ ની આંકડાકીય માહિતી મુજબ કચ્છમાં કુલ ૭૭૮૫૦ મેટ્રિક ટન કેરીનું ઉત્પાદન થયું હતું. એવરેજ ૫૦ રૂપિયા પ્રતિ કિલોના આધારે અંદાજિત ૪૦૦ કરોડની વાર્ષિક ઊપજ છે.

### ★ દાડમ

કેરી અને ખારેકની જેમ દાડમ પણ ત્રણ વર્ષ પછી થાય છે અને કચ્છમાં દાડમની ખેતી નોંધપાત્ર રીતે વધી રહી છે. વર્ષ ૨૦૧૪-૨૦૧૫ની આંકડાકીય માહિતી મુજબ કુલ ઉત્પાદન ૪૪૬૮૧ મેટ્રિક ટન હતું અને ૬૦ રૂપિયા પ્રતિ કિલોના આધારે વાર્ષિક અંદાજિત ૨૭૦ કરોડનું ઉત્પાદન છે. બાગાયતી પાકો ઉપરાંત કચ્છના કેટલાંક મહત્ત્વના પાકમાં પણ નોંધપાત્ર વધારો જોવા મળેલ છે. જેના આંકડાઓ નીચે મુજબ છે.

| ક્રમાંક | પાકની વિગત | આંકડાકીય વર્ષ | ઉત્પાદન મેટ્રિક ટનમાં |
|---|---|---|---|
| ૧. | મગફળી | ૨૦૧૨-૧૩ | ૧૫૪૩૦૦ |
| ૨. | એરંડો | ૨૦૧૨-૧૩ | ૨૪૪૫૦૦ |
| ૩. | બાજરી | ૨૦૦૮-૦૯ | ૭૭૨૦૦ |
| ૪. | કપાસ | ૨૦૧૨-૧૩ | ૪૯૬૯૧ |
| ૫. | શાકભાજી | ૨૦૧૪-૧૫ | ૨૮૮૨૪૩ |
| ૬. | મસાલા | ૨૦૧૪-૧૫ | ૩૬૨૭૪ |
| ૭. | ફળો | ૨૦૧૪-૧૫ | ૩૯૮૬ |
| ૮. | દૂધ (પ્રતિદિન) લી. | ૨૦૧૦-૧૧ | ૮૮૪૦૨૩ |

### ૨. બંદર અને માલ પરિવહન ક્ષેત્ર

કુદરતે કચ્છને ચાર બંદરો આપેલ છે. જેમાં બે તો કુદરતી બંદરો હોવાથી ૩૬૫ દિવસ માલ પરિવહન થઈ શકે છે. બંદરમાં માલ પરિવહન માટે ભારતમાં ઉત્તમ કહી શકાય એવી સુવિધાઓ કંડલા અને મુંદ્રા બંદરે ઉપલબ્ધ છે.

કચ્છનાં બંદરોને કચ્છના ભૌગોલિક ફાયદાઓને કારણે અખાતી દેશો અને ભારતનાં મુખ્ય પાંચથી છ રાજ્યોનો આયાત નિકાસના પરિવહનનો ધંધો મળે છે.

કચ્છનાં બંદરો હાલમાં ભારતના કુલ આયાત નિકાસના ૨૩% જેટલા માલનું પરિવહન કરે છે. જે ઉચ્ચ કક્ષાની માળખાકીય સુવિધાઓને આધારે નજીકનાં પાંચ વર્ષમાં વધીને ૩૦% સુધી જવાની અપેક્ષા રાખી શકાય છે.

કંડલા બંદરેથી થયેલ કુલ માલ પરિવહનના આંકડાઓ નીચે મુજબ છે.

| ક્રમ | વર્ષ | કુલ માલ પરિવહન (કરોડ મેટ્રિક ટનમાં) |
|---|---|---|
| ૧. | ૨૦૦૨-૦૩ | ૪.૦૬ |
| ૨. | ૨૦૦૩-૦૪ | ૪.૧૫ |
| ૩. | ૨૦૦૪-૦૫ | ૪.૧૬ |
| ૪. | ૨૦૦૫-૦૬ | ૪.૫૯ |
| ૫. | ૨૦૦૬-૦૭ | ૫.૩૦ |

| | | |
|---|---|---|
| ૬. | ૨૦૦૭-૦૮ | ૬.૪૯ |
| ૭. | ૨૦૦૮-૦૯ | ૭.૨૩ |
| ૮. | ૨૦૦૯-૧૦ | ૭.૮૦ |
| ૯. | ૨૦૧૦-૧૧ | ૮.૧૯ |
| ૧૦. | ૨૦૧૧-૧૨ | ૮.૨૫ |
| ૧૧. | ૨૦૧૨-૧૩ | ૯.૩૬ |

*મુંદ્રા બંદરેથી થયેલ કુલ માલ પરિવહનના આંકડાઓ નીચે મુજબ છે.*

| ક્રમ | વર્ષ | કુલ માલ પરિવહન (કરોડ મેટ્રિક ટનમાં) |
|---|---|---|
| ૧. | ૨૦૦૯-૧૦ | ૩.૯૪ |
| ૨. | ૨૦૧૦-૧૧ | ૫.૧૯ |
| ૩. | ૨૦૧૧-૧૨ | ૬.૪૮ |
| ૪. | ૨૦૧૨-૧૩ | ૭.૫૯ |
| ૫. | ૨૦૧૩-૧૪ | ૯.૬૨ |

માલ પરિવહનનાં વધારાની સાથે સાથે ટ્રાન્સપોર્ટ ઉદ્યોગ, ગોડાઉન, ક્લિયરિંગ એન્ડ ફોરવર્ડિંગ ઉદ્યોગ, શિપિંગ ઉદ્યોગ જેવા આનુષંગિક ઉદ્યોગોનો પણ વિકાસ થાય છે.

### ૩. ખાણ ખનિજ ક્ષેત્ર (Mining Sector)

કચ્છ નોન મેટાલિક ખનિજ માટે ખૂબજ સમૃદ્ધ મુલક જણાય છે. કચ્છ પાસે ઉચ્ચ ગુણવત્તા ધરાવતી બેન્ટોનાઈટ, લાઈમ સ્ટોન, બોકસાઈટ, સીલીકા એન્ડ ચાઈના ક્લે અને કેઓલીન જેવાં ખનિજ પુષ્કળ પ્રમાણમાં ઉપલબ્ધ છે. લાઈમસ્ટોનનું રિઝર્વ કચ્છમાં જે વિપુલ જથ્થામાં છે એ હિસાબે નજીકનાં ૫૦ વર્ષમાં સમગ્ર ભારતના સિમેન્ટ ઉદ્યોગને કચ્છ લાઈમસ્ટોન પૂરું પાડી શકે તેમ છે. ગુજરાત રાજ્યના ખાણ ખનિજ ખાતાના અંદાજ મુજબ કચ્છમાં ૨૦૪.૨૭ કરોડ ટન જેટલું લાઈસ્ટોનનું રિઝર્વ છે.

એ ઉપરાંત કચ્છના બેન્ટોનાઈટની ગુણવત્તા પણ બીજાં રાજયોમાંથી નીકળતા બેન્ટોનાઈટ કરતાં ખૂબ જ ઉત્તમ છે. એટલે જ તો આશાપુરા માઈનકેમ, ટ્રાયમેક્ષ, જીમપેક્ષ જેવી મોટી કંપનીઓએ કચ્છમાં વિસ્તરણ કરેલ છે. ગુજરાત રાજ્યના ખાણ ખનિજ ખાતાના એક અંદાજ મુજબ કચ્છમાં ૧૦.૫ કરોડ ટન જેટલુ બેન્ટોનાઈટનું રિઝર્વ છે.

એ ઉપરાંત કચ્છમાંથી ઉત્પન્ન થતા લિગ્નાઈટની પણ ગુણવત્તા બીજા પ્રદેશમાંથી ઉત્પન્ન થતા લિગ્નાઈટ કરતાં ઉત્તમ છે.

કચ્છમાંથી પેદા થતા કુલ ખાણ ખનીજ ઉત્પાદનના વર્ષ ૨૦૧૩-૧૪ ના આંકડાઓ નીચે મુજબ છે.

| ક્રમ | ખનીજનું નામ | ઉત્પાદન (ટનમાં) |
|---|---|---|
| ૧. | બોલક્લે | ૩૭૦૦ |
| ૨. | બોક્સાઈટ | ૨૨૮૪૩૩ |
| ૩. | ચાઈના ક્લે | ૩૪૬૬૯૪૭ |
| ૪. | ફાયર ક્લે | ૬૫૦ |
| ૫. | જિપ્સમ | ૪૦ |
| ૬. | લેટેરાઈટ | ૫૧૬૫૭ |
| ૭. | લિગ્નાઈટ | ૫૬૭૭૪૯૪ |
| ૮. | લાઈમસ્ટોન | ૭૨૩૮૩૦૩ |
| ૯. | પોજોનીક ક્લે | ૦૦૦ |
| ૧૦. | સિલિકા સેન્ડ | ૩૪૧૧૫૫ |
| ૧૧. | વાઈટ ક્લે | ૩૫૦૬૮૩૧ |
| ૧૨. | બેન્ટોનાઈટ | ૧૯૩૭૭૧૪ |
| ૧૩. | બ્લેક ટ્રેપ | ૭૯૪૪૯૬૭ |
| ૧૪. | સેન્ડ સ્ટોન | ૨૩૫૦૧૬ |
| ૧૫. | મોરમ | ૯૦૮૯ |
| ૧૬. | સાદી ક્લે | ૨૬૨૯૨ |
| ૧૭. | સાદી માટી | ૧૯૫૦૭૪૨ |
| | *કુલ ઉત્પાદન* | *૩૨૬૩૯૦૨૮* |

### ૪. ઔદ્યોગિક વિકાસ :

કેન્દ્ર અને રાજ્ય સરકારે ભૂકંપગ્રસ્ત વિસ્તાર માટે જાહેર કરેલ કરમાફીની યોજનાને કારણે ૨૦૦૧ પછી ઘણા નવા ઉદ્યોગોની કચ્છમાં સ્થાપના થઈ છે. ઉદ્યોગના માલ આયાત નિકાસ માટે જરૂરી એવાં યોગ્ય બંદર પણ નજીકમાં હોવાથી અને બળતણ માટે લિગ્નાઈટ પણ કચ્છમાંથી ઉપલબ્ધ થતો હોવાથી ઉદ્યોગોની સ્થાપના છેલ્લા દાયકામાં થઈ છે. ઔદ્યોગિક વિકાસને કારણે આસપાસની જમીનોના ભાવ જે હજાર રૂપિયા એકરમાં હતા એ વધીને ૧૫ થી ૨૦ લાખ એકર સુધી પહોંચી ગયા છે અને એનો લાભ સીધો નાના ખેડૂતો અને જમીન માલિકોને થયો છે.

ભારતમાં જંગલોને કાપવાનો મનાઈ હુકમ આવ્યા બાદ અમુક લાકડું આયાત થાય છે અને મહદ્ અંશે કંડલા અને મુંદ્રા બંદરેથી જ આયાત થાય છે. કંડલા-ગાંધીધામ સંકુલના ૨૦ કિલોમીટરના પરિસરમાં હાલે નાની મોટી મળીને કુલ ૯૮૦ જેટલી મિલો કાર્યરત છે. વર્ષ ૨૦૧૩-૧૪ માં કુલ ૩૯.૨૬

લાખ cbm લાકડાની આયાત કચ્છના બંદરોમાંથી થઈ હતી.

કચ્છે મીઠાના ઉત્પાદન અને નિકાસ માટે પણ હરણફાળ ભરી છે. મીઠાની નિકાસ કંડલા, મુંદ્રા અને જખૌ એમ ત્રણ બંદરેથી થઈ રહી છે. ૨૦૧૩-૧૪ માં ત્રણેય બંદરથી કુલ ૫૬.૬૬ લાખ ટન મીઠાની નિકાસ થઈ હતી.

એક અંદાજ મુજબ ધરતીકંપ પછી કચ્છમાં કુલ ૩૦૦૦૦ કરોડથી પણ વધારે રૂપિયાનું રોકાણ ઉદ્યોગો દ્વારા થયું છે. જે પણ રોકાણ થયું છે એ મહદઅંશે ૨૦૧૦ સુધી જ થયું છે. છેલ્લા પાંચ વર્ષથી ઉદ્યોગ ક્ષેત્રમાં મંદીનું વાતાવરણ છે.

જિલ્લા ઉદ્યોગ કેન્દ્રે આપેલી આંકડાકીય માહિતી મુજબ કચ્છમાં તારીખ : ૨/૧૦/૨૦૦૬ થી ૩૧/૩/૨૦૧૪ સુધીમાં નીચે મુજબના નવા સ્મોલ અને મિડિયમ સ્કેલ ઉદ્યોગો (MSME) આવ્યા છે.

| ક્રમાંક | વિગત | કુલ એકમો | રોકાણ કરોડમાં |
|---|---|---|---|
| ૧. | ઉત્પાદન કરતાં એકમો | ૧૨૯૩ | ૧૨૩૮.૫૫ |
| ૨. | સેવાકીય એકમો | ૩૪૯ | ૨૪૫.૧૦ |

## ૫. ટુરિઝમ ઉદ્યોગ :

ભારતના મિલેનિયમ સ્ટાર અમિતાભ બચ્ચન જ્યારથી ગુજરાત ટુરિઝમના બ્રાન્ડ એમ્બેસેડર થયા છે ત્યારથી લોકોના મુખેથી "કચ્છ નહીં દેખા તો કુછ નહીં દેખા" સાંભળવા મળે છે. છેલ્લા પાંચ વર્ષથી રણોત્સવ થઈ રહ્યો છે. જેના આયોજનમાં વરસો વરસ સુધારો જોવા મળે છે.

રણોત્સવના બે મહિના દરમ્યાન લગભગ ભુજની તમામ હોટલોમાં Occupancy મહત્તમ હોય છે અને આટલી મોટી સંખ્યામાં પ્રવાસીઓની આવન જાવનને કારણે ટ્રેન, બસ, ટિકિટ બુકિંગ, હોટલ, રેસ્ટોરન્ટ, હેન્ડિક્રાફ્ટ જેવા આનુવંશિક ઉદ્યોગોને પણ સારા પ્રમાણમાં ધંધો મળે છે.

કચ્છણાં હડપ્પન સંસ્કૃતિના અવશેષો જે શહેરમાંથી મળી આવ્યા છે એ ધોળાવીરા પણ હવે વિશ્વના નકશામાં એક ઐતિહાસિક સ્થળ થઈ ગયું છે. તાજેતરમાં જ રજૂ થયેલી ઋત્વિક રોશનની ફિલ્મ "મોહેંજોદરો" પણ સિંધુ સંસ્કૃતિનું નિરૂપણ કરે છે અને એનો લાભ પણ ભવિષ્યમાં કચ્છના ટુરિઝમ ઉદ્યોગને મળશે.

ગુજરાત રાજયની માન્ય સંસ્થા GITCO દ્વારા બહાર પાડવામાં આવેલ આંકડાકીય માહિતી મુજબ કચ્છમાં વર્ષ ૨૦૧૩-૧૪ માં આ પ્રમાણેની સંખ્યામાં પ્રવાસીઓ આવ્યા હતા.

***માણસની સાચી કમાણી પૈસો નહીં પણ પ્રેમ છે.***

| ક્રમાંક | સ્થળ | કુલ પ્રવાસીઓની સંખ્યા |
|---|---|---|
| ૧. | ભુજ | ૩૫૭૪૭૪ |
| ૨. | ગાંધીધામ | ૨૮૭૫૬૪ |
| ૩. | મુંદ્રા | ૪૬૫૩૯ |
| ૪. | નારાયણ સરોવર | ૬૩૨૦૦૦ |
| ૫. | માતાના મઢ | ૧૦૩૩૦૦૦ |
| ૬. | માંડવી | ૧૨૩૪૧૮ |

ઉપરોક્ત સ્થળોમાંથી માતાના મઢ અને નારાયણ સરોવર સિવાય જે પ્રવાસીઓ હોટલમાં રોકાયા હોય તે જ સંખ્યા દર્શાવી છે.

ઉપરોક્ત પાંચ મુખ્ય ઉદ્યોગોના વિકાસને કારણે કચ્છનું આર્થિક ચિત્ર આખું બદલાઈ ગયું છે.

નવી સદીમાં વ્યાપારનું સ્વરૂપ ખૂબ જ ઝડપથી બદલાઈ રહ્યું છે. એ ઝડપ સાથે તાલ મિલાવવા માટે કેટલાક સુધારા વધારા કરવા માટેનાં સૂચનો છે. જેનો અમલ વ્યવસ્થિત ચર્ચા કરીને હકારાત્મક રીતે થાય તો હજી પણ ઘણા જ સારા આર્થિક વિકાસની શક્યતાઓ કચ્છ માટે રહેલી છે.

### ૧. ખેતી ક્ષેત્રનાં સૂચનો :

(અ) કચ્છના કુલ ક્ષેત્રફળનો માત્ર ૧૫% જેટલો વિસ્તાર જ ખેતીમાં વપરાયેલો છે.

અંદાજિત હજી પણ ૩૮% જેટલો વિસ્તાર એવો છે કે, જ્યાં સિંચાઈની વ્યવસ્થા થાય તો ખેતીલાયક જમીન તરીકે ઉપયોગમાં લઈ શકાય. જો યોગ્ય રાજકીય ટેકો મળે તો ખેતી ક્ષેત્રમાં હજી બમણું ઉત્પાદન થવાની શક્યતાઓ જોઈ શકાય તેમ છે.

(બ) કચ્છમાં મોટાભાગની જમીન રાસાયણિક ખાતરનો ખૂબ જ ઓછો ઉપયોગ કરે છે. એટલે ઓર્ગેનિક સીરીયલ અને કઠોળના ઉત્પાદનને વધારી શકાય અને કચ્છને ઓર્ગેનિક ઉત્પાદનના હબ તરીકે પ્રોત્સાહન આપીને જાહેરાત કરી શકાય.

(ક) કેરી, ખારેક, દાડમ જેવા બાગાયતી પાકો ખેતીની સામાન્ય ઉપજ હોય તેના કરતા ઘણું સારું વળતર મેળવી આપે છે. કચ્છમાં હજી પણ ઘણો એવો વિસ્તાર છે જેમાં બાગાયતી પાકોનું વાવેતર થઈ શકે છે.

(ડ) કચ્છમાં એવાં પ્રોસેસિંગ યુનિટ્સ નાખવાની જરૂર છે. જેમાં ખેત પેદાશોનું પ્રોસેસીંગ કરી Value added productમાં રૂપાંતર થઈ શકે અને વધારે સારી કિંમત મેળવી શકાય. ઉદાહરણ તરીકે ટમેટાં, કેરી, ખારેક, દાડમ જેવા ફળ કે શાકભાજીની કુદરતી લાઈફ બે થી ત્રણ

દિવસની જ હોય છે. પરંતુ જો કોઈ પણ પ્રોસેસ દ્વારા તેમનો મહત્તમ ઉપયોગ થઈ શકે તો ખેડૂતો હજી પણ ઘણી સારી કિંમત મેળવી શકે.

(ઇ) કેરી, ખારેક, જેવા બાગાયતી પાકોના નિકાસ માટે કેટલીક સરકારી અને માન્ય સંસ્થાઓનાં સર્ટિફિકેટ લેવા પડે તેમજ કેટલીક લેબોરેટરીમાં ટેસ્ટિંગ કરાવવું પડે જેની ઉપલબ્ધતા કચ્છમાં ન હોવાથી નિકાસમાં રુકાવટ આવે છે. આવી નિકાસ માટેની માળખાકીય સુવિધાઓ કચ્છમાં જ વિકસાવવામાં આવે તો હજી પણ વધારે નિકાસ થઈ શકે.

**૨. બંદર અને માલ પરિવહન ક્ષેત્રના સૂચનો :**

(એ) દુનિયાની મોટી કંપનીઓ (MNC) જેવી કે, સોની, જનરલ મોટર, કોડાક, AT&T, કેટર પીલર, સીબા, ફુજી જેવી કંપનીઓને કચ્છમાં તેમનું ડિસ્ટ્રિબ્યુશન (વિતરણ) સેન્ટર સ્થાપવા માટે આકર્ષી શકાય તે માટે સંયુક્ત પ્રયાસો કરીને જરૂરી માળખાકીય સુવિધાઓ ઉપલબ્ધ કરવી જરૂરી છે.

(બી) હજી પણ ગોડાઉન અને બંદર વચ્ચે જોઈએ એવી રેલ તેમજ રોડની સુવિધાઓ નથી જેને કારણે આયાત નિકાસમાં રુકાવટ આવે છે.

(સી) બંદર આસપાસ રહેલા ગોડાઉનમાં હજી પણ દેશી ઢબે માલનો સ્ટોરેજ થઈ રહ્યો છે. ગોડાઉન માલના પરિવહન અને સ્ટોરેજ માટે આધુનીકરણ કરવામાં આવે તો વધારે સારી રીતે કાર્ય ક્ષમતાથી સ્ટોરેજ થઈ શકે અને કુલ ખર્ચ ઘટી જવાથી આયાત નિકાસ પ્રવૃત્તિને વેગ સાંપડી શકે.

**(3) ખાણ ખનિજ ક્ષેત્ર**

(અ) અતિ પુરાણી ઢબે થતા ચાઈનાકલે, સિલિકા અને બેન્ટોનાઈટના ઉત્પાદનને કારણે ખૂબ જ ઓછી રીકવરી મળે છે. માલનો બગાડ ખૂબ જ થાય છે. જો આધુનિક ટેકનોલોજીનો સમજપૂર્વક ઉપયોગ થાય તો હજી કાર્યક્ષમતા અને એ જ કિંમતમાં વધારે ઉત્પાદન આવવાની ઘણી જ શક્યતાઓ રહેલી છે.

(બ) મિનરલ ટેસ્ટિંગ માટેની આધુનિક લેબોરેટરી જો જી.એમ.ડી.સી. જેવી કોઈ સંસ્થા ન નફા ન નુકસાનના ધોરણે ચલાવે તો ખાણ - ખનીજ ઉત્પાદનને ઘણો વેગ મળી શકે તેમ છે. હાલમાં લેબ ટેસ્ટિંગ માટે કચ્છમાં જરૂરી સુવિધાઓ ઉપલબ્ધ નથી.

(ક) કંડલા અને મુંદ્રા બંદરમાં બેન્ટોનાઈટ, બોકસાઈટ, ચાઈનાકલે જેવી ખનીજોના નિકાસ માટે સ્પેશિયલ ખર્ચ ફાળવવામાં આવે તો નિકાસ માટેની કિંમતમાં ઘણો જ ઘટાડો થઈ શકે.

(ડ) પાનન્ધ્રો અને અકરીમોટામાં જે પાવર પ્રોજેક્ટ છે એમાંથી નીકળતી Fly Ash પર્યાવરણને નુકસાનકારક છે. એનો ઉપયોગ ટાઈલ્સ, બ્લોક, ઇંટો બનાવવામાં થઈ શકે અને એ જો સરકાર દ્વારા પ્રોત્સાહિત કરવામાં આવે તો Fly Ashમાંથી થતી પ્રોડક્ટના ઉદ્યોગોનો વિકાસ થઈ શકે.

**૪. ઔદ્યોગિક ઉત્પાદન :**

(અ) ઔદ્યોગિક જમીનની ફાળવણી તેમજ ઉદ્યોગોને લગતા જરૂરી પરવાનાઓ મેળવવામાં થતી બિનજરૂરી ઢીલ અને સરકારી કર્મચારીઓની કનડગતને કારણે ફેક્ટરી ચલાવવી એક માથાના દુખાવા સમાન બની જાય છે. સરકારી નીતિ, વૃત્તિ અને કામ કરવાની મંદ ગતિ – એ ત્રણેય વસ્તુના ખરાબ સંયોજન અને વિશ્વની સ્પર્ધાત્મક ઝડપ એ બધા સાથે તાલ મેળવીને રિઝલ્ટ મેળવવું લગભગ મુશ્કેલ બનતું જાય છે. સરકારી નીતિઓમાં વિદેશની માફક વન વિન્ડો ક્લિયરન્સ પદ્ધતિ અપનાવવાની જરૂરિયાત છે.

(બ) ખાણ-ખનીજ અને સોલ્ટના ઉદ્યોગો અંદરના ગામડાઓમાં સ્થપાયેલ છે. જ્યાંથી બંદર જવા માટે યોગ્ય રોડ કે રેલની સુવિધાઓ નથી. જે ખૂબ જરૂરી છે.

(ક) પર્યાવરણને નુકસાનકર્તા ન હોય એવા ઉદ્યોગો માટે વીજદરમાં ખાસ રાહત આપી શકાય.

**૫. પ્રવાસન ટુરિઝમ ક્ષેત્ર :**

(અ) ભુજ વિમાની સેવા માટે સીધુ મુંબઈથી જ જોડાયેલ છે. ભુજથી જામનગર/રાજકોટ અથવા તો અમદાવાદ સાથે જોડતી કોઈપણ ફ્લાઈટ નથી.

(બ) ભુજનું સૌરાષ્ટ્ર સાથે કોઈ જ રેલ કનેક્શન નથી એટલે જ તો ધંધાકીય દૃષ્ટિએ જેટલું અમદાવાદ અને મુંબઈથી જોડાણ છે એની સરખામણીમાં નહિવત જોડાણ સૌરાષ્ટ્ર સાથે છે.

(ક) ભુજથી મુંબઈથી રોજની ત્રણ ટ્રેન છે. પરંતુ હજી વધારે ટ્રેનની આવશ્યકતા છે. તે જ પ્રમાણે ભુજ-મુંબઈ રોજની ત્રણ ફ્લાઈટ છે. પરંતુ રણોત્સવ અને લગ્નગાળા અને

JAYANT STEELS
179-A, Kandori Building, Opp. Sarvoday Nagar,
Panjarapole Road, Bhuleshwar, Mumbai-400 004.
Ph. : (022) 2242 2463 • 2242 7263
જયંત સ્ટીલ્સ
૧૭૯/એ, પાંજરાપોળ રોડ, સર્વોદય નગરની સામે,
મુંબઈ-૪૦૦ ૦૦૪. ★ ફોન : ૨૨૪૨૨૪૬૩ / ૭૨૬૩ / ૭૩૯૦
સુંદર - સુઘડ રસોડાના રાચરચીલાનું પ્રાપ્તિનું પ્રેરણા સ્થાન

વેકેશન દરમ્યાન હજી વધારે ફલાઈટ કરવાની આવશ્યકતા છે.

(ડ) કચ્છના સફેદ રણની સફારી અને અનુભવ એ કદાચ દુનિયાના પ્રવાસીઓ માટે અલગ અને વિશિષ્ટ કહી શકાય એવો અનુભવ છે. પંરતુ એ કક્ષાનાં માર્કેટિંગનો અભાવ છે. સમગ્ર દુનિયાના પ્રવાસીઓએ આકર્ષી શકે એવું સ્થળ હોવા છતા જોઈએ એવી જાહેરાત અને પ્રવાસીઓની સગવડતા સાચવવા માટે જરૂરી માળખાકીય સુવિધાઓનો અભાવ છે.

(ઈ) રણોત્સવને કારણે પ્રવાસીઓની સંખ્યામાં ધરખમ વધારો થયો હોવા છતા પણ જરૂરી સલાહ સુચનો મળી શકે એવી વ્યવસ્થાનો દેખીતો જ અભાવ છે. કચ્છની ભૌગોલિક પરિસ્થિતિથી અજાણ પ્રવાસી માટે સરકાર કે કોઈ ખાનગી સંસ્થા દ્વારા જરૂરી માર્ગદર્શન આજના સમય પ્રમાણે મળી રહે એનો સ્પષ્ટ અભાવ છે. જેની સીધી અસર નવા પ્રવાસીઓની સંખ્યા ઉપર પડે છે. ખાનગી સંસ્થાઓ અથવા તો સરકારે આ બાબતને ગંભીરતાથી લઈને રાજસ્થાન સરકારના ટુરિઝમ ખાતાની, ટુરિઝમને લગતી સેવાઓમાંથી ઘણું જ અનુકરણ કરવાની જરૂર છે.

## • નવી સદીના વ્યાપારના સ્વરૂપમાં કચ્છમાં રહેલી વેપારની તકો :

નવી સદીના વ્યાપારના સ્વરૂપને કચ્છની લાક્ષણિકતાઓ, મર્યાદાઓ, ભૌગોલિક પરિસ્થિતિ અને આંકડાકીય માહિતીઓ – એ દરેકને નજર સમગ્ર રાખીને હજી પણ ઘણા બધા એરિયામાં વિકાસની તકો રહેલી છે, જે નીચે જણાવેલ છે. અહીં જે તકો વિશે જણાવેલ છે એ અમારી બુદ્ધિ અને સમજ મુજબ જણાવેલ છે એટલે એ સાચું જ હોય એવું જરૂરી નથી. પરંતુ પોતાની સમજ મેળવીને એ દિશામાં પ્રયત્ન થાય તો આર્થિક વિકાસ વધારે સારી રીતે થવાની પૂરતી શક્યતાઓ જોઈ શકાય છે.

(૧) કચ્છમાં બાગાયતી પાકોનું ઉત્પાદન વધતું જાય છે. પરંતુ એમની પૂરતી કિંમત મેળવી શકાય એ માટે જરૂરી એવી માળખાકીય સુવિધાઓનો અભાવ છે. દા.ત. કેરી, ખારેકની કુદરતી લાઈફ બે થી ત્રણ દિવસની છે. પરંતુ જો કોલ્ડ સ્ટોરેજ જેવી કોઈ વ્યવસ્થા હોય તો વધારે સારા દામ મેળવી શકાય. કેરી, ટમેટા, જેવા ફ્રુટને પ્રોસેસ કરીને એમનો પલ્પ બનાવવા માટેના નાના ઉદ્યોગો માટે જરૂરી કાચા માલનો પુરવઠો પૂરતા પ્રમાણમાં મળી રહે, તો એ વિશે પણ વિચારી શકાય.

(૨) કચ્છમાં બાગાયતી પાકોનું જે ઉત્પાદન થાય છે એ કચ્છની કુલ વસતિના પ્રમાણમાં ઘણું વધારે છે. એટલે એની નિકાસ અથવા તો અમદાવાદ-સૌરાષ્ટ્ર-મુંબઈ જેવા વિસ્તારોમાં વેચાણ સિવાય બીજો કોઈ વિકલ્પ નથી. પરંતુ એ માટેની જે માળખાકીય સુવિધા અથવા તો એકદમ જરૂરિયાત મુજબનું સમયસર વિતરણ કરવાની વ્યવસ્થા જો વિકસાવવામાં આવે તો કચ્છને ઘણો જ આર્થિક લાભ થઈ શકે અને એ વ્યવસ્થા સાથે સંકળાયેલી વ્યક્તિઓને પણ લાભ થઈ શકે.

(૩) દેશનું મોટાભાગનું લાકડું કચ્છના બંદરથી આયાત થાય છે. એ ભૌગોલિક પરીસ્થિતિનો ફાયદો ઉપાડીને જો રેડીમેઈડ ફર્નિચર અને ફીક્ષ્ચર બનાવવાની ઈન્ડસ્ટ્રીનો કચ્છમાં વિકાસ થાય તો એ માટે દરેક પરીસ્થિતિ કચ્છને અનુકૂળ છે.

(૪) પ્રવાસી ઉદ્યોગનો વિકાસ જે ગતિથી થયો છે અને એટલા ટૂંકા ગાળામાં થયો છે એના કારણે વિકાસની સરખામણીમાં સારી સેવાઓ આપતા ટ્રાવેલ એજન્ટ અને પેકેજ ટુર ઑફર કરતા ઑપરેટરોનો વિકાસ હજી જોઈએ તેવો નથી. કોઈ સારી સેવા આપતી એજન્સી માટે વિકાસની પુષ્કળ તકો આ ક્ષેત્રમાં રહેલી છે.

(૫) કુદરતે કચ્છને સારી ગુણવત્તાવાળો લાઈમ સ્ટોન પુષ્કળ પ્રમાણમાં આપ્યો છે પરંતુ હજી એનો યોગ્ય લાભ લઈ શકાયો નથી. માત્ર સાંઘી અને અલ્ટ્રાટેક જેવા બે મોટા સિમેન્ટ પ્લાન્ટ જ સ્થાયી થયા છે. એ માટે નાના ઉદ્યોગપતિનું કામ નથી. પરંતુ સરકારી નીતિઓમાં ઝડપ કરાવી શકે એવા વગદાર ઉદ્યોગપતિ માટે કચ્છની સિમેન્ટ ઈન્ડસ્ટ્રી સોનાની ખાણ સાબિત થઈ શકે તેમ છે.

(૬) કચ્છમાં થતી ચાઈનાકલેમાંથી એક વેસ્ટ તરીકે સિલિકા નીકળે છે. એનું જો પ્રોપર પ્રોસેસિંગ કરવામાં આવે તો ગ્લાસ ઈન્ડસ્ટ્રીમાં એ કાચા માલ તરીકે વપરાય છે. ગ્લાસ ઈન્ડસ્ટ્રીને જોઈએ એવી ગુણવત્તાવાળી સિલિકા પૂરી પાડી શકે એવી મોર્ડન ટેકનોલોજીવાળી કંપની માટે પૂરતો સ્કોપ છે.

*૨૭, વિજય નગર, ભુજ, કચ્છ.*
*મો. ૯૮૨૫૭ ૦૮૩૯૬*

**કોટન બેઝમાં પરવડે તેવી રેન્જ** વિશેષતા : હોલસેલ ભાવે રીટેલ
• ગઢવાલ • કોરા કોટન
• સુપરનેટ કોટા • ટીસ્યુ કોટા
• ફેન્સી કોટા • જૈન સિલ્ક
• ચંદેરી ટેમ્પલ • પ્રિન્ટેડ જ્યોર્જેટ

**"કાંચી"ની સાડી વાહ... વાહ...!!**
મીનલ દેઢિયા • 09930704743
**KANCHI** *A Blend of Indian Heritage*
૭૧/૭૩, શાહ ભુવન, ગ્રાઉન્ડ ફ્લોર, જુની હનુમાન લેન, કાલબાદેવી, મુંબઈ-૪૦૦ ૦૦૨.
Tel. : (022) 22060636 E-mail : sareekanchi@gmail.com Sunday Closed

# રાપર રેલવે સ્ટેશનથી સીધી દિલ્હીની ટ્રેન મળશે

સૂર્યશંકર ગોર ● રસિક મોરબિયા

વેગવંતા વિકાસની ગાડી પર સવાર થઈ કચ્છનું જનજીવન પૂરપાટ ઝડપે આગળ વધી રહ્યું છે. આજથી પંદર વર્ષ પૂર્વે આવેલા ભયાવહ ભૂકંપ બાદ કચ્છની સિકલ જ જાણે બદલી ગઈ છે. કોક સાવ ગરીબ માણસ ઓચિંતો દોમ-દોમ સમૃદ્ધિમાં આળોટે અને તેનું મન અને મસ્તિષ્ક બદલી જાય તેમ કચ્છની કાયાપલટ થઈ ગઈ. પંદર વર્ષે પૂર્વે નહોતાં આટલાં વાહન, નહોતા આવા માર્ગો, નહોતાં આવાં મકાનો, નહોતી આવી શાળાઓ, નહોતી આવી કચેરીઓ, બધું જાણે બદલાઈ ગયું.

આજે આ સ્થિતિ છે તો ૨૦૨૫માં કચ્છ અને ખાસ તો છેવાડાનાં ગણાતા રાપર અને વાગડ કેવા હશે? તેની કલ્પનાની પાંખે આવો આપણે પણ સફર કરીએ. વિકસવા માટે સપનાં તો જોવા જ પડે પણ એ સપનાંને સાકાર કરવા ચોક્કસ ધ્યેય સાથે, ચોક્કસ દિશામાં ચાલવું પણ પડે અને સમય આવે દોડવું પણ પડે. વાગડના વિકાસની વાત કરીએ તો જે પોતે ખુદ સારી પેઠે વિકસ્યા છે તેવા રાપરના ધારાસભ્ય અને કચ્છ જિલ્લા ભારતીય જનતા પાર્ટીના પૂર્વ અધ્યક્ષ એક સમયે રાપરની અનોપચંદ નેમજી મહેતાનું પાટિયું મારેલી કાપડની દુકાનમાં કાપડના તાકાને કાતર વડે કાપતાં-કાપતાં વાગડના નર્મદાનાં નીરની વાત કરતાં ફૂટડા જવાનને બે દાયકા પહેલાં કલ્પના પણ નહીં હોય કે એક દિવસ પોતે વાગડની બહુ જ મોટી જવાબદારી ઉપાડશે અને એ સપનાંને સાકાર કરવામાં ચાવીરૂપ ભૂમિકા પોતાની જ હશે. પંકજભાઈ મહેતાએ વાગડની ધરા પર નર્મદાનાં નીર ન આવે ત્યાં લગી દૂધ-ઘી નહીં ખાવાની બાધા રાખેલી અને પછીનો ઇતિહાસ જાણીતો જ છે કે ઐતિહાસિક ક્ષણ આવી પહોંચી અને વાગડની ધરા પર મા નર્મદાનાં નીર આવી પૂગ્યાં. આ પાવન નીરનાં કારણે જ વાગડની સિકલ ૨૦૨૫ માં બદલાયેલી હશે તેવું પગ ખોડીને પંકજભાઈ મહેતા કહે છે. આ સતત જાગૃત ધારાસભ્યે કહ્યું કે, વાગડમાં બંને બાજુની નહેરનો લાભ મળશે. કચ્છનો સૌથી વધુ સમૃદ્ધ વિસ્તાર વાગડ જ હશે. કેંક પેઢીઓનું નર્મદાના નીરનું સપનું વર્તમાન સરકારે સાકાર કર્યું છે તેથી આર્થિક અને શૈક્ષણિક રીતે પણ વાગડ આગળ રહેશે. તેનું ઉદાહરણ આપતાં પંકજભાઈએ કહ્યું કે છેવાડાના બાળકો ઉત્તમ રેન્ક સાથે ઉત્તીર્ણ થઈ રહ્યા છે. તો માર્ગની નજરે પણ ઘડુલી સાંતલપુર માર્ગ નિર્માણ થઈ જતાં વિશ્વ પ્રસિદ્ધ ધોળાવીરા અને ભુજ વચ્ચેનું અંતર ઘટી જશે અને ટૂરિઝમનો સારામાં સારો વિકાસ થશે. સાંતલપુરથી પ્રાંથળના બેલા વરુડીમાતા-વ્રજવાણી નીલાગર-ખડીર બેટ અને ત્યાંથી રણપ્રવેશ. આ દશ્ય ફાટી આંખે અનેક લોકો જોઈ અભિભૂત થશે. શિક્ષણ સાથે સંસ્કાર પણ જરૂર વધશે. વાગડમાં અનેક સંભાવનાઓ છે. થોડાં જ વર્ષમાં ખડીરના જગપ્રસિદ્ધ ધોળાવીરામાં હવાઈ જહાજનું ઉતરાણ થાય અને ધોળાવીરાથી વિમાન ઊડે એવી પૂર્ણ સંભાવના છે અને સાંભળો... ૨૦૨૫ સુધી રાપરનું રેલવે સ્ટેશન સઈ અને ડેડરવા વચ્ચેના રેલવેના માર્ગ પર બનશે અને રાપરથી મુંબઈ દિલ્હી લોકો સીધા આરામથી જઈ શકશે. બીજી બાજુ જિલ્લામથક ભુજથી રાપર આવવા બુઢારમોરાથી ખારોઈનો ૧૮ કિલોમીટરનો માર્ગ બની જતાં વાગડમાં અને ખાસ તો રાપરમાં આવવાના અનેક માર્ગો ખૂલશે. પાણી અને ખેતી સમૃદ્ધ થતાં પશુપાલનને વેગ મળશે અને હજારો ગાયોનું લાલનપાલન થશે અને વર્ષે કરોડો રૂપિયાનું ગાયોનું દૂધ વાગડ દેશને પૂરું પાડશે. ચાર માતાનું સુપેરે જતન થાય તે માટે જન જન સુધી ઝુંબેશ ઉપાડાશે જેમાં પોતાની જનેતા, ગાય માતા, ધરતી માતા અને નદી માતા — એમનું શોષણ નહીં પણ દોહન કરી આત્મતૃપ્તિ પામવાનું અભિયાન સૌને સાથે રાખી ઉપાડાશે. ૨૦૨૫નું રાપર અને વાગડ અને તેના ગામડાં ખૂબ ખૂબ સમૃદ્ધ હશે. તો જાણીતા કાયદાવિદ્ રાજેશભાઈ ચંદેએ જણાવ્યું કે લોકોમાં સુખાકારી આવશે અને લોકોના હાથને કામ મળશે એટલે ડખા કરવાનો કોઈ પાસે સમય જ નહીં રહે. સૌના હાથને કામ મળે એ બહુ જ જરૂરી છે.

વિકાસની ચિનગારી લાગી ચૂકી છે. બસ પોતાને રસ પડે તેવી લાઈન મેળવી, ગુણવત્તાસભર કામ ઉપાડવું પડશે. ૨૦૨૫માં ત્રણ ગુણ જરૂરી બનશે તેવું 'કચ્છમિત્ર'ના વર્ષો જૂના વાચક અને સેવાભાવી ધીરજલાલ પોપટલાલ ઠક્કરે કહ્યું કે જેનામાં રતિભાર આળસ નહીં હોય, જે નિરુત્સાહી નહીં હોય તે ખૂબ ખૂબ આગળ વધશે. 'કાસ્પ' સંસ્થા સાથે જોડાયેલા ભરતસિંહ જાડેજાએ કહ્યું કે ૨૦૨૫ માં નારીશક્તિ ખૂબ જ આગળ વધી હશે અને વિકાસમાં તેની ચાવીરૂપ ભૂમિકા હશે. જે દીકરીઓ વધુમાં વધુ ભણશે તે ક્યાંય પાછી નહીં પડે. ૨૦૨૫માં શુદ્ધ ખોરાક અને ગાયના દૂધનું બહું જ મોટું મૂલ્ય હશે. જેની પાસે સારી ગાયો હશે અને ફળદ્રુપ ભૂમિ હશે તે ભાગ્યશાળી ગણાશે તેવું કલ્યાણપરના જાગૃત કિસાન આંબાભાઈ ચટામરિયાએ જણાવ્યું હતું. તો ૨૦૨૫ માં વધુમાં વધુ વૃક્ષો અને ફળાઉ ઝાડથી વાગડની વાડીઓ લચેલી હશે. અહીંના ખારેક-દાડમ-બોર અનેક

જગ્યાએ નિકાસ થશે અને અહીંનો ખેડૂત વૈજ્ઞાનિક ખેતી કરતો થશે. વધુમાં વધુ ઉપજ લઈ તે દેશને ખૂબ ઉપયોગી થશે. ખેતી સંલગ્ન અનેકવિધ ઉપકરણોનું નિર્માણ રાપરમાં થશે તેવું ગ્રીનડ્રીમના યોગેશભાઈ જોશીએ જણાવ્યું.

આમ ૨૦૨૫માં વાગડ તમામ રીતે ખૂબ જ આગળ હશે. કજિયા કંકાશ કે ખટપટ કરવાનો કોઈને સમય પણ નહીં હોય. આજે હજુ નહેર આવ્યાને થોડોક જ સમય થયો છે ત્યારે ખૂબ લાંબે-લાંબે પાણીની લાઈનો સામૂહિક હિતને નજરમાં રાખી ઉદારભાવે એકસંપ કરી વિકાસના ફળ ચાખી રહ્યાં છે. જરાય આડોડાઈ વગર પોતાના ખેતરમાંથી પાઈપો લોકો પસાર થવા દે છે અને કહે પણ ખરા, 'આ ધરતી ક્યાં કોઈની થઈ છે, એ તો બધાની મા છે.' આમ ઉદારતાનો મોટો ગુણ અનેક લોકોમાં જોવા મળે છે, એ શુભ નિશાની છે. વિવિધ ખેતીના પાકો અને ખેતીના ઉત્તમ પ્રયોગો વાગડમાં થશે. પશુપાલન અને ખેતીમાં પ્રગતિશીલ અનેક ખેડૂતો રાપરમાં જોવા મળશે અને દૂર દૂરથી રાપરની ખેતીના પ્રયોગો જોવા લોકો આવશે. અનેક અનેક ક્ષેત્રે રાપરનો જોરદાર વિકાસ થશે તેવું ગ્રામ્ય સેવા સંગઠન સંસ્થાના સેવાભાવી શૈલેષભાઈ કોઠારીએ જણાવ્યું હતું. રાપર નગરપાલિકાના પૂર્વ કારોબારી ચેરમેન અને અનેક સેવા સંસ્થા સાથે જોડાયેલા ઉમેશભાઈ સોનીએ કહ્યું કે આવનારા સમયમાં રાપરના બધા જ રિંગ રોડ વેપાર વાણિજ્ય પ્રવૃત્તિઓથી ધમધમી ઊઠશે. ૨૦૦૧ના ભૂકંપ પછી રાજ્ય સરકારે કુનેહપૂર્વક આયોજન કરી નગર ફરતા રિંગ રોડ બનાવ્યા છે તે ખૂબ આશીર્વાદરૂપ પુરવાર થશે અને અનેક ધંધા રોજગાર ત્યાં ખીલી ઊઠશે. જો કે નંદાસર ત્રંબૌ ચોકડી તો આજે ધમધમી રહી છે પણ જયાં-જયાં રિંગ રોડના ત્રિભેટા મળે છે તે સઘળા વેપાર વાણિજ્ય વડે ખીલી ઊઠશે. રાપર નાનું નગર નહીં પણ રાજ્યનાં મોટાં શહેરોમાં તેની ગણતરી ૨૦૨૫માં થાય તો નવાઈ ના પામશો તેવું તેઓએ કહ્યું હતું. ■

## એક જ વાર પસાર થવાનું છે

*ભાગદોડ ભરી આ દુનિયામાંથી*
*મારે એક જ વાર પસાર થવાનું છે, ત્યારે*

*ક્યાંક કોઈના આંસુ લૂછી શકું,*
*ક્યાંક કોઈ સ્મિત વેરી શકું,*

*ક્યાંક કોઈનું દર્દ પી સકું,*
*કોઈની સામે લંબાવું હમદર્દીનો હાથ,*

*કરી લઉં બધું આ બનતી ત્વરાએ*
*ફરી કદી આ રસ્તે આવવાનું ન યે થાય.*

***– ભાર્ગવી દોશી***
***સૌજન્ય : "સમજણના સૂર"***

# કચ્છની વિશાળતા અને કોમ્યુનિકેશનનો વિકાસ

ભાવિન વોરા

બહુ થોડા દાયકા અગાઉ એવી માન્યતા પ્રવર્તતી હતી કે "કચ્છ એટલે રણ..." "કચ્છના કોઈ ગામોમાં જવું હોય તો ઊંટ પર બેસીને જવું પડે?" આવા સવાલો પણ સાંભળ્યા છે. ગુજરાતના લોકોમાં આવી માન્યતાઓ હતી. હા, હતી, હવે નથી રહી. કારણ એટલું જ કે રાજ્યના અન્ય ભાગો કરતાં વધુ અથવા ભારોભાર વિકાસનાં ફળ કચ્છના લોકોએ ચાખ્યાં છે. વિશાળતાની દૃષ્ટિએ ગુજરાતના મોટાભાગના લોકો જાણતા હોય છે કે કચ્છ જિલ્લો ૪૫,૬૫૨ ચોરસ કિલોમીટરના વિસ્તાર સાથે દેશનો પ્રથમ જિલ્લો છે. ૧૦ તાલુકાની વસતિ માત્ર ૨૧ લાખની નોંધાઈ છે પણ વિસ્તાર મુજબ ભારતભરમાં પ્રથમ નંબરનું સ્થાન ધરાવે છે. આટલા મોટા વિસ્તારને રસ્તા, પાણી, વાહનવ્યવહાર કે અન્ય માળખાકીય સુવિધાઓ પૂરી પાડવામાં ભલભલાં તંત્રને આંખે તારા દેખાઈ જાય તે હકીકત છે. પણ આકાશવાણી કે અખબાર જેવાં માસ કોમ્યુનિકેશનનાં મીડિયાનો પૂરતો ઉપયોગ કરીને કચ્છ જિલ્લો દુનિયાભરના નકશામાં અંકિત થઈ ગયો છે એમ કહેવું અતિશયોક્તિભર્યું નહીં જ ગણાય. આપત્તિ, પ્રવાસન અને ઔદ્યોગિકીકરણના પહેલુઓ સાથે જોડીને વિશાળ પ્રદેશમાં ચોથી જાગીરે સમાજજીવન હકારાત્મક રીતે વિકાસ પામે તેવી જવાબદારી નિભાવવાની હોય છે. તે તેની હવે પ્રાથમિક ફરજ બની રહી છે. હાલમાં તો સોશિયલ મીડિયા પણ ગામડે ગામડે પહોંચી ગયું છે પણ વિશ્વસનિયતા તો સમૂહ માધ્યમો એટલે કે અખબારો, રેડિયો અને દૂરદર્શનની જ બરકરાર રહી છે.

- **વ્યાપક જીવનને જોડવાનો અવિરત પ્રયાસ :**

કચ્છના પરિપ્રેક્ષ્યમાં વાત કરીએ તો સવારે રેડિયો પર 'વંદે માતરમ'થી માંડીને રાત્રિની છેલ્લી સભા સુધી શ્રોતાઓ ભુજ ઉપરાંત પકડાતાં તમામ સ્ટેશનો ફેરવી લેતાં હોય છે અને મનોરંજન સાથે જ્ઞાન, શિક્ષણ અને સામાન્ય જાણકારી પણ સાંભળે છે. તો અંતરિયાળ અને દૂરવર્તી વિસ્તારોમાં જિલ્લા કે રાજ્યના કોઈ એકાદ અખબારની એક બે નકલ પહોંચતી હોય અને તેમાંથી જેને વાંચતા આવડતું હોય એ હોશિયાર ગ્રામીણજન આસપાસના અંદાજે ૨૦ થી ૨૫ જણને ખબર આપતો રહે એ પ્રથા જીવંત છે. કચ્છની વિશાળતામાં ગ્રામીણ અને વિકાસશીલ પત્રકારત્વ થકી તાદાત્મ્ય સાધ્યું છે તેમ કહેવું ઉચિત રહેશે.

પશુપાલન અને વરસાદ આધારિત ખેતીના વ્યવસાય સાથે, ગ્રામીણ સંસ્કૃતિ અને પરંપરાએ તેની ઓળખ અને વિશાળતા કચ્છીઓએ જાળવી રાખ્યાં છે. રાજ્યમાં દર ૫૦ કિલોમીટરે જિલ્લો બદલી જતો હોય છે ત્યાં કચ્છમાં આટલા અંતરે એક તાલુકાની હદ બદલે છે એટલે અંતરિયાળ અને વ્યાપકતાની ગણતરી તેના પરથી માંડી શકાય છે. આમેય રાજાશાહી વખતનું આ 'ક' વર્ગનું રાજ્ય હોવાથી તેનું મહત્ત્વ પણ નોંધ લેવાપાત્ર છે. આવા રાજ્યસ્તરના વિશાળ જિલ્લામાં સમાજે તંત્ર સાથે, તંત્રે સમાજ સાથે સમસ્યાઓ, સુવિધાઓની આપ-લે કેમ કરવી એ યોગ્ય કોમ્યુનિકેશન એટલે કે પૂરતાં પ્રત્યાયનના આધારે શક્ય બનતું હોય છે. રાજાશાહીમાં તો નગારા વગાડીને રાજાઓના સંદેશા ગાઈ વગાડાતા હતા.

સમય જતાં માધ્યમોનો યુગ શરૂ થયો. તબક્કાવાર દૂરવર્તી જિલ્લામાં દૂરદર્શનની સગવડ પણ થઈ. તેમાંથી પ્રસારિત થતું મનોરંજન કે દેશ વિદેશ સાથે જોડાયેલી માહિતી, સમાચાર લોકો માણી શકે - જોઈ શકે તે માટે ખાસ ઊંચામાં ઊંચું ટાવર ભુજથી ૨૫ કિલોમીટર દૂર સામત્રા પાસે ત્રણ દાયકા પહેલાં ઊભું કરવામાં આવ્યું. તો ભુજમાં દૂરદર્શનનું રિલે કેન્દ્ર પણ મળ્યું. પરંતુ પ્રિન્ટ મીડિયામાં અલ્પ સંખ્યાના અખબારો દ્વારા જનજીવનને જોડવાનો પ્રયાસ કર્યો.

કોમ્યુનિકેશન એટલે કે પ્રત્યાયનથી સમાજ જીવનને જોડી રાખવા માટે અનિવાર્ય છે. કચ્છમાં તેનું અમલીકરણ વધુને વધુ થાય તે ગ્રામજીવન માટે હિતાવહ રહ્યું છે. ડેવલપમેન્ટલ કોમ્યુનિકેશન એક એવી પ્રક્રિયા છે કે, અસંતોષકારક સ્થિતિમાં પરિવર્તન, પ્રગતિ, સુધારણા અને આયોજનના તત્ત્વને ધ્યાનમાં રાખીને ગતિશીલ રીતે સંતોષકારક પરિસ્થિતિ સુધી પહોંચાડે છે. વિશાળતામાં વિકાસ કરવો સામાજિક, આર્થિક, શૈક્ષણિક અને રાજકીય પાસાઓને આવરી લઈને લોકોને જોડવાનું કામ કરવાનું હોય છે. આ માટે પ્રત્યાયન દ્વારા લોકોને સમજ અપાય છે, આગળ લવાય છે અને જરૂર પડ્યે અંકુશમાં પણ રખાય છે. કોમ્યુનિકેશનનો મતલબ જ એ છે કે લોકોની માગણી સમજવી, બહાર લાવવી, વિચારો કે ઉદ્દેશોનું આદાન પ્રદાન કરવું.

આવા પાયા પર જ કચ્છમાં વિકાસ પત્રકારત્વની ભૂમિકા અતિ અગત્યની બની છે. કારણકે, વિકાસની પ્રક્રિયા ધીમી હોય ત્યારે માધ્યમોએ પણ ધીરજ રાખવી પડતી હોય છે. તાર્કિક કામગીરી અને પરિણામો માટે તંત્ર વ્યવસ્થા અને સમાજ વ્યવસ્થાને જોડવા પડે છે. વાચક કે શ્રોતા સમજે છે કે નહીં અને નથી સમજતો તો શા માટે તેના પર પણ વિચાર માગતી

કામગીરી માધ્યમોએ કચ્છ જેવા જિલ્લામાં કરવાની થાય છે. કારણ કે સમાજિક પરંપરા, રૂઢિચુસ્તતા, વ્યક્તિગત મૂલ્યો, વિશ્વસનીયતા અને વહેતા પાણીમાં તરવાની કે સામા પાણીએ તરવાનો સમય પાર પાડવાનો થાય છે.

**● કચ્છમાં ગ્રામીણ પત્રકારત્વ પણ એક આયામ :**

જિલ્લાને તો કુદરતી અભિશાપ સાથે વિકાસના આશીર્વાદ પણ મળતા રહ્યા છે ત્યારે બંને વચ્ચે કેમ સંતુલન સાધવું એ પણ સમાચારપત્રો કહો કે માધ્યમોની ભૂમિકાનો ભાગ બને છે. લોકોને અગવડ ન પડે અને વાચકને શું જોઈએ છે કે જેમાં તેનો રસ છે અને જેના કારણે લોકહૃદયના તાર ઝણઝણે છે તે મહત્ત્વનું બની રહે છે. કચ્છમાં તો ગ્રામીણ પત્રકારત્વ કરવું પડે. એટલે અંતરિયાળ વિસ્તારોમાં પાણી, આવાસ, ઘાસચારો, રસ્તા, વાહનવ્યવહાર, વિવિધ સરકારી યોજનાઓ કે જેમાં ખેતીવાડી, પશુપાલન, લોકઆરોગ્ય, કુટુંબ નિયોજન, જન્મ મરણ દરની માહિતી, આવાસ યોજના કે રોજગારીની શું સ્થિતિ છે, કન્યા કેળવણીમાં શિષ્યવૃત્તિની કે સાઈકલ આપવાની હોય કે પ્રસૂતાઓને સહાય અથવા આધારકાર્ડ કે 'મા અમૃતમ્' યોજનાના કાર્ડ, રમત ગમતની યોજનાઓની માહિતી સાથેના સમાચાર છાસવારે સમાચારરૂપે સમાવવાના થતા હોય છે.

અખબારની આ એક સામાજિક જવાબદારી એટલા માટે બની રહે છે કારણ કે ૫૯ ટકા જેટલું શિક્ષણનું પ્રમાણ ધરાવતા કચ્છના લોકોને અખબાર કે સ્થાનિક માધ્યમો થકી કોમ્યુનિકેટ કરવું પડે છે. ગ્રુપ અને માસ કોમ્યુનિકેશન કરવું વિશાળતામાં હિતાવહ રહે છે. તો અહીં એ પણ જોવું પડે છે કે તમામ કચ્છીની ભાષા ગુજરાતી નથી, મોટાભાગના કચ્છી ઉપરાંત હવે તો ઔદ્યોગિકીકરણના કારણે પરપ્રાંતિયોની વસતિ પણ સામેલ થઈ છે. એટલે તેમને અનુકૂળ થાય તેવી ભાષાનું પ્રત્યાયન આવકાર્ય બન્યું છે. કચ્છી લોકોને તેમની ભાષામાં સમજાવવા માટે સાહિત્યનો સહારો પણ લેવો પડ્યો હતો. કચ્છી સાહિત્યની વાત કરવાની થાય ત્યારે દુલેરાય કારાણીજીને પણ યાદ કરવાના થાય. તેમણે આ પ્રાદેશિક ભાષાને ટકાવવાનો ભેખ લીધો હતો. પદ્ય સાહિત્ય એક સમયે લખાતું, પણ સમય જતાં ગદ્યમાં પણ તેનું સર્જન થવા લાગ્યું. કહેવતો, લોકવાયકાઓ કે કાફી જેવા પરિબળો ભાષાનું માધ્યમ બનતા આવ્યા છે.

**● પત્રકારત્વના ભેખધારી સ્વ. ફૂલશંકર પટ્ટણી :**

કચ્છના જાહેરજીવનના ઊગતા કાળમાં આઝાદીકાળની શું સમસ્યાઓ છે તેને સૈનિક જેવી જવાબદારી લેનારા મુરબ્બી અને આરંભકાળના પત્રકારત્વના યોદ્ધા એવા સ્વ. ફૂલશંકર પટ્ટણીને યાદ કરવાનું ભૂલી શકાય નહીં. ૧૯૩૫ના અરસામાં 'જય કચ્છ' નામનું પત્ર ચલાવનારા આ ભેખધારીએ સામે પાણીએ તરીને પત્રકારત્વ પાર પાડ્યું હતું. આઝાદીકાળ ઉપરાંત રાજાશાહી યુગમાં સત્તાને પડકારવી અને સોઈ ઝાટકીને લખી નાખવું એ તેમની એક પ્રકારની હિંમત હતી. પત્રકારત્વમાં નિષ્ઠા અને સચ્ચાઈ સાથે બાંધછોડ ન કરવાનો એક ગુણ પણ તેમના જયકચ્છની ભૂમિકાનો સમર્થક રહ્યો છે. મુંબઈમાં બેસીને કચ્છના જાહેકજીવનની અધૂરાશોને બહાર લાવવી અને તેમાં સુધારા કરાવવા એ પણ જિલ્લાસ્તરના અને ગ્રામીણ સ્તરના પત્રકારત્વમાં એક સફળતા હતી. કચ્છમાં આ પત્ર લાવ્યા બાદ પણ એ જ ઝનૂન અને નિર્ભયતાથી ચાલેલા સાપ્તાહિક પર પ્રતિબંધ સહિતનાં પગલાંઓ ભરાયાં હતાં. તેમ છતાં જુદા જુદા નામે અખબાર પ્રકાશિત કરીને તે સમયમાં પ્રજાની માટે લડત ચાલુ રહી હતી.

**● અખબારોની સ્પર્ધા કચ્છ માટે ફાયદારૂપ :**

માત્ર જિલ્લા નહીં પણ રાજ્ય કે રાષ્ટ્રીય સ્તરના અખબારો પણ સ્પર્ધામાં હોવાના કારણે ગ્રામીણ કે શહેરી લોકને માહિતીનો તોટો નથી રહેતો પરંતુ ટાર્ગેટ વાચક સુધી જે પહોંચવું જોઈએ તે પહોંચવું જ જોઈએ તે શરત પણ આપોઆપ અમલી બની જાય છે. માત્ર સમાચારો પૂરા પાડવાથી વાત પૂરી નથી થઈ જવાની. ગામડાં પણ શહેરી જીવન સાથે ચાલે એટલે ગ્રામીણ વાચકોને તેમને સમજાય તેવી ભાષામાં પણ સમાચારોની રજૂઆત થવી જોઈએ. સવારે જાગીને માત્ર હવે સમાચારો જ નથી વંચાતા. સમાચારો સાથે માહિતી, શિક્ષણ, મનોરંજન કે વેલ્યુ એડિશન હોય કે જેમાં ખૂણે ખૂણે પથરાયેલા વાચક અને ન્યુઝ સાથે સંબંધ ધરાવતા લોકોને રસ પડે તે આપવાનું રહે છે. વીતેલા દિવસની બનેલી ઘટનાઓ, કાર્યક્રમો, સમારંભો કે જે કંઈ પ્રસંગો બન્યા હોય તેની માહિતી વિસ્તૃત છણાવટ સાથે મળે, સાથે સાથે આજના અને આવતા દિવસોમાં શું થવાનું છે તેની પૂરક વિગતો પણ હોય, એ કચ્છીજનની અપેક્ષા હોય છે.

સમાચારપત્ર એટલે એવી જ માન્યતા કે રોજ સવારે જાગીએ અને પણ હવે યુગ બદલાયો છે. આગળના દિવસની ઘટનાઓ કે કાર્યક્રમો સમાચાર પત્રોમાં આવે તે પહેલાં તો સોશિયલ મીડિયામાં વાયરલ થઈ ચૂક્યાં હોય છે. એટલે જો ન્યુઝ પેપર્સ એ જ વસ્તુ આપશે તો વાચકને કંઈ નહીં મળે અને આજના સમયમાં કે યુગમાં તે વર્તમાન સાથે ચાલી નહીં શકે. વાચક તો વાચક આ મુદ્દો ન્યુઝ પેપર ઈન્ડસ્ટ્રીએ પણ એટલો જ ધ્યાનમાં રાખવો પડતો હોય છે. જો કે તેમાં દરેક અખબારોના પોતાના ધારાધોરણો હોય અને ટાર્ગેટ રીડર પણ અલગ હોય છે. તેમ છતાં બેઝિક આરોગ્ય સાથે સમાચારો અને માહિતી આપવા લગભગ ફરજિયાત બની રહે છે. સમાજને સુધારવાના સ્તંભ તરીકે જર્નાલિઝમનું મોટું યોગદાન રહેતું આવ્યું છે. આગળ કહ્યું તેમ તે યુગ અલગ હતો અને વર્તમાન સમય અલગ છે. ત્યારે પણ સમાજ સુધારણાની જરૂર હતી અને આજેય સમાજ સુધારણાની જરૂર તો છે જ, માત્ર બંનેના હેતુ બદલાયા છે. ત્યારે લોકોને આગળ વધારવાની સૂચનાઓ આપવી પડતી, આજે તેજ ગતિએ આગળ વધી રહેલા સમાજને જરૂરિયાત મુજબ બ્રેક મારીને આગળ વધવા જણાવવું પડે છે. અખબારો ધારે તો સમાજના પ્રહરી બની શકે છે. હવે માત્ર

સમાચારોથી નથી ચાલતું. માત્ર સમાચાર પ્રકાશિત કરીને ભૂલી જવું એમ નહીં થાય, લોકોને ફોલોઅપ જોઈએ છીએ. કારણ કે મસાલો ભરીને ચટપટા બનાવવાના સમાચાર કે માહિતી અલ્પજીવી હોય છે. હાલનો સમાજ હાઈટેક બન્યો છે. ન્યુઝપેપરની ભૂમિકામાં પણ બદલાવ આવ્યો છે. કચ્છમાં તો એવું છે કે વરસાદના સમાચારો પણ અતિ મહત્ત્વના હોય છે. અમીછાંટણાથી માંડીને સાંબેલાધાર કે રૌદ્ર સ્વરૂપ સુધીના વરસાદને પૂરતું સ્થાન આપવું માધ્યમોની ફરજમાં આવતું રહ્યું છે. કારણ કે, ''મીં'' એટલે કે વરસાદ ધરતીનો લાડો ગણાય છે. કચ્છનો કુદરતી ભૂતકાળ દુષ્કાળના ખપ્પરમાં પસાર થયો હોવાના કારણે વરસાદ આધારિત આ જિલ્લામાં 'મીં' ને આવકારવો એક પ્રસંગ બને છે. તળાવો, જળાશયો કે નાની અને મધ્યમ સિંચાઈના ડેમ ઑગને ત્યારે તેમાં આવેલાં નવા નીરને શાસ્ત્રોક્ત રીતે વધાવવામાં આવે છે. 'ઑગનવું' શબ્દ પણ અહીં જ પ્રચલિત બન્યો છે. મુંબઈમાં સામાન્યતઃ ૧૦મી જૂને ચોમાસુ બેસે અને તેના ૧૫ દિવસના અરસામાં અષાઢી બીજ આવતો હોય તો ખેડૂત કે ગ્રામીણજન આકાશ તરફ નેજું નાખીને ચાતક નજરે વરસાદની રાહ જોવા બેસી જાય છે. આવા સમાચારો કે તસવીરો વાચકો દ્વારા અનિવાર્યપણે સ્વીકારવામાં આવતા હોય છે. અરે, અછત કે અર્ધ અછત જેવી પરિસ્થિતિ પ્રવર્તતી હોય ત્યારે પાંચ ઈંચ વરસાદ પડી જાય અને અછત દૂર થાય તેની રાહ લોકો ઉપરાંત તંત્ર પણ જોતું હોય છે. તો કેટલું ઘાસ ઉગ્યું કે ડેમોમાં કેટલો જથ્થો જમા થયો તેની આંકડા સાથેની વિગતો અહીંના વાચકો કે શ્રોતાઓ ઈચ્છતા હોય છે. એટલે માધ્યમોની આવી ભૂમિકા કચ્છમાં જરૂરી બની રહે છે.

## • પત્રકારત્વની સામાજિક ભૂમિકા :

રોજગાર કેમ્પ, આરોગ્ય કેમ્પ કે કચ્છમાં તો નવા વર્ષની ઉજવણીની સામાજિક જવાબદારી પણ ઉપાડી લે છે. વળી વિદ્યાર્થીઓ અખબારના માધ્યમથી ૨૦ વર્ષ પછીનું શું વિઝન જોઈ રહ્યાં છે તેનો અંગુલી નિર્દેશન કરીને તેમના મનમાં પણ સામાજિક સેવા સાથેના બદલાવની ભૂમિકા ભજવી રહ્યાં છે. અખબારો હવે 'બાયસ્ડ' એટલે કે રાજકીય સહિતની કોઈ પક્ષાપક્ષી રાખી શકતા નથી. કારણ કે માધ્યમોના કારણે લોકો જાગૃત થયા છે, જો કંઈ તરફેણવાળું કે વિરોધાભાષી છપાઈ જાય અને તેમાં તથ્યાત્મક કે માહિતીદોષ હોય તો તે વાચકો તેને પકડી લે છે અને વિશ્વસનીયતા સામેના સવાલો ઊભા થાય છે. વર્તમાન યુગ સમાજને સાથે લઈને ચાલવાની ભૂમિકા અખબારોએ ભજવવાની છે અને તે જ સમયની જરૂરિયાત છે. આટલા વિશાળ જિલ્લામાં લોકોની નસ પકડીને સમાચાર પારખવા અને સમાચારો કે માહિતીનું પ્રેક્ષણ કરવાનું અને તેમાં પણ જુદું જુદું પીરસવાનું એ કંઈ ખાવાના ખેલ નથી તે સામાન્ય વાચક પણ સમજતો રહ્યો છે. હા, એટલું ખરું કે કચ્છમાં સ્વાતંત્ર્ય પર્વ હોય કે અન્ય કાર્યક્રમો જેમાં વ્યક્તિ પોતે જોડાયેલો હશે તેને પોતાના નામની અપેક્ષા રહેતી હોય છે અને તેના કારણે તે સમાચારોનો સોર્સ પણ બનતો રહે છે.

## • આફતો કે અવસરમાં એકરૂપતા :

કચ્છ જિલ્લો નિયતિની થપાટોનો અવારનવાર ભોગ બનતો રહ્યો છે. દુકાળ, વાવાઝોડું અને ભૂકંપ એ ત્રણેય આપત્તિ સાથે અહીંના લોકોને જાણે પનારો પડ્યો હોય તેમ છે. દર બે વર્ષે કોઈને કોઈ આપત્તિ આવતી રહે છે. આવી હાલતમાં માધ્યમોની ભૂમિકા અગત્યની રહે છે. લોકો કે જેઓ અસરગ્રસ્ત બનતા હોય છે, ઉચ્ચસ્તરના રાજકારણ વચ્ચે વહીવટી તંત્રના આદેશ વછૂટતા હોય છે ત્યારે માધ્યમોએ જનજીવન જળવાઈ કેમ રહે તે જોવાનું હોય છે. તંત્ર કે સરકાર દ્વારા ખોટ કે ગેરવાજબી પગલાં ભરાતા હોય ત્યારે તેમને ટપારવાની અને જરૂર પડ્યે આંદોલન તરફ પ્રેરવા સુધીની જવાબદારી અદા કરવી પડે છે. ૨૦૦૧ના વિનાશકારી ભૂકંપ વખતે કચ્છ અમુક દિવસો માટે કટ ઓફ હતું ત્યારે હેમ રેડિયો કે સેટેલાઈટ રેડિયો માધ્યમ બન્યાં હતા. ભુજનું આકાશવાણી ભવન જર્જરિત બની ગયું હતું તેમ છતાં પરીસરમાંથી પ્રસારણ બંધ નહોતું કરાયું. સમાચાર મળતા આવે તેમ બુલેટિન ચાલુ જ રખાતા હતા અને ગુજરાત કે દેશમાં કેમ ભૂકંપની તબાહીનો સંદેશો પહોંચે અને ભૂગ્રસ્તોને કેમ તમામ પ્રકારની સહાય ઊભી થાય તેના અવિરત પ્રયાસો આવી કપરી આપત્તિ ટાંકણે જોવાયા હતા. માધ્યમોએ દુનિયાને કચ્છ દેખાડ્યું હતું. રેડિયો તારણહાર બન્યો હતો એમ કહેવું જરાય અતિશયોક્તિભર્યું ન કહેવાય. જેમ સમાચાર વહેતા થયા તેમ વિશ્વભરના માધ્યમોએ કચ્છમાં ધામા નાખ્યા હતા. પત્રકાર હોય કે કેમેરામેન, તમામ અસરગ્રસ્તોની સાથે સહાયના તંબુઓમાં રહ્યા હતા અને સેવાકીય રસોડાઓમાં જમ્યા પણ હતા. અરે, અમુક ચેનલોની ટીઆરપી પણ ધરતીકંપના પ્રસારણના કારણે ઊંચી આવી હતી.

ભૂકંપ તો ભૂકંપ, ૨૦૦૯ના કંડલાના વાવાઝોડા હોય કે ૨૦૧૪ ની નીલોફર વાવાઝોડાની કચ્છની દરિયાઈ સીમાએ ભીતિ ઊભી થઈ હોય તેની સામે સચેત માધ્યમોના કારણે જાગૃતિ આણી શકાઈ હતી. લોકફરિયાદો, તંત્રની અણ આવડત કે પ્રશંસા થકી દિશાનિર્દેશ આપી શકાતા હતા.

## • સરહદી પ્રવૃત્તિમાં સંશોધક જેવી જવાબદારી :

વિવિધતાભર્યા પ્રદેશમાં સરહદની સમસ્યાઓ સળગતી રહે છે. ઓપરેશન્સ બધાં દરિયાઈ ક્રીક, રણ કે ડુંગરાળ વિસ્તારમાં થતાં હોય પણ એન્ટી નેશનલ એલિમેન્ટસ હોવાથી તેની ખબરો દેશભર માટે મહત્ત્વની સાબિત થઈ શકતી હોય છે. ભારત અને પાકિસ્તાનને રણ અને દરિયાઈ સીમા સાથે જોડતા આ જિલ્લામાં અગાઉ દાણચોરીનું પ્રમાણ પણ વધારે રહેતું હતું. તત્સમયના કેટલાક સ્થાનિક લોકોની કથિત મિલીભગત સાબિત પણ થતી હતી અને આવા સમયમાં દેશવિરોધી ભોપાળાં બહાર લાવવા માધ્યમોની જવાબદારી બનતી હતી. માલની સાથે માણસને પણ પનાહ મળી જાય અને દેશવિરોધી પ્રવૃત્તિઓ અમલી બને તો

જોખમ ઊભાં થઈ શકે તેમ હતાં. આ દરમિયાન પણ પોલીસ જેવી ભૂમિકા મીડિયાએ ભજવવી પડતી હતી. હાલમાં પણ પાકિસ્તાની માછીમારોનું માછલી પકડવાનું આક્રમણ ઓછું નથી રહ્યું. સિરક્રીક હોય કે હરામીનાળાનો ભાગ, ક્યાંય પણ આવી ઘૂષણખોરી ધ્યાનમાં આવે કે તરત કચ્છના પ્રિન્ટ અને ઇલેક્ટ્રોનિક મીડિયા તેને પહેલ લઈને સમાચારો આપતા રહેતા હોય છે. ઘણી વખત સુરક્ષા એજન્સીઓની સાથે સમાંતર ધોરણે ઇન્વેસ્ટીગેશન જર્નાલિઝમના પ્રયાસો પણ થાય છે. સલામતી એજન્સીની તપાસમાં ખલેલ ન પડે અને દેશહિતમાં જરૂરી હોય તેવા સમાચારો આપવાનું અહીંનો મીડિયા ચૂકતો નથી તે પણ નોંધવું જોઈએ. કારગિલ યુદ્ધ વખતે પણ કચ્છમાં ભારત ભાવનાનો જુવાળ ફેલાયો હતો. અફસોસની વાત એ છે કે આ જિલ્લામાં તે સમયે સબળ માધ્યમોની સંખ્યા નહિંવત હતી.

એક મુદ્દો એ પણ યાદ આવે કે કચ્છમાં પાડોશી દેશના રેડિયોના વેવ્સ પણ પકડાતા હોય છે. આના કારણે ત્યાંના માધ્યમોમાં ભારત વિરોધી કેવો માહોલ છે તે સાંભળવા મળતું હોય છે. કચ્છમાં રેડિયો ખૂબ લોકપ્રિય હોવા છતાં એફ.એમ. કે એવી વિશેષ સુવિધાઓનો અભાવ છે પણ સરહદ પારના આક્રમણો સામે રેડિયો જેવા માધ્યમને સબળ બનાવવું પણ સમયની માંગ ઊભી થઈ છે. કારણે ભારતના ભાગલા વખતે અમુક સમાજોના રોટી બેટીના વ્યવહારો ચાલુ રહ્યા છે તો પાકિસ્તાનમાં આવેલા હિંગલાજ સ્થાનકે પણ ભાવિકોની અવર જવર રહેતી હોવાથી ત્યાંના અને આપણા જરૂરી સમાચારો પ્રસારિત થાય તે આવકાર્ય ગણાયું છે. મુદ્રિત માધ્યમો તો તેનું કામ કરતા આવ્યા છે પણ રેડિયો પર સામે પારના આક્રમણને ખાળવા આ સેવા મનોરંજન સહિતના ક્ષેત્રે સક્ષમ બનાવવી અનિવાર્ય છે. ઉલ્લેખનીય એ પણ છે કે અગાઉના કાળમાં દૂરદર્શન સાથે વિરોધી દેશનું પ્રસારણ પણ જોવા મળતું હતું જે એક પ્રકારનું સાંસ્કૃતિક, વૈચારિક આક્રમણ સમાન હતું.

● **આધુનિકતાનું યુટીલાઈઝેશન :**

હાલમાં કચ્છ પણ આધુનિકતા સાથે ડગ માંડી રહ્યું છે. ગ્રામીણ લોકો સાથે કોમ્યુનિકેશન અઘરી બાબત છે પણ સરકારી યોજનાઓ હોય કે રાહતલક્ષી અથવા સરહદી જાણકારી પહોંચાડવાની થાય ત્યારે વહીવટી તંત્રે પણ માધ્યમો ઉપરાંત પોતાની માળખાકીય સુવિધા ઊભી કરી પડી છે. રાજ્યના મુખ્યમંત્રી કે મુખ્ય સચિવ જેમ વિડિયો કોન્ફરન્સ કરતા હોય તેમ કચ્છ જિલ્લા પંચાયત દ્વારા પણ જિલ્લાના તમામ ૧૦ તાલુકાના પ્રમુખો, વિકાસ અધિકારી, સરપંચ કે તલાટીઓ સાથે વીસીનો ઉપયોગ કરીને સંવાદ કરાય છે સૂચનાઓ અપાય છે. આ એક સરકારી માધ્યમ બની રહે છે પણ દૂર દરાજના ભાગોમાં વિગતો પહોંચાડવા માટે યોગ્ય પ્રત્યાયન સાબિત થાય છે. ડિજિટલ ઇન્ડિયાનો ઉપયોગ છેવાડના માનવી સુધી પરોક્ષ રીતે કરી શકાય છે. બીજી બાજુ વ્હોટ્સ ઍપ જેવા સોશિયલ મીડિયાનો ઉપયોગ પણ તંત્રના અધિકારીઓ દ્વારા કરવામાં આવે છે અને જોડાયેલા રહે છે. એક ડગલું આગળ વધીએ તો, કચ્છના ધોરડો સ્થિત નમક સરોવર એટલે કે સફેદ રણમાં ગુજરાતના પ્રધાનમંડળ ઉપરાંત ઉચ્ચાધિકારીઓની ચિંતન શિબિર હોય કે ૨૦૧૫માં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેજા તળે યોજાયેલી દેશભરના પોલીસ મહાનિરિક્ષકોની મીટ હોય, જેના કારણે પ્રવાસના નવા બેંચમાર્ક ઊભા થયા છે. દેશના લોકોએ કચ્છને જોયું છે, જાણ્યું છે. આટલી મોટી ઈવેન્ટ્સ થતી હોય તેમાં મીડિયાના યોગદાનને અવગણી ના શકાય. જો માધ્યમો આવી ઘટના, પ્રસંગોની નોંધ નહીં લે કે નહીં લેવા દેવાય તો સરવાળે તો નુકસાન જ થતું હોય છે. સરકારના પ્રયત્નો એક પ્રકારે વ્યર્થ થતા હોય છે અને દેશવાસીઓને કંઈ જાણવા મળતું નથી.

● **નોંધ તો દુનિયાના માધ્યમોએ પણ લેવી પડે :**

કચ્છને વિશ્વના નકશામાં મૂકવા માટે ચેનલોનું યોગદાન પણ એટલું જ રહ્યું છે. ડિસ્કવરી જેવી ચેનલ કચ્છના નાના રણના ઘુડખરથી માંડીને ખાવડાના પચ્છમાઈ પીર વિસ્તારના સરહદી ગામોની હસ્તકળા કે બન્નીની ભેંસના પાલન સાથે કરાતા પશુ ઉદ્યોગને પણ પોતાના કાર્યક્રમમાં વણી લીધો છે. પ્રવાસનની દૃષ્ટિએ આ જિલ્લો શિરમોર બની રહ્યો છે. ગુજરાત પ્રવાસન નિગમે પણ ગુજરાતનું માર્કેટિંગ કરવા મહાનાયક અમિતાભ બચ્ચનનો સહારો લેવો પડ્યો છે તેમાં રાજ્યના અન્ય પ્રવાસનધામો કે તીર્થધામો એક બાજુ અને તેની ભારોભાર મહત્ત્વ કચ્છને આપવું પડ્યું છે. "કુછ દિન તો ગુજારિએ ગુજરાતમેં" એવું ઍડ કેમ્પઈન દૃશ્ય શ્રાવ્ય માધ્યમોમાં ચલાવાય છે ત્યારે કચ્છ માટે તે પહેલાં સહેલાણીઓને સંબોધીને એમ પણ કહેવાય છે કે "કચ્છ નહીં દેખા તો કુછ નહીં દેખા." આ ટુરિઝમ દાયકો કચ્છનો છે અને ચોક્કસ તે માધ્યમોને આભારી રહ્યો છે. કારણ કે, શરદોત્સવ, ભુજ કાર્નિવલ અને હવે રણોત્સવનું મીડિયાએ બ્રાન્ડિંગ ના કર્યું હોત તો સફેદ રણ આપણી સમક્ષ આવ્યું ન હોત એ પણ હકીકત છે. સમગ્રતયા વાત કરીએ તો કચ્છ અને માધ્યમો એમાં પણ ખાસ કરીને અખબારો જિલ્લાની સાંકળતી કડી બની રહ્યાં છે. સ્થાનિક ચેનલ્સ પણ શરૂ થઈ છે અને છેવાડાના સમાચારો છેવાડા સુધી પહોંચાડે છે. ગ્રામ વિકાસ સરહદી સમસ્યાઓ, વહીવટી સુવિધાઓ કે ૨૧મી સદીમાં આગળ ધપી જવાની વાતોનું શિક્ષણ, મનોરંજન, કંઈક પ્રકારનું જ્ઞાન, ટકોર, રાજકીય દખલગીરી સુદ્ધાં કચ્છના મીડિયાની ફરજમાં આવે છે અને તે ફરજ બજાવાતી હોય તેમ સાબિત થતું રહ્યું છે. કચ્છમાં વિશાળતા એક પડકાર ચોક્કસ છે પણ તેમાં રહેલી વૈવિધ્યતા, એ લોકો સુધી પહોંચાડવાની માધ્યમો માટે સદાય તક બની રહી છે.

*૧૨ સીડી, 'શિવભાવ' શક્તિનગર - ૨*
*પડદાભિટ્ટ હનુમાન મંદિર પાસે*
*એસ.ટી. વર્કશોપ રોડ ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.*
*ફોન : (૦૨૮૩૨) ૨૨૩૭૧૦ મો. : ૯૯૦૯૯ ૪૪૦૫૪*

# મુંદ્રા ફરી પેરિસ બની જશે

અશ્વિન ઝિંઝુવાડિયા

કચ્છના પેરિસ તરીકે ઓળખાતું મુંદ્રા બદલાઈ ગયું છે, બદલાઈ રહ્યું છે અને બદલાઈ જશે. ઈ.સ. ૧૯૯૨-૯૩ સુધી તાલુકામથક અને મોટા ગામડાની ઓળખ સાથે મુંદ્રાના નસીબ આડેનું પાનું અદાણી કંપનીના આગમનથી હટી ગયું. વિકાસના મુદ્દે શંકા કે સંશયનો તબક્કો ૧૯૯૫ માં જ પૂરો થયો. ત્યારબાદ તેજીના તોફાની ઘોડાએ એવી તો હણહણાટી સાથે દોટ મૂકી કે સંખ્યાબંધ લોકો કરોડપતિ બની ગયા. તેજી અને સતત તેજીનો ઘોડો છેવટે થાકી ગયો. છેલ્લા કેટલાક વર્ષોથી મંદી શરૂ થઈ અને વિકાસની વ્યાખ્યાને જમીનના ભાવ સાથે જોડી દેવામાં આવી. ફરી તેજી ક્યારે આવશે? નો પ્રશ્ન સતત લોકજીભે સાંભળવા મળે છે.

પરિવર્તનના પવનમાં સંખ્યાબંધ ઉચ્ચ કક્ષાની હોટલો અસ્તિત્વમાં આવી. ગુજરાતીની સાથે પંજાબી-ચાઈનીઝ અને થાઈ ફુડ મળતાં થયા. હોટલ અને ટ્રાન્સપોર્ટ ઉદ્યોગ વિકસ્યો. એક સમયે કંઠીપટ્ટ તરીકે ઓળખાતા મુંદ્રા તાલુકામાં ૪૦ હજાર જેટલા પરપ્રાંતીય શ્રમિકોએ ધામા નાખ્યા. કેટલાક ગામોમાં તો સ્થાનિક કરતાં બારાતુ લોકોની વસતિ વધી જવા પામી. વસતિ વધવાની સાથે સ્વભાવિક છે ગુનાખોરીનો ગ્રાફ ઊંચો ગયો. ફોરવ્હીલમાં નોટો ગણવાના મશીન ગોઠવાયાં અને કરોડો રૂપિયાના જમીનના સોદા થયા. જો કે આ અને એવી સંખ્યાબંધ વાતો ઘટનાઓને ટાંકી શકાય છે.

આપણી ચર્ચાનો મુદ્દો છે આવનારાં ૧૦ વર્ષ પછી મુંદ્રા કેવું હશે? ભવિષ્ય શું? જવાબ સ્પષ્ટ છે, અતિ ઊજળું. માત્ર મુંદ્રા નહીં પણ સમગ્ર કચ્છના વિકાસનું સૂત્રધાર મુંદ્રા હશે. બંદરના માધ્યમ દ્વારા વિકાસ સાધવાની મૂળભૂત વિભાવના બે દાયકાના અંતે ફળીભૂત થયેલી જોવા મળે છે. સેઝમાં આવનારા ઉદ્યોગો અને સેઝ ઓથોરિટી એવાં પરિબળ છે કે, મુંદ્રા (મુંદ્રા નગર ઉપરાંત નજીકનો ગ્રામ્ય વિસ્તાર) ની સિકલ બદલી નાખશે.

મુંદ્રા, બારોઈ, ગોએરસમા, ધ્રબ, નાના કપાયા, મંગરા જેવા ગામોને મર્જ કરીને મુંદ્રાને એક કરી નાખવામાં આવશે. ગ્રામ પંચાયતમાંથી નગરપાલિકા બને તો ફાયદો થાય એવું સાંભળવા મળે છે પણ જવાબદાર સૂત્રો સાથેની વાતચીતમાં ગ્રા. પંચાયત કે નગરપાલિકાના બદલે સેઝ ઓથોરિટી મુંદ્રાની તમામ જવાબદારી સ્વીકારી લેશે.

પંચાયતી સંસ્થાઓ તેમનું અસ્તિત્વ ખોઈ બેસશે. મુંદ્રા સાથે ઉપર દર્શાવેલા ગામોને ટુ વે રસ્તો બનાવી લાઈટ, પાણી સહિતની સુવિધાઓને અપગ્રેડ કરી દેવામાં આવશે. આવનારા ભવિષ્યને ધ્યાને લઈએ તો કેન્દ્ર સરકારની સ્માર્ટ સિટીની યોજના માટે મુંદ્રા પ્રબળ દાવેદાર છે. મુંદ્રાથી લુણી (વાયા ગોએરસમા) વચ્ચે આવનારી જાયન્ટ ઓઈલ રિફાઈનરીના સૂચિત વસતિ વધારાને ધ્યાને રાખીને મુંદ્રા પોલીસ સ્ટેશનના ત્રણ સ્ટેશન બનાવવાની દરખાસ્ત ઑલરેડી ગૃહવિભાગને મળી ગઈ છે.

મુંદ્રા નગરના સાંકડા રસ્તા અને તે ઉપરના અધધધ દબાણો, ગંદકી અને ટ્રાફિક સમસ્યાથી લોકો વાજ આવી ગયા છે. ઇન્ટરનેટ ઉપર સર્ચ કરી જોવા મળતું મુંદ્રા અને સ્થાનિકે આવી જોવા મળતા મુંદ્રામાં ઘોડા-ગધેડાનો તફાવત છે. પ્રાગપરથી બંદર જતો નવો રસ્તો અત્યારે ફોર ટ્રેક છે. એને વિસ્તારીને એઈટ ટ્રેક બનાવવાનું પણ આયોજન માસ્ટર પ્લાનમાં છે. એવું પણ બને કે વર્તમાન મુંદ્રા નગરને જેમનું તેમ છોડીને નવું મુંદ્રા નજીકમાં જ ડેવલોપ થાય. મુંદ્રાની ભાગોળે આવેલી અદાણી એરસ્ટ્રીપને આંતરરાષ્ટ્રીય વિમાન મથક બનાવવા માટે ઇ.સી. સર્ટિ.ની રાહ જોવાય છે. એ દિવસો બહુ દૂર નથી કે મુંદ્રાથી મસ્કત કે મુંદ્રાથી દુબઈ સહિતના દેશોની ફ્લાઈટ શરૂ થાય. સાથેસાથે મુંદ્રાથી અમદાવાદ-મુંબઈ કે દિલ્હીની ફ્લાઈટ સેવા ઉપલબ્ધ બને. સેઝમાં આવનારી દેશી અને વિદેશી કંપનીઓ માટે અદ્યતન એરપોર્ટની સુવિધા તૈયાર કરાયેલા માસ્ટર પ્લાનનો એક ભાગ છે. મુંદ્રાથી પેસેન્જર ટ્રેન શરૂ કરવામાં કદાચ મોડું થાય, પરંતુ મુંદ્રાથી વિદેશી વિમાની સેવાઓ પહેલાં શરૂ થાય.

સને ૧૯૯૨ સુધી કોઈને સ્વપ્ન પણ નહોતું આવ્યું કે ગામને પાદરેથી રેલવે પસાર થાય. અત્યારે દર કલાકે ૬ થી ૮ ગુડ્ઝ ટ્રેન પસાર થાય છે.

વર્તમાન શાકમાર્કેટ, એસ.ટી. ડેપો, પોલીસ થાણું સહિતના યુનિટો વેલ પ્લાન સાથે અન્યત્ર ખસેડાય. ઉચ્ચકક્ષાના ટાઉન પ્લાનરોની ઓફિસોમાં મુંદ્રાની સંપૂર્ણ કાયાકલ્પ કરવાના પ્લાન નકશા બની રહ્યા છે અને ન કલ્પી કે વિચારી શકાય એવા ઐતિહાસિક પરિવર્તનો માટે લોકોએ તૈયાર રહેવું પડશે. મુંદ્રાને 'પોર્ટ સિટી' બનાવવાનો માસ્ટર પ્લાન ક્યારે અમલમાં આવશે એ નક્કી નથી પણ આવશે એ નક્કી છે.

મુંદ્રાને મુંદ્રા પોર્ટ સિટી બનાવતી વખતે મુંદ્રાથી લુણી, મુંદ્રાથી ઝરપરા, મુંદ્રાથી ગુંદાલા, મુંદ્રાથી પ્રાગપર સુધીના (અંદાજે ૧૦ કિ.મી. નો વિસ્તાર) વિસ્તારને સિટીની વ્યાખ્યામાં આવરી લેવામાં આવશે. બસ નહીં પણ સિટી બસથી આ વિસ્તારને

(અનુસંધાન : જુઓ પાના નં.-૪૯ ઉપર)

# પરપ્રાંતીય પ્રજાઓનું આગમન : સવાલો અને ઉકેલો

નિમિષ વોરા

કુદરતી આપદાઓના કારણે સરહદી સૂકા મૂલક કચ્છમાંથી રોજીરોટીની તલાશમાં હિજરતનો ઇતિહાસ પ્રચલિત છે. ખાસ કરીને કાળમુખા દુકાળના લીધે કચ્છીઓને બેવતન થવું પડ્યું છે. પરંતુ દોઢ દાયકા પહેલાના ખોફનાક ભૂકંપે ચિત્ર પલટી નાખ્યું છે. કચ્છમાં ઉદ્યોગોના આગમનની પછવાડે પરપ્રાંતીય પરિવારોનો વસવાટ વધતો રહ્યો છે. એક ઊડતા સર્વેક્ષણ મુજબ જિલ્લાની ૨૧ લાખની વસતિમાં દોઢેક લાખ પરપ્રાંતીય કે બિનગુજરાતી લોકોએ કચ્છને કર્મભૂમિ બનાવી હોવાનો અંદાજ છે.

દેશના કોઈપણ પ્રાંતનો નાગરિક ભારતમાં ગમે ત્યાં વસીને રોજીરોટી મેળવી શકે તેવો તેનો બંધારણીય અધિકાર છે. હા, એ ખરું કે ભૂતકાળમાં મુંબઈ વસતા કચ્છી - ગુજરાતી કે યુ.પી. બિહારવાસીઓ સામે મહારાષ્ટ્રની શિવસેના કે મહારાષ્ટ્ર નવનિર્માણ સેનાની ઝુંબેશ થઈ છે. પરંતુ તે રાજનીતિનો એક ભાગ હોવાથી સમયાંતરે આ અભિયાન શમી ગયું છે.

પણ કચ્છને લાગેવળગે છે ત્યાં સુધી કચ્છમાં વસેલા પરપ્રાંતીયો ઔદ્યોગિક વિકાસનો ભાગ બન્યા છે તે ખરું, પણ છેલ્લા એક દાયકામાં ગુનાખોરીમાં જબ્બર ઉછાળો આવ્યો તેની પાછળ આ બારાતુ પ્રજામાંનાં અસામાજિક તત્ત્વો સામે આંગળી ચીંધાતી રહી છે તે સિક્કાની બીજી બાજુ છે.

### • એકાદ લાખ શ્રમિકોનો પડાવ :

ભૂતકાળમાં એટલે કે ૨૦૧૧માં ઉદ્યોગકારોના સંગઠન અને શ્રમ આયુક્ત કચેરી ઉપરાંત ઉપલબ્ધ સ્થળેથી એકત્ર વિગત પ્રમાણે કચ્છના નાના અને મધ્યમ એકમોમાં કુલ ૮૦ જેટલા પરપ્રાંતીય શ્રમિકો કામ કરતા માલૂમ પડ્યા હતા. અત્યારે આ આંક એકાદ લાખે પહોંચ્યો હોવાનું માની શકાય. અને આ શ્રમિકોના પરિવાર સહિત પરપ્રાંતીયની વસતિ લગભગ દોઢેક લાખ થવા જાય છે. ભૂકંપ પછીના એક દાયકામાં કચ્છની વસતિ ૩૨ ટકા વધી જેમાં પરપ્રાંતીય શ્રમિકોની સિંહસંખ્યા હોઈ શકે.

### • મુંદ્રા પંથક સૌથી મોખરે :

કંડલા પોર્ટની સ્થાપના પછી બંદરીય ઉદ્યોગ અને કંડલા ફ્રી ટ્રેડ ઝોનના પગલે સૌપ્રથમ ગાંધીધામ સંકુલમાં ખ્રિસ્તી, તામિલ, રાજસ્થાની, મરાઠી, ઉડિયા, શીખ પરિવારોનું આગમન થયું અને તેમાંથી ગાંધીધામ 'લઘુ ભારત'ની પ્રતિકૃતિ બન્યું છે. આજે ગાંધીધામમાં ઓણમ, છઠ્ઠ પૂજા, નાતાલ, પ્રકાશ પર્વ, ગુડી પડવો જેવી ઉજવણી હોળી દિવાળી જેવી સહજ બની છે.

પરંતુ ધરતીકંપ પછી અદાણી પોર્ટના વિકાસ અને પાવર પ્રોજેક્ટ્સના આગમન પછી મુંદ્રા અને કંઠાપટ્ટ પરપ્રાંતીયો માટે રનવે બની રહ્યો છે.

મુંદ્રાની વાત કરીએ તો છેલ્લી વસતિ ગણતરી અનુસાર નગરની ૨૦,૩૨૯ અને ગ્રામ્ય પંથકની ૧,૩૨,૭૧૭ મળી સમગ્ર તાલુકાની કુલ વસતિ ૧.૫૩ લાખ જેટલી નોંધાઇ છે. જેમાં અત્યારે ૫૦ હજાર જેટલા પરપ્રાંતીયો હોવાનો અંદાજ છે. તાલુકા મથક ઉપરાંત શિરાચા, ધ્રબ, બારોઈ, કપાયા, સમાઘોઘા, ભુજપુરમાં ઉત્તર પ્રદેશ, મધ્યપ્રદેશ, રાજસ્થાન, બિહારના શ્રમિકોએ કંઠાપટ્ટને અપનાવી લીધો છે.

એટલું જ નહીં, જ્યાં પિયર આધારિત ખેતી છે, ત્યાં ખેતમજૂરી માટે પણ બારાતુ આદિવાસી પ્રજાએ કચ્છી હળ ધારણ કરી લીધા છે. પટેલ ચોવીસી, નખત્રાણા, માંડવી અને મુંદ્રા તાલુકામાં સમૃધ્ધ ખેડૂતોએ વાડી ખેતરો આધારિત કૃષિ શ્રમિકોને 'ભાગ'માં આપી દીધી છે.

### • સ્થાનિક અર્થચક્ર તેજ :

રોટી, કપડાં અને મકાન માનવની પ્રથમ જરૂરિયાત હોવાની નજરે કચ્છમાં પરપ્રાંતીયોનાં આગમનથી જ્યાં જ્યાં આ પ્રજાનો પ્રભાવ છે ત્યાં ત્યાં અર્થતંત્રને ભેટ મળ્યું છે કારણકે ખરીદ શક્તિ વધી છે. ઘણા ગામોમાં વેપારીઓને બખ્ખા થયા છે. ગરજના ભાવ લેવાતા હોવાના લીધે અનેક દુકાનદારો બે પાંદડે થયા છે.

વેપારીઓ મહિના દા'ડાની દાળ રોટલી માત્ર એક રવિવારમાં જ કાઢી લે છે તેટલી ઘરાકી છે. આ વાત થઈ આવશ્યક ચીજવસ્તુની. ઉપરાંત, મુંદ્રા અને ગાંધીધામ વિસ્તારમાં પરપ્રાંતીયોના ટેસ્ટને ધ્યાને લઈ પંજાબી, રાજસ્થાની ઢાબાથી માંડીને થ્રી-સ્ટાર હોટલો પણ ધમધમી રહી છે.

### • મકાનભાડામાં તોતિંગ વૃદ્ધિ :

ધરતીકંપ પછી ભુજ, અંજાર, ભચાઉ સહિતના શહેરોને પારાવાર હાનિ થઇ અને સરકારે ખાસ પેકેજ જાહેર કરીને મકાન માલિકો અને ભાડૂતોને મકાન બનાવીને ઠરીઠામ કરી આપ્યા. તો જ્યાં જ્યાં ગામો નષ્ટ થયા ત્યાં સ્વૈચ્છિક સંસ્થાઓની મદદથી ગામો નિર્માણ પામ્યા તે બાબત જગજાહેર છે. આ હિસાબે ભૂકંપ પછીનાં કેટલાંક વર્ષોમાં માથે છત ન હોય તેવા ઘરવિહોણા પરિવારોની

સંખ્યા જૂજ હતી કારણકે મોટાભાગના મકાન માલિક બની ગયા. પરંતુ ઉદ્યોગો માટે ટેક્સ હોલી ડેની લાલ જાજમ બિછાવતાં બારાતુ પરિવારો ધંધાર્થે કચ્છમાં વસ્યા પછી ખપત વધી. પરિણામે ભાડામાં જબ્બર વૃદ્ધિ થતી રહી છે. આજે કચ્છના શહેરમાં એક રૂમ રસોડું રૂપિયા ૨ થી ૩ હજારમાં ભાડે મળવું પણ મુશ્કેલ છે.

ઉદ્યોગો સાથે શ્રમિકોની મોટી સંખ્યા કચ્છમાં વસી. તે સાથે વ્હાઇટ કૉલર અધિકારી કર્મચારીઓના પરિવારો પણ કચ્છમાં વસ્યા છે. તેઓ સંતાનોના ભવિષ્યને લઇને શહેરોમાં રહેવાનું પસંદ કરે છે અને મોં માગ્યાં ભાડાં પણ ચૂકવે છે. સામે શ્રમિકોના બસેરા સાથે ઝુંપડપટ્ટીઓનો વ્યાપ વધતો રહ્યો છે.

કચ્છમાં એક તરફ આલીશાન મોલ, વિશાળ રસ્તાઓ, બ્રાન્ડેડ ચીજવસ્તુઓનું માર્કેટ, મલ્ટીપ્લેક્ષ થિયેટર, અદ્યતન રિસોર્ટ, થ્રી-સ્ટાર હોટલ, ૪૦થી ૫૦ લાખના મૂલ્યની મોંઘીદાટ કાર નજરે પડતા શો રૂમની દોમદોમ સાહ્યબી કચ્છીઓને ભલે પોરસાવે, પણ બીજી તરફ શહેરોની આસપાસ રૂપાળી ચૂડેલના વાંસા જેવી ગંદકીથી ખદબદતી ઝુંપડપટ્ટીની સમસ્યા વધીને દૂષણ બની રહી છે.

- **કાયદો વ્યવસ્થાનો પ્રશ્ન સંગીન :**

મુંદ્રા, ભચાઉ, અંજાર વિસ્તારોની હંગામી વસાહતોમાં રહેતા શ્રમિક પરિવારો વચ્ચે અવારનવાર થતી નાની મોટી બબાલો પોલીસ ચોપડે નોંધાતી રહે છે. નાની સી વાતે કાયદો હાથમાં લેવો અમુક માથાભારે બળાકુ તત્ત્વો માટે રમત વાત છે.

- **દેશી દારૂનો દૈત્ય :**

આ ઝુંપડપટ્ટીની સાથે દેશી દારૂનો વેપલો દિન પ્રતિદિન વકરતો જાય છે. પરિણામે આ પરિસ્થિતિનો લાભ લઇને સ્થાનિકના માથાભારે લોકો 'ડોન' બની ગયા છે અને શ્રમિકોને નશાને રવાડે ચડાવીને ભરપૂર ગેરફાયદો ઉઠાવતા રહ્યા છે.

- **વ્યાજનું વિષચક્ર :**

કેટલીક જગ્યાએ વ્યાજનું વિષચક્ર પણ વકર્યું છે. જરૂરતમંદ શ્રમિકોને ટાણું સાચવવા વ્યાજે નાણાં આપ્યા પછી મજબૂરીનો ગેરલાભ લેવો, અરે, પરત નાણાં મેળવવા જીવલેણ હુમલાના બનાવો પણ કચ્છની આંખે જોવા મળી રહ્યા છે.

- **બોગસ તબીબગીરી :**

ગંદકીમાં સબડતા મજદૂર પરિવારોના લલાટે અવારનવાર માંદગી તો લખાયેલી જ હોય છે. પરિણામે બે ટંક પેટિયું માંડ રળતા આ પરિવારોને ક્લિનિક કે દવાનો ખર્ચ પોષાય નહીં તે સારી પેઠે જાણતા ડિગ્રી વિહોણા લેભાગુ કહેવાતા તબીબો લાલ ચોકડીનાં બોર્ડ મારીને રાંક દર્દીઓના આરોગ્ય અને ગજવાં સાથે ચેડાં કરતા રહે છે.

- **ઘરફોડ લૂંટમાં ઉછાળો :**

ધરતીકંપ પછી કચ્છમાં ગુનાખોરી એટલી વધી કે પોલીસ તંત્રને એક જ જિલ્લામાં બે ભાગ થયા છે. અત્યારે ભુજ અને ગાંધીધામમાં પશ્ચિમ અને પૂર્વ પોલીસ વિભાગમાં બે અધિક્ષકો સાથે વિભાજન કરાયું છે છતાંયે દર વર્ષે ઘરફોડ ચોરી, લૂંટ, મારામારી, હત્યા, બળાત્કાર જેવા ગુના બનતા જ રહે છે. શ્રમિકોની આડમાં માત્રને માત્ર ગુનાના ઈરાદે ઘૂસેલા પરપ્રાંતીયોની ટોળકી તરફ અવારનવાર આંગળી ચિંધાતી રહી છે.

- **ગેરકાયદે જોડાણો :**

શ્રમિકો દ્વારા ખડકાતી જતી ઝુંપડપટ્ટીઓ વહીવટીતંત્ર માટે શિરદર્દ સમાન છે. આના લીધે અનેક જગ્યાએ પાણીની સત્તાવાર પાઈપ લાઈનમાં ભાંગફોડ થવી કે ગેરકાયદે જોડાણ લઈ લેવાતાં અસલ નાગરિકોને પાણીની પીડા ભોગવવી પડે છે. વળી વરસાદી પાણીના વહેણ કે નીચાણવાળા વિસ્તારમાં મુખ્યત્વે બનતી આવી ગેરકાયદે વસાહતો ચોમાસામાં સત્તાવાળાઓ માટે ચિંતાનો વિષય બની ગઈ છે.

- **ઉપાયો કેટલા કારગત?**

ખાસ કરીને પરપ્રાંતીયોમાં ઘૂસી જતાં ગુનેગારો પર બાજનજર રાખવા અનુભવે શીખેલા પોલીસ તેમજ વહીવટી તંત્રે અમુક પગલા લીધા છે તેમાં બારાતુ શ્રમિકો પર પૂરતી દેખરેખ રાખવા તેમજ પોલીસ તપાસ માટે વિગતો ઉપલબ્ધ રહે તેવા હેતુસર તમામ ઔદ્યોગિક એકમો તરફથી જે લેબર કોન્ટ્રાક્ટર પાસે મજૂરો મેળવાય છે તેમને કામે રાખતાં પહેલાં નામ, સરનામાની વિગતો રાખવાનું જાહેરનામું મેજિસ્ટ્રેટે અમલી બનાવ્યું છે. મજૂરોની ફોટા સાથેની યાદી દર મહિને પોલીસને પૂરી પાડવા તેમજ ઓળખ સાબિત કરવાનું અમલી બનાવાયું છે. ઉપરાંત હવે તો કચ્છમાં કોઈ સ્થાનિકે પણ પોતાનું મકાન ભાડે આપે તે પૂર્વે પોલીસને ભાડુઆતની સર્વાંગી વિગતો આપવી પડે છે.

એક સર્વેક્ષણ મુજબ એકલા મુંદ્રા તાલુકામાં જ છેલ્લા દોઢ દાયકામાં ૧૩થી ૧૪ રાજ્યોના લોકો આવી વસ્યા છે. તેમાંના ઘણા કચ્છીઓ સાથે હળીભળી ગયા છે. વળી ઉદ્યોગ કે સિવિલ વર્કમાં કામ કરવાની શક્તિ ધરાવે છે તે સલામીને પાત્ર છે.

ગાંધીધામ - કંડલા જેવા પચરંગી સંકુલમાં મારવાડી, પંજાબી, તામિલ, તેલુગુ પરિવારો કચ્છના આ આર્થિક પાટનગરની ધરી બન્યા છે. કચ્છીઓ તેમના ઋણી રહેશે. અબડાસાના કોઠારા, તેરામાં પંજાબના કિસાનોએ બંજર જમીન પર હળ ચલાવીને નંદનવન સર્જ્યું. નેપાળીઓની વસતિ પણ ચોકીદારીના ક્ષેત્રે વધતી રહી છે. કડિયાકામમાં હવે રાજસ્થાની શ્રમિકોની બોલબાલા વધતી ગઈ છે. ત્યારે રંક કે સુખી સંપન્ન પરપ્રાંતીયો સવાયા કચ્છી બની રહે તે ગૌરવની વાત છે. પણ આગવી ઓળખ ધરાવતા સાગરપેટા કચ્છને અન્ય રાજ્યોની ગુનાખોરીનો લૂણો ન લાગે તે સામે પોલીસ અને પ્રત્યેક કચ્છીઓએ સાવધ રહેવું પડશે.

*કચ્છમિત્ર કાર્યાલય, ભુજ, કચ્છ.*

# ગાંધીધામ... ઊભરતું મુંબઈ

અઝીમ શેખ

શરૂઆતથી જ પહોળા રસ્તા, આધુનિક હોટેલ, મોલ, વૈભવી વિલા, ટાઉનશિપ ધરાવતા કચ્છના આર્થિક પાટનગરનો આવતા દાયકામાં નજારો ભવ્ય હશે.

વિશાળ માર્ગે સડસડાટ દોડતી લક્ઝુરિયસ મોટરો, શોપિંગ મોલ્સ, સ્પા, અદ્યતન જીમ, હોટેલો અને વૈભવશાળી ટાઉનશીપ, ભવ્ય વિલા... આજના ગાંધીધામનો આ મિજાજ છે. કંડલા બંદરે ઘૂઘવતા દરિયાના મોજાં પર સવાર આર્થિક ઔદ્યોગિક વિકાસની છાલક વરસોથી અનુભવતી આ ટાઉનશિપ દાયકા પછી કરવટ બદલીને મિની મુંબઈ બની ન જાય તો જ નવાઈ. અત્યારથી ગાંધીધામમાં સોના-ચાંદીના ઝવેરાત હોય, ફર્નિચર હોય કે ગાર્મેન્ટ હોય 'બ્રાન્ડ' ચીજોનું ચલણ વિશેષ છે. કચ્છના બે મોટાં શહેરમાં એક ભુજ અને બીજું ગાંધીધામ આવે. ભુજ ઐતિહાસિક ઇમારતો, પરંપરાગત માહોલ જાળવીને વિકસ્યું છે. ભુજ અને ગાંધીધામ વચ્ચે સેતુરૂપ અંજાર નગરનોય વિકાસ ચોમેર થઈ રહ્યો છે, પણ મહાબંદર કંડલા, એસ.ઇ.ઝેડ. તથા અન્ય ઉદ્યોગોને લઈને ગાંધીધામને પહેલેથી કચ્છના આર્થિક પાટનગરનું બિરૂદ મળી ચૂક્યું છે. ભારત-પાકિસ્તાનના ભાગલાને પગલે પાકિસ્તાનના સિંધથી હિજરત કરીને ભારત આવેલા સિંધી શરણાર્થીઓને વસાવવા માટે અસ્તિત્વમાં આવેલું કચ્છનું આર્થિક પાટનગર ગણાતું ગાંધીધામ વિકાસની સીડી ઉપર શરૂઆતથી જ અગ્રેસર થયું હતું. ધંધા-રોજગાર અને મહાબંદર કંડલાના શિપિંગ ઉદ્યોગનો પાલવ પકડીને કચ્છમાં જુદી ભાત પાડતું આ પંચરંગી શહેર હવે આવતા દસકામાં દેશના પાટનગર મુંબઈની તોલે આવી જાય તેવા સંજોગો છે. આદ્યસ્થાપક ભાઈપ્રતાપ ડીયલદાસની દૂરંદેશીને લઈને અસ્તિત્વમાં આવેલા જોડિયાં નગરો ગાંધીધામ અને આદિપુર પૈકી ગાંધીધામ વ્યવસાયિક મથક, જ્યારે આદિપુર રહેણાંક નગર હતું. મહાબંદર કંડલા ઊભું થયા પછી આ સંકુલના વિકાસે વેગ પકડ્યો હતો. શરૂથી જ ભાવિને ધ્યાનમાં લઈને પહોળા રસ્તા, વ્યવસ્થિત હારબંધ દુકાનો, મકાનો અને વરસાદી પાણી નિકાલ સહિતની વ્યવસ્થાએ આ શહેર સંકુલને કચ્છના અન્ય શહેરો-નગરોથી અલગ બનાવ્યું. વિકાસને પગલે તમામ આધુનિક બ્રાન્ડેડ શો-રૂમ, ચીજ વસ્તુઓ આ શહેરમાં દેખાવા લાગી. ભૂકંપ પછી તેના આ વિકાસને વધુ ઢાળ મળ્યો. જે શો-રૂમો મુંબઈમાં હોય તેવા શો રૂમ આ શહેરમાં ખુલવા માંડ્યા. બીજી બાજુ મોલ કલ્ચર પણ વિકસવા લાગ્યું. ધનપતિઓના આ શહેરમાં ભૂકંપ બાદ અને પહેલાં પણ ઉચ્ચકક્ષાની સગવડો ધરાવતી હોટેલ, ગાર્ડન રેસ્ટોરન્ટ દેખાવા લાગ્યાં. આધુનિકતાનો રંગ ગાંધીધામ વાસીઓને કચ્છમાં સૌથી પહેલાં લાગ્યો. વસ્ત્રો, વાહનો વગેરે સુખ-સુવિધાની ચીજવસ્તુઓ મુંબઈની સાથે જ અહીં પહોંચવા લાગી. આમ, ગાંધીધામ કચ્છમાં નોખી ભાત પાડતું રહ્યું. આગામી દાયકાનો જો વિચાર કરીએ તો કંડલા પોર્ટ ટ્રસ્ટ દ્વારા સ્માર્ટ પોર્ટ સિટી વિકસાવવાની યોજના છે. બીજી તરફ વૈશ્વિક મંદીની મારમાંથી ધીમેધીમે બહાર આવવા મથતા ઉદ્યોગો જો ધારણા મુજબનો વિકાસ સાધશે તો આ સંકુલના વિકાસને ચાર ચાંદ લાગી જશે. માળખાકીય સગવડો પૈકી રિંગ રોડ, ફાટકો ઉપર ઓવરબ્રિજ જેવાં કામોને સરકાર અગ્રતા આપશે તો આવતા દાયકામાં આ પંચરંગી શહેર મહાનગર બનવા ભણી અગ્રેસર થશે એ અંગેના પ્રયાસોય શરૂ થઈ ગયા છે. ■

## મુંદ્રા ફરી પેરિસ બની જશે!

(અનુસંધાન : પાના નં.-૪૬ ઉપરથી ચાલુ)

સાંકળી લેવામાં આવશે. આ અને આવા માસ્ટર પ્લાન કામો સેઝ ઓથોરિટી દ્વારા નિર્માણ પામશે. સેઝની અંદર આવનારા ઉદ્યોગો ઉપર આનો આર્થિક ભાર પડશે.

સેઝ અને બંદર વિકાસની પ્રક્રિયાના ભાગરૂપે જે નવી વસતિ મુંદ્રા કે આસપાસ આવશે તેમના માટેની ટાઉનશિપોને ક્યાં ક્યાં ગોઠવવી, ત્યાંના (વસાહતો) ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને સુખાકારી માટે પણ અત્યાર સુધી થયું તેમ નહીં પણ વ્યવસ્થિત પ્લાનિંગ કરવામાં આવશે.

એક સમયે મુંબઈ માત્ર માછીમારોનું નાનું બંદર હતું. સમય જતાં અત્યારે એ માત્ર દેશ નહીં પણ આંતરરાષ્ટ્રીય કક્ષાનું મેગા સિટી બની ગયું છે. આ જ ઇતિહાસનું પુનરાવર્તન મુંદ્રામાં આકાર લઈ રહ્યું છે. ધ્રબ ઝરપરા-ગુંદાલા કે પ્રાગપર એ મુંદ્રાના એક પરા કે વિસ્તાર તરીકે ઓળખાશે. એક સમયે એટલે કે આજથી માત્ર ૨૦ વર્ષ પહેલાં મુંદ્રામાં રેલવે? મુંદ્રામાં ઍરપોર્ટ? લોકોને વિશ્વાસ નહોતો. લગભગ એવી જ વાત મુંદ્રા પોર્ટ સિટીના સંદર્ભમાં જોવી જોઈએ. 'બધું જ શક્ય છે'ની વાત જેટલી ઝડપથી સ્વીકારાય એટલી વિકાસના પ્રેક્ષક નહીં ભાગીદાર બનવામાં સહાયભૂત બનશે. બંદર ઉપરના આવનારા અધધધ.. ટ્રાફિકને બહાર કાઢવા માટે પણ સંખ્યાબંધ બાયપાસ બનશે. સવાલ સમયનો છે... કે આ બધું ક્યારે બનશે? જેમ અત્યાર સુધી બીજું બન્યું એમ આ પણ બની જશે.

અને છેલ્લે...આંતરરાષ્ટ્રીય કક્ષાની ત્રણ ફાઈવસ્ટાર હોટેલોએ મુંદ્રા ઉપર પસંદગી ઉતારી છે. ■

# મહિલા સશક્તીકરણ : દિલ્લી અભી દૂર હૈ

ઉત્કંઠા ધોળકિયા

મહિલા સશક્તીકરણ — આ શબ્દનાં જાતજાતનાં અર્થઘટનો જમાના મુજબ થવા લાગ્યાં છે. સોશિયલ નેટવર્કિંગ સાઈટ્સ પર કે સેમિનારોમાં આ વિષયે મજાકથી માંડીને ફિલોસોફી તેમ જ મતમતાંતરો ચર્ચાતાં રહે છે. લેખ, કવિતા, નિબંધ-બધું જ લખાય છે. વાસ્તવમાં મહિલા સશક્તીકરણ થયું છે ખરું? થયું છે તો કેટલું? અને તેનો માપદંડ શો?

એ હકીકત છે કે મહિલા સશક્તીકરણ માટે ઘણાં નક્કર પગલાં લેવાયાં છે. કચ્છમાં ધરતીકંપ પછીનાં વર્ષોમાં આ મુદ્દો બહુ વેગ પકડી રહ્યો છે. બહુ બધાં ક્ષેત્રે મહિલાઓ આગળ આવી રહી હોવાની વાત થઈ રહી છે. ઘણી સંસ્થાઓ આ ક્ષેત્રે વિવિધ કામગીરી કરી રહી છે અને સરકારની પણ જાતજાતની યોજનાઓ અને ઉજવણી આ મુદ્દાને કેન્દ્રમાં રાખીને કરવામાં આવતી હોય છે.

નોકરી કરનારી મહિલાઓનો વર્ગ વધી રહ્યો છે. પોતાનો સ્વતંત્ર વ્યવસાય કરતી બહેનો ઘણી સારી સંખ્યામાં દેખાઈ રહી છે. પહેલાંની સરખામણીએ ભણતરમાં પણ છોકરીઓની સંખ્યા વધી રહી છે. કચ્છમાં ભુજ અને ગાંધીધામ સિવાયના અન્ય તાલુકાઓમાં શરૂ થયેલી કૉલેજને લીધે અપડાઉનનો પ્રશ્ન ટળી ગયો છે. પરિણામે છોકરીઓ ઉચ્ચ શિક્ષણ લઈ રહી છે. પત્રકારત્વ, પોલીસતંત્ર જેવાં ક્ષેત્રોમાં આંગળીને વેઢે ગણાય તેટલી, પણ મહિલાઓ છે ખરી. એટલે એમ કહી શકાય કે હવે મહિલાઓના વિવિધ ક્ષેત્રના પ્રવેશની શરૂઆત થઈ ગઈ છે.

વિવિધ રાજકીય પક્ષોનાં મહિલાજૂથો અલગ બને છે. તેમાં તેમને આગેવાની લેવાની તક મળે છે. તે જ રીતે ગામોમાં સરપંચ અને પંચાયત બોડીમાં પણ મહિલા સભ્યો હોય છે. વહીવટ ખરેખર તેઓ ચલાવે છે કે નહિ એ અલગ પ્રશ્ન છે. તે જ રીતે પંચાયતને સહયોગ આપવા અને ગામના વિવિધ પ્રશ્નોના ઉકેલ માટે અલગ અલગ સમિતિઓ જેમ કે, સંજીવની સમિતિ, પાણી સમિતિ કે શિક્ષણ સમિતિ વગેરેમાં પણ પણ મહિલા સભ્યો હોય છે. હવે તો જ્ઞાતિ મુજબનાં મહિલામંડળ પણ થવા લાગ્યાં છે. અલબત્ત, તેઓ જ્ઞાતિના હિત માટે નિર્ણયો કેટલા લે છે એ અભ્યાસની બાબત છે.

આ અને હજી પણ એમાં ઉમેરી શકાય એવી ઘણી બાબતો માટે વિચાર આવે કે શું આ જ છે મહિલા સશક્તીકરણ? આ શબ્દોનો અર્થ શો થાય? એથી સહેજ આગળ વિચારીએ તો, માત્ર મહિલા જ નહિ, કોઈના પણ માટે સશક્તીકરણની વ્યાખ્યા શી? કોઈ પણ વ્યક્તિ પોતાની જાત માટેના તમામ નિર્ણયો પોતાની રીતે, પોતાની જાતે લઈ શકે એ નિર્ણયો લેવા જેટલી પરિપક્વતા તેનામાં વિકસે ત્યારે એને સાચા અર્થમાં 'સશક્તીકરણ' કહી શકાય.

અલબત્ત, આ અર્થને જ્યારે મહિલાઓ સંદર્ભે જોઈએ ત્યારે ખ્યાલ આવે કે હજી મંઝિલ ઘણી દૂર છે. એટલું હકારાત્મક આશ્વાસન છે કે એ દિશામાં કદમ માંડવાનું શરૂ થયું છે. એટલે મંઝિલ દૂર છે, પણ હાંસલ અવશ્ય થશે.

તકલીફ એ છે કે આપણે ત્યાં મોટાભાગે બધી બાબતોને બાહ્ય માપદંડથી જ મૂલવવામાં આવે છે. એ ધર્મપાલન હોય, દેશપ્રેમ હોય કે પછી મહિલા સશક્તીકરણ. બહાર દેખાતી સ્થૂળ બાબતો માપદંડ બને ત્યારે સાચું મૂલ્યાંકન અઘરું છે. સશક્તીકરણનાં ઘણાં પાસાં છે. એને બહારથી માપવાને બદલે ઊંડાણથી સમજવા પ્રયત્ન કરીએ તો સાચું ચિત્ર બહાર આવે. આ માટે સમય કે દરકાર તો પછીના તબક્કે આવે, એ સમજવાની નિયત પણ ઓછી જોવા મળે છે. જાહેર જીવનમાં પડેલા જવાબદાર લોકો પણ અનેક પ્રસંગે મહિલાઓ વિષે જ ટીપ્પણીઓ પ્રસાર માધ્યમોમાં કરે છે એ તેમની અસલી માનસિકતા સૂચવે છે. એટલું જ નહિ, તે એ પણ દર્શાવે છે કે આ મુદ્દે હજી આપણા લોકો સપાટી ઉપર જ છબછબિયાં કરી રહ્યા છે.

ખરેખર જોઈએ તો મહિલાઓની જિંદગીમાં ઉપરછલ્લો જ ફરક આવ્યો છે. મહિલાઓ નોકરી કરતી થઈ છે. પણ એ સ્થળે એમની સલામતી કેટલી? કેટકેટલાં પ્રકારનાં શોષણનો ભોગ તેઓ બને છે! ઉપરાંત, પોતાની આવકનો પોતાની મરજી મુજબ ખર્ચ કરવાનો નિર્ણય બહુ ઓછી મહિલાઓ લઈ શકતી હશે. મહિલાઓને નામે મિલકત તો હજી પણ બહુ ઓછી જોવા મળે છે. અને જે જોવા મળે છે એ પણ ટેક્સ બચાવવાના ઈરાદાથી જ. પિતાની કે પતિની મિલકતમાં પોતાના અધિકારરૂપે ભાગ માગતી મહિલાને આજે પણ તિરસ્કારની નજરે જોવામાં આવે છે.

એ જ પરિસ્થિતિ ભણતરની છે. દીકરીઓનું ભણતર વધ્યું છે પણ શરતો હજી સમાજની જ લાગુ પડે છે. પોતાનાં ગામમાં જેટલાં ધોરણ સુધીની શાળા હોય એટલું જ ભણવું એવા નિર્ણય

છોકરીઓ માટે તેમના વાલીઓ દ્વારા લેવામાં આવે છે. બાજુનાં ગામ કે શહેરમાં આગળ ભણવાની સુવિધા હોય તો પણ છોકરીઓને ત્યાં જવા નથી મળતું. કદાચ કોઈ જાય તો અપડાઉનમાં શોષણનો ભોગ બને એવી શક્યતા હોય છે. માત્ર આ જ કારણસર કેટલી બધી છોકરીઓની કારકિર્દી બની શકતી નથી. બીજું પરિણામ એ આવે છે કે અપડાઉનમાં આવો કશો અનુભવ થાય તો છોકરીઓ પોતાનું ભણતર બંધ થઈ જશે એ બીકે કોઈને તેઓ કોઈને કહેતી નથી. 'જે થાય તે, ભણવા તો મળે છે ને!' એવા વિચારે બસ કે અન્ય વાહનમાં કે બસ સ્ટેન્ડ જેવી જાહેર જગ્યાઓ ઉપર થતી જાતીય સતામણી સહન કર્યા કરે છે. એ રીતે જોઈએ તો સગવડ અને વિકાસમાં આ ફરક છે. કમ્પ્યુટરથી સજ્જ, વિશાળ મકાનવાળી એકદમ અદ્યતન શાળા હોય પણ એમાં છોકરીઓની સંખ્યા ઓછી હોય કે છોકરીઓ માટે અલગ બાથરૂમની વ્યવસ્થા ના હોય તો એ માત્ર સગવડ અને એ પણ અપૂરતી સગવડ છે, વિકાસ નથી જ નથી.

હમણાં એવો પ્રવાહ ચાલ્યો છે કે "આપણી" સંખ્યા વધારો. આવાં બેજવાબદાર નિવેદનો આપણા નેતાઓ જાહેરમાં કરે છે. એમને ખ્યાલ નહિ હોય કે એક બાળકને જન્મ આપતાં કેટલી તકલીફ પડે છે. પ્રસૂતિ એ સમાજની નહિ, પણ કુદરતની વ્યવસ્થા છે. એટલે એ દુનિયાની દરેક સ્ત્રી માટે એકસરખી જ હોય છે. એમાં કોઈ ધર્મ, જ્ઞાતિ, વર્ગ કે વિસ્તાર નડતાં નથી. એટલે 'વધુ બાળકો પેદા કરો' એ બોલવું સહેલું છે, એટલું કરવું સહેલું નથી.

કેટલાં બાળકોને જન્મ આપવો એ નક્કી કરવું સ્ત્રીના હાથમાં નથી. એને લાગે કે મારે એક સંતાન જ પૂરતું છે. પણ એ જો દીકરી હોય તો કુટુંબના દબાણને વશ થઈને તે સ્ત્રીએ પુત્રજન્મ ના થાય ત્યાં સુધી વારંવાર પ્રસૂતિની પીડામાંથી પસાર થવું પડે છે. કાયદો ગમે તે હોય, તેને અવગણીને ડોક્ટરોને વધુ પૈસા આપીને, સોનોગ્રાફી દ્વારા ગર્ભપરીક્ષણ કરાવવામાં આવે છે. ગર્ભમાં બાળકી હોય તો પોતાની મરજી વિરુદ્ધ તે સ્ત્રીને ભ્રૂણહત્યા કરાવવાની શારીરિક અને માનસિક પીડામાંથી પસાર થવું પડે એ અલગ.

આ લખનારને આરોગ્ય ચકાસણીના કેમ્પ દરમ્યાન ત્રણથી ચાર મહિનાના ગાળામાં, અલગ અલગ ગામોની હજારથી વધુ બહેનોને મળવાનું થયું. એ બહેનોએ પોતાનાં દિલની વેદના ઠાલવી તેમાં આ જ વાત વારંવાર સાંભળવા મળી. કેટલીયે બહેનોને દબાણ હતું કે બાળક તો પુત્ર જ હોવું જોઈએ. મોટાભાગની બહેનોને વારંવાર પ્રસૂતિને લીધે ગર્ભાશયની તકલીફ હતી. પતિ જનનાંગોની સફાઈ ના રાખે એમાં તેની પત્ની જાતજાતના ચેપનો ભોગ બને. આટલી મોટી સંખ્યામાંથી માસિકની તકલીફ ના હોય એવી માંડ એકાદ બે બહેનો હતી. એ સમયગાળા દરમ્યાન શારીરિક પીડા અને માનસિક તાણ બધી બહેનો અનુભવતી હતી.

ત્યારે યાદ આવે કે બસમાં બહેનો માટે અલગ સીટ હોય છે. પણ એ કોણ ખાલી કરી આપીને બહેનોને બેસવા આપે છે? આખી બસમાં કઈ બહેન માસિકના સમયગાળામાંથી પસાર થઈ રહી છે એ કેમ ખબર પડે? બહેનો માટે અલગ સીટની જોગવાઈ આવાં કારણોસર કરવામાં આવી છે. પણ એનો અમલ યોગ્ય રીતે થતો નથી. મહિલા અશક્ત કે નબળી છે એટલે નહિ, પણ આ પરિસ્થિતિ દરમ્યાન એને રાહતની જરૂર હોય છે એ સમજાતું નથી. પોતાનાં ગામમાંથી તાલુકા કે જિલ્લામાં ખરીદી માટે આવતી બહેનો માટે શૌચાલયની પૂરતી વ્યવસ્થા નથી હોતી. બસસ્ટેન્ડમાં પણ એ વ્યવસ્થા નથી હોતી. અથવા હોય તો સફાઈ, પાણી, લાઈટ અદશ્ય હોય છે.

સંતાન બાબતે બીજી સામાજિક તકલીફો પણ થાય છે. દીકરી આવે તો પિતાને નહિ, માતાને જવાબદાર ઠેરવવામાં આવે છે. બાળક રહેવામાં તકલીફ થતી હોય તો સ્ત્રીએ જ તપાસ કરાવવાની, પતિમાં ખામી હોઈ જ ના શકે. એ માટે ક્યારેક પુરુષનાં બીજા લગ્ન સુધી પણ વાત પહોંચે છે.

સગવડ અને વિકાસની વાત કરીએ તો દવાખાનું હોય, તો પૂરતો અને જરૂરી સ્ટાફ ના હોય. સ્ટાફ હોય તો પાણી કે લાઈટ ન હોય. બધું હોય તો એક મહિલાને તપાસવા માટેની પૂરતી અંગતતા (પ્રાઈવસી) ના હોય. એટલે માત્ર માળખું, અને એ પણ નામનું, હોય તો તેને સગવડ કહેવાય, વિકાસ કદી ના કહેવાય.

રાજકીય બાબતોમાં ઉપર ઉપરથી સશક્તીકરણ દેખાય છે પણ વાસ્તવિકતા અલગ હોય છે. હજી મહિલાઓ સરપંચ કે પંચાયત સભ્ય હોય તો નિર્ણય બીજા લોકો જ લેતા હોય એ સામાન્ય છે. એમાં પણ કહેવાતી નીચી જ્ઞાતિઓની મહિલા હોય તો વાત સાવ પૂરી. તેઓ કદી પંચાયત ઑફિસનું પગથિયું ચડી નથી હોતી. અલબત્ત, હવે ક્ષમતાવર્ધનની ઘણી પ્રક્રિયાઓ સરકાર અને સંસ્થાઓ દ્વારા કરવામાં આવી રહી છે. તેનાથી કેટલો ફરક પડે છે એ ભગવાન જાણે. સગવડ અને વિકાસની વાત વધુ એક વાર કરીએ તો કમ્પ્યુટરાઈઝ્ડ પંચાયતઘર હોય, બધી વિગતો નાગરિકો માટે ઉપલબ્ધ હોય, સીસી ટીવી કેમેરા લાગેલા હોય તો એ સગવડ છે. એવી ઓફિસમાંથી મહિલા સરપંચ પંચાયત બોડીની નિયમિત મિટિંગ કરે, ગ્રામસભા નિયમિત થાય અને તેમાં ગામના તમામ નાગરિકો હાજર રહે તો એ વિકાસ છે. પણ ખરેખર એવું થાય છે ખરું? બહેનોને એ ખબર પણ નથી હોતી કે ગ્રામસભા ક્યારે યોજાઈ ગઈ. રજિસ્ટર ઘરે આવી જાય એટલે આંખ મિંચીને અંગૂઠો કે સહી કરી આપવાની.

ધર્મ, જ્ઞાતિ, સમાજ - આ બધી બાબતોનું બંધન સ્ત્રીઓને સહુથી વધુ નડે છે. ભારતનાં બંધારણે આપેલા મૂળભૂત હકો મેળવવા માટે તેમણે લડત કરવી પડે છે. કોર્ટનો આશરો લેવો પડે છે ત્યારે તેમને તે માંડ ન્યાય મળે છે.

સ્ત્રીએ પોતાની જાતને પુરવાર કરવી પડે છે. ઓલિમ્પિક્સ રમતોમાં સિંધુ, દીપા કે સાક્ષીને પહેલાં પોતાની જાતને, આવડતને સાબિત કરવી પડી. ત્યારે દેશ તેમના માટે ગૌરવ અનુભવે તેવી સ્થિતિ ઉભી થઈ. પણ તેઓ આ રમતો માટેની પૂર્વતૈયારી કરતી હતી ત્યારે તેઓ જ્યાં રહે છે એ સમાજ, તેમને અને તેમના પરિવારને નીચો દેખાડવાની એક પણ તક જતી નહોતો કરતો. એ જ હાલત ભારતમાં ઓછેવત્તે અંશે બધે જોવા મળે છે. કોઈ સ્ત્રી ચીલો ચાતરે અને કશી નવી શરૂઆત કરે એટલે તેની ઉપર માછલાં ધોવાય, એની ક્ષમતા ઉપર શંકા કરવામાં આવે, તે હાંસીનું પાત્ર બને.

નિર્ભયા જેવો કિસ્સો બને ત્યારે દેશભરમાં નાગરિકો દેખાવો કરે, ન્યાય માગે. પણ એવી ઘટના ઘર આંગણે બને ત્યારે એ છોકરીના ચારિત્ર્ય ઉપર આંગળી ચીંધવામાં આવે. નિર્ભયા કેસ વખતે એના ઉપર દુષ્કર્મ કરનારા લોકોની મુલાકાત જોઈએ તો એ જ સદીઓ જૂની વાતો સાંભળવા મળેલી. 'છોકરીઓએ વધુ ભણવું ના જોઈએ', 'છોકરીઓએ મોડી રાત્રે બહાર ના નીકળવું જોઈએ,' 'છોકરીઓએ પોતાના મિત્રો સાથે ફરવું ના જોઈએ' વગેરે વગેરે. એ ઘટના પછી કાયદામાં બદલાવ આવ્યો એ બરોબર. માનસિકતામાં બદલાવ આવ્યો ખરો? એ કેસ થોડો જૂનો થયો એટલે હવે ભૂલાઈ ગયો. એના પછી ભારતનાં ઘણાં રાજ્યોમાં આવા કિસ્સા બન્યા ત્યારે એ જ માનસિકતા ઝળકતી લાગે.

એક અભ્યાસ દરમિયાન કચ્છમાં વિવિધ વિસ્તાર, ઉંમર અને સ્તરની બહેનોને પૂછવામાં આવ્યું કે તમને ક્યાં અસલામતી લાગે છે? જવાબમાં કાર્યસ્થળ, જાહેર પરિવહન, ધાર્મિક સ્થાનો, જાહેર જગ્યાઓ, મનોરંજનના સ્થળો, શૈક્ષણિક સંકુલ વગેરે આવ્યાં. આ યાદી પૂરી જ નહોતી થતી. અને સહુથી ચોંકાવનારી બાબત એ કે તેમાં સહુથી પહેલાં સ્થાનમાં પોતાનાં ઘરનો સમાવેશ થતો હતો. આ જોઈને લાગે કે હજી આ મુદ્દે ઘણું કામ કરવાનું બાકી છે.

બહેનોએ પોતે પણ પોતાનો દૃષ્ટિકોણ બદલવાની જરૂર છે. સશક્તીકરણ એ બાહ્ય વસ્તુ નથી એ સૌથી પહેલું સમજવાની જરૂર છે. એ બદલાવ આંતરિક એટલે કે વિચારોમાં, વર્તનમાં, નિર્ણયોમાં હોવો જોઈએ. પેન્ટ-શર્ટ પહેરવાં કે રાતે બહાર ફરવું એ સશક્તીકરણ નથી. પુરુષો કરે છે એ કરવું, એટલે કે પુરુષ સમોવડી બનવું એ પણ સશક્તીકરણ નથી. સાચું સશક્તીકરણ છે પોતાની જાત માટે સાચા નિર્ણયો લેવામાં. જેના માટે સંઘર્ષ કરવાની, વિરોધ કરવાની કે બળવો કરવાની જરૂર નથી. જરૂર છે માત્ર તેની સમજણ કેળવવાની અને યોગ્ય બદલાવ માટે પહેલ કરવાની.

સમાજ, સરકાર અને સંસ્થાઓએ પણ એ રીતે વિચારવાની અને આ દિશામાં પગલાં ભરવાની જરૂર છે. મહિલા સશક્તીકરણ એ કોઈ દિવસ, સપ્તાહ, માસ કે વર્ષ પૂરતી ઉજવણીઓ, કાર્યક્રમો, યોજનાઓ કે પ્રોજેક્ટ નથી. સશક્તીકરણ એ માનસિક બદલાવ છે. એ સગવડ નથી, એ વિકાસ છે. હજી પણ છાપાંઓની મહિલા વિશેષ પૂર્તિ, મહિલાલક્ષી સામયિકો કે જ્ઞાતિના મહિલા મંડળો મહેંદી, કેશગુંફન, રંગોળી, વાનગીઓમાં જ કેદ છે. બહેનોને લગતી કાયદાકીય માહિતી, જરૂરી કાઉન્સેલિંગ, આર્થિક રોકાણો માટેનું માર્ગદર્શન, સ્ત્રીહિંસા વિષે ચર્ચા જેવી બાબતો ક્યારેય એમનો 'પ્રોજેક્ટ' બનશે ખરો?

બહેનોનાં અપમૃત્યુના સમાચાર રોજ જોવા-વાંચવા મળે છે. કેમ? કેમ કે મહિલાને નામે મિલકત હોય નહિ. પતિ કહે કે આ ઘર મારું છે. પિતા કહે કે દીકરી તો સાસરે જ શોભે. ઘરનાં સભ્યો આવું કહે તો સમાજ શા માટે બાકી રહે? 'રિસામણે આવી છે,' 'એ તો પહેલેથી જ છૂટી હતી,' 'આવું થવાનું જ હતું.' આવી વાતોથી બધાં સ્ત્રીનું જીવવું હરામ કરી નાખે છે. ત્યારે એને સાંભળનાર કોઈ નથી હોતું. એ જાય તો ક્યાં જાય? એટલે આત્મહત્યા સિવાય કોઈ રસ્તો એને માટે રહેતો નથી.

પંચતંત્રની બાપ-દીકરો અને ગધેડાવાળી વાર્તા સ્ત્રીઓના સંદર્ભે બરાબર લાગુ પડે છે. ગધેડા ઉપર બાપ બેસે, દીકરો બેસે, બંને બેસે કે બેમાંથી કોઈ ના બેસે પણ લોકો ટિપ્પણી કર્યા વિના રહે નહીં. એ જ રીતે સ્ત્રી ભણે કે ના ભણે, નોકરી કરે કે ના કરે, તૈયાર થાય કે ના થાય, લગ્ન કરે કે ના કરે, દરેક સ્થિતિમાં તેના માટે વિપરીત ટીપ્પણીઓ થતી રહેતી હોય છે. વિકાસની ગમે તેટલી ગુલબાંગો પોકારવામાં આવે, આ મુદ્દે હજી ઘણું કરવાનું બાકી છે. અલબત્ત, સહુએ સાથે મળીને જ.

આટલું વાંચીને કોઈને એમ લાગે કે આ દૃષ્ટિકોણ નકારાત્મક છે અને જે થઈ રહ્યું છે એની તરફ દૃષ્ટિ રાખવી જોઈએ. ખરેખર તો આપણે પહોંચવાનું હોય એ તરફ દૃષ્ટિ રાખવાની હોય. વાસ્તવિકતાને નજરઅંદાજ કરવી એ નકારાત્મકતા નથી, કેમ કે, રોગનું નિદાન સાચું હશે તો જ એનો ઇલાજ થઈ શકશે.

*(લેખિકા તાલીમકાર તરીકે વિવિધ સ્વૈચ્છિક સંસ્થાઓ સાથે સંકળાયેલાં છે.)*

***૨૨/બી, શિવમ પાર્ક, ભુજ - માધાપર રિંગ રોડ,***
***નાના યક્ષ પાસે, ભુજ, કચ્છ.***

**સાંઘવ-રત્ન સ્વ. પૂ.શેઠ શ્રી મુરજી રાઘવજી લોડાયાના સ્મરણાર્થે....**

MRL GROUP

**MRL CLEARING AND FORWARDING PVT. LTD.**

**(CHA No. 11/374)**

13/B, Sucheta Niwas, 285, Shahid Bhagat Singh Road, Fort, Mumbai-400 001.
Tel. : +91 22 22661380 / 22661600 Fax : +91 22 22703624
E-mail : imp@mrlshipping.com Web : www.mrlshipping.com

**Clearing, Forwarding & Shipping Agents**

# સ્માર્ટ કચ્છ : હડપ્પન યુગથી ડિજિટલ યુગ

નવીન જોશી

કચ્છ હિમાલય કરતાં પણ પુરાતત્ત્વીય દૃષ્ટિએ વધુ પ્રૌઢ, જુરાસિક યુગને જોઈ ચૂકેલો, કર્કવૃત્તિય પ્રદેશ કે જેનો ભૂતકાળ સમંદર સાથે જોડાયેલો છે અને ભાવિને અફાટ રણ કનડગત કરવા સજ્જ છે. ભૂમંડલમાં એક એવી ટચુકડી જગ્યા કે જે ૨૨°૪૪'-૧૧'' થી ૨૪°-૪૧'-૨૫'' દક્ષિણ અક્ષાંસ લંબાયેલી અને ૬૮°-૦૯'-૪૪'' થી ૭૧°-૫૪'-૪૭'' પશ્ચિમ રેખાંશ પર પથરાયેલી છે. આદિ-અનાદિકાળ સાથે રમેલા આ મુલકે ઈસુની ૨૧મી સદીમાં ડગ માંડ્યું ત્યાં સુધી અનેક ભૂકંપ, દુકાળ, અતિવૃષ્ટિ, વાવાઝોડાં જોયા, વિપદાઓનો સામનો કર્યો. કંઈ કેટલુંય ગુમાવ્યું અને કંઈ કેટલુંયે મેળવ્યુ. લેખાં-જોખાં કરતાં કરતાં પણ પોતાનું ખમીર અને ખુમારી જાળવી બેઠેલા આ દેશના સૌથી મોટા જિલ્લાએ અનંત અગાઢ એવા ડિજિટલ યુગમાં ડગલું માંડી દીધું છે અને ડગ માંડતાંની સાથે જ એ MBPS (મેગા બાઈટ પર સેકન્ડ) ની ઝડપ પકડી ચૂક્યો છે. આજે થ્રી-જી ફોર-જી માં રમતાં રમતાં ક્યારે ૧૦જીએ પહોંચી જાય કંઈ કહી શકાય તેમ નથી અને તેથી જ 'સ્માર્ટ કચ્છ' કે કચ્છને નિયંત્રિત કરતાં તંત્રનું સ્માર્ટપણું આજે આપણે ચર્ચી રહ્યા છીએ. ૨૦૧૬માં આ પ્રથમ અધ્યાય છે અને ૨૦૨૫ સુધી આપણે જવાના છીએ. તો તૈયાર છોને સેકન્ડના હજારમાં ભાગની ઝડપને પકડીને તેની સાથે દોડવા? આ ઝડપી અને નાવિન્યભર્યા યુગની વાત માંડીએ એ પહેલાં બે દૃશ્યોના સથવારે દોઢેક દાયકામાં આવેલા બદલાવને પારખી લઈએ - પકડી લઈએ જેથી કરીને મૂળ વાતનો તંતુ પકડાય અને સરળતાથી વાત સમજી શકાય.

- **દૃશ્ય - ૧ :**

મામલતદાર કચેરીમાં બુધવારે રેશનકાર્ડ માટે લાંબી લાઈન લાગી છે. પતરાવાળા મોટા ગોડાઉન જેવી કચેરીમાં, સિગરેટના ધુમાડા, પાનની કે તમાકુવાળા માવાની તીવ્ર વાસ, પિચકારીઓથી ખરડાયેલી દીવાલને અઢેલીને એક સરકારી કર્મચારી એક પછી એક અરજદારોને બોલાવે છે. જૂનું રેશનકાર્ડ, ઝેરોક્ષ, ભાડાંચિઠ્ઠી, લાઈટબિલ આદિ આદિ આદિ...જોઈ તપાસી, ફોર્મ ભરાવી કહે છે ૧૦ દિવસ પછી પૃચ્છા કરજો.

- **દૃશ્ય - ૨ :**

કર્મચારી પુશબેક ખુરશીને પૂરા જોશથી પાછળ ધકેલી સામે કોમ્પ્યુટર પર કામ કરે છે. એ.સી. ચાલુ છે, ધીમું ધીમું ફિલ્મી સંગીત વાગી રહ્યું છે અને અરજદાર આવે છે, એક જ મિનિટમાં ક્લિક પર કર્મચારીની આંગળી ફરે છે અને કામ પૂરું.

સમયનો બચાવ, અરજદારને સંતુષ્ઠ કરે તેવો માહોલ અને કોઈપણ આક્ષેપ ન કરી શકે તેવા નંબરો સાથે ચાલતું કોમ્પ્યુટર યાદીનું કામ. અધૂરામાં પૂરું વળી કચેરીના સર્વોચ્ચ અધિકારી સીસી ટીવીમાં ત્રીજી આંખ માંડીને બેઠા હોય તે ધાક અલગ. આ વાત થઈ ૨૦૦૦ અને ૨૦૧૬ની પણ આપણે તો વાત કરવી છે ૨૦૨૫ની...

જો બધું જ ધાર્યું પાર પડી જશે તો સંભવ છે કે, ૨૦૨૫ માં ભુજનો વિદ્યાર્થી વિશ્વની કોઈપણ યુનિવર્સિટીના તજજ્ઞ પ્રોફેસરનું ઘેરબેઠાં માર્ગદર્શન મેળવી લેશે. સંભવ છે કે, વૈશ્વિક સ્તરે નામનાપ્રાપ્ત તબીબ ગમે ત્યાંથી બેઠાબેઠા ભુજના તબીબને નિદાન કરશે અને શસ્ત્રક્રિયા પણ કરી દેશે.

આ 'સ્માર્ટ કચ્છ' નું એક સીધું-સાદું ચિત્ર છે અને તે તો જ શક્ય બનશે જો કોમ્પ્યુટરને તેની પૂરેપૂરી ક્ષમતામાં ચલાવી શકાય તેટલું નેટવર્ક મળશે તો! આજે આપણે એ જ જો અને તોને બાજુએ મૂકીને કચ્છનું જ્યાંથી વહીવટી સંચાલન થાય છે એ જિલ્લા કલેક્ટર હસ્તકની કચેરીઓની કામગીરીમાં ડિજિટલ યુગના જે બદલાવ આવી રહ્યા છે તેની વાત પણ કરીશું. જો અરજદારને સમયસર, સંતોષ થાય તો જ 'સ્માર્ટ વહીવટ' સફળ ગણાય એ ભૂલવું ન જોઈએ.

કચ્છ કલેક્ટર દેશના સૌથી વિશાળ જિલ્લાનું એકલે હાથે સંચાલન કરે છે. કાયદો વ્યવસ્થાની જાળવણી માટે પોલીસ મહાનિર્દેશકની સાથે આપણને પૂર્વ અને પશ્ચિમ એમ બે પોલીસ અધિક્ષક મળ્યા છે પણ કચ્છની ઓળખ સાબુત રાખે છે, અખંડતાનો ધ્વજ ફરકાવે છે જિલ્લા કલેક્ટર. કચ્છમાં કલેક્ટર હસ્તક નાની-મોટી મળીને ૧૮૦થી ૨૦૦ જેટલી સરકારી કચેરીઓ - ખાતાં આવેલાં છે અને એ તમામે તમામ સ્માર્ટ-ડિજિટલ થઈ રહ્યા છે અથવા થઈ ગયા છે. કોમ્પ્યુટરને આંખના પલકારામાં કાર્યરત કરનારા કે તેના પર કામ કરનારા ઘણા છે પણ આ કોમ્પ્યુટરમાં જે સોફ્ટવેર છે તેના તજજ્ઞ અને જે હાર્ડવેર છે તેના તજજ્ઞો કદી દેખાતા નથી અને મૂળ કામગીરી તો એ જ પાર પાડતા હોય છે.

દેશમાં જેમ રાજ્ય અને કેન્દ્ર એમ બે સ્વતંત્ર સરકારો કામ કરે છે એ જ રીતે દરેક જિલ્લામાં રાજ્ય સરકારની કચેરીઓના વહીવટ માટે સ્ટેટ વાઈડ એરિયા નેટવર્ક અને કેન્દ્ર સરકારની

કચેરીઓના વહીવટ માટે નેશનલ ઈન્ફર્મેશન સેન્ટર આવેલાં છે. ટૂંકમાં ગુજરાત સ્ટેટ વાઈડ એરિયા નેટવર્ક અર્થાત 'GSWAN' અને નેશનલ ઈન્ફોર્મેશન સેન્ટર અર્થાત 'NIC' એમ ટૂંકા નામે ઓળખાય છે. આ બંને કચેરીઓના કન્ટ્રોલ રૂમ સાચા અર્થમાં દરેકે દરેક સરકારી ગતિવિધિઓના હૃદય છે.

આપણે મોબાઈલ નેટવર્ક માટે વોડાફોન, એરટેલ, રિલાયન્સ આદિ વિકલ્પોમાંથી પસંદ કરીએ છીએ. તેમ ગુજરાત સરકાર માટે આવી ટેકનિકલી સેવા માટેની કંપની એટલે 'GSWAN' જે ઈન્ફોર્મેશન ટેકનોલોજી પૂરી પાડે છે. ગુજરાતભરની સરકારી કચેરીઓ આ 'જીસ્વાન' અને 'એનસાઈસી' ના કન્ટ્રોલ રૂમથી જોડાયેલી છે. ડિજિટલ યુગનું શુદ્ધ ખાતુમુહૂર્ત આ કન્ટ્રોલ રૂમ સ્વરૂપે થાય છે. કોઈપણ ઈન્ફોર્મેશન ટેકનોલોજીનું વહન કાં તો વાયરલેસ, કાં લીઝલાઈન, ઓપ્ટીકલ ફાઈબર, જેએફસી થી થાય છે. 'જી-સ્વાન' ઓપ્ટીકલ ફાઈબર અને વાયરલેસ બંને સાથે જોડાયેલું છે. દરેકેદરેક પોલીસ સ્ટેશન, મામલતદાર કચેરી, તાલુકા વિકાસ અધિકારીની કચેરી, બેન્કો, તમામેતમામ 'જી-સ્વાન' સાથે કાર્યરત છે અને 'જી-સ્વાન' ખુદ કચ્છમાં સીધું ૩૪ MBPS (મેગા બાઈટ પર સેકન્ડ) ની સ્પીડ સાથે ગાંધીનગર અને એટલી જ ૩૪ MBPS સાથે રાજકોટથી જોડાયેલું છે. જો આ બંને ફાઈબર લાઈન કપાય - ક્ષતિગ્રસ્ત થાય તો આપોઆપ આ 'જીસ્વાન' સીધું જ એન.આઈ.સી.ની લાઈનમાં પોતાનો બધો જ ડેટા ટ્રાન્સફર કરી દે છે. જરા ધ્યાનથી! સેકન્ડમાં એકીસાથે ૩૪ MBPS સામગ્રી અન્યત્ર ઠાલવી દેવાની વાત છે. પલક ઝપકવી અને પાનાંના-પાનાં એક સ્થળેથી અન્યત્ર, હિસાબોના આંકડાઓ ક્ષણભરમાં અહીંથી તહીં. હવે વધુ ગંભીરતાથી વાંચજો. રાજ્ય સરકારે ગતિશીલ ગુજરાતના સૂત્ર સાથે જે નિર્ણયો કર્યા છે એમાં GSWAN કન્ટ્રોલ રૂમ પરના નેટવર્કની ઝડપ ૩૪ MBPS થી વધારીને ૫૦૦ MBPS કરવાનો એક જબરદસ્ત નિર્ણય લીધો છે. આકાશમાં ચોમાસામાં વીજળીનો કડાકો થાય અને જે ઝડપથી આંખ નિહાળે એ જ ઝડપના સથવારે હવે આવનારા દિવસોમાં GSWAN કન્ટ્રોલ રૂમ કામ કરશે. આ GSWAN ના કન્ટ્રોલ રૂમથી એક હોટલાઈન ગાંધીનગર ગુજરાત ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટી સાથે જોડાયેલી છે. આ લાઈન સીધી રાઉટર સાથે જ જોડાયેલી હોવાથી ક્રેડીલ પરથી રિસિવર જ માત્ર ઊંચકવાનું અને માઉથપીસમાંથી બોલવાનું. ન કોઈ નંબર ડાયલ કરવાનો કે ન નંબર જોડવાનાં. આ અત્યંત મહત્ત્વપૂર્ણ સેવાનું મોનિટરિંગ અને ટેસ્ટિંગ બંને ગાંધીનગર સ્તરેથી રોજેરોજ આપોઆપ થઈ જાય છે.

હવે આટલી સેવા તો કચ્છમાં જ નહીં પણ પૂરા રાજ્યના તમામ જિલ્લામથકથી ગાંધીનગર સુધી છે પણ હવે આવનારા સમયમાં આ સેવાની ઝડપ વધારવાની તૈયારી ચાલી રહી છે. 'જીસ્વાન' ના ભુજ સ્થિત ઇન્ચાર્જ ગોવિંદભાઈ ચુઈયા કહે છે કે હાલ જે મોબાઈલમાં ૨-જી અને ૩-જી ડેટા છે તેમ ભવિષ્યમાં આ સેવા ૧૦જી સુધી લઈ જવાય તેટલી તેના ઓપ્ટીકલ ફાઈબરમાં ક્ષમતા છે. આવનારા સમયમાં ૩૪ MBPSથી વધારીને જિલ્લામથકે ૫૦૦ MBPS ની ગતિએ સેવા મળશે તો વધારામાં ગ્રામ્યક્ષેત્રમાં પણ તાલુકામથકોએ આવા 'જીસ્વાન' ના જે કન્ટ્રોલ રૂમ છે ત્યાં સુધી ૩૪ MBPS થી વધારીને ૨૦૦ MBPS ની ઝડપી સેવા શરૂ થશે જે ગતિશીલ ગુજરાતના એજન્ડા અનુસાર છે. આ ઉપરાંત હાલ જે તાલુકા-તાલુકામાં એટીવીટી સેન્ટર છે તેનું પણ અપગ્રેડેશન કરીને કોમન સર્વિસ પોર્ટલ શરૂ થશે. જેમાં ૧૭૫ જેટલી સેવાઓને સાંકળી લેવાશે. અર્થાત ગામડાં ગામના લોકો પણ હવે સરકારી કામકાજ માટે જિલ્લામથક પર મોહતાજ નહીં રહે. કારણકે, આ કોમન સર્વિસ પોર્ટલ પર જ મહત્ત્વપૂર્ણ અરજીપત્રકો ઓનલાઈન મળશે અને ઓનલાઈન સ્વીકારી તેનો પ્રત્યુત્તર પણ એ જ રીતે અપાશે. દા.ત. રાપર તાલુકાના પ્રાંથળ વિસ્તારના બાલાસર ગામનો અરજદાર ભુજ નહીં આવે પણ તાલુકા મથકોએથી જ તાલુકામાં નર્મદા નહેરની કે ખેતીનો પાક બચાવવા સંરક્ષણ પરવાનો મેળવવાની કાર્યવાહી કરી શકાશે. તૈયારી તો એવી પણ થઈ રહી છે કે, તાલુકા મથકોએથી પણ આગળ વધીને ગ્રામ્ય ક્ષેત્રના મોટાંમોટાં પોકેટ ગ્રામ પંચાયત સુધી આ ઈન્ફોર્મેશન ટેકનોલોજીને લઈ જવી જેથી બાલાસર કે ગેડીમાં જ બેઠાંબેઠાં પાસપોર્ટની અરજી થઈ જાય. રેશનકાર્ડમાં ફેરબદલ થઈ જાય કે જાતિ આધારિત પ્રમાણપત્ર પણ મળી જાય.

ઈન્ફોર્મેશન ટેકનોલોજીનો એક સૌથી મોટો લાભ પણ કચ્છના દસેદસ તાલુકા મથકોને વીડિયો કોન્ફરન્સનો મળી રહ્યો છે. જિલ્લા વિકાસ અધિકારી તમામ ટીડીઓ કે કલેક્ટર તમામ મામલતદારને એક જ સમયે એક જ સ્થળેથી સંબોધન કરી શકે છે અને તાલુકા કક્ષાના અધિકારી પોતાની કચેરીઓમાં બેઠાબેઠા આ મહત્ત્વનાં નિર્ણયોથી અવગત થાય કે કોઈ પ્રશ્ન હોય તો તેનું નિરાકરણ લાવી શકે છે. આઈ.ટી. નો એક વધુ લાભ હવે એ પણ મળવાનો છે કે, તમામ તાલુકા મથકોએથી તમામ ગ્રામ પંચાયતોને આ નેટવર્કમાં આવરી લઈ તાલુકા વિકાસ અધિકારી એક એક તલાટી સાથે વ્યક્તિગત કે સમૂહમાં પોતપોતાની ચેમ્બરમાં બેઠેબેઠે વાત કરી શકશે. મામલતદાર કચેરી સિવાયની જે સરકારી કચેરીઓ છે તેમાં પણ પોપ સેન્ટર ઊભા કરવામાં આવી રહ્યા છે.

કચ્છમાં જિલ્લામથકે GSWAN કન્ટ્રોલ રૂમમાં પણ ઈજનેર ઉપલબ્ધ છે જે ગુજરાત સરકારના કર્મચારી નથી પણ ગુજરાત સરકારે જેને કોન્ટ્રાકક્ટ આપ્યો છે એ 'ઓરેન્જ બિઝનેસ સર્વિસ' અમદાવાદના કર્મચારી છે. આજ રીતે દસેદસ તાલુકામાં આવેલા કન્ટ્રોલ રૂમ પર પણ એકએક ઇજનેર છે. આ ઇજનેર બી.ઈ.કોમ્પ્યુટર ઇજનેર, ઇ.સી. કે આઈ.ટી. ઇજનેર છે અને ખૂબજ ટૂંકા પગારે અત્યંત સંવેદનશીલ અને મહત્ત્વપૂર્ણ સેવા વર્ષોથી આપી રહ્યા છે. ખરેખર તો આ ઈજનેરોની જગ્યાએ સરકારના પે-સ્કેલ પર ભરતી થઈને સેવા આપે તેવી રીતે ભરાવી જોઈએ.

અત્રે ઉલ્લેખનીય છે કે, કચ્છની જે ૧૮૦ થી ૨૦૦ જેટલી વિવિધ ખાતાઓની સરકારી કચેરીઓ છે, તેમનાં પગારપત્રક, બિલ, ભથ્થાં આદિ કોમ્પ્યુટર પર તૈયાર થઈને તિજોરી કચેરી અને બેન્કમાં આ GSWAN થકી જ જઈ રહ્યા છે. દર મહિનાની આખરની તારીખોમાં તમામ સરકારી અધિકારી, કર્મચારી GSWAN ની સેવાઓને યાદ કરતા હોય છે પછી ભલે GSWAN ના કર્મચારી નામનો પગાર જ મેળવતા કાં ન હોય! આ આઈ.ટી. સેવાને વધુ સારી રીતે ઝડપથી ચલાવી શકાય તે માટે ભારત સંચાર નિગમ લિમિટેડ અને ખાનગી કંપની 'ઓરેન્જ' દ્વારા જ બીડું ઝડપાયું છે અને એ અપગ્રેડેશનનાં પ્રતાપે જ 'બેન્ડવીથ' નો લાભ કચ્છની કચેરીઓને મળી રહ્યો છે. આ બેન્ડવીથ એટલે આંખના પલકારા જેટલા જ સમયમાં ડેટા ટ્રાન્સફર કરવાની વિધિ. જેમ મોબાઈલ ટુજીમાંથી થ્રીજીમાં વધુ ઝડપ પકડે છે તે જ રીતે આ "બેન્ડવીથ" માં એક કોમ્પ્યુટરમાંથી બીજા કોમ્પ્યુટરના સર્વર સુધી કરોડો કરોડ શબ્દો આંકડા કે પાનાં પલકારામાં સરકી જાય છે. એ જ રીતે ઇન્ટરનેટ સેવામાં ફાઈલોની ફાઈલો સેકન્ડના ૧૦૦મા ભાગમાં એક સ્થળેથી ટ્રાન્સફર થઈને અન્યત્ર પહોંચી જાય છે.

આ મુદ્દો સમજવા જેવો છે. આધોઈ પોલીસ સ્ટેશનમાં કોઈ ખૂન કેસની તપાસ ચાલતી હોય અને આરોપીની શોધ થઈ હોય તો કચ્છના બધા જ પોલીસ સ્ટેશન પર ફોટો રવાના કરી દેવાય. નારાયણ સરોવર પોલીસ આ ફોટો જોઈને ધર્મશાળામાં ઊતરેલા યાત્રિકોની ઓળખમાંથી ફોટા સાથે મેચ કરી ઘડીના છઠ્ઠા ભાગમાં ગુનેગારને પકડી શકે છે. અનેક સોફ્ટવેર આધારિત આ સેવા સરહદી જિલ્લા માટે ખૂબ જ મહત્ત્વની છે એ સહેજે સમજી શકાય એવી વાત છે અને તેથી જ 'સ્માર્ટ' નામ મેળવી જાય છે. એક કચેરીથી બીજી કચેરી-ગામ શહેરનું અંતર વધી જાય તેથી ઘણા દૂરના સ્થળોએ આ આઈ.ટી. સેવા GSWAN થી વાયરલેસ સિસ્ટમ પર ચાલે છે. ગાંધીનગરમાં હેડ ક્વાર્ટર અને તમામ જિલ્લા મથકે GSWAN ની સાથે જ કન્ટ્રોલ રૂમ ધરાવતા આ વાયરલેસની સેવા પ્રસિદ્ધ ઓનીડા કંપનીની ભગિની સંસ્થા એડીના ટેલિકોમ ગુજરાતભરમાં સંભાળે છે.

આપણા વોંધ અને આધોઈ જેવા ગામડાં વાયરલેસ સિસ્ટમથી આઈ.ટી. સેવા મેળવે છે. દૂરદૂરની અનેક શાળા અને પોલીસ સ્ટેશનનાં નેટ પણ આ જ સેવા આધારિત છે. કચ્છમાં આપણે જોઈએ છીએ કે વારંવાર સામખિયાળી પાસે કે રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર કેબલ કપાવાથી ટેલિફોન અને નેટ સેવા ખોડંગાય છે. આ GSWAN અને વાયરલેસ સિસ્ટમને આવા વિઘ્નો નડે છે ખરા પણ તેમના ડેટા વિદ્યુતવેગી રીતે અન્યત્ર ટ્રાન્સફર થઈ જતા હોવાથી લાંબો સમય બંધ રહેતી નથી. વળી જે તે કચેરી કન્ટ્રોલ રૂમ સાથે જોડાઈ ન શકે તેવી ક્ષતિ હોય તો વધુમાં વધુ ચાર કલાકમાં તેનું સમારકામ થઈ જાય છે સિવાય કે કોઈ મોટા ઉપકરણમાં ખોટીપો સર્જાયો હોય. ટૂંકમાં આગામી દાયકા પછી આ સરહદી જિલ્લો ગુજરાતની સાથે વહીવટી સુગમતામાં જબરજસ્ત આગળ વધી ચૂક્યો હશે. અભિગમ 'પેપરલેસ' થઈ રહ્યો છે. કંપનીઓ, સરકારી એજન્સીઓ જરૂર ન હોય તો ઇ-મેઈલનું પ્રિન્ટઆઉટ કાઢવાનું નાપસંદ કરે છે. પર્યાવરણની ચિંતા કાજે દાયકા પછી કચ્છમાં કોમ્પ્યુટર કે મોબાઈલના સહારે લોકોના ઝડપી કામ થાય, પારદર્શક થાય, ભ્રષ્ટાચાર નાબૂદ થઈ ગયો હોય એવા સપનાને હકીકતમાં પલટાવા મહેનત કરીએ. જરૂર છે રાજકીય ઇચ્છાશક્તિની, પ્રતિબદ્ધતાની. ■

## નવકાર મંત્ર મહામંત્ર કેમ?

નવકાર મંત્રમાં કોઈ કહેતા કોઈને નહીં પરંતુ કેવળ અને કેવળ જ વિશ્વમાં સર્વમાન્ય એવા ગુણોને જ નમન છે!

એક મહામંત્ર તરીકે ગણાતો શ્રી નવકાર મંત્ર હકીકતમાં જ મહામંત્ર છે. મહામંત્ર કહેવડાવવા માટે એની પાસે અનેક કારણ છે. પ્રથમ કારણ એ કે આ મંત્રમાં વિપુલ માત્રામાં ઔદાર્ય છલકે છે. કોઈ પંથની, પરંપરાની પ્રણાલિકાને આમાં મહત્ત્વ નથી. તેમ કોઈ એક ભગવાન, પરમાત્મા કે વ્યક્તિને પણ સ્થાન નથી. માત્ર ગુણવત્તાના આધારે આ મહામંત્રની રચના છે. ગુણવાન જેટલા પણ આત્માઓ આ વિશ્વમાં છે એ બધાનો સમાવેશ આ મંત્રમાં કરી દેવામાં આવ્યો છે — પછી એનું જૈન કે અજૈન હોવા સાથે કોઈ નિસબત નથી.

સમસ્ત વિશ્વનું સંચાલન જો સામંજસ્યપૂર્ણ જાળવવું હોય તો પાંચ ગુણોની વ્યાપકતા બહુ જ જરૂરી છે. એના નામ છે : સ્નેહ, સત્ત્વ, સદાચાર, સૌમ્ય, સહિષ્ણુતા. ક્યાંય પણ માનવનો સમૂહ હોય ત્યાંના સંપ્રદાય હોય, કોઈ સમુદાય હોય કે મનુષ્યનો પોતાનો સીમિત સભ્યોનો પરિવાર જ હોય! જો ત્યાં આ પાંચ ગુણોની પ્રતિષ્ઠા છે તો સામંજસ્યની સુવાસ અવશ્ય જોવા મળે જ! આ વિશ્વમાં સ્નેહની જેણે પરાકાષ્ઠા પ્રાપ્ત કરી લીધી છે એવા આત્માઓને અરિહંત તરીકે સ્વીકાર્યા છે. સત્વની પરાકાષ્ઠા કેળવનારા આત્માઓને સિધ્ધ તરીકે નવાજ્યા છે. સદાચારની ઉત્તમતા સ્વીકારનારાને આચાર્યમાં લીધા છે. સૌમ્ય ગુણની ચરમસીમાએ બેઠેલા આત્માઓને ઉપાધ્યાય પદમાં સમાવિષ્ટ કર્યા છે અને સહિષ્ણુતા જ જેમનું જીવન છે એવા મહાત્માઓને સાધુ તરીકે માન્યતા આપી છે.

આમાં ક્યાંય મત, મમત, પંથ, સંપ્રદાય કે વ્યક્તિગત દેવ - ગુરૂને સ્થાન નથી... માત્ર ગુણના આધારે જ પ્રતિષ્ઠા આપવામાં આવી છે.

શ્રી નવકાર મંત્રની આ ઉદારતા કોઈ જેવી તેવી નથી અને આ ઉદારતાના માધ્યમે એને એનાયત થયેલો "મહામંત્ર"નો ઇલકાબ જરાય અતિશયોક્તિવાળો નથી!

આ નવકાર મહામંત્રનો મુખ્ય સ્વભાવ દુષ્ટ તત્ત્વોને નાથવાનો અને અશુભ તત્ત્વોને ઠારવાનો છે.

વિશ્વની શાંતિ માટે ૧૨ નવકાર મંત્ર ગણવાનું ઘણા શ્રાવકો / શ્રાવિકાઓના નિત્યક્રમમાં પ્રચલિત છે.

*ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ) - અમદાવાદ*

# યુવાઓ પર નવી સદીનો પ્રભાવ

મુંજાલ સોની

'નવી સદી' અને 'યુવાઓ' – આમ જોઈએ તો એકબીજાના પૂરક છે, એકબીજાના પર્યાય છે. નવી સદીનો યુવાઓ પર પ્રભાવ હોય છે તેમ યુવાઓનો નવી સદી પર પ્રભાવ હોય છે. થોડા મહિના પહેલા જ યુનોના એક અહેવાલમાં જણાવાયું હતું કે ૩૫ કરોડ અને ૬૦ લાખ યુવાઓ સાથે ભારત, એ જગતનો સૌથી યુવાન દેશ છે. દેશને વિકાસની દિશામાં આગળ વધવાનું માર્ગદર્શન કદાચ અનુભવીઓ આપી શકે, પણ નક્કર રીતે એ તરફ રાષ્ટ્રને લઈ જવાનું સામર્થ્ય તો યુવાઓમાં જ હોય છે. એટલે જ આજે વિશ્વભરની નજરો ભારત પર કેન્દ્રિત થઈ છે. "નોલેજ ઇઝ ધી પાવર" એ હકીકત તરફ ભારતે પણ છેલ્લા કેટલાક સમયથી ધ્યાન આપવા માંડ્યું છે અને કચ્છડો પણ ધીમે ધીમે એ પ્રવાહમાં જોડાઈ રહ્યો છે.

નવી સદી ડિજિટલ ટેકનોલોજી અને સ્પર્ધાત્મકતાની છે અને યુથ પર આ બે પરિબળોએ સૌથી વધુ પ્રભાવ પાડ્યો છે. ઇન્ટરનેટ અને સ્માર્ટફોને આપણી દુનિયા બદલી નાખી છે. પણ નવી પેઢી માટે એ માત્ર મનોરંજનનું માધ્યમ નથી પણ 'વર્ચ્યુઅલ વર્લ્ડ' બની ગયું છે. તે સોશિયલ નેટવર્કિંગ માટે વોટ્સઍપ અને ફેસબુકનો ધૂમ ઉપયોગ કરે છે. પણ સાથે જ એમાં પોતાના વ્યવસાય કે નોકરીને વિકસાવવાની તકો પણ ખોજતો રહે છે. આજે દેશમાં સ્ટાર્ટઅપની બૂમ છે અને યુવાઓએ ટેકનોલોજીની મદદથી કંઈક નવતર વ્યવસાયો અપનાવ્યા છે અને એટલું જ નહીં, આગેકૂચ પણ કરી છે.

૨૦૧૫ની ૧૫મી ઓગસ્ટે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ દિલ્હીના લાલ કિલ્લા પરથી 'સ્ટાર્ટઅપ ઇન્ડિયા, સ્ટેન્ડ અપ ઇન્ડિયા'નો કોલ આપ્યો અને અગાઉ જ કંઈક નોખું કરવા થનગનતા યુવાઓને એક પ્લેટફોર્મ મળ્યું. મોદીએ સ્ટાર્ટઅપ માટે પ્રાથમિક તબક્કે રૂા. ૨૫૦૦ કરોડ સહિત રૂા. ૧૦,૦૦૦ કરોડનું ભંડોળ, રજિસ્ટ્રેશન માટે સિંગલ પોઇન્ટ, ત્રણ વર્ષ માટે વેરામુક્તિ જેવી મહત્ત્વની ઘોષણાઓ કરી હતી. આજે ઓનલાઇન શોપિંગની ધૂમ છે. શહેરી જ નહીં, ગ્રામીણ વિસ્તારના લોકો પણ ઓનલાઇન ખરીદી કરતા થઈ ગયા છે. રોજ નવી ઓનલાઈન શોપિંગ કંપનીઓ ખૂલી રહી છે અને જાતજાતની ઑફરો આપી રહી છે. ત્યારે ખરીદી માટે કઈ સાઇટમાં કેવી ઑફર છે એ જાણી લેવું જરૂરી છે અને એમાં મદદરૂપ થાય છે 'માય સ્માર્ટ પ્રાઇઝ' નામની ઍપ્સ. સીતાકાન્તા રોય અને સુલક્ષણ કુમાર નામના યુવાનોએ આ ઍપ્સ મંચની શરૂઆત કરી હતી.

કચ્છના યુવાઓ પણ સ્ટાર્ટઅપના પ્રવાહમાં જોડાઈ રહ્યા છે. રચિત દવે અને ઋત્વિજ વોરા નામના બે યુવાને કારકિર્દી માર્ગદર્શનની લગભગ તમામ સમસ્યાઓ અને પ્રશ્નોનો ઉકેલ - જવાબ એક જ સ્થળેથી મળી જાય એવા વેબપોર્ટલ 'કેરિઅર ખોજ'ની રચના કરી છે. કેરિઅર ખોજની ટીમ અલગ અલગ શહેરોમાં કારકિર્દી માર્ગદર્શનના સેમિનારો પણ યોજે છે તો ક્રાઉડ ફન્ડિંગ મારફતે સારું ભંડોળ પણ મેળવે છે. એ જ રીતે કચ્છના કરન પૂજારાએ અભ્યાસ બાદ સલામત નોકરીને બદલે ઉદ્યોગ સાહસિકતા અપનાવીને 'સ્ટુડન્ટ ડેસ્ક' નામની વેબસાઇટ શરૂકરી છે જેમાં વિદ્યાર્થીઓ તેમજ અભ્યાસુઓ પુસ્તકોની આપ-લે કરી શકે છે. આવા તો અનેક દાખલા છે.

સ્ટ્રેટેજી એનાલિટીક્સના રિપોર્ટ મુજબ ભારત આગામી બે વર્ષમાં સ્માર્ટ ફોનના વપરાશમાં અમેરિકાને આંબીને બીજા નંબરે આવી જશે. પહેલા નંબરે ચીન છે. દેશના મધ્યમવર્ગની નવી પેઢી શિક્ષિત અને મહત્ત્વાકાંક્ષી છે. તેને મર્યાદિત ફિલ્ડમાં રમવું નથી, એને તો આગળ વધવું છે. પણ આ સદી હરીફાઈની છે. એટલે વધુ મહેનતની અને વધુ સજ્જતાની જરૂર પડશે એ યુવાન જાણે છે. આપણા પૂર્વજો દાયકાઓ પહેલાં ધંધાર્થે સીમાડાઓ ઓળંગીને વિદેશોમાં સ્થાયી થયા હતા પણ શિક્ષણ માટે બહાર જવાનું ચલણ ઓછું હતું. આજની પેઢી ઉચ્ચ એજ્યુકેશન અને સ્કીલનું મહત્ત્વ વિશેષ સમજે છે. એટલે જ તે વતન છોડવામાં ખચકાતી નથી.

નવી સદીમાં યુવાઓએ 'વર્ક હાર્ડ એન્ડ એન્જોય હાર્ડ'નો મંત્ર અપનાવ્યો છે. તે રાત્રે ઉજાગરા કરે છે તો બીજા દિવસે સવારે કામમાં લેટ ન થાય એનો પણ ખયાલ રાખે છે. 'ચલતા હૈ...' જેવા વલણને નવી પેઢીએ જાકારો આપી દીધો છે. તે લક્ષ્ય નક્કી કરીને આગળ વધે છે. આત્મવિશ્વાસ તેનામાં છલકે છે. પરંપરાગતથી હટીને વિચારતો થઈ ગયો છે. બેશક, યંગસ્ટર્સ એમ્બિશિયસ છે એટલે સક્સેસ થવાના છે, સેલ્ફ ડેવલપમેન્ટ તેમની પ્રાયોરીટી ભલે હોય, તેમના વિકાસ થકી નેશન બિલ્ડિંગ - રાષ્ટ્રનિર્માણ થવું જોઈએ.

નવી પેઢીના લોકપ્રિય લેખક ચેતન ભગત કહે છે કે ભારતના યુવાઓ થોડા સ્વાર્થી (બન્યા) છે. સારું કેરિયર અને સારી ગર્લફ્રેન્ડ એ જ તેમની પ્રાયોરિટી છે, પણ એનો નેગેટિવ અર્થ કાઢવાને બદલે પોઝિટીવ સાઇડ પણ જોઈ શકાય. આજે કોણ રૂપિયા કમાવા ઇચ્છતું નથી? જો યુવાઓ ધનવાન બનવા માંગશે નહીં તો દેશ કેવી રીતે સમૃધ્ધ બનશે? સવાલ માત્ર યોગ્ય દિશામાં આગળ વધીને કેરિયર બનાવવાનો છે. એક ઇનોવેશનનો

(અને ચેતન ભગતના લખાણમાં ઉમેરો કરું તો 'ઓનેસ્ટી'નો પણ) સાથે મુદ્દો જોડવાનો છે. તો યુવાનની પ્રગતિથી દેશ પણ અવશ્ય પ્રગતિ તરફ આગળ વધશે.

નવી સદીએ યુવાઓને ફાસ્ટ, આધુનિક બનાવ્યા છે. એટલે સ્વાભાવિક રીતે જ એમ થાય કે શું તેણે પરંપરાગત મૂલ્યો અને ચારિત્ર્ય નિર્માણને એક કોરાણે મૂકી દીધા હશે? પણ સાવ એવું નથી. નવી પેઢી પરંપરાગત મૂલ્યો અને ચારિત્ર્ય નિર્માણ તેમજ આધુનિકતા વચ્ચે બેલેન્સ જાળવવાનો પ્રયાસ કરે છે. 'હિંદુસ્તાન ટાઈમ્સ'ના એક મોટા સર્વેના તારણ મુજબ ૭૨ ટકા યુવાઓએ માન્યું હતું કે ભારતની પરંપરા જળવાવી જોઈએ. ૩૫ ટકા યુવાઓએ કહ્યું હતું કે તેઓ જ્યોતિષ શાસ્ત્રમાં વિશ્વાસ કરે છે. આજે પણ યુવાઓનો મોટો વર્ગ માને છે કે તેમના માતા-પિતા તેમના માટે જે પાત્ર પસંદ કરશે એને તેઓ પણ પસંદ કરશે. જો કે, હવે તો પેરેન્ટ્સ પણ પોતાના સંતાનોની પસંદગીને પ્રાધાન્ય આપતા થઈ ગયા છે, એ સ્વીકારવું રહ્યું.

કચ્છની વાત કરીએ તો આ સરહદી જિલ્લામાં ૨૦થી ૪૦ વર્ષની વયજૂથના લોકોની સંખ્યા લગભગ સાતેક લાખ જેટલી છે. અહીંના યુવાઓ ટેકનોલોજીના જાણકાર છે અને ઇંગ્લીશનું મહત્ત્વ પણ સમજતા થઈ ગયા છે. શિક્ષણનું સ્તર જોઈએ તેટલું સંતોષજનક ન હોવા છતાં વર્ષોના દુષ્કાળ બાદ છેલ્લા કેટલાક વર્ષથી કચ્છના કેટલાક યુવાઓએ યુ.પી.એસ.સી.ની પરીક્ષામાં સફળતાની સિદ્ધિ મેળવી છે. અબડાસાના કાર્તિકેય બુધ્ધભટ્ટી અને હિતેશ જોઈસર, ભૂમિકા પોકાર - જબુઆણી, ધર્મેન્દ્ર ગઢવી જેવા યુવાઓ સનદી પરીક્ષાઓમાં ફતેહ મેળવીને લોકલક્ષી વહીવટમાં પરોવાઈ ગયા છે. કચ્છમાં પણ હવે યુ.એસ.બી. સર્કીટ બનાવી તેની પેટન્ટ નોંધાવનારો આકાશ ઉગાણી, એક જ વર્ષમાં ચાર-પાંચ સ્ટાન્ડર્ડનો અભ્યાસ સફળતાથી કરી લેનાર નિર્ભય ઠક્કર, આર્કિટેક્ચરલ વિઝ્યુઅલાઈઝેશનમાં થ્રી-ડી વર્ચ્યુઅલ રિયાલિટીની ટેકનોલોજીનો આગવો ટચ લઈ આવનાર ધૈવત સોની, ઉપયોગી એન્ડ્રોઈડ એપ્લીકેશનો બનાવનાર સુરેશ કેરાઈ જેવા યુવાઓ નવતર ક્ષેત્રોમાં આગેકૂચ કરી રહ્યા છે.

કેરિયર બનાવવા માટે નવી પેઢી સ્વકેન્દ્રી બની હોવાની વાતો વચ્ચે પણ ગરીબો અને શોષિતો માટે યુવાઓ દ્વારા સેવાના કામોના આંખ ઠારે એવા અનેક ઉદાહરણો જોવા મળે છે. યંગસ્ટર્સે ટેકનોલોજીની મદદથી સામાજિક અભિયાનો પણ ચલાવ્યા છે. કચ્છમાં પણ કસ્બા ગ્રુપના યુવાઓ વોટ્સ એપના ગ્રુપ થકી ગરીબો અને જરૂરિયાતમંદોને સહાય માટે સક્રિય છે. એ જ રીતે રાજા દક્ષિણી અને ભરત શાહે અંજારમાં રક્તદાન માટે ઉપયોગી એવી એપ્લિકેશન બનાવી છે. ભુજમાં ભૌમિક વચ્છરાજાની જેવા યુવાઓ પણ બ્લડ ડોનેશન માટેની સારી પ્રવૃત્તિ ચલાવે છે. કિંગ્ર ગ્રુપના ભદ્રેશ દોશી સહિતના યુવાઓ પોતાનો જન્મદિવસ જરૂરિયાતમંદોને મદદ કરીને જ ઊજવે છે. તો ભુજની રોટરી ક્લબ વોલસિટીના તારક ઠક્કર અને અમિત ચૌહાણ જેવા યુવાઓની ટીમે જી.કે. જનરલ હોસ્પિટલમાં થેલેસેમિયાનું નિઃશુલ્ક સેન્ટર બનાવ્યું છે.

નવી સદીમાં સર્વિસ પ્રોવાઈડિંગના ફિલ્ડમાં ભારતના યુવાઓએ જબ્બર પ્રગતિ કરી છે પણ પ્રોડક્શનના ક્ષેત્રમાં આપણે ઉત્સાહી નથી. આઈ.ટી. અને ઈમર્જિંગ ટેકનોલોજીમાં દેશના ટેલેન્ટેડ યુવાઓ આગળ વધી રહ્યા છે. પણ નોલેજ સાથે 'સ્કીલ'માં ભારતે જોઈએ તેવી પ્રગતિ કરી નથી. ચીને પોતાના પોપ્યુલેશનને મેનપાવરમાં ફેરવી નાખી છે. ૨૦૧૩થી ૨૦૧૫ વચ્ચે ભારતીય કંપની માઈક્રોમેક્સે સેમસંગ સહિતની જાયન્ટ કંપનીઓને હંફાવી નાખી પણ આપણે થોડી નવાઈ અને થોડો આઘાત લાગે એવી વાત એ પણ છે કે આ ભારતીય કંપનીનું ઉત્પાદન મથક ચીનમાં છે.

કચ્છે ૨૦૦૧માં ગોઝારા ભૂકંપે વેરેલી તારાજી સહી છે અને તેનો હિંમતભેર સામનો કરીને નવસર્જન ભણી આગેકૂચ પણ કરી છે. ધરતીકંપ બાદ કચ્છમાં જાહેર થયેલા ટેક્સ હોલીડેને પગલે અનેક મહાકાય ઉદ્યોગો સ્થપાયા અને સ્થાનિક યુવાઓ માટે રોજગારીની નવી તકો સર્જાઈ. આજે કચ્છના સંખ્યાબંધ યુવાનો મોટી કંપનીઓમાં કામ કરે છે. અલબત્ત, હજીય ઉદ્યોગોને જે કૌશલ્ય અને પ્રતિબધ્ધતાની જરૂર હોય છે એને સંતોષવા કચ્છના યુવાઓએ વધુ સજ્જ થવાની જરૂર પણ જોઈ શકાય છે. તો બીજી તરફ ઉદ્યોગોએ પણ સ્થાનિક યુવાઓને રોજગારીમાં વધુ રસ બતાવવાની પણ જરૂરિયાત ચોક્કસ જોઈ શકાય છે.

કચ્છના યુવાઓની રોલ મોડેલની વાત કરીએ તો વિરાટ કોહલી અને મહેન્દ્રસિંહ ધોની, સલમાન ખાન અને રણબીર કપૂર, દીપીકા પાદુકોણ અને પ્રિયંકા ચોપરા જેવા ફિલ્મ અને ક્રિકેટના સિતારાઓની સાથે ઋષિતુલ્ય વિજ્ઞાની અને પૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. અબ્દુલ કલામ, શૂન્યમાંથી સર્જન કરનારા ઉદ્યોગપતિ ધીરુભાઈ અંબાણી, નરેન્દ્રભાઈ મોદી અને રાહુલ ગાંધી જેવા રાજકારણીઓ, ગાંધીજી, બંધારણના ઘડવૈયા ડૉ. બાબાસાહેબ આંબેડકર જેવા મહાનુભાવો પણ સામેલ છે. તાજેતરમાં આ સંદર્ભમાં કચ્છના યુવાઓ સાથેની વાતચીતમાં આ તારણ નીકળ્યું હતું.

નવી સદીના નકારાત્મક પ્રભાવ તરફ પણ નજર નાખવી જરૂરી છે. આ યુગ જેમ સ્પર્ધાત્મકતાનો છે તેમ 'શો ઑફ'નો પણ છે. એટલે યુવાઓ પણ દેખાડો કરવામાં અને ભૌતિકવાદના ચક્કરમાં ફસાયેલા જોઈ શકાય છે. મોંઘી બાઈકો અને મોબાઈલ ફોન, બ્રાન્ડેડ કપડાં અને જ્વેલરી વગેરેના શોખ, પરવડે તેમ ન હોવા છતાં યુવાઓ ધરાવતા થઈ ગયા છે. સ્માર્ટ ફોનના વળગણને લીધે નવી પેઢી કંઈક એકાકી અને કુટુંબથી દૂર થઈ ગઈ હોવાનું અનુભવાય છે. સોશિયલ નેટ વર્કિંગનું વ્યસન વધતું જાયચ છે અને યુવાઓનો મોટો વર્ગ તેમાં સમય બરબાદ કરતો જોઈ શકાય છે.

અલબત્ત, એકંદરે જોઈએ તો નવી સદીના પ્રભાવ તળે યુવાઓ વધુ સ્માર્ટ, મહત્ત્વાકાંક્ષી બન્યા છે અને કદાચ યુવાઓની અસર તળે જ નવી સદી પણ વાઈબ્રન્ટ બની રહી છે.

*૧૭, વનવિહાર સોસાયટી, વ્યાયામ શાળા પાસે,*
*ભુજ, કચ્છ.*

# કંડલા મહાબંદર ૩૦ કિ.મી. સુધી વિસ્તરી ચૂક્યું હશે

અદ્વૈત અંજારિયા

કોઈ પણ વિસ્તારના ભવિષ્યની કલ્પના કરવી ખૂબ કઠિન છે. માનવી જ્યારથી આ પૃથ્વી ઉપર આવ્યો ત્યારથી તે સતત વિકાસને ઝંખતો રહ્યો છે અને કાયમ સુખદ ભવિષ્યની કલ્પના કરતો આવ્યો છે. પરંતુ તેના સખત પરિશ્રમ છતાં સમય, કાળ અને સંજોગ ઘણી વખત વિપરીત અસર પાડતા હોય છે. વર્ષ ૧૯૩૧માં કચ્છના રાજવંશે જેનો પાયો નાખ્યો તે આઝાદ ભારતના વિશાળ મહાબંદર કંડલા અંગે સરદાર વલ્લભભાઈ પટેલે જોયેલું ભવિષ્ય કદાચ મોડે મોડે પરંતુ મક્કમ રીતે સાકાર થઈ રહ્યું છે. ૧૯૩૧થી ૨૦૧૬ સુધીમાં અનેક જેટીઓ, સંસાધનો ઊભા કરીને આ બંદરે હજુ હમણાં જ ૧૦૦ મિલિયન મેટ્રિક ટન માલ-સામાનની હેરફેર કરી વિક્રમ કર્યો છે. અલબત્ત તેની સરકારી બંદર હોવાની છાપને કારણે જે ગતિએ વિકાસ થવો જોઈએ તે ગતિએ થતો નથી. આમ છતાં આ મહાબંદરના વિકાસની ભાવિ કલ્પના એવી છે કે, તે ૨૦૨૦ સુધીમાં ૨૨૨ મિલિયન મેટ્રિક ટન માલની હેરફેર કરતું થઈ ગયું હશે અને તેનો વિસ્તાર અધધધ... ૩૦ કિ.મી. સુધી ફેલાઈ ગયો હશે. વર્ષ ૨૦૦૧ માં વિનાશક ભૂકંપે કચ્છની ધરાને જે ભયાનક આંચકા આપ્યા તે વખતે થયેલો સર્વનાશ આ સરહદી જિલ્લાની વર્ષો સુધી થયેલી ઉપેક્ષાના કોફીનમાં જાણે છેલ્લો ખીલો હતો. અનેક જણ હતાશમાં ગરકાવ થઈ ગયા હતા. પરંતુ ધીમે ધીમે તે બેઠો થવા માંડ્યો. સંસાર, સમાજસેવી સંસ્થાઓ, વિદેશી મદદને સહારે તેનો વિકાસ ભૂતકાળની ઉપેક્ષાની ભાવનાને ચકનાચૂર કરીને ક્યાંય આગળ નીકળી ગયો. કંડલામાં વર્ષ ૧૯૩૧ માં તત્કાલીન મહારાવ ખેંગારજી ત્રીજાએ પ્રથમ આર.સી.સી.ની જેટી બાંધી. જ્યાં ૮.૮ મીટરની ઊંડાઈ ધરાવતા જહાજોનું આવાગમન શરૂ થયું. આઝાદી પછી ભારતના ભાગલા થતાં અવિભાજિત ભારતનું કરાંચી બંદર પાકિસ્તાનના ભાગમાં ગયું. પરિણામે શરૂ થઈ દેશના વૈકલ્પિક બંદરની શોધ. વર્ષ ૧૯૫૫માં આ શોધ કંડલાથી પૂર્ણ થઈ. તત્કાલીન પરિવહનમંત્રી અને દેશના માજી વડાપ્રધાન લાલબહાદુર શાસ્ત્રીએ કંડલાને મહાબંદર જાહેર કર્યું, તે સાથે જ કંડલાનો વિકાસ ઝડપભેર શરૂ થયો. ૧૯૫૭ માં ચાર નવી કારગો જેટી બંધાઈ અને તેવા સમયમાં જ વર્ષ ૧૯૬૪માં મહાબંદરના સંચાલન અર્થે સ્વાયત્ત એવા કંડલા પોર્ટ ટ્રસ્ટની સ્થાપના કરાઈ. ત્યારબાદ મહાબંદરના વિકાસે વેગ પકડ્યો. ઓઈલ જેટીઓ, કારગો જેટીઓ બંધાવા લાગી.

અત્યારે વર્ષ ૨૦૧૬માં આ મહાબંદરે ૧૪ કારગો જેટીઓ અને છ ઓઈલ જેટીઓ ધમધમી રહી છે. અલબત્ત વર્ષ ૨૦૦૪ થી ૨૦૧૪ લગભગ ૧૦ વર્ષ નવી ચાર જેટીઓ ઊભી કરવામાં પસાર થઈ ગયા. હજુ આ ચાર પૈકી બે જેટી જ કાર્યરત થઈ છે. આમ છતાં હવે કેપીટી બોર્ડે અન્ય બે જેટી જાતે બાંધવાનો નિર્ણય કરતાં તે જેટી ઊભી થવાની આશા જાગી છે.

ભારત સરકારના ખાનગી ભાગીદારીવાળા અભિગમમાં ગમે તે કારણે કંડલા પોર્ટ ટ્રસ્ટનું હજુ ગોઠવાયું નથી. જેથી કરીને તેની ખાનગી ભાગીદારીવાળી યોજનાઓ ખાસ ફળીભૂત થઈ નથી. કન્ટેનર ટર્મિનલ તથા જેટી નં. ૧૪ અને ૧૬ તેનો પુરાવો છે. પીપીપી પ્રોજેક્ટ સંદર્ભે અનુભવ ખરાબ રહ્યો છે અને તેને કારણે વિકાસની ગતિ અવરોધાઈ છે. આ સંદર્ભે કેપીટીના લેબર ટ્રસ્ટી અને વરિષ્ઠ અગ્રણી મનોહર બેલાણીએ કહ્યું હતું કે, જેટી હોય કે ટર્મિનલ પરંતુ ખાનગી ભાગીદારો સાથે કંડલા પોર્ટ ટ્રસ્ટના અધિકારીઓનું વર્તન ભાગીદારો જેવું નથી હોતું. કેપેટીના ભાગીદારને હજુ કોન્ટ્રેક્ટર સમજીને વર્તન કરે છે. આ અભિગમને કારણ મહાબંદરનો વિકાસ રુંધાઈ રહ્યો છે.

કંડલામાં હવે જમીન જ ન હોવાથી આ બંદર હવે તુણા તથા વીરા સુધી વિસ્તરી રહ્યું છે. કંડલામાં ભૂતકાળમાં સામા કિનારે આવેલા સતસેડા બેટ ઉપર જેટીઓ બનાવવા યોજના તૈયાર થઈ હતી. પરંતુ એકથી વધુ વખત નિષ્ણાતોએ તેને પડતી મૂકી છે. કંડલાની નાળામાં જો બન્ને બાજુ જેટી બંધાશે તો જહાજોની આવનજાવન મુશ્કેલી સર્જી શકે તેવો મત વ્યક્ત થઈ રહ્યો છે.

આવા કારણોસર હવે તુણા અને વીરા સુધીના દરિયા કિનારાનો ઉપયોગ કંડલા પોર્ટ ટ્રસ્ટે કરવા માંડ્યો છે. અદાણીની ભાગીદારીમાં તુણા ખાતે ટી-શેઈપ ચાર જેટી કાર્યરત થઈ ગઈ છે અને ધમધોકાર કામ ચાલી રહ્યું છે. હવે ભવિષ્યમાં તેની બાજુમાં જ બીજી ટી-શેઈપ ચાર જેટી બાંધવાનું આયોજન છે. તેવી જ રીતે વીરામાં સિંગલ પોઈન્ટ બોયો (એસપીએમ) બનાવવાની યોજના છે. ત્યાં પેટ્રોલિયમ કે અન્ય લિક્વિડ કારગો હેન્ડલ કરાશે. આમ આ મહાબંદર વીરા સુધી ૩૦ કિ.મી. વિસ્તરી જશે.

મુંદ્રાનું અદાણી બંદર પણ જો કંડલા બાજુ વિસ્તરવા લાગશે તો કચ્છનો કંડલાથી મુંદ્રા સુધીનો દરિયાઈ પટ્ટો એક વિશાળ જહાજી હબમાં પરિવર્તિત થઈ જશે. જેને આધારે એવી કલ્પના થઈ શકે કે, ભારતની સિંગાપોરથી પણ વિશાળ બંદરીય પ્રવૃત્તિ આ ક્ષેત્રમાં થતી હશે. વર્ષ ૨૦૨૫ સુધીમાં કચ્છ બંદરીય દૃષ્ટિએ સમગ્ર વિશ્વને દિશા આપનારું બની જશે. તેમાંય જો કંડલા પોર્ટ ટ્રસ્ટને એક સત્તામંડળમાં ફેરવી દેવાશે તો કેન્દ્ર સરકારનો હસ્તક્ષેપ ઘટી જશે અને વિકાસ ભારે વેગ પકડશે. આ કલ્પના છે, જે હકીકત ચોક્કસ બની શકે છે. ■

# એકવીસમી સદીનું કચ્છ (ગ્રામ્ય માળખામાં પરિવર્તન)

અશ્વિન ઝિંઝુવાડિયા

ભારત ગામડામાં અને ઇન્ડિયા શહેરમાં વસે છે. ખેતી સાથે ગામડુ અને ઉદ્યોગ સાથે શહેર જોડાયેલા છે. ખેતીની ઉપજ જ ભારતીય અર્થતંત્રની ધોરીનસ છે. પરંપરાગત રીતે ભારત ખેતીપ્રધાન દેશ રહ્યો છે.

ગ્રામ્ય માળખા સમયાંતરે બદલાતા રહ્યા છે. બદલાવ હકારાત્મક અને નકારાત્મક બન્ને હોઈ શકે. મહત્ત્વનું પરિવર્તન ખેતીમાં જોવા મળે છે. ખેડ, વાવણી અને બળદની સાથે શ્રમિકો પણ બેકાર બન્યા. ટ્રેક્ટરે માનવ શ્રમ ઘટાડ્યો સાથે સાથે ખેત વિસ્તાર વધાર્યો. ટ્રેક્ટર અને ટ્રોલી ઉપરાંત ટ્રેક્ટરમાં જોડી શકાય એવા ખેત વિષયક ઉપકરણોએ ખેડૂતનું કામ સરળ કરી નાખ્યું. વધુ વિસ્તારની જમીનમાં ખેડ શરૂ થયું. પરિણામે ઉત્પાદન વધ્યું. રોકડિયા પાકો જેવા કે કપાસ-એરંડા વગેરેનું વાવેતર વધ્યું. બળદ જોડેલા કોસથી થતી પિયત તો નામશેષ થઈ ગઈ. પ્રથમ ઓઈલ એન્જિન બાદ ઈલેક્ટ્રિક મોટર અને હવે સૂર્ય ઉર્જાથી ખેતીની તરાહ બદલાઈ રહી છે. જેમની પાસે સારી જમીન અને પાણી છે પણ વીજ કનેક્શન નથી એમણે સૌર ઉર્જાના યુનિટો બેસાડેલ ખેતીમાંથી સારી આવક મેળવવાનો પ્રયત્ન સરળ થયેલો જોવા મળે છે. વીજ કનેક્શનની રાહ જોવા કરતા સૌર ઉર્જાના માર્ગે ફંટાયેલા કિસાનનું વર્તુળ ભલે અત્યારે નાનું હોય પણ જેમ જેમ સૌર ઉર્જા ક્ષેત્રે ટેકનોલોજી અપગ્રેડ થતી રહેશે, વીજળીથી પાણી ખેંચીને ખેતી કરવાના દિવસો પૂરા થશે. ટેકનોલોજીએ આ ફાયદો પહોંચાડ્યો. ટપક સિંચાઈ પદ્ધતિથી પાણીની જરૂરિયાત ઘટાડી. ધોરિયા વાટે પીયતના દિવસો પણ પૂરા થવાના આરે છે ઉત્પાદનની પડતર કિંમત ઘટાડવાના પ્રયત્નોમાં સફળતા મળી છે પણ ઉત્પાદિત માલના બજારભાવમાં કિસાનવર્ગ નિરાશ છે.

જ્યોતિ ગ્રામ યોજના - સિંગલ ફેઈસ વીજ પુરવઠા લગભગ ૨૪ કલાક ગ્રામ્ય વિસ્તારમાં મળતો થયો એનાથી ગામડાના અંધારા ઉલેચાયા છે. હજુ થોડા વર્ષો પહેલા જ સાંજ પડે ને સમગ્ર ગ્રામ્ય વિસ્તાર ઉપર અંધારપટ્ટ છવાઈ જતો. એ પરિસ્થિતિ પણ મહદઅંશે દૂર થઈ. ગામનો અવાડો કે ઘર આંગણાની પાણીની કુંડી સીંગલ ફેઈઝ વીજળી મળવાથી ભરાઈ ગઈ. પીવાના પાણીની ઘર ઘર યોજના અમલમાં આવી. એથી પાણીનો, મનુષ્ય વપરાશની સાથે પશુપાલન માટે પણ પાણીનો પ્રશ્ન ઉકેલાઈ ગયો. જો કે નર્મદાના પીવાના પાણી યોજનાની તો વલે થઈ ગઈ છે. સમગ્ર નર્મદા યોજનામાં પીવાનું પાણી અને કચ્છ કેન્દ્રમાં હતા તે બંને અગ્રીમ મુદ્દા હાંસિયામાં ધકેલાઈ ગયા છે. કચ્છના પ્રજાના પ્રતિનિધિઓએ ન સ્વીકારેલી આ હાર છે.

માત્ર ૪-૫ કિ.મી. દૂરના વિસ્તારમાં જ ખેતી શક્ય હતી. પરિવર્તન એ થયું કે અત્યારે દૂરના ભાગે આવેલી ખેતી પણ શક્ય બની છે. મહત્ત્વનો બદલાવ શ્રમિકોની માનસિકતામાં આવ્યો. કામ નથી જ કરવું એની વાત જુદી છે બાકી ૩૦ થી ૪૦ કિ.મી. દૂર છકડા રિક્ષા અને ટ્રેક્ટરમાં શ્રમિકોને તેડી મૂકી જવાની શરતે કામ મળે છે અને અત્યારે આ રીતે શ્રમિકો મુલે જાય છે. સાથે સાથે ભાગ કે પાંતિમાં ખેતીનું ચલણ પણ આ રીતે વધ્યું છે. અન્ય રાજ્ય અને જિલ્લામાંથી આવતા શ્રમિકો ઉપજમાં ભાગ સાથે વાડી ખેતરમાં કામ કરે છે. જિલ્લામાં જ્યાં સારી ખેતી થાય છે એવું જોવા મળે તો સમજવું કે આ ખેતી ભાગમાં છે. આવા શ્રમિકો પૈકી કેટલાક જમીન માલિક પણ બન્યા છે. ભલે એ એના વિસ્તારમાં જમીન માલિક બન્યા પણ આવક તો અહીંનીને? તેમ છતાં મુલઈ મળતા નથી ની ફરીયાદ સર્વ સામાન્ય સાંભળવા મળે છે. સ્થાનિકના મુલઈ મુલનું પૂરું વળતર આપતા નથીનું પણ સાંભળવા મળે છે. તો એક વિશાળ વર્ગ એવો છે કે જમીન છે, પાણી છે છતાં ખેતીથી ઉદાસીન છે. પરિણામે ખેતી ન કરતો ખેડૂત વર્ગ અસ્તિત્વમાં આવ્યો છે.

ગ્રામ્ય વિસ્તાર હવે યાતાયાત મુસાફરી માટે એસ.ટી. તંત્રનો મોહતાજ બન્યો નથી. ટુ વ્હીલર અને ફોરવ્હીલર ખમતીધર કિસાનો પાસે છે પણ નાના ખેડૂત માટે છકડા અને છકડા રિક્ષા આશિર્વાદ સમાન પુરવાર થયા છે. શેરે રિક્ષામાં મુસાફરીના કટકા કરીને એક તાલુકા મથકથી બીજા તાલુકા મથકે સરળતાથી પહોચી જવાય છે. જેમને મુંદ્રાથી ભુજપુર, ભુજપુરથી બિદડા, બિદડાથી કોડાય પુલ - ત્યાંથી માંડવી આમ ૪ કટકે ઓછા ખર્ચે પહોંચી શકાય છે. છકડા રિક્ષામાં ૮ થી ૧૦, તો જીપ જેવા વાહનમાં ૧૨ થી ૧૫ છડિયા ભરી મુસાફરી શક્ય બની છે. એક સમયે માત્ર એસ.ટી.જ મુસાફરીનો આધાર હતો તેવું રહ્યું નથી. કચ્છના ગ્રામીણ આંતરિક માળખામાં આ શેરે છકડાએ વિસ્તારોને નજીક લાવી દીધા છે. ફરાદીથી ગુંદિયાળી કેમ જવું? આ પ્રશ્ન હવે નથી રહ્યો.

ટેલિફોન સેવાની ખામીઓની લોકો હવે ક્યાં ફરિયાદ કરે છે? ૨ થી ૩ કંપનીના સીમકાર્ડ સાથે ગમે ત્યાં ગમે ત્યારે વાત કરે છે. નેટ નથી આવતું તો ડોંગલ વસાવો... એસ.એમ.એસ. થી રાજકીય પક્ષો મિટિંગો બોલાવે છે અને જરૂરી સુચનાઓ આપે

છે. માત્ર એટલું જ નહીં ગ્રુપ એસ.એમ.એસ. કરીને સામાજિક અને ધાર્મિક ઉત્સવો ઉજવાય છે. જ્ઞાતિની મિટિંગો અને જરૂરી સુચનાઓ પણ આ જ પદ્ધતિથી અપાય છે. આ બધી પ્રગતિ ગાથા પાછળ ટેકનોલોજીની કમાલ છે.

પણ સાથે સાથે ગ્રામ્ય સંસ્કૃતિ, પહેરવેશ, રીત રીવાજ અને પરંપરા છુટતા જાય છે. ચોયણી અને કેડિયાનું સ્થાન પેન્ટ શર્ટ લેતા જાય છે પહેરવેશથી જ્ઞાતિ સમાજનો ખ્યાલ આવતો, એ દિવસો પણ લુપ્ત થતા જાય છે. એવું જ આભૂષણોનું છે, એવું જ ઢબ છબનું છે. મોટા ધાર્મિક તહેવારો કે ઘર ગામ આંગણે લગ્ન જેવો પ્રસંગ હોય ત્યારે બ્યુટિ પાર્લરમાં ગ્રામ્ય વિસ્તારની નારીની ભીડ જોવા મળે છે. જો કે આવા સંખ્યાબંધ બદલાવ ગ્રામીણ કચ્છમાં જોવા મળે છે.

તેમ છતાં શિક્ષણ અને આરોગ્યના મુદ્દાને લઈને તો ક્યાંક શિક્ષિત બેરોજગારોના પ્રશ્નને લઈને નાના ગામડાંમાંથી નાના શહેરો અને નાના શહેરોમાંથી મોટા શહેરો તરફથી દોટ અવિરત ચાલુ છે. સરહદી વિસ્તારના ગામડાં ખાલી થઈ ગયા છે અને હવે તેની અસર આંતરિક ભાગોમાં પણ જોવા મળે છે. દા.ત. માત્ર મુંદ્રા તાલુકાના ૮ થી ૧૦ ગ્રામ્ય વિસ્તારોના લોકો મુંદ્રાના સોસાયટી વિસ્તારમાં સ્થિર થયા છે. અંગ્રેજી માધ્યમની શાળાઓમાં પોતાના સંતાનોને ભણાવવા માટેની હઠના કારણે શહેરો ભરાતા જાય છે. એક ન ગમે એવી વાસ્તવિકતા એ પણ છે કે ગ્રામ્ય વિસ્તારનું પ્રાથમિક શિક્ષણનું મોટા ભાગનું માળખું ખાડે પડ્યું છે. જ્યાં વાલીઓ ગ્રામ્યજનો જાગૃત છે, ત્યાં પ્રાથમિક શિક્ષણ ઠીક ઠીક ચાલે છે બાકી છઠ્ઠા કે સાતમા ધોરણના બાળકને ગુજરાતી લખતા કે વાંચતા નથ આવડતું અને ધો. ૩ થી ૮ માં વિદ્યાર્થીને નાપાસ ન કરવાની જોગવાઈના કારણે આવું બને છે એવી ખોટી પાયાવિહોણી અને બકવાસથી ભરેલી દલીલ સાંભળવા મળે છે. પાસ નાપાસનો પ્રશ્ન તો પછી આવે છે, વિદ્યાર્થી ૪-૫ કલાક જો શાળાએ આવતા હોય તો તેને લખતા વાંચતા તો કરી શકાય ને? અતિ મહત્ત્વના મુદ્દે આવેલો આ નકારાત્મક બદલાવ ભાવિને છિન્ન ભિન્ન કરી નાખશે. વિદ્યાર્થીઓની સંખ્યા અને હાજર સંખ્યાને ખોટી અને મોટી બતાવીને મહેકમ જાળવી રાખવાનો પ્રયત્ન જોખમી બન્યો છે. ગામડાંમાંથી શહેર તરફની દોટમાં આ કારણ મહત્ત્વનું બની ગયું છે. સરકાર શિક્ષણ પાછળ કરોડો રૂપિયા ખર્ચે છે પણ પરિણામ ધાર્યું આવ્યું નથી.

આવું જ આરોગ્યનું છે. સ્થિતિ સુધરી છે પણ સંતોષકારક નથી. સ્વૈચ્છિક સંસ્થાઓના કાર્યોના કારણે આરોગ્ય ક્ષેત્રે બહુ બૂમબરાડા થતા નથી. ફરતા દવાખાના-નિઃશુલ્ક મેડિકલ કેમ્પો અને નજીકના વિસ્તારમાં લાયકાત ધરાવતા તબીબો ઉપલબ્ધ છે. જેથી પ્રાથમિક નિદાન ઉપચાર ચાલ્યા કરે છે.

પંચાયતને મળતી ગ્રાન્ટોની મધલાળના કાણે હવે પંચાયતી ચૂંટણીમાં પણ જામે છે. લોકશાહી પરિપક્વ થયેલી જોવા પણ મળે છે. ગામનું પંચ જે વ્યક્તિને કહે એ સરપંચ એ દિવસો પણ ગયા અને પાંચ વર્ષ કામ નહી કરીએ તો ફેંકાઈ જઈશું નો ભય પણ પ્રજાના પ્રતિનિધિને દોડતા રાખે છે. જેનો સરવાળે લાભ ગ્રામ્ય વિસ્તારને થાય છે ચૂંટણીમાં આવેલી જાગૃતિ પણ નોંધપાત્ર પરિવર્તન ગણી શકાય.

ઔદ્યોગિકીકરણની સાથે સાથે આવેલા દૂષણોએ પણ તાસીરને બદલાવી છે. ખાસ કરીને દેશી દારૂની માંગને પૂરી પાડવા ગ્રામ્ય વિસ્તારમાં ભઠ્ઠા ધમધમે છે તો દારૂની હેરાફેરીએ પણ ગ્રામ્ય વિસ્તારને બરબાદ કર્યો છે. ભલે બધે એવું નથી પણ આ દૂષણ ઘૂસી ગયું છે.

એક સમયે ગ્રામીણ વિસ્તારમાં ગુનાનું પ્રમાણ નહિંવત હતુ, આજે એનો ગ્રાફ ઉંચો ગયો છે. માત્ર એક હેડ કોન્સ્ટેબલથી ચાલતું મુંદ્રાના પોલીસ સ્ટેશનને ત્રણ સ્વતંત્ર પોલીસ સ્ટેશન બનાવવા પડ્યા. દારૂ જુગાર જેવી પ્રવૃત્તિની સાથે ખૂન-લૂંટ અને ચોરી જેવા ગુનાઓમાં પણ નોંધપાત્ર ઉછાળો આવ્યો છે.

ચર્ચાને સમાપન કરતા કહી શકાય કે ગ્રામ્ય વિસ્તારના પરિવર્તનોમાં હકારાત્મક પરિવર્તનો વિશેષ જોવા મળે છે. સમસ્યા અને દૂષણો દરેક સમયે દરેક સમાજમાં હોય જ છે, સ્વરૂપ અને વ્યાપ્ત ઓછા વધુ પ્રમાણમાં જોવા મળે છે. જો કે શહેરના લોકો ગ્રામ્ય વિસ્તારમાં રહેવા જાય, શહેરથી ગામડાં તરફની દોટ શરૂ થાય એવી સ્થિતિનું નિર્માણ થયું નથી. માત્ર પહેરવેશ પરિવર્તનને આધુનિકતાનો સ્પર્શ થયો છે એવું કહી શકાય નહીં.

ગ્રામ્ય વિસ્તારના અર્થતંત્રને ધબકતું રાખવામાં અને ઇચ્છિત બદલાવ લાવવામાં ખેતી ઉપરાંત પશુપાલન ઉદ્યોગને સલામ કરવી પડે. દૂધની આવકે ગ્રામ્ય વિસ્તારને મોહતાજીમાંથી મુક્ત કર્યા છે.

એક સમયે ગૌચર જમીન દબાણને નૈતિક પાપ ગણવામાં આવતું હતું આજે એ મૂલ્યો જળવાયા નથી. ખેડે એની જમીન. ગૌચર ઉદ્યોગોને ગયું. ઉપરાંત બાકી બચ્યું એ ગામના શિરજોર તત્ત્વોએ દબાવી લીધું. ઘેટાં બકરાં જેવો ઝીણો માલ આર્થિક રીતે લાભકારક નથી. પરિણામે તેનું સ્થાન મહદ્અંશે ભેંસોએ અને ગાયોએ લીધું છે દૂધની આવક ખેતીનો વિકલ્પ નથી પણ આ બન્ને ઉદ્યોગો સમાંતર અને પરસ્પર પૂરક બનીને ચાલે છે જે મોટા પરિવર્તનો પૈકી એક પરિવર્તન છે.

જ્યાં ઉદ્યોગોના ડેરા તંબુ છે ત્યાં પર્યાવરણને નુકસાન અને હવા સહિતના પ્રદૂષણનો ભોગ ગ્રામ્ય વિસ્તાર બન્યો છે. સ્થાનિક શિક્ષિત બેરોજગારોની સમસ્યા યથાવત છે.

એકવીસમી સદીના ગ્રામીણ પરિવર્તનનો હજુ આ સંધિકાળ ચાલી રહ્યો છે. ટેકનોલોજી ઝડપથી ગ્રામ્ય વિસ્તારમાં પહોંચી છે અને હકારાત્મક બદલાવ પણ ટેકનોલોજીના આભારે થયો છે છતાં ખૂબા થયું છે અને ઘણું બાકી છે.

*મુંદ્રા, કચ્છ.*
*મો. ૯૮૨૫૧ ૬૯૯૯૭*

ઉચ્ચ શિક્ષણનો તો સિનારિયો જ પલટાઈ જશે

# ડિજિટલ યુનિ. સંપૂર્ણ ઓનલાઈન અને પેપરલેસ બનશે

ચંદ્રસિંહ જાડેજા ● દિવ્યેશ વૈદ્ય

વિચારો, તમે કોલેજનાં પ્રથમ વર્ષના વિદ્યાર્થી છો, હોશિયાર છો, સત્રના સમયથી પહેલાં માત્ર એક મહિનામાં તમારી તૈયારી થઈ ગઈ તો બસ! ઊઠાવો માઉસ, ઓનલાઈન પરીક્ષા માટે એપ્લાય કરો, તમારી સામે પ્રશ્નપત્ર આવશે. તમે જવાબ આપી દો. તમારું એક સેમેસ્ટર ક્લિયર. હા., આ કલ્પના નથી. અત્યારે ભલે કૉલેજોમાં ઓગસ્ટ મહિના સુધી તો એડમિશન લેવાતાં હોય છે, પરંતુ આવો પણ સમય આવશે જ્યારે તમે તમારી મરજી પડે ત્યારે પરીક્ષા આપી શકશો, અને સમયથી ઝડપી કે ધીમે આગળ વધશો. અરે, કૉલેજો માત્ર કેન્દ્ર બની જશે. વિદેશોમાં ક્યાંક આવી પદ્ધતિ અમલી બની ચૂકી છે અને કચ્છ સુધી તે પણ તબક્કાવાર પહોંચશે. આવી તો ઘણી બાબતો છે જે ઉચ્ચ શિક્ષણમાં ક્રાંતિ સર્જીને સ્માર્ટ બનાવશે.

કચ્છને સંબંધ છે ત્યાં સુધી દોઢ દાયકા પહેલાં અનુસ્નાતક છાત્રોને પરીક્ષા આપવા અમદાવાદ જવું પડતું અને પરીક્ષા કેન્દ્ર માટે વિધાનસભા સામે સદ્‌ગત શિક્ષણવિદ પ્રો. વખતસિંહ જાડેજાના નેજા હેઠળ વિદ્યાર્થીઓ ધરણાં કરતાં હતાં. હવે આપણી પાસે અલાયદી કચ્છ યુનિ. છે અને કૉલેજોની સંખ્યા ૯માંથી ૪૪ થઈ છે, ત્યારે હવે પછીના દાયકા બાદ તો સિનારિયો જ પલટાઈ જવાનો.

૨૦૨૫ માં જિલ્લાનાં ઉચ્ચ શિક્ષણ અને યુનિ. ની ગુણવત્તાની દૃષ્ટિએ એક સારી કલ્પના કરવામાં આવે તો, ધો. ૧૨ પછી પાસ થનારા તમામ કૉલેજ શિક્ષણમાં જોડાતા હશે, ખાનગી કંપનીઓ સાથે કરારથી પ્લેસમેન્ટની સંખ્યા વધી હશે, વિદેશથી પ્રાધ્યાપકો વીડિયો લેક્ચર લેતા હશે, સંખ્યાબંધ વિદેશી યુનિ. સાથે જોડાણ હશે, નવતર અભ્યાસક્રમ અને પ્રોજેક્ટ આધારિત ભણતર હશે, શિક્ષણનાં બધાં પદો કોઈ ભેદ કે રાજકીય વગ વિના માત્ર ગુણવત્તાના આધારે જ ભરાય તેવા યુજીસીના નવા માપદંડો આવી ચૂક્યા હશે, દરેક સ્થાને અને દરેક વિદ્યાર્થીને સમાન તક મળતી હશે, વહીવટી ભવન સંવેદનશીલ હશે અને અંતે ખાસ તો એવી અપેક્ષા રાખી શકાય કે, કચ્છમાં વધુ એક મેડિકલ કોલેજ અને તે પણ સરકારી કે અનુદાનિત મળવામાં નેતાઓને સફળતા મળી હશે ને શિક્ષણ એવું હશે કે, વિદેશી છાત્રો કચ્છમાં ભણતા હશે.

આજે દરેક ક્ષેત્રની સાથે ૨૦૨૫ સુધીમાં કચ્છનાં સ્માર્ટ ઉચ્ચ શિક્ષણની, પણ હાલનાં ભાવિ આયોજનો અને સરકારની શિક્ષણ નીતિના આધારે કલ્પના કરવાનો અહીં પ્રયાસ કરવામાં આવ્યો છે. કચ્છમાં યુનિ. નું તત્સમયના મુખ્યમંત્રી અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે લોકાર્પણ થયું ત્યારે તો વર્લ્ડ ક્લાસ યુનિ. બનાવવાનું સપનું જોવામાં આવ્યું હતું. કેટલાક મુદ્દા તો આપણા દૃષ્ટિબિંદુથી અનેક અવરોધો વચ્ચે પહેલાં જ સાકાર થતા જોઈ શકાય છે, બાકીનાં લક્ષ્યો આપણે આગામી એક દાયકામાં નિહાળશું તેવો વિશ્વાસ છે.

સૌથી મોટી ઉણપ એવી આપણી યુનિ. ને યુજીસીની ૨(એફ) ની માન્યતામાંથી કાયમી ગ્રાન્ટ આપતી ૧૨(બી) ની માન્યતા મળી ગઈ હશે. તે ત્યારે જ શક્ય બને જ્યારે સ્ટાફ પૂરો હોય. એટલે શૈક્ષણિક ભવનોમાં અને વહીવટી ભવનમાં પૂરતી સંખ્યામાં કાયમી ભરતી થઈ ચૂકી હશે. પરિપક્વતા આવી જવા સાથે સંખ્યાબંધ કોર્ષ વૈવિધ્ય સાથેનાં કમસે કમ નવા પાંચ ભવનો કાર્યરત થઈ ચૂક્યાં હશે. આશા રાખીએ કે, યુનિ. કોલેજોના વિદ્યાર્થીઓની કુલ સંખ્યા ૩૦,૦૦૦ સુધી તો પહોંચી ચૂકી હશે.

માળખાકીય ક્ષેત્રે જોવામાં આવે તો યુનિ. સંકુલમાં રમતનું સ્ટેડિયમ હશે. વી.સી. અને રજિસ્ટ્રાર (કાયમી હોં!) તેમજ સ્ટાફ ક્વાર્ટર બની જતાં તેમનું ત્યાં જ રહેણાક હશે. ત્રીજી હોસ્ટેલ બની ચૂકી હશે. બાકીમાં વિદ્યાર્થી રહેણાકની ક્ષમતા વધી હશે, જ્યારે ટેકનોલોજીની રીતે જોવામાં આવે તો સંપૂર્ણ સંકુલ વાઈ-ફાઈ ઝોન તો આગામી એકાદ વર્ષમાં જ થઈ જશે, પરંતુ પછીનાં વર્ષોમાં આ ડિજિટલ યુનિ. અને તેની શિક્ષણ પદ્ધતિ સંપૂર્ણ ઓનલાઈન અને પેપરલેસ બની હશે. માળખાકીય ક્ષેત્રે પણ ભારે બદલાવ જોવા મળશે, કોલેજોની સંખ્યા અત્યારે ૪૪ની તો થઈ ગઈ જ છે, પરંતુ માત્ર ઉચ્ચ શિક્ષણનાં મુખ્ય મથક કચ્છ યુનિ. નાં કેમ્પસની જ વાત કરીએ તો એક અલાયદી યુનિ. જેવું નવું કેમેસ્ટ્રીનું સેન્ટર ઓફ એક્સેલન્સનું ભવન તૈયાર થઈ ગયું હશે. આ ઉપરાંત વાસ્તવિકતા આધારિત કલ્પનાના ઘોડા દોડાવવામાં આવે તો અત્યારે જેની પ્રાથમિક દરખાસ્ત પણ છે તેવાં મરીન, લાઈફ સાયન્સ અને અર્થ ભવનો સંકુલમાં કાર્યરત હશે. હાલમાં માત્ર જિઓલોજી અને એન્વાયર્નમેન્ટના માત્ર વિભાગોની સુવિધા છે.

યુવા કુલપતિ ડો. ચંદ્રસિંહ જાડેજા સાથે યુનિ. ના વિકાસ માટેની યોજનાઓ અને ભાવિ કલ્પનાઓ વિશે વાત કરતાં તેમણે ઉત્સાહ અને આત્મવિશ્વાસથી વાત કરી કે, યુનિ નાં કેમ્પસનો તો નજારો જ બદલી જશે. સમગ્ર ગ્રીન નેચરલ કેમ્પસ બની ગયું હશે. આ માત્ર કલ્પના નથી. સરકાર પણ સૈદ્ધાંતિક મંજૂરી

આપી ચૂકી છે. કચ્છ યુનિ. સંકુલમાં પાણી સંગ્રહ, વીજ ઉત્પાદન અને વપરાશી પાણીને શુદ્ધ કરી ફરી ઉપયોગ કરવામાં આવશે.

કુદરતી જળનો ભૂતળમાં સંચય થતો હશે, વરસાદી પાણી તળાવમાં ઊતારાશે. આ સિવાય યુનિ. પાસે વિશાળ જમીન છે અને અત્યારે પણ જો ૨ લાખ રૂપિયાનું વીજબિલ આવતું હોય તો પછી ક્યાં જશે તે વિચારીને સ્વનિર્ભર બનવા માટે સૂર્ય ઊર્જાથી ઉત્પાદન માટે પ્લેટો નાખવામાં આવશે. સરકારની પણ સબસિડી છે. વધારાની વીજળી યુનિ. પીજીવીસીએલને પણ અપાતી હશે.

સંકુલમાં રહેલા પાંદડાં વગેરેના કચરામાં સેન્દ્રીય ખાતર બનાવીને ઉપયોગ થતો હશે, તો વપરાશી પાણીને શુદ્ધ કરતો પ્લાન્ટ હશે. આમ તો અમદાવાદ સ્થિત આંબેડકર ઑપન યુનિ. સોલાર પ્લાન્ટ નાખી ચૂકી છે પણ કચ્છ યુનિ. તો પાણી સંચય, પાવર અને વેસ્ટ વોટર મેનેજમેન્ટ — એમ ત્રણે દૃષ્ટિએ સંપૂર્ણ ગ્રીન કેમ્પસ હશે.

દરેકને ગુણવત્તાયુક્ત, વ્યવહારિક અને સમગ્રતયા શિક્ષણનાં મિશન સાથે કામ કરતા ગુજરાતનાં મિની વિદ્યાનગર સમા તોલાણી કેમ્પસ હેઠળની કૉલેજોમાં પણ નિઃશંક આમૂલ પરિવર્તનનો પવન ફૂંકાશે. તોલાણી આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજના આચાર્ય ડૉ. સુશીલ ધર્માણી સમક્ષ કચ્છમાં સ્માર્ટ ઉચ્ચ શિક્ષણના મુદ્દે વાત કરતાં જ તેઓએ હાલની સરકારની નવી યોજનાઓ સાથે જોડીને વિચારો રજૂ કર્યા હતા. કચ્છના દૃષ્ટિકોણથી આ અનુભવી પ્રાધ્યાપકે કહ્યું કે, બુનિયાદી શિક્ષણ અને શ્રમની મહત્તા પાછા આવશે. વિશ્વ, દેશની સાથે ક્રાંતિકારી પરિવર્તન મુખ્યત્વે અભ્યાસક્રમમાં દેખાશે, જેમાં અમેરિકન પદ્ધતિ મુજબ ડિજિટલ આધારિત વ્યવસાયિક અભ્યાસક્રમોની સંખ્યા વધશે.

માનવ સંસાધન મંત્રાલય હાલમાં જ એવા ૨૦૦૦ કોર્ષની યાદી તૈયાર કરે છે. બહુ લાંબી શક્યતાઓ જોઈએ તો ઈન્ટરનેશનલ ઓનલાઈન વર્ચ્યુઅલ ક્લાસ વધશે અને કૉલેજો એ માત્ર ઈન્ટર્નશિપ સેન્ટર થઈ જશે. ઓડોલ (ઓન ડિમાન્ડ ઓનલાઈન એક્ઝામ) પદ્ધતિ દેશમાં જૂજ સ્થાને પ્રાયોગિક તબક્કે છે, પરંતુ તે છેવાડા સુધી પહોંચશે. હોશિયાર છોકરો ઝડપી તૈયારી કરી લેશે અને ઓનલાઈન પરીક્ષા આપી ત્રણને બદલે માત્ર એક-દોઢ વર્ષમાં ગ્રેજ્યુએટ થઈ જશે.

કચ્છની ભૌગોલિક દૃષ્ટિએ વાત કરવામાં આવે તો કૃષિ અને પશુપાલન યુનિવર્સિટી કે તેમના તથા પ્રવાસનને લગતા કોર્ષ ચાલતા હશે એમ કહેતાં ડો. ધર્માણીએ ઉમેર્યું કે, જ્યાં કચ્છીઓ વધુ છે તેવા આફ્રિકા, બ્રિટન, અમેરિકા જેવા દેશો સાથે યુનિ. ના એમઓયુ થતા જોઉં છું, કારણ કે ત્યાં ભણતર છોડીને વતન આવતા છાત્રોને આપણે તક આપી શકીએ. માત્ર તોલાણી કેમ્પસને ધ્યાનમાં રાખવામાં આવે તો ખાસ કરીને માઈક્રોબાયોલોજી, કેમેસ્ટ્રીના અનુસ્નાતકની સુવિધા કચ્છમાં હશે. પરફોર્મિંગ આર્ટ્સ ભણવા બહાર જવું નહીં પડે અને કેમ્પસમાં ૨૦૨૫ પહેલાં એક ઈજનેરી કૉલેજ પણ ધમધમતી જ હશે.

સીબીસએસ પદ્ધતિનો હેતુ યોગ્ય રીતે પરિપૂર્ણ થયો નથી, જે પોતાના વિષયો ઉપરાંત અન્ય વિષયોમાં મહારથ સાથે હાંસિલ થઈ શકે છે. ઇઝરાયલ અને ચીનની જેમ દરેક વિદ્યાર્થીને ફરજિયાત ૩ મહિના સમાજસેવામાં જોડાવું પડી શકે છે.

બીજી તરફ, એક મોટો બદલાવ કેમેસ્ટ્રીના અભ્યાસમાં જોવા મળશે અને તેની તૈયારી થઈ ચૂકી છે. કચ્છનું કેમેસ્ટ્રી ભવન રાજ્યમાં અવ્વલ બની જશે. માત્ર વિદ્યાર્થીઓને સારી તકો મળે અને તેઓ અત્યાધુનિક સંશોધન કરે એમ જ નહીં, જિલ્લામાં ઉદ્યોગોને પણ એનાલિસીસને લગતા બધા જ ઉકેલો મળી રહે તેવા ઉદ્દેશથી દૂરંદેશી આયોજન ઘડી કાઢવામાં આવ્યું છે. કચ્છ યુનિ. નાં કેમેસ્ટ્રી ભવનના વડા ડૉ. પ્રજ્ઞેશ દવેએ જણાવ્યું કે, રાજ્યમાં બહુ જૂજ જગ્યાએ ઉપલબ્ધ હોય તેવાં કેમિકલ સાધનો કચ્છમાં અત્યારે પણ ઉપલબ્ધ છે અને તેમાં વધારો થશે.

સરકારનો લગભગ ૪૦ કરોડનો પ્રોજેક્ટ છે. જેમાં ૩૫ કરોડનું તો નવું સંકુલ કેમેસ્ટ્રી ભવન હશે, સાધનસુસજ્જ લેબોરેટરી હશે. પી.જી. માં કેમેસ્ટ્રી અને હાલમાં શરૂ થયેલા એનાલિટીકલ કેમેસ્ટ્રી ઉપરાંત ઈનઓર્ગેનિક કેમેસ્ટ્રી અને ફિઝિકલ કેમેસ્ટ્રીનો અભ્યાસ અને સંશોધન પણ થતાં હશે. નેનો ટેકનોલોજી ક્ષેત્રે થઈ રહેલું સંશોધન વૈશ્વિક માપદંડો સુધી પહોંચી જશે. યોજના એવી છે કે, વિદ્યાર્થી માત્ર અભ્યાસ-સંશોધન જ નહીં, પણ નવાં કેમિકલ શોધી પોતાનો ઉદ્યોગ સ્થાપે અને તેમાં સ્ટાર્ટઅપ ઈન્ડિયા યોજના સાથે સાહસ કરવા યુનિ. માંથી સમગ્ર દોરવણી મળી જાય.

બીજી નોંધપાત્ર બાબત એ છે કે, ૨૦૦૪ માં યુનિ. શરૂ થઈ ત્યારથી કચ્છના સ્થાનિક વિષયો સંબંધી સંશોધન ન્યાય મળવો શરૂ થયો છે, જે આગામી એક દાયકામાં ખૂબ જ સમૃદ્ધ થઈ જશે. કચ્છ યુનિ.ના ગુજરાતી વિભાગનાં વડા અને જાણીતા સર્જક ડૉ. દર્શનાબેન ધોળકિયાએ ભાષા અને સાહિત્ય ક્ષેત્રે ભાવિ બદલાવો વિશે પોતાનું ચિંતન રજૂ કરતાં કહ્યું કે, યુનિ. શરૂ થઈ ત્યારથી એમ.ફિલ. અને પીએચ.ડી. ના છાત્રોનાં માધ્યમથી કચ્છ સંબંધી વિષયો-સાહિત્યને વિષય તરીકે પસંદ કરવામાં પ્રાથમિકતા અપાતાં, તે ઉજાગર થયું છે, જે ૨૦૨૫ સુધીમાં તો ખૂબ વ્યાપક બની જશે. હાલમાં તો અંગ્રેજીના સિલેબસમાં પણ કચ્છનાં સર્જનને અનુવાદ કરાવીને વણી લેવામાં આવ્યો છે. નિઃશંકપણે ઈતિહાસ, મનોવિજ્ઞાન, સમાજશાસ્ત્ર જેવાં નવા ભવનો પણ કાર્યરત થઈ ચૂક્યાં હશે તેવી આશા છે, કારણ કે આવનારા ભવિષ્યમાં સંચાર માધ્યમો વધતાં વાતચીતની કળા, ભાષાશુદ્ધિ, અનુવાદ ક્ષેત્રે જબરી તકો છે, જેથી દેખીતી રીતે વિદ્યાર્થીઓની સંખ્યા આવા વિષયમાં વધતાં આર્ટ્સનાં ભવનો વધશે. તેઓની એક કલ્પના કહો કે અપેક્ષા, એવી છે કે, કચ્છ યુનિ. માં માત્ર કચ્છી ચેર જ નહીં, દાતાની સહાયથી કચ્છની ભાતીગળ સંસ્કૃતિ, કલા-સંસ્કૃતિના વારસાને વ્યાપક રીતે સમાવતું એક કેન્દ્ર પણ ઊભું થઈ ચૂક્યું હશે. ■

# એકવીસમી સદીમાં કચ્છનું આરોગ્ય માળખું

વૈદ્ય નિપુણ પી. બુચ

એકવીસમી સદીમાં વિશ્વનો પ્રવેશ થયો ત્યારે વિશ્વ આરોગ્ય સંસ્થા WHO દ્વારા એક લક્ષ્ય નિર્ધારિત કરવામાં આવેલ, "ઈ.સ. ૨૦૦૦ સુધીમાં સર્વને માટે આરોગ્ય" (HEALTH FOR ALL BY YEAR 2000.) વીસમી સદીના ઉત્તરાર્ધમાં છેક આ લક્ષ્યનું નિર્ધારણ કરવામાં આવ્યું હતું. પરંતુ એકવીસમી સદીમાં જ્યારે જગત પ્રવેશ્યું ત્યારે આ લક્ષ્ય સાધી શકાયું નહિ. અરે, એકવીસમી સદીનો લગભગ દોઢ દાયકો જ્યારે આજે પસાર થઈ ગયો છે ત્યારે હવે આ લક્ષ્ય તથા "સર્વને માટે આરોગ્ય"ને પૂરું કરવા માટે વૈશ્વિક સ્તરે લગભગ સર્વત્ર મૌન પ્રવર્તે છે. તેવા સમયે આપણા કચ્છમાં આરોગ્ય માળખાની એકવીસમી સદીમાં શું પરિસ્થિતિ છે અને કેવું પરિવર્તન આવ્યું છે તથા કેવી રીતે આવ્યું છે અને અત્યારે વર્તમાન સ્થિતિ શું છે? તે જાણવા કચ્છના સમગ્ર આરોગ્ય માળખાની "નાડ" પારખવાનો આયામ ઉપયોગી થશે. આપણે અહીં મહદઅંશે ભૌતિક માળખા - સંખ્યા કે આંકડાની ઈન્દ્રજાળમાં પડવાને બદલે "કચ્છીમાડુ" ની "આરોગ્યની અપેક્ષા" ના "ધબકાર" ને ઉપલબ્ધ માહિતીનાં "સ્ટેથોસ્કોપ" દ્વારા "સાંભળવાનો-અનુભવવાનો" પ્રયત્ન કરીશું.

દેશમાં વિસ્તારની દૃષ્ટિએ સૌથી મોટા એવા આપણા કચ્છ જિલ્લાનો વ્યાપ દસ તાલુકામાં મળીને લગભગ ૪૬ હજાર ચો.કિ.મી. જેટલો થવા જાય છે. આપણું આ કચ્છ "રણ" અને 'મહેરામણ' વચ્ચે ૯૦૦ થી વધારે ગામડાંમાં પથરાયેલું પડ્યું છે. વારંવાર પડતા દુષ્કાળ તથા સમયાંતરે આવતી અન્ય કુદરતી આફતો વચ્ચે આપણા પ્રદેશની "ખડતલ" અને "ખમીરવંતી" પ્રજા, આઝાદી પહેલાની રાજાશાહી, આઝાદી બાદના "ક" વર્ગના વિશિષ્ટ દરજ્જાના પ્રદેશ તથા ગુજરાત રાજ્યના એક જિલ્લાની દૃષ્ટિએ સમયના વહેણમાં વિવિધ સમયે વિવિધસ્તરીય આરોગ્ય માળખા સાથે જીવી રહી છે.

એકવીસમી સદીમાં પ્રવેશ્યા બાદ હજુ તો માંડ એક વર્ષ પસાર થયું હતું. દરેક ક્ષેત્રની જેમ આરોગ્યક્ષેત્રમાં પણ અપેક્ષાઓ સંતોષાય તેવું પરિવર્તન ઈચ્છતા આપણા આ કચ્છ જિલ્લામા ૨૬મી જાન્યુઆરી, ૨૦૦૧ના સવારે ૮ અને ૪૬ મિનિટે જાણે સમય થંભી ગયો. એક વિનાશક ભૂકંપે જિલ્લાને રણ અને મહેરામણ વચ્ચે જાણે વલોવી નાખ્યો - વેરણ છેરણ કરી નાખ્યો. ભૂકંપ સાથેજ વીસમી સદી સુધીના આરોગ્ય માળખાને પણ લગભગ જમીનદોસ્ત કરી નાખ્યું. આખા જિલ્લાના "આરોગ્યના એપીસેન્ટર" સમાન જિલ્લાની સૌથી મોટી એવી ભુજની જી.કે. જનરલ હોસ્પિટલ તો તદ્દન ખલાસ થઈ ગઈ. આફતના સમયે અત્યંત જરૂરી એવી આવશ્યક આરોગ્ય સેવાના ક્ષેત્રે જાણે શૂન્યાવકાશ સર્જાઈ ગયો. સાથોસાથ જિલ્લાના દૂર-દૂરના સ્થળોએ પણ "જેવાં હતાં તેવાં" આરોગ્ય માળખાની ઘણી ખરી ઈમારતો પણ લગભગ બિનઉપયોગી બની ગયેલ. આ સમયે કચ્છની આરોગ્ય સેવાઓ "અક્ષરશઃ" રસ્તા પર જ આવી ગયેલ તેમ કહી શકાય, આવે સમયે આફતને આશિર્વાદમાં પલટાવવામાં તથા "શૂન્યમાંથી સર્જન" કરવામાં પાવરધા એવા "કચ્છી માડુ" એ સરકાર સામાજિક/સેવાકીય/બિનસરકારી સંસ્થાઓ, સખાવતી વૈશ્વિક સંસ્થાઓ-દાતાઓ-મહાજનો તથા વિદેશમાં વસતા કચ્છીઓ તથા વિશ્વના ઘણા-ઘણા દેશના આમ નાગરિકોની "સંવેદના ના સહારે અને સથવારે" અન્ય સવલતોની સાથોસાથ કચ્છનાં આરોગ્યનાં માળખાને પાયામાંથી ધીરે-ધીરે બેઠું કરી સંપૂર્ણ સજ્જ કરવા માટેના ભગીરથ પ્રયત્નો આદરી દીધેલા. હવે આજે લગભગ દોઢ દાયકા બાદ કચ્છ જિલ્લો જ્યારે લગભગ એકવીસ લાખની પચરંગી માનવ વસતિ સાથે દેશ અને દુનિયાના પર્યટકોના આકર્ષણનું કેન્દ્ર બની રહ્યો છે ત્યારે આ પ્રદેશના આરોગ્ય માળખામાં આવેલ પરિવર્તન અને હાલની સ્થિતિનું ચિંતન કરવું આવશ્યક બન્યું છે.

કચ્છ જિલ્લાના આરોગ્ય માળખા પર આવેલી આ ભૂકંપની આફતને આશીર્વાદમાં પલટાવવાની શરૂઆત કે આરોગ્ય માળખાની પરિવર્તનની શરૂઆત પણ કચ્છના "આરોગ્યના એપીસેન્ટર" સમાન જિલ્લાની મુખ્ય અને મધ્યસ્થ સરકારી હોસ્પિટલ એવી ભુજની જી.કે જનરલ હોસ્પિટલના જૂન-૨૦૦૧ માં જ ધરતીકંપના છ માસમાં જ તત્કાલિન વડાપ્રધાન, વાજપેયીજી દ્વારા ભૂમિપૂજન થઈ. લગભગ ૧૦૦ કરોડના અંદાજિત ખર્ચ સાથે નવી હોસ્પિટલ બનાવવાની જાહેરાત થયેલ તથા ન્યુઝીલેન્ડ દેશથી શરૂ થયેલ અને ત્યાં વપરાતી એવી "બેઈઝ આઈસોલેશન ટેકનિક" તરીકે જાણીતી એવી ભૂકંપ પ્રતિરોધક પ્રણાલી અને વ્યવસ્થા ધરાવતી ભુજની અદ્યતન અને દિલ્હી સ્થિત "ઓલ ઈન્ડિયા ઈન્સ્ટિટ્યૂટ ઑફ મેડિકલ સાયન્સ - AIIMS" જેવી ગોઠવણી થશે તેવી અપેક્ષાઓ જગાવનાર હોસ્પિટલનું બાંધકામ નવેમ્બર-૨૦૦૧ નાં હાથ ધરવામાં આવ્યું. મહાનગરોમાં પણ ન હોય તેવી મહત્વાકાંક્ષી યોજના ધરાવતી આ હોસ્પિટલનું બાંધકામ લગભગ એપ્રિલ ૨૦૦૩ એટલે કે ભૂકંપ બાદના માત્ર

બે વર્ષ જેટલા ટૂંકાગાળામાં જ પૂરું થયું. આ અદ્યતન અને નમૂનેદાર હોસ્પિટલનું ઉદ્‌ઘાટન તત્કાલીન વડાપ્રધાન શ્રી વાજપેયીજીના હસ્તે જ જાન્યુઆરી ૨૦૦૪માં કરવામાં આવ્યું અને એકવીસમી સદીના કચ્છમાં આરોગ્ય માળખાના પરિવર્તન-વિકાસનો જેના પર આધાર હતો તેની આ હોસ્પિટલ તેના મૂળભૂત સખાવતી દાતાશ્રી શેઠ ગોરધનદાસ ખેતશીના નામે જ એટલે કે જી.કે. જનરલ હોસ્પિટલના નામે જ ફરી શરૂ થઈ.

આ ભવ્ય અને આધુનિક હોસ્પિટલના નિર્માણ બાદ કચ્છી પ્રજાને એમ હતું કે હવે તો આરોગ્ય સેવાઓ માટે અમદાવાદ-રાજકોટ-મુંબઈ જેવા બહારના સ્થળોએ જવાના ફેરા કે ધક્કામાંથી તો છૂટકારો મળી જ જશે પરંતુ અદ્યતન સુવિધાઓની જોગવાઈ હોવા છતાં વહીવટી આંટીઘૂંટી-સંચાલનની અનિશ્ચિતતા તથા રાજકારણ તથા અહમના ટકરાવને કારણે તથા આરોગ્ય સેવા ક્ષેત્રે યોગ્ય નિષ્ણાતો ન મળવાથી આ બધી જ સુવિધાઓનો ઉપયોગ પૂર્ણપણે નથી કરી શકાયો અથવા તો તે આમ જનતા સુધી નથી પહોંચી શકી તથા કરોડો રૂપિયાનાં આધુનિક સાધનો લગભગ આજ સુધી વણ વપરાયેલાં પડી રહ્યાં કે નકામાં થઈ ગયાં છે. જેને કારણે કચ્છમાં આ હોસ્પિટલને એક હુલામણું નામ આપવામાં આવ્યું છે "અટલ મહેલ" તેનું એક કારણ તો હોસ્પિટલનું ભવ્યાતિભવ્ય નમૂનારૂપ બાંધકામ તથા આમ પ્રજા માટે તો જેની અપેક્ષા હતી એવી આરોગ્ય સેવા માટેની તેની બિનઉપયોગિતા. એકવીસમી સદીની આરોગ્ય સેવાઓને છાજે તેવી આધુનિકતા અને ઉપયોગિતા સમન્વયને કારણે જૂન-૨૦૦૪માં આ હોસ્પિટલને ઈન્ડિયન બિલ્ડર્સ કોંગ્રેસે તેને બાંધકામના સંદર્ભે ખાસ પુરસ્કાર દ્વારા પુરસ્કૃત પણ કરેલ અને હાલમાં જ મુંબઈ ખાતે સપ્ટેમ્બર-૨૦૧૬ માં સી.એન.બી.સી. ટીવી-૧૮ દ્વારા દેશભરમાંથી જિલ્લા કક્ષાની શ્રેષ્ઠ હોસ્પિટલનો કેટેગરી-૧ નો ઍવોર્ડ પણ "ગેઈન્સ જી. કે જનરલ હોસ્પિટલને એનાયત કરવામાં આવેલ છે.

અલબત્ત ભૂકંપ થયાના કલાકો બાદ જ ભારતીય સેનાની સહાયથી અહીંના સ્થાનિક વ્યવસ્થાતંત્ર સેવાભાવી તબીબો-લોકો સંસ્થાઓ દ્વારા ભુજના જ જ્યુબિલી ગ્રાઉન્ડમાં તાબડતોબ "ઑપન એર" કહી શકાય એવી કામચલાઉ હોસ્પિટલની વ્યવસ્થા ગોઠવીને "આરોગ્ય સેવાનો દીપક" પ્રજવલિત રાખ્યો હતો. ત્યારબાદ ખાનગી તથા સરકારી તબીબી સેવાના સમન્વય સમું જનરલ હોસ્પિટલનું એક "પ્રિ-ફેબ્રિકેટેડ" માળખું ફેબ્રુઆરી ૨૦૦૧ થી જ લગભગ દસ દિવસમાં જ શરૂ કરી દેવામાં આવ્યું હતું અને તે સમયે આવી કપરી પરિસ્થિતિમાં પણ આરોગ્ય કર્મીઓએ નેત્રદીપક કામગીરી કરી હતી. આ વ્યવસ્થા તો કામચલાઉ હતી અને ભૂકંપગ્રસ્ત વિસ્તારની જરૂરિયાત મુજબ આ વ્યવસ્થાનો વ્યાપ વધારવો જરૂરી હતો અને વળી નવી હોસ્પિટલ આ સમયે તો હજુ "ભાવિના ગર્ભ" માં જ હતી. તેથી લોકોની આરોગ્યની જરૂરિયાતને પહોંચી વળવા જ્યુબિલી ગ્રાઉન્ડની સાથોસાથ ભુજની લાલન કૉલેજમાં તંબુમાં જ રેડક્રોસ સંસ્થા દ્વારા હોસ્પિટલ ખસેડવામાં આવી. એપ્રિલ ૨૦૦૨ દરમ્યાન જ્યુબિલી ગ્રાઉન્ડવાળો વિભાગ સમેટીને આંતરરાષ્ટ્રીય રેડક્રોસના ફંડમાંથી ઈન્ડિઅન રેડક્રોસ દ્વારા અંદાજિત રૂપિયા ત્રણ કરોડના ખર્ચે લાલન કૉલેજમાંજ "પ્રિ-ફેબ્રિકેટેડ" માળખામાં જનરલ હોસ્પિટલને ખસેડવામાં આવી અને પૂર્ણ સ્વરૂપે કાર્યરત કરવામાં આવી. તેથી આ હોસ્પિટલને લોકો "રેડક્રોસ હોસ્પિટલ" તરીકે ઓળખવા લાગ્યા તથા નવી જનરલ હોસ્પિટલ શરૂ થઈ ગયા પછી પણ લગભગ માર્ચ ૨૦૦૫ સુધી આ હોસ્પિટલ સતત કાર્યરત રહેલ. ઉપરાંતમાં કચ્છ જિલ્લાના સંદર્ભે મહત્ત્વ ધરાવતી આરોગ્ય સેવાની દૃષ્ટિએ ભૂકંપ બાદ નવનિર્માણ પામેલી ભુજની ટી.બી. હોસ્પિટલ અને માનસિક આરોગ્યની હોસ્પિટલનો સમાવેશ પણ આ સદીમાં પરિવર્તન પામતાં આરોગ્ય માળખામાં કરવો જરૂરી છે. અલબત્ત આ બન્ને સરકારી સેવાઓ આજે પોતપોતાની રીતે વિવિધ મર્યાદાઓ સાથે જરૂરી આરોગ્ય સેવા પૂરી પાડવાનું કાર્ય કરી રહેલ છે.

દરેક જિલ્લાઓની જેમજ કચ્છ જિલ્લાનું આરોગ્ય માળખું ચતુષ્કોણીય અને દ્વિ-સ્તરીય છે. તેમાં રાજ્યસરકાર હસ્તકની આરોગ્ય સેવાઓ - જિલ્લા પંચાયત હસ્તકની આરોગ્ય સેવાઓ-સમાજમાં સેવાકીય કાર્ય કરતી બિનસરકારી સંસ્થાઓ અને ટ્રસ્ટો તથા ખાનગી ધોરણે પ્રાપ્ત થતી આરોગ્ય સેવાઓનો સમાવેશ થાય છે. તે રીતે જ આધુનિક ચિકિત્સા પધ્ધતિ એટલે એલોપેથી અને આયુર્વેદ વિજ્ઞાન - હોમિયોપેથી તથા યોગ અને કુદરતી ઉપચાર જેવા બે સ્તરો દ્વારા આરોગ્ય સેવાઓ લોકોને મળે છે. તે રીતે જે ફિઝિયોથેરાપી - નર્સિંગ - વિકલાંગ પુનઃવસન જેવી સહાયક આરોગ્ય સેવાઓ પણ આ માળખા અંતર્ગત આવે છે. એકવીસમી સદીમાં કચ્છની મુખ્ય જનરલ હોસ્પિટલ ઉપરાંત આરોગ્ય માળખામાં અંજાર રેફરલ હોસ્પિટલ, ગાંધીધામ-આદિપુરની રામબાગ હોસ્પિટલ, માંડવીની માંડવી ગ્રુપ હોસ્પિટલ ગણાય તથા જિલ્લાભરમાં પથરાયેલ વિવિધ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો - PHC, સામૂહિક કે સામુદાયિક આરોગ્ય કેન્દ્રો - CHC વગેરેનો સમાવેશ કરી શકાય. છેલ્લા દોઢ દાયકામાં આ બધી સેવાઓની સંખ્યામાં તેના પુનઃનિર્માણ કે નવ નિર્માણનો વ્યાપ અવશ્ય વધ્યો છે અને ભૌતિક રીતે માળખાનો વિકાસ પણ થયો છે. તો વળી ભૂકંપ બાદ વિશ્વના આગળ પડતા દેશોની વિવિધ સ્તરે મળતી મદદ અને સહયોગથી તથા આપણા દેશની વિવિધ સંસ્થાઓ - રાજ્ય સરકારોની મદદથી સહકારથી ઈમારતો નવી બંધાઈ. યાંત્રિક રીતે આધુનિકીકરણ પણ થયું છે પરંતુ આરોગ્ય સેવાઓ અપૂરતા સ્ટાફ વગેરે જેવી સમસ્યાને કારણે ખોડંગાતી

ચાલે છે. તેથી આ ક્ષેત્રમાં ઘણું મોટું માળખાકીય કાર્ય થયું હોવા છતાં - સમય સાથે પરિવર્તન પણ થયું હોવા છતાં લોકોની અપેક્ષા સંતોષાતી નથી.

બિનસરકારી સેવાકીય સંસ્થાઓ - ટ્રસ્ટો દ્વારા ચાલતી આરોગ્ય સેવાના ક્ષેત્રે ભુજ ખાતેની લેવા પટેલ હોસ્પિટલ તથા બિદડા ખાતેની સર્વોદય ટ્રસ્ટ હોસ્પિટલ મુખ્ય ગણી શકાય. ધરતીકંપ સમયે આ બન્ને હોસ્પિટલોએ દિન-રાત લોકોની આરોગ્ય સેવા માટે ખૂબ સારું કાર્ય કર્યું છે. બિદડાની હોસ્પિટલમાં પણ ઘણા નવા વિભાગો શરૂ થયો છે તો લેવા પટેલ હોસ્પિટલમાં સુપર સ્પેશિયાલિસ્ટો દ્વારા સમયાંતરે નિયમિત રીતે આરોગ્ય સેવાઓ અપાતી રહી છે. તે રીતે જ ભોજાય ખાતેની સર્વોદય ટ્રસ્ટ હોસ્પિટલ સ્ત્રી રોગોના ક્ષેત્રે મહત્ત્વનું કાર્ય કરી રહેલ છે. કચ્છના પ્રવેશદ્વાર એવા ભચાઉ ખાતે આવેલ વાગડ વેલફેર હોસ્પિટલ પણ ભૂકંપમાં નષ્ટ થયેલ તથા ભૂકંપ બાદ દાતાઓ - સંસ્થાઓના આર્થિક યોગદાન સાથે તેનું નવનિર્માણ કરી તેની પુનઃ શરૂઆત કરવામાં આવેલ અને તે અત્યાર સુધી સારી રીતે ચાલતી હતી પરંતુ થોડા સમયથી હાલે તેના સંચાલનમાં મુશ્કેલીઓ ઉભી થતાં તેનું સંચાલન સૌરાષ્ટ્રની એક આ પ્રકારના ક્ષેત્રે કામ કરતી સેવાભાવી સંસ્થાના ટ્રસ્ટને સોંપાય તેવી ગોઠવણ ચાલી રહી હતી. આ ઉપરાંત ઘણાં જ ટ્રસ્ટો-ઉદ્યોગગૃહો દ્વારા પણ કચ્છના વિવિધ સ્થળોએ આરોગ્ય સેવાઓ આધુનિકતાના પરિવર્તન સાથે ઉપલબ્ધ બની છે જેમાં પાનન્ધ્રો-ખાવડા-ખડીર અબડાસા-બાની વગેરેમાં સ્થાનિકે સુવિધાઓ ઉભી કરાઈ છે અથવા તો ફરતાં દવાખાનાઓ દ્વારા આરોગ્ય સેવાનું સંચાલન કરવામાં આવી રહ્યું છે. રાયધણપર સ્થિત કચ્છ વિકાસ ટ્રસ્ટ દ્વારા વિવિધ રોગો અને ખાસ કરીને નેત્રનિદાન શિબિરો કચ્છના પછાત વિસ્તારો માટે ઉપયોગી બની રહેલ છે. કચ્છમાં સર્વપ્રથમ કેન્સર હોસ્પિટલ તથા કેન્સર જેવા જીવલેણ રોગની અંતિમ અવસ્થાના દર્દીઓ માટેનું અંતિમ આશ્રય સ્થાન જેને ગણી શકાય તેવું "હોસ્પિસ સેન્ટર" માંડવી ખાતે જનકલ્યાણ સોસાયટી દ્વારા આકાર લઈ રહેલ છે. તો માંડવીમાં જ એક સંસ્થા અંધ-અપંગ માનવકલ્યાણ સોસાયટી વિકલાંગોની સેવા ક્ષેત્રે કાર્ય કરી રહેલ છે તો ત્યાંની જ હાજી હસન હોસ્પિટલ પણ ઉપયોગી બની રહેલ છે. વળી માંડવીની નજીક પીયાના પાસે સહજાનંદ સાર્વજનિક હોસ્પિટલ પણ કાર્યરત છે. દાતાઓના દાનથી બનેલ હોવા છતાં દાતાઓના નામની તકતી વિહોણી એવી નખત્રાણાની પાટીદાર હોસ્પિટલ - દેવાશિષ હોસ્પિટલ પણ તે વિસ્તાર માટે ખૂબ ઉપયોગી બની રહેલ છે. ગાંધીધામ ખાતે જિલ્લાનું પ્રથમ એવું થેલેસેમિયા ડિટેક્શન સેન્ટર પણ ટ્રસ્ટના સેવાભાવી સંસ્થાના સહકારથી કાર્યરત છે તો વળી ભુજમાં પણ એક થેલેસેમિયા ડિટેક્શન સેન્ટર નજીકના ભવિષ્યમાં શરૂ થવા જઈ રહ્યું છે. તો ભુજ ખાતેની લાયન્સ ક્લબ દ્વારા સંચાલિત એલ.એન.એમ. હોસ્પિટલ પણ ડાયાલિસિસના દર્દીઓ માટે ખૂબ જ આશિર્વાદરૂપ બની રહેલ છે. અલબત્ત ડાયાલિસિસની સુવિધાની શરૂઆત લેવા પટેલ હોસ્પિટલ દ્વારા થયેલ હતી. વળી મુંદ્રા ખાતે ખાનગી ઉદ્યોગ ગૃહ દ્વારા બંદરીય વિસ્તાર અને SEZ માટે ખાસ કોર્પોરેટ હોસ્પિટલ સાથે હાથ મિલાવી તેના હેલ્થ સેન્ટરનો પણ આધુનિક એમ્બ્યુલન્સની સુવિધા સાથે આરંભ કર્યો છે તો વળી બળદિયા - ભુજપુર તથા અન્ય શહેરો - નાના ગામોમાં સંસ્થાકીય આરોગ્ય સેવાઓનો વ્યાપ વધ્યો છે.

ભૂકંપ બાદ વિકલાંગતાનો ભોગ બનેલા દર્દીઓને નવજીવન આપવા અને તેમને સન્માનભેર પગભર બનાવવા માટે ભુજ ખાતેના "કચ્છ કોમ્પ્રિહેન્સિવ રીહેબિલીટેશન સેન્ટર - K.C.R.C." તથા બિદડા ખાતેના "જયા રીહેબ એન્ડ રિસર્ચ સેન્ટર"ની ખાસ નોંધ લેવી રહી. અહીં ફિઝિયોથેરાપી પ્રોસ્થેસીસ - ઓર્થોસીસ ઓડિયો સ્પીચ થેરપી-સાઈકોલોજી તથા નેત્રહીનો માટે ઉપયોગી એવી અદ્યતન પદ્ધતિઓનો ઉપયોગ કરવામાં આવે છે. આ બન્ને સેન્ટરો દેશ-વિદેશમાં નામના ધરાવે છે.

છેલ્લા દોઢ દાયકામાં આરોગ્ય સેવાની દૃષ્ટિએ સૌથી મોટું પરિવર્તન અને સૌથી વધુ ઉપયોગી આરોગ્ય સેવા હોય તથા કચ્છના લોકોમાં પણ મહદ્અંશે જે સેવાથી સંતોષ વ્યક્ત કરવામાં આવી રહ્યો હોય તો તેવી આરોગ્ય સેવા છે. "ઈમર્જન્સી એમ્બ્યુલન્સ સર્વિસ - ૧૦૮" જેને બધા લોકો તેના ટૂંકા નામ "૧૦૮" થી જ મુખ્યત્વે ઓળખે છે. કચ્છ જેવા દુર્ગમ અને લાંબા અંતરો ધરાવતા વિસ્તારમાં તથા જ્યાં મર્યાદિત શહેરોમાંજ થોડી વિશેષ આરોગ્ય સવલતો છે તેવા જિલ્લામાં આ સેવાનો બહોળો ઉપયોગ થઈ રહ્યો છે.

આરોગ્ય શિક્ષણનાં ક્ષેત્રમાં જિલ્લાને જેની ઘણા સમયથી જરૂર હતી તેવી મેડિકલ કૉલેજ પણ આ દોઢ દાયકામાં લાંબા સમયના ઇંતેજાર બાદ શરૂ થઈ ગયેલ છે. ૧૫૦ બેઠકો ધરાવતી "ગુજરાત અદાણી ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સીસ-GAIMS" ટૂંકમાં "ગેઈમ્સ" તરીકે ઓળખાય છે. સ્થાનિક લોકોમાં, આ કૉલેજ અને હોસ્પિટલ અંગે જે સતત વિવાદો ચાલતા રહ્યા રહ્યા છે તે અંગે રમુજ પ્રવર્તે છે કે, "સરકાર-સંચાલકો અને રાજકારણીઓ દ્વારા કચ્છના લોકો સાથે આ કોલેજ અને હોસ્પિટલના માધ્યમથી જાણે સતત કોઈ "ગેઈમ્સ" "રમત" રમવામાં આવી રહી હોય તેવું આમ જનતા અનુભવી રહી છે. તેથી જ તેનું આવું નામકરણ ખાસ સાંકેતિક ગણી શકાય. અલબત્ત શરૂઆતની તકલીફો બાદ હવે તો આ કૉલેજમાં અનુસ્નાતક વર્ગોની પણ મંજૂરી મળી ગયોલ છે. ટૂંકમાં જો દોઢ દાયકામાં એકવીસમી સદીમાં કચ્છના આરોગ્ય માળખામાં આવેલ પરિવર્તનને આપણે જાણવું હોય તો આ મુજબ ગોઠવી શકાય.

★ ગેઈમ્સ ટીચીંગ હોસ્પિટલ જી.કે. જનરલ હોસ્પિટલ ૭૫૦

પથારીની સુવિધાવાળી મલ્ટી સ્પેશિયાલિટી હોસ્પિટલ.

★ દર વર્ષે ૧૫૦ તબીબી સ્નાતક બેઠક ધરાવતી અને અનુસ્નાતક શિક્ષણની સુવિધા સાથેની અદ્યતન ''ગેઈમ્સ'' મેડિકલ કૉલેજ.

★ ૭૦ પથારીની સુવિધાવાળી એમ.એમ.પી.જે. લેવા પટેલ હોસ્પિટલ ભુજ.

★ ૧૧૯ પથારીની સુવિધા સાથેની રામકૃષ્ણ - સ્ટર્લિંગ હોસ્પિટલ - ગાંધીધામ

★ ૧૦૦ પથારીની સુવિધાવાળી અદાણી હોસ્પિટલ મુંદ્રા.

★ બિદડા સર્વોદય ટ્રસ્ટ હોસ્પિટલ બિદડા, તા. માંડવી.

★ વાગડ વેલફેર ટ્રસ્ટ હોસ્પિટલ - ભચાઉ

★ ભોજાય સર્વોદય ટ્રસ્ટ હોસ્પિટલ ભોજાય, તા. માંડવી

★ દેવાશિષ હોસ્પિટલ - નખત્રાણા

★ ડિવાઈન લાઈફ હોસ્પિટલ - આદિપુર

★ હરિઓમ ટ્રસ્ટ હોસ્પિટલ - આદિપુર.

આ ઉપરાંત ભુજ ખાતેની ૫૦ પથારીની સુવિધાવાળી ખાનગી - ઍકોર્ડ હોસ્પિટલ. અન્ય ડોક્ટર્સની નાની-મોટી હોસ્પિટલ ઉપરાંત કચ્છનાં મોટાં-મધ્યમ-નાનાં-મહત્ત્વનાં શહેરો-ગામોમાં ૫૦૦ થી વધારે ખાનગી તબીબોની સેવા ઉપલબ્ધ છે. જિલ્લાના દ્વિ-સ્તરીય આરોગ્ય માળખામાં અન્ય ચિકિત્સા પદ્ધતિઓની અંદર છેલ્લા દોઢ દાયકામાં આવેલા પરિવર્તન વિશે જાણીએ તો કચ્છમાં દેશી રજવાડાના સમયથી જ આપણાં ભારતીય ચિકિત્સાશાસ્ત્ર એટલે કે આયુર્વેદને રાજ્યાશ્રય હતો અને કચ્છમાં તેનું સંવર્ધન થયું અને સાથોસાથ વનૌષધિ અંગે પણ કચ્છના રાજવી વિશેષ જાગ્રત હતા. જેના પરિણામે જ આજથી લગભગ ૧૦૦ વર્ષ પહેલા કચ્છ લખપતના સપૂત એવા વનસ્પતિશાસ્ત્રી જયકૃષ્ણ ઈન્દ્રજી ઠાકર દ્વારા ઈ.સ. ૧૯૧૩ થી ઈ.સ. ૧૯૨૬ વચ્ચે કચ્છમાંથી દસ્તાવેજી કૃત કરાયેલ કચ્છમાં ઉત્પત્તિ વનસ્પતિ પર લખાયેલું દળદાર ગ્રંથ ''કચ્છ સ્વસ્થાનની વનસ્પતિ અને તેની ઉપયોગિતા.'' આ ગ્રંથનું પ્રકાશન કચ્છ રાજ્ય દ્વારા કરવામાં આવેલ એકવીસમી સદીમાં એલોપેથી ચિકિત્સાની સાથોસાથ આયુર્વેદ હોમિયોપેથી કુદરતી ઉપચાર-યોગ-દંત ચિકિત્સા ફિઝિયોથેરાપી - નર્સિંગ વગેરે જેવાં આરોગ્ય જાળવણીનાં માળખાનાં મહત્ત્વનાં અંગોનો પણ વ્યાપ વધ્યો છે તથા તેમાં પણ પરિવર્તન થતું રહ્યું છે.

આયુર્વેદ ચિકિત્સાના ક્ષેત્રમાં ભુજ ખાતે આવેલ રાજ્ય સરકાર હસ્તકની ૨૦ પથારી ધરાવતી સરકારી આયુર્વેદ હોસ્પિટલ ધરતીકંપ પહેલાં પણ ખાસ પંચકર્મની સવલતો સાથે જૂની ''જ્યુબિલી હોસ્પિટલ'' ના ભવ્ય મકાનમાં કાર્યરત હતી. પરંતુ ભૂકંપને કારણે આ ભવ્ય વિશિષ્ટ ઈમારત નાશ પામી. પરંતુ આ જૂના સ્થળની નજીક જ યુરોપિયન યુનિયનના અનુદાનમાંથી અદ્યતન આયુર્વેદ હોસ્પિટલનું પુનઃનિર્માણ થયું છે અને ફરીને તે પૂર્ણરૂપે પંચકર્મ સારવારની સુવિધા સાથે કાર્યરત છે. આ હોસ્પિટલ સાથે સંકળાયેલ વનૌષધિ ઉદ્યાન કે જે ભુજથી અંજાર જતા રસ્તા પર રેલડીગામ પાસે આવેલ છે, તેનું પણ આધુનિકીકરણ કરવા હાલમાં જ વિશેષ આયોજન કરી ખાસ સ્ટાફની નિમણૂક કરી તેમાંથી ઉત્પન્ન થતી આયુર્વેદિક ઔષધિઓને ગુજરાતનાં આયુર્વેદિક દવાખાનાઓમાં પહોંચાડવાની વ્યવસ્થા ગોઠવાઈ છે. તે રીતે જ છેલ્લા દોઢ દાયકામાં જિલ્લા પંચાયત હસ્તકના ૨૦ આયુર્વેદિક હેલ્થ સેન્ટર AHC અને હોમિયોપેથીનાં ૧૨ દવાખાનાંનો વ્યાપ વિસ્તર્યો છે. પરંતુ અહીં પણ ભૌતિક માળખું હાજર છે પણ તબીબોની ઘટની સમસ્યાનું ગ્રહણ સેવાઓ પર અસર કરી રહ્યું છે. તો સંસ્થાઓ દ્વારા ચાલતાં-આયુર્વેદિક દવાખાનાઓ પણ મૃતઃપ્રાય કક્ષાએ ચાલી રહ્યાં છે. અલબત્ત ખાનગી ધોરણે છેલ્લા દોઢ દાયકામાં આયુર્વેદિક ચિકિત્સકો અને ક્ષારસૂત્ર-પંચકર્મ-અગ્નિકર્મની વિશિષ્ટ સારવાર પદ્ધતિ સાથેના દવાખાનાઓમાં સારો એવો વધારો થયો છે. અહીં પણ સેવાની ઉપયોગીતા અને તેની જરૂરિયાત સાથે તેના આર્થિક પાસાનો તાલમેલ લોકોની અપેક્ષા સાથે બેસાડવો જરૂરી બની જાય છે. જો સેવાઓ દર્દીઓના ''પોકેટ'' ને માટે ''ફ્રેન્ડલી'' અભિગમ ધરાવશે તો તે વધુને વધુ લોકપ્રિય બનશે. હોમિયોપેથી ચિકિત્સા ક્ષેત્રે પણ ખાનગી ચિકિત્સકોની સંખ્યામાં સારો એવો વધારો થયો છે અને લોકોમાં તેની લોકપ્રિયતા પણ વધી છે અને જાગૃતિ પણ જોવા મળી રહી છે. દંત ચિકિત્સા ક્ષેત્રે પણ દાંતના ડોક્ટરોની સંખ્યામાં ખાસ્સો એવો વધારો થયો છે અને મોટાં મહત્ત્વનાં શહેરોમાં તો દરેક દાંત દીઠ એક-એક દંત ચિકિત્સક મળી રહે તેટલા ખાનગી દંત ચિકિત્સકોનાં દવાખાનાં આધુનિક સેવાઓ સાથે ઉપલબ્ધ છે. દવાખાનાંઓ વધતાં દર્દીઓની વિશિષ્ટ સેવા માટે પરિચારીકા એટલે કે નર્સની જરૂરિયાત પણ વધી છે. તે સંદર્ભે કચ્છમાં હાલ પાંચેક જેટલી નર્સિંગ સ્કૂલો ચાલી રહી છે પરંતુ હજુ પણ નર્સિંગ કૉલેજની જરૂરિયાત અનુભવાઈ રહી છે. તો વળી ભૂકંપ બાદ જે સારવારની વધારે જરૂરિયાત જોવામાં આવી એવી ફિઝિયોથેરાપીના ખાનગી પ્રેક્ટીશનરોની પણ સંખ્યામાં વધારો થયો છે અને હાલમાં જ તેની એક ખાનગી કૉલેજ પણ ભુજ ખાતે શરૂ થઈ રહ્યાની પ્રક્રિયા આગળ ચાલી રહી છે.

વળી કચ્છમાં છેલ્લા દોઢ દાયકામાં કુદરતી ઉપચાર અને યોગના ક્ષેત્રમાં પણ ખૂબ જાગૃતિ આવી છે અને આરોગ્ય માળખાની દૃષ્ટિએ તેની સુવિધાઓમાં વધારો થયો છે તથા પરિવર્તન પણ જોવા મળ્યું છે. ભૂકંપમાં અસર પામેલ જૈન મેડિકલ ટ્રસ્ટ સંચાલિત કુદરતી ઉપચાર કેન્દ્રનું જૂની જગ્યાએથી સ્થળાંતર થયું અને ભુજના જ્યુબિલી ગ્રાઉન્ડથી મુંદ્રા તરફ જતા

રસ્તા પર નવી જગ્યાએ સર્વમંગલ આરોગ્યધામ નવા કુદરતી પરિસર સાથે આકાર પામ્યું તથા લોકોપયોગી બની રહ્યું છે. આ ઉપરાંત, ભુજ-માંડવી રોડ પર પુનડી પાટિયા પાસે આવેલ નવજીવન નેચરક્યોર સેન્ટર, બિદડા ખાતે સર્વોદય ટ્રસ્ટ હોસ્પિટલના સંકુલમાં આવેલ રતનવીર નેચરક્યોર સેન્ટર, ભચાઉથી આગળ ખારોઈ પાસે આવેલ આનંદધામ નેચર ક્યોર સેન્ટર તથા મુંદ્રા અને આદિપુરનાં સંસ્થા દ્વારા ચાલતાં સેન્ટરો મુખ્ય છે. યોગા માટેનાં વિવિધ કેન્દ્રો ચાલે છે તો ભુજ ખાતે તો યોગ માટેનો ખાસ આશ્રમ પણ કાર્યરત છે.

દવાની દુકાનો અંગે પણ આરોગ્યનાં સંદર્ભમાં એકવીસમી સદીમાં થયેલ પરિવર્તનની દષ્ટિએ જાણવું જોઈએ. અહીં પણ શરૂઆત સરકારી વ્યવસ્થાથી કરીએ. એકવીસમી સદી શરૂ થયા બાદ પણ સરકારી હોસ્પિટલો - પંચાયતના દવાખાનામાં અપાતી સરકારી દવાઓ મેળવવા કચ્છ જિલ્લાને જામનગરના સરકારી ઔષધ ડીપો પર આધાર રાખવો પડતો હતો. પરંતુ હવે ટૂંક સમયમાં જ ભુજ ખાતે નિર્માણના અંતિમ તબક્કામાં ઉદઘાટનની રાહ જોતો કચ્છ માટેનો સરકારી ઔષધ ડીપો ભુજ ખાતે જ તૈયાર થઈ જતાં સરકારી દવાઓ - રસીઓ મળવામાં સરળતા - સુગમતા રહેશે. તો ખાનગી દવાની દુકાનોની દષ્ટિએ કચ્છમાં લગભગ-અંદાજે એક હજાર જેટલા મેડિકલ સ્ટોર આવેલા છે પરંતુ રાહત ભાવે કે પડતર ભાવે દવાઓ મળી રહે તેવા અને “જેનેરીક દવાઓ” વેચતા સ્ટોર તો આંગળીએ ગણાય તેટલા જ છે. જેની સંખ્યા વધે તો સારી દિશાનું પરિવર્તન ગણાય. તે માટે સામાજિક સંસ્થાઓ મંડળો આગળ આવે તે ઈચ્છનીય છે. તે રીતે જ કચ્છમાં છેલ્લા દોઢ દાયકામાં પેથોલોજી લેબોરેટરીની સંખ્યા પણ ૮૦ થી ૧૦૦ જેટલી થવા જાય છે. છતાં પણ દર્દીઓની અપેક્ષાએ સંતોષ કરતાં ફરીયાદો વિશેષ જોવા મળે છે. ઉપરાંતમાં રેડિયોલોજી અને ઈમેજિંગ ક્ષેત્રે, પહેલાં માત્ર એક્સ-રે અને સાદી સુવિધા ધરાવતા આ જિલ્લામાં છેલ્લા દોઢ દાયકામાં જબ્બર પરિવર્તન આવ્યું છે તથા સીટી સ્કેનની જિલ્લામાં સૌપ્રથમ સેવાની શરૂઆત લેવા પટેલ હોસ્પિટલથી થઈ અને આધુનિકરણનાં પગરણ મંડાયા. અત્યારે તો સારી એવી સંખ્યામાં સોનોગ્રાફી, એમ.આર.આઈ.નાં મશીનો ડિજિટલ એક્સ-રે, ડોપ્લર વગેરે તથા મેમોગ્રાફી — વગેરેની ખાનગી સુવિધા તથા “કોરોનરી એન્જિયોગ્રાફી” પણ કચ્છમાં રામકૃષ્ણ સ્ટર્લિંગ હોસ્પિટલ ખાતે ઉપલબ્ધ છે.

આમ ઈતિહાસની દષ્ટિએ કચ્છમાં કચ્છીઓની આરોગ્ય સુખાકારી માટે કચ્છ રાજ્ય દ્વારા સૌપ્રથમ દવાખાનું છેક ઈ.સ. ૧૮૪૯માં ભુજ ખાતે શરૂ થયું હતું. ત્યારથી ઈ.સ. ૨૦૧૬ સુધીના લગભગ ૧૭૭ વર્ષ એટલે કે પોણા બસ્સો વર્ષના આરોગ્ય માળખાનાં ઈતિહાસમાં કચ્છમાં ઘણાં બધાં પરિવર્તનો આવ્યા તથા દરેક રીતે આરોગ્ય સેવાઓનો વ્યાપ ઉડીને આંખે વળગે તેવી નોંધપાત્ર દષ્ટિએ વધ્યો છે અને તેમાં પણ એકવીસમી સદીમાં ધરતીકંપને કારણે એક નવું પરિમાણ ઉમેરાતાં કદાચ આ પરિવર્તન ઝડપી અને વિશિષ્ટ રીતની દિશામાં આગળ વધી રહ્યું છે તેવું કહી શકાય. તેમ છતાં આજે પણ “ક્રિટીકલ કેર” અને ગંભીર “ટ્રોમા” ના કેસોમાં તો “કચ્છી માડુ” એ સૂરજબારી પુલ ઓળંગવો જ પડે છે કારણ કે કચ્છમાં આ પ્રકારની આરોગ્ય સેવાઓ આપી શકે તેવું માળખાકીય પરિવર્તન આવ્યું નથી. આવી કટોકટીની સ્થિતિમાં આવતો “કચ્છી માડુ” કચ્છમાં જ દરેક પ્રકારની ગંભીર સ્થિતિની સારવાર કચ્છમાં જ સ્થાનિકે જ થાય તેવી અપેક્ષા જે રાખી રહ્યો છે તે આજના યુગમાં તો સ્વાભાવિક જ ગણાય. તેમ છતાં દરેક કચ્છીની આવી અપેક્ષા મૃગજળ સમાન સાબિત ન થાય તથા ગુણવત્તાયુક્ત ઉચ્ચ કક્ષાની ટેકનોલોજી ધરાવતી આધુનિક ઝડપી સારવારની આરોગ્ય સેવા કચ્છમાં જ પ્રાપ્ત થાય તેવી વ્યવસ્થા ઉભી થાય તે જ એકવીસમી સદીમાં દરેક કચ્છીઓનું લક્ષ્ય હોવું જોઈએ. કચ્છમાં આરોગ્યક્ષેત્રે સેવાઓ સવલતો માટે દાતાઓની ક્યારેય ખોટ પડી નથી અને દરેક કપરી પરિસ્થિતિમાં પણ આરોગ્ય સેવાનો “યજ્ઞ” સદીઓથી સતત ચાલી જ રહ્યો છે. તો સાથે મળીને દરેક કચ્છી વિશ્વકક્ષાની આરોગ્ય સેવા આપણા કચ્છમાં જ ગુણવત્તાયુક્ત તથા દરેકને પરવડી શકે તેવી સેવા પ્રાપ્ત થાય તેવો સંકલ્પ કરીએ.

*શુશ્રુષા ક્લિનિક*
*મોડર્ન ટોકીઝની બાજુમાં, ભુજ, કચ્છ.*
*ફોન : (૦૨૮૩૨) ૨૨૫૩૭૫*

*નાનકડો દીવો જે કરી શકે છે,*
*તે સૂર્ય નથી કરી શકતો.*
*રાતનો અંધકાર દીવો જ દૂર કરી શકે છે,*
*તો કદ મહત્ત્વનું નથી,*
*કારણ અને પરિણામ મહત્ત્વનું છે.*

*દિનેશચંદ્ર જગજીવન શાહ - અમદાવાદ*

**Dhiren Shah - Director**
M. : 98795 00916 ● E-mail : dhirenshah@favouriteshoes.com
HITSTEEL WAVES ULTIMA voltex Winner
**FAVOURITE**
**Manufacturers & Exporters of Safety Shoes & Casual Shoes**
**FAVOURITE SAFETY PRODUCTS**
J-1915-18/A, GIDC Industrial Estate,
Ankleshwar-393 002. Dist. Bharuch, Gujarat (INDIA)
Ph. : +91 2646 220690 / 251646 Fax : +91 2646 251030
E-mail : info@favouriteshoes.com Web : www.favouriteshoes.com
**FAVOURITE SHOE COMPANY**
C-1/B-2007-2006/3, GIDC Indl. Estate,
Ankleshwar-393 002. Dist. Bharuch, Gujarat (INDIA)

# કચ્છની વન્યજીવ સંપદા તસવીરોમાં જોઈ રાજી થશું

ડૉ. પંકજ જોશી

સમગ્ર દેશ માટે કચ્છ જિલ્લો પોતાની આગવી જૈવિક વિવિધતા અને પરિસરતંત્રો માટે ખૂબ જ ઉપયોગી છે, જેથી જ કચ્છ જિલ્લાને એક અલગ બાયોટિક પ્રોવિન્સ '૩-એ' માં વર્ગીકૃત કરીને સૂકા અર્ધસૂકા વિસ્તારોની જનીનિક વિવિધતાને સાચવવાની વાત કરવામાં આવી છે. કચ્છ જિલ્લો જુદાં જુદાં પરિસરતંત્રો જેવાં કે, કાંટાળાં જંગલો, ઘાસિયા જમીનો, દરિયાઈ પરિસરતંત્રો, ચેરિયાનાં જંગલો, રણ અને બેટના કાંઠાળા ખારા વિસ્તારો, જળપ્લાવિત વિસ્તારો ધરાવે છે. આમ, ઐકિક પરિસરતંત્રો, હોઈ કચ્છની વનસ્પતિ અને જીવસૃષ્ટિ પણ વિશેષ પ્રકારની જાતોથી ફૂલીફાલી રહી છે.

સમગ્ર વિશ્વમાં દુર્લભ જાતોમાંની ઘણી ખરી જીવસૃષ્ટિઓ માત્ર ને માત્ર કચ્છમાં જ સારી એવી સંખ્યામાં જોવા મળે છે. જેમાં સવિશેષ કરીને ઘુડખર, હણોત્રો, ભગાડ, સાંઢો, ઘોરાડ, ચિલોત્રો, ટિલોર, સફેદ ફૂલડું, મીઠા ગુગળનો સમાવેશ થાય છે. આપણો જિલ્લો શિયાળાની ઋતુમાં આવતાં હજારોની સંખ્યામાં યાયાવાર પક્ષીઓ માટેનું આશ્રયસ્થાન છે અને મુખ્ય પ્રવેશદ્વાર સમાન છે. આ ઉપરાંત સમગ્ર ભારત, અને કદાચ એશિયા ખંડમાં પણ આવેલી સૌથી મોટું સુરખાબ પક્ષીઓની માળા સૃષ્ટિ ધરાવતો પ્રદેશ છે. જૈવિક વિવિધતાની સાથે સાથે આપણાં પરિસરતંત્રો કુદરતી સંસાધનો ઉપર આશ્રિત આજીવિકાના આશ્રય માટેનો પણ મુખ્ય સ્રોત છે. જેમાં ખેડૂતો, પશુપાલન કરતા સમુદાયો, માછીમારી સમુદાયો અને જમીન વિહોણા લોકોનો સમાવેશ થાય છે. આ ઉપરાંત છેલ્લા દસકામાં થયેલું ઔદ્યોગિકીકરણ કચ્છની મુખ્ય બે ખાસિયતોને લીધે છે. જેમાં ગુજરાત રાજયનો સૌથી મોટો દરિયા કિનારો કચ્છ જિલ્લામાં છે, અને વિવિધ પ્રકારનાં ખનિજોની હાજરી લખી શકાય. જેનાં કારણે કચ્છમાં બંદરો અને જેટી, થર્મલ પાવર સ્ટેશનો, મીઠા આધારિત ઉદ્યોગો, સિમેન્ટ ઉદ્યોગોમાં ઉત્તરોત્તર વધારો થઇ રહ્યો છે.

આ ઉદ્યોગોની કામ કરવાની પદ્ધતિઓ આપણી પર્યાવરણીય સમતુલાને ત્વરિત અને લાંબાગાળાની મુશ્કેલીઓ તરફ ધકેલી રહેલી છે. જેથી કરીને કચ્છની જૈવ વિવિધતાને સાચવીને આજીવિકા સાથે જોડીને લાંબાગાળાની ઔદ્યોગિક વિકાસની મુશ્કેલીઓ આવતા દસકા માટે એક મુખ્ય ચિંતાનો વિષય બની રહેશે.

આ મુશ્કેલીઓ, ચિંતાઓ કે પડકારોને જો વધુ ચોકસાઈપૂર્વક કહીએ તો મુખ્ય પાંચ મુદ્દાઓ બની શકે. જેમાં આપણી વરસાદ આધારિત ખેતી, માલધારીયત જીવનશૈલી, માછીમારોની પરંપરાગત પદ્ધતિઓ, જંગલોની પેદાશો ઉપર આશ્રિત સમુદાયો અને આપણી ઐકિક, વિશિષ્ટ જીવસૃષ્ટિ વગેરે ઉપર આવતા દસકામાં પડકારો ઉપર ધ્યાન કેન્દ્રિત કરવું પડે. આપણે એક-એક મુદ્દાને જોતા જઈએ તો કચ્છ જિલ્લો પરંપરાગત ખેતી અને વરસાદ આધારિત 'રામ મોલ' ખેતી માટે કુદરતી રીતે અનુકૂળ છે.

પરંતુ છેલ્લા દસકામાં થયેલા મોસમ પરિવર્તનને લીધે વરસાદની સરેરાશ કરતાં વધુ હાજરીથી અને નર્મદાનાં નીર પહેલાં પીવા માટે અને હવે ખેતીવાડી માટે પણ ઘર આંગણે આવતાં, આપણા ખેડૂતો રોકડિયા પાકો તરફ આકર્ષાયા છે. વધુમાં વધુ રાસાયણિક ખાતરો, જંતુનાશકોનો ઉપયોગ કરી રહ્યા છે... જાણે કે, રીતસરની કમાઈ લેવાની હરીફાઈઓ આપણા ગૌચરો, નાની-મોટી ટેકરીઓ, ઘાસિયા જમીનો ખેડવાની રાતોરાત શરૂઆત થઈ છે. જે કદાચ આવતા દસકામાં આપણી વરસાદ આધારિત કુદરતી ખેતીને રાસાયણિક ખાતરો, જંતુનાશકોથી એ હદે વિપરીત અસરો કરશે કે, પંજાબની જેમ આપણે પણ કદાચ 'કેન્સર ટ્રેન' દોડાવવાની જરૂરિયાત ઊભી થાય! આપણી જમીનના પોષક દ્રવ્યો, પાકને અનુકૂળ અળસિયાં, નાના જીવ-જંતુઓ, ખેતીવાડી સાથે સંકળાયેલાં પશુ-પક્ષીઓ ક્યાંક છૂટાં છવાયા મળી રહેશે... આહાર શૃંખલા તૂટવાથી ઘોરાડ જેવા અતિ દુર્લભ પક્ષીઓ આપણી વચ્ચમાં હશે કે કેમ? કહેવું પણ મુશ્કેલ છે! નાની-મોટી ટેકરીઓ અને ઘાસિયા જમીનો ખેડાઈ જવાથી ઘણાંખરાં પશુ-પક્ષીઓ કચ્છમાંથી દુર્લભ થયાં હશે... એમાં કદાચ આપણાં સસલાં, તેતર, નોળિયા, લોંકડી વગેરે ભાગ્યે જ જોવા મળશે.

ઘાસિયા જમીનો અને ગૌચરમાં ઘટાડો થતાં કે નામશેષ થતાં આપણા માલધારી ભાઈઓ પોતાનાં પશુઓ વેચી દે છે, કાં તો કચ્છ જિલ્લાને કાયમ માટે આવજો કહીને સ્થળાંતર કરશે! આમ, જંગલો ઉપર પણ દબાણ વધશે. ત્યાનાં જંગલી પશુઓ અને સમુદાયો વચ્ચે સંઘર્ષની શરૂઆત થશે, જે સંઘર્ષ કદાચ

કોઈ એકને જ રહેવા દેવાના કુદરતી નિયમને અનુસરશે. આમ પણ કચ્છમાં ભગાડ, હાણોત્રો, ગુરનાર, લોકડીઓ, રણ બિલાડીઓ જે ક્યાંક-ક્યાંક જોવા મળે છે તે સદંતર નામશેષ થઈ જશે! જે માત્ર ને માત્ર ફોટાઓમાં જ જોવા મળે તો નવાઈ નહીં!

કચ્છ જિલ્લાનો આ દસકો જે રીતે ઔદ્યોગિક ક્રાંતિનો સાક્ષી બની રહ્યો છે એ જ રીતે આવતો દસકો પણ ઉદ્યોગો માટે લાલ જાજમ બિછાવીને કદાચ બેઠો હશે એવા અણસાર આજે જ આવી રહ્યા છે. હજુ તો ઘણા ઉદ્યોગો કચ્છ તરફ મીટ માંડીને અહીં આવવાની જોઈ રહ્યા છે વાટ! લિગ્નાઈટ અને સિમેન્ટ આધારિત ઉદ્યોગો માટે આપણાં કાંટાળાં જંગલો કે જે માત્ર ને માત્ર સમગ્ર દેશમાં અહીં જ રક્ષાયેલાં છે તેની કપાવાની રાહ જોવાઈ રહી છે! પહેલાં માત્ર દરિયા કિનારે આવનારા ગ્રીન એનર્જી-વિન્ડ મિલ્સ 'પવનચક્કીઓ' આજે તો ધીરે ધીરે કેન્સરની માફક કચ્છનાં મુખ્ય અંગોમાં ફેલાઈ રહેલી છે. જે અંગોને આવતા દસકામાં આપણે જૈવિક વિવિધતા માટે કદાચ કાયમ માટે ભૂલવાં પડશે, કાં તો કરોડરજ્જુ તૂટવાથી જે હાલત થાય છે એવી હાલત આપણાં જંગલોની થશે. ઘણાંખરાં તો નાનાં પશુ-પક્ષીઓ હાલમાં પણ આવા વિસ્તારોમાંથી સ્થળાંતર થઈ રહ્યાં છે, પરંતુ આવતા દસકામાં આ માટે આપણને બહારથી સંશોધનશાસ્ત્રીઓને બોલાવીને આવાં સંશોધન કરવાં પડશે, અને જ્યાં સુધી સંશોધનો પૂરાં થશે ત્યાં સુધી તો કંઈ કેટલી પ્રજાતિઓ તો આપણી વચ્ચમાંથી કાયમ માટે નામશેષ થઈ ગઈ હશે. એટલું જ નહીં, આપણા પરંપરાગત માલધારી વ્યવસાય સાથે સંકળાયેલા હજારો માલધારીઓને પોતાની પશુ ઓલાદો બચાવવી મુશ્કેલ થશે, અને કદાચ વ્યવસાય મૂકીને તેઓને પણ ઉદ્યોગોની લાઈનમાં ઈન્ટરવ્યૂ આપવા પડશે.

આપણો કચ્છ જિલ્લો યાયાવર પક્ષીઓની આવનજાવન માટે સમગ્ર વિશ્વમાં ખ્યાતિ પામેલો છે. આવાં પક્ષીઓની ગણતરી કરવી પડશે અને સંશોધન કરવાં પડશે કે, બન્ની જેવાં ઘાસિયાં મેદાનોને કુંજ પક્ષીઓનાં રક્ષણ માટે કાયમી રક્ષિત જાહેર કરવાં પડશે અને ત્યાં પવનચક્કીઓ કે ઉદ્યોગો ન આવે તે માટે પ્રકૃતિપ્રેમીઓએ વનવિભાગ સાથે રહીને દિવસ-રાત એક કરવા પડશે.

આપણો જિલ્લો કે જે એક સમયે સમગ્ર રાજ્યમાં મધનું ઉત્પાદન કરતા જિલ્લાઓમાં આગવું સ્થાન ધરાવતો હતો એ આજે પણ ક્યાંક છેલ્લા ક્રમે છે, અને આવતા દસકામાં તો એ લિસ્ટમાં પણ નહીં હોય, કેમ કે આપણી મધમાખીઓ ઓછી થઈ જવા પામશે.

જંગલો ઘટવાં અને ખેતીવાડીમાં રસાયણોનો છંટકાવ એના માટે મુખ્ય કારણો હશે, તો પછી તો જમીન વિહોણા સમુદાયો પોતાની પરંપરાગત જીવનશૈલી ભૂલીને ક્યાંક ૫૦ સે.થી. ૫૫ સે. તાપમાનમાં કાળી મજૂરી કરતા ઉદ્યોગોમાં નજરે પડશે.

આપણાં ચેરિયાનાં જંગલો, મેન્ગ્રુવ કે જે હજારોની સંખ્યામાં માછીમાર સમુદાયો, પચડિયા અને માલધારીઓ તથા જીવસૃષ્ટિને આશ્રય આપી રહ્યો છે, જે આજે પણ અતિ સંવેદનશીલ સ્થિતિમાં આવીને ઊભો છે, તો આવતા દસકામાં તો માત્ર ને માત્ર બંદરો જેટી અને પાવરપ્લાન્ટ સિમેન્ટના ઉદ્યોગો માટે આપણા જિલ્લામાં ટૂરિઝમ થતું હશે. જૈવ સૃષ્ટિ તો માત્ર ને માત્ર પ્રેઝન્ટેશનોમાં બતાવવામાં આવશે, અને ઘણા બધા દરિયાઈ કાચબાઓ કે જેઓએ આપણા દરિયા કિનારે જન્મ લીધો હશે, તેઓ આવીને દૂર દૂરથી મોટી મોટી લાઈટો જોઈને બિચારાં બચ્ચાં માટે નવો દરિયો શોધશે.

માછીમારોની સાથે સાથે ચેરિયા ઉપર આશ્રિત માલધારી સમુદાયોના વંશજો કદાચ મજબૂરીથી આવા ઉદ્યોગોના સાહેબોની ગાડીઓમાં ડ્રાઈવરો કે ગેટ પાસે ઉભા રહીને ચોકીદારી કરતા હશે! છેલ્લે જંગલો, ઝાડીઓ, ઘાસિયાં મેદાનો અને જંગલી પશુ-પક્ષીઓ ઘટતાં વનવિભાગના વિસ્તારો ઘટશે અને કામમાં પણ ઘટાડો થશે!!!

છેલ્લે, અમિતાભ બચ્ચનની આપણા સફેદરણની જાહેરાત માત્ર ને માત્ર હશે અને ટૂરિસ્ટને સીધા જ રણની મુસાફરી કરીને કચ્છના ઉદ્યોગોની મુલાકાત કરાવવામાં આવશે, અને ધ્રુડુલી-સાંતલપુર રોડ ઉપર એક ઠેકાણે બોર્ડમાં લખેલું હશે કે, 'અહીં પહેલાં સુરખાબના માળાઓ જોવા મળતા હતા.' જ્યાં બધા ફોટા પડાવશે અને ટૂરિસ્ટ ગાઈડ મનમાં ને મનમાં મુસ્કુરાઈને બોલતા હશે, 'કચ્છ નહીં દેખા તો કુછ નહીં દેખા.'

તો આવો, સાથે મળીને આ તમામ ઉપરોક્ત બાબતોને ખોટી પુરવાર કરીએ, અને એવા દસકાના સાક્ષી બનીએ જેમાં કોઈ જૈવિક વિવિધતા નામશેષ ન થાય! જેમાં કોઈ પરંપરાગત વ્યવસાય કે સમુદાય સ્થળાંતર ન કરે! જે દસકામાં ઉદ્યોગો સામેથી ચાલીને આપણી જૈવિક વિવિધતાના રક્ષણ માટે સંવેદનશીલ બને અને પર્યાવરણીય રીતે જાગૃત થઈને સ્થાનિક સમુદાયોની ખુમારીને સમજે અને પરંપરાગત વ્યવસાયને માનની નજરથી જુએ! ■

Office No.-7, Lokhandwala Building,
3/5, Garibdas Street, Vadgadi,
Masjid Bunder (W), Mumbai-400 003.
Tel. : (022) 23468106, (RIM) 32422541,
9324308802 Fax : 23468109
Customer Care : 9324945601
E-mail : nishant.vltc@gmail.com ■ www.vltc.in

NAVIN ORIENT

*VIJAY LAXMI TRANSPORT CARRIERS*
**NAVIN ORIENT CARRIER**
THE TRANSPORT FOR RAJASTHAN ■ THE TRANSPORT FOR MADHYA PRADESH
FLEET OWNERS ■ TRANSPORT CONTRACTORS ■ CARGO MOVERS

(સાત દાયકા દરમિયાન)

# કચ્છે ધુખાવી વિકાસની ધૂણી

મુકુંદ કે. મહેતા 'અલ્પ'

ઓગણીસસો સુડતાળીસની પંદરમી ઓગસ્ટનાં રોજ ભારતે આઝાદીની મુક્ત હવાનો આસ્વાદ લીધો.

કચ્છને 'સી' સ્ટેટનો દરજ્જો આપી ચીફ કમિશનરની રાહબરી હેઠળ મૂકવામાં આવ્યું.

કચ્છનાં પ્રથમ ચીફ કમિશનર તરીકે શ્રી સી.કે. દેસાઈ (છોટુભાઈ)ને નિયુક્ત કરવામાં આવ્યા.

શ્રી સી.કે. દેસાઈ સાહેબે કચ્છમાં પગ દેતાં તેમણે કંડલાથી ભુજ સુધીની સફરમાં રસ્તામાં વિવિધ પ્રકારનાં વૃક્ષો ઊભેલા અને લીલાછમ વાડી - બગીચા જોયા અને શ્રી દેસાઈ પોકારી ઉઠ્યા, 'Oh! Trees in Kutch!' અર્થાત્ કચ્છમાં આટલા બધા વૃક્ષો? શ્રી દેસાઈની ખયાલાત એવી હતી કે સમગ્ર કચ્છ રણ પ્રદેશ જ છે અને અહીં વૃક્ષો અને લીલોતરી સંભવી જ ન શકે.

શ્રી ગુલાબશંકર ધોળકિયા અને શ્રી કાંતિપ્રસાદ અંતાણી વગેરે કોંગ્રેસ કાર્યકરો તેમને આવકારવા ગયેલ, તેમણે ફોડ પાડ્યો કે સમગ્ર કચ્છ રણ નથી. તેમણે કહ્યું, 'Kutch has Desert, Kutch itself is not Desert.' કચ્છને અડીને રણ આવેલું છે, સમગ્ર કચ્છ રણ નથી.

આટલું વિવરણ લખવાનું કારણ એટલું જ કે બિન કચ્છી ભારતીયમાં કચ્છ વિશે આવી છાપ હતી.

ખેર, આ તો વાત થઈ આજથી સાત દાયકા પહેલાની.

સદી બદલી ગઈ. ૨૧મી સદી બેસી ગઈ. સાથે કચ્છની સુરત અને કચ્છની ઓળખ પણ બદલાઈ ગઈ.

વામન અવતારમાં ભગવાને જેમ ત્રણ પગલામાં સમગ્ર પૃથ્વીને જીતી લીધી હતી તે જ રીતે સાત દાયકાની સપ્તપદી હરણફાળમાં કચ્છની સુરત બદલી ગઈ. આજે તો કચ્છનું નામ પ્રગતિ અને પ્રવાસન ક્ષેત્રે જગતના ખૂણે ખૂણે ગાજતું થઈ ગયેલ છે.

કચ્છની પ્રગતિના સપ્તપદોને નીચેના સાત ક્રમાંકમાં મૂકી આજે કચ્છ ક્યાં છે તેની આછેરી ઝલક આપવા આ લેખ દ્વારા નમ્ર કોશિશ કરું છું.

૧. વાણિજ્ય પ્રગતિ - બંદરીય.

૨. રેલવે.

૩. માર્ગ વ્યવહાર

૪. ઉદ્યોગ

૫. શિક્ષણ

૬. આરોગ્ય.

૭. પ્રવાસન - ધાર્મિક સ્થળો.

કચ્છ જો કે માત્ર આ સાત પગલા પૂરતી જ પ્રગતિ કરેલ છે એમ કહેવું તો અપૂરતું જ છે. છતાં આ સાત પગલાંની પ્રગતિમાં ઘણું બધું દૃષ્ટિમાન થઈ જાય છે અને 'ગાગરમાં સાગર'ની ઉક્તિ પ્રમાણે પ્રગતિનો નકશો જોઈ શકાય છે.

તો ચાલો, સપ્તપદી સાત દાયકાની પ્રગતિની તસવીર નિહાળીએ.

**૧.** કચ્છના બે મહાબંદરો કંડલા અને મુંદ્રા આયાત - નિકાસના કારગો વહનથી સતત ધમધમે છે. આ બે મહાબંદરોએ કચ્છને જગતથી અત્યંત નજીક લાવી દીધેલ છે. એટલું જ નહીં પરંતુ કચ્છ એક વિકસિત ઉદ્યોગ- જિલ્લો છે એ સાબિત કરી દીધેલ છે.

અબજો રૂપિયાનો વેપાર - વાણિજ્ય આ બે મહાબંદરો પરથી વિદેશ સાથે સંકળાઈ ગયેલ છે.

વાસ્તવિકતા એ છે કે છેલ્લા સાત દયકા દરમિયાન વિવિધ ક્ષેત્રોમાં નેત્રદીપ પ્રગતિ કરેલ છે. તેના માટે કોઈ એક ક્ષેત્રે વિગતવાર છણાવટ કરવા બેસીએ તો એક ક્ષેત્ર માટે પાના ભરી શકાય તેમ છે, જે આ મર્યાદિત લેખમાં લખવું અસંભવ છે. એટલે ક્ષેત્રની પ્રગતિની કેવળ આછેરી રૂપરેખા જ આપી શકાય.

પ્રથમ ક્ષેત્ર વાણિજ્ય - વેપાર અને બંદરો માટે એટલું જ કહી શકાય કે જગતના ચારે ખૂણાને કંડલા અને મુંદ્રા બંદરે સર કરી લીધેલ છે અને બંને બંદરો પર ૭-૮ જેટીઓ લાખો ટન માલસામાનની હેરાફેરીથી ૨૪ કલાક સતત ધમધમતી રહે છે અને માલ અને નાણાંની લેવડ-દેવડ થતી રહે છે. ટૂંકમાં આઝાદી બાદ એક કરાંચી બંદર પાકિસ્તાનમાં જતા કચ્છે ભારતવર્ષને કરાંચી બંદરથી સવાયા બે મહાબંદરોની ભેટ આપેલ છે.

## ૨. રેલવે :

મારા જેવા વયસ્ક કચ્છી નાગરિકને પૂરેપૂરી ખબર હશે કે કચ્છમાં માત્ર ભુજથી તુણા અંજાર માટે નેરોગેજ રેલવે જ હતી જેને ભુજથી તુણા પહોંચતા ૪-૫ કલાક લાગતા હતા. આજે ભુજથી સમગ્ર ભારતના કોઈ ખૂણે પહોંચી શકાય એવી બ્રોડગેજ રેલવેથી માત્ર ગણ્યા ગાંઠ્યા સમયમાં દેશના કોઈ પણ ખૂણે કચ્છી પહોંચી શકે છે. એટલું જ નહીં પરંતુ અદાણી પોર્ટની

અંગત રેલવે લાઈન ઠેઠ મુંબઈ - મદ્રાસ લગી ગુડ્ઝ ટ્રેન મારફતે લાખો ટન કારગોનું વહન કરે છે.

ઠેઠ અબડાસા સુધી રેલવે લાઈનની પ્રગતિ પાંગરી છે અને હજુ કચ્છનાં બાકી રહી ગયેલ રેલવેથી વંચિત વિસ્તારને પણ રેલવેની સુવિધા આપવાના ચક્રો ગતિમાન છે.

**૩. માર્ગ વ્યવહાર :**

એક સમય એવો હતો કે ભુજથી ભચાઉ પહોંચવું હોય તો ૪૮ કલાક ગાડા કે ઊંટની સવારી માટે ફાળવવા પડતા અને તેથી આગળ રાપર કે ખડીર પહોંચવું હોય તો ત્રણ આખા દિવસ માત્ર મુસાફરી માટે ફાળવવા પડતા અને રસ્તાઓની શી વાત કરવી? એવું કહેવાતું કે ગાડામાં મૂકેલ ચક્કાદાર દહીંની મટકીની છાશ આપોઆપ ખાબડખુબડ રસ્તાને કારણે વિના વલોણે છાશમાં રૂપાંતરિત થઈ જતી. કચ્છના ચાર શહેરો ભુજ, માંડવી, મુંદ્રા અને અંજાર સિવાય ક્યાંય બસ વ્યવહાર જ ન હતો. ભુજથી રાજકોટ પહોંચવા માટે સવારે નવ વાગે ભુજથી નીકળેલ કચ્છી બીજા દિવસે સવારે રાજકોટ પહોંચતો. આવી હતી કચ્છનાં વાહન વ્યવહાર અને માર્ગોની સ્થિતિ.

તેની જગ્યાએ આજની સ્થિતિ જુઓ. માત્ર ૩-૪ કલાકમાં સૌરાષ્ટ્રમાં અથવા ૬-૭ કલાકમાં ગુજરાતના કોઇ પણ મોટા શહેરમાં સહેલાઈથી પહોંચી શકાય છે. અને રસ્તાઓ પણ વાહન વ્યવહાર ચકચકિત ડામર રોડના બે માર્ગી અથવા ૪ માર્ગી રસ્તા પર પાણીનાં રેલાની માફક કોઈ જાતના આંચકા કે અવરોધ વિના ૧૦૦ કિ.મી.ની ઝડપે દોડી જાય છે.

હવે આપણે ચોથા, અત્યંત મહત્ત્વનાં અને કચ્છની કાયાપલટમાં પાયારૂપ ક્ષેત્રનાં વિકાસની વાત કરીએ, તો એ છે "ઉદ્યોગ."

કોઈ પણ જિલ્લા કે શહેરનો મુખ્ય આધાર ઉદ્યોગ પર મહદ્ અંશે નિર્ભિત છે. સૌથી પ્રથમ કંડલા ફ્રી ટ્રેડ ઝોનથી શરૂઆત કરીએ તો ફ્રીટ્રેડ ઝોનમાં સ્થાપેલ વિવિધ ઉદ્યોગની ફેક્ટરીઓને પાયાના પથ્થર તરીકે મૂલવી શકાય. ખરેખર તો વિકાસની પગદંડી રૂપ કંડલા ફ્રીટ્રેડ ઝોને કચ્છની પછાત અને અવિકસિત જિલ્લા તરીકેની ઓળખને જડમૂળથી પલટી નાંખી. ફ્રી ટ્રેડ ઝોનમાં બનતો વિવિધ માલ વિદેશમાં નિકાસ થતાં કચ્છને કરોડોનું હૂંડિયામણ પ્રાપ્ત થવા માંડ્યું અને આર્થિક પાસું મજબૂત બન્યું. અને ત્યારબાદ છેલ્લા ત્રણ-ચાર દાયકા દરમિયાન તો કચ્છ ઉદ્યોગ નગર બની ગયું અને ઠેઠ લખપતથી રાપર લગી (કચ્છનાં એક ખૂણેથી બીજા ખૂણા સુધી) સમગ્ર કચ્છ વિવિધ ઔદ્યોગિક કારખાનાઓથી ધમધમવા મંડ્યું. બીજા અર્થમાં કચ્છ ઉદ્યોગનું હબ બની ગયું. ખાસ કરીને પશ્ચિમ કચ્છમાં અબડાસા - લખપતમાં સાંઘી સિમેન્ટ લિગ્નાઈટ વગેરેને કારણે અને કંડલાથી ભચાઉ સુધી વિવિધ ઉદ્યોગનાં કારખાનાઓ ૨૪ કલાક ધમધમાટ સાથે માલ ઉત્પાદન કરતા થયા અને કચ્છની એક નવી ઓળખ જગતનાં નકશા પર કંડારાઈ. આજે કચ્છને અને કચ્છીયતને પહેચાનવાની દોડ લાગી છે અને કચ્છની વિકાસ પ્રવૃત્તિને જગત આશ્ચર્યની નજરે નિહાળી રહેલ છે. પરિસ્થિતિ એવી છે કે, સમગ્ર કચ્છની વસતિ, જે એક સમયે પાંચ લાખમાં ગણાતી ત્યાં આજે માત્ર એક જ તાલુકાની (કંડલા - ગાંધીધામ)ની વસતિ એ સંખ્યાથી વિશેષ આંકને આંબી ગયેલ છે.

કંડલા - ગાંધીધામ - આદિપુરનાં વિકાસ માટે લખવા બેસીએ તો સમય અને પાના ખૂટી પડે. પરંતુ એટલું ચોક્કસ કહી શકાય કે કચ્છને જગતનાં નકશા પર ઉજાગર કરવામાં આ વિસ્તારે અતિ મહત્ત્વનો ભાગ ભજવેલ છે.

વિકાસ ક્ષેત્રનું પાંચમું પગથિયું "શિક્ષણ." શિક્ષણ અને વિદ્યાધામો વિશે જોઈએ તો આઝાદી પહેલાં સમગ્ર કચ્છમાં ઉચ્ચ શિક્ષણની કોઈ સવલતો ન હતી. કચ્છમાં માત્ર ચાર શહેર ભુજ, માંડવી, અંજાર અને મુંદ્રામાં જ હાઈસ્કૂલ સુધીનું શિક્ષણ પ્રાપ્ય હતું. માત્ર ચાર જ હાઈસ્કૂલો અને બોર્ડ કે પરીક્ષા સેન્ટરની વાત જ ક્યાં કરવી? એસ.એસ.સી. (તે સમયે મેટ્રિક) પરીક્ષા આપવા માટે રાજકોટ સુધી લાંબા થવું પડતું. કચ્છમાં ભુજમાં ઠેઠ ૧૯૫૩માં એકમાત્ર આર.આર. લાલન આર્ટસ અને સાયન્સ કૉલેજની સ્થાપના થઈ અને એસ.એસ.સી.ની પરીક્ષાનું કેન્દ્ર ત્યારબાદ એક દસકા બાદ મળ્યું.

આવી પરિસ્થિતિમાં યુનિવર્સિટીની કલ્પના તો સ્વપ્નવત્ હોય એ સાવ સ્વાભાવિક છે.

પરંતુ છેલ્લા ચાર દાયકા દરમિયાન કચ્છે શિક્ષણ ક્ષેત્રે જે પ્રગતિની હરણફાળ ભરેલ છે તે કલ્પનાઅતિવ છે. વાચક વર્ગને કદાચ આશ્ચર્ય સાથે અતિશયોક્તિ લાગે પરંતુ વાસ્તવિક્તા એ છે કે સમગ્ર કચ્છમાં આજની તારીખે લગભગ ૧૫૦ આસપાસ હાઈસ્કૂલો અને ૪૦ ઉપરાંતની કૉલેજો શિક્ષણનો ઝંડો લહેરાવે છે. અત્યારે કચ્છનાં ૧૦ તાલુકામાં પ્રત્યેકમાં બે થી ચાર હાઈસ્કૂલો અને ઓછામાં ઓછી એક કૉલેજ તો કાર્યરત છે. ભુજ, ગાંધીધામ, માંડવી, મુંદ્રા, અંજાર મોટા વિસ્તારવાળા શહેરોમાં ડઝન બે ડઝનના ગુણાંકમાં હાઈસ્કૂલો કાર્યરત છે. ખાસ કરીને ગાંધીધામ - આદિપુર શહેરો તો શિક્ષણનાં હબ સમાન છે. જ્યાં ૩૦-૪૦ હાઈસ્કૂલો અને એક ડઝનથી વિશેષ કૉલેજો શિક્ષણ ક્ષેત્રનાં દીપકને દેદીપ્યમાન કરી રહેલ છે. જુદા જુદા દરેક શિક્ષણની કૉલેજો, એ આદિપુરમાં કાકા તોલાણીની દેન છે. અહીં સાયન્સ - આર્ટસ - કૉમર્સ, પોલિટેકનિક, ગૃહ ઉદ્યોગો, એન્જિનિયરિંગ, ગૃહ સાયન્સ વગેરે વિષયોને આવરી લેતી કૉલેજો શિક્ષણનું નેત્રદીપક કાર્ય બજાવી રહેલ છે. ભુજ, માંડવી, મુંદ્રા, અંજારમાં વિવિધ વિષયોની હાઈસ્કૂલો અને કૉલેજો શિક્ષણની જ્યોત ઝળહળતી રાખતી કાર્યરત છે.

આ થઈ શિક્ષણ વિકાસની વાત.

વિકાસનાં છઠ્ઠા ક્ષેત્રની વાત કરીએ તો ત્યાં આવે છે,

પ્રવાસન.

“કચ્છ નહીં દેખા તો કુછ નહીં દેખા” — એ સૂત્રને અમિતાભ બચ્ચને ગાજતું કર્યું. હકીકતમાં અત્યારે કચ્છનો વિકાસ જોતાં અમિતાભનું આ સૂત્ર બિલકુલ વાસ્તવિક અને સત્ય છે એમ કચ્છ જોવા આવનાર કોઈ પણ પ્રવાસી બે કાન પકડીને કબૂલ કરે એ પ્રકારનું છે.

૨૦૦૧ના ધરતીકંપ બાદ વાસ્તવિક રીતે સમગ્ર કચ્છનો નકશો બદલી ગયેલ છે એટલી હદે વિકાસ થયેલ છે. તેમાંય શ્રી નરેન્દ્રભાઈને કચ્છ પ્રત્યે અનહદ અનુરાગ છે. એ તેઓ ગુજરાતનાં મુખ્યમંત્રી તરીકે બાર વર્ષ રહ્યા તે સમય દરમિયાન તેઓશ્રીએ કચ્છની ઓળખને પાધરી કરવા જે જહેમત ઉઠાવી તેનો ઇન્કાર કોઈપણ કચ્છી કરી શકે તેમ નથી.

ખાસ કરીને કચ્છનું રણ, જેની ઓળખ કચ્છ રાજ્ય સમયે કે આઝાદીનાં ચાર-પાંચ દાયકા સુધી થયેલ ન હતી, એવા કચ્છના સફેદ રણને કચ્છના પ્રવાસધામ તરીકે પ્રથમ કક્ષા પર મૂકવામાં શ્રી નરેન્દ્રભાઈની દૂરંદેશી દૃષ્ટિ તથા કચ્છ પ્રત્યેના લગાવનો કોઈ ઇન્કાર ન કરી શકે. આજે પરિસ્થિતિ એવી છે કે દર વર્ષે રણ મહોત્સવની ઉજવણીમાં માત્ર ભારતમાંથી જ નહીં પરંતુ વિદેશમાંથી પણ લાખોની સંખ્યામાં પ્રવાસીઓ કચ્છનું સફેદ રણ જોવા ઉમટી પડે છે.

કચ્છનાં અન્ય પ્રવાસધામો જેવા કે નારાયણ સરોવર, કોટેશ્વર, માતાનાં મઢ, રવેચી, શ્યામજી કૃષ્ણવર્મા સ્મારક જેવા ધાર્મિક અને ઐતિહાસિક પ્રવાસધામોનો વિકાસ પણ નેત્રદીપક સમાન છે.

અને હવે છેલ્લે, સાતમું પગથિયું ‘આરોગ્ય’ જે અતિ સંવેદનશીલ અને ખૂબ જ અગત્યનું ગણી શકાય.

સૌથી પહેલા તો એ જોઈએ કે આજે કચ્છે આરોગ્ય ક્ષેત્રે વિદેશની આરોગ્ય સેવાઓને પણ ટક્કર મારે એટલી હદે પ્રગતિ કરેલ છે. જટીલમાં જટીલ રોગોની સર્જિકલ સુવિધા અત્યારે કચ્છમાં મળતી થયેલ છે. જ્યાં શહેરોમાં કોઈ ડિગ્રીધારી ડૉક્ટરને શોધવો અશક્ય અને કઠીન હતું, જ્યાં ઑપરેશન શબ્દ માત્ર લોકકંઠે સાંભળવું અસંભવ હતું એવા આપણા કચ્છમાં આજે ગલીએ ગલીએ સર્જનો અને એમ.ડી.જેવા ડૉક્ટરોનો ઐતિહાસિક રાફડો ઉપલબ્ધ છે. આરોગ્ય સવલતની આ સિધ્ધિનાં ફળ સ્વરૂપે આજે કોઈ કચ્છી કોઈ શારીરિક તકલીફ વિના હિચકિચાટ વિના જટીલમાં જટીલ પ્રસંગે કચ્છમાં જ ઇલાજ કરાવી શકે છે. એટલું જ નહીં, પરંતુ રોગમાંથી મુક્તિ મેળવી શકે છે. આ સિધ્ધિ કે પ્રગતિ કંઈ જેવી તેવી તો નથી જ.

૨૦૦૧ના વિનાશક ભૂકંપ બાદ એક અબજનાં ખર્ચે માનનિય ભૂ.પૂ. વડાપ્રધાનશ્રી અટલજીએ જનરલ હોસ્પિટલનું નિર્માણ કરાવેલ છે. એટલું જ નહીં, પરંતુ મેડિકલ કૉલેજ પણ કાર્યરત થયેલ છે. કચ્છની આરોગ્ય સેવાની આ સવલત કચ્છ માટે અત્યંત આશિર્વાદરૂપ છે. આ રીતે આજની તારીખે કચ્છે પ્રગતિની હરણફાળ ભરેલ છે તેની આછેરી ઝલક માત્ર આ લેખમાં આલેખેલ છે. દરેકે દરેક ક્ષેત્ર પ્રગતિ વિશે વિગતવાર વિસ્તૃત વિવરણ કરવા બેસીએ તો મેં આગળ દર્શાવેલ છે તે પ્રમાણે સમય અને પાના ઓછા પડે તેમ છે. ટૂંકમાં એટલું જ કહી શકાય કે ગઈકાલના કચ્છમાં અને આજના કચ્છમાં આસમાન જમીનનો ફરક દૃષ્ટિગોચર થયા વિના કોઈ પણ કચ્છી કે ભારતીયને રહેતો નથી. સંપૂર્ણપણે, આવો, અમારા કચ્છને જુઓ અને ‘કચ્છ ન ન્યાર્યાં ત કિં ન ન્યાર્યાં’ એમ ગૌરવથી કહી શકે છે.

કચ્છી અને કચ્છીયતની ઓળખ સહકાર, સાહસ, ભાઈચારો, ખેલદિલી અને જવાંમર્દી પર ચણાયેલી છે જે સદા કીર્તિમાન રહે એવી ખેવના સાથે ‘જય કચ્છ’ ‘જય ભારત.’

*એસ.બી.એક્સ. ૮૨-૮૩,*
*આદિપુર, કચ્છ-૩૭૦ ૨૦૫.*
*મો. ૯૯૦૯૭ ૨૩૭૮૩*

***ભૂમિમાં એક દાણો વાવશો તો કુદરત તમને હજારગણા દાણા આપશે. વડલાના એક નાના એવા બીમાંથી જાજરમાન વડલો પ્રગટ થાય છે.***

## પ્રભુ

*હું તને ચાહું છું,*
*તું જે છે તેના માટે નહિ,*
*તારી હાજરીમાં હું જે બનું છું તેના માટે.*

*હું તને ચાહું છું,*
*તારા રૂપ કે વ્યક્તિત્વ માટે નહિ,*
*તેં મારા વ્યક્તિત્વને જે રૂપ આપ્યું છે તેના માટે.*

*હું તને ચાહું છું, કેમ કે*
*તું મારા હૃદયમાં ઝાંકી,*
*તેમાંથી દરેક મૂર્ખતા, દરેક અપૂર્ણતાને હળવેથી દૂર કરે છે.*

*એ બધો કચરો તું ત્યાં જોઈ જ નથી શકતો.*

*જે કદી કોઈની નજરે નથી ચઢ્યો*
*તે સદ્‌ગુણોનો અમૂલ્ય ખજાનો તું દૃષ્ટિગોચર કરે છે.*

*તું મારા જીવનને કર્કશ કોલાહલને બદલે સૂરીલા સંગીતનું રૂપ આપે છે.*

*અદશ્ય, અસ્પર્શ્ય અને નિઃશબ્દ રહીને કરે છે તું આ બધું*
*છતાં મને રહે છે સતત તારા અસ્તિત્વનો અહેસાસ.*
*હું તને વંદું છું.*

**– રોય ક્રોફ્ટ**
**સૌજન્ય : “સમજણના સૂર”**

# સામાજિક ઐક્યથી કચ્છહિતને વિશેષ માવજત મળશે

હરેશ ન. મહેતા

ઇ.સ. ૨૦૨૫ માં કચ્છનું રાજકીય ચિત્ર (સિનારિયો) કેવું હશે? રાજકારણ, લોકપ્રતિનિધિત્વનું સ્વરૂપ, રાજકીય નેતૃત્વ, રાજકીય સંગઠન તથા સામાજિક પરિવેશના સંદર્ભોને ધ્યાનમાં રાખી 'સંદર્ભ' આ લેખમાં આ વિષયને ચર્ચવાનો એક વિનમ્ર પ્રયાસ કરાયો છે. વળી રાજકારણ શૂન્યાવકાશમાં સર્જાતી ઘટના નથી, પરંતુ સામાજિક જીવનની વિવિધલક્ષી સંભાવના સાકાર કરવાના થતા પ્રયાસોમાંથી સર્જાતી ઘટના છે અને કાર્યકારણના નિયમોનો પ્રભાવ તેને આકાર આપવામાં નિર્ણાયક બનતો હોય છે. જો આ તથ્ય ધ્યાનમાં રાખીએ તો જ તર્કસંગત અને વાસ્તવિક બને તેવું જણાવી આ ભાવિ સંભાવનાઓનું આલેખન કાળના સંદર્ભમાં તથા માનવ સ્રોતના સંદર્ભમાં જ કરી શકાય. વળી તેના મર્મ અને યથાર્થને આ બે પરિબળોને ધ્યાનમાં રાખીને જ તાર્કિક મૂલવણી થઈ શકે.

- **તુલનાત્મક કાળખંડનો સંદર્ભ ઐતિહાસિક પશ્ચાદ ભૂમિકા :**

અતીતનો સંદર્ભ એટલે ૧૯૪૮ની ૧લી જૂનના કચ્છનો ભારત સંઘમાં વિલય થયો તે સમય. આઝાદીના આ કાળખંડ સમયે કચ્છ એક દેશી રજવાડું હતું. ભારતથી ભૌગોલિક રીતે અલગ હતું, તો સામાજિક રીતે પણ અલગાવ અને અંતરાલને પ્રગટ કરતું હતું. વસતિ લગભગ પાંચ લાખની અને તે પણ સ્થાનિક 'કચ્છી' ઓળખ ધરાવતા જનસમાજની હતી.

રાજકીય રીતે સક્રિય એવી એકમાત્ર પ્રજાકીય સંસ્થા કચ્છી પ્રજાકીય પરિષદનો કોંગ્રેસમાં વિલય કરાવી અને કોંગ્રેસના પ્રભાવ અને સક્રિયતા હેઠળ એક પણ પ્રજાનો પ્રભાવ જોવાયો. કચ્છના મુખ્ય તાલુકા મથકો અને તેમાં પણ ખાસ તો ભુજના સામાજિક અગ્રવર્ગ-ભદ્રવર્ગના જ સત્તા અને સંગઠનમાં રાજકીય ક્ષેત્રે વર્ચસ્વ અને પ્રભાવ જોવાતા હતા.

બહારના રાજકીય પ્રભાવથી કચ્છ મુક્ત હતું. આજે વર્તમાન કાળખંડ ૨૦૧૬ના બદલાયેલા રાજકીય ચિત્ર પર નજર ઠેરવીએ તો તેમાં ધરમૂળથી આવેલું પરિવર્તન સ્પષ્ટ અનુભવાય છે.

આજે કચ્છની જનસંખ્યા લગભગ ૨૨ લાખે પહોંચવા આવી છે. કચ્છ આજે ભૌગોલિક અલગાવગ્રસ્ત પ્રદેશ નથી, રાષ્ટ્રીય ધોરીમાર્ગો, રેલવે, હવાઈ સેવાથી સમગ્ર ભારત સાથે જોડાયેલું છે.

કચ્છમાં આઝાદી પછી આયોજન અને આર્થિક વિકાસ દ્વારા જે પ્રગતિ થવા પામી છે તેણે કચ્છના જનજીવનની જીવનશૈલીમાં આમૂલાગ્ર અને સર્વાંગી પરિવર્તન લાવી દીધું છે. કચ્છની જનસંખ્યામાં કેવળ આઝાદી સમયના સ્થાનિક લોકોની જ વસતિ હવે નથી, પરંતુ બહારથી આવેલા અને અહીં વસેલા ભારતના વિવિધ પ્રદેશોના વિવિધભાષી લોકોનો પ્રભાવ જનજીવન પર સ્પષ્ટ દેખાય છે. ગ્રામીણ ક્ષેત્રમાં વિકાસને કારણે જનજીવનનું જે સશક્તીકરણ થયું છે તેનાં પરિણામો કચ્છના ગ્રામીણ સમાજનો તથા વિવિધ વિસ્તારો તથા સમાજોનો સત્તા અને સંગઠનના ક્ષેત્રમાં રાજકીય વર્ચસ્વ અને પ્રભાવ સ્પષ્ટ અનુભવાય છે. આઝાદી પછી પ્રારંભના તબક્કે ભુજના સામાજિક અગ્રવર્ગ અને ભદ્ર સમાજના જોવા મળતા પ્રભુત્વ અને પ્રભાવ હવે અતીત બની ગયા છે. વાસ્તવિકતા તો એ છે કે એક વખતના કચ્છના આ મુખ્ય ગણાતા નગરો ભુજ, માંડવી, અંજાર અને મુંદ્રા નગરના નેતાઓને લોકપ્રતિનિધિત્વ માટે રાજકીય પક્ષની ટિકિટ પ્રાપ્ત કરવી પણ પડકારરૂપ બની છે, તેના પણ સાંસા પડે છે. તેના સ્થાને વિવિધ ગ્રામીણ સામાજિક વર્ગો તથા કચ્છના અન્ય ભૌગોલિક વિસ્તારોનો પ્રભાવ અને વર્ચસ્વ જોવા મળે છે.

ભાવિ ૨૦૨૫ના સંભવિત રાજકરણના સિનારિયોની કલ્પના કરવાની આ ચાવી છે.

ઈ.સ. ૧૯૪૮ના અતીત અને ૨૦૧૬ના વર્તમાનના સંદર્ભમાં જ ભાવિ ૨૦૨૫નો વિચાર કરવો ઘટે છે. આ અનુભવના સંદર્ભમાં કેવું હશે ૨૦૨૫, તેને સમજવા પ્રયાસ કરીએ.

- **પ્રતિનિધિત્વ સ્વરૂપનું રાજકારણ :**

કચ્છને લોકસભાની એક બેઠક પ્રાપ્ત છે, તે આગળ કચ્છને ફાળવાઈ હતી પણ આજે સૌરાષ્ટ્રના મોરબી ક્ષેત્રને પણ તેમાં સામેલ કરાયું છે. આમ કચ્છે તેનો આગવો દાવો ગુમાવી દીધો છે. કચ્છને ભારત સંઘમાં વિલય વખતે પ્રાપ્ત રાજસભાની બેઠક પણ હવે ઈતિહાસ બની ચૂકી છે. આ દુઃખદ વાસ્તવિકતાના અનુભવના સંદર્ભમાં જ વિચાર કરવાનો છે.

લોકસભાની બેઠક ૨૦૦૯થી ચૂંટણીની અનુસૂચિત જાતિ માટે અનામત ઘોષિત કરાઈ છે. આમ થતાં કચ્છની માત્ર મર્યાદિત અનુસૂચિત જાતિ માટે જ હવે સંસદીય ક્ષેત્રમાં પ્રતિનિધિત્વની તક રહેવા પામી છે. બાકીના જનસમાજ માટે

તો કેવળ મતદાતા તરીકે મતદાન કરવાની સીમિત ભૂમિકા જ રહી છે. ૨૦૧૯ની લોકસભાની ચૂંટણીમાં પણ આ ચિત્ર બદલાવાનું નથી. તો ૨૦૧૯ પછી ૨૦૨૪ માં યોજાનારી ચૂંટણી પહેલાં પણ જો સંસદીય બેઠકના સીમાંકનમાં ફેરફાર ન કરાય તો ૨૦૨૫માં સંસદીય ક્ષેત્રમાં જનપ્રતિનિધિત્વનું સ્વરૂપ ૨૦૦૯થી ચાલતું આવે છે તે જ રહેવા પામશે. તેના સંદર્ભમાં વાત કરીએ તો –

૧. કચ્છના બિનદલિત એવા મોટાભાગના જનસમાજ માટે સીધી ચૂંટણીથી સંસદીય પ્રતિનિધિત્વની તક જ નહીં હોય.
૨. રાજ્ય સભામાં પણ કચ્છના દાવાને સ્વીકારી તક અપાય તે વાત અનુભવ જોતાં સિદ્ધ થાય થેવી લાગતી નથી. સ્પર્ધાના રાજકારણમાં લોકપ્રતિનિધિત્વના ક્ષેત્રમાં માત્ર છ જ ધારાસભ્યોનું સંખ્યાબળ ધરાવતા કચ્છની આ નબળી રાજકીય વાસ્તવિકતા જ કચ્છ માટે સૌથી મોટો રાજકીય અંતરાયરૂપ બને તેમ છે. કચ્છ જાગૃત બનશે?
૩. જો મોરબી વિસ્તાર પણ આગામી ૨૦૧૯ અને સંભવિત ૨૦૨૪ ની ચૂંટણી માટે ટિકિટ મેળવવા દાવો કરી આગળ આવે, જનાધાર ધરાવતા કોઈપણ રાજકીય પક્ષની ટિકિટ મેળવે અને જો ચૂંટણીમાં સફળતા મેળવે તો કચ્છ અને કચ્છી માડુની સંસદીય ક્ષેત્રમાંથી સંપૂર્ણ બાદબાકી થઈ જાય તે નકારી ન શકાય તેવી સંભાવનાનું સ્મરણ વ્યથિત કરી મૂકે છે.

શું કચ્છ અને કચ્છી માડુએ અત્યારથી જ આવું ન બને તે માટે સજાગતા દાખવી સક્રિયતા દર્શાવવી જરૂરી નથી? આનો જવાબ ભવિષ્ય જ આપશે.

પ્રતિનિધિત્વ ક્ષેત્રે ધારાસભ્ય ક્ષેત્રની સંક્ષિપ્ત ચર્ચા કરીએ.

કચ્છનું આર્થિક પાટનગર ગણાતું ગાંધીધામ-કંડલા સંકુલ કચ્છના રાજકારણમાં વર્તમાન સમયમાં કેન્દ્રવર્તી મહત્ત્વ ધરાવે છે, પણ ધારાસભ્યની આ બેઠક પણ અનુસૂચિત જાતિના અનામત બનતાં આ ક્ષેત્રની આવશ્યકતાઓ, સમસ્યાઓ તથા લોકહિત અને લોકમાંગને યોગ્ય રીતે ન્યાય આપી શકાય તે બાબતે આજે સંતોષકારક પરિસ્થિતિ પ્રવર્તે છે તેમ કહી શકાય તેમ નથી. આ એક કઠે તેવી પણ રાજકીય વાસ્તવિકતા છે.

શું ૨૦૨૫ માં પણ આ જ ચિત્ર જોવા મળશે? આ વિસ્તારના રાજકીય પક્ષો, નેતાઓ તથા આમ જનતા માટે આના સૂચિતાર્થો સમજી આ ક્ષેત્રના તેમજ સમગ્ર કચ્છમાં લોકહિત અને વિકાસને કેન્દ્રમાં રાખી યોગ્ય રાજકીય રણનીતિ પ્રયોજવી ઘટે.

આઝાદી પછી માળખાગત વિકાસની દૃષ્ટિએ ભચાઉ, રાપર, અંજાર સહિત પૂર્વ કચ્છનો ભારે વિકાસ થયો છે. કચ્છના રાજકારણ પર આ વિસ્તારના નેતૃત્વનો જે પ્રભાવ અને પકડ છે તે આ વાતથી સ્પષ્ટ પ્રતીતિ કરાવે છે. ૨૦૨૫ માં તે વધવા પામશે તેવી સંભાવના છે. અહીં ચિંતાજનક બાબતો જે છે તે આ છે :

૧. પૂર્વ કચ્છ તથા પશ્ચિમ કચ્છ વચ્ચે વધતી જતી ભાવાત્મક રાજકીય અંતરાલની ખાઈ.
૨. પૂર્વ કચ્છ અને પશ્ચિમ કચ્છ વચ્ચે આર્થિક વિકાસની અસમતુલાના કારણે સર્જાતી રાજકીય સમસ્યાઓ.
૩. પૂર્વ કચ્છનું સૌરાષ્ટ્ર તથા ઉત્તર ગુજરાતનાં રાજકીય ક્ષેત્રો સાથે સર્જાતું વધુ ને વધુ તાદાત્મ્ય અને તેના કારણે કચ્છના રાજકારણમાં જોવા મળતા કંપનો અને અનુભવાતા વલણો. ખાસ કરીને સરકસના રિંગ માસ્ટરના સ્વરૂપને યાદ કરાવતી રાજકીય પ્રભારી પ્રથા, તો વ્યવહારમાં જે અનુભવ રાજકીય ક્ષેત્રે કચ્છને થઈ રહ્યો છે તેમાં પણ આ પાસા સાથે સંકળાયેલી રાજકીય ગંભીરતા પર ધ્યાન અપાવું ઘટે છે. ૨૦૨૫ માં આકાર લેનારા સંભવિત રાજકીય ચિત્ર પર આ પરિબળોનો પ્રભાવ કેવો હશે? કચ્છહિત, કચ્છનું રાજકીય સશક્તીકરણ અને કચ્છના ભાવાત્મક ઐક્યની દૃષ્ટિએ આ બાબતની ગંભીરતા કચ્છે સમજવાની જરૂર છે.

- **માનવસ્રોતના સંદર્ભમાં વિચાર :**

જનસંખ્યાનો આ માનવસ્રોત ૨૦૨૫ નું કચ્છનું રાજકીય ચિત્ર, રાજકારણ અને નેતૃત્વનું સ્વરૂપ નક્કી કરવામાં નિર્ણાયક ભાગ ભજવશે.

૧. કચ્છનું મહિલાજગત
૨. કચ્છમાં બહારથી આવીને સ્થાયી થયેલા ભારતીય જનસમાજો.
૩. કચ્છના સામાજિક ક્ષેત્રના હાલના રાજકારણમાં પ્રભાવક સામાજિક વર્ગોની ભૂમિકા.

- **મહિલા શક્તિનો વ્યાપક પ્રભાવ :**

આજે ૨૦૧૬માં અતીતના ૧૯૫૦ની તુલનામાં મહિલાઓની રાજકારણની ભૂમિકાની વાત કરીએ તો તેમાં ઘણું ભારે પરિવર્તન આવ્યું છે. ૧૯૫૦માં મહિલાઓને આગળની ભૂમિકામાં કોઈ સ્થાન જ નહોતું, જ્યારે આજે લોકસભા, ધારાસભા, જિલ્લા પંચાયત, તાલુકા પંચાયતો ઈત્યાદિ દરેક ક્ષેત્રમાં તેના પ્રભાવ તથા વર્ચસ્વ વધ્યા છે. શૈક્ષણિક વિકાસ, આર્થિક અને સામાજિક સશક્તીકરણ તથા બહારના પ્રદેશોના મેળમિલાપમાંથી પ્રાપ્ત થતું કૌશલ્ય અને ક્ષમતા તથા મીડિયા ક્ષેત્રની વ્યાપક પ્રભાવક ભૂમિકા. આ બધાનો સમગ્રતયા પ્રભાવ એ જ હશે કે રાજકારણમાં મહિલા શક્તિનો પ્રભાવ આજે ૨૦૧૬માં છે તેનાથી ઘણો વિશેષ ૨૦૨૫ માં અનુભવાશે. હવે પક્ષોના સંગઠન માળખામાં પણ માત્ર શોભારૂપ આભાસી પ્રતિનિધિત્વ સ્વરૂપે નહીં પણ સ્પર્ધાત્મક રાજકારણના કુશળ ખેલાડીની ભૂમિકામાં કચ્છની નારીશક્તિ વિશેષ સશક્ત અને સાર્થક ભૂમિકામાં જોવા મળશે. વિવિધ રાજકીય પક્ષો સત્તાના

ક્ષેત્રે પ્રતિસ્પર્ધી પક્ષોને મહાત કરવા માટે કચ્છની આ નારીશક્તિની રાજકીય પ્રતિભા અને કૌશલ્યો વિશેષ અને વ્યાપક રીતે ભૂમિકામાં પ્રયોજે તેવું બનશે. પક્ષીય સંગઠનોમાં હોદ્દાઓની વહેંચણીમાં, વિવિધ રાજકીય સામાજિક જૂથોમાં (દા.ત. લઘુમતી દલિત, આહીર, પટેલ વગેરે સામાજિક જૂથોમાં) હવે આ પ્રક્રિયા વ્યાપક સ્વરૂપે જોવા મળશે. એવું પણ બને કે ૨૦૨૫માં રાજકારણમાં રાજકીય નેતૃત્વના ક્ષેત્રમાં નારીશક્તિ સિંહભાગમાં હોય અને પુરુષોના વર્ચસ્વને બ્રેક લાગે. પંચાયત ક્ષેત્રના રાજકારણમાં શરૂ થયેલી આ પ્રક્રિયા આ જ વાતનો સંકેત આપે છે. ૨૦૨૫માં ચિત્ર જે હોય તે પણ કચ્છની મહિલાની રાજકારણમાં વિશેષ વ્યાપકતા, સશક્ત ભૂમિકા જોવા મળશે. કચ્છહિતની માવજતના હેતુને સિદ્ધ કરવામાં તે સહાયક બને તેમ આશા રાખીએ.

- **વિવિધ પ્રાદેશિક ભારતીય સમાજોની ભૂમિકાનું મહત્ત્વ :**

કંડલા સંકુલનો વિકાસ, મુંદ્રા અદાણી બંદરનો વિકાસ તથા ભૂકંપ પછીના ઔદ્યોગિક વિકાસ તથા માળખાગત વિકાસથી ભારત સાથે કચ્છ જોડાઈ જતાં હવે કચ્છ પણ પરંપરાગત મૂળ કચ્છીઓ પૂરતું જ સીમિત રહેવા પામ્યું નથી. ૨૦૧૬માં આજે પણ વિવિધ ભાષા, વિવિધ પ્રદેશના મોટી જનસંખ્યામાં ભારતીયો કચ્છમાં વસે છે. તેમાં ખરેખર તો સવાયા કચ્છી બની પ્રસંગોપાત કચ્છના વિકાસમાં સક્રિય સહાયક ભૂમિકામાં જોવા મળે છે. સ્થાનિક કચ્છીઓ કરતાં પણ સફળ અને અસરકારક ભૂમિકા તેમની જોવા મળે છે. કેટલાક દૃષ્ટાંતો જોઈએ :

૧. કંડલા સંકુલમાં વસતા રાજસ્થાન સમાજના ભાઈઓના પ્રયાસોને કારણ જોધપુર (રાજસ્થાન) ની રેલવે કનેક્ટીવિટી પ્રાપ્ત થઈ. (આમાં રાજસ્થાનના સાંસદ અર્જુન મેઘવાળજી ખૂબ સહાયક બન્યા. આજે તેઓ કેન્દ્રીય પ્રધાનમંડળમાં છે.)

૨. કંડલા સંકુલનો દક્ષિણ ભારતીય સમાજ, ખાસ કરીને તેલુગુ સમાજના ડૉ. શ્યામસુંદરની આગેવાની હેઠળ લાંબા પ્રયાસોથી જ કચ્છને આંધ્ર-ઓરિસ્સા વગેરે પ્રદેશોની સીધી રેલવે કનેક્ટીવિટી પ્રાપ્ત થઈ. (આ રાજ્યોના સાંસદોનો સહયોગ કચ્છના આ સમાજોને મળ્યો.)

૩. કચ્છને બરેલી સુધી સીધી કનેક્ટિવિટી મળી તેમાં ઉત્તરપ્રદેશ, ઉત્તર ભારતીય સમાજોના પ્રયાસોની નોંધ લેવી ઘટે છે. ઉત્તરપ્રદેશના રાજકીય અગ્રણી અને સાંસદ નિર્મલ ખત્રી હંમેશાં કંડલા-ગાંધીધામ કચ્છને ઉત્તર ભારતના વિવિધ નગરો સાથે કનેક્ટિવિટી પ્રાપ્ત થાય તે માટે સક્રિય પ્રયાસ કરી રહ્યા છે.

આ દૃષ્ટાંતો નાના છે, પણ રાજકીય રીતે મહત્ત્વના છે. કચ્છના ભાવિ હિતોની સંગીન રાજકીય માવજતની દૃષ્ટિએ તેના પર સકારાત્મક માનસિકતાથી વિચાર કરવો ઘટે છે. ૨૦૨૫માં જો કચ્છની જનસંખ્યા ૨૫ લાખથી પણ વધુ હોવાની સંભાવના છે ત્યારે તેમાં ચોક્કસ આ બહારથી આવી વસતા વિવિધ પ્રદેશોના જનસમાજોની સંખ્યા ખૂબ મોટી હશે જ. ત્યારે ૨૦૨૫ માં સત્તાના રાજકારણમાં પ્રતિનિધિત્વ માટે કે પછી સંગઠનક્ષેત્રે પદ-સ્થાન-દાવાઓ માટેની તેમની વાજબી માગણીઓની ઉપેક્ષા કરી શકાશે નહીં અને કચ્છના હિતમાં પણ તે નહીં હોય. બલકે તેમના સહયોગ અને સામેલગીરીથી જ કચ્છહિતની વિશેષ સારી માવજત શક્ય બનશે.

આમ ૨૦૨૫માં કચ્છના રાજકારણમાં આ ભારતના વિવિધ પ્રદેશોમાંથી કચ્છમાં સ્થાયી થયેલા સવાયા કચ્છી દેશબાંધવોની ભૂમિકાનું પણ પ્રભાવક સ્વરૂપ જોવા મળશે.

વળી, કચ્છના વિવિધ જાતિ સમાજોનું બહારના જાતિ-સમાજો સાથેનું જોડાણ અને ભાગીદારીથી પણ નવી વ્યવસ્થાઓ સર્જાશે.

*દા.ત.*

૧. ક્ષત્રિય સમાજ કચ્છના અને ગુજરાતની નજીક આવતા ભાવનગરના શક્તિસિંહ ગોહિલ કચ્છમાંથી પ્રતિનિધિત્વ પ્રાપ્ત કરવામાં સફળ થયા.

૨. આહીર સમાજોના જોડાણોથી શ્રી વાસણભાઈ આહીર ગુજરાતના એક સશક્ત આહીર નેતા બનવા તરફ પ્રગતિ કરી રહ્યા છે.

૩. ગુજરાતનો પાટીદાર સમાજ કચ્છના પટેલ સમાજને સાંકળી કચ્છના રાજકરણને પ્રભાવિત કરે છે. ૨૦૨૫માં તેનું વ્યાપક - પ્રખર સ્વરૂપ જોવા મળશે.

૪. લઘુમતી મુસ્લિમ સમાજ તેનાં હિતોની માવજત માટે રાજકીય સશક્તીકરણ માટે બહારના ગુજરાતના તેમજ દેશના અન્ય ક્ષેત્રના આવા સમાજોથી આજે નિકટતા સાધતો અને કચ્છના રાજકારણમાં તેની માટે વિશેષ પ્રભાવક ભૂમિકા માટે પ્રયાસ કરતો જોવા મળે તેમ પણ બને. તેને આ હેતુસર બહારથી મળનારા સમર્થન, સહાયતા અને માર્ગદર્શન કચ્છના રાજકરણનું ૨૦૨૫ નું ચિત્ર ઉપસાવવામાં પણ મહત્તવના બનશે.

આ તો વિવિધ સામાજિક ક્ષેત્રના પ્રતિકાત્મક દૃષ્ટાંતો છે. બીજા પણ ઘણા ઘટનાચક્ર આકાર લઈ રહ્યા છે અને ભવિષ્યમાં લેવા પામે તેવી શક્યતા છે.

૨૦૨૫નું કચ્છનું રાજકીય ચિત્ર આ બધી સંભાવનાઓમાંથી જે નીપજવાની સંભાવના છે તેની ચર્ચા અત્રે કરી છે.

આપણે પ્રાર્થીએ, કચ્છના રાજકીય સ્વાસ્થ્ય, રાજકીય હિતોની માવજત અને કચ્છની આમજનતાના સર્વાંગી કલ્યાણ અને કચ્છીયતના ઉમદા મૂલ્યોને ટકાવવામાં તે સહાયક અને પોષક બની રહે એ જ પ્રાર્થના. ■

# સિત્તેરનો ઉંબરો ઓળંગતાં....

ફાધર વર્ગીસ પોલ

આપણી આ ભવ્ય ધરતી પર આવ્યાનાં મારે ૨૦૧૩ મે ૩૧ના રોજ સિત્તેર વર્ષ થયાં છે. તો ગુર્જર ભૂમિ ગુજરાતમાં પગ મૂક્યાને પચાસ વર્ષ થાય છે. મારી કર્મભૂમિનાં પચાસ વર્ષ અને મારાં આવરદાનાં સિત્તેર વર્ષ બંને પ્રસંગે મારા દિલમાં આનંદની લાગણી છે; આભારની ભાવના છે અને કૃતજ્ઞતાનું વલણ છે.

હું માનું છું કે, ભગવાને દરેક માણસને જીવનની મહામૂલી ભેટ આપી છે કે માણસ હરહંમેશાં ખુશીમાં રહે, આનંદમાં જીવે. મેં ગુજરાતની ધરતી પર પ્રથમ વાર પગ મૂક્યો ત્યારથી મને લાગ્યું છે કે, આ ધરતી પર મને યોગ્ય જગ્યા પર ભગવાન દોરી લાવ્યા છે. કોઈ ચોક્કસ લક્ષ્ય પ્રાપ્ત કરવામાં માણસને જે આનંદ આવે છે તે જ આનંદ, તે ખુશાલી ગુજરાતમાં આવી પહોંચ્યાથી મને મળ્યાં છે. મારો આ આનંદ ફક્ત લાગણી નથી પણ એ આનંદ દિલનો આનંદ છે, એક અનોખો આનંદ છે, અખંડ આનંદ છે. હું માનું છું કે, મારા આ આંતરિક આનંદથી હું માનવજીવનના ગમે તે પડકારો ઝીલવા સમર્થ છું.

મને લાગે છે કે મારા આનંદની ભાવનાને રવીન્દ્રનાથ ટાગોરે એક પંક્તિમાં સુપેરે વાચા આપી છે :

*"આછે દુઃખ, આછે મૃત્યુ, વિરહદહન લાગે,*
*તબુઓ શાન્તિ, તબુઆનંદ, તબુ અનંત જાગે."*

મતલબ કે, "દુઃખ છે, મૃત્યુ છે, વિરહનો દાહ છે, તો ય તે શાંતિ, આનંદ અનંત જાગ્યા કરે છે" ('ગીત-પંચશતી', સંપાદન : ઇન્દિરાદેવી ચૌધુરાણી).

હું જોઉં છું કે, મારી આસપાસ બધેય જીવનનો આનંદ દેખાતો નથી. ફ્રેન્ચ લોકો જેને Joie de vivre કહે છે તે જીવનનો ઉમળકાભર્યો આનંદ મોટાભાગના લોકોના જીવનમાં હોય એવું મને લાગતું નથી. એનું કારણ મને લાગે છે કે, ઘણા લોકો જીવનને એના યોગ્ય પરિપ્રેક્ષ્યમાં જોઈ-સમજી શકતા નથી. એક દાખલો આપું.

મેં આ દાખલો ઈન્ટરનેટમાં થોડા વખત પહેલાં અનામીને નામે વાંચ્યો છે. પોતપોતાના ક્ષેત્રે નાની મોટી સિદ્ધિઓ મેળવનાર કેટલાક યુવક-યુવતીઓ એમની પોતાની મહાશાળાને નામે ભેગાં મળ્યાં અને બધાને સ્પર્શતી અમુક બાબતોની ચર્ચાવિચારણા કરવા લાગ્યાં. પરંતુ બધાની વચ્ચે સહમતીને બદલે તીવ્ર મતભેદ જાગ્યો. તેમનો વિવાદ તકરારની હદ સુધી પહોંચી ગયો. અંતે પ્રશ્નના ઉકેલ માટે તેઓ પોતાના એક પંડિત અને જ્ઞાની પ્રાધ્યાપક પાસે પહોંચી ગયાં.

જ્ઞાની પ્રાધ્યાપકે પોતાનાં ભૂતપૂર્વ વિદ્યાર્થિની - વિદ્યાર્થીઓને ઉમળકાથી પોતાના ઘરે આવકાર્યા. એમના પ્રશ્નોની ચર્ચામાં ભાગ લઈને પ્રાધ્યાપકે બધાને માટે ચા સાથે આતિથ્યધર્મ બજાવ્યો. પ્રાધ્યાપકને ત્યાં ખરીદેલા તેમ જ ભેટમાં વિવિધ પ્રસંગે મળેલા જાતજાતના અને ભાતભાતના નાના મોટા કપ હતા. પ્રાધ્યાપકે જોયું કે, પોતાનાં બધાં યુવાન મિત્રો પોતપોતાના માટે સૌથી સુંદર લાગતા કપ પસંદ કરીને ચા પીતાં હતાં.

ચર્ચાનો દોર સંભાળતાં પ્રાધ્યાપકે કહ્યું : "યુવાન મિત્રો, તમે તમારા હાથમાંના કપ જુઓ અને તમે ટેબલ પર છોડી દીધેલા કપ જુઓ! તમે દરેક જણે દેખાવમાં ખૂબ સારા લાગતા કપ પસંદ કર્યા છે જ્યારે ટેબલ પર રહી ગયેલા કપ એટલા બધા સુંદર નથી. ભલે કપ ભિન્ન ભિન્ન હોય, દેખાવમાં સુંદર કે બેડોળ હોય પણ તમે જોઈ શકો છો કે, બધા જ કપમાં એકસરખી ગુણવત્તાવાળી ચા છે. તમે સુંદર કપ પસંદ કરીને એમાંની ચા ચાખી કે ના ચાખી પણ હોય. એક વાત દેખીતી છે કે, તમારે મન કપ જ અગત્યનો છે, ચા નહીં! પરંતુ વાસ્તવમાં કપ નહિ પણ કપમાંની ચા સૌથી અગત્યની બાબત છે.

"આ ચા એટલે આપણું જીવન. આપણે આપણા જીવનને મૂલવવાને બદલે આ જીવન દ્વારા મળતાં હોદ્દા, નામના, પગાર, આદરમાન, મોભો, કદર, સાધનસંપત્તિ વગેરે બાબતોને ધ્યાનમાં લઈએ છીએ અને સૌથી અગત્યની બાબત જીવનને અવગણીએ છીએ! આપણે આપણા મહામૂલા જીવનને મૂલવીએ ત્યારે બીજી બધી બાબતો ગૌણ બની જાય છે. તમારા પ્રશ્નમાં મુખ્ય બાબત આપણું જીવન છે. એને કેન્દ્રમાં રાખી ચર્ચાવિચારણા કરવાના બદલે તમે ગૌણ બાબતો અંગે વાદવિવાદ કરો છો, ઝઘડી પડો છો!"

પ્રાધ્યાપકની શાણી શિખામણથી યુવાનિયાઓને પોતાની ભૂલનો ખ્યાલ આવ્યો. તેઓ જીવનને કેન્દ્રમાં રાખીને વિચાર કરવાં લાગ્યાં. ત્યારે તેમના વાદવિવાદનો અંત આવ્યો અને તેમનો પ્રશ્ન ઉકેલાઈ ગયો.

ભગવાને દરેક જણને જીવનની મહામૂલી ભેટ આપી છે તો આપણે આપણું જીવન બરાબર માણીએ. આનંદ કરીએ. બીજાઓને પણ આનંદ માણવામાં મદદરૂપ બનીને આપણા જીવનને વધુ સુખી કરીએ. બાઈબલ કહે છે તેમ, લેવા કરતાં આપવામાં વધુ આનંદ છે, એ વાત સમજીએ. અપનાવીએ.

ગુજરાતમાં આવ્યા પછી મેં ગાળેલાં પચાસ વર્ષનું વિહંગાવલોકન કરું છું ત્યારે મારા હૃદયમાં આભારની ભાવના છે. મારાં પૂજ્ય બાએ અમારા કુટુંબ વિશે કરેલી વાત હું અંગત

રીતે કહી શકું છું કે, ભગવાને મારા પર હું માગી શકું એના કરતાં વધારે અનુગ્રહાશિષો વરસાવી છે. ભગવાને પોતાના અઢળક આશીર્વાદ અસંખ્ય લોકો દ્વારા મારા પર વરસાવ્યા છે. એ માટે મારા દિલમાં ભગવાનની સ્તુતિ છે અને બધા માણસો પ્રત્યે આભારની લાગણી છે.

મારા જીવનમાં આ આભારની ભાવના મને કોઈની અદેખાઈ કર્યા વિના સુખી રહેવા અને જીવનનો આનંદ માણવામાં મદદરૂપ થઈ છે. એમાં મારી પાસે જે નથી એના કરતાં મારી પાસે જે બધું છે તે બધાની કદર કરું છું. એ બધા માટે ભગવાનની સ્મૃતિ કરું છું. લાગતાવળગતા માણસોનો આભાર માનું છું.

મારા જીવનમાં વખતોવખત ઘણા પ્રશ્નો અને સમસ્યાઓ મને ઘેરી વળ્યાં છે. પણ આજે હું જોઉં છું કે, મારી સિદ્ધિઓ અને સફળતાઓ કરતાં મને નડેલાં મારાં પ્રશ્નો અને સમસ્યાઓએ મને વધારે ઘડ્યો છે. અનુભવે હું જાણું છું કે, જીવનની આગળ પ્રશ્નો, સમસ્યાઓ જેવી બીજી બધી બાબતો ગૌણ છે. આજે હું જે આંતરિક શાંતિ અને દિલનો આનંદ અનુભવી શકું છું એની આગળ મારા જીવનની બધી સિદ્ધિઓ અને બધી સફળતાઓ કદાચ ગૌણ છે. મારી સિદ્ધિઓ અને સફળતાની કદર છે, એમની અવગણના નથી; પરંતુ એ બધું મારા જીવનની મુખ્ય બાબતો નથી. મુખ્ય બાબત તો મારું જીવન જ છે અને મારા જીવનને સફળ અને સાર્થક બનાવનાર ભગવાનની કૃપા છે, એમાં સૌ માણસોના સાથ સહકાર માટે મારામાં તેમના પ્રત્યે આભારની ભાવના છે.

મારા જીવનનાં સિત્તેર વર્ષ અને ગુજરાતમાં ગાળેલાં પચાસ વર્ષ તરફ મારી નજર દોડાવું છું ત્યારે મારું દિલ કૃતજ્ઞતાથી ઊભરાય છે. આજે હું જે છું તે માટે હું ભગવાન પ્રત્યે કૃતજ્ઞ છું. આજની પરિસ્થિતિમાં પહોંચવામાં મને મદદ કરનાર સૌ માણસો પ્રત્યે હું કૃતજ્ઞ છું. મારા માબાપ, ભાઈબહેનો અને ઈસુસંઘ સંસ્થાથી માંડી અસંખ્ય લોકોએ મારા ઘડતર અને વિકાસમાં ફાળો આપ્યો છે. એમા મારા હાથ પકડનાર, મને ટેકો આપનારથી માંડી મારો વિરોધ અને ટીકા કરનાર સૌ મિત્રો અને મુરબ્બીઓનો સમાવેશ થાય છે. મારા મિત્રો માટે પ્રાર્થના કરવાનું કદાચ હું ભૂલી જાઉં છું; પરંતુ મારો વિરોધ કરનાર અને મારી સામે પડનાર સૌને માટે હું નિયમિત પ્રાર્થના કરું છું. એમના માટે ભગવાનનો આશીર્વાદ માગું છું. એમના માટે ભગવાનની સ્તુતિ કરું છું. મેં મારા ટીકાકારો સામે ભગવાન આગળ ફરિયાદ પણ કરી છે. પણ ભગવાન સંત પાઉલના શબ્દોમાં મને કહે છે, "(તારે માટે) મારી કૃપા પૂરતી છે. દુર્બળતા હોય ત્યાં જ મારી શક્તિ પૂર્ણપણે પ્રગટ થાય છે" (૨ કરિંથ ૧૨, ૯)

તો આજે મારા જન્મદિવસે સિત્તેર વર્ષની ઉંમર વટાવતાં મારા દિલમાં કોઈ ફરિયાદ નથી. કોઈ માગણી નથી. છે ફક્ત દિલનો આનંદ અને સૌ પ્રત્યે આભારની લાગણી. એટલે કૃતજ્ઞભાવે સૌને પ્રેમથી આવકારું છું. ■


**JETHABHAI DOONGARSHI TRANSPORT CO.**

**J. D. LOGISTICS**



**H.O. :** 708/18, Bhavani Peth, Near Gurunanak Telephone Exchange, Pune-411 402.
Tel. : (020) 26434611 / 08425818000 ● Fax : (020) 26434525 ● E-mail : jdtcompany@gmail.com

**Admn. O. :** 313/315, Narshi Natha Street, Khajurwala Chamber, Masjid Buunder, Mumbai-400 009.
Tel. : (022) 23426818, 23400597 ● Fax : (022) 23451950 ● E-mail : jdadmnoff@yahoo.co.in

***DAILY PARCEL & FULL TRUCK LOAD SERVICES***
***FROM MUMBAI & GUJARAT TO PUNE & SOLAPUR AND RETURN***

**MUMBAI OFFICE**

| | |
|---|---|
| ANDHERI | 09323963410 |
| BHAT BAZAR | 09323963409 |
| BHIWANDI | 08425818022 |
| VASAI | 09323320952 |
| VASHI | 08425818023 |
| TARAPORE | 09322407169 |
| ULHASNAGAR | 09324495236 |
| BHAYANDER | 09820283922 |

**PUNE & OTHER MAHARASHTRA OFFICE**

| | |
|---|---|
| PUNE (BOOKING) | 08425818009 |
| PUNE (DELIVERY) | 08425818012-16 |
| CHINCHWAD | 08425818011 |
| WAGHOLI | 08425818020 |
| FURSUNGI | 08425818014 |
| TALEGAON | 08425818021 |
| SOLAPUR | 08425818030 |
| KOLHAPUR | 08425818027 |

**GUJARAT OFFICE**

| | |
|---|---|
| AHMEDABAD | 08866858858 |
| SURAT | 09377763408 |
| VAPI | 09377763409 |
| RAJKOT | 09327774777 |

**UTTAR PRADESH OFFICE**

| | |
|---|---|
| VARANASHI | 09336939327 |
| VARANASHI | 0542-2454585 |
| MAUNATH BHANJAN | 09335015165 |

કચ્છમાં સલામતી માળખું સ્માર્ટ બનશે

# સીમાએ સેન્સર – પોલીસને એકે-૪૭

નિખિલ પંડ્યા ● પ્રફુલ્લ ગજરા

સંસ્કૃતિથી માંડીને ઈતિહાસ અને મોસમથી માંડીને વેપાર તમામ પાસાઓમાં રાજ્ય કે રાષ્ટ્રમાં એક આગવી ઓળખ ધરાવતું કચ્છ સલામતી અને કાયદો વ્યવસ્થાના મામલે પણ અનોખી અને દરિયાઈ સરહદ, સીમા પારનાં સલામતી સમીકરણો ઉપરાંત ઘરઆંગણે અભેદ્ય તાણાવાણા ધરાવતા સામાજિક અને ધાર્મિક માળખાની સાથોસાથ વિકાસનાં સંગાથે ગુનાખોરીના બદલાતા જતા પડકારરૂપ ચિત્ર જેવા વિશિષ્ટ પાસાને એકમેક સાથે સાંકળતા છતાં સ્વતંત્ર ગણી શકાય તેવાં પરિમાણોને કચ્છ એક તાંતણે બાંધે છે.

એક તરફ સરહદ પાર પાકિસ્તાનમાં કટ્ટરવાદી અને ભારત વિરોધી પરિબળો સતત કાઠું કાઢી રહ્યા છે. આવા પરિબળોના આકા એવા મૌલાના અઝહર મસૂદના આંટા કચ્છ સીમાની નજીકના વિસ્તારોમાં વધી ગયા છે અને ત્યાં તાલીમ કેમ્પો સ્થપાઈ રહ્યા છે તેવા અહેવાલોએ આ સરહદના વ્યૂહાત્મક મહત્ત્વને વધારી દીધું છે. આવા કટ્ટરવાદી સંગઠનો ભારતમાં હુમલા માટે કચ્છની રણ કે દરિયાઈ વાટનો ઉપયોગ કરે એવી સતત ભીતિ વચ્ચે આ સરહદી જિલ્લાના યુવકોને ગેરમાર્ગે દોરવામાં હવે આઈ.એસ.આઈ.એસ. સક્રિય બની રહ્યાના અહેવાલો પણ આવનારા દિવસોના સલામતીના પડકારોનું જાણે ટ્રેલર બતાવી જાય છે.

સોશિયલ મીડિયાના વધી રહેલા પ્રચલને અફવાઓ અને અસામાજિક ઈરાદાઓને નવતર માર્ગ આપ્યો છે. ભુજ, અંજાર અને માંડવીના તાજેતરના બનાવો કચ્છના સબળ સામાજિક, માળખાની સામે ગંભીર પડકારની આલબેલ પોકારે છે. આવનારા વર્ષામાં આવા અસામાજિક અને તોફાની તત્ત્વો કચ્છના ભાઈચારાને પલીતો ન ચાંપે તે માટે પોલીસ સહિતની સલામતી એજન્સીઓ માટે જાગૃતિ અને સજાગતાની જરૂરતની સાથોસાથ ધાર્મિક અને સામાજિક અગ્રણીઓમાં સંવાદ અને સુલેહની ભાવનાની અનિવાર્યતા છતી કરે છે.

સરહદો પર જાપ્તો સ્માર્ટ બની રહ્યો છે. તો પોલીસ પણ આગામી દિવસોમાં સ્માર્ટ ક્લેવર ધરવા કમર કસી રહી છે. આવામાં સ્માર્ટ સલામતી માહોલ વચ્ચે માનવીય સંવેદનાઓ અને સંપર્કોને જાળવવા અને ગાઢ બનાવવાની જરૂરત વિસારી ન જવાય તેનું પણ ધ્યાન રાખવું રહેશે.

### ● સરહદો વધુ સાબદી બનશે :

જળ અને રણ સરહદથી ઘેરાયેલા કચ્છ માટે આંતરિક સલામતીની સાથોસાથ બાહ્ય સલામતીની ચિંતા પણ વિશેષ રહે છે. પાકિસ્તાન સાથેનાં બે યુદ્ધોમાં રણ મોરચો બની ચૂકેલા કચ્છના રણમાં સલામતી વ્યવસ્થા દિવસો દિવસ વધુને વધુ સુદ્રઢ કરાઈ રહી છે. સીમાએ તૈનાત સીમા સુરક્ષા દળ લગભગ ત્રણેક દાયકા અગાઉ માત્ર એક બટાલિયનની મદદથી જાપ્તો રાખતી હતી આજે આ સંખ્યા પાંચ બટાલિયનને આંબી રહી છે. છેક ભુજ સુધી સીમા દળનું ડીઆઈજી કક્ષાનું વડું મથક આવી ગયું છે. આવનારા દસ વર્ષમાં વધી રહેલી સલામતી જરૂરતોને ધ્યાનમાં લઈને કચ્છને અલાયદા આઈજી હેડક્વાર્ટરથી સજ્જ કરાય તો પણ નવાઈ નહીં રહે એમ સંબંધિત વર્તુળો માનતાં થયા છે.

### ● સરહદે સ્માર્ટ જાપ્તો :

તાજેતરમાં બનાસકાંઠા સરહદે આવેલા કેન્દ્રીય ગૃહમંત્રી રાજનાથસિંહે સીમા પર જાપ્તાને વધુ આધુનિક સ્વરૂપ એટલેકે સ્માર્ટ બનાવવા ઈન્ટિગ્રેટેડ બોર્ડર મેનેજમેન્ટ યોજનાના પાયોલટ પ્રોજેક્ટની ગુજરાતમાં અમલની જાહેરાત કરી હતી. આ યોજના હેઠળ સરહદે ઇઝરાયલી સેન્સર અને અન્ય વિજાણુ સાધનો લગાવીને ઘૂસણખોરી પર બાજનજર રાખવાની સરકારની નેમ છે. આ યોજનાથી સરહદ પર તૈનાત સલામતી દળોની કામગીરી વધુ અસરકારક બની શકશે.

### ● બોર્ડર પર ફેન્સિંગ અને લાઈટો :

લગભગ ૨૯૪ કિલોમીટરની રણ સરહદ ધરાવતા કચ્છમાં સીમા પર ૧૨૪ કિ.મી.માં અભેદ્ય કાંટાળી વાડ લાગી ચૂકી છે. હાલે ૨૨ કિ.મી.ના વિસ્તારમાં વાડ લગાવવાની કામગીરી ચાલી રહી છે. જ્યારે આ વાડની સાથોસાથ ફ્લડ લાઈટ લગાવીને રાતના સમયે પેટ્રોલિંગ વધારવા માટે ૯૯ કિ.મી.માં ફ્લડ લાઈટ લગાવાઈ છે સાથોસાથ બીજા ૫૬ કિ.મી.માં આવી લાઈટ લગાવવાની કામગીરી ચાલે છે. હાલે સરહદે ૧૩૫ કિ.મી.ના પાકા રસ્તા બની ગયા છે અને ૪૪ કિ.મી.ના માર્ગો તૈયાર થઈ રહ્યા છે. આમ આગામી દસ વર્ષમાં સરહદે કાંટાળી વાડ, ફ્લડ લાઈટો અને માર્ગોની કામગીરી પૂર્ણ થઈ ગઈ હશે.

**• બીજી હરોળ પણ સ્માર્ટ :**

સરહદ પર સીમા દળનો જાપ્તો સ્માર્ટ બની રહ્યો છે તેમ પશ્ચિમ કચ્છને લગતા કુખ્યાત સરહદી વિસ્તારોમાં પોલીસ તંત્ર આગામી દિવસોમાં ડ્રોનની મદદથી હવાઈ નજર રાખશે. આ સંદર્ભમાં ખાવડામાં ડ્રોન કન્ટ્રોલ રૂપ સ્થાપવાની દરખાસ્ત હવે મંજૂર થવામાં હોવાની માહિતી જિલ્લા પોલીસ વડા મકરંદ ચૌહાણે આપી હતી. સાથોસાથ સરહદી વિસ્તારમાં દેશ વિદેશી તત્ત્વોને અગાઉ મદદરૂપ થયેલાઓને સતત વોચમાં રાખવા પોલીસ પગલાં લઈ રહી છે.

**• યુદ્ધની સ્થિતિમાં પણ અમાપ તાકાત :**

૧૯૭૧ના જંગમાં કચ્છ સરહદેથી આક્રમણ કરીને પાકિસ્તાનનો મોટો વિસ્તાર જીતવાની ગૌરવપ્રદ ગાથાને લશ્કરી અને અર્ધલશ્કરી દળો ફરી દોહરાવવા માટે સજ્જ છે. ભુજની સ્થાનિક બ્રિગેડ વધુને વધુ સજ્જ અને તાલીમબદ્ધ બની રહી છે. તો ગાંધીધામ ખાતેના હવાઈ સલામતીને લગતી લશ્કરની વ્યવસ્થાને પણ બ્રિગેડની શક્તિમાં રૂપાંતરિત કરાઈ રહી હોવાની માહિતી સંબંધિત વર્તુળો ધરાવે છે. હવાઈ સલામતીને લગતા મથકો પણ મજબૂત થઈ રહ્યા છે. દેશની સુરક્ષાને લગતી આ બાબતોની ગુપ્તતા જાળવતાં એટલું કહી શકાય કે સ્થાનિક વડાઓની વધતી જતી રેન્ક આ મથકોના વધતા જતા દરજ્જાની પ્રતીતિ કરાવે છે.

**• દરિયાઈ સલામતી પણ અનિવાર્ય :**

મુંબઈ પરના આતંકી હુમલા બાદથી પાકિસ્તાન સાથેની દરિયાઈ સીમા અને તેને સંલગ્ન વિસ્તારોમાં સલામતીને લગતા મુદ્દા પર આવેલી જાગૃતિ ધીમી પણ મક્કમ ગતિએ મજબૂતી સાથે મૂર્તિમંત થઈ રહી છે. આ સંદર્ભમાં સ્થપાયેલા જિલ્લાના કાંઠાળ વિસ્તારોમાં માંડવી, મુંદ્રા, જખૌ અને કંડલામાં મરીન પોલીસ મથકો સ્થપાઈ ચૂક્યા છે. આ મથકોને યોગ્ય સાધનો અને સ્ટાફની અછતની વ્યાપક ફરિયાદો આવનારા દસ વર્ષની અંદર દૂર થશે એવી તૈયારી ચાલી રહી છે.

કોસ્ટલ કે મરીન પોલીસ મથકોને બોટ અને તેની માટે ખારવા કે ટંડેલ કોમના દરિયાખેડુ યુવાનોની ભરતી કરવાની દરખાસ્ત અમલીકરણના તબક્કામાં છે. કોટેશ્વર પાસે તાલીમ લઈ ચૂકેલા રાજ્ય પોલીસના મરીન કમાન્ડો દળના સભ્યોને આ પોલીસ મથકોએ તૈનાત કરવાનું આયોજન ગોઠવાઈ રહ્યું છે.

**• ક્રીક સરહદે પણ સલામતી વધી અને વધશે :**

પાકિસ્તાન સાથેની અટપટ્ટી ક્રીક પર સલામતીની જવાબદારી સીમા દળ અને તેની ખાસ સાગરપાંખ પાસે છે. સાગરપાંખને નવી ફાસ્ટ એટેક બોટોથી સજ્જ કરવાની સાથોસાથ કાદવવાળા વિસ્તારોમાં સફળ રહેલા ઓલ ટેરેન વેહીકલના પેટ્રોલિંગને આગામી દિવસોમાં વધારવા માટે આવા આધુનિક વાહનોની સંખ્યા વધારવાનું આયોજન પણ હાથ ધરાયું છે. તો અત્યાર સુધી માત્ર કોટેશ્વર સુધીના સરહદી વિસ્તારની સલામતીની જવાબદારી સંભાળતા સીમા દળે થોડા વર્ષ અગાઉ મેડી સુધીના કાંઠે એક અલાયદી બટાલિયન સાથે જાપ્તો ગોઠવ્યો છે. તો હરામીનાળા વિસ્તારમાં છેક ઝીરો લાઈન સુધી પહોંચીને દુર્ગમ વિસ્તારમાં ચોકી સ્થાપનાર સીમા દળ આ વિસ્તારમાં વધુને વધુ ચોકીઓ ઊભી કરી રહ્યું છે. આ વિસ્તારમાં સાવ નજીક સુધી માર્ગ સંપર્ક ઊભો કરવાની કામગીરી ઝડપભેર ચાલી રહી છે. આગામી ગણતરીના વર્ષમાં સીમા દળની સાગરપાંખ માટે કોટેશ્વર વિસ્તારમાં રીતસરના નાના નૌકા બંદર સ્થપાઈ જશે. આ માટે કેન્દ્ર સરકાર મસમોટું બજેટ અને ગુજરાત સરકાર જમીન ફાળવી ચૂકી છે.

**• જખૌ અને મુંદ્રામાં કોસ્ટગાર્ડ મથક :**

ભારતીય માછીમારોને પાકિસ્તાન મરીન સિક્યુરિટી એજન્સીની ચાંચિયાગીરીનો સતત ભય રહે છે. સાથોસાથ મધદરિયેથી પાકિસ્તાનની જળ સીમામાંથી આવતા મોતના સામાન પર કોઈ કાયમી જાપ્તો ન હોવાની લાંબા સમયની ફરિયાદોના ઉકેલ માટે હવે જખૌ અને મુંદ્રામાં કોસ્ટગાર્ડ એટલે કે તટરક્ષક દળના કાયમી થાણા સ્થપાઈ ગયાં છે. આ થાણા પર કોસ્ટગાર્ડના જહાજો અને હોવરક્રાફ્ટની સતત હાજરી રહે છે.

**• સ્માર્ટ પોલીસ થાણા સંગાથે દળ પણ સ્માર્ટ :**

આજે દેશમાં લગભગ તમામ ક્ષેત્રને સ્માર્ટ બનાવવા કમર કસાઈ રહી છે. શહેરોથી માંડીને ગ્રામીણકક્ષા સુધી કાર્યરત સરકારી તંત્રો તેમની કામગીરીને સ્માર્ટ બનાવવા મહત્ત્વાકાંક્ષી આયોજનો તૈયાર કરી રહ્યા છે. આમાં ગુજરાત પોલીસે પણ સ્માર્ટ પોલીસ મથકોનું મોટું આયોજન હાથ ધર્યું છે.

કચ્છમાં પ્રથમ તબક્કામાં મુંદ્રા અને ગાંધીધામ એ-ડિવિઝન પોલીસ મથકોનો આ યોજનામાં સમાવેશ કરાયો છે. આગામી દસ વર્ષમાં પશ્ચિમ કચ્છમાં ભુજના બન્ને શહેર પોલીસ મથકો ઉપરાંત માંડવી અને નખત્રાણાના પોલીસ મથકોને સ્માર્ટ બનાવવાની દરખાસ્ત તૈયાર કરાઈ રહી છે. તો પૂર્વ કચ્છમાં ગાંધીધામ એ-ડિવિઝન બાદ બી-ડિવિઝન પોલીસ મથક ઉપરાંત અંજાર, ભચાઉ, કંડલા અને સામખિયાળીને સ્માર્ટ બનાવવાની યોજના ઘડાઈ રહી છે.

આગામી ૧૫મી ઓગસ્ટ સુધીમાં મુંદ્રાનું પોલીસ થાણું સ્માર્ટ બની જશે અને તે આખા જિલ્લા માટે નમૂનારૂપ બની રહેશે તે માટે પશ્ચિમ કચ્છના પોલીસ વડા મકરંદ ચૌહાણ અને તેમની ટીમ સતત મહેનત કરી રહી છે.

**• સ્માર્ટ પોલીસ થાણા આવાં હશે :**

મુંદ્રામાં એક ઝાટકે તમામ જૂની પુરાણી ૩૦૩ બંદૂકો અને રિવોલ્વરો અદૃશ્ય થઈ જશે. આ શસ્ત્રોના સ્થાને પોલીસના

હાથમાં એકે રાઈફલો અને કેડમાં આધુનિક પિસ્તોલોનો દબદબો રહેશે.

સાથોસાથ જરીપુરાણા વાહનોના સ્થાને નવા વાહનો અને આધુનિક સંદેશાવ્યવહાર માળખાથી આ પોલીસ થાણાને સજ્જ કરાશે. મહત્ત્વના સ્થળોએ સીસી ટીવી કેમેરાની ત્રીજી આંખની મદદથી પોલીસ સતત નજર રાખશે.

● **થાણાની સાથોસાથ પોલીસ પણ સ્માર્ટ :**

અંગ્રેજીમાં સ્માર્ટ (SMART) શબ્દના આલ્ફાબેટને અલગ પાડીને આની વ્યાપક વ્યાખ્યા શ્રી ચૌહાણે તૈયાર કરી છે. જેમાં 'એસ' (S) ને સેન્સિટિવિટી સાથે સાંકળીને પોલીસે તમામ પ્રકારના ગુના અને લોકોની જરૂરતો ઉપરાંત ફરજ પ્રત્યે સેન્સેટિવ એટલે કે સંવેદનશીલ બનાવવા.

'એમ' (M) એટલે કે મોબિલિટી અને મોર્ડન શબ્દ સાથે સાંકળીને પોલીસને આધુનિક વાહનો અને શસ્ત્રોથી સજ્જ કરવા અને ટેકનોલોજીનો ઉપયોગ કરવાની નેમ વણી લેવાઈ છે.

'એ' (A) એટલે પોલીસ એલર્ટ અને એકાઉન્ટેબલ બનાવાશે. આમાં પોલીસતંત્રને વધુ જવાબદાર અને સાબદા રહેવા પર ભાર મુકાશે.

'આર' (R) એટલે રિલાયેબલના અર્થઘટન સાથે પોલીસ દળ માટે લોકોમાં ભરોસાની લાગણી જગાવવા માટે ધ્યાન કેન્દ્રીત કરાશે.

'ટી' (T) અક્ષરને ટ્રેનિંગ સાથે સાંકળીને પોલીસ દળને તેમની ફરજ ઉપરાંત તરણ, શારીરિક રીતે સક્ષમતા કેળવવા, યોગ, પ્રાથમિક સારવાર અને ખાસ તો ઔદ્યોગિક સલામતી માટે ખાસ તાલીમ અપાશે. સાથોસાથ રોજબરોજના પેટ્રોલિંગ અને આધુનિક હથિયારો ચલાવવા માટે પણ સ્માર્ટ પોલીસ થાણાના સ્ટાફને તાલીમબદ્ધ કરાશે.

● **સ્ટાફ ઘટ તો તોય રહેશે જ :**

પોલીસદળ માટે મંજૂર મહેકમ કરતાં ઓછા સ્ટાફની સમસ્યા આજકાલની નહીં પણ જ્યારથી પોલીસ ખાતું અસ્તિત્વમાં આવ્યું ત્યારથી રહેતી આવી છે. આ સમસ્યા આજે પણ છે અને આવતીકાલે પણ બેશક રહેવાની જ છે. કાયદાની રખેવાળી કરતા આ તંત્રમાં પશ્ચિમ કચ્છ ખાતે ૨૨૦૦ ની જગ્યાએ અત્યારે ૧૫૦૦ નો સ્ટાફ ફરજ ઉપર છે. અર્થાત્ ૪૦ ટકા સ્ટાફ ઓછો છે. આગામી એક દાયકામાં નિવૃત્ત થનારા સ્ટાફ અને નવી થનારી ભરતી વગેરે તમામ પાસાં કેન્દ્રમાં રાખીને આ ક્ષેત્રના અનુભવીઓ કહી રહ્યા છે કે સરવાળે વર્ષ ૨૦૨૫માં પણ ૨૦ ટકા જેટલી સ્ટાફ ઘટ તો હશે જ તેવી ધારણા છે.

બીજી બાજુ, પૂર્વ કચ્છ પોલીસ જિલ્લામાં પણ એ સમયે ચિત્ર કાંઈક આવું જ જોવા મળી રહે તેવી સંભાવના છે. કેમ કે અત્યારે આ પોલીસ જિલ્લામાં મંજૂર મહેકમની તુલનાએ બે ડી.વાય.એસ.પી., છ ઈન્સ્પેક્ટર, નવ ફોજદાર, દોઢસો એ.એસ.આઈ.-હે.કો અને ૭૦ મહિલા પોલીસ કર્મચારીની ઘટ વર્તાઈ રહી છે. ભરતી સહિતના પ્રયાસો પછી પણ દસ વર્ષ આ સમસ્યા તો રહેવાની જ.

● **સબળ પડકાર સાયબર ક્રાઈમ :**

આવનારા સમયમાં કે દસકામાં કાયદાના રક્ષકો માટે સાયબર ક્રાઈમ માથાના દુઃખાવા સાથે સબળ પડકાર બની રહે તેમ છે. મોબાઈલ ફોન સહિતની વધતી જતી સંદેશા વ્યવહાર ટેકનોલોજી તથા ઈન્ટરનેટના માધ્યમથી સોશિયલ મીડિયાના વપરાશમાં જબ્બર વધારા સહિતના પરિબળો આવનારા સમયમાં આ નવતર કહી શકાય તેવી ગુનાખોરીમાં ભારે ઉછાળો લાવી શકે તેમ છે. જેને લઈને કાયદાની રખેવાળી કરનારું તંત્ર અત્યારથી જ ચિંતિત જોવા મળી રહ્યું છે.

આ સ્થિતિમાં પોલીસ દ્વારા મુંબઈની જેમ જિલ્લા સ્તરે સાયબર સેલ ઊભા કરવાની કાર્યવાહીના શ્રીગણેશ થઈ ચૂક્યા છે. આગામી એક દાયકામાં કચ્છ સહિત સમગ્ર રાજ્યમાં આવા સેલ કાર્યરત થઈ જશે. જે સોશિયલ મીડિયા અને અન્ય આનુષંગિક પાસાઓ ઉપર વિવિધ રીતે બાજનજર રાખશે. આ વિભાગમાં ઈન્ફોર્મેશન ટેકનોલોજી અને કાયદો એમ બન્નેના જાણકાર હોય તેવી ખાસ વ્યક્તિની ભરતી કરવાનું પણ આયોજન વિચારાઈ રહ્યું છે, જે આગળ જતાં બેશક ફાયદેમંદ બની રહેશે. આ ઉપરાંત દળના ઊંટ અને બેન્ડ તથા વાયરલેસ જેવા વિભાગો માટે પણ આ ક્ષેત્રમાં રુચિ ધરાવતા હોય તેવા તજજ્ઞ વ્યક્તિઓની સ્વતંત્ર ભરતી માટે પણ પોલીસબેડું અત્યારે ચિત્ર તૈયાર કરી રહ્યું છે.

● **ગુનાખોરી સજશે નવતર ભાત :**

વર્તમાન સમયની ગુનાખોરી અને આજથી એક દાયકા બાદની ગુનાખોરીમાં ખાસ્સો એવો બદલાવ જોવા મળશે તે બાબત નિશ્ચિત છે. કાયદો-વ્યવસ્થાની જાળવણી કરનારા પણ આનાથી સુપેરે અવગત છે. જેને લઈને અત્યારથી જ આવનારા સમયને નજર સમક્ષ રાખીને આયોજન ગોઠવવા માટેની સોગઠીઓ માંડવાનું શરૂ થઈ ચૂક્યું છે. તજજ્ઞ સ્ટાફ અને ટેકનોલોજીના ભરપૂર ઉપયોગ સાથેની આ યોજના પૂર્ણતઃ કાર્યરત થયા પછી કચ્છ કે ગુજરાત પોલીસનો ચહેરો પણ સ્કોટલેન્ડયાર્ડ પોલીસની જેમ ચમકતો જોવા મળે તે દિશામાં કાર્ય આગળ વધી રહ્યું છે.

હાથમાં ગણેશિયું કે ટામી જેવા સાધન લઈને ચોરી કરવા નીકળનારા તસ્કર કે ખભે ધારિયું કે હાથમાં કુહાડી લઈને શારીરિક હુમલો કરવાની ગણતરીએ ખુન્નસ સાથે નીકળેલી વ્યક્તિ વર્ષ ૨૦૨૫ સમયે પણ જરૂર જોવા મળશે પણ તેમનું સ્વરૂપ કદાચ બદલાઈ ચૂક્યું હશે. તેમના હાથમાં ટૉમી કે

**(અનુસંધાન : જુઓ પાના નં.-૮૪ ઉપર)**

# કચ્છી કથા : સસઈ - પુનંહ

સ્વામી સચ્ચિદાનંદ

જીવનમાં શ્રદ્ધાની સાથે અંધશ્રદ્ધા પણ મહત્ત્વનો ભાગ ભજવતી હોય છે. પશુ-પક્ષીઓ અંધશ્રદ્ધાળુ નથી હોતાં, કારણ કે તેઓ શ્રદ્ધાળુ પણ નથી હોતાં. શ્રદ્ધા હોય ત્યાં થોડાઘણા પ્રમાણમાં અંધશ્રદ્ધા રહેતી જ હોય છે. શ્રદ્ધા તો રહેવાની જ, કારણ કે પૂરું જીવન બૌદ્ધિક બનાવી શકાતું નથી. પ્રેમ અને શ્રદ્ધા સોએ સો ટકા બૌદ્ધિક નથી હોતાં. બુદ્ધિ પછીનું પણ જીવન છે, જે અનુભવાય તો છે પણ તર્કોથી સાબિત કરી શકાતું નથી.

અંધશ્રદ્ધાનાં બધાં ક્ષેત્રોમાંનું એક પ્રબળ ક્ષેત્ર છે જ્યોતિષ. પશુ-પક્ષીઓને જ્યોતિષ હોતું નથી. તેઓ ગ્રહ-નક્ષત્ર-કુંડળી જોઈને લગ્ન કરતાં નથી તેમ જ પોતાનાં બચ્ચાંઓના જન્માક્ષર પણ કરાવતાં નથી, પણ માણસ બધું કરાવે છે. જે જેટલું વધુ કરાવે છે તે તેટલો જ વધુ ગૂંચવાતો રહે છે. અંતરીક્ષમાં જનારાં અમેરિકન યાનો ચોઘડિયું જોઈને ઊડતાં નથી. આપણા નેતાઓ ચૂંટણી ફોર્મ પણ ચોઘડિયું જોઈને ભરે છે અને ઘણા હારે છે. કુંડળી મેળવીને થયેલાં લગ્નો ઘણી વાર તૂટી જતાં હોય છે અને કુંડળી વિનાનાં લીલાલહેર કરતાં હોય છે. લાખ પ્રયત્નો કરીને પણ પ્રેમ અને શ્રદ્ધાના ક્ષેત્રને નાબૂદ કરી શકાતું નથી. પ્રેમની વિકૃતિ મોહ છે અને શ્રદ્ધાની વિકૃતિ અંધશ્રદ્ધા છે. આ બંનેનો વિશાળ પરિવાર હોય છે, જે શિક્ષિત-અશિક્ષિત બધામાં થોડાઘણા પ્રમાણમાં રહેતો હોય છે.

કચ્છનો નાંયો બ્રાહ્મણ સારી આજીવિકા માટે સિંધ ગયો. જે પ્રદેશમાં સારી આજીવિકા મળતી હોય તે પ્રદેશમાં લોકો ખેંચાઈ આવતા હોય છે. સારી આજીવિકાની શોધ કરનારા ભ્રમણશીલ બની જતા હોય છે, જેથી નજીક કે દૂરના પ્રદેશમાં તેઓ પહોંચી જતા હોય છે. જે સંતોષી જીવો હોય છે તેઓ પલાંઠિયા થઈને ગામમાં જ બેસી રહેતા હોય છે. અતિસંતોષી પ્રજા કદી વિકાસ કરી શકતી નથી - બહુ બહુ તો તે ભક્તો અને સંતો પેદા કરતી રહે છે. આવી જ રીતે અતિશ્રદ્ધાળુ પ્રજા વૈજ્ઞાનિકો પેદા કરી શકતી નથી, કારણ કે તેમને કશું શોધવાનું જ હોતું નથી. જે હોય છે તે જ બરાબર હોય છે. અતિ પ્રેમાળ પ્રજા પ્રેમીઓ તો પેદા કરી શકે છે, પણ તત્ત્વજ્ઞાનીઓ પેદા કરી શકતી નથી, કારણ કે પ્રેમમાર્ગમાં બુદ્ધિનો ઓછો ઉપયોગ થતો હોય છે.

નાંયો બ્રાહ્મણ સારી આજીવિકા માટે કચ્છમાંથી સિંધમાં આવ્યો. સિંધ ત્યારે સુખીસમૃદ્ધ પ્રદેશ હતો. સિંધુ નદી અને વિશાળ જમીનની સાથે વ્યાપાર ઉદ્યોગની ખિલવણી તેમાં કારણરૂપ હતાં. કોઈ પણ પ્રદેશની ખિલવણીમાં વેપારીઓ, ઉદ્યોગપતિઓ અને શાસકો મહત્ત્વની ભૂમિકા ભજવતા હોય છે. સુખી-સમૃદ્ધ પ્રદેશમાં ચારે તરફથી પ્રજા ખેંચાતી આવતી હોય છે. સિંધમાં પણ આવું જ થયું હતું.

નાંયો બ્રાહ્મણ બહુ સુખી થયો. તેવામાં તેની પત્નીને પ્રસૂતિ થઈ. શ્રીમંતની પ્રસૂતિ મીઠાઈઓના થાળ સાથે થતી હોય છે અને દરિદ્રની પ્રસૂતિ ભૂખમરા સાથે થતી હોય છે. દરિદ્રનું બાળક જન્મતાં જ ઘણા પ્રશ્નો લઈને જીવતું હોય છે, જેનો ઉકેલ લગભગ નથી હોતો.

નાંયાના ઘરમાં કન્યાનો જન્મ થયો. 'દીકરો-દીકરી એકસમાન' ની ગમે તેટલી બૂમો પાડો, પણ ભારતમાં દીકરો જન્મતાં જે આનંદ થાય છે તે દીકરી જન્મતાં થતો નથી. અને આનંદ કે શોકનું કેન્દ્ર પુરુષો કરતાં સ્ત્રીઓ જ વધારે હોય છે. સ્ત્રીઓને જ છોકરી નથી ગમતી, છોકરો ગમે છે. તેમાં પણ નાંયો જ્યોતિષકાર. તેણે ગ્રહો મેળવ્યા અને તેનું મન મ્લાન થઈ ગયું : અરરર! આ છોકરી તો ખોટા નક્ષત્રમાં જન્મી છે. તે જ્યાં રહેશે ત્યાં વિનાશ કરશે. તે સુખી થશે નહીં અને સુખી થવા દેશે નહીં. હવે શું કરવું? તરત જ તેને સુંદર રેશમનાં વસ્ત્રો પહેરાવીને, દરદાગીના ચઢાવીને, એક પેટીમાં પૂરીને નદીમાં તરતી મૂકી દીધી. દૂધપીતી કરવી કે બીજી રીતે મારી નાખવી તેના કરતાં ત્યજી દેવી સારી. નજીક ત્યજો તો કદાચ ઓળખાઈ જવાય, પણ નદીમાં તરતી મૂકી હોય તો આગળ દૂર કોઈના હાથમાં આવે તો કદાચ બચી જાય. કર્ણને આવી જ રીતે તરતો મૂકી દીધો હતો ને!

પેટી સિંધુ નદીમાં તરતી-તરતી કપડાં ધોનારા ધોબીના હાથમાં આવી. ધોબી-ધોબણ સંતાન વિનાનાં હતાં. નવજાત બાળકી જોઈને બંને રાજીરાજી થઈ ગયાં. વાંઝિયાં દંપતીને સંતાનની ખોટ કેટલી સાલતી હોય છે તેનો અનુભવ સંતાનોની વણઝારવાળાને ન થાય.

ત્યારે સિંધનું રાજ્ય ધલુરા સોઢાના હાથમાં હતું. ધલુરાનાં કપડાં પણ આ ધોબી જ ધોતો હતો. પોતાના ધોબીને ત્યાં બાળકી આવી છે તે જાણીને ધલુરાને પણ આનંદ થયો. ત્યારે નોકર અને માલિકનો સંબંધ પિતા-પુત્ર જેવો રહેતો. માલિકો નોકરો ઉપર સ્વજન જેવી લાગણી રાખતા અને તેમનાં કાર્યો કઢાવતા.

ધોબીએ કન્યાનું નામ 'સસઈ' રાખ્યું. સસઈ મોટી થવા લાગી. અંધશ્રદ્ધાએ કહો કે પરિસ્થિતિએ કહો, તેણે એક બ્રાહ્મણકન્યાને ધોબીકન્યા બનાવી દીધી હતી. ભારતમાં માન-પ્રતિષ્ઠા અને સુખ-સમૃદ્ધિ જ્ઞાતિ પ્રમાણે મળતાં હોય છે. સસઈ જોતજોતામાં મોટી થઈ ગઈ. તેનું જોબન અને રૂપ ખીલી નીકળ્યાં. છોકરો ખીલતો નથી પણ છોકરી ખીલે છે. ખેડૂત જેમ દાણાથી ખીલેલા ખેતરને સાચવે તેમ ખીલેલી છોકરીને પણ તેનાં માતા-પિતા સાચવતાં હોય છે. કન્યા અને સ્ત્રી પણ સચવાયેલાં સચવાય છે, ન સચવાયેલાં ખેતરની માફક ભેળાઈ જાય છે, કારણ કે હરાયાં ઢોર ઘણાં હોય છે. હરાયાં ઢોર કરતાં હરાયું માણસ વધુ ખતરનાક બની જતું હોય છે. સસઈને ખીલેલી જોઈને ધોબી ધોબણ ચિંતા કરવા લાગ્યાં. કન્યા કદી ચિંતા વિનાની હોતી જ નથી. તેની આગળ પાછળ ચિંતા ચાલતી હોય છે.

★

સિંધની પશ્ચિમે અડીને આવેલો પ્રદેશ બલુચિસ્તાન. તેનું પૂર્વી પરગણું મકરાણ. મકરાણમાં ભારે દુષ્કાળ પડ્યો. આપણી પૃથ્વી ઉપર ચાર પ્રકારના પ્રદેશો છે : (૧) અતિબરફવાળા, (૨) અતિવૃષ્ટિવાળા, (૩) અનાવૃષ્ટિવાળા, (૪) રણવાળા. વિશ્વમાં એવો એક પણ પ્રદેશ નથી કે જ્યાં પ્રકૃતિનો અતિરેક કે અનતિરેક ન થતો હોય. બધું જ બરાબર હોય તેવો પ્રદેશ ક્યાંય નથી. આ દૃષ્ટિએ ભારતનો મધ્યભાગ કાંઈક વધ ઠીક કહેવાય. તેથી બહુ પ્રાચીનકાળમાં લોકો વધુ સારા પ્રદેશો માટે સ્થળાંતર કરતા રહેતા અને તે મેળવવા લડતા રહેતા. કુદરતે આપેલો સારો પ્રદેશ ભોગવનારી પ્રજા બહુ પરાક્રમી કે બહુ સંશોધક નથી હોતી, પણ જ્યાં કુદરત વધુમાં વધુ દુશ્મન થઈને બેઠી હોય તેવા પ્રદેશમાં રહેનારી પ્રજા વધુ ખડતલ, પરાક્રમી અને સંશોધક બનતી હોય છે. મકરાણ, કચ્છ અને સિંધ આવા જ કુદરતત્રસ્ત પ્રદેશ કહેવાય, તેથી અહીંની પ્રજા વધુ પાણીદાર બનતી હશે.

મકરાણમાં ભયંકર દુષ્કાળ પડ્યો. પશુપાલકોનો દેશ હોવાથી, પશુઓને તો ઠીક માણસોને પણ જીવવું કઠિન થઈ ગયું. પશુપાલકોની અનેક જાતિઓ. તેમાંની એક જત નામની જાતિ. આ જત-જાતિએ પાછળથી ઈસ્લામ સ્વીકારી લીધો. તે બળવાન, સાહસી પણ ઝઘડાખોર ગણાતી. તેનો ધંધો જ એવો હતો. હજારો સાંઢણીઓ, ઘેટાં-બકરાં, વગેરે રણપશુઓ (ગાય-ભેંસ રણપશુ ન કહેવાય) લઈને તેઓ વિચરતા રહે, તેથી અવારનવાર સ્થાનિક લોકો સાથે તેમને ઝઘડા થયા કરે. ઈસ્લામ સ્વીકાર્યા પછી તે જાતિ વધુ આક્રમક બની ગઈ.

મકરાણના આરીજામે પોતાના છ પુત્રોમાંથી પુનંહ નામના સૌથી નાના પુત્રને અને બાલબલ વજીરને પશુઓનો મોટો કાફલો લઈને સિંધ તરફ દુષ્કાળ ગાળવા મોકલ્યો. સિંધ પણ રણપ્રદેશ જ કહેવાય, પણ તેની સિંધુ નદી હિમાલયની ઘણી નદીઓનો સંગમ કરીને વિશાળ પાણીના જથ્થા સાથે અરબ સાગરમાં મળવા આવે, એટલે સિંધને ચીરીને જ આવે. મિસરની નાઈલ નદીની માફક સિંધુ નદી પણ તેના બંને કિનારે દૂરદૂર સુધી પ્રદેશને લીલોછમ બનાવી દે. ત્યાં એટલી બધી હરિયાળી અને ઘાસચારો ઉગે કે છેક કચ્છ અને સૌરાષ્ટ્રથી પણ ઘણા લોકો દુષ્કાળ ગાળવા ત્યાં આવતા. દુષ્કાળ પૂરો થતાં જ બધા ફરી પાછા પોતપોતાના પ્રદેશમાં જવા ઊપડી જતા. આ ઉપરથી નદીઓનું મહત્ત્વ કેટલું બધું વધી જાય છે તે સમજી શકાય છે. એ જ કારણસર આપણે નદીઓને લોકમાતા કહીએ છીએ અને એ જ કારણસર હિંદુ ધર્મમાં નદીઓને પવિત્ર માનવામાં આવેછે.

પુનંહનો કાફલો છેક મકરાણથી સિંધના ભાંભોર નગરમાં આવી પહોંચ્યો. યોગાનુયોગ ધોબીની પાલિત કન્યા સસઈ અને પુનંહનો મેળાપ થયો. પ્રથમ મુલાકાતમાં જ બંને પ્રેમમાં પડી ગયાં. કાચી ઉંમરના પ્રેમને પાકતાં લાંબો સમય લાગે, પણ પાકી ઉંમરના પ્રેમને પાકતાં વાર ન લાગે. બંને પાકી ઉંમરનાં હતાં. બંને ઘણાં આગળ વધી ગયાં. વજીર બાલબલથી આ વાત છાની ન રહી. આમે પ્રેમ તો છાનો રહે જ નહીં. પણ પહેલાં તો પ્રેમ થતો જ નહીં. પહેલા સગાઈ થાય, પછી વિવાહ થાય પછી પ્રેમ થાય તો થાય, નહીં તો રામરામ. પડ્યું પનારું પાર પાડવાનું. પણ આ બધી લાંબી પ્રક્રિયા પાર પાડ્યા વિના જ કોઈ નર-નારી સીધાં જ પ્રેમ કરી બેસે તો ભારે ઉપાધિ થાય. તેમાં પણ જો તે ધર્મમાન્ય ન હોય, સમાજમાન્ય ન હોય, પરિવારમાન્ય ન હોય, તો-તો તેનો કરુણ અંજામ જ આવે. પ્રેમ કરવા માટે લોકોએ પશ્ચિમમાં જન્મવું પડે, જ્યાં કોઈ પ્રતિબંધ નથી; પણ અહીં તો 'ઑનરકિલિંગ' થતાં રહે છે. આ 'ઑનરકિલિંગ' નો દેશ કહેવાય. સંસ્કૃતિ એવી ભારે વજનદાર કે પ્રેમી યુગલોને સ્થાન જ નહીં. ઘરમાં એકાંત ન હોય અને જાહેરમાં પૂરો પ્રતિબંધ હોય. મૂંઝાઈ-રિબાઈને જુવાની પાર પાડવાની. પતિ-પત્નીનો સંબંધ મોટાભાગે છોકરાં પેદા કરવા સુધી જ વધારે રહે. પ્રેમાલાપ માટે ન તો એકાંત મળે કે ન સમય મળે.

પણ પ્રેમ તો ગાંડો જ હોય છે. જ્યાં સુધી ડહાપણ ગાંડપણમાં રૂપાંતરિત ન થઈ જાય ત્યાં સુધી પ્રેમ સોળે કળાએ પ્રગટે નહીં. ડહાપણભર્યા સમાજોમાં પ્રેમકથાઓ ન હોય, કારણ કે ગાંડપણ વિનાની પ્રેમકથા હોય જ નહીં. સસઈ અને પુનંહ પરસ્પરના પ્રેમમાં તરબોળ થઈ ગયાં. પણ હવે દુષ્કાળ પૂરો થયો. પાછા મકરાણ જવાનો સમય આવી ગયો. પુનંહની આગળ મોટો પ્રશ્ન હતો : સસઈને મૂકીને - છોડીને મકરાણ જવાય કેમ? જે લોકો પ્રેમ કરીને જરૂર પડે ત્યારે એકબીજાને છોડી શકતાં હોય છે તેઓ બહુ દુઃખી નથી થતા. કારણ કે તેઓ છોડી શકે છે, પણ જેઓ છોડી શકતા જ નથી તે લોકો વિયોગના દુઃખથી ભારે દુઃખી થતા હોય છે. પ્રેમકથામાં સંયોગકથાનું મહત્ત્વ નથી હોતું, વિયોગકથાનું જ મહત્ત્વ હોય છે. વિયોગ હોય જ

નહીં તો પ્રેમકથા પણ ન હોય.

પુનંહના પ્રેમની દઢતા જોઈને બાલબલે ધોબીને ત્યાં સસઈનું માગું કર્યું, ધોબી તો રાજીરાજી થઈ ગયો. ક્યાં મકરાણનો રાજકુમાર અને ક્યાં ધોબીની કન્યા!! પણ તેણે એક શરત મૂકી કે પુનંહ રાજકુમાર ધોબી થઈને અહીં રહે તો જ કન્યા આપું. તેને ભય હતો કે આવા મોટા માણસને ત્યાં સસઈનું માન રહેશે નહીં. કદાચ પુનંહ પ્રેમ કરે, પણ ઘણી ઊતરતી જ્ઞાતિ કન્યા પ્રત્યે તો પૂરો પરિવાર ઘૃણા કરશે. ઇસ્લામ સમાનતાની વાત તો કરે છે, પણ તે મસ્જિદમાં જ. બાહ્ય જીવનમાં - ખાસ કરીને લગ્નજીવનમાં સમાનતા નથી રહેતી. ત્યાં તો પોતપોતાની ખાનદાનીની વાડ હોય જ છે. તેથી તો દર વર્ષે પાકિસ્તાનમાં અને ભારતમાં પણ કેટલાંય 'ઑનરકિલિંગ' થતાં રહે છે. કન્યાને સોનેમઢ્યું મોટું ઘર કે ઊંચી ખાનદાનીવાળો પરિવાર સુખ નથી આપતો; જો તે ઊતરતી હોય તો ઘૃણા આપે છે.

ધોબીની શરત માનવા બાલબલ તૈયાર ન થયો, તેથી હારીથાકીને પુનંહને ભાંભોરમાં જ છોડીને બધા વિશાળ પશુધન સાથે મકરાણ વિદાય થઈ ગયા.

ધોબી પોતાની શરતમાં મક્કમ હોવાથી અંતે પુનંહે ધોબી થવાનું સ્વીકારી લીધું. પ્રેમ માટે રાજકુમાર ધોબી થઈ ગયો. આને કયો ડાહ્યો માણસ ડહાપણ કહે! હવે તે નદીમાં ઢીંચણ સમા પાણીમાં ઊભો ઊભો આખો દિવસ કપડાં ધોતો રહે. પણ અહીં પુનંહ અને સસઈને જે પ્રેમતરબોળતા મળી તે મકરાણમાં રાજપરિવારમાં કદી મળવાની ન હતી. બસ પ્રેમ મળ્યો એટલે ધન્ય ધન્ય થઈ ગયાં! જે લોકો ધનભોગી હોય છે તેઓ કન્યા નથી શોધતા, કન્યાના માધ્યમથી ધન શોધતા હોય છે. તેમની પ્રથમ પસંદગી ધનની રહે છે, પછી કન્યાની. કન્યા ગમે તેવી હોય તો પણ ચાલે, ધન મળે તો બસ. આવા લોકોને ખાનદાની શયતાન કે જલ્લાદ જ કહેવા જોઈએ, જેઓ માત્ર ને માત્ર ધન જ શોધતા ફરે છે. ખાનદાનીના અંચળા નીચે છુપાયેલા આ શયતાનોને પથ્થરથી મારવામાં આવે તો પણ પાપ ન લાગે.

પુનંહ ધોબી થઈ ગયો તેથી ધોબીએ સસઈને ધૂમધામથી પુનંહ સાથે પરણાવી દીધી. પ્રેમલગ્નો મોટા ભાગે પાછળથી નિષ્ફળ થતાં હોય છે, કારણ કે પ્રેમનો ઊભરો કાયમ રહેતો નથી. તે ક્યારે બેસી જાય તે કહેવાય નહીં. બેસી ગયેલો ઊભરો પરસ્પર ઘૃણા પણ કરાવતો હોય છે. પ્રેમ-દુશ્મનો વધુ ભયંકર બની જતા હોય છે. જે લોકો જાન ન્યોછાવર કરતા હતા તેઓ જ હવે એકબીજાનો જાન લેવા તલપાપડ થઈ જતા હોય છે. લગ્ન પહેલાંનો પ્રેમ લગ્ન પછી પતિ થતો હોય છે. અને પતિ તો તેને કહેવાય જે હુકમ ચલાવે. પ્રેમીનું આ પતિરૂપ પેલી સ્ત્રી પચાવી શકતી નથી, તેથી ચડભડ થવા લાગે અને અંતે ભડકો પણ થઈ જાય-કાંઈ કહેવાય નહીં. પણ જો પ્રેમી લગ્ન પછી પણ પ્રેમી જ રહે, પતિપણાની જોહુકમી ન ચલાવે તો અને બીજી તરફ પ્રેમિકા પત્ની બની જાય તો લગ્નજીવનને વાંધો ન આવે. બધી પ્રેમિકાઓ સુઘડ પત્ની થઈ શકતી નથી હોતી, તેથી તેઓ સંપૂર્ણ સમર્પણ કરી શકતી નથી, તેથી દાંપત્ય જામતું નથી. જેણે સુખમય જીવન જીવવું હોય તેણે પ્રેમિકાને પરણવા કરતાં પત્નીને પરણવું વધુ હિતાવહ છે. પ્રેમિકા શરતો પૂરી ન થાય તો સાથ છોડી શકે છે, પણ આદર્શ પત્ની કદી સાથ નથી છોડતી, કારણ કે તેની કોઈ શરત જ નથી હોતી. ભળી જવું અને પગલે પગલે ચાલવું એ જ તેની સાધના હોય છે.

પુનંહ અને સસઈ પરણ્યા પછી પણ પૂરેપૂરાં પ્રેમી બની રહ્યાં. તેમનો પ્રેમ કદી મોળો ન પડ્યો, તે જામતો જ ગયો.

પણ મકરાણના આરીજામને જ્યારે આવાં કલંકલગ્નની ખબર પડી તો તે લાલચોળ થઈ ગયો : પુનંહે મારું નાક કાપી નાખ્યું! આપણે ત્યાં બનાવટી આબરૂનું પણ એક મોટુ નાક હોય છે. તે કપાય તો હાહાકાર થઈ જાય. આરીજામના ત્રણ પુત્રો પુનંહને કોઈ પણ ભોગે પાછો લાવવા નીકળી પડ્યા. જે લોકો પોતાને ઉચ્ચ સમાજના અભિજાત માણસો માનતા હોય છે તેમની ઉચ્ચતાના સૌથી મોટા ઘટક તરીકે લગ્નસંબંધોને માનવામાં આવતા હોય છે. આવા ઉચ્ચવર્ગીય લોકો દારૂ પીવાથી, ચોરી કે લાંચરુશવત લેવાથી કે બીજા કોઈ દોષોથી નાના નથી થતા, પણ જો લગ્નસંબંધો ઊતરતી જ્ઞાતિમાં કરે તો તરત જ નાના થઈ જતા હોય છે. જ્ઞાતિગૌરવ જો અન્ય જ્ઞાતિહીનતા દ્વારા સ્થાપિત થયું હોય તો તેવું જ્ઞાતિગૌરવ મિથ્યાભિમાન વિનાનું નથી હોતું.

પુનંહના ત્રણે ભાઈઓ ધોબી થયેલા પુનંહને ત્યાં આવી પહોંચ્યા. પુનંહ અને સસઈએ તેમનો ખૂબ સત્કાર કર્યો. પરિવારથી તરછોડાયેલો માણસ પરિવારનો સ્નેહ પામવા આતુર રહેતો હોય છે. પરિવારના સગા ત્રણ ભાઈઓ સામે ચાલીને પોતાને ઘરે આવે તો તેથી વધુ રૂડું બીજું શું હોઈ શકે! અને સસઈના ત્રણ જેઠ આવ્યા હતા. તેના આનંદનો પાર ન હતો. બધાને ખૂબ પ્રેમથી જમાડ્યા અને રાખ્યા. થોડા દિવસમાં બધાં એકબીજાના પ્રેમમાં ઓતપ્રોત થઈ ગયાં. એક દિવસ ત્રણે ભાઈઓએ પુનંહને ખૂબ દારૂ પીવડાવ્યો. તે બેભાન થઈ ગયો. તેને ઉપાડીને પવનવેગી સાંઢણી ઉપર બેસાડ્યો અને કાઠા સાથે બરાબરા બાંધી દીધો. હવે બંને સાંઢણીઓને મકરાણ તરફ મારી મૂકી. કામ ફતેહ કર્યાનો ત્રણેને આનંદ હતો. પુનંહ તો દારૂના નશામાં બેભાન થયેલો હતો. મોડેમોડે તે ભાનમાં આવ્યો ત્યારે પવનવેગી સાંઢણીઓ હરણફાળ ભરતી દોડી રહી હતી. તેને એવો મુશ્કેટાટ બાંધ્યો હતો કે હાલીચાલી શકાય તેમ પણ ન હતું. પચાસ ગાઉ કાપ્યા પછી રાત્રે સાંઢણીઓ ઝુકાવી બધા ઊતર્યા. પુનંહ ઉપર સખત ચોકીપહેરો હતો. તે તો એક જ રટણ રટતો હતો : "સસઈ! મારી સસઈ! મને છોડી દો!" વગેરે. પણ તેની કરુણ વાણી કોઈ સાંભળવા તૈયાર ન હતું.

બધી કરુણતા કરતાં પ્રેમવિયોગની કરુણતા ભારે વ્યથિત કરનારી હોય છે. તેમાં પણ જ્યારે આવો વિરહ ક્રૂરતાપૂર્વક કરાવવામાં આવ્યો હોય ત્યારે તો તેની વ્યથાનો પાર નથી રહેતો.

અડધી રાતે જ્યારે આખા દિવસના થાક્યાપાક્યા બધા સૂઈ ગયા હતા ત્યારે પુનંહ પોતાનાં બંધન ઢીલાં કરીને ચૂપચાપ ભાંભોરની દિશા તરફ ભાગી છૂટ્યો. મુખ્ય રસ્તે પેલા પાછળ પડીને પકડી પાડે તે ભયથી તે રણના આડા રસ્તે બેબાકળો દોડતો રહ્યો. તેના મોંએ એક જ રટણ હતું : "સસઈ...સસઈ...સસઈ!"

બીજી તરફ સસઈએ જ્યારે ઊંટોના વાડામાં ઊંટોને, મહેમાનોને અને પુનંહને ન જોયા ત્યારે તેને ફાળ પડી. "દગો...દગો...દગો! પુનંહ! પુનંહ!" એમ રાડો પાડતી ઉઘાડા પગે તે દોડવા લાગી. આખું ગામ ખૂંદી વળી પણ કાંઈ સમાચાર ન મળ્યા. કોઈએ કહ્યું કે અડધી રાતે બે સાંઢણીઓ આ તરફ દોડતી જતી મેં જોઈ હતી.

સસઈ સમજી ગઈ કે નક્કી પુનંહનું અપહરણ કરવામાં આવ્યું છે. તે મકરાણના માર્ગે ભૂખી ને તરશી "પુનંહ! પુનંહ!" કરતી બાવરી બનીને દોડતી રહી. આ વખતની તેની વિરહદશાનું વર્ણન સિંધના સૂફી શાહ લતિફે સિંધી ભાષામાં જે કર્યું તે ભલભલાને રોતો કરી દે તેવું છે. અંતે ભૂખી ને તરસી સસઈ એક રેતાળ ડુંગરામાં ઢળી પડી. તેના શ્વાસના ધબકારા ધીમા થવા લાગ્યા. બિચારી ધોબણ થવાનો દંડ ભોગવી રહી હતી. "પુનંહ! પુનંહ!" કરતાં કરતાં તેણે પ્રાણ છોડી દીધા. નીચે શિયાળવાં અને ઉપર ગીધડાં મંડરાવા લાગ્યાં.

એવામાં પુનંહ પણ કેટલાય દિવસનો ભૂખ્યો અને તરસ્યો "સસઈ! સસઈ!" કરતો કરતો ત્યાં આવી પહોંચ્યો. રણમાં પડેલું સસઈનું મડદું તેણે જોયું. તે સમજી ગયો. તે મડદાને વળગી પડ્યો. એવો વળગ્યો - એવો વળગ્યો કે તેના તે સ્થિતિમાં જ પ્રાણ નીકળી ગયા. સારું થયું બંને ધન્ય થઈ ગયાં! આવું મૃત્યુ તો યોગીઓથી પણ ઉત્તમ કહેવાય. આ બંને પ્રેમયોગી હતાં. પ્રેમયોગને લોકો ન તો સમજી શક્યા છે ન સમજી શકશે.

થોડી જ વારમાં માર-માર કરતી બે સાંઢણીઓ આવી. ત્રણે ભાઈઓ નીચે ઉતર્યા, વળગી પડેલાં બે મડદાંને જોયાં. હવે તેમને ભાન થયું : આપણે આમના પ્રેમને ઓળખી શક્યા નહીં. ત્રણેએ જોડા કાઢીને પ્રણામ કર્યા. ત્યાં જ ખાડો કરીને બંનેને ભેગાં જ દફનાવી દીધાં. અંતિમ નમાજ પઢીને તેઓ પણ રોતા કકળતા વિદાય થયા. "મારો ભાઈ! મારો ભાઈ!" કહેતાં - કહેતાં મકરાણ પહોંચ્યાં.

સાચો પ્રેમ બલિદાન પછી પૂજાતો હોય છે.

શાહ લતીફે બંનેને અમર કરી દીધાં. ■

*સુખના સોદા સુખથી થાય છે. કુદરતનો કાયદો એવો છે કે જો તમે કોઈને સુખ આપશો તો જ તમને સુખ મળશે.*

## સીમાએ સેન્સર – પોલીસને એકે-૪૭

**(અનુસંધાન : પાના નં.-૮૦ ઉપરથી ચાલુ)**

ગણેશિયાના સ્થાને ગેસકટર જેવા અદ્યતન સાધનો કે ખભે ધારિયું કે હાથમાં તલવારના સ્થાને એકસાથે અનેક રાઉન્ડ ફાયર કરી શકે તેવી રિવોલ્વર કે તેનાથી પણ અદ્યતન હથિયાર જોવા મળે તેવી સંભાવના પણ નકારી શકાય તેમ નથી. ગુનાખોરીની આ બદલાનારી પેટર્ન પડકારરૂપ બને તેમ હોવાનું અત્યારથી જ અનુભવાતા કાયદાના રક્ષકો તેના સામના માટે અત્યારથી જ તેમની 'પેટર્ન' પ્રસ્થાપિત કરવામાં પરોવાઈ ચૂક્યા છે.

વરિષ્ઠ પોલીસ અધિકારીઓ તેમની સાથેની વાતચીત દરમ્યાન વર્તમાન અને દાયકા બાદનું ગુનાખોરીનું ચિત્ર નજર સમક્ષ રાખીને જણાવી રહ્યા છે કે કોમકોમ વચ્ચેના વૈમનસ્ય સહિતના બનાવો ઉપરાંત મહિલા અપહરણ અને ઉદ્યોગને લગતા કેસોમાં આવનારા સમયમાં વધારો દેખાશે.

### ● સાથીદળો કરશે જમાવટ :

પોલીસદળ સાથે ખભે ખભા મિલાવીને કાયદો અને વ્યવસ્થા જાળવણી માટે કાર્યરત કરતા સાથીદળોનો ચહેરો પણ દાયકા પછીના સમયગાળામાં કાંઈક નવો અને બદલાયેલો જોવા મળે તેમ છે. બાળકોમાં નાનપણથી જ પોલીસદળ પ્રત્યે લગાવ ઊભા થાય અને તેમનામાં જવાબદાર નાગરિક તરીકેની ભાવના વિકસે તેવા હેતુસર શરૂ કરાયેલી સ્ટુડન્ટ પોલીસ કેડેટ એસ.પી.સી. (બાળસૈનિક) યોજનાની જમાવટ જોતાં લાગી રહ્યું છે કે લાંબાગાળે તેના ઉજળા પરિણામો મળી રહેશે. તો ગ્રામ્ય સ્તરે રખાતા ગ્રામ રક્ષક દળ માટે પણ અત્યારે ખાસ વિચારણા ચાલી રહી છે. જેમાં ગામ પ્રમાણે જી.આર.ટી. સભ્ય નિમણૂક સહિતના પગલાં અમલી બનાવાશે. આ ઉપરાંત ગૃહરક્ષક દળ અને સાગરરક્ષક દળ, ટ્રાફિક બ્રિગેડ જેવી બાહ્ય પાંખોને પણ મજબૂત બનાવવા તરફના પગલાં પોલીસદળ અત્યારે માંડી ચૂક્યું છે. જે સરવાળે પોલીસને ગ્રાસરૂટ સ્તર ઉપર લઈ જવા સાથે ફાયદેમંદ બની રહેશે.

### ● સત્તાઓ વધવી આવશ્યક :

લોકો અને સમાજને સ્વચ્છ પ્રમાણિક, નિષ્પક્ષ અને કડક પોલીસ મળી રહે તે માટે આ દળ પાસે હાલે જે સત્તાઓ છે તેમાં વધારો કરવાની પણ જરૂરિયાત જણાઈ રહી છે. પાસા, તડીપાર અને હદપારીના કેસોની જે સત્તા અત્યારે વહીવટી તંત્ર હસ્તક છે તેને પોલીસ હસ્તક મૂકવામાં આવે તો અસામાજિક પ્રવૃત્તિ કરનારા સામે વધુ કડકાઈથી કામ લઈ શકાય તેમ છે. સાથેસાથે કાયદાની જોગવાઈઓમાં સુધારો લાવીને તેને પૂર્ણતઃ મજબૂતી બક્ષવામાં આવે તે પણ આવશ્યક હોવાનું કાયદાનું સંલગ્ન વરિષ્ઠ અધિકારીઓ જણાવી રહ્યા છે. ■

# કચ્છી લેખકોના સર્જનમાં કચ્છનો પરિવેશ જોવા મળશે

નરેશ અંતાણી

વિઝન ૨૦૨૫ – આજથી એક દાયકા પછીના કચ્છને જોવાનો એક સુંદર હકારાત્મક સંયોગ સર્જાયો છે. આમ તો ૨૦૦૧ના ધરતીકંપ પછી જ કચ્છમાં કરાયેલા નવસર્જનમાં જ કચ્છે એક દાયકાથી વધારે સમય જેટલો કૂદકો મારી દરેક ક્ષેત્રમાં વિકાસની વાટે પગરણ માંડ્યા જ છે. અન્ય ક્ષેત્રોની જેમ સાહિત્ય પ્રવૃત્તિમાં પણ આગામી દાયકા પછી કચ્છ ક્યાં હશે તેનું દીર્ઘાવલોકન કરવાનું ગમે એવું છે, કેટલાક નવા સપનાઓ પણ જોવાની મજા કંઈક ઓર છે. એ નવી વાત કરવાથી પહેલાં વર્તમાન સમયમાં એ ક્ષેત્રે કચ્છ ક્યાં છે તેની થોડી પૂર્વ ભૂમિકા પણ નવી વાતની સાથે અનુસંધાન સાધવા માટે જોવી અનિવાર્ય છે.

કચ્છનું સાહિત્ય એટલે એમાં કચ્છી અને ગુજરાતી ભાષામાં લખાયેલા સાહિત્યનો સમાવેશ થાય છે, જો કે બન્નેની ધારાઓ એકમેકથી જુદી છે છતાં વ્યવહારમાં વપરાતી ગુજરાતી ભાષા પર કચ્છીનો પ્રભાવ ખાસો મોટો જોવા મળે છે. એનું કારણ એ છે કે કચ્છનો માનવ સમુદાય જ એવો છે કે, જે કચ્છી અને ગુજરાતી ભાષા એક સાથે પ્રયોજે છે, પરંતુ લિખિત સાહિત્યમાં તેને ટાળવામાં આવે છે, પરંતુ ગુજરાતી સર્જનમાં કચ્છનો સર્વાંગી પરિવેશ ડોકાયા વિના રહેતો નથી એ કચ્છમાં સર્જાતા સાહિત્યની આગવી વિશેષતા છે.

ભાષાના માધ્યમની ભિન્નતાને કારણે બન્ને સાહિત્યને અલગ તારવવામાં આવે છે. કચ્છના સાહિત્યકારો બન્ને ભાષામાં સર્જન કરે છે. કેટલાક સાહિત્યકાર એવ પણ છે કે, જેમનું બન્ને ભાષા પર પ્રભુત્વ હોવાના કારણે બન્ને ભાષાના સાહિત્યમાં સમાંતર સર્જન કરે છે.

કચ્છ એ એક એવો વિશિષ્ટ પ્રદેશ છે એની આ વિશિષ્ટતા માનવશાસ્ત્રનાં ઈતિહાસ, ભૌગોલિક સ્થિતિ, રીત-રિવાજ, રહેણી-કરણી ઉપરાંત સરહદી વિસ્તાર, દુર્ગમ પ્રદેશ, એક તરફ અફાટ સમુદ્ર અને બીજી તરફ વિશાળ ખારોપાટ ધરાવતું રણ તો ત્રીજી તરફ લાંબી ખડકાળ ભૂમિ. તો કચ્છમાં અનેક પ્રજાતિઓના આવાગમનને કારણે અહીં વસેલી વૈવિધ્યસભર વસતિએ એક અનોખી સંસ્કૃતિનું નિર્માણ કર્યું છે. તેની અસર પણ કચ્છના સાહિત્યકારોના સર્જનમાં પડ્યા વિના રહી નથી. ડૉ. ધીરેન્દ્ર મહેતા નોંધે છે તેમ કચ્છના લેખકો એટલે એવા લેખકો નથી કે જેઓ કચ્છના વતની માત્ર છે, પરંતુ એ એવા લેખકો છે કે જેમના સર્જનમાં આ પ્રદેશ સાથેની ઊંડી નિસબત છે. આ પ્રદેશનું વિશિષ્ટ અને આગવું, અન્ય પ્રદેશોથી જુદું તરી આવતું વ્યક્તિત્વ દરેક સંવેદનશીલ સર્જકને સ્પર્શે તે વાત તો સ્વીકારવી જ રહી. કચ્છનો સર્જક માનવ સંવેદનાની વાત લઈને આવે તો પણ એના સંબંધની જટિલ આંટીઘૂંટીને તે આસપાસના લોકો-પ્રદેશમાંથી શોધવાનો જ. આના અનેક દાખલાઓ આપી શકાય એમ છે પરંતુ કચ્છી અને ગુજરાતી સર્જકોના સર્જનની વાત લંબાણ થઈ જવાના ભયે ટાળ્યો છે અને અહીં વાત પણ આવનારા દિવસોના સર્જનની કરવાની છે.

કચ્છનો સર્જક ગુજરાત કરતાં ક્યાં જુદો પડે છે અને આગામી સમયમાં તેની પાસે શી અપેક્ષા રહે તેની વાત કરતાં ડૉ. ધીરેન્દ્રભાઈ મહેતા કહે છે કે, 'કચ્છના વિશિષ્ટ પરિવેશ અને પરિસ્થિતિને કારણે કચ્છી સર્જકનું સર્જન જુદું ચોક્કસ પડે છે પરંતુ છેલ્લા કેટલાક વર્ષોથી ગુજરાત સાથે તેનો અનુબંધ સર્જાયો છે. ત્યારે ગુજરાતી ભાષામાં કચ્છમાં કે કચ્છ બહાર રહીને સર્જન કરતા કચ્છી સર્જકો પાસે એવી આશા જરૂર રાખી શકાય કે તેમના લખાણમાં ચોક્કસ વિલક્ષણરેખા હોય અને ગુજરાતના સર્જક કરતાં તેનો ચહેરો જુદો પડતો હોય. કચ્છના સાહિત્યની નોખી ઓળખ બની રહે તે પણ સર્જકે જોવું પડશે. કચ્છ બહાર મુંબઈ કે વિદેશમાં કે અન્યત્ર રહેતા કચ્છી સર્જકોના સર્જનમાં પણ અત્યાર સુધી કચ્છની ઉપર્યુક્ત વિશેષતાઓ જ કેન્દ્રમાં રહી છે. તેમના સર્જનમાં કચ્છ પ્રત્યેનો વતનપ્રેમ ભારોભાર છલકાતો જોવા મળે છે. આ સર્જકો પોતે જ્યાં રહે છે, તેના પરિવેશ સાથે જોડાયા નહીં. એ તરફ વાચકો કે વિવેચકોનું ભાગ્યે જ ધ્યાન ગયું છે, પરંતુ હવે આવનારા સમયમાં તેમની પાસેથી પોતે જ્યાં છે તે સ્થાનનો પરિવેશ, ત્યાંની સમસ્યા કે તે સ્થાનની વિચારસરણી તેના સર્જનમાં ડોકાય એ ઈચ્છનીય છે. મુંબઈ કે અન્યત્ર રહેતા કચ્છીઓની નવી પેઢીને કચ્છ પ્રત્યે લાગણી છે કે કેમ? તે અંગે સ્પર્શતું સાહિત્ય પણ આવશ્યક છે.

વિશેષ નોંધપાત્ર બાબત એ રહી છે કે અત્યાર સુધીના સર્જનમાં દુષ્કાળ, રણ અને દરિયો જ કેન્દ્રમાં રહ્યા છે. કચ્છની અન્ય સમસ્યાઓ કે પરિસ્થિતિને સર્જકે સ્પર્શ નથી કર્યો. પરંતુ હવે પરિસ્થિતિ બદલાઈ રહી છે. રણોત્સવની ઉજવણીને કારણે કચ્છનું રણ વિશ્વમાં જાણીતું જરૂર બન્યું છે, પરંતુ તેની અસલિયત

ખોઈ ચૂક્યું છે. સર્જક સાથેનું તેનું અનુસંધાન ખતમ થયું છે. તે જ રીતે દરિયાઈ પ્રવાસો પણ હવે રહ્યા નથી, તેથી દરિયા સાથેનો સંપર્ક પણ હવે રહ્યો નથી. સમુદ્ર પ્રજાનું જીવન પણ હવે બદલાઈ ચૂક્યું છે ત્યારે સર્જકે કચ્છની અન્ય સમસ્યાઓ પર ધ્યાન કેન્દ્રિત કરવું પડશે. કચ્છના સરહદના પ્રશ્નો, કાયદો વ્યવસ્થા, સલામતી વગેરે અંગે લેખો જરૂર લખાયા છે, પણ સાહિત્ય સર્જનમાં તેને ઉતારવામાં કચ્છી લેખકના સાહસનો અભાવ દેખાય છે. એટલે આવનારાં વર્ષોમાં આ ક્ષેત્રને પણ કચ્છી લેખકો સ્પર્શે એવી અપેક્ષા તેની પાસેથી જરૂર રહે.

કચ્છનું સાહિત્ય ચોક્કસ કેટલાંય વર્ષોથી નવતર ટેકનોલોજીએ દરેક ક્ષેત્રમાં ક્રાંતિ આણી છે અને તેનો પ્રભાવ સાહિત્ય સર્જનમાં અને તેના પ્રકાશનની પદ્ધતિમાં પડ્યા વિના રહે નહીં એ પણ એટલી જ વાસ્તવિકતા છે. એટલે જ આ સંદર્ભમાં ગુજરાતના અને કચ્છના જાણીતા મહિલા લેખિકા ડૉ. દર્શના ધોળકિયા જણાવે છે કે, 'આવનારાં વર્ષોમાં કચ્છના કચ્છી અને ગુજરાતી સાહિત્ય સર્જનમાં બદલાતા સમયની તાસીર ઝીલાય એવી અપેક્ષા સહેજે રહે. કચ્છમાં બદલાયેલા ઔદ્યોગિક વાતાવરણને કારણે બહારથી અનેક લોકોએ કચ્છને પોતાનું ઘર બનાવ્યું છે તેમ ઔદ્યોગિક પેસારાને કારણે બાહ્ય વાતાવરણ પણ બદલાયું છે. પરિણામે કચ્છની આગવી અને બાહરી સંસ્કૃતિનો સુમેળ સર્જાયો છે, તેની અસર આવનારા સમયમાં કચ્છના સાહિત્યમાં સ્વાભાવિક રીતે પડશે જ એ હકીકત છે.'

આજે પુસ્તકો વાંચવાનું ઓછું થયું હોવાનું સામાન્ય રીતે અનુભવાય છે, પરંતુ એનો અર્થ એ નથી કે લોકો સાહિત્યથી વિમુખ થયા છે. આજે લોકોનું સાહિત્ય સર્જન માણવાનું માધ્યમ બદલાયું છે. નવી ટેકનોલોજીના કમ્પ્યુટર, ટીવી, લેપટોપ કે મોબાઈલ જેવા માધ્યમો દ્વારા લોકોને સાહિત્યરંજન સરળ રીતે ઉપલબ્ધ થતું હોઈ નવી પેઢી આ માધ્યમો દ્વારા લોકોને સાહિત્યરંજન સરળ રીતે ઉપલબ્ધ થતું હોઈ નવી પેઢી આ માધ્યમો દ્વારા સાહિત્ય સર્જનનો રસાસ્વાદ માણી લેતી હોય છે અને આ પરિવર્તન આવનારા દિવસોમાં વધવાનું. આથી કચ્છના સર્જકોએ પણ તેની સાથે તાલ મેળવી પોતાના સર્જનની પ્રક્રિયામાં બદલાવ લાવવો પડશે. વળી, આ માધ્યમો દ્વારા સર્જકોના સર્જનમાં પણ માત્ર કચ્છનો પરિવેશ ન જળવાતાં સમગ્ર દેશ અને વિશ્વની અસર પણ જોવા મળે તો નવાઈ નહીં. આમ, કચ્છના સર્જકનું સર્જન માત્ર કચ્છ પૂરતું મર્યાદિત ન રહેતાં વૈશ્વિક બનશે એવું પણ કહી શકાય.

ડૉ. દર્શના બહેનના વિચારો આગળ જાણીએ તો હાલમાં બદલાતા સમયમાં ઈ-બુકનું પ્રકાશન થવાનું આરંભાયું છે. તે સતત વધતું રહે અને કચ્છના સર્જકોને પણ પ્રકાશનગૃહો તેનો લાભ આપતાં રહે કચ્છના સર્જકોનાં સર્જન ઈ-બુકના માધ્યમથી વધારેમાં વધારે પ્રકાશિત થતાં રહે તો કચ્છનો સર્જક પણ ગુજરાતના અન્ય સર્જકોની સાથે રહી શકશે. સાથેસાથે કચ્છનું હાલનું જે સર્જન છે તેની ગુણવત્તાનું મહત્ત્વ આવનારા સમયમાં સમજાશે. આથી આ પ્રકાશનો સચવાઈ રહે એ માટેના આવશ્યક પગલાં અત્યારથી જ ભરવાં જોઈએ. શક્ય હોય તો ઉપલબ્ધ તમામ સાહિત્યનું દસ્તાવેજીકરણ નવી ટેકનોલોજીના સહારે કરી તેને પણ ઈ-બુકના માધ્યમમાં ફેરવી સાચવી રાખવામાં આવે તો આવનારી પેઢીને તે ઘણું પ્રેરક બની શકે તેમ છે.

ગુજરાતીમાં અનેક સામયિકોનું પ્રકાશન થાય છે. પણ તે તમામ કચ્છ બહારથી થાય છે, કચ્છમાં આવાં કોઈ સમૃદ્ધ સામયિકનો અભાવ સર્જકોને રહે છે. આવનારા સમયમાં આવું કોઈ સદ્ધર સામયિક કચ્છમાંથી જ પ્રકાશિત થાય અને તે કચ્છી ઉપરાંત અન્ય સર્જકોને પણ પ્રસિદ્ધિનું માધ્યમ પૂરું પાડે તો કચ્છની સુવાસ બહાર પણ મહેકાવી શકાય એવું દર્શના બહેનનું માનવું છે.

તો નવી ટેકનોલોજીના સંદર્ભમાં શ્રી ધીરેન્દ્રભાઈનું માનવું છે કે, આજે ઇન્ટરનેટ, મોબાઈલ, ફેસબુક, ટ્વિટર જેવા માધ્યમોમાંથી માહિતીનો વિસ્ફોટ થયો છે એ વાત સારી છે, પરંતુ આ માધ્યમોના સહારે થતા સર્જનમાં ક્યાંક ગુણવત્તાનો અભાવ જરૂર નજરે પડે છે. પ્રિન્ટ મીડિયામાં લેખકનું લખાણ પ્રસિદ્ધ થતાં પહેલાં સંપાદક કે તંત્રી પાસેથી પસાર થાય છે. લખાણ ચકાસાય છે, સંપાદિત કરાય છે, આથી તેમાં નિયમન રહે છે અને ગુણવત્તા પણ જળવાય છે. જ્યારે સોશિયલ મીડિયાના માધ્યમોમાં લેખક જાતે જ પોતાના લખાણો સીધા મૂકી આપતો હોય છે. આથી તેમાં નિયમન ન રહેતાં કયાંક ગુણવત્તાનો અભાવ નજરે પડે છે. આ હકીકત જોખમી છે અને આગામી સમયના સાહિત્ય માટે મોટું ભયસ્થાન પણ છે. આવનારા દિવસોમા આ માધ્યમોનું જોર વધતું જ રહેવાનું છે. ત્યારે નવી પેઢીના સર્જકો પોતાના સર્જનમાં ગુણવત્તાનો ખ્યાલ રાખે, પોતાનું લખાણ ચકાસાવીને વહેતું મૂકે એ આવનારી પેઢી માટે જરૂરી છે.

ઈ-સામયિકની વાત નીકળી છે, ત્યારે કચ્છની નવી પેઢીના સર્જકોએ તો આ ક્ષેત્રે પગરણ પણ માંડવાનું શરૂ કરી દીધું છે જે આનંદની વાત છે. આ અન્વયે આવા સર્જકોના વિચારો પણ જાણવા જરૂરી છે. મોબાઈલની એપ. ના સહારે ગુજરાતી પ્રાઈડ બુક અને માતૃભારતી એપ દ્વારા ભારતની અન્ય ભાષાઓની સાથે ગુજરાતીમાં ઈ-મેગેઝિનો ચાલે છે. આ માધ્યમથી લેખનકાર્ય કરતા શિક્ષિકા અને સર્જક ભુજના જાગૃતિ વકીલ કહે છે કે, ઈ-સામયિકના સહારે લેખન કરવાથી સ્થાનિક ઉપરાંત ગુજરાત અને ગુજરાત બહારના વાચકો તેઓ મેળવી શક્યા છે. છેક વિદેશમાં બેઠેલા વાચકો પણ જાગૃતિ બહેનના સર્જનના પ્રશંસક હોવાનું તેઓ કહે છે. આ જ વસ્તુ બતાવે છે કે દુનિયા કેટલી

**(અનુસંધાન : જુઓ પાના નં.-૯૩ ઉપર)**

# વણકહ્યો વહાલભર્યો સંબંધ

ઇલા કે. શાહ

"હલ્લો સમીર! એક દુઃખદ સમાચાર છે. આપણો દોસ્ત મિહિર છે ને તેને ત્યાં સાંજે ચાર વાગે બેસણું રાખેલ છે, તે જવાનું છે" રાજીવે કહ્યું.

"પણ કોણ પરમધામ ગયું?" તે તો કહે, સમીરે પૂછ્યું.

"કેમ? તને ખબર નથી કે તેમનો શ્વાન (કૂતરો) જેકી છેલ્લાં એક વીકથી બિમાર હતો ને હોસ્પિટલ દાખલ કરેલો હતો. તેનું અવસાન થયું છે." રાજીવે ખુલાસો કર્યો.

"કૂતરાના અવસાનના કોઈ બેસણાં હોતાં હશે? ત્યાં જઈ શી વાત કરવાની? મિહિરને મળવાનું? મરનારના સગાં-વહાલાં આ જ ને? સમીરે આશ્ચર્ય સાથે કહ્યું.

"તને મિહિરનો પશુપ્રેમ તો ખબર જ છે ને? તેનું જેકી તેને ખૂબ વહાલું હતું. પોતાના બાળક કરતાં વિશેષ ચાહના તેના પ્રત્યે હતી, પછી લાગણી ન થાય? એનામાં પણ આત્મા છે, આપણે જવું તો પડશે." રાજીવે કહ્યું.

સાંજે ચાર વાગે સમીર અને રાજીવ બીજાં મિત્રોની સાથે ત્યાં પહોંચી ગયા.

કોઈ વ્યક્તિનું મૃત્યુ થયું હોય તે જ રીત અપનાવેલી. સામે ખુરશીમાં જેકીનો ફોટો હતો. તેને હાર પહેરાવેલો. ધૂપ-દીપ કરેલા. ને શોકમય સૂરની કેસેટ પણ વાગતી હતી.

'મિહિર, દોસ્ત, અમને ઘણું દુઃખ થયું કે તારો ખાસ નિકટનો સહાધ્યાયી ચાલ્યો ગયો. પણ તેમાં તું આટલો નર્વસ શા માટે થયો છે? આ તો મૂંગું પ્રાણી કહેવાય. બોલતી વ્યક્તિ જેવો ને જેટલો સંબંધ તો ન જ કહેવાય ને!' સમીરે આશ્વાસન આપતાં કહ્યું.

"આશું કહે છે સમીર! પાળેલાં પ્રાણી સાથેની મિત્રતા એવી હોય છે કે ક્યારેય એમ ન કહે કે મને ફુરસદ નથી. તેનામાં માનવીમાં હોય છે તેવું સ્વાર્થીપણું નથી હોતું. તે નિઃસ્વાર્થ હોય છે. તને અનુભવ નથી તેથી તને એવી લાગણીનો સ્પર્શ પણ ન થાય. મને મારા દીકરા કરતાં અનહદ પ્રેમ આ જેકી પ્રત્યે હતો." એમ કહેતાં મિહિરની આંખોમાં આંસુ ઉભરાયા.

સમીર સાંત્વન આપતાં બોલ્યો : "તારી વાત સાચી છે. માણસ કરતાં વફાદાર રહીને તે આત્મીયતા બાંધે છે. પણ કોઈ પાલતું પ્રાણી પ્રાણ છોડે તો તેનું બેસણું રખાય તેવું મેં કદી સાંભળ્યું નથી."

"હા, ન હોય, પણ આ તો વણકહ્યો વહાલભર્યો સંબંધ કહેવાય. મારાં બંને દીકરા મારાથી દૂર છે. જેકી મારા હૃદયમાં સ્થાન જમાવી બેઠો હતો. ઓફિસેથી આવું કે રાહ જોતો જ હોય. દોડીને વળગી પડે. એ બોલે નહિ પણ સમજે બધું જ. ચીડ, ગુસ્સો, પ્રેમ એમ તમામ પ્રકારની લાગણી આપણે તેની સામે વ્યક્ત કરી શકીએ. મને તેની દરેક હરકતોની યાદ રડાવશે." મિહિરે દુઃખ વ્યક્ત કર્યું.

"તે બીમાર પડે તો તેની સારવાર પણ કરવી પડે ને! તેનાં ખાવાપીવાનું ધ્યાન પણ રાખવું જ પડે ને!" સમીરે પૂછ્યું.

પરિવારના એક સભ્યની જેમ જ તેની સંભાળ રાખવાની. અઠવાડિયાથી ખૂબ બિમાર હતો તો હોસ્પિટલમાં રાખીને તેની પાછળ કેટલી દોડધામ કરી, પણ આખરે તે અમને છોડીને ચાલ્યો ગયો. અમે બહારગામ જઈએ કે બહાર જઈએ તે સાથે જ હોય. રખડતા કૂતરાની જેમ છૂટો ન મૂકાય. એક દિવસ મને ખૂબ તાવ આવ્યો. તાવ ઉતરે જ નહિ, તો મારી પાસે જ બેસી રહે. તેની આંખમાં આંસુ આવી જાય. તારી ભાભીનો છેડો પકડી બેસાડી રાખે. દવા બતાવે, ડૉક્ટર પાસે જવાનું સમજાવે. ભગવાનના ફોટાને પ્રાર્થના કરતો હોય તેમ પગે લાગે. અમારી સાથે એ.સી. યુક્ત રૂમમાં જ સૂવે. દીકરાનાં જેટલી મારી ચિંતા કરે. બોલ, પછી તેને વિસરાય? નવ દિવસ તેની પાછળ પ્રભુસ્મરણ કરાવીશ." મિહિરે કહ્યું.

"વાહ ભાઈ, આ તો શ્વાન (કૂતરા) ને પણ બાદશાહી સગવડ ને ઠાઠમાઠ. મને કોણ જાણે બહુ સૂગ હોં. હું તો દૂર જ રહું." સમીરે કહ્યું.

એ માણસ કરતાંય વફાદાર, ઘરની ચોકી કરી સૌને સાચવે, તે મૂંગા પ્રાણીમાં પણ આત્મા તો છે જ ને! સગવડ અપાય તેટલી આપી. આપણને એકલતા કોરી ખાતી હોય, ઘરમાં સૂનું સૂનુ લાગતું હોય, તો અબોલ પ્રાણી શ્વાન ખરેખર માનસિક રીતે તેની કંપની મળતાં રાહત રહે છે.

"તેનો જીવ અવગતિ ન પામે માટે 'શ્રીમદ્ ભગવદ્ ગીતા' પણ વંચાવીશ. યાદગીરી માટે કોઈ વસ્તુ પણ વહેંચીશ. જેથી તેની સ્મૃતિને સદાય જીવંત રાખી શકું." મિહિરે વાચાળ વ્યક્તિ જેટલી જ સભાનતા આ અબોલ પ્રાણી (તેના જેકી) માટે રાખી. પણ સમય પૂરો થતાં તેને આશ્વાસન આપી સૌ છૂટાં પડ્યાં.

વાચકમિત્રો, જોયું ને! આ કેવો સંબંધ? મૂંગા પ્રાણી પ્રત્યેનો સંબંધનો સથવારો જેણે માણ્યો હોય તેને સમજાય! વાતચીત સંબંધને પ્રગાઢ બનાવે છે. અભિવ્યક્તિનું આદાન-પ્રદાન થાય તો જ એકબીજાના મન મળે. શ્વાનપ્રેમી મિહિરભાઈનો આ સંબંધ કાંઈક અજુગતો લાગ્યો ને?!? ■

# પર્યટન વિકાસની રોચક પરિકલ્પના

અખિલેશ અંતાણી 'નિત્ય પ્રવાસી'

મરૂ, મેરૂ અને મહેરામણના ત્રિવેણી સંગમ સમા અનૂઠા પ્રાકૃતિક સૌંદર્યસભર કચ્છ પ્રદેશના પ્રવાસનક્ષેત્રના વિકાસનાં પગરણ મંડાઈ ચૂક્યાં છે. જેના આપણે સૌ સાક્ષી છીએ, પરંતુ આવનારા કેટલાક વર્ષો બાદ ભવિષ્યમાં જે કચ્છના પર્યટન ક્ષેત્રનો પૂર્ણ વિકાસ થઈ ચૂક્યો હશે એવા સમયે ખાસ વાહન દ્વારા સમગ્ર કચ્છનો કાલ્પનિક પ્રવાસ જેમાં કલ્પનાના વિવિધ રંગો પૂરીને મેઘધનુષ્યની જેમ આપની સમક્ષ મૂકી રહ્યો છું. આશા છે કે, મારી કલ્પના જગતમાં ઉદ્ભવેલા અતિ આધુનિક સગવડવાળા અને આ રણમાં, દરિયામાં કે ડુંગર પર પહોંચી શકતા આ હોવર ક્રાફ્ટ જેવા સ્પેશિયલ વાહન દ્વારા યોજાયેલો આ પ્રવાસ આપને સુખદ અનુભવ કરાવશે.

કચ્છની વિશાળતાને ધ્યાનમાં લઈને બે ભાગમાં વહેંચાયેલા આ પ્રવાસના પ્રથમ ભાગમાં કચ્છના રણ વિસ્તારનો પ્રવાસ છે અને બીજા ભાગમાં મધ્ય કચ્છ અને દરિયાકિનારાના પ્રવાસન સ્થળોની મુલાકાત દર્શાવવામાં આવી છે. તો ચાલો, આપ વાહનમાં બેસી જાવ અને આપણી યાત્રા શરૂ કરીએ.

● **રણના પર્યટનની પરિકલ્પના :**

'સફેદ રણ અનુભવ' (White Runn Experience) નામના આ પ્રવાસ કાર્યક્રમની શરૂઆત આપણા પ્રાચીન ધર્મસ્થાન નારાયણ સરોવરના ભાવપૂર્વક દર્શન કરીને તેનાથી બે કિલોમીટર દૂર દરિયા કિનારે આવેલા કોટેશ્વર મહાદેવના દર્શન કરીને આગળ આવેલા પ્રાચીન સભ્યતાના સાક્ષી એવા લખપતના કિલ્લાની ભવ્યતા નિહાળીને આપણા આ પ્રવાસની શરૂઆત થાય છે. સમગ્ર વિશ્વના પ્રવાસીઓ કચ્છની મુલાકાતે આવતા હોવાથી વિશ્વની મોટાભાગની ભાષાઓના જાણકાર ટૂર ગાઈડ રણ, તેની વિશિષ્ટતા અને ઉત્પત્તિની માહિતી આપી રહ્યા છે.

કોરી ક્રીકના નામે ઓળખાતી દરિયાની ખાડીની જેમ જેમ દૂર જતા જઈએ તેમ તેમ ધીમે ધીમે ભૂરો પટ્ટ સફેદ દૂધિયા પટ્ટમાં પરિવર્તન પામે છે. આગળ વધતાં રણની કાંધીએ પહેલું સ્થળ હાજીપીર વલીની દરગાહનું આવે છે. વિશ્વના જુદા જુદા વિસ્તાર અને ધર્મના લોકો સર્વધર્મ પ્રત્યેની આદરની ભાવના સાથે હાજીપીરના દર્શન કરે છે અને થોડે આગળ આવેલા લાલ કરોલપીરની કબરની પણ મુલાકાત લે છે. ચાલો આગળ વધીએ અફાટ નમક સાગર જેવા સફેદ રણની વચ્ચે. વચ્ચેની જગ્યાએ દરિયાઈ રસાયણો ઉત્પન્ન કરતા એકમો નજરે પડે છે. જેમણે આવો અદ્ભુત રણ વિસ્તાર પ્રથમ વખત જોયો છે એ આ રણભૂમિની તેજોમયતા નિહાળીને આશ્ચર્યમાં ગરકાવ થઈ જાય છે. પ્રવાસ આગળ વધે છે અને તેના બીજા સ્ટેશન છારીઢંઢ આપણે પહોંચીએ છીએ. સરકાર દ્વારા રક્ષિત જાહેર થયા બાદ છારીઢંઢનો આ વિસ્તાર પક્ષીઓ માટે સ્વર્ગ જેવો બનેલો છે. પક્ષીજગત અને તેના પર્યાવરણને નુકસાન ન થાય તે રીતે અહીં પક્ષી નિરીક્ષણ માટે જુદા જુદા નિરીક્ષણ મિનારા (Watch Tower) ઊભા કરેલા છે. આધુનિક ફોટોગ્રાફી, વીડિયોગ્રાફીની સગવડ અહીં છે. અનેક જુદી જુદી જાતના લાખો પક્ષીઓને નિહળી વિદેશી પર્યટકો પોતાની જાતને ધન્ય માને છે. અહીં પક્ષી જીવનના સંશોધન માટે સરકાર દ્વારા એક કેન્દ્ર પણ બનાવાયું છે. જેમાં વિશ્વના અનેક વૈજ્ઞાનિકો, પક્ષી શાસ્ત્રીઓ સંશોધન માટે અહીં મુલાકાતે આવે છે. અહીં અલ્પાહાર પછી જમીન માર્ગે પ્રવાસીઓને બન્નીના ઘાસિયા મેદાન અને વિશિષ્ટ લોકસંસ્કૃતિ નિહાળવા ધોરડો ગામની આસપાસ લઈ જવામાં આવે છે. વિશ્વમાં બેનમૂન કહી શકાય તેવા જત અને કોતરણી, બન્નીના ભૂંગાઓ, લોકજીવન નિહાળીને અહીંથી પ્રવાસીઓને કચ્છના ગિરનાર સમા કાળા ડુંગરની મુલાકાતે લઈ પહોંચે છે.

અત્યંત વિશિષ્ટ પ્રકારની ભૂરચના ધરાવતા આ કાળા ડુંગરની મુલાકાત અવિસ્મરણીય બને છે. પ્રવાસન વિભાગે ધ્રોબાણાથી દત્ત શિખર સુધી રોપવે તૈયાર કરેલો છે. કેટલાંક પ્રવાસીઓ તેનો પણ લાભ લે છે. સાહસિક પ્રવાસીઓ પોતાના સાહસના શોખને પોષવા અહીંના પર્વતારોહણ કેન્દ્રની મદદથી ટ્રેકિંગ કરતાં કરતાં કુરન ગામથી કાળા ડુંગરના દત્તશિખર પર પહોંચે છે. પર્યટન વિભાગ દ્વારા દત્તાત્રય શિખર પર પ્રવાસીઓ માટે ભોજન વગેરેની સુંદર વ્યવસ્થા ગોઠવેલી છે. સાંજનો સમય હોવાથી અહીંથી સનસેટ પોઈન્ટ પર સૂર્યાસ્તના દર્શન કરીને પ્રવાસી ધન્ય બને છે. નિષ્ણાત ખગોળશાસ્ત્રીઓ દ્વારા આધુનિક ટેલિસ્કોપ દ્વારા આકાશ દર્શનનો લહાવો લે છે. રાતના સફેદ રણનું સૌંદર્ય અનુપમ ખીલી ઊઠ્યું છે.

યાત્રિક પોતાની બીજા દિવસના પ્રવાસની શરૂઆત દૂર દૂર દેખાતા અફાટ નમક સાગરને નિહાળતાં કરે છે. કુરન ગામ પાસે કોટડા ટીંબાની હડપ્પન સંસ્કૃતિનું નગર શોધાઈ ચૂક્યું છે. હજારો વર્ષ પહેલાંના આ નગરની સંસ્કૃતિ તેના ભવ્ય ભૂતકાળની ઝાંખી પૂરી પાડે છે. પુરાતત્ત્વ વિભાગ દ્વારા બનાવાયેલા સંગ્રહાલયની મુલાકાત લઈને પર્યટકો સામેના ભાગે આવેલા

ધરમશાળાના વિસ્તારમાં શોધાયેલા ડાયનાસોરના પૂર્ણ કદના અશ્મિને નિહાળવા જાય છે, જ્યારે કેટલાક પ્રવાસીઓ કુરન ગામ પાસેના ઊભા થયેલા પ્રાકૃતિક કેન્દ્રો અને 'સ્પા' તથા મસાજ પાર્લરની મુલાકાત લે છે. આ કેન્દ્રમાં સફેદ રણની માટીથી (કાદવ ઉપચાર) કરાવે છે. આ માટીની મડ થેરેપી દ્વારા અને પાણીથી સ્નાન કરવાથી ચામડીના રોગો અને શરીર પરના ડાઘ દૂર થાય છે એવી માન્યતાને કારણે દૂરદૂરના દેશના લોકો અહીં આવે છે. આગળ જતાં રસ્તામાં ત્રગડી બેટ પર આવેલા વિશિષ્ટ પ્રકારના રેસ્ટોરન્ટમાં ભાતીગળ ભોજન લઈને પ્રવાસીઓ મોહેંજો દેરોની સંસ્કૃતિના પ્રતીક સમા ધોળાવીરા સ્ટેશને પહોંચે છે.

ધોળાવીરામાં સરકાર દ્વારા થ્રી-સ્ટાર અને ફાઈવ સ્ટાર હોટલો ઉપરાંત પુરાતત્ત્વના અભ્યાસ માટે કૉલેજની સ્થાપના કરવામાં આવે છે. સિંધુ સંસ્કૃતિના આ પ્રાચીન નગરની સમજ માટે ધ્વનિ અને પ્રકાશનો લેસર કાર્યક્રમ યોજાઈ રહ્યો છે. ધોળાવીરા નગરના સંસ્કૃતિ દર્શન બાદ સફેદ રણની વચ્ચોવચ્ચ આવેલા ભાંજડા ડુંગરની મુલાકાતે પ્રવાસીઓ જાય છે. ખડીર મહાલતા વિશિષ્ટ વનસ્પતિ અને વન્યજીવોનું પ્રવાસીઓ બારીકાઈથી પરિભ્રમણ કરે છે.

કરગરિયાની ટેકરીઓ પાસેથી જ મુસાફરી કરતાં કરતાં પ્રવાસીઓ ખડીર બેટના પ્રથમ ગામ અમરાપરથી સીધા જ એકલમાતાનાં મંદિરે પહોંચે છે. રણની વચાળે ઉભેલા એકલ માતાનું મંદિર અને મીઠા પાણીના સ્વયંભૂ વીરડાના પ્રવાસીઓ દર્શન કરીને આશ્ચર્ય અનુભવે છે અને આગળ વધતાં વધતાં પરત ધોળાવીરા આવે છે. જ્યાં વિજાણુ શક્તિ ધરાવતા અત્યંત પાવરફુલ ટેલિસ્કોપ દ્વારા પર્યટકોને ફ્લેમિંગો સીટીનું નિરીક્ષણ કરાવવામાં આવે છે. અત્યંત એકલવાયા વિસ્તારમાં લાખોની સંખ્યામાં ફ્લેમિંગો પોતાના બચ્ચાંનો ઉછેર કરતા જોઈને પર્યટકો કુદરતના આ કમાલને જોઈને અત્યંત રોમાંચિત બને છે.

સફેદ રણના આ રોમાંચક પ્રવાસના અંતિમ પડાવમાં પ્રવાસીઓ નાના રણમાં પ્રવેશે છે અને જંગલી ગધેડાના રાષ્ટ્રીય ઉદ્યાનમાં પ્રાકૃતિક રીતે વિચરતા જંગલી પ્રાણીઓના દર્શન કરે છે. રણના અંતિમ છેડે આવેલા અંગ્રેજ રેસિડેન્સી મેકમર્ડોની સમાધિ અને વરુણેશ્વર દાદાના મંદિરની મુલાકાત લે છે ને અહીં તેમના આ પ્રવાસની પૂર્ણાહુતિ થાય છે.

- **દરિયાકિનારાના પર્યટનની પરિકલ્પના :**

ઉત્તર બાજુના કચ્છના સફેદ રણ વિસ્તારનો પ્રવાસ પૂરો કરી પ્રવાસી કચ્છના મુખ્ય શહેર ભુજમાં પધારે છે. પ્રાચીન અર્વાચીન સંસ્કૃતિના સંગમ સમા ભાતીગળ ભુજના જોવાલાયક સ્થળોની મુલાકાત લઈ પ્રવાસી અબડાસા તાલુકાના જખૌ બંદરેથી એ જ રીતે વિશિષ્ટ વાહનો દ્વારા પોતાનો પ્રવાસ શરૂ કરે છે. જો કે અહીં સમગ્ર દરિયાઈપટ્ટીને જોડતા કોસ્ટલ રોડ અને રેલવે ટ્રેક અસ્તિત્વમાં હોવાથી મુસાફર સહજ રીતે આ રોડ કે રેલવે માર્ગે પણ કરી શકે છે. અહીં આવ્યા પછી પ્રવાસી ખાસ ફેરી બોટ દ્વારા જખૌ બંદરની આસપાસ ચેરિયાંના ટાપુઓ અને દરિયાઈ જીવસૃષ્ટિ નિહાળવા જવાના ટૂંકા પ્રવાસનો આનંદ મેળવે છે. ચેરિયાંના વનોમાં વસતા પક્ષીઓ પ્રાણીઓને નિહાળવાની સાથે સાથે આ ફિશિંગ પોર્ટની પરંપરાગત માછલી પકડવાની પદ્ધતિઓ જાણવાની અને ફિશિંગના અનુભવ કરે છે. આ સરહદી દરિયાઈ સીમામાં આવેલા શેખરણ પીર અને સાવલા પીર જેવા મુસ્લિમ ધર્મસ્થાનોની સ્પીડ બોટ દ્વારા મુસાફરી કરીને મુલાકાત લેવાનો આનંદ મેળવે છે, જખૌ પોર્ટ અને દીવાદાંડીની મુલાકાત લઈને પોતાનો પ્રવાસ આગળ વધારે છે. લાલા, બુડિયા ગામ પાસેના ઘોરાડ પક્ષી (Great Indian Bustard) ના અભયારણ્યની મુલાકાત લે છે. વિશ્વમાં લુપ્ત થતી પ્રજાતિના આ પક્ષીઓની વસતિ વધારવા તેના કૃત્રિમ સંવર્ધન માટે સરકાર દ્વારા અહીં સંશોધન કેન્દ્ર બનાવવામાં આવ્યું છે, જેની પ્રવાસીઓ મુલાકાત લે છે. ઉપરાંત સવાનાના ઘાસિયા મેદાનો જેવા આ મેદાની પ્રદેશમાં અનેકવિધ યાયાવર અને સ્થાનિક પક્ષીઓના નિરીક્ષણનો આનંદ માણે છે. આગળ વધતાં પિંગલેશ્વરના અછૂતા અને કુંવારા એવા શ્વેત રેતી આચ્છાદિત દરિયાકિનારાને જોઈને પ્રથમ નજરે જ પ્રવાસીનું મન ઊછળવા લાગે છે. આ અદ્‌ભુત દરિયાકિનારે આરામ ફરમાવવા અને તાજા થવા વિવિધ રેસ્ટોરન્ટ અને બીચ રિસોર્ટસ અસ્તિત્વમાં છે, જેનો પ્રવાસીઓ ભરપૂર લાભ ઉઠાવે છે અને પોતાના પ્રવાસને આગળ વધારે છે. માર્ગમાં સમગ્ર વિસ્તારમાં ફેલાયેલા પવનચક્કીના માનવસર્જિત જંગલોને જોઈને પ્રવાસીઓ આશ્ચર્યનો અનુભવ કરે છે. કચ્છરાજની પ્રાચીન સમયની સમૃદ્ધ અને જાહોજલાલીના પ્રતીક સમા વિજય વિલાસ પેલેસની પ્રવાસીઓ મુલાકાત લે છે અને કચ્છના રાજવંશના ભવ્ય ભૂતકાળનો પ્રત્યક્ષ અનુભવ કરે છે અને માંડવીના જગમશહૂર બીચની મજા માણવા આગળ વધે છે.

વિશ્વના પ્રવાસનક્ષેત્રે જાણીતા દરિયાકિનારાઓ પૈકી કેલિફોર્નિયા, ઓસ્ટ્રેલિયા, દુબઈ, પતાયા, કાન્સ, જાશ કે રિયો-ડી-જાનેરો જેવા દરિયાકિનારાની મોજ માણી આવેલા આ દેશ-વિદેશના પ્રવાસીઓ આ માંડવીના દરિયા કિનારાના દર્શન કરીને અવાચક બની જાય છે. વિશાળ અને અર્ધચંદ્રાકાર આકારના દરિયાઈ બીચના કિનારે સહેલાણીઓ સૂર્યસ્નાનની મોજની સાથે સાથે સમુદ્ર સ્નાનની પણ મોજ માણતા જોવા મળે છે. સંપૂર્ણ વિકસિત બીચ હોવાના કારણે યુરોપ જેવા વિકસિત દેશોના બીચ પર રમાતી તમામ દરિયાઈ સ્પોર્ટસ જેવી કે વોટર સ્કૂટર, સ્પીડ બોટ, બનાના બોટ, ગ્લાઈડિંગ જેવી સાહસિક રમતોમાં સહેલાણીઓ મશગુલ જોવા મળે છે. એટલું જ નહીં કચ્છના અખાતના અંદરના ભાગે આવેલા ચાખ ટાપુ જેવા ટાપુઓની આસપાસ કોરલ રીફ શોધાઈ ચૂકી છે. જેને નિહાળવા સહેલાણીઓ ફેરી બોટ કે મિની કોસ્ટલ ક્રૂઝ દ્વારા મુસાફરી કરીને

(અનુસંધાન : જુઓ પાના નં.-૯૫ ઉપર)

# શૈક્ષણિક દર્પણ : કચ્છ

દિવ્યેશ વૈદ્ય

કચ્છના શિક્ષણ પર નવી સદીના પ્રભાવની વાત કરવામાં આવે તો આ છેલ્લા લગભગ દોઢેક દાયકાના પરિવર્તનમાં સૌથી મોટું કારણ કહો કે નિમિત્ત, એ ભૂકંપ, તેની સાથે સાથે આવેલી સ્વૈચ્છિક સંસ્થાઓનું આ ક્ષેત્રમાં યોગદાન, તેના દ્વારા મળેલી માળખાકીય સુવિધાઓ અને ટેકનોલોજીના સુમેળ સાથેની નવી નવી સરકારી યોજનાઓના ફાળે જાય છે. જ્યારે ઉચ્ચ શિક્ષણ તરફ નજર દોડાવવામાં આવે તો ક્રાંતિગુરુ શ્યામજી કૃષ્ણવર્મા કચ્છ યુનિવર્સિટીની ૨૦૦૩માં થયેલી સ્થાપના વિકાસમાં મહત્ત્વની બની. આ સાથે ધાર્મિક ટ્રસ્ટો સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા સ્થાપવામાં આવેલી મોટી સંખ્યામાં નવી કૉલેજો અને તેના દ્વારા કચ્છના છાત્રોને સ્થાનિકે જ પૂરી પાડવામાં આવેલી વૈવિધ્યસભર અભ્યાસક્રમોની સુવિધાઓથી ઝડપી વિકાસ થયો છે. એક સમયે અનુસ્નાતક કોર્ષની પરીક્ષા આપવા છાત્રને અમદાવાદનો ધક્કો થતો. આજે ઈજનેરી-તબીબી-ફાર્મસી સુધીનું અને તેય સ્નાતક અને અનુસ્નાતક સ્તર સુધીનું શિક્ષણ ઘરબેઠે મળે છે.

આમ તો, કચ્છના શિક્ષણ તરફ દૃષ્ટિપાત કરવામાં આવે તો ભુજમાં સરકારી ઈન્દ્રાબાઈ સ્કૂલની સ્થાપના અને પ્રથમ આર.આર. લાલન કૉલેજની સ્થાપના એ મુખ્ય સીમાચિહ્ન છે. પરંતુ નવી સદી ૨૦૦૧થી શિક્ષણને પ્રભાવિત કરવામાં જો કોઈ મોટું પરિબળ રહ્યું હોય તો એ કચ્છમાં અલાયદી યુનિ. ની સ્થાપના છે. બહારી પરિબળો ઉપરાંત વિદ્યાર્થીઓની શિક્ષણ પ્રત્યે ઉગડેલી ભૂખ અને સમાજ અને વાલીઓની જાગૃતતા પણ આ વિકાસમાં કારણભૂત છે.

ભૂકંપ પછી કચ્છમાં જેની કોઈ શક્યતા જ નથી તેવી શાળાઓ આજે સરકારી એન.જી.ઓ.નું કે, નેધરલેન્ડ સહિતના દેશોમાંથી આવેલા અનુદાનથી નવી બની, કારણ કે, તે આંશિક કે પૂર્ણ ધ્વસ્ત થઈ હતી.

સરકાર પક્ષે જોવામાં આવે તો, પ્રાથમિક-માધ્યમિકમાં કેન્દ્રીય પુરસ્કૃત સર્વ શિક્ષા અભિયાન, સરહદી જિલ્લો હોવાથી 'સીમા વિસ્તાર વિકાસ યોજના' ના મળેલા લાભ, રાષ્ટ્રીય સાક્ષરતા મિશન અને ઉચ્ચ શિક્ષણમાં જોવાય તો, દરેક તાલુકામાં કમસેકમ એક કૉલેજની સ્થાપનાના ગુજરાત સરકારની કાર્યક્રમે મહત્વનો ભાગ ભજવ્યો હતો. આ યોજનાથી અંતરિયાળ ગામોમાં પણ કૉલેજ શિક્ષણ વધ્યું, કારણ કે આજની તારીખે પણ કન્યાઓને બહુ દૂર કે બહાર ભણવા ન મોકલવાનું વલણ અંતરિયાળ ગામોમાં જોવામાં આવે છે.

કચ્છની તાસીર, પ્રકૃતિ અલગ છે. પશુપાલન સહિતનો વ્યવસાય ધરાવતા લોકો પણ વસતા હોવાથી એક સ્થળે સ્થિર નથી. આ ઉપરાંત રણ-દરિયાને જોડતા ક્ષેત્રોમાં મીઠા ઉદ્યોગોમાં કામ કરતા અગરિયાઓના બાળકોમાં પણ શિક્ષણનો અહીં પ્રશ્ન છે. પરંતુ સરકારના સહયોગથી સ્વૈચ્છિક સંસ્થાઓ સબળ પ્રયાસો કરી રહી છે.

છેલ્લા દોઢ દાયકામાં શાળાઓના હજારો નવા ઓરડા, મહદઅંશે વીજળીકરણ, આર.ઓ. પ્લાન્ટ સહિત પીવાના પાણીની સુવિધા, કમ્પાઉન્ડ વોલ અને કોમ્પ્યુટર લેબથી સજ્જ સુવિધાઓવાળી શાળાઓની સંખ્યા સતત વધતી રહી છે.

નવી સદીમાં આવેલા મહત્ત્વના પડાવ પર જોઈએ તો, સૌથી ક્રાંતિકારી વળાંક ૨૦૦૩માં આવ્યો જ્યારે કચ્છ યુનિ.ને મંજૂરી મળી. ૨૦૦૪માં ભવનનું ભૂમિપૂજન થઈ ગયું અને ૨૦૦૭માં તો તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્રમોદીના હસ્તે નવા મુખ્ય વહીવટી ભવન ઉપરાંત આઠ અનુસ્નાતક ભવનનું ઉદ્‌ઘાટન પણ થઈ ગયું. ૨૦૦૧ માં કચ્છમાં નવ કૉલેજો હતી, આજે ૪૪ કૉલેજો છે.

શિક્ષણ તાલીમ ક્ષેત્રે પણ નવી શરૂ થયેલી સુવિધાઓમાં સૌથી મહત્ત્વનું સીમાચિહ્ન જિલ્લા શિક્ષણ તાલીમના નવા ભવનનું નિર્માણ છે. વધુમાં, ૨૦૦૮માં પ્રાથમિક શિક્ષકો તૈયાર કરતાં છ અધ્યયન મંદિર શરૂ થયા, જેમાં એક સરકારી અને એક ગ્રાન્ટેડ જ્યારે બાકીના ખાનગીનો સમાવેશ થાય છે. વ્યવસાયલક્ષી ટેકનિકલ શિક્ષણ ક્ષેત્રે જોવામાં આવે તો, ૨૦૦૮ માં ૧૨ આઈટીઆઈ શરૂ થઈ જેમાં આઠ સરકારી અને બે તો ગ્રાન્ટેડ હતી. જ્યારે અનુસ્નાતકમાં જોવામાં આવે તો ૨૦૦૧માં મુંદ્રાની એકમાત્ર બી.એડ્. કોલેજના સ્થાને કુલ છ બી.એડ. કોલેજ થઈ.

- **પ્રાથમિક શિક્ષણ :**

પ્રાથમિક શિક્ષણ ક્ષેત્રે નવી સદીમાં જાણે કચ્છની અડધાથી વધુ શાળાઓ નવા વાઘા સજ્યા હોય તેમ માળખાકીય અને સાધનોથી સજ્જ બની. જોકે, તેમાં ભૂકંપ જેવી આપત્તિ નિમિત્ત બની એ દુઃખદ છે પરંતુ અત્યારે પ્રા. શિક્ષણમાં ભૌતિક ક્રાંતિ સર્જાઈ છે.

જિલ્લામાં અત્યારે ખાનગી સ્કૂલ બસ વધુ દેખાય છે, જેની એક તબક્કે કલ્પના કરવી પણ મુશ્કેલ હતી. ભૂકંપમાં ૧૩૫૯ શાળાઓ ક્ષતિગ્રસ્ત બની તેમાં ૪૯૨ નું તો બિલકુલ પતન જ થયું છે. સામે ૨૦૧૧ નવી ભૂકંપપ્રૂફ શાળાઓ નવી બની ચૂકી

હતી. ૫૧૮૧ ખંડો ધ્વસ્ત થયા સામે ૧૫૦૦ નવા બન્યા અને ૩૫ નવી શાળાઓ નિર્માણ પામી. ૯૧ સ્વૈચ્છિક સંસ્થાઓ પુનઃનિર્માણમાં ૫૦ ટકા કે ૧૦૦ ફંડ સાથે ભાગીદાર બની. પહેલાં ઓછા ઓરડાથી બે પાળીમાં માત્ર સાડાચાર કલાક શિક્ષણ ચાલતું. હવે મહદઅંશે છ કલાક સુધી એક પાળીમાં શિક્ષણ શક્ય બન્યુ. અનેક સરકારી યોજનાઓની ગ્રાન્ટોથી શાળા સ્વાવલંબી બની, પ્રસંગોપાત દાતાઓ શોધવા પડતા હતા. નિર્માણ સમયે નેધરલેન્ડ સરકારે મંજૂર કરેલા ૪૦ કરોડ મહત્ત્વના બન્યા.

આ ઉપરાંત શાળાઓની કુલ સંખ્યા, વિદ્યાર્થીઓ અને કન્યાઓ બંનેની કુલ સંખ્યા, વીજળીકરણ, શૌચાલયની સુવિધા, કમ્પાઉન્ડવોલ, કોમ્પ્યુટર લેબની સંખ્યા, ડ્રોપ આઉટ રેશિયો એમ દરેક ક્ષેત્રે સુધારો જોવામાં આવ્યો.

● માધ્યમિક શિક્ષણ :

માધ્યમિકમાં પણ આધુનિકતાનો સ્પર્શ થયો છે. દાયકા પહેલાં માધ્યમિક - ઉ.મા. શાળાની સંખ્યા સરકારીની ૪૦, ગ્રાન્ટેડની ૯૫ અને સેલ્ફ ફાઈનાન્સની ૮૪ મળીને કુલ ૨૧૯ હતી. તે સામે અત્યારે ૨૦૧૬માં નવી મોડેલ સ્કૂલો સહિત કુલ ૩૭૦ પર પહોંચી છે. માધ્યમિકમાં ૨૦૦૧ માં ૧૨૮૧૪ વિદ્યાર્થીઓની સંખ્યાના પ્રમાણમાં આજે ૪૭૪૪૮ છે, જ્યારે ઉ.માધ્યમિકમાં ૭૫૦૧ ના સ્થાને અત્યારે ૧૯૫૧૬ છાત્રો છે.

ભૂકંપ પછી પાંચેક વર્ષ સુધી માધ્યમિક શિક્ષણ ખોડંગાતું રહ્યું. પણ ઝડપ આવી ગઈ અને આજે આઈસીટી તથા કોમ્પ્યુટર લેબની સુવિધા ધરાવતી શાળાઓ પણ વધીને ૧૬૧ થઈ ચૂકી છે. સદીના પ્રારંભકાળે આવેલા ભૂકંપમાં ૧૬૩ માધ્ય. અને ઉ.મા. ની ૮૨ શાળા અને ૧૭૫૦ ઓરડા જમીનદોસ્ત થયા. શાળાઓના નવનિર્માણમાં વડાપ્રધાન રાષ્ટ્રીય રાહતકોષમાંથી મળેલા ૩૧ કરોડની રકમે મહત્ત્વનો ભાગ ભજવ્યો. આ રકમમાંથી પાંચ કરોડના ખર્ચે બનેલી ભુજની નમૂનેદાર ઑલ્ફ્રેડ હાઈસ્કૂલ સહિત જિલ્લામાં કુલ ૧૮ નવી શાળા બની. બીએડીપીની ગ્રાન્ટમાંથી પણ બે નવી શાળાઓ બની. આ સિવાય જિલ્લા શિક્ષણાધિકારી કચેરીની આદર્શ ઈમારત, રૂપિયા સાડા ત્રણ કરોડના ખર્ચે એક એવી મોડેલ સ્કૂલોનું નિર્માણ, રાષ્ટ્રીય સાક્ષરતા મિશન હેઠળની નવી ૪૧ શાળાઓ, અઢી કરોડના ખર્ચ એક એવી સાત ગર્લ્સ હોસ્ટેલનું નિર્માણ, કન્યા શિક્ષણ અને વિજ્ઞાન પ્રવાહના છાત્રોની સંખ્યામાં વધારો એ નોંધપાત્ર પડાવ રહ્યા હતા. જોકે, પ્રાથમિક અને માધ્યમિક બંનેમાં શિક્ષકોની ખોટ એ સોનાની થાળીમાં લોઢાની મેખ બની રહી છે.

● **ઉચ્ચ શિક્ષણ :**

ઉચ્ચ શિક્ષણમાં મહત્ત્વનું પરિબળ બનેલી કચ્છ યુનિ. ની સ્થાપનાથી આમૂલ પરિવર્તન દેખાયું છે. ૨૦૦૧માં નવ કૉલેજો અને આઠ હજાર વિદ્યાર્થીઓના સ્થાને આજે ૪૪ કૉલેજોમાં ૨૦ હજારથી વધુ વિદ્યાર્થીઓ ભણે છે અને આ કૉલેજોમાં અઢીસોથી વધુ અધ્યાપકો જોડાયેલા છે.

ભુજની સરકારી લાલન અને પોલિટેકનિક કૉલેજ બિલકુલ ધ્વસ્ત થઈ પણ તેનુ રાજ્યભરમાં એક મોડેલ પૂરું પાડતું નવનિર્માણ થયું. આ સાથે ભુજમાં ૨૭ કરોડના ખર્ચે ઈજનેરી કૉલેજ પણ મોડેલ સંકુલ બની રહ્યું છે. માંડવીમાં મરીન અને પર્યાવરણ જેવા નવા વિષયો સાથેની માત્ર વિજ્ઞાનની કૉલેજની ભેટ મળી. દરેક તાલુકામાં એક કૉલેજની યોજના હેઠળ રાપર અને છેલ્લે ૨૦૧૬માં લખપતમાં પણ સરકારી કૉલેજ શરૂ થતાં છેવાડાના વિસ્તાર સુધી સ્નાતક સ્તરનું શિક્ષણ પહોંચ્યું છે. વચ્ચે ૨૦૧૩ પછીનો ત્રણેક વર્ષનો ગાળો યુનિ. માં કાયમી કુલપતિ ન હોવાને લીધે સ્થગિતતાવાળો આવી ગયો પરંતુ હવે યુનિ. સંકુલમાં નવા કેમેસ્ટ્રી વિષયના સેન્ટ્રલ ઓફ એક્સેલન્સ ભવનને મંજૂરી, રમતનું મેદાન, સ્ટાફ ક્વાર્ટર અને પાણી સંગ્રહની વિશાળ યોજના અને સોલર ઊર્જા ઉત્પાદનના પ્રોજેક્ટથી આવનારું ભવિષ્ય કચ્છના છાત્રો માટે બહુ ઉજ્જવળ છે. આજે યુનિ. સંકુલ વર્ચ્યુઅલ વર્ગખંડ, અલાયદી લાયબ્રેરી અને કોમ્પ્યુટર ભવનની સજ્જ છે. અને રાષ્ટ્રીય જ નહીં આંતરરાષ્ટ્રીય સ્તરના સેમિનારો કચ્છના આંગણે યોજાઈ રહ્યા છે એ મોટી સફળતા છે. શિક્ષણ પદ્ધતિ પણ બદલાઈને સીબીસીએસ આવી ગઈ છે.

ભૂકંપ પછી સેવાકીય હેતુથી આવેલી વીરાયતન અને રાષ્ટ્રીય સ્વાભિમાન સંસ્થાએ કાયમી નિવાસ કરીને ઉચ્ચ શિક્ષણનો ભેખ લેતી કૉલેજો ઊભી કરીને આ ક્ષેત્રે વિશાળ યોગદાન આપ્યું.

આજે હવે કચ્છના છાત્રો માટે તમામ પ્રકારના અભ્યાસક્રમ ભલે, મોટેભાગે સેલ્ફ ફાઈનાન્સ કૉલેજો દ્વારા પણ, કચ્છમાં ઉપલબ્ધ બની ચૂક્યા છે. જેમાં મેનેજમેન્ટ ક્ષેત્રના બી.બી.એ., એમ.બી.એ., સામાજિક વેલફેર ક્ષેત્રના બી.એસ.ડબલ્યુ., એમ.એસ.ડબલ્યુ., કોમ્પ્યુટર ક્ષેત્રના બી.સી.એ., એમ.એસ.સી. (સીએ એન્ડ આઈટી), પીજીડીસીએ ઉપરાંત વીરાયતનની ફાર્મસી, અદાણી ઇન્સ્ટિટ્યૂટ સંચાલિત ભુજમાં પ્રથમ મેડિકલની અને છેલ્લે ૨૦૧૬ માં ચાણક્ય ઇન્સ્ટિટ્યૂટ દ્વારા ફિઝિયોથેરાપીનો પણ કોર્ષ શરૂ થયો હતો. કચ્છમાં શિક્ષણના વિશાળ વિકલ્પો આપવામાં વીરાયતન સંસ્થા હેઠળની માંડવી રોડ પર આવેલી હરિપર અને જખણિયા ખાતેની કૉલેજો, રાષ્ટ્રીય સ્વાભિમાન સંસ્થા સંચાલિત નવનિર્મિત ઇન્દ્રપ્રસ્થ ખાતેની કૉલેજોનો સવિશેષ ફાળો રહ્યો છે. આ ઉપરાંત કર્મ નિકેતન ટ્રસ્ટ હેઠળની એસ.આર.કે. કૉલેજ, સ્વામિનારાયણ સંપ્રદાય હેઠળની ખાસ કન્યાઓ માટેની ભુજમાં મુક્તજીવન અને સહજાનંદ કૉલેજો, સંસ્કાર ઇન્સ્ટિટ્યૂટ અને ચાણક્ય કૉલેજ તેમજ આ સિવાય અનેક ટ્રસ્ટો દ્વારા માળખાકીયની સાથે અત્યાધુનિક સુવિધાઓ આપતી નવી કૉલેજો તાજેતરમાં ધડાધડ શરૂ થઈ. તે ભલે, સ્વનિર્ભર ધોરણે સંચાલિત છે, પણ એક સમયે ભુજ છોડીને બહાર ભણવા માટે જતા વિદ્યાર્થીઓ માટે તે મોટા આશીર્વાદરૂપ સાબિત થઈ રહી છે.

*કચ્છ મિત્ર કાર્યાલય, ભુજ, કચ્છ.*

# કચ્છ – અર્થકારણની આવતીકાલ

ડૉ. તુષાર હાથી

પરંપરાગત રીતે કચ્છ જિલ્લો - ડિસ્ટન્સ (અંતર), ડેઝર્ટ (રણ) તથા ડ્રોટ (દુકાળ) માટે જગવિખ્યાત છે. ૨૦૦૧ની ૨૬મી જાન્યુઆરીના રોજ ભયાવહ ભૂકંપ પછી કચ્છની એકંદર તાસીર – વિશેષ કરીને આર્થિક તાસીરમાં વ્યાપક પરિવર્તન જોવા મળેલું છે. ગુજરાતમાં જે નવપ્રવર્તનનો યુગ શરૂ થયો, તેને અને કચ્છના ભૂકંપ પશ્ચાતનાં અર્થકારણને સીધી રીતે સાંકળી શકાય તેમ છે. એક વર્ગ, જેને આપણે 'ભક્ત વર્ગ' ગણીએ છીએ તે કચ્છનાં ભાવિ માટે વિશેષ આશાવાદી છે. બહુ ઓછા લોકો, ખાસ કરીને કચ્છ બહારના લોકો ઓછા પ્રમાણમાં જ્ઞાત છે કે, ભૂકંપ પશ્ચાતનાં કચ્છની સિકલમાં આવેલું પરિવર્તન સમાજ વૈજ્ઞાનિકોની મોટી પ્રયોગશાળા બનેલું છે. પડકારને અવસરમાં ફેરવવા માટેની દૃષ્ટિવંત કુનેહ જેમનામાં છે તેવા ગુજરાતના નવલા નેતૃત્વ, નરેન્દ્ર મોદીનાં નેતૃત્વનાં કારણે સમગ્ર ગુજરાત અને વિશેષ કરીને કચ્છ વિશ્વના તખતા ઉપર અલગ રીતે જોવા મળે છે. રૂઢિવાદી વૈજ્ઞાનિકોનો એક વર્ગ-સમગ્ર ગુજરાતની પરિવર્તન યાત્રાને પ્રચારાત્મક વિશેષ ગણાવે છે. અને તે સંદર્ભમાં કચ્છનાં પરિવર્તનને પણ પ્રચારના પરપોટામાં ગણાવે છે. આપણી એક મોટી મર્યાદા એ છે કે, આપણે વૈજ્ઞાનિક દૃષ્ટિથી ઘટનાક્રમને નિહાળવાને બદલે, મૂલ્યાંકન કરવાના બદલે જાણ્યે-અજાણ્યે હકારાત્મક કે નકારાત્મક 'પક્ષકાર' બની જઈએ છીએ. કચ્છ સમગ્ર સંદર્ભમાં ખાસ કરીને કચ્છનાં અર્થકારણ સંદર્ભમાં જો વૈજ્ઞાનિક દૃષ્ટિથી અર્થયાત્રાને મૂલવવામાં આવે તો યથાર્થતાની વધુ નજીક પહોંચી શકાય.

કચ્છનાં અર્થકારણને, ખાસ કરીને ભવિષ્યનાં પરિપ્રેક્ષ્યમાં નિરૂપવાનો પ્રયત્ન કરવામાં આવે ત્યારે મૂળિયા સુધી જવું જોઈએ. ગઈકાલના સંદર્ભમાં આજ જેટલી રોચક અને રળિયામણી લાગે છે, શું તેટલી જ આર્થિક આવતીકાલ રોચક અને રળિયામણી હશે કે કેમ? બીજો મુદ્દો એ ધ્યાનમાં લેવો ઘટે કે અન્ય વિસ્તારોની તુલનામાં કચ્છનાં ભવિષ્ય માટે શું અવકાશ છે?

કોઈપણ સમાજમાં અર્થકારણ ઉપર એકંદરે સમાજનો સ્પષ્ટ પ્રભાવ હોય છે. ઉદ્યોગ, ધંધો કે ખેતી એ સમાજની અલગ રહીને થતી પ્રવૃત્તિ નથી, તેવી જ સમાજમાં આકાર પામતી ઘટનાઓ, સમાજના પ્રવાહોથી અર્થકારણ મુક્ત ન રહી શકે. કોઈ અજાણ્યો પથિક કચ્છની ધરતી ઉપર પ્રથમવાર પગ મૂકતો હોય ત્યારે અથવા તો દાયકાઓથી કચ્છને અલવિદા કરનાર કચ્છીમાડુ કચ્છમાં - માદરે વતનમાં પ્રવેશ કરે - સૂરજબારીનો પુલ વટાવે અને ખુલ્લા પાકા રસ્તાઓ, માર્ગ ઉપર દોડતા વ્યાપારીઓ તથા અન્ય વાહનો, ભચાઉનું આજનું બજાર, ગાંધીધામનો ગુંજારવ, માંડવી બંદરની ચહલપહલ, કંડલા - મુંદ્રાની આવનજાવન જુવે તો તેને એમ જ લાગે કે, શું આ કચ્છ છે? બીજી તરફ, 'કચ્છના મેવા' તરીકે ખારેકની નિકાસના સમાચારો, કચ્છની કેસર કેરીની વાતો સાંભળતાં જ એમ લાગે કે, કચ્છ કૃષિકેન્દ્ર બની ગયું છે. હજારો કરોડો રૂપિયાનાં ઔદ્યોગિક સાહસો, ખાસ કરીને સ્ટીલ પ્લાન્ટ - શો લાઈવ-પાવર પ્લાન્ટ વગેરેને જાણીને એમ કહી શકાય કે, કચ્છ હવે ઔદ્યોગિક સંસ્કૃતિનો મૂલક બની રહ્યો છે. આપણે જેને પરંપરાગત અર્થકારણ ગણીએ છીએ તેને ધ્યાનમાં લેતાં કચ્છનું અર્થકારણ પરિવર્તનના પગથારે છે એમ કહીએ તો તેમાં અતિશયોક્તિ નથી.

નવતર આર્થિક પરિવર્તન અને પ્રવાહોની સાથે કચ્છ તાલ મિલાવી રહ્યું છે એનું આપણે મુંદ્રા-સામખિયાળીના ઔદ્યોગિક પટ્ટાને જોઈએ તો જરૂર કહી શકાય કે, 'ચહલપહલ' જરૂર છે, વધી પણ છે, હલચલ અવશ્ય છે. પ્રશ્ન જે આજના 'વિકાસ'ને માટે પૂછાય છે તે જ પ્રશ્ન કચ્છની આર્થિક આવતીકાલના સંદર્ભમાં પણ પૂછી શકાય છે.

અર્થકારણના ઘટકોને ધ્યાનમાં લઈએ તો ૧૯૬૧થી ૨૦૧૧ એટલે કે કુલ પાંચ દાયકા જનસંખ્યાના પૂરા થયા. જો કચ્છ પ્રદેશનાં માનવધનના પ્રમાણનો વિચાર કરીએ તો પાંચ દાયકામાં વૃદ્ધિનો દર સહુથી વધુ ૨૦૦૧થી ૨૦૧૧ ના છેલ્લા દાયકામાં ૩૨.૨% નોંધાયો છે. રાજ્યની જનસંખ્યાના વૃદ્ધિદર ૨૯.૩ કરતાં ઘણો વધારે જોવા મળેલો છે. આમ થવાનું મુખ્ય કારણ 'બાળવસતિ' કરતાં પણ વધુ 'સ્થળાંતરીય વસતિ' છે. ગાંધીધામ, અંજાર, મુંદ્રાની પટ્ટીમાં આજે પરપ્રાંતીય મજૂર વસતિ વિશેષ કેન્દ્રિત થયેલી જોવા મળી છે. ૦ થી ૬ વર્ષની બાળવસતિનું પ્રમાણ તો જે ૨૦૦૧ માં ૧૬.૧ ટકા હતું તેના કરતાં સહેજ ઘટીને ૧૫.૨ ટકા થયું છે. અલબત્ત, ગુજરાતનાં એકંદરે બાળવસતિનાં પ્રમાણ કરતાં કચ્છમાં બાળવસતિનું પ્રમાણ ઉલ્લેખનીય માત્રામાં વધુ જોવા મળેલું છે.

જનસંખ્યામાં જાતિગુણોત્તર પ્રમાણને ધ્યાનમાં લઈએ તો ગુજરાતમાં જે ચિત્ર છે તેની સરખામણીમાં કચ્છનું ચિત્ર વિશેષ ચિંતાજનક છે. બાળજાતિ (૦ થી ૬ વર્ષનાં જૂથમાં છોકરા છોકરીઓ) ના સંદર્ભમાં ગુજરાતની અપેક્ષાએ કચ્છનું ચિત્ર સારું

છે, પણ ૨૦૦૧ ની સરખામણીમાં ૧નો ઘટાડો છે. અર્થકારણના પ્રવાહોના સંદર્ભમાં સાક્ષરતા વિશેષ ધ્યાન ખેંચે છે.

કચ્છમાં એકંદરે સાક્ષરતાનું પ્રમાણ ગુજરાત કરતાં લગભગ ૭.૪ ટકા ઓછું છે અને મહિલાઓમાં સાક્ષરતાનું પ્રમાણ ઘણું ઓછું છે. ગ્રામ્યવિસ્તારમાં સાક્ષરતા દર શહેરી વિસ્તાર કરતાં લગભગ ૧૬ ટકા ઓછો છે. ગ્રામ્ય વિસ્તારમાં ૪૬ ટકા બહેનો અને શહેરી વિસ્તારમાં પણ ૨૬ ટકા બહેનો નિરક્ષર હોવાનું નોંધાયું છે. અર્થકારણમાં જે નવતર પ્રવાહો શરૂ થયા છે તે પછી એકંદરે શહેર તરફનું આકર્ષણ વધતું ગયું છે. ગુજરાતમાં શહેરી વસતિનું ટકાવારી પ્રમાણ ૪૨ ટકા જેટલું થયું છે, પરંતુ કચ્છ જિલ્લામાં કુલ વસતિમાં શહેરી વસતિનું ટકાવારી પ્રમાણ લગભગ ૩૫ ટકા જેટલું છે, જ્યારે ગ્રામ્ય વસતિ ૬૫ ટકા જેટલી છે. જિલ્લાનું આ ચિત્ર શહેર અને ગામડાના સંદર્ભમાં નોંધવામાં આવે તો કચ્છની શહેરી વસતિ ૭,૨૮,૫૩૫ છે. તે પૈકી નખત્રાણા, અબડાસા અને લખપત તાલુકાઓમાં શહેરી જનસંખ્યા ૦ ટકા ગણાય છે. જે જિલ્લામાં શહેર વસતિનો મુખ્ય ભાગ ગાંધીધામ (૩૯.૫૬ ટકા) અને ભુજ (૨૯.૩૧ ટકા) એટલે કે બે તાલુકા મળીને ૬૮.૮૭ ટકા શહેરી વસતિ જોવા મળે છે.

અર્થકારણમાં કામ કરી શકે તેની કુલ વસતિના કેટલા ટકા લોકો કામમાં રોકાયેલા છે એટલે કે શ્રમ હિસ્સેદારીનું પ્રમાણ ૪૧.૯થી ઘટીને ૪૧ ટકા થયું હતું, જ્યારે કચ્છ જિલ્લામાં ૩૮.૩ ટકાથી ઘટીને ૩૭.૧ ટકા થયું છે. મુંદ્રા, માંડવી, અબડાસામાં આ પ્રમાણ સહુથી વધુ છે તો અંજાર-ભચાઉમાં ઓછું પ્રમાણ છે. પુરુષોમાં શ્રમ હિસ્સેદારીનું પ્રમાણ ૫૭ ટકા જેટલું છે, જ્યારે મહિલાઓમાં આ પ્રમાણ માત્ર ૧૫ ટકાનું છે.

અર્થકારણમાં આપણે મુખ્ય કામદારો, સીમાંત કામદારો એવા વર્ગ પાડીએ છીએ. ગુજરાતમાં કુલ્લ કામદારો પૈકી મુખ્ય કામદારોનું પ્રમાણ ૮૨ ટકા નોંધાયું છે, જે કચ્છમાં ૮૮ ટકા નોંધાયું છે. અત્રે એ નોંધવું જરૂરી છે કે, રાજ્યમાં એકંદરે ખેડૂતો અને ખેતમજૂરોનું પ્રમાણ ૨૨.૦ અને ૨૭.૬ ટકાનું જોવા મળેલું છે, જ્યારે કચ્છમાં તે પ્રમાણ અનુક્રમે ૧૩.૬ તથા ૨૩.૭ ટકાનું છે. રાજ્યમાં અન્ય ક્ષેત્રે રોકાયેલા કામદારો ૪૯ ટકા છે, જે કચ્છમાં ૬૨ ટકા છે. કચ્છ જિલ્લાનાં વસતિનાં પાસા તરફ નજર નાખીએ છીએ ત્યારે એ ખાસ યાદ રાખવું ઘટે કે, સામાજિક દૃષ્ટિએ આપણે જેમને અનુસૂચિત જાતિના વર્ગમાં ગણીએ છીએ તે વર્ગનું પ્રમાણ રાજ્યના અન્ય જિલ્લાઓની સરખામણીમાં કચ્છમાં વધારે નોંધાયેલું છે.

કચ્છ જિલ્લામાં જ્યાં આપણે 'કૃષિક્રાંતિ' ના બીજારોપણનું વિચારી રહ્યા છીએ ત્યાં કુલ વાવેતર વિસ્તાર ૭,૨૭,૭૩૩ હેક્ટર પૈકી ૧,૭૮,૦૨૯ હેક્ટર (૨૪.૪૬%) હેઠળનો વિસ્તાર છે. કુલ વાવેતર વિસ્તાર પૈકી ૩,૯૭,૯૫૨ ચોખ્ખા વાવેતર હેઠળનો વિસ્તાર છે. (૫૪.૬૮%) જિલ્લામાં વર્ષમાં એકથી વધુ વખતે વાવેતર કરવામાં આવતું હોય તે ટકાવારી પ્રમાણે પાકની તીવ્રતા કુલના ૨૩.૮૮ ટકા, ચોખ્ખા વાવેતર વિસ્તાર પૈકીના ૪૩.૬૭% છે. કચ્છી ખારેક, દાડમ, કેસરનાં ગુણગાન આપણે ગાઈએ છીએ પણ બાગાયતી પાક હેઠળના વાવેતર વિસ્તારનું ટકાવારી પ્રમાણ ચોખ્ખા વાવેતર વિસ્તારના ૨૧.૬૬% છે. વર્ષ ૨૦૧૨-૧૩ માં કચ્છ જિલ્લામાં બાગાયતીની ઉત્પાદકતાનું પ્રમાણ હેક્ટર દીઠ ૨૬.૪૨ મેટ્રિક ટન હતું, જ્યારે શાકભાજી ઉત્પાદકતાનું પ્રમાણ હેક્ટરદીઠ ૧૧.૭૦ મેટ્રિક ટન હતું.

## કચ્છી લેખકોના સર્જનમાં કચ્છનો પરિવેશ

**(અનુસંધાન : પાના નં.-૮૬ ઉપરથી ચાલુ)**

નાની બનતી જાય છે અને આગામી વર્ષોમાં તેનો પ્રવાહ સતત વધતો રહેવાનો છે. ત્યારે કચ્છ પણ આમાં તેનું પ્રદાન કરે અને કચ્છમાંથી ઈ-સામયિકો અને ઈ-બુકનું પ્રકાશન શક્ય બને તો નવી પેઢી જે વાંચનથી વિમુખ જતી જોવા મળે છે તેનામાં વાંચનરસ જગાવી શકાય.

ગાંધીધામના યુવા લેખિકા કુંજલ છાયા કહે છે, સોશિયલ મીડિયા સાઈટમાં નાનું મોટું લખી મૂકવાનું સૌને ગમે છે અને વેબબ્લોગ અને વિવિધ એપ્લિકેશનના માધ્યમથી અત્યારે અવનવા પ્રયોગો પણ થાય છે. છેલ્લા અસ્મિતાપર્વમાં જાણીતા લેખિક વર્ષાબહેન દાસે ભારતીય ભાષા સાહિત્યની વાત કરતાં ટ્વિટર પર મુકાતા ૧૪૦ શબ્દોના ક્વોટનો ઉલ્લેખ કરી તેને પ્રવર્તમાન સાહિત્યરૂપે ગણાવ્યો, તે આવનારા સાહિત્ય સર્જકો માટે એક સુંદર આરંભ કહી શકાય. તો માતૃભારતી એપ દ્વારા આપણા પ્રાચીન અને અર્વાચીન સાહિત્યને મોટી સંખ્યામાં મૂકવામાં આવે છે. એ જ રીતે આપણા કચ્છી અને ગુજરાતી સાહિત્યનાં પ્રકાશનોને પણ આ રીતે સાચવી શકાય તે માટે પ્રયાસો થવા જોઈએ.

આમ, કચ્છી અને ગુજરાતી સાહિત્ય આવનારા દિવસોમાં નવા પરિવેશ સાથે આધુનિક ટેકનોલોજીના સહારે વાચકની મુઠ્ઠીમાં સમાઈને વંચાતું હોય એ દિવસો હવે દૂર નથી.

*૨૨/બી, શિવમ પાર્ક, નાના યક્ષ મંદિર પાસે,*
*ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.*

સ્થાપના : ૧૯૮૪
કે.કે.
સ્ટીલ ઈન્ડસ્ટ્રીઝ

**હરખચંદ ગડા (મો. ૯૩૨૮૪ ૪૦૦૪૦) ★ નીલેશ ગડા ★ રીતેશ ગડા**

**લગ્નપદ, ઘરવપરાશ, લ્હાણી તથા હોટલ કેન્ટીન વાડી ફરાસખાના માટેના મોટા વાસણોના હોલસેલ વેપારી**

**એલ/૧૦૪૦/૭, વિજય ટ્રાન્સપોર્ટ પાસે, જી.આઈ.ડી.સી., અંકલેશ્વર. ફોન : ૦૨૬૪૬-૩૨૯૩૦૩, ૨૨૦૯૪૨**

E-mail : kaykay_industries@yahoo.com

॥ આત્મકથ્ય ॥

# છાવણી

ધીરેન્દ્ર મહેતા

૨૬મી જાન્યુઆરીની સવારે રાષ્ટ્રધ્વજને ઉન્નત શિરે સલામ કરવા જઈએ એ પહેલાં ધરતીને માથું ટેકવવાની વેળા આવી. પ્રજાસત્તાક દિનની ઉજવણી માટે ટાઉન હોલ (હવે ટેકરો) જવા તૈયાર થઈને નૂતન કોરીડોરમાં આવી ત્યારે હું રૂમમાં બેઠો બેઠો વાંચતો હતો. એ મને કંઈક કહેવા જતી હતી. તે કહે એ પહેલાં ઘર જાણે દરિયા વચ્ચેનું વહાણ બની ગયું. એનું એન્જિન એકાએક ચાલુ થયું હોય એવી જોરદાર ઘર્ઘર્રાટી અને પછી તરત તેજ ગતિ. બહાર મોજાં ઊછળતાં હોય એવા ધૂળના ગોટેગોટા. ફ્લોર સરકવા લાગી હતી અને આખું ઘર ડોલવા લાગ્યું હતું. બાથરૂમમાંથી બહાર ધસી આવેલાં માને નૂતન બારસાખ પકડીને ઊભા રહી જવાનું કહેતી હતી...મને એ બહાર નીકળી આવવા માટે જોરજોરથી કહેતી હતી. હું વ્હીલચેરમાં હતો. મારા પર નજર રહે એટલે એ પોતે હતી ત્યાં ને ત્યાં હાથ પહોળા કરીને સંતુલન જાળવી રાખવા મથતી હતી. મારી નજર સામે પત્નીની ભયગ્રસ્ત આંખો અને આતંકગ્રસ્ત ચહેરો હતાં અને છતાં, તું માનશે, તારા સમ, એ ક્ષણે મારા મનમાં ભયનું લખલખું સુદ્ધાં નહોતું; મને એક પ્રકારનો રોમાંચ થતો હતો અને હું મૂરખ, ગમ્મત પડતી હોય એમ હસતો હતો! It was an experience, outer and inner. પણ ક્ષણાર્ધ પૂરતો.

અમારા ઘરની ભીંતોમાંથી ગજિયા છૂટા પડીને - વછૂટીને નીચે પડવા - ફેંકાવા લાગ્યા હતા. બારણાં ખાંગાં થઈને ઢળી પડવા માંડ્યાં હતાં. પરદા સઢની જેમ ફૂલવા લાગ્યા હતા અને બારસાખો કૂવાથંભની જેમ ઊખડી જવા માંડી હતી. એની ઉપરની પેલમેટ ધડાધડ પડવા લાગી હતી. કબાટો ફટાફટ ખૂલી જવા લાગ્યા હતા. એના દરવાજા ધૂણવા લાગ્યા હતા અને અંદરથી ક્રોકરી, વાસણો, ડબ્બા, શોપીસ, ચોપડીઓએ બહાર ઝંપલાવવા માંડ્યું હતું. આંખો એના અવાજોને મોટા કરીકરીને સંભળાવતી હતી. દોઢ-પોણા બે મિનિટ ખેંચાઈને કેટલી લાંબી થઈ શકે છે અને પોતાની અંદર વીતી ચૂકેલા કેટલા સમયને સમાવી શકે છે તેનો એ અનુભવ હતો.

એ પછી પણ વહાણ ડૂબ્યું કે સ્થિર થયું તે નક્કી થઈ શકે તેમ નહોતું. મારા ઘરમાં ઉપલા માળે રહેતા બેંકમેનેજરની બૂમ 'પ્રોફેસર સાહેબ, પ્રોફેસર સાહબ, બાહર નિકલો...' ધડધડ કરતી દાદર ઊતરી ગઈ. મારી વ્હીલચેરને માટે માર્ગ રહ્યો નહોતો. મારા સાથી-અધ્યાપક જિતેન્દ્ર સોઢા બહારથી દોડી આવ્યા. એમની ઇચ્છા મને ઊંચકીને બહાર કાઢવાની હતી. મેં કેલિપર્સ પહેરીને નીકળવાનો આગ્રહ રાખ્યો. એ મારા (અને સાથે પોતાના) ભાવિ વિશે શું વિચારતા હશે તે હું એમનો ચહેરો જોઈને સમજી શકતો હતો પરંતુ ઘરની સ્થિતિ જોઈને હું એ પણ સમજી શકતો હતો કે હવે આમાં ફરી પ્રવેશવાનો સંભવ બચ્યો નથી. એક પણ વસ્તુની સામે જોયા વગર હું ખંડેર બની ગયેલા ઘરને પાછળ મૂકીને બહાર નીકળી ગયો.

બહાર મૃત્યુ એના પોતાના સમાચાર લઈને ઊભું જ હતું : નજીકના ચાર રસ્તા પાસેના કલ્પતરુ એપાર્ટમેન્ટસની ઈમારત ધસી પડી હતી, એમાં મારાં સાસુ અને ભરજુવાન સાળો... જેટલું મુશ્કેલ તૂટી પડતી ઈમારતને અટકાવવાનું હતું એટલું જ મુશ્કેલ તૂટી પડતી નૂતનને રોકવાનું હતું. મારા ખભા નીચેની ઘોડીનો ટેકો મેં એનેય આપ્યો.

રસ્તે તૂટી પડેલી ઈમારતોના સ્લેબ, કોલમ, ગડર, પિલર, છજાં, પેસેજ, દાદર ક્યાંક વામણાં, પાંગળાં બનીને લટકી પડ્યાં હતાં; ક્યાંક વડવાગોળ કે ચામાચીડિયાની જેમ લટકી પડ્યાં હતાં. નાસભાગ કરતા ભયભીત લોકની નિઃસહાય આંખો તોળાઈ રહેલા મોતને જોતી હોય એમ ભાગતી હતી. જીવતોજાગતો રઘવાટ રસ્તો આંતરતો હતો. એને રીતસર ચીરતું મારું સ્કૂટર 'કલ્પતરુ' પાસે પહોંચ્યું કે એક માણસે બહાવરા બની જઈને મને રોક્યો,

DEEP JYOT
STATIONERY MART
MFG. OF : EXERCISE & ACCOUNT BOOKS & ALL TYPES OF OFFICE FILES
JAYESH S. PAREKH
M. : 98241 06623
FACTORY : Plot No. 4601, G.I.D.C., Ankleshwar-393 002.
Ph. : 253137

'જ્યુબિલી... જ્યુબિલી... અંદર જાજો નહિ, ના કહું છું...'

એણે આક્રોશપૂર્વક કહ્યું.

જે કંઈ જોયું-સાંભળ્યું એમાંથી હું એટલું સમજી શક્યો કે હવે અંદર કોઈ નહોતું, સિવાય કે લાશ, સિવાય કે બહાર આવી જવા માગતું જીવન, સિવાય કે એને દાટી દેવા માગતું મોત.

અને જ્યુબિલી મેદાનનો દેખાવ? હાથલારી, ભારગાડી, જીપ, મોટરકારમાંથી લાશો ઉતરતી-ઠલવાતી હતી, કોણ કોને ઉતારતું હતું એની કોને ખબર હશે? લાશો શોધતા લોકો આમતેમ ભટકતા હતા-અથડાતા હતા. કોઈક લાશ સામે જોઈને નજર ફેરવી લેતા હતા. ક્યાંક કપડાં કે ઘરેણાં, અરે, બૂટ-મોજાં-ચંપલ કે કંઈ પણ ઓળખચિહ્ન પરથી નિર્ણય પર આવનારી મથામણ ચાલતી હતી. મૂંઝવણ-દ્વિધા-રકઝક-ખીજ-બળાપો-વિલાપ-વિમાસણ... પણ માણસો થાકતા નહોતા, નાસીપાસ થતા નહોતા; ફરી વળતા હતા, આંખોમાં પૃચ્છા લઈને-તમારું કોણ, કેટલા? મારું આ, આટલા. અને તરત ખસી જતા હતા-જગા કરી આપતા હતા. ન સાંત્વન, ન ખરખરો, ન શોક. નિષ્પ્રાણ લાશો પડી હતી, જીવતી લાશો ઘૂમતી હતી.

છેક કિનારે, સફેદ કપડાથી ઢાંકી દીધેલા પૂળા જેવા આકાર આગળ હું અટકી ગયો; એ આકારને જોઈને નહિ, એને છેડે થાંભલાની જેમ ખોડાઈ ગયેલા જુવાનને જોઈને. હું પણ જડ થઈ ગયો. કાંખમાં રાખેલી ઘોડી મને નમવા દે એમ નહોતી એટલે મેં નિષદને - મારા મોટા સાળાને ચહેરા પરથી ચાદર ખસેડવા કહ્યું. ધડની ઉપર માંસના લોંદામાં માત્ર એક હાડકું ખોસાયેલું હતું. નિષદની નિર્મમ આંખો મને પૂછી રહી હતી, લો, શું જોવું છે?

સ્મશાનની ભૂમિ લાશોથી ભરાઈ ગઈ અને આકાશ ધુમાડાથી. એને લાવનાર માત્ર ખભાઓ હતા.

સ્મશાનમાં જ સમાચાર મળતા રહ્યા કે મૃત્યુ ક્યાં ક્યાં પહોંચ્યું છે - બાલાજી એપાર્ટમેન્ટ્સનું આખું બિલ્ડિંગ થપ્પી થઈ ગયું! હેં? ત્યાં મારો પિતરાઈ રહેતો હતો. જઈને ઘાંઘા થઈને પૂછવા માંડ્યું. બાલાજી? બાલાજી ક્યાં? આ રહ્યું. આ જ? બાલાજીના ટીંબા તરીકે હવે એ ઓળખાશે. અનેક લોકો એની ફરતે બેઠા હતા, એને રીઝવવાનો જાણે કોઈ વિધિ ચાલતો હતો, કમસે કમ લાશ તો મળે ...!

એ ઠંડીગાર રાતે હોસ્પિટલ રોડના કાળાડિબાંગ સન્નાટામાં નૂતન અને હું અમારા ઘરની ફૂટપાથ પર મોડે સુધી બેસી રહ્યાં - અમારે ક્યાંક આશ્રય શોધવો જોઈએ, એમ સૂઝ્યું ત્યાં સુધી.

બીજે દિવસે મેં જોયું કે ભુજ ભૂકંપપીડિત છાવણીઓમાં ફેરવાઈ ગયું છે અને ભગ્ન કિલ્લાની અંદરથી બહાર નીકળી પડતી ભેંકારતાને નીરખ્યા કરે છે. એની વચ્ચે મનુષ્યની ગતિ એટલી અનિશ્ચિત બની ગઈ છે કે મારાં સહકર્મી દર્શના ધોળકિયાએ મને કહ્યું, ત્રણ દિવસથી તમારો પત્તો મેળવવા ભમું છું પરંતુ તમે તો જાણે માધવ ક્યાંય નથી...

મૃત્યુ કેટલું કુરૂપ અને કુત્સિત હોઈ શકે છે તે આ એક જ દિવસમાં મેં બરોબર જોયું અને બીજા જ દિવસથી કાટમાળના ગંજમાં ખૂંપી જઈને, ધરબાઈ જઈને પણ ક્યાંક સળવળી રહેલા જીવનના અણસારને ઉગારી લેવા કે મોતના જડબામાંથી જીવનને ઝૂંટવી લેવા ઝઝૂમતા ટેકનોક્રેટ અને ડોક્ટરોના માનવીય પુરુષાર્થીને પણ પ્રમાણ્યો. આવનારા દિવસોને પણ એનાં આવર્તનોરૂપે જોઉં છું.

*અશેષ સ્નેહ સાથે,*
*ધીરેન્દ્ર મહેતા*

*(લેખકની સાહિત્ય અકાદમી પુરસ્કૃત નવલકથા વિશેનું આત્મકથ્ય)*

## પર્યટન વિકાસની રોચક પરિકલ્પના

**(અનુસંધાન : પાના નં.-૮૯ ઉપરથી ચાલુ)**

આ ટાપુઓ પર આવે છે, જ્યાં ખાનગી કોન્ટ્રેક્ટરો અને સરકાર દ્વારા જળચર પ્રાણીઓ, વનસ્પતિઓ અને જુદી જુદી જાતના કોરલ્સ (અશ્મિઓ) ને નજીકથી જોવા સી વોક, સ્નોર્કલિંગ, સ્કૂબા ડાઈવિંગ, કાયાક બોટ જેવી મોજની સગવડો ઊભી કરવામાં આવી છે અને પ્રવાસીઓ આ સગવડોનો ભરપૂર લાભ ઉઠાવે છે. વિશ્વકક્ષાના આ બીચની મોજનો અનુભવ પ્રવાસીઓ માટે જીવનભરનું સંભારણું બની રહે છે.

કચ્છની બહાર જવા માંડવી અને મુંદ્રા બંદરેથી ઓખા, પોરબંદર, જામનગર અને મુંબઈ જવા માટે ગુડ્સ ફેરી સર્વિસ અને મિની સ્ટીમરોની આવન-જાવન ચાલુ થઈ ગઈ છે. જેના પરિણામે આ ભાતીગળ અને અદ્ભુત કચ્છ પ્રદેશનો યાદગાર પ્રવાસ પૂર્ણ કરીને પોતાની સુખદ યાદો સાથે અહીંથી વિદાય લે છે. ■

GIRISH © 2567 5418 • MUKESH © 2568 5279
203, New Anant Bhuvan, 2nd Floor,
257/65, Narshi Natha Street, Mumbai-400 009.
Tel. : (022) 23756332, 23751250 Fax : 91-22-23750452
Ramji Devshi Shah & Co.
CUSTOM HOUSE AGENT

# આ ફૂલોની સુગંધ તમે જોઈ!

માલતી શાહ

બસમાં ટિકિટ રિઝર્વ્ડ હતી. તેથી મને બસમાં ચડવાની ઉતાવળ નહોતી. બસમાં ચડીને જોયું તો મારી બારી પાસેની સીટ પર એક સ્ત્રી બેઠી હતી. ત્રીસ-બત્રીસ વર્ષની ઉંમર હશે. તેણે કહ્યું, 'હું અહીં બારી પાસે બેસું?' મેં હા પાડી અને હું તેની બાજુની સીટ પર બેસી ગયો.

તેણે બારીનો પડદો ખસેડીને એક તરફ કર્યો હતો. સાંજના પાંચેક વાગ્યા હશે. તડકાને કારણે ગ્રે કાચની આરપાર દેખાતાં બહારનાં દૃશ્યો જરૂર કરતાં વધારે ચળકતાં લાગતાં હતાં. મેં સહેજ નમીને આકાશ તરફ જોયું. હમણાં જ વરસી પડશે કે શું? આ કદાચ મારો ભ્રમ હતો. આકાશ તો સાફ જ છે. ઉઘાડી આંખે પણ ક્યારે ભ્રમમાં ના પડાય. બસ એકધારી ગતિએ દોડી રહી હતી.

ત્યાં જ મારી બાજુમાં બેઠેલી સ્ત્રી થોડી સળવળી. તેનો રૂમાલ કે કંઈ બીજું નીચે પડી ગયું લાગ્યું. તે વાંકી વળીને તે ચીજ લેવાનો પ્રયત્ન કરી રહી. હું સહેજ ખસ્યો અને તેણે પડી ગયેલો પોતાનો રૂમાલ લઈ લીધો. તે મારી સામે જોઈને સહેજ હસી પણ ખરી પછી થોડીઘણી આડી અવળી વાતો કરી.

થોડો સમય તો બસની ગતિ તરફ અમારું ધ્યાન કેન્દ્રિત હતું. થોડી વાર પછી પેલી સ્ત્રીએ પોતાનું પર્સ ખોલ્યું. સ્ત્રીઓની પર્સમાં કંઈક ચગળવા જેવું ચોકલેટ પીપરમેન્ટ કંઈક તો નીકળે જ. હું તે કંઈક આપે તેની રાહ જોવા લાગ્યો. અને તેણે તો પર્સમાંથી એક ફોટો કાઢ્યો. તે અને તેના પતિ કંઈક મુનાર કે કોઈ એવા સ્થળે ફરવા ગયા હશે તે ફૂલોની વચ્ચે તેઓ બંને ઊભા હતા તેવો ફોટો હતો. તેમણે તે ફોટો મને આપ્યો. મેં જોઈને તરત જ કહ્યું, 'સરસ લાગો છો બંને.' 'હા, પણ હવે હું એકલી છું. તમે આમને ક્યાંય જોયા છે?'

કોઈ નાનું બાળક મેળામાં ખોવાઈ જાય પણ આવડા મોટા તેના પતિ ખોવાઈ ગયા હશે? મેળામાં જતાં હાથ છૂટી ગયો હશે? મારા મનને મેં ટોક્યું આવા મૂરખ જેવા સવાલ કરવા માટે. મેં તેણે આપેલો ફોટો હાથમાં પકડી રાખતાં તેમના તરફ સહેજ ફરીને પૂછ્યું, 'ચાલ્યા ગયા છે?'

'હા, બિલકુલ અચાનક જ! છ મહિના થવા આવ્યા. અને તેમને મેં ક્યાં ક્યાં નથી શોધ્યા? તેમના વગર વીતી રહેલા આ દિવસો, દિવસો ન રહેતાં, અંધકાર ઓઢીને ડસવા આવતી નાગણ જેવા મારા દિવસો વીતી રહ્યા છે.'

તે રડતી તો નહોતી જ. પણ રડતી જ હોય તેવું મને લાગ્યું હતું.

તારું દુઃખ સમજાય છે મને. ઘણી વાર એવું બને છે કે અત્યંત દુઃખની કે અઢળક સુખની અનુભૂતિ વર્ણવી નથી શકાતી. ખુદ વ્યક્તિએ તે પોતે જ અનુભવવાની હોય છે. અને અત્યંત પીડાદાયક સ્થિતિ પણ પહોંચ્યા પછી મન બધિર થઈ જાય છે. પણ હું શું બોલી રહ્યો છું તે કદાત તે સાંભળતી નહોતી.

શું પૃથ્વી પર વસતા દરેકને સૂર્યપ્રકાશનો અંધકાર નથી? હવે તે રડવા લાગી હતી.

તારા પતિ પોતાની ઈચ્છાથી ઘર છોડી ચાલ્યા ગયા હોય તો તે પાછા પણ પોતાની ઇચ્છાથી જ ફરે. નહિં તો તેને લાખ શોધો, તે ન મળે. એક સ્પષ્ટ સરનામું તેને તેના ઘર સાથે મળ્યું હોય છે. જો તે ઘર છોડી દે, ક્યાંય ચાલ્યા જાય તો સરનામા વગરનો માણસ બની જાય છે. પછી તેને શોધવો કેમ? પછી તા છાપા, ટી.વી., રેડિયો – આ બધા જ પર આપેલી જાહેરાતનો અર્થ જ નથી રહેતો બેન. બિલકુલ No Response. ક્યાંય પત્તો નથ મળતો. 'પત્તો આપશો' એવી આપણે આપેલી જાહેરાત આપણી જ હાંસી ઉડાવે છે. પછી તો જો મિલનની અનિવાર્યતા હોય અને તેના હૈયામાં તારા ઘરનું સરનામું કોતરાયેલું હોય તો તે જાતે ઓવ. કોઈ આવી રીતે ખોવાયેલી વ્યક્તિ વિશે પૂછે ત્યારે એવું લાગે કે તે આપણે આ ફૂલોની સુગંધ તમે જોઈ? તેવું પૂછી રહ્યા છે. પૃથ્વી ખૂબ જ વિશાળ થઈ ગઈ છે. તેના કોઈ પણ ખૂણે પહોંચવું આસાન થઈ ગયું છે. તેઓ પોતાને ક્યાં જવું છે તે નક્કી કરીને જ નીકળ્યા હશે ને?

મને નથી લાગતું તેમ હશે. ઓચિંતા અવિચારી પગલારૂપે તેઓ ક્યાંક ચાલ્યા ગયા હોય તેમ પણ બને. તેમણે આવો નિર્ણય કેમ લીધો હશે? અમે બંને એકબીજાથી ખુશ જ હતા.

તમે કદાચ તેમ માનતા હશો. તેઓની માન્યતા જુદી હશે.

થોડીવાર તો તે ખામોશ બેસી રહી. કદાચ પલકો પર ઝુમી રહેલા આંસુનું શું કરવું, તે વિચારતી હશે. તેઓને હું બિલકુલ નથી ભૂલી શકતી. તેની આંખોમાંથી આંસુ ટપકવા લાગ્યા.

આગલી રાત્રે તો વિશાળ બૅડ પર સામસામા છેડે અમે સૂતા હતા, હંમેશની માફક. વધારે પડતા નજીક સૂવું અમને ફાવતું નહીં અને અમે બંને પોતપોતાના સ્વપ્નો જવા આઝાદ હતા. સવારે વહેલા ઉઠવાની તેમને ટેવ. મને સવારે મોડ સુધી સૂવું ગમે. રોજ સવારે વહેલા ઉઠી જતા હોઇ આજે પણ ઉઠી

ગયા હશે તેમ મેં માન્યું. માન્યું કે બહાર બગીચાના હિંચકા પર બેઠાં બેઠાં ચકલીની ઊડાઊડ માણતા હશે. મને પણ ક્યારેક કોઈ દેવચકલી ભૂલી પડી હોય તો જોવા બોલાવે... પણ...

હવે તે બધું ફરી ફરી યાદ કરીને મારું દુઃખ બેવડાશે નહીં?

ના... બિલકુલ નહીં... દુઃખનું વારે વારે રીપ્લે થતાં તે ઝાંખું થવા લાગે છે અને સમયના વહાવની સાથે તે સહ્ય બનવા લાગે છે.

મારી વાત સાંભળી તેણે ડોકુ ધુણાવ્યું. પાણી પીવું છે? મેં મારી પાણીની શીશી તેને આપી. બે-ત્રણ ઘૂંટ પાણી પીને બોટલ મને પાછી આપી દીધી. બસ?

હા...

અને તેણે પાછું શરૂ કર્યું. મને કુદરત સાથે ખાસ પ્રીતી નહીં. ક્યારેક બેફામ વરસતો વરસાદ જોવા મને બાલ્કનીમાં ખેંચી જાય. મને વરસાદ પ્રત્યે તેમના જેવો ગાંડો પ્રેમ નહીં. વરસાદની ઋતુ છે, વરસે તો ખરોને? પાછું મારું તો એવું કે સહેજ જ પલળું કે શરદીનો મારો ડર સાચો પડે. અને તેમને વરસાદમાં પલળવા નીકળવું હોય. એમ તો તેમનું મન રાજી રાખવા દૂરથી વરસાદ જોવામાં કંઈ વાંધો નહીં. પણ ખરું પૂછો તો મને ભૌતિક સુખ વધારે આકર્ષે.

મેચીંગ — નોટ મેચીંગ! જેવું થતું હશે. વાતાવરણ સહેજ હળવું બને તે આશયથી મેં કહ્યું.

તે જરા પણ હસી નહીં.

ના... ના... તેવું તો નહીં. ગમાઅણગમા જુદા છતાંય મેચીંગ તો ખૂબ સારું.

તમે તેવું માનતા હશો. તેઓ તેમ નહીં માનતા હોય... કદાચ તેઓના આમ સાવ જ અચાનક ચાલ્યા જવાના કારણમાં આર્થિક મુશ્કેલી હોઈ શકે.

બિલકુલ નહીં. પૈસાની તો ઝાકમઝોળ છે.

લગ્નને કેટલાં વર્ષ થયાં?

પાંચ.

બાળકો?

ના.

તો બાળકની ખોટ સાલતી હશે.

કદાચ... પણ અમે તો હજી નાનાં છીએ. બાળક માટેનો સમય વીત્યો ન કહેવાય.

હા, એ પણ ખરું.

બસ ત્રણેક કલાકથી નોન સ્ટોપ દોડી રહી છે. બસ હવે ક્યાંક ઊભી રહેવામાં જ છે. આછેરું અંધારું રસ્તા પરના ઝાડપાનને અસ્પષ્ટ કરી રહ્યું છે. અને બસ એક હળવા આંચકા સાથે ઊભી રહી ગઈ છે. પંદર મિનિટનો હોલ્ટ છે તેવું કહીને કંડક્ટર નીચે ઊતરી ગયો.

અમે પણ ચા પીવા નીચે ઊતર્યાં. તે પોતાના પતિની યાદમાં ખોવાઈ જઈને ચૂપચાપ ચા પીતી રહી.

અચાનક જ એ ઊભી થઈ ગઈ. ચાલો હવે બસમાં બેસી જઈશું?

બહારનું અંધારું ઘટ્ટ થવા લાગ્યું છે.

તે ફરી બોલવા લાગી. ફોન, ફ્રીજ, ટી.વી., સિનેમા, સી.ડી. આમાંના કોઈ પણ સુખ મને સ્વીકાર્ય નહોતાં. જે સુખ પહેલા મને સાધનો દ્વારા મળતા તે સુખનાં સાધનો મને સાંત્વન આપી શકતાં નહોતાં.

એક વ્યક્તિના આધારે, માનો કે તેના ખભા પર માથું ટેકવીને મારાં બધાં ભૌતિક સુખ ઊભાં હતાં અને તે હું ખુશી ખુશી માણતી હતી. આધાર જ ન રહ્યો અને મારાં બધાં સુખો પડી ગયાં, ભાંગીને ભુક્કો થઈ ગયાં.

તમને નથી લાગતું કે તમારા મનને બીજી શક્યતાઓ વિશે વિચારવા માટે કેળવવું પડે?

આ બધું કહેવું ખૂબ જ સહેલું છે પણ જેના પર વીતી હોય તે જ બધું જાણે. મારી વાતો સાંભળીને તમે જ કહેશો, બસ... બસ... આ ન કહો.

એવું થાય તેના કરતાં હું જ તમારી વાત તમને કહું તો?

ભૂત, ભવિષ્ય જાણનાર જ્યોતિષી છો...?

ના...

પણ તેમાં આમ હસો છો કેમ?

તમારા ભોળપણ પર.

ચાલો, મારી વાત તમે કહો. સહેજ હળવાફૂલ બનતા તેણે કહ્યું.

તે સવારે તમે હીંચકો સૂનો જોયો હશે. કદાચ તે સમયે એક પણ ચકલી મધુમાલતી પર નહીં હોય અને મધુમાલતીની વેલ બિલકુલ સૂની પડી ગઈ હશે.

તે રડવા લાગી.

હું બારી બહાર કશુંય દેખાતું ન હોવા છતાય બહાર તાકી રહ્યો. પોતાની રીતે તે શાંત થઈને કહેવા લાગી, આગળ કહો...

તે સવારે પતિની ઘણી રાહ જોઈ હશે. કદાચ મોર્નિંગ વૉક લેવા ગયા હશે... કદાચ... અને તમે આતુરતાથી બારણું ખોલબંધ કર્યું હશે. તેઓ આવે તો કોલબેલ ન મારવી પડે તે રીતે બારણું ખુલ્લું રાખ્યું હશે. આ રીતે તો કલાકો વીતતા ચાલ્યા. ક્યાંય કોઈ ચિઠ્ઠી તો નથી મૂકી ગયા ને? ઓશીકા નીચે, તેમના કબાટમાં, ટેબલ ઉપર બધી જગ્યાએ જોયું હશે. માણસ જેવો માણસ શું આ રીતે ગાયબ થઈ જાય? અને તમારા હૈયામાં ફાળ પડી. હવે...???

પછી તો તમે દૂર નજીકના સર્વ સ્વજનોને ફોન કર્યા હશે. ક્યાં પણ તેમને કોઈએ જોયા હોય કે તેઓ કોઈને મળ્યા હોય તેવા ખબર ન મળ્યા. શહેરની હોસ્પિટલ, દવાખાના વગેરે જગ્યાએ પણ તપાસ કરી લીધી. તેઓ ક્યારે ગયા હશે તે તો તમને ખબર જ નહોતી, પણ તમને વહેલી સવારે જાણ થઈ. બપોર સુધી ખુલ્લું રાખેલું બારણું હવે તો બંધ કરી દીધું હશે. એમ કરવા છતાંય હૈયું અને કાન બારણા પર ટેકાવ્યા હશે. સહેજ બારણું ખખડે કે તેઓ જ આવ્યા હશે તેમ માનીને બારણું ખોલવા દોડી જવું અને ખાલી મને પાછા ફરવું. આવું તો કેટલીય વાર થયું હશે!

લાખ વિચાર કર્યો હશે પણ તેઓના ચાલ્યા જવાનું કારણ તમને નહીં સમજાયું હોય. આમ બિલકુલ કોઈને કહ્યા વગર ચાલ્યા જવું તે સામી વ્યક્તિને ઓપન કઠોર સજા કરી જ કહેવાયને? કોઈ પણ જાતના ગુના વગર કરવામાં આવેલી સજા. જા, તું મને શોધ્યા કર અને હું તને ક્યારેય ન મળું. બચપણમાં રમેલી હાઈડ એન્ડ સીકવાળી તો આ રમત નહોતીને? આ તો એવી રમત થઈ કે હું છું તેની પ્રતીતિ તમારું મન કર્યા કરે અને પછી અંધારામાં અટવાયા કરે. અચાનક જ પોતાની ઈચ્છાથી ચાલી ગયેલી વ્યક્તિનો સ્પષ્ટ કે અસ્પષ્ટ આભાસ મળે જ નહીં છતાય એક આશામાં જીવન જીવ્યા કરવાનું. કોઈ સ્વજન ગુજરી જાય તો હૃદય સમજી જાય કે હવે પાછો ક્યારેય મેળાપ નહીં થાય અને પછી ધીમે ધીમે સ્વજનને ભૂલી જવાનો પ્રયાસ કરે.

તમે તો જાણે હું જ બનીને બોલી રહ્યા છો. આ જ સવાલ મારા મને ઘણીવાર પૂછ્યો છે. પણ જવાબ નથી મેળવી શકી. તેમને મારી સાથે રહેવાનું ન ફાવતું હોત તો મને સ્પષ્ટ કહી શકતને! છૂટાછેડા પણ તેનો ઉપાય હતો. પણ તેમણે તેવી કોઈ ચોખવટ નથી કરી. કહીને જનાર વ્યક્તિ માટે તે હવે પાછી નહીં જ ફરે તે વાત મન ધીરે ધીરે સ્વીકારી શકે, પણ કશું જ કહ્યા વગર ચાલ્યા જનારની પાછા ફરવાની આશા કેમેય કરીને મુકાતી નથી.

ક્યારેક એમ થાય છે કે આર્થિક રીતે મને તો કોઈ જ મુશ્કેલી નથી. બધું તેઓ હતા ત્યારે ચાલતું હતું તેમજ ચાલે છે. તેઓ શું કરતા હશે? હાથમાં લીધેલો કોળિયો મોંમાં જઈ શકતો નથી. તેઓ ભૂખ્યા તો નહીં હોય ને? આકાશમાં તારા કેટલા? મૃત્યુ પછી શું? બ્રહ્માંડની વિશાળતા કેટલી? વગેરે સવાલોના જેમ જવાબ નથી આપી શકાતા તેવી રીતે મને લાગે છે કે તેઓ ક્યાં છે તે સવાલનો જવાબ પણ મને કોઈ આપી શકે નહીં.

તેં તેમના ચાલ્યા જવાના બીજા કોઈ કારણની કલ્પના કરી? કદાચ બીજી કોઈ સ્ત્રી....

એવું હોય પણ ખરું. એ કારણ વિશે મને વિચારો આવ્યા છે. પણ ક્યાંયથી એક નાનીશી કડી હું મેળવી શકી નથી.

આપણે હવે ઊતરવાનું સ્થળ નજીક આવી રહ્યું છે. માનું છું કે અનંત રઝળપાટ પછી તું તારા ઘેર પાછી ફરી રહી છે.

હા, હું મારા ઘરે જ જઈ રહી છું.

મારી એક વાત માનીશ?

કહો.

તેના અવાજમાં કોઈ જિજ્ઞાસા નહોતી. પોતે તો છ મહિનાની એકલતામાં બીજું કંઈ જ વિચારી શકતી નહોતી. કદાચ હું તેને કંઈક એવી વાત કરું કે જે તેને એક સાફસૂથરી કેડી પર ચાલવા લલચાવે. સમયને ઘા રૂઝાવા માટેનો સમય તેણે આપી દીધો છે. જો તે ઘાને ફરી ફરી ખોતરતી રહેશે તો સમય પણ તેને મદદ નહીં કરી શકે. પણ તે પણ હવે સંબંધમાં ઉઠેલા આ વાવાઝોડા પછીની શાંતિ ઝંખે છે. તેને પણ હવે કોઈ નક્કર નિર્ણય લેવો છે. હું તો તેના માટે સાવ જ અજાણ્યો હતો. પણ ક્યારેક અજાણી વ્યક્તિ પર પણ આપણે ભરોસો મૂકવા લલચાઈ જઈએ છીએ. માનો કે એક જાતનો દાવ લગાવીએ છીએ.

મારે તેને કહેવું હતું કે આટલી નાની વયમાં તમે ઘણું સહન કર્યું. હવે બસ, મનને રોકી દો. બીજી ઘણી પ્રવૃત્તિ છે. મનને તેમાં પરોવી શકાય. કંઈ પણ કહ્યા વગર જે ચાલ્યા ગયા છે તેમની સાથે બાંધેલો મનનો છેડો ફાડી નાખ. આવું બધું મારે તેને કહેવું હતું. ત્યાં જ તે બોલી, 'હવે હું તમારા મનની વાત કહી શકું તેટલી જ્ઞાની બની ગઈ છું.' તેનો ચહેરો હાસ્યને કારણે ખૂબ જ શોભી ઊઠ્યો. તે કહેવા લાગી, તમે સાચા છો. હું કોઈને પણ નહોતી સમજી શકી અને કોઈ મને નહોતું સમજી શક્યું. જો મારા ભાગ્યમાં લખ્યું હશે અને જો ઈશ્વર ઈચ્છા હશે તો અમે બંને જરૂર મેળાપ પામશું. નહીં તો હવે હું મારી રીતે જીવન જીવવાનો, આનંદથી જીવન જીવવાનો પ્રયત્ન કરીશ. એક રસ્તો બંધ થઈ જાય પછી એ રસ્તા પર તાકતા ઊભા રહેવાનો કોઈ જ અર્થ નથી. કુદરતની જાદુઈ લાકડી બીજો રસ્તો જરૂર ખોલી આપે છે. પછી પાછળ નથી જોવાનું હોતું.

બસ, આ જ મતલબનું મારે તેને કહેવું હતું. આપણી ઉંમરમાં ખાસ્સો તફાવત છે. પણ મેં તેને કહેલી વાતો એક વડીલની શિખામણથી નહીં પણ એક મિત્રની લાગણી છે. અને બીજી એક વાત, સમાજથી ડરતી નહીં. આનંદથી જીવવાનો તારો અધિકાર છે. તે અધિકારને જતો ન કરીશ. આટલું કહેતાં મેં ઊભા થતાં તેને મારું કાર્ડ આપ્યું. ક્યારેક મન થાય તો જરૂર તારી ખુશીના સમાચાર મને આપજે.

હવે તેને સમજાય છે કે કોઈ પણ રાહ પર હું ચાલવાનું પસંદ કરીશ તે અજાણી રાહ તો જરૂર હશે, પણ અસ્પષ્ટ નહીં હોય. હવે કોઈને 'આ ફૂલોની સુગંધ તમે જોઈ?' તેવા મતલબનું પૂછવાનો સવાલ જ ઊભો નહીં થાય. હવે હું ખુશ જ રહીશ.

*'અમીધારા', ૧૫/બી, પારસ સોસાયટી,*
*ગીતા મંદિરની સામે, જામનગર.*
*મો. ૯૮૨૫૨ ૯૯૭૯૭*

# ડેડી, આઈ લવ યુ!!!

પ્રેષક : જાદવજી કાનજી વોરા

આજે માઈકલના આનંદનો પાર ન હતો. કેટલાંય વરસોથી સેવેલું તેનું બચપણનું સપનું આજે પૂર્ણ થયું હતું. નાનપણથી જ તે મહત્ત્વાકાંક્ષી હતો. બાળપણના અતિ કઠિન દિવસોમાં પોતાના કુટુંબનું પેટ ભરવા માટે તેના પિતા મિલની નોકરી કરવા માટે રોજ ચારેક માઈલ પગે ચાલીને જતા તે તેનાથી જોયું જતું ન હતું. તે પોતાના પિતાને ખૂબ જ પ્રેમ કરતો હતો. છ ભાઈ-બહેનો અને માતા-પિતા એમ આઠ જણના પરિવારનું ભરણપોષણ કરવા માટે માતા અને પિતા બંનેને તનતોડ મહેનત કરતાં જોઈને નાનકડા માઈકલને વિચાર આવતો કે ક્યારે તે મોટો થાય અને પોતાના માવિત્રોને જગતની સહુથી મોંઘી એવી બી.એમ.ડબલ્યુ. કારમાં બેસાડીને તેમને શહેરની સફર કરાવે. હા, તેનું પૂર્ણ થયેલું સ્વપ્ન જોવા માટે હવે જો કે તેનાં માતા-પિતા તો આ જગતમાં રહ્યાં ન હતાં. હવે તેના કુટુંબમાં ફક્ત તેની પત્ની તથા જેને તે બહુ જ પ્રેમ કરતો હતો એ નાનકડો વહાલો પાંચ વરસનો પુત્ર જોન રહ્યાં હતાં. શો રૂમમાંથી હમણાં જ તેને પોતાની નવીનક્કોર બી.એમ.ડબ્લ્યુ. નો કબજો મળ્યો હતો. આનંદથી તે ફૂલ્યો સમાતો ન હતો. પોતાને તે પૃથ્વી પરનો સહુથી સુખી માનવી તરીકે નિહાળી રહ્યો હતો, પરંતુ કાળના ગર્ભમાં શું છુપાયું છે તેની કોને જાણ છે?

આજે સંધ્યાકાળે પોતાની પત્ની તથા વહાલા પુત્ર જોનને નવી કારમાં બેસાડીને લાંબે સુધી કાર હંકારીને શહેરની સહુથી મોંઘી હોટલમાં કેન્ડલ લાઈટ ડિનર માટે લઈ જવાનો તેણે પ્લાન કર્યો હતો. ઓચિંતા જ તેની નજર બંગલાના ગેરેજમાં ઉભેલી પોતાની કાર પર પડી. અરે, આ શું? નાનકડો જોન હાથમાં પથ્થર લઈને નવી બી.એમ.ડબલ્યુ. પર મસ્તીથી કાંઈક લિસોટા કરી રહ્યો હતો. ખલ્લાસ. માઈકલનું મગજ છટક્યું અને ગુસ્સાનો પાર ન રહ્યો. ભગીરથ પ્રયત્નો પછી પૂર્ણ થયેલ પોતાના જીવનનું સ્વપ્ન જાણે કે રોળાતું હોય એવું લાગ્યું. દોટ મૂકીને હાથમાં પથ્થર આવ્યો... લીધો અને જોનના હાથ પર ધાડધાડ કરતાં ઉગામ્યો. બિચારો જોન ચીસો પાડી રહ્યો હતો અને માઈકલ તેના હાથની આંગળીઓ પર પથ્થર ઝીંક્યે જતો હતો. ક્રોધમાં આવેલા મનુષ્યના હાથે શું કુકર્મો નથી થતાં! થોડીક વારની બૂમાબૂમ પછી હવે માઈકલને ભાન આવ્યું. તે તથા પુત્ર બંને રડી રહ્યા હતા. ગુસ્સાથી ઘવાયેલા જોનને તુરત જ હોસ્પિટલમાં ખસેડવો પડ્યો. ઓપરેશન થિયેટરમાં લાંબા ઓપરેશન પછી જોનને બહાર લાવવામાં આવ્યો. જોન બચી તો ગયો હતો પણ... તેની પાંચેય આંગળીઓ કાપી નાખવામાં આવી હતી.

થોડીક વાર પછી ભાનમાં આવતાં જોનની આંખો ખૂલી. અત્યંત ઢીલા અવાજે તેણે પોતાના પિતાને કહ્યું, "ડેડી, આઈ લવ યુ. મને માફ કરો. મેં તમારી ગાડી ખરાબ કરી, પણ તમે ચિંતા કરતા નહીં. હું ઘરે ચાલીને મારી પિગ્ગી બેન્ક તમને આપી દઈશ. એમાં રહેલા પૈસાથી તમે તમારી કાર રિપેર કરાવી લેજો." પાંચ વરસનો નાનકડો બાળક પોતાને કાર સમારવા માટે સલાહ આપી રહ્યો હતો. પિતા રડી રહ્યા હતા. ત્યાં જ જોનની નજર પોતાની કપાયેલી આંગળીઓ પર પડી અને પિતાને પૂછી બેઠો, "ડેડી, મારી આ આંગળીઓ હવે પાછી ક્યારે ઊગશે?" ધ્રુસકે ધ્રુસકે રડી રહેલો બિચારો પિતા હવે નિર્દોષ જોનને શું જવાબ આપે? જોનનો પોતાના પિતા પરનો વિશ્વાસ હવે ડગમગી ગયો હતો. જગતમાં પોતાને સહુથી વધારે સુખી માનતો માઈકલ હવે પોતાને સહુથી દુઃખી માની રહ્યો હતો. ગુસ્સામાં આવીને આચરેલા એક કૃત્યનું કેવું ભયાનક પરિણામ!

અઠવાડિયાના હોસ્પિટલાઈઝેશન પછી આજે જોનને ઘરે લાવવામાં આવ્યો હતો. થોડાક શાંત થયા પછી હવે માઈકલને પોતાની બી.એમ.ડબલ્યુ. યાદ આવી. મન ખિન્ન થઈ ઊઠ્યું. ગુનાહિત માનસ સાથે તે ગેરેજમાં પડેલી દુનિયામાં સૌથી મોંઘી એવી પોતાની કાર તરફ આગળ વધ્યો. જોને કાર પર જે લિસોટા પાડ્યા હતા એ તરફ નજર પડી. ત્યાં એણે જે જોયું એ જોઈને તે ધ્રુસકે ધ્રુસકે પોક મૂકીને રડવા લાગ્યો. જોનના લિસોટા અલગ પ્રકારના હતા. ત્યાં જોને લખ્યું હતું, "ડેડી આઈ લવ યુ!!!" હવે માઈકલ શું બોલે!!!!

ક્રોધ એ સર્વ પાપોનું મૂળ છે. ક્રોધનું પરિણામ અત્યંત ગંભીર હોય છે. જીવનમાં બનતી પ્રત્યેક ઘટનાને ખૂબ જ હળવેકથી, ભારે-ભરખમ અસર લીધા વિના પસાર કરી દેતાં જેને આવડે તે જ માણસ સુખી થઈ શકે છે. કોઈ પણ ઘટનાને હળવાશથી લેવાથી જબ્બર નુકસાન થતું અટકી જાય છે. બી.એમ.ડબ્લ્યુ. કાર તો બીજી આવી શકશે, પણ જોનની કપાયેલી આંગળીઓ? પુત્રનું ભાંગી ગયેલું દિલ? પોતાના પ્યારા માસૂમ પુત્રનો ડગમગી ગયેલો વિશ્વાસ હવે કેવી રીતે પાછો આવશે? ઢોળાયેલા દૂધ પર જેમ અફસોસ કરવાથી કંઈ જ વળતું નથી એમ એક વખત ક્રોધ કર્યા પછી એનાં પરિણામો ભોગવ્યા સિવાય પણ કાંઈ જ બાકી રહેતું નથી. ચાલો, હવેથી ક્રોધને સ્થાને ક્ષમાને સ્થાન આપીએ અને અન્યોને તો શાતા પમાડીએ જ, પણ આપણે પોતે શાતાનો અનુભવ કરીએ!!! ■

# ખાલી ખુરશી!!

ડૉ. આઈ.કે. વીજળીવાળા

એક ખૂબ જ બીમાર અને ઘરડા માણસની દીકરીએ ચર્ચના પાદરીને ફોન કરીને પોતાના ઘરે બોલાવ્યા. જિંદગીના છેલ્લા દિવસોમાં પોતાના પિતાને બાઈબલનું થોડુંક પઠન સાંભળવા મળે એવી તેની ઈચ્છા હતી.

પાદરી આવ્યા ત્યારે એ બહેન ક્યાંક બહાર ગઈ હતી. પાદરી અંદરના રૂમમાં એ બીમાર માણસ પાસે પહોંચ્યા. ખોળામાં બે ઓશીકાં રાખીને એના પર માથું ઢાળી, એ માણસ બેઠો હતો. એનો શ્વાસ ધમણની માફક ચાલતો હતો. શ્વાસની બીમારીના કારણે લાંબા થઈને સૂવું એના માટે શક્ય જ નહીં હોય એવું લાગતું હતું. એના ખાટલાની બાજુમાં એક ખાલી ખુરશી પડી હતી. કદાચ એ માણસની દીકરીએ પોતાના આવવાની એને જાણ કરી દીધી હશે એવું ધારીને પાદરી બોલ્યા, 'શું મારી જ રાહ જોતા હતા?'

'નહીં તો! તમે કોણ છો? પાદરી છો?' એ માણસે હાંફતાં હાંફતાં કહ્યું.

'હા!' પોતાની ઓળખાણ આપતા પાદરીએ જવાબ આપ્યો. પછી બાજુની ખાલી ખુરશી તરફ આંગળી ચીંધતાં એ બોલ્યા, 'આ તો ખાલી ખુરશી અહીં મૂકેલી જોઈ એટલે મને એમ કે મારા આવવાની તમને જાણ થઈ ગઈ હશે!'

'કઈ ખુરશી? આ? અરે આ ખુરશી તો...!' એ માણસ બોલતાં બોલતાં અટકી ગયો. થોડી વાર સુધી પાદરી સામે જોયા પછી એણે કહ્યું, 'ફાધર! તમે મારા રૂમનો દરવાજો બંધ કરી દેશો ખરા? માફ કરજો, પણ હું અહીંથી ઊભો નથી થઈ શકતો એટલે તમને આ કામ સોંપું છું.'

ફાધરને નવાઈ લાગી. રૂમનું બારણું બંધ કરીને એ પેલી ખુરશીમાં બેસવા ગયા. પેલા માણસે તરત જ એમને ત્યાં બેસવાની ના પાડી અને પોતાની બાજુમાં ખાટલા પર બેસાડ્યા. પછી ધીમેથી બોલ્યો, 'ફાધર! મારે તમને એક વાત કહેવી છે. આજ સુધી મેં કોઈને એની જાણ કરી નથી. મૂળ હકીકત એમ છે કે ચારેક વરસ પહેલાં મને દમની આ બીમારી લાગુ પડી. એ વખતે ખાટલાવશ થઈ જવાને કારણે હું ખૂબ જ હતાશ થઈ ગયો હતો. ખાટલા પરથી ઊઠીને બે ડગલાં ચાલી પણ ન શકાય એવી મારી પરિસ્થિતિ થઈ ગઈ હતી. રાતદિવસ મને મરવાના વિચારો જ આવતા. એ સમયે મારા એક મિત્રે મને કહેલું કે ભગવાન સાથે વાતો કરવાથી હતાશા જતી રહેશે!'

'ભગવાન સાથે?' પાદરીથી વચ્ચે પુછાઈ ગયું.

'હા, ભગવાન સાથે! મારા મિત્રે કહેલું કે આપણી સામે એક ખાલી ખુરશી રાખવાની અને પછી ભગવાન ત્યાં બેઠા છે એમ ધારીને એની સાથે વાત કરવાની!'

મારી દીકરી મને ગાંડો ન માની બેસે એટલે એ ઘરમાં ન હોય ત્યારે કલાકો સુધી હું એ ખુરશી સાથે વાતો કરતો રહું છું અને ફાધર! તમે કદાચ નહીં માનો, એકાદ ક્ષણ અટકી એ માણસે ખાલી ખુરશી સામે જોયું. તેની આંખ ભરાઈ આવી. થોડીવાર એમ જ ચૂપ રહ્યા પછી એણે કહ્યું, 'તમે કદાચ નહીં માનો ફાધર, પણ છેલ્લા કેટલાક દિવસથી હું ખાલી ખુરશી સાથે વાત નથી કરતો.'

'તો?' પાદરીએ પૂછ્યું.

'ભગવાન સાથે વાતો કરું છું.' ગળગળા અવાજે એ બોલ્યો, 'ખુદ ભગવાન ત્યાં આવીને બેસે છે, મારી વાતો સાંભળે છે અને મારી સાથે વાતો પણ કરે છે. આ તો તમે આવ્યા છો એટલે એ બોલતા નથી, ચૂપચાપ બેઠા છે!'

પાદરીએ ખુરશી સામે જોયું. એમને તો ત્યાં ખાલી ખુરશી સિવાય બીજું કાંઈ દેખાયું નહીં, પરંતુ પેલા માણસની અદ્ભુત શ્રદ્ધા એમને હચમચાવી ગઈ. ભગવાનની આટલા નજીક પહોંચી ગયેલા માણસને પોતે હવે શું વધારે ધાર્મિક જ્ઞાન આપી શકશે? એવો વિચાર પણ એમને આવી ગયો. છતાં પોતાની ફરજના ભાગરૂપે બાઈબલમાંથી પઠન કરી એ પાછા ફર્યા.

બે દિવસ પછી સાંજની પ્રાર્થના વખતે પાદરી પર પેલા માણસની દીકરીનો ફોન આવ્યો. એણે સમાચાર આપ્યા કે એના પિતા એ સાંજે મૃત્યુ પામ્યા હતા.

'ભગવાનની ઈચ્છા' પાદરી બોલ્યા, 'હું આશા રાખું છું કે એ શાંતિનું મૃત્યુ હશે.'

'હા ફાધર! મારા પિતાજીએ આજે બપોરે બે વાગ્યે મને બોલાવીને ખૂબ વહાલથી વાતો કરી મારી ક્ષમા માગી. પછી ચારેક વાગ્યે હું બાજુના સ્ટોરમાં થોડી વસ્તુ ખરીદવા ગઈ હતી. પાછી આવી ત્યારે એ મૃત્યુ પામ્યા હતા, પરંતુ ફાધર, મેં એક ખૂબ જ વિચિત્ર વસ્તુ જોઈ!' એ બહેને નવાઈના ભાવ સાથે કહ્યું.

'શું?' ફાધરે પૂછ્યું.

'આટલાં વરસથી ખાટલા પરથી નીચે ડગલું ન મૂકી શકતા મારા પિતાજી, ગુજરી ગયા ત્યારે નીચે જમીન પર બેઠા હતા અને એમનું માથું એમના ખાટલાની બાજુમાં પડેલી ખાલી ખુરશી પર હતું!'

પાદરી અવાચક બની ગયા. એમની આંખોમાંથી આંસુની ધાર વહી નીકળી. ફોન મૂકતાં એ એટલું જ બોલી શક્યા, 'હું ઈચ્છું છું બહેન! કે મારું મોત પણ આવું જ થાય!' ■

# I LOVE YOU DEAR...

ભદ્રાયુ વચ્છરાજાની

એક નાનકડો છોકરો આઈસક્રીમની દુકાનમાં ગયો. વેઈટરને પૂછ્યું. 'મોટો કપ કેટલા રૂપિયાનો આવે?' જવાબ મળ્યો, 'પંદર રૂપિયાનો.' છોકરાએ પોતાની પાસેના પૈસા ગણ્યા. ફરી તેણે પૂછ્યું, 'નાનો કપ કેટલાનો આવે?' જવાબ મળ્યો, 'બાર રૂપિયાનો'. નાનકડા છોકરાએ નાનો કપ લીધો. પૈસા દીધા, ત્યાં બેસી આઈસ્ક્રીમ ખાધો ને ટેબલ છોડી ગયો. વેઈટર જ્યારે ટેબલ પાસે ગયો ત્યારે ખબર પડી કે છોકરો ત્રણ રૂપિયા ટીપના મૂકીને ગયો હતો! પેલા વેઈટરની આંખ ભીની થઈ ગઈ. અન્ય માટે જતું કરવાની ખેવના તે પ્રેમ.

કોઈને તમે પ્રેમ કરો છો તે શું બોલવાની વાત છે? ના, એ તો અભિવ્યક્ત કરવાની વાત છે..પણ જ્યારે શબ્દો ખૂટી જાય અને સંવેદના બુઠ્ઠી થઈ જાય ત્યારે શું કરવું? અપાર ક્રોધની ક્ષણે પણ શું કોઈને કહી શકાય ખરું કે 'હું તને પ્રેમ કરું છું?' જરા વિચારો તો ખરા.

એક દંપતી. ઘણાં વર્ષો પછી તેને બાળક અવતર્યું. વહાલું બહુ. હોય જ ને. ઘણાં વર્ષે આવેલું એટલે તો સાત ખોટનું. પતિ પત્ની બંને માટે બાળક તો હવે જાણે જીવનનું હૃદય. બાળક બે વર્ષનું હતું ત્યારે એક ઘટના બની. એક સવારે પતિએ દવાની એક શીશીનું ઢાંકણ ખુલ્લું જોયું. તેને કામે જવાનું મોડું થતું હતું એટલે એમણે પત્નીને ખહ્યું કે, 'દવાની શીશીનું ઢાંકણ બંધ કરી શીશીને કબાટમાં અંદર મૂકી દે.' માતા રસોડામાં કામમાં વ્યસ્ત હતી. એમણે પતિને હા તો પાડી દીધી, પણ તે તેમ કરવાનું સદંતર ભૂલી ગઈ.

બાળક રમતાં રમતાં પેલી દવાની બોટલ સુધી પહોંચ્યું. તેણે બોટલ હાથમાં લીધી. તેમાં રંગીન દવા જોઈ તે રાજી થયું. બાળક તો જે વસ્તુ હાથમાં આવે તે મોઢામાં જ નાખે. બાળક બોટલ મોઢે માંડીને તેમાંની રંગબેરંગી દવા ગટગટાવી ગયું. તે બોટલમાં દવા હતી તે પુખ્ત વ્યક્તિ માટે હતી અને થોડા ડોઝમાં જ લેવાની હતી. એક સાથે પી જવાની ન હતી. બાળકને ધીમે ધીમે ઝેરી અસર થવા લાગી. મા તરત તેને લઈને હોસ્પિટલે દોડી. સારવાર શરૂ થાય તે પહેલાં બાળકનું અવસાન થયું! માતા ભાંગી પડી. પોતાના પતિને પોતે કેવી રીતે મોઢું દેખાડશે તે ભયમાં જ માતા તો અવાચક થઈ ગઈ. બાળકને ગુમાવનાર પિતા હોસ્પિટલે દોડી આવ્યો. પત્ની સામે જોઈને તે થોડા જ શબ્દો બોલ્યો, જરા વિચારો તો એ ક્યા શબ્દો હશે? આક્રોશ હશે, દુઃખ હશે, આક્રંદ હશે, ઠપકો હશે, ધમકી હશે, ત્રાડ હશે? શું હશે એ શબ્દોમાં? જરા વિચારો.

જેની ભૂલથી બાળક દવાની શીશી ગટગટાવી ગયું તે પત્નીનો પતિ પોતાની પત્નીને લાગણી અને હૂંફથી ગળે વળગાડી એટલું જ બોલે છે, 'I Love Your Dear, પ્રિય, હું તને ચાહું છું, હું તારી સાથે છું.' પ્રશ્ન થાય કે આવું શું બોલી શકાય ખરું? બાળક જેની ભૂલને લીધે ગયું તેને એ પળે આવું કહી શકાય? જેના પ્રત્યે ધિક્કાર અને તિરસ્કાર છૂટે તેને આવા વહાલા શબ્દો કહી શકાય ખરા? ના, આપણે તો આવું ન કહી શકીએ. ગુસ્સો ફાટી પડે. ત્રાડ નખાઈ જાય. કદાચ હાથ પણ ઊપડી જાય. સાત ખોટનું એકનું એક સંતાન ગુમાવ્યું છે એક નાદાન ભૂલને કારણે!

આ કંઈ જેવી તેવી વાત છે? પણ ના, પતિએ સહિષ્ણુ બની દેવતાનું રૂપ ધારણ કર્યું. પત્નીને છાતીસરસી ચાંપી આંસુની ધારા વચ્ચે બોલ્યો, 'ચિંતા ન કરીશ, હું તને ચાહું છું...' માનવીય સંબંધોની આ દિવ્ય વ્યાખ્યા!

બાળક હવે નથી. બાળક ફરી જીવિત થવાનું નથી. માતાનો દોષ કાઢવાનું કારણ નથી, કારણ, એમ તો દોષ પિતાનો પણ છે જ ને. એમણે જ બોટલનું ઢાંકણ ખુલ્લું જોયેલું પહેલાં. એમણે ઢાંકણ બંધ કરી શીશી લઈ લેવાને અગ્રતા ન આપી, ને પત્નીને આદેશ આપ્યો! શાનું પ્રાધાન્ય હતું, ઢાંકણ બંધ કરવાનું કે કામે જવાનું? બંનેએ સંતાન ગુમાવ્યું હતું. બંનેની ભૂલ હતી. કોણ કોને દોષ દે? પહેલાં ભૂલ કરી તે દોષિત કે પછી ભૂલ કરી તેનો વાંક? આ પળે બંનેને શાની જરૂર હતી? ગુસ્સાની, ક્રોધની, ઠપકાની કે પછી એકબીજાની હૂંફની, સધિયારાની, લાગણીની? બસ તો પછી. પતિએ જે કર્યું તે જ કરવું જોઈએ ને?

પ્રેમ એ એક પણ શબ્દ બોલ્યા વગર હિંમત રાખવાનું શીખવે છે. જ્યારે આપણને મરી જવાનું મન થાય, જ્યારે આપણું અતિપ્રિય આત્મીયજન ગુમાવીએ ત્યારે જ ટકી જવા ટેકો કરે તે પ્રેમ છે. દુઃખની કપરી પળે કોઈ એટલું જ કહે કે, 'હું તારી સાથે છું' તો તો દુઃખનો દરિયો તરી જવાય. પ્રેમ એટલે કશુંક આપણી જ ભૂલથી થયું છે તેની ખબર હોય છતાં આપણું જ સ્વજન એ ભૂલને યાદ પણ ન કરે તે પળ. આને જે કહેવું હોય તે કહો. પ્રેમ કહો, અહિંસા કહો કે સાક્ષાત્ ભગવાન મળ્યાની અનુભૂતિ કહો! નામ જે આપો તે, પણ સાચો સદ્વ્યવહાર આ છે.

*કવિ વિપીન પરીખની પંક્તિઓમાં સાર કહી દઉં?*

***'હું તને એમ નહીં પૂછું***
***કે તારી આંખમાં આંસુ કેમ છે?***
***હું તને એમ કહીશ કે***
***આવ મારી બાજુમાં બેસ...'***

■

# સાંઢણી

વીનેશ અંતાણી

મુસ્તાક વરસાદ રહી ગયા પછી ટપકતા બાવળ નીચેથી ખસ્યો નહીં. સાંઢણી પણ ભીંજાઈ ગઈ હતી; પણ અહીં ચોમાસામાં બેએક ઝાપટાં આવે, એટલે વરસાદને શક્ય એટલો અનુભવી લેવાની લાલચ મુસ્તાક કે સાંઢણી રોકી ન શક્યાં.

ગઈ કાલ સુધી તો રેતનું અંધડ ફૂંકાતું હતું. આકાશ પણ બળીબળીને રાખ થઈ જાય ત્યાં સુધી ઉનાળો ચાલ્યો હતો. રાતે થોડાં વાદળાં બંધાયાં હતાં; પણ સવાર થતાં આકાશ ફરીથી કાળઝાળ બળવા માંડ્યું હતું. માત્ર રેતીનું તોફાન અટકી ગયું હતું. વાતાવરણમાં કશુંક અપેક્ષિત હતું,. કશુંક દબાયેલું. મુસ્તાકે વાતાવરણની ચૂપકીને અનુભવી હતી, પછી એ અપેક્ષાના ભાવ સાથે જ રોજના ક્રમ પ્રમાણે બપોરની ઊંઘ ખેંચવા બાવળના ઝાડ નીચે ખાટલો ખેંચીને સૂતો.

ઊંઘમાં હતો ત્યારે જ વરસાદ ઘેરાયો અને વરસવો શરૂ થયો ત્યારે મુસ્તાકની આંખ ઊઘડી ગઈ. જોયું તો વરસાદ. એ બેઠો થઈ ગયો હતો. માની ન શક્યો. વચ્ચેથી કપાયેલી ઊંઘની બેચેની અને સૂતો એ પહેલાં જે ભાવ લઈને સૂતો હતો તે બંનેને લીધે એ વરસાદ જોઈને ઉદાસ થઈ ગયો. કોઈ પણ કારણ વિના એને લાગ્યું કે એણે ન ધારેલું બની રહ્યું છે, કશુંક છટકી રહ્યું છે, પગ નીચેથી નીકળી રહ્યું છે.

સાંઢણી સામે જોયું તો એ વાગોળતી હતી. આકાશ તરફ જોયા વિના એ જાણે આખા આકાશની આરપાર જોઈ શકતી નથી. સાંઢણીની ડોક પણ મુસ્તાક તરફ વળી અને એ ગાંગરી. મુસ્તાકને એના અવાજમાં ખટક સંભળાઈ. આવું કેમ થાય છે? સાંઢણી હવે હવા સૂંઘતી હતી અને ડોક ફેરવી ગઈ હતી.

એ ખુશ હતો પોતાની સાંઢણી પર. ખૂબ પ્રેમ કરતો. એના પગે ઘૂઘરી પણ બાંધી હતી. એ દૂરથી આવતી હોય તોયે વાંઢના લોકોને ખબર પડી જાય કે આ તો મુસ્તાકમિયાંની સાંઢણી આવે છે; પણ વિચાર પૂરો થાય એ પહેલાં તો સાંઢણી સીમમાં આવી ગઈ હોય. વિચારનારની પડખેથી ક્યારે પસાર થઈ જાય એની ખબર પણ ન પડે. માત્ર ઘૂઘરીઓનો દૂર ચાલ્યો જતો અવાજ સંભળાય. મુસ્તાક કહેતો, આકાશમાં વીજળી થાય તે પહેલાં તો મારી સાંઢણી નાનું રણ ઊકરી જાય. સાંભળનાર અજાણ્યો હોય તો જ વાત ન માને, બાકી મુસ્તાક જે કહેતો હોય એ વાત બધા જ જાણતા જ હોય.

મુસ્તાક મસ્ત હતો. કશું જ કરે નહીં. આખો દિવસ ભૂંગા પાસેના બાવળ નીચે ખાટલો નાખીને પડ્યો હોય. ગાંજો લગાવીને સૂતો હોય. હુકલી પીધા કરે. ખાટલા પર અજરખ પાથરી હોય અને બીજો હાથ સૂકાવાળ પર ફેરવે એટલે એના પર અસંખ્ય સળ પડી ગયા હોય. મુસ્તાકને ટૂંટિયું વાળીને સૂવાની ટેવ હતી. કામ વિના એની સાથે કોઈ વાત ન કરે અને મુસ્તાક સાથે લોકોને બહુ કામ પડે નહીં. એ એકલો જ હતો અને એની સાંઢણી હતી.

એ કાંડા પર ઘડિયાળ બાંધતો. ઊંઘમાં એના નીચે લટકતા હાથમાં બાંધેલું ઘડિયાળ જોવા છોકરાંઓ નીચે બેસી જાય. એ જયારે ઘડિયાળ લઈ આવ્યો ત્યારે તો મોટા પણ તાક્યા હતા. એ જાણે જંગ જીતી આવ્યો હતો. આખી વાંઢમાં કોઈ પાસે ઘડિયાળ નહોતું. દસ ખૂયરા (કૂવા) ના માલિક સિદ્દીક પાસે પણ ઘડિયાળ નહોતું; પણ કોઈએ એને ઘડિયાળ વિશે કશું જ પૂછ્યું નહોતું.

એનું ભૂંગું નાનું હતું, પણ વર્ષોથી એમાં બીજું કોઈ પ્રવેશ્યું નહોતું. એ ક્યારેય બારણું વાસતો નહીં. વાંઢમાં ન હોય ત્યારે પણ એનું ભૂંગું ખૂલ્લું જ હોય, છતાં કોઈ અંદર ન જાય.

આખો દિવસ લુંગી ચડાવીને પડ્યો હોય. ઊંઘતાં ઊંઘતાં જ દિવસ પસાર કરે. સાંજ પડે એટલે બેઠો થાય. વાંઢ બહાર આવેલા ખુલ્લા લાંબા મેદાનની ક્ષિતિજમાં સૂર્ય તગતગતો હોય. એ ઊભો થાય. ખાટલા નીચે એકઠાં થયેલાં ખાવાનાં વાસણો ઉપાડીને ધોઈ નાખે. કાળા લાંબા ખમીસ પર લટકતાં ચાંદીનાં બટન પર હાથ ફેરવે. બીજો હાથ સૂકા વાળ પર ફેરવે એટલે ધૂળ ખરે. આકાશ તરફ જુએ. ત્રણ પથ્થરની વચ્ચે ઝાંખરાં બાળીને કાળી થઈ ગયેલી તપેલીમાં ચા ઉકાળે. એકીશ્વાસે એક ઘૂંટમાં ચા પી જાય. ખાટલા પર બેસીને અફીણ લે. પછી હુકલી સળગાવે અને હુકલી પર ધીરે ધીરે બળ્યા કરતો સમય રાતના અંધકારમાં ચમકવા માંડે ત્યારે એ ઊભો થાય, સાંઢણી છોડે અને ઊપડી જાય. દૂરદૂર અંધકારમાં ગરક થઈ જાય. રાતે સાંઢણી દોડે ત્યારે ઘૂઘરી છોડી નાખી હોય. સપાટ જમીન પછી ડામરની સડક આવે, પણ એ આડવાટ લે.

રણની ખારી જમીન પર સાંઢણીનો પગ પડે અને મુસ્તાકની આંખમાં ચમક આવે. ચારે તરફ અંધકાર હોય. રણની ભેંકાર રાતમાં સતત ફૂંકાતા પવનને લીધે કાનમાં બહેરાશ આવી જાય. એનું નાક હવા સૂંઘે. ચારે તરફ નજર ઘૂમતી હોય.

રાત આગળ જાય એટલે એ નીચે ઊતરે. સાંઢણી પર કોથળો મૂકીને મુસ્તાક ઇશારો કરે એટલે ફરીથી રાતના અંધકારમાં સબસબ કરતી સાંઢણી પાછી ફરે. હવે મુસ્તાકની આંખમાં જરા ઊંઘ ભરાઈ હોય. પાછલી રાતનો પવન ઠંડો થઈ ગયો હોય. મુસ્તાક બીડી પર બીડી ફૂંકતો જાય. સાંઢણી રસ્તો બદલે. આ વખતે ડામરની સડક પર દોડે. થોડી દૂર જાય પછી ઊભી રહે. મુસ્તાક કોથળો નીચે ઉતારે. અંધકારમાંથી એક ટેક્સી નજીક આવી જાય. અંધકારમાં હાથ લંબાવીને મુસ્તક પૈસા લે અને કોથળો ટેક્સીમાં ફેંકી દે. પાછલી રાતની સુગંધિત હવામાં ટેક્સીની પેટ્રોલી વાસ ફેલાઈ જાય ત્યારે પહેલી વાર સાંઢણી ગાંગરે. મુસ્તાક એની ડોક પર હાથ ફેરવે અને પગમાં ઘૂઘરી બાંધી દે, પછી પાછો સાંઢણી પર દોડવા માંડે. હવે એ આરામથી બેઠો હોય. માથામાં ભરાયેલી ઊંઘ આંખમાં આવવા દે. એકાદ ઝોલું ખાઈ લે ત્યાં સાંઢણી મરિયમના ભૂંગા પાસે ઊભી હોય.

ઘૂઘરીનો અવાજ સાંભળીને મરિયમે બારણું ઉઘાડી નાખ્યું હોય. મુસ્તાક નીચે ઉતરે અને બારણામાં ઊભેલી મરિયમને હાથના હડસેલાથી અંદર ધકેલી દે. પછી બાકીની રાત સાંઢણી એકલી ઊભી હોય. ઊઘડતા જતા આકાશની હવાને સૂંઘતા, ડોક હલાવતાં, રણકતી ઘૂઘરીનો અવાજ સાંભળતાં એ રાત પસાર કરી દે. ક્યારેક બહુ થાક લાગ્યો હોય તો લાંબો થઈને ધૂળમાં આળોટી લે.

સૂરજ ચડે તે પહેલાં મુસ્તાક પોતાના ભૂંગા પાસે, બાવળ નીચે, ખાટલા પર ઘસઘસાટ ઊંઘતો હોય અને સાંઢણીની પીઠ પર એક કાગડો વારંવાર ઊઠબેસ કરતો હોય...

છંટાઈ રહેલાં વાદળાંમાંથી ધીરેધીરે સૂરજનો તડકો બહાર નીકળવા લાગ્યો. બાવળ પર ઝૂમી રહેલાં પાણીનાં ટીપાં નીચે ટપકવાને બદલે સુકાઈ જવા માંડ્યા. મુસ્તાકના મનનો અંજપો દૂર ન થયો. એને ચેન નહોતું પડતું. એની સાંઢણીનાં પગનાં તળિયાંમાં ઊંડે સુધી બાવળની શૂળ ભોંકાતી હોય એવી કશીક વેદના થયા કરતી હતી. મુસ્તાકને કંઈ સમજાયું નહીં. છેવટે એ ભીના ખાટલા પર ફરીથી સૂઈ ગયો.

થોડી વારે એક જીપ આવી. મુસ્તાકના ભૂંગા સામે આવેલી હોટેલ સામે ઊભી. એમાંથી ચાર માણસો ઊતર્યા અને મુસ્તાકની પૂછા કરવા લાગ્યા. એક જણાએ હાથ લાંબો કરી ખાટલા પર ટૂંટિયું વાળીને સૂતેલા મુસ્તાકને બતાવ્યો. એ લોકો ખાટલા પાસે આવ્યા. એમાંના એકે મુસ્તાકનું કાંડું પકડીને બેઠો કર્યો. મુસ્તાકની બેબાકળી આંખ વધારે ભયંકર લાગતી હતી. થોડો સમય તો એ કંઈ સમજી જ ન શક્યો. પછી જીપ જોઈને એ બધું સમજી ગયો. એ ખાટલા પરથી ઊભો થવા જતો હતો ત્યાં એને ખભાથી ઠબાવીને બેસાડી દીધો. મુસ્તાકના ગળામાં એક ગાળ આવીને અટકી ગઈ.

શું છે?' એણે પૂછ્યું.

'તારું નામ મુસ્તાક છે?' પ્રશ્ન પુછાયો.

મુસ્તાકે કંઈ જવાબ ન આપ્યો.

'માલ ક્યાં મૂક્યો છે?' વળી બીજો પ્રશ્ન.

મુસ્તાક ખડખડાટ હસી પડ્યો.

એના ખભા પરની પકડ વધારે કડક બની. મુસ્તાકે એ હાથ તરફ જોયું. પછી બાજુમાં બેઠેલ માણસના ગાલ પર એક થપ્પડ મારી અને એ ખાટલા પરથી ગબડી પડ્યો.

'આ રહ્યો માલ...' મુસ્તાકે બાકીના લોકોને કહ્યું.

પણ તે પહેલાં બીજા બે એને ઘેરી વળ્યા અને લાકડીથી મારવા મંડ્યા. લોકો ભેગા થઈ ગયા એટલે જીપમાં બેસીને બધા નાસી ગયા. મુસ્તાકના માથામાંથી લોહી નીકળતું હતું, પણ એ હસતો હતો. ગળામાં બાઝી ગયેલી ગાળ હવે છૂટી થઈ ગઈ અને જીપ પાછળ દોડતી હતી. ભેગા થઈ ગયેલા લોકોએ કંઈ પૂછ્યું નહીં, ધીરે ધીરે બધા વિખેરાઈ ગયા. મુસ્તાક પણ લાંબો થઈને ખાટલા પર સૂતો. બાવળના ઝાડ સાથે બાંધેલી સાંઢણી એને જોઈ રહી. થોડી થોડી વારે એ જીપની દિશાને સૂંઘી લેતી હતા. મુસ્તાકે આંખ પરથી હાથ ઉઠાવી લીધો અને ઉપર તપવા માંડેલા આકાશને જોઈ રહ્યો. એને હારી ગયાનો ભાવ થયો. ખરેખર એવું કંઈ થયું નહોતું. જીપ ભરીને આવેલા લોકો કશું જ કરી શક્યા નહોતા; છતાં પણ પ્રશ્ન પુછાયો એ જ મુસ્તાકને નહોતું ગમ્યું. રાતોના ઉજાગરા જાણે નિષ્ફળ નીવડ્યા હતા. શરીરમાં અંધારામાં સરકી જતી ટેક્સીના પેટ્રોલી ધુમાડા દોડતા હતા. કાલ રાત્રે એણે માલ તો બરાબર આપ્યો હતો. એના પૈસા પણ મળી ગયા હતા, છતાં આવું કેમ થયું? એનો અર્થ એ કે માલ એના ઠેકાણે નહોતો પહોંચ્યો. પણ કયું ઠેકાણું? મુસ્તાકને એની જિંદગીમાં પહેલી વાર વિચાર આવ્યો. અંધકારમાં ઓગળી જતી ટેક્સીમાં માલ ક્યાં જતો હતો? એ કોના વતી કામ કરતો હતો? માત્ર એક નિયમિત વ્યવસ્થા હતી અને એ વ્યવસ્થા પ્રમાણે બધું થયા કરતું, ભાષાનો ઓછામાં ઓછો ઉપયોગ થતો. માત્ર હાથ લંબાય અને પાછા ખેંચાય. આ કામ તો એની સાંઢણી પણ એકલી કરી શકે. ખરેખર તો આટલું ઝડપથી બનતું હતું તે એની સાંઢણીને લીધે જ હતું. મુસ્તાકે ઉદાસ નજરે સાંઢણી તરફ જોયું. બધી જ ક્ષણોની એ મૂક સાક્ષી અને સાથીદાર. એની આંખ સામે ચાર માણસો પૂછપરછ કરી ગયા એ સારું ન થયું. સાંઢણીની આંખમાં પણ પ્રશ્નો હતા તે મુસ્તાકે જોયું. એ ઊભો થયો અને સાંઢણીની ડોક પર હાથ ફેરવવા લાગ્યો. પછી એ અંદર ભૂંગામાં ગયો. એક ઝાટકે નિર્ણય લઈ લીધો હોય તેમ વળગણી પરથી અજરખ ખેંચી અને માથા પર બાંધી. સાંઢણી છોડી. કોઈ દિવસ નહીં ને આજે બપોરે એને સાંઢણી છોડતો જોઈને સામેની હોટલના બાંકડા પર બેઠેલા લોકોને નવાઈ લાગી. મુસ્તાક કશું જ બોલ્યા વિના ગાંગરતી સાંઢણી પર બેઠો ને સાંઢણી ઊડી. મુસ્તાકને ક્યાં જવું હતું તે સાંઢણી જાણી ગઈ હતી. રેતીમા દફદફ કરતી

એ દોડવા લાગી. ઉપર કરડા ચહેરા સાથે મુસ્તાક બેઠો હતો.

થોડી વારે મરિયમનું ભૂંગું આવ્યું. આ સમયે સાંઢણીની ઘૂઘરીનો અવાજ ક્યાંથી! એ સફાળી ઊભી થઈને બહાર આવી ત્યારે સાંઢણી આંગણામાં આવી ગઈ હતી અને મુસ્તાક ઊતરતો હતો. મરિયમ એને જોઈ રહી. મુસ્તાક અંદર આવ્યો. ખાટલા પર પડ્યો. મરિયમ પણ એની પાછળ ગઈ.

'શું થયું છે મુસ્તાક?' એણે પૂછ્યું.

પણ મુસ્તાકે કંઈ જવાબ ન આપ્યો. નમતા બપોરે ખુલ્લા તડકામાં મુસાફરી કરી આવ્યો હોવાથી મુસ્તાક પસીનાથી તરબતર હતો. મરિયમે એના કપાળ પરથી પસીનો લૂછ્યો. ખમીસનાં ચાંદીનાં બટન ખોલીને ફૂંક મારી. મુસ્તાક રહી ન શક્યો. એ હવે ખૂલીને રડી પડ્યો. મરિયમે એને રડવા દીધો. કશું જ ન પૂછ્યું. એ સમજી ગઈ. મુસ્તાકને કોઈક જગ્યાએ ચોટ લાગી હતી. કેટલીયે વાર પછી એ શાંત થયો. પછી મરિયમે પૂછ્યું :

'શું થયું છે, મુસ્તાક?'

મુસ્તાકે મરિયમની આંખમાં જોયું.

'મરિયમ, આજે એ લોકો મને પૂછવા આવ્યા હતા ગઈ કાલે રાત્રે મેં સોંપેલો માલ એના ઠેકાણે નથી પહોંચ્યો.'

'પણ તેં તો બરાબર સોંપ્યો જ છે ને?'

મુસ્તાકની આંખમાં ગુસ્સો તરવર્યો. પણ મરિયમના વાક્યમાં પ્રશ્ન કરતાં વિશ્વાસ વધારે ઊભરેલો લાગ્યો એટલે એ શાંત થઈ ગયો. એણે હા પાડી.

'તો?' મરિયમે પૂછ્યું.

'વચ્ચેથી કોઈ લઈ ગયું લાગે છે અને એ લોકો મને પૂછવા લાગ્યા હતા. મરિયમ, વર્ષોથી દોડું છું, કોના માટે દોડું છું એ પૂછ્યા વિના કામ કરું છું. કોઈ દિવસ કોથળો ઉઘાડીને જોયું પણ નથી કે અંદર શું છે, છતાં આમ?'

મરિયમ સમજતી હતી. વફાદારી અને ઈમાનને પ્રશ્નો પૂછવાની ભૂલ નહોતી થવી જોઈતી. મરિયમ, મુસ્તાક અને સાંઢણી. ઘૂઘરીના રણકાર જેવી વફાદારીની હવા વચ્ચે જીવતાં ત્યાં આમ ભરબપોરે, લોકોની વચ્ચે, ખભા પર હાથ મૂકીને કોઈ પૂછી જાય એ મુસ્તાક કઈ રીતે સહન કરી શકે?

એણે પૂછ્યું : 'હવે શું કરીશ?'

આ પ્રશ્ન અનિવાર્ય હતો. મુસ્તાકનો નીચલો હોઠ કરડાકીથી દબાયો હતો.

'હવે આજે છેલ્લી ખેપ કરીશ; પણ આજની ખેપનો માલ એ લોકોને નહીં મળે. એ આપણી પાસે આવશે. એ પછી હું બધું છોડી દઈશ. મારી વાંઢમાં હોટેલ કરીશ.'

એ થોડી વાર શાંત બેઠો. પછી એના અવાજમાં ક્ષણ માટે કોમળતા આવી.

'અને આ સાંઢણી પર નાખીને તને આજે રાત્રે જ ઉપાડી જઈશ...'

મરિયમના ચહેરા પરનો તલ મુસ્તાકના સ્પર્શથી જાણે ભીંજાઈ ગયો. રાત પડી ત્યાં સુધી મુસ્તાકનો સ્પર્શ મરિયમની આસપાસ ઘૂમતો રહ્યો. સાંજે મરિયમે ચૂલો સળગાવ્યો. એના ડગમગતા પ્રકાશની પીળાશમાં મરિયમ અને મુસ્તાકના પડછાયા સાથે આખું ભૂંગું જાણે ગતિશીલ હતું.

રાત પડી એટલે મુસ્તાક ગયો. મરિયમ એને જતો જોઈ રહી. સામેના ખુલ્લા રણમાં અંધકાર અફળાતો હતો. આજે એમાં મરિયમનાં સ્વપ્નના આગિયા ઝબૂકતા હતા. આજની રાત પછી સાંઢણીની રાહ નહોતી જોવાની, સાંઢણીના દેશમાં જ જવાનું હતું. એ કલાકો સુધી ઉંબરમાં ઊભી રહી હાથમાં પોટલું પકડીને.

રણની કાંધ ઉપર પાછલી રાતનો ચંદ્ર ઊગવા મંડ્યો ત્યારે દૂરથી થપથપ અવાજ સંભળાયો. મુસ્તાકે આજે ઘૂઘરી કેમ ન બાંધી? કદાચ એ જાણતો હતો કે આજે મરિયમને જગાડવી નહીં પડે. એ ઊંઘી જ નહીં હોય. સાંઢણીનો ઓળો સ્પષ્ટ થયો. એ ખૂબ ઝડપથી આવતી હતી. નજીક આવીને આંગણામાં ઊભી ત્યારે મરિયમના ગળામાંથી એક કારમી ચીસ નીકળી ગઈ.

સાંઢણી પર કોથળાની જેમ મુસ્તાકનું શબ લટકતું હતું.

## નોખો નેત્રયજ્ઞ

**(અનુસંધાન : પાના નં.-૧૦૬ ઉપરથી ચાલુ)**

દીન-દુખિયાઓમાં, નિર્બળોમાં અને રોગીઓમાં જ ભગવાનનો વાસ છે અને સર્વે ઉપાસનાનો મર્મ એક જ છે કે પવિત્ર થવું અને બીજાનું ભલું કરવું. આજે ત્યાગ અને સેવાનાં લક્ષ્યને તેમણે પ્રબળ બનાવ્યા હતાં.

પરવરદિગારની સેવા કરવાનો ઉત્તમ માર્ગ તેમને જડી ગયો છે, જેની પળેપળ તેમને પ્રતીતી થાય છે.

માનવ જીવનની ઢળતી ઉંમરે તેમને જીવન જીવવાની સાચી દિશા મળી ગઈ હતી!

શું આપણે પણ આવી કોઈ તક ગુમાવી બેસતા નથી ને? જતી કરતા નથી ને? કે આંખ આડા કાન કરી તેને ગણકારતા નથી ને? ઈશ્વર આપણને ટકોરા મારી કે હીન્ટ આપી જતો રહેતો નથી?

'તમસોમા જ્યોતિર્ગમય' ને સાક્ષાત્કાર કરી અનેકને નવજીવન બક્ષનારને મનુષ્ય જીવનમાં અવારનવાર શુભ પ્રસંગો આવતા રહે છે. તેને સ્મૃતિપટ પર કાયમના અંકિત કરી શકાય તેવા સમાજસેવાના રચનાત્મક કામો કરી એ ઉત્સવને મહોત્સવમાં ફેરવી ના શકીએ?

*સામાજિક કાર્યકર્તા - ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ*
*'માનવજ્યોત', નિત્યાનંદ એપાર્ટમેન્ટ, ડૉ. આર.પી. રોડ,*
*મુલુંડ (વે), મુંબઈ-૪૦૦ ૦૮૦.*
*ફોન : (૦૨૨) ૨૫૬૭૩૫૮૭, ૨૫૯૧૯૭૫૫*
*મો. ૯૮૨૦૦ ૩૯૪૬૯*

# સ્વપ્ન પરી

કેશુભાઈ દેસાઈ

એરપોર્ટથી 'આશિયાના' એપાર્ટમેન્ટ પહોંચતાં ટેક્સીને અડધો કલાક લાગ્યો. એવડી મોટી દિલ્હીમાં અમિત જોષીનું પોતાનું કહી શકાય એવું સુલોચના સિવાય કોણ હતું? એણે લગ્ન કર્યા પછી સંપર્ક નહોતો રાખ્યો એ સાચું પણ એથી અમિતને માઠું નહોતું લાગ્યું. કોઈ પણ સ્ત્રી પરણ્યા પછી લગ્નની લક્ષ્મણ રેખાઓમાં ઘેરાઈ જતી હોય છે. સુલુ પણ આખરે હતી તો 'અસ્ત્રીનો જ અવતાર' ને! ભણી એટલે બીજી સ્ત્રીઓ જેવી સંકુચિત વિચારસરણી ન રાખે, પણ પેલી પેઢીમાંથી પળાતી આવતી વહુ તરીકેની મર્યાદા થોડી લોપી શકે?

છેક એપાર્ટમેન્ટના પ્રાંગણમાં પ્રવેશ્યા પછી એણે 'સરપ્રાઈઝ' આપતો હોય એમ મોબાઈલ પર ફોન કર્યો. એણે જ ઉપાડ્યો. એમ કંઈ અવાજ થોડો બદલાઈ જવાનો હતો દહીંસર છોડીને દિલ્હી આવી જવાથી? એ જ કુમાશ હતી - એની મીઠાશ હજી એવી ને એવી અકબંધ હતી. સુલોચનાને એ લાડમાં 'સુલુ' કહી બોલાવતો. એણે 'હાય સુલુ!' કહ્યું ત્યાં સુલોચનાનું સૌંદર્યમંડિત અસ્તિત્વ એના રૂંવે રૂંવે સળવળી રહ્યું.

અચાનક ફોન કપાઈ જતાં એને અપશુકન જેવું લાગ્યું. એણે જાણી જોઈને થોડો કટ કરી દીધો હોય! લાઈનમાં કંઈક ગરબડ હશે. અમિતે નંબર રિ-ડાયલ કર્યો. ફરી પાછી એ જ રામાયણ. શું સુલુને પોતાના ઉપર એટલો બધો ગુસ્સો આવી ગયો હશે કે ફોન પર વાત કરવા પણ તૈયાર નહોતી! ના, ના. એવું ન બની શકે. એ જરૂર પોતાને ચીડવવા માટે ફોન કાપી નાખતી હોવી જોઈએ. હું થોડો બગડું - કંઈ બબડું, એમાં એને મજા આવે. આડકતરી રીતે એ કદાચ એમ કહેવા માગે છે કે પોતે તો પરણીને સાસરીમાં ચાલી આવી એટલે સંપર્ક ન કરી શકે - સ્વાભાવિક છે, પણ મારે તો એવાં બંધન નહોતાં. હું તો પુરુષ હતો. એની સાથેનો સંબંધ જાળવવા એના પતિ સાથે પણ મિત્રતા કેળવી શક્યો હોત. એમ કંઈ બધા પતિઓ વહેમીલાં ન હોય. સુલુનો પતિ તો મોટો બિઝનેસમેન છે. એને નવી ઓળખાણ કરવી ગમે જ વળી. ઓળખાણ તો મોટી ખાણ ગણાઈ છે.

પોતે પહેલ ન કરી શક્યો એના મૂળમાં પેલી પાપગ્રંથિ. પોતે ક્યારેક સુલોચના નામની સુવર્ણમૂર્તિનો પાગલ પૂજારી હતો જ ને વળી! આખા દહીંસરને ખબર હતી. બોરીવલી, કાંદિવલી અને ઘાટકોપર સુધી વાત ફૂંકાઈ ગઈ હતી. શી ખાતરી કે સુલુના પતિના કાને એ અફવા નહીં પહોંચી હોય! એને આછોપાતળો અણસાર હોય ત્યાં પોતે સામે ચડીને ફોન કરે તો બળતામાં ઘી હોમવા જેવું જ થાય કે બીજું કાંઈ! નાહક બિચારીના જીવતરમાં ઝેર ઘોળવાની જરૂર ખરી? સાચા પ્રેમીએ તો પ્રિયજનના સુખ ખાતર શહીદી વહોરવાની તૈયારી રાખવી જોઈએ. એની ફેમિલી લાઈફમાં ઉંબાડિયું ચાંપીને પોતાને શું મળવાનું હતું? એવું કરે એ માણસના મોઢે 'પ્રેમ' શબ્દ શોભે ખરો?

એને અચાનક કોઈ ફિલ્મી ગીતની કડી યાદ આવી ગઈ : 'ખુશ રહો - હર ખુશી હો તુમ્હારે લિયે, છોડ દો આંસુઓં કો-' હજી એ કડી પૂરી થાય એ પહેલાં જાણે છાતીમાં સંતાયેલી સુલુ હોંકારો ભણી રહી 'હમારે લિયે...'

એ નખશિખ રોમાંચ અનુભવી રહ્યો. આંસુડાં તો સુલુ, હું જ પી જઈશ. શિવજી સમુદ્રમંથન વખતે નીકળેલું હલાહલ પી ગયેલા એમ સ્તો. તારે શું કામ પીવાં પડે આંસુ — બોલ જોઉં? આંસુ નહીં, અમી પીવાનાં છે તારા કિસ્મતમાં તો...

એને ખબર સુધ્ધાં ન રહી કે એ લિફ્ટમાં ક્યારે ગોઠવાયો. ક્યારે લિફ્ટ ઊંચકાઈ અને ક્યારે 'સુલોચના' ના નયનરમ્ય અક્ષરાંકનવાળા ફ્લેટ આગળ લિફ્ટનાં દ્વાર ઊઘડ્યાં! બધું જાણે સ્વયં સંચાલિત ન હોય! કોઈ જાદુઈ નગરીમાં આવી પહોંચ્યો હોય એમ હાથમાં એટેચી લઈને અમિત જોષી એની સ્વપ્નસુંદરીના નિવાસ બહાર ઊભો હતો. ઘડિયાળમાં રાતના અગિયાર વાગીને વીસ મિનિટનો સમય વંચાઈ રહ્યો હતો.

એણે કોલબેલ દબાવ્યો. છાતી ધમણ બની ગઈ. સુલુ દરવાજો ખોલશે અને મને ઓચિંતો મધરાતનો મહેમાન બની આવેલો જોશે ત્યારે એની શી વલે થશે? મોંમાંથી શબ્દો નીકળે એ પહેલાં એનાં નેણ આંસુનાં ફૂલડાં ખેરવી દે તો નવાઈ નહીં. કદાચ સાનભાન ગુમાવી મારા બાહુપાશમાં પડતું મૂકે એ પણ બનવાજોગ!

ફ્લેટનું બારણું અડધું પડધું ઊઘડ્યું. એક પુરુષ ચહેરો ડોકાયો. 'આજે મેળ નહીં પડે.' એણે જરા રૂખાઈભરી જબાનમાં પૂછ્યું : 'એપોઈન્ટમેન્ટ લીધી છે ખરી?'

અમિત જોષીએ લાળા ચાવવા માંડ્યા : 'હું દહીંસરથી આવું છું. સુલોચનાબહેન મારાં પાડોશી હતાં - અમે સાથે ભણેલાં. જરા એમને કહેશો : અમિત આવ્યો છે!'

પેલા માણસે બારણું અડકાડતાં કહ્યું : 'એ ફક્ત એપોઈન્ટમેન્ટથી મળે છે. આજની રાત બુક થઈ ગયેલી છે. સોરી!'

અમિતને ચક્કર આવી ગયાં.

લિફ્ટમેને એનો હાથ ખેંચી અંદર લઈ લીધો.

'કેબરે દેખને કે લિયે પહેલે સે એપોઈન્ટમેન્ટ લેના પડતા હૈ બાબુજી!' એ કહી રહ્યો હતો : 'અબ દેર રાત ડબલ પૈસા દોગે તો ભી કોઈ એન્ટ્રી નહીં દેગા.'

'આશિયાના' નું ગ્રાઉન્ડફ્લોર આવી ગયું હતું. ■

# નોખો નેત્રયજ્ઞ

## જ્યારે લાભ લેનાર, દેનારનું સમગ્ર જીવન રોશન કરે છે!

**કુલીનકાંત ચાંપશી લુઠિયા**

વરસે દહાડે દસ બાર વખત ઘરના વિવિધ શુભ પ્રસંગે આશ્રમવાસીઓને મિષ્ટાન્ન ભોજન અપાવતા ડાયમંડ કિંગ દાતાને ત્યાં આજે સિલ્વર મેરેજ એનિવર્સરી, ધર્મપત્નીનો હેપ્પી બર્થડે, અને સદ્‌ગત માતાની પુણ્યતિથિ જેવા ત્રિવેણી સંગમ વખતે શુભ પ્રસંગોની ઉજવણીનો કાર્યક્રમ યોજાઈ રહ્યો હતો.

આ મહોત્સવને 'જરા હટકે' ઊજવવા એક ભવ્ય નેત્રયજ્ઞના આયોજન માટે સામાજિક કાર્યકરના સૂચનને ગ્રીન સિગ્નલ મળી ચૂક્યું હતું.

મુંબઈથી ૮૦ કિ.મી. દૂર શાહપુરમાં લાયન્સ ક્લબના નેજા હેઠળ એક જૂની સરકારી શાળામાં એ મંગલ પ્રસંગે દાતાની ફરજિયાત હાજરીની શરતે આઈ કેમ્પ ગોઠવાયો.

આઈ કેમ્પ વખતે ડૉક્ટરો દ્વારા દર્દીને કરાતી પૂછપરછ, તેમનાં સલાહ સૂચન વગેરે શેઠ શેઠાણીના કાને પડતાં. જેનો સાર એ જ હતો કે સમયસર સારવાર અપાઈ હોત તો આંખો સારી રહી હોત અને નબળી દૃષ્ટિની સમસ્યા જ ઊભી ન થાત. હવે તો મોતિયો પાક્યો છે અને વહેલી તકે ઓપરેશન કરાવવું જ પડશે, તેવો ડૉક્ટરોનો ઘણાંય દર્દીઓ માટે એક સમાન સૂર થતો.

કતારમાંથી આવતાં દર્દીઓના પ્રત્યુત્તરમાં તેમની અજ્ઞાનતા સાથે ગરીબી પણ ડોકાઈ. પૈસાના અભાવે આંખોની જાળવણીમાં ખોટ વર્તાઈ હતી, તેવો દાતા પરિવારને સ્પષ્ટ સૂર જણાયો.

પેરામેડિકલ સ્ટાફની ટીમના કેટલાક સભ્યો આવવાના બાકી હોતાં, ચેકઅપની કાર્યવાહી થોડી ઢીલમાં પડી હતી. ફાજલ સમયનાં સદુપયોગમાં માહેર દાતા ધર્મપત્નીને ગ્રામ્ય વિસ્તારમાં એક લટાર મારી આવવાનો સુઝાવ ગમ્યો અને નીકળી પડ્યા.

વાટમાં ત્યાંની જનતાની અસલી પરિસ્થિતિ અંગે વિગતવાર પતિપત્ની વચ્ચે એકબીજાના વિચારોની આપ લે થઈ અને એક જ તારવણી થઈ કે એ દર્દીઓને સારી રીતે મદદરૂપ થવું.

અને આજે એ શુભ પ્રસંગનાં શુભ પરિણામો આવવાની શરૂઆત થઈ ચૂકી હતી. જેમના મોતિયાના કે આંખના નાના મોટા ઓપરેશનની જરૂર હતી તે દર્દીઓને પ્રત્યેકના એક સંબંધી સાથે મુંબઈ લાવી અત્યંત આધુનિક હોસ્પિટલમાં સારી રીતે ઓપરેશન થઈ ચૂક્યાં. દર્દી સાથે આવેલા સંબંધીને પણ મુંબઈ નગરીની સેર કરાવી હતી. એ સૌ કોઈ માટે સારી ખાણીપીણીની વ્યવસ્થા થઈ હતી અને શર્ટ-પેન્ટ અને ધોતી સાડી વગેરેનું વિતરણ થયું હતું. રહી વાત ગ્રામ્ય વિસ્તારની એ ખખડધજ મકાનની.

આજે ત્યાં એ મકાન મરામત સાથે થોડું આધુનિક બનાવાયું હતું. ટોઈલેટ, પીવાના પાણી વગેરેની વ્યવસ્થા સારી રીતે થઈ હતી.

એ નેત્રયજ્ઞનાં મીઠા પરિણામોની આ વાત નાનીસૂની રહી ન હતી. દાતા પરિવારનું અસલી પરિસ્થિતિનું અવલોકન તેમના કોમળ હૃદયને હચમચાવી તેમાં માનવીય સંવેદનાનો સાગર ભરી દીધો હતો. આજે ડાયમંડ કિંગને સમાજનું તેના પરનું ઋણ ચૂકવવાનો અવસર મળી ચૂક્યો હતો.

હવે ધંધાકીય જીવનમાંથી થોડો સમય કાઢી એવા વિસ્તારોની મુલાકાત લઈ સમાજ માટે કંઈક કરી છૂટવાની ભાવના ઉજાગર થઈ હતી. આર્થિક રીતે પારિવારિક જવાબદારી સારી રીતે નિભાવી શકતા નથી તેવા ઘણાય લોકો છે, જેના પ્રત્યાઘાત રૂપે કેટલાંક કુટુંબો અપોષણ, માંદગી અને જીવન જરૂરિયાતની ચીજોની ચિંતા જેવી અનેક મૂંઝવણોનો સામનો કરવો પડે છે.

આજે તેઓ પથ્થરની મૂર્તિમાં દેખાતા ભગવાનની સેવા કરવાના સમયમાં કાપ મૂકી ગરીબ, દીનદુખિયા અને દુર્બળ માણસોમાં સાક્ષાત્ રહેલ ઈશ્વરની પૂજા સમજીને ત્યાં નેત્રયજ્ઞ સેવા કરવામાં ખૂંપી ગયા હતા.

ઈશ્વરની કૃપાથી જે ઈચ્છ્યું તે બધુંય મળી ચૂક્યું હતું. હવે કેટલું ભેગું કરવાનું અને કોને માટે? જીવનમાં નવી નવી મહત્ત્વાકાંક્ષા દર દિવસે ઊગી નીકળે છે. તેના પર કાપ ના મૂકો તો ગયા કામસે! જે કામ માટે આ પૃથ્વી લોક પર ઈશ્વરે મોકલ્યા છે, તે નહીં કરી, સંપત્તિ એકઠી કરવામાં જ ખૂંપ્યા રહીશું તો જિંદગીની મહત્ત્વની પળોને પણ ભરપૂર રીતે માણી શકવા અસમર્થ થઈ જઈશું, તેમ તેઓ સમજી ચૂક્યા હતાં.

નાની વાતોમાં ડબલ, ત્રીબલ કે ચોબલ રૂપિયા સાર વિના વાપરી નાંખીએ, એના કરતાં એ પૈસાને ઉગાડીએ તો? તો તો કોઈ પણ જાતની અસલામતી અનુભવાય જ નહીં!

જીવનની છેલ્લી ઘડી સુધી ગરીબો અને દલિતો પ્રત્યે અનુકંપા કરવી એ હવેથી તેમના જીવનનો મુદ્રાલેખ બની ગયો છે.

પડ્યા પડ્યા કટાઈ જવા કરતાં ખાસ કરીને બીજાનું જે કાંઈ થોડું પણ ભલું થઈ શકે તે કરતાં કરતાં ઘસાઈને મરવું વધું સારું તેમ તેઓ સમજી ચૂક્યા હતા. એ નેત્રયજ્ઞ નિમિત્ત બન્યું હતું, બંધ નેત્ર ઉઘાડવા!

**(અનુસંધાન : જુઓ પાના નં.-૧૦૪ ઉપર)**

॥ ધારાવાહિક નવલકથા ॥

# છોરાંવછાઈ – (૧)

હંસરાજ સાંખલા

## (૧) રતનના પતિનું મૃત્યુ અને નવો સંબંધ

ઘરમાં થતી વાતોનો સાર પંદર વરસની રતનને સમજતાં વાર ન લાગી; પરંતુ ન એને કોઈએ ચોખેચોખું મોઢામોઢ કહ્યું કે ન એ કોઈને એ બાબતે કંઈ પૂછી શકી. જ્યાં કોઈને જે સમાચાર વિશે પૂછી ન શકાય ત્યાં એ ગુસપુસ સમાચારના આધારે રોવા જેવા આઘાતજનક સમાચાર, છતાં એવી વાતોના આધારે એ જાહેરમાં કઈ રીતે રડી શકે?

બધાં એના સાસરાને ઘરે પાણી લોકાચાર ગયાં. જતી વખતે પારુકાકીએ એના પગનાં સાંકળાં ને નાકનો હીરો ઉતારી લીધાં એટલે એને હવે બનાવનું ચિત્ર ચોખું દેખાવા લાગ્યું. એણે પણ રૂમના એક અંધારે ખૂણે જઈ થોડું રોઈ લીધું એકલીએ. કોઈ ન દેખે તેમ.

એ દિવસોમાં રાત્રે એની આંખ ઊઘડી જતી ત્યારે એ બધું યાદ આવતાં ઓશીકાનો આધાર લઈ છાનું-છપનું રોવાઈ જતું એનાથી. એ જલાબાપાને મનોમન કહેતી, “બાપા મારો કાંય વાંકગુનો નૈને મારા જ નસીબમાં આવું કાં થ્યું?”

એ સાવ નાસમજ ન હતી. એ દિવસોમાં એની ઉદાસીનો વર્તારો એના ચહેરા ઉપર પણ સ્પષ્ટ દેખાઈ આવતો. (એની) કાકીમાએ રતનને ઉદાસ જોઈને કોઈ નતું ત્યારે થોડી વાત કાઢી તો એ ઓશરીમાં મજૂરનો ટેકો લઈને રોઈ પડી ને રૂમના અંધારામાં જતી રહી. એનાં કાકી એની પાસે ગયાં ને આશ્વાસન આપ્યું. “બેટા! દુખતાં બધાંને થાપર્યુ. પણ થાય શું? જન્મમરણ આપડા હાથમાં ક્યાં હે? ભગવાને ઈ બધું પોતાના હાથમાં રાખ્યું હે. ભગવાનને જે ગમ્યું ઈ હાચું. આપડી એના હાથે લેણાદેણી નીં હોય, ને એનાં હાંડલાંમાં તારી પાંતિ (ભાગ) નીં હોય ઈ જ. બીજું શું? એમાંય જલાબાપાને આપડું કાંક હારું કરવું હશે તૈયે જ આમ કર્યું હશે.

થોડું વિચારી પારુકાકી બોલ્યાં, “બેટા, હમણાંથી આ ઉંમરમાં કાયમ હાજા માંદા રેવાવાળા માહણની નાવ હામે કિનારે કેમ પોચી હોત? મધદરિયે ઇયે ડૂબત તો તનેય ડુબાડત. એના કરતાં જલાબાપાએ આપુંને એમાંથી છોડાવ્યાં એમ હમજ. રતન હવે તું જરાકે જીવ ન બાળજે ને ચિંતાયે ન કરજે. તારા હારું જીવ બાળે એવું આખું કળસી કુટુંબ થ્યું હે. પછી તને ઢીલું થવાની જરૂર નથી. આપડી સમાજ નેનકડી થોડી હે? ને છોકરાય ઢગલો પડ્યા હે. આપડા જેવાં ખાનદાન ઘરની દીકરી માટે ચિંતા થોડી કરવાની હોય. તું કાંય વિચારતી નૈં. બધું ભરાભર થૈ જશે.’

એ બનાવના બે-ત્રણ મહિના પછી તેના સંબંધ માટે નવું ઘર જોવાનું ચાલુ કર્યું, તો તેના કાકાને થયું. ‘આ ઉંમરની દીકરી માટે હખર ઘર ને વર મલવાં સહેલાં નથી. મોટા ભાગનાં છોકરાંના સંબંધ નાનપણમાં જ; અરે ઘોડિયામાં હુંતાં હોય ને થઈ (ગોઠવાઈ) જતા. આ ઉંમરે કાં આવું બનેલું હોય, ઈ હોયને. કાં અસામાન્ય કારણસર રહી ગયેલું હોય ઈ હોય. પણ એવાં માટે આપણે આપણી પસંદગીમાં કાંક બાંધછોડ કરવી પડે એવું હતું.

છ મહિનાના પ્રયત્ન પછીયે જ્યારે કાંય વેત ન પડ્યે તો તેના કાકા વિચારવા લાગ્યા. ‘આપણા સમાજની ઘણીબધી દીકરીયું ગુજરાતમાં ઊંઝા બાજુ દીધીયું હે. તો જો સારું સુખી ઘર ને છોકરો ભરાભર હોય તો શું વાંધો?’

“આવું વિચારાતું હશે નારણ? જો રતનની જગ્યાએ તારી દીકરી હોય તો તું ગુજરાત દે?”

“પણ એમાં ખોટું શું હે? સંજોગો એવા હોય તો વિચારવુંયે પડે.”

“જમાઈ મરી ગયો એમાં કીયા સંજોગો બદલાઈ ગયા? દીકરી ઈ જ હૈ. તમે માબાપ ઈજ હો. બધું ઈજ હે. તો પછી જો તો ખરો, જૂના વેવાઈ કેવી મોટી ધોર હતી? (મોગે પૈસાદાર પરિવાર) તમે ઇજ હો. દીકરી ઇજ હે. તો પછી? આવું નીચૂં કાં વિચારોર્યા? થઈ જશે. ઉતાવળ કરવાની કાંય જરૂર નથી.”

થઈ જશે...થઈ જશે...કરવામાં બાર મહિના થવા આવ્યા. એ બાબતે બારેથી કાગળ આવ્યો ને જીવામાએ પણ કહ્યું, ‘હવે તો એખ વર પછે વીવા કરવા જ પડશે” વાતેય સાચી હતી. આ તો સાપના ભારા. ઘરમાં થોડા હંગરાય. પ્રયત્ન તો કરવા જ પડે.’ ગુજરાતનું વિચાર્યા કરતાં ઇયાં જ જોને! હલકું ભારે.

“એમ તાં પછી ગુજરાતવાળા બધા કાઢી નાખવા જેવા થોડા હશે. પણ જરા જોવું પડે.”

“ફઈના ઘરવાળાંએ શું નોતું જોયું? તોય કેવું ભટકાઈ ગ્યું!”

“ઈ તો દલાલથી કર્યું તું ને? પોતે ટિકિટભાડાથી બીકમાં ગુજરાત ક્યાં જોવા ગ્યાતા? દલાલના ભરોસે ર્યા. દલાલ પર ભરોસો થોડો રખાય? ઈ અંધાથૈને ભરોસેર્યા તૈયે તાં મેઘવાળનું ઘર આવી ગ્યું. ઊભું ઘર હાલે, છોકરામાં ક્યાંક થોડી થકી ખોડખાપણ હોય તોય હાલે પણ ખપેતાં પટેલનું જ ઘર. આતો હાવ મેઘવાળનું ઘર આવી ગ્યું. મેઘવાળને ઘરે દીકરી દૈયે તો ઈ દીકરીની શું હાલત થાય?

એની આંતરડી કેવી કકળે? ના...ના વાટ જોશું પણ ગુજરાતમાં તો નથી જ દેવી. ક્યાંક આઘું પાછું હોય તો ઈ બિચારીનું ઉંવા કોણ? ના મારે ગુજરાતનું તો વિચારવું જ નથી.

આ તો આપણા હગાની દીકરી હતી તૈયે હાચી વાતની ખબર પડી. નૈતો આવી રીતે છેતરાઈને કેટલીયુયે બિચારિયું ગાય જેવી ગરીબ દીકરીયું કંહાઈને ખીલે બંધાઈ ગ્યું હશે. બધાંય કે'ર્યા ઈ ગુજરાતના પટેલિયાંને આપણા જેવી મેર ન પડે. આપડે તો દીકરી વિવા કરીને ગઈ એટલે એનાં હાહરાંવાળાં એના માટે જીવ બાળતાં થઈ જાય. આપડો સમાજ તાં આપડો સમાજ હે.

તૈયેં તાં ગુજરાતના પટેલિયા આપડા કને પૈસા નથી તોય આપુંને ખૂબ માનથી જુએર્યા. આપડાંમાં એવું કાંક હે તૈયેનાં? હાચું તાં ઈ હે જૈયે આપડામાં હખ્ખર સંસ્કાર હે તૈયેં જ ઈ માનથી જુએર્યા. બાકી હોશિયાર તો ઈ વાણિયાને વેચી આવે એવા હે, ધ્યાન ન રાખે તો."

ક્યારેક ક્યારેક ગુજરાતમાં સંબંધની વાત નીકળતી ત્યારે રતન જલારામ બાપાને પ્રાર્થના કરતી, 'હે જલાબાપા ગમે તેવું હોય પણ ઈયાં જ ગોઠવાય એવું કરજો. ઈ તાં જેમ આપણે ગાયભેંહ વેંચાતી લઈએ એમ ઈ પૈસા દઈને વેંચાતી લઈ જાય. ઈયે વચમાં દલાલ રાખીને. પછી તો બધું વસૂલ કરે જ નાં. એને મેર (દયા) થોડી પડે. અને એને પોતાના ઘરનું માણહ કોય ન ગણે. એને તાં ગુલામ કે નોકરડી ગણે. પછી ત્યાં એને પ્રેમ થોડો મલે?

"રતન, સોદો કરીને લીધેલા માલથી પ્રેમ કરવાની વાત જ નથી આવતી. તો પ્રેમ વગરનું જીવન, જીવન કેમ કે'વાય? પૈસા ઓછા-વધુ હોય તો પ્રેમ અને હૂંફના આધારે જીવન જીવી જવાય. પણ પ્રેમ વગર ખાલી પૈસાને આધારે ક્યારેય જીવી ન હકાય." ક્યારેક રાતના આવા વિચારો આવતા ત્યારે રતનને ઊંઘ જ ન આવતી. ને પડખાં ફેરવવામાં જ સવાર પડી જતી.

દિવસો પર દિવસો વીતવા લાગ્યા. કરશનબાપાના ઘરનાં બધાંને રતનના સગપણ બાબતે ચિંતા થતી હતી.

ત્યાં એક દિવસ રતનના માસા બાપાની (પિતાજીના માસાની) ટપાલ આવી. કાકાએ સાંજે કંડેલના લાલ અજવાસમાં જીવાંમાને અને બધાંને વાંચી સંભળાવી. છોકરાની વાત હતી એટલે રતનના કાન ચોસા (સાવધાન) થયા. એ ઓસરીના પેલે છેડે મજૂસ (લાકડાનો પેટારો જેને નીચે નાના લાકડાનાંજ પૈડાં હોય છે.) પાસે બેઠી હતી. છતાં કાનોરો (સાંભળવા માટે ધ્યાન) દઈને સાંભળવા લાગી.

'માસીને માલમ થાય કે છોકરાવાળાનું ઘર ઊભું હે પણ છોકરો ભરાભર હે. છોકરાનાં માબાપ નેનકડેથી ગુજરી ગયાં હે છોકરો એના મોટાબાપાને મોટીમા કને મોટો થ્યો હે. એની વાડી નથી પણ ખેતર-બેતર હશે. જો તમને જચે તો આપડી બાઈ દુખી નીં થાય. છોકરો કલકત્તા એના ફુઆ કને કામ શીખેર્યો. ફુઓ એને ઠેવરો કરી દેનાર હે. એવી વાત હૈ.' ને પાંચ ચોપડી જેવું ભણેલો હે.'

રતને તરત જલારામબાપાને મનોમન પ્રાર્થના કરી, 'હે જલાબાપા, ગમે તેમ કરીને આ ગોઠવાઈ જાય એવું કરજો. નૈ તો મને 'ગુજરાત' નાં ઝાડવાં જોવાં પડશે.'

જલારામ બાપાએ રતનની પ્રાર્થના સાંભળી હોય એમ કચ્છમાં રહેતા છોકરાની મોટીમાને હથવારા હાથે રતનના કાકાએ હોપારી મોકલી દીધી. સગપણ નક્કી થઈ ગયું ને વરહાળે (ચોમાસે) બારેથી બધા આવશે તૈયેં ગોળટીલુ (ચાંદલો) કરીશું.' રતને તો ઠીક પણ ઘરનાં કોઈએ છોકરો જોયો નતો. છોકરાને કે છોકરીને જોવાનો કોઈ રિવાજ નતો. આ બધું સગાના અભિપ્રાયથી વિશ્વાસે ગોઠવાતું.

આ સગપણથી રતન અને ઘરનાં બધાં ખુશ હતાં.

કોઈની પાસેથી એનો (છોકરાનો) પરિચય જાણવા ન મલ્યો પણ એનું નામ રતનને બહુ ગમી ગયું : "મણિલાલ નામ કેવું હખ્ખર મીઠું ને સુધરેલું હે? ઈયે સુધરેલા જ હશે. વળી કલકત્તે રેર્યા. એટલે હોશિયાર ને રૂપાળાયે હશે. એને લીધે કે'દીક કલકત્તેય જવા મળશે. કલકત્તો તો કલકત્તો હે. ઈ તાં જેનાં નસીબમાં હોય એને જ મળે. હોનાનું બંગાળ કેવાય ને એનું મોટું શેર ઈ કલકત્તો.

જુઓને! આપણા કલકત્તાવાળા કારીયા શેઠની કેવી જાહોજલાલી હે. માણહ કેર્યા : "એકબાજુ આખા ગામની કમાણીને એક બાજુ એની એકલાની કલકત્તાની કમાણી. આપડે જેટલું કમાતા નીં હૈયે એટલું તો ઈ દાનપૂન કરેર્યા!

જૈયા વગર કલકત્તાની વાતું કરીને આટલી કાં હરખાવ રી રતુડી?

હવે મને ગુજરાતનાં ઝાડવા તો નીં જોવા પડે. જલાબાપાની મેરબાની થી.' એણે ફરી જલારામ બાપાને હાથ જોડી મનોમન આભાર માન્યો. ગરીબ તો ગરીબ ઊભું ઘર હે તોય શું થ્યું. છે તો આપડા કણબી જ ને?

સગપણ નક્કી થયું. ચોમાસે ગોળટીલું કર્યું ને લગ્ન કઢાયાં. આવતી અખાત્રીજ પછીની આઠમનું વિવાનું (લગ્નનું) નક્કી કરી. રતનના બાપુજી ભાણજીભાઈ બારે ગ્યા. એ બધું નક્કી કરવામાં એ ન હોય તોય ચાલત. ભાણજીભાઈ બહુ સાદા માણસ હતા. એના ઘરેથી રતનની મા પણ સીધાંસાદાં કહોને...બંને ભગવાનનાં માણસ હતાં. બને માણસ બતાવેલું કામ મન દઈને કરે. પણ કાંય બાધછોડ ન કરી શકે.

એના પરિવારની બધી બાંધછોડ એના નાનાભાઈ નારણભાઈ કરતા. નારણભાઈ અને એના ઘરેથી પાર્વતીબેનની આ બેય માણસ તથા એનાં ત્રણેય છોકરાં પ્રત્યે બહુ લાગણી હતી. પરંતુ...

***(ક્રમશઃ)***

***મહેતા પુરા, હિંમતનગર***
***મો. ૯૮૨૫૦ ૭૦૪૧૦***



# બાલુડેં જયું ગાલિયું

સંકલન : ગુલાબચંદ ધારશી રાંભિયા

## બચુડો

અધા : પુત્તર બચુડા?

બચુડો : કો અધા કુરો કમ આય?

અધા : પાંજે સામે જે ફલેટમેં સંજય રે તો સે ઉગેજો બાર વ્યોતે તેર અનજી ઘરવાળી રાજી રાજી થેને હથ હલાયતે. પણ હેવર બ કલાક ફરેને સંજય ઘરે આવ્યો તડેં અનીં બીં વચમેં હેડો ઝઘડો કુલા થ્યો સે જરા તપાસ કેને ચોતાં.

બચુડો : (તપાસ કરે ને ચેં) સંજયજી ઘરવાળી અજ રવિવાર વો તેંલા સિનેમા નેરેલા સંજય કે સિનેમાજી ટિકિટ ગેનેલા હલાય. પણ સંજય પંઢજે લત્તેમેં પંજ થિયેટરતે વેનેને પાછો આવ્યો. મણી થિયેટરેંતે બોર્ડ લગાવા... આજે 'હોલીડે' અતરે સંજય ટિકિટ ગેને વગર પાછો આવ્યો ને તેમેં ઝઘડો થ્યો. 'હોલીડે' ત સિનેમાજો નાલો વો... થિયેટરમેં રજા ન વી.

## ખિલજા મ ભલા

મોહિની : ડિયર સંજુ, પેલો ભિખારી તો એકદમ હલકટ નીકળ્યો.

સંજુ : શું થયું? તારી છેડતી કરી?

મોહિની : ના... ના... એવું કશું નથી કર્યું પણ મને એક ચોપડી આપી ગયો.

સંજુ : કેવી ચોપડી?

મોહિની : સારી રસોઈ કેવી રીતે કરી શકાય – તેની!

☺ ☺ ☺ ☺ ☺

ચંગુ : યાર મંગુ, અમુક કંકોત્રીઓમાં મને સમજાતું નથી હોતું.

મંગુ : એવું તે શું છે?

ચંગુ : કંકોત્રીમાં નીચે RSVP લખ્યું હોય છે તેનો અર્થ શું થાય?

મંગુ : એટલીય ખબર નથી? તેનો અર્થ થાય : 'રોકડા સાથે વહેલા પધારજો...'

☺ ☺ ☺ ☺ ☺

પ્રાણીસંગ્રહાલય ઇન્ચાર્જ : ઓયે ચંદુ, તને કાલથી નોકરીમાંથી છૂટો કરવામાં આવે છે.

ચંદુ : મારો કાંઈ વાંક ગુનો?

ઇન્ચાર્જ : સફાઈ કર્યા પછી વાઘનું પાંજરુ કેમ ખૂલ્લું રાખ્યું હતું?

ચંદુ : મને એમ કે આવા ખતરનાક જાનવરની ચોરી કોણ કરશે?

☺ ☺ ☺ ☺ ☺

કનક : તું શું મારા જીવનનો ચાંદ બનવા માંગે છે?

કવિતા : હા... હા.. જરૂર. એ જ તો મારું સ્વપ્ન છે તને ઠંડક પહોંચાડવા માટે.

કનક : તો તો તું મારાથી એક લાખ છયાંસી હજાર માઈલ દૂર જ રહેજે.

☺ ☺ ☺ ☺ ☺

મેનેજર : કેમ કિશોર, આટલા બધા ટેન્શનમાં કેમ છે?

કિશોર : સાહેબ, મારી પત્ની જીદ લઈને બેઠી છે કે મને કાશ્મીર લઈ જાઓ.

મેનેજર : સોરી, હાલના સંજોગોમાં રજા મળે એમ નથી.

કિશોર : ખૂબ ખૂબ આભાર સાહેબ. મને ખાતરી જ હતી કે તમે મારા સંકટ સમયની સાંકળ અવશ્ય બનશો.

☺ ☺ ☺ ☺ ☺

વર્માજી : અરે શર્માજી, તમારી કારનો અકસ્માત કઈ રીતે થયો?

શર્માજી : મેં નવી ગાડી લીધી હતી અને પાછળ લખાવ્યું હતું 'સાવનકો આને દો...'

વર્માજી : પણ આ લખાણમાં ને અકસ્માત વચ્ચે શું સંબંધ છે?

શર્માજી : એ જ તો જોવાનું છે. જે ગાડી પાછળથી આવીને ટકરાઈ એની આગળ લખ્યું હતું, 'આયા સાવન ઝુમકે...'

☺ ☺ ☺ ☺ ☺

ચમનાજી : આ છોકરાઓ બિચારા અમુક બાબતોમાં સાવ બિચારા જ ગણાય.

જગાજી : એમ કેમ કહો છો?

ચમનાજી : જો છોકરી પાંચસો રૂપિયાના સેન્ડલ લાવશે તો પણ આખા ઘરમાં બધાને બતાડતી ફરશે. પણ છોકરો ૧૫૦૦/- રૂા.ની બોટલ લાવશે તો પણ સંતાડવી જ પડશે... બિચારો!


☺ ☺ ☺ ☺ ☺

નાની બેબલી : (દુકાનદારને કાલીઘેલી ભાષામાં) હું મોટી થઈશ ત્યારે તમે મારી સાથે લગ્ન કરશો...?

દકાનદાર : હા... હવે ખુશ...?

બેબલી : તો પછી ભવિષ્યમાં તમારી થનારી ઘરવાળીને બે કેડબરી આપો.. જલ્દી...

*૮/૨૬, ગંગામણિ ફ્લેટ્સ, વસંતનગર સોસાયટી, ગોપાલચોક, મણિનગર, અમદાવાદ-૩૮૦ ૦૦૮. ફોન : ૨૫૪૬૮૧૬૦*




### મહિલા કૂકિંગ કોર્સ બાબત

સવિનય ઉપરોક્ત વિષયે જણાવવાનું કે આપશ્રીના દ્વારા તા. ૧૫-૧૬ સપ્ટેમ્બર, ૨૦૧૬ દરમિયાન નવનીત ભવન, બહેરામપુરા, અમદાવાદ ખાતે મહિલા કૂકિંગ કોર્સ રાખવામાં આવેલ. જેના આપશ્રીના અમે આભારી છીએ. જેમાં તા. ૧૫-૯-૨૦૧૬ના રોજ ૩૯ જેટલી મહિલાઓએ તેમજ તા. ૧૬-૯-૨૦૧૬ના રોજ ૩૧ જેટલી મહિલાઓએ મળીને કુલ ૭૦ મહિલાઓએ ભાગ લીધેલ. જે ટૂંકા સમયમાં આટલી મહિલાઓએ ભાગ લીધેલ છે, જે કોર્ષની સફળતા અનુભવાય છે.

આ ૭૦ બહેનોમાંથી ૮ મહિલાઓએ આપશ્રીના અંક 'મંગલ મંદિર' દ્વારા આપવામાં આવેલ જાહેરાતથી ભાગ લીધેલ. જેમના નામો નીચે પ્રમાણે છે : સર્વ શ્રીમતી (૧) છાયાબેન એન. શાહ - સમ્રાટ નગર, (૨) રશ્મિબેન કે. મહેતા - સમ્રાટ નગર, (૩) વિજયાબેન આર. સાવલા - મણિનગર, (૪) ખુશ્બુબેન એચ. શાહ - વાસણા, (૫) ફાલ્ગુનબેન ટી. શાહ - જૈન નગર, પાલડી, (૬) નલીનીબેન પી. શાહ - પાલડી, (૭) નીમાબેન પી. મોતા - વિશ્વકુંજ, પાલડી, (૮) નીપાબેન એચ. શાહ - વિશ્વકુંજ પાલડી.

આ મહિલા કૂકિંગ કોર્ષનો બંને દિવસનો સમય બપોરે ૨.૦૦થી ૪.૩૦ રાખવામાં આવેલ.

*નીતા એચ. શાહ*
*પ્રમુખ, મહિલા આધિપત્ય ફાઉન્ડેશન*

## અન્ય સંસ્થાઓના સમાચાર

### શ્રી કચ્છી સમાજ - અમદાવાદે ઉજવ્યો નવરાત્રિ કાર્યક્રમ

શ્રી કચ્છી સમાજ - અમદાવાદે રવિવાર તા. ૦૨-૧૦-૨૦૧૬ના રોજ એક દિવસનો નવરાત્રિ કાર્યક્રમ ઉજવેલ હતો. જેમાં સમગ્ર અમદાવાદમાંથી દરેક કચ્છી ઘટક સમાજના વિવિધ અગ્રણીઓ ઉપરાંત અંદાજિત ૧૫૦૦ની સંખ્યામાં લોકો ઉપસ્થિત રહેલ હતા.

'અમે ગુજરાતી' કલ્ચરલ ગ્રુપની ઓરકેસ્ટ્રાના ગ્રુપના સહારે વાતાવરણને નવરાત્રિમય બનાવી દીધેલ હતું.

સૌપ્રથમ રાત્રે ૮.૩૦ કલાકે કોર્પોરેટર શ્રી આશિષ ધીરુભાઇ શાહ અને પટેલ ટ્રાવેલ્સના શ્રી મેઘજીભાઈ ખેતાણીના અતિથિ વિશેષપદે યોજાયેલ આ કાર્યક્રમની શરૂઆત મા અંબાની આરતીથી કરવામાં આવેલ હતી.

ખાણીપીણી માટે ૧૫ જેટલા સ્ટોલ્સ પર લોકોએ મનભરીને વિવિધ વાનગીઓની મજા માણેલ હતી.

કાર્યક્રમના કન્વીનરપદે અશોક રઘુરામ ઠક્કર હતા. કાર્યક્રમનું સંચાલન મંત્રી શ્રી હિમાંશુભાઈ ઠક્કરે કરેલ હતું.

### માંડવી તાલુકાનું નાના ભાડિયા ગામ લીલુંછમ અને હરિયાળું બની રહ્યું છે

માંડવી તાલુકાના નાના ભાડિયા ગામનાં ઉત્સાહી સરપંચે પર્યુષણ પર્વ નિમિત્તે વતનમાં પધારેલા મહાનુભાવોને નાના ભાડિયા ગામને હરિયાળું બનાવવાની યોજના રજૂ કરી હતી.

આ યોજનાને સફળ બનાવવા આર્થિક ભંડોળ ઊભું કરવા ગામના ઉત્સાહી સરપંચે વૃક્ષ દત્તક યોજનાની રજૂઆત કરી હતી, જે મુંબઈથી પધારેલા જૈન ભાઈઓએ વધાવી લીધી હતી. અને યોજનાને સફળ બનાવવા વૃક્ષો દત્તક લીધા હતા. જેથી વૃક્ષારોપણનાં કાર્યને આગળ વધારવામાં ફંડ ઉપયોગી થઈ શકે. આ કાર્યમાં સૌએ મોટા પ્રમાણમાં વૃક્ષો દત્તક લઈને યોજનાને સફળ બનાવવા સંપૂર્ણ સાથ આપ્યો હતો. ■

*પૈસાની તંગીના કારણે કંઈ કેટલાયે અધૂરા ભણતર છૂટતા જોયા છે, પરંતુ પૈસાની તંગીથી કોઈનું પણ વ્યસન છૂટતાં આજ સુધી જોયું નથી.*

Aristo™
STAINLESS STEEL

**Mfrs. of Aristo Brand Stainless Steel Utensils**

**ARISTO PLUS**
177/A, Panjrapole Road, Opp. Sarvoday Nagar, Mumbai-400 004.
Tel. : 2242 6555 / 2242 2666 • Fax : 2242 7324
E-mail : aristo_steel@yahoo.co.in • www.aristosteel.com

## NanoNine™ શબ્દ રમત-૧૨૨

*સંકલન : રજનીકાંત પારેખ*

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ■ | ૩ | ૪ | | ૫ | ■ | ૬ | ૭ | | ■ |
| ■ | ૮ | | ■ | | ■ | ૯ | ૧૦ | | | ■ | ૧૧ |
| ૧૨ | ■ | ■ | ૧૩ | | ૧૪ | ■ | ૧૫ | | ■ | ૧૬ | |
| ૧૭ | ૧૮ | ■ | ૧૯ | ■ | ૨૦ | ૨૧ | ■ | ■ | ૨૨ | ૨૩ | |
| ૨૪ | | ૨૫ | | ■ | ૨૬ | | ■ | ૨૭ | | ■ | |
| ■ | ૨૮ | | ■ | ૨૯ | ■ | ૩૦ | ૩૧ | | ■ | ૩૨ | |
| ૩૩ | | ■ | ૩૪ | | ૩૫ | ■ | | ■ | ૩૬ | | ■ |
| | ■ | ૩૭ | | ■ | ૩૮ | ૩૯ | ■ | ૪૦ | | | ૪૧ |
| ૪૨ | ૪૩ | | ■ | ■ | ૪૪ | | | | ■ | ૪૫ | |
| ૪૬ | | ■ | ૪૭ | ૪૮ | ■ | ૪૯ | ૫૦ | | ૫૧ | ■ | |
| | ■ | ૫૨ | | | ૫૩ | ■ | | ■ | ૫૪ | ૫૫ | ■ |
| ■ | ૫૬ | | | ■ | ૫૭ | | | | ■ | ૫૮ | |

શબ્દ રમત ભરનારનું નામ : ______________________

સરનામું : ______________________

______________________ ફોન/મો. ______________________

*આપશ્રીના જવાબો શ્રી કચ્છી જૈન ભવન - પાલડીના સરનામે મોકલવા વિનંતી. (શબ્દ રમતનો જવાબ મોકલવાની અંતિમ તારીખ : ૩૦-૧૧-૨૦૧૬)*

### આડી ચાવીઓ

૧. _____ કરતાં ઘડામણ મોંઘું (૨)
૩. વિનાશકાળે _____ બુધ્ધિ (૪)
૬. પગ, તૂક, કડી (કવિતાની) (૩)
૮. નવમી તિથિ (૨)
૯. ફૂલમાંનું મધ, ફૂલની રજ, ભમરો, કોકિલ (૪)
૧૩. દૂધ, દહીં (૩)
૧૫. _____ લાડી જમે રે કંસાર (૨)
૧૬. રાજા, _____ ને વાંદરા – ત્રણે સરખા (૨)
૧૭. કસોટી પરથી નક્કી થતો સોના-રૂપાનો આંકડો (૨)
૨૦. વસવાટ, મુકામ (૨)
૨૨. પાણીમાં રહેતું સફેદ પક્ષી (૩)
૨૩. અનુકૂળ વખત (૨)
૨૪. પંજાબની એક નદી (૪)
૨૬. હોઠ, લપ, જલ્દી (૨)
૨૭. ઝીલ કે ઉસ_____ (૨)
૨૮. આબરૂ, ટેક, વિશ્વાસ (૨)
૩૦. જેવી _____ તેવી ભરણી (૩)
૩૨. _____ તેરે કિતને નામ (૨)
૩૩. નમેલું (૨)
૩૪. કોટિ, સો લાખ (૩)
૩૬. આનંદ, મરજી (૨)
૩૭. દારૂ ગાળવાનું સાધન, ભઠ્ઠી, તડ ને _____ (૨)
૩૮. ફળની અંદરનો ગર્ભ (૨)
૪૦. બીજું ગામ (૪)
૪૨. મોકલેલું, વિદાય કરેલું (૩)
૪૪. _____નું ગજ કર્યું (૨)
૪૫. ગરીબ (૨)
૪૬. જુલમ (૨)
૪૭. સરોવર (૨)
૪૯. હથેળી (૪)
૫૨. જૈનોના છેલ્લા તીર્થંકર (૪)
૫૪. ઘાસ (૨)
૫૬. ભોઇ, ચલો રે ડોલી ઉઠાઓ _____ પીયા મિલન (૩)
૫૭. સંતાન (ફા) (૪)
૫૮. પરેજી (૨)

### ઊભી ચાવીઓ

૨. _____ તો પણ રાઈનો દાણો (૨)
૪. ઈંટનો જવાબ _____થી આપે (૩)
૫. અંધારું (૨)
૬. ઓસરી (૩)
૭. નકામું, બાત્તલ કરેલું (૨)
૧૦. કળા, હુન્નર, કસબ (૨)
૧૧. મુખ્ય લખાણ પૂરું થયા પછી તેની નીચે ઉમેરેલું લખાણ (૫)
૧૨. દિવાસળીની પેટી (૩)
૧૩. ગાયોના ચાલવાથી ઊડતી રજ, ધૂળ, સમી સાંજ, ગોધૂલી (૩)
૧૪. પ્રશ્ન (૩)
૧૬. વા _____લઈ જાય (૨)
૧૮. જંપીને ન બેસે તે (૪)
૧૯. ધૂળનો કણ, જરાક, અણું (૨)
૨૦. એક કઠોળ (૨)
૨૧. પાઠ, ઘડો (૩)
૨૨. પનો, જાત, માલ (૨)
૨૫. ટેવ, વ્યસન (૨)
૨૭. _____ માંથી પોરા કાઢે (૨)
૨૯. _____ ધોયે જઈ આવ્યો (૨)
૩૧. રમણિય (૨)
૩૨. રાજાનું સિંહાસન (૪)
૩૩. નજર આગળથી ખસે નહીં તેટલા પૂરતી કેદ (૫)
૩૪. ખાંડેલી ડાંગર, કરડ (૨)
૩૫. વાટ, રાહ (૩)
૩૬. _____ ના ઈંડાને ચીતરવા ન પડે (૨)
૩૭. નાશ પામેલું, પાયમાલ (૨)
૩૯. ધોબી (૩)
૪૦. પાછું આપવું તે (૩)
૪૧. ચિંતન કરવું (૩)
૪૩. અઠવાડિયાના સાત _____ છે (૨)
૪૭. મુંબઈનું ઈન્ટરનેશનલ એરપોર્ટ (૩)
૪૮. શિયાળુ પાક (૨)
૫૦. મન ખુશ થાય તેવી મશ્કરી (૩)
૫૧. _____ ચોરાસી જન્મનું ચક્ર (૨)
૫૨. મોટું, મહાન (૨)
૫૩. _____ પથ્થરને ઘસીને હીરો બનાવાય (૨)
૫૫. હોલેન્ડનો વતની (૨)

*સાહસ કર્યા વિના સિદ્ધિ પ્રાપ્ત કરી શકાતી નથી.*

## NanoNine™ શબ્દ રમત-૧૨૧નો ઉકેલ

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| આ | નં | દી | બ | હે | ન | પ | ટે | લ | | ત | રુ |
| વ | | પ | ળ | | સી | | વ | હે | વા | ર | |
| ર | ગ | ડો | | આ | બ | રૂ | | ર | તા | શ | |
| દા | ણ | | વિ | | દા | બ | ડી | | વ | | રા |
| | પ | | જ | ન | ર | લ | | ક | ર | વ | ત |
| અ | તિ | શ | ય | | | | લ | વ | ણ | | |
| પ | | બ | | લા | ચા | ર | | | | આં | બા |
| હ | લ | ન | ચ | લ | ન | | ત | ર | બ | ત | ર |
| ર | ક | મ | | કિ | ક | | | હે | | ક | દા |
| ણ | | | કિ | લ્લો | | | ખે | વ | ના | | ન |
| | વ | | શો | | દા | | ત | ર | જુ | મો | |
| ગુ | રુ | વા | ર | | ન | જ | ર | | ક | ણ | ક |

*માસ સપ્ટેમ્બર-૨૦૧૬ના અંકમાં છપાયેલ નેનો શબ્દ રમત-૧૨૦ના બધા સાચા ઉકેલ મોકલાવનારના નામ*

૧. સરલાબેન શાહ - અમદાવાદ
૨. નીના ગોરજી - અમદાવાદ
૩. મહેન્દ્ર સંઘવી - અમદાવાદ
૪. જયસુખ સંઘવી - અમદાવાદ
૫. ડૉ. અતુલ ધરોડ - અમદાવાદ
૬. લક્ષ્મીબેન ખત્રી - અમદાવાદ
૭. નેહા પારેખ - અમદાવાદ
૮. જશવંત કોઠારી - અમદાવાદ
૯. ભાનુબેન શાહ - અમદાવાદ
૧૦. પ્રિયંકા શાહ - અમદાવાદ
૧૧. જશવંતી મહેતા - અમદાવાદ
૧૨. સંજય શાહ - અમદાવાદ
૧૩. વિનોદ મહેતા - અમદાવાદ
૧૪. સરોજ શાહ - અમદાવાદ
૧૫. ઝરણાં પારેખ - અમદાવાદ
૧૬. મુકેશ મૈશેરી - અમદાવાદ
૧૭. નયના ગોગરી - અમદાવાદ
૧૮. જ્યોત્સના ગોગરી - અમદાવાદ
૧૯. ચંદ્રકાંત લોડાયા - અમદાવાદ
૨૦. અમિત મહેતા - અમદાવાદ
૨૧. નિશા મહેતા - અમદાવાદ
૨૨. નવલબેન શાહ - અમદાવાદ
૨૩. જ્યોતિબેન શાહ - અમદાવાદ
૨૪. જયેશ મહેતા - અમદાવાદ
૨૫. ચંદ્રા શાહ - અમદાવાદ
૨૬. વર્ષા પારેખ - અમદાવાદ
૨૭. સ્મિતા શાહ - અમદાવાદ
૨૮. ભાવના કારાણી - અમદાવાદ
૨૯. રંજન શાહ - અમદાવાદ
૩૦. હર્ષ પરીખ - અમદાવાદ
૩૧. કલ્પના પાલાણી - અમદાવાદ
૩૨. અલ્પા શાહ - અમદાવાદ
૩૩. પ્રભા શેઠિયા - વલસાડ
૩૪. મુકુંદ મહેતા - આદિપુર
૩૫. ભાનુમતી ગડા - અંકલેશ્વર
૩૬. શોભના દંડ - અંકલેશ્વર
૩૭. હસમુખ દેઢિયા - અડાલજ
૩૮. નેમજી ગંગર - અડાલજ
૩૯. હર્ષાબેન મહેતા - ગાંધીધામ
૪૦. તારાબેન મહેતા - ભુજ
૪૧. કિશોર શાહ - ભુજ
૪૨. નગીન શાહ - નાગપુર
૪૩. તારાબેન શાહ - નાગપુર
૪૪. તારાચંદ હેણિયા - હૈદ્રાબાદ
૪૫. યોગેશ છેડા - ભુજપુર
૪૬. કાંતાબેન દેઢિયા - ડોંબીવલી
૪૭. નવલ નીસર - સુરત
૪૮. સરોજ ચંદુરા - સુરત
૪૯. રસીલા ઝવેરી - અગાસી
૫૦. ઉષા સંઘવી - રૂરકેલા
૫૧. શ્રેણિક પારેખ - સિકંદરાબાદ
૫૨. ડૉ. પ્રદીપ ખોના - ગદગ
૫૩. નવીન લાલકા - ગદગ

*ઉપર્યુક્ત સાચા જવાબ મોકલનારાઓમાંથી લક્કી ડ્રો કરતાં, છ (સ્પેશિયલ) વિજેતાઓનાં નામ નીચે પ્રમાણે છે. તેઓએ પોતાના ઈનામો સમાજના પાલડી ખાતેના કાર્યાલયમાંથી મોબાઈલ નંબર : ૯૮૯૮૦ ૫૩૫૨૧ પર જાણ કરી મેળવી લેવા વિનંતી છે.*

**૧. નિશા મહેતા – અમદાવાદ**
**૨. અલ્પા શાહ – અમદાવાદ**
**૩. ડૉ. અતુલ ધરોડ – અમદાવાદ**
**૪. ભાનુમતી ગડા – અંકલેશ્વર**
**૫. હર્ષાબેન મહેતા – ગાંધીધામ**
**૬. ડૉ. પ્રદીપ ખોના – ગદગ**

તીર્થ પટ
**હરીભાઈ ભીખાભાઈ પેઈન્ટર**
જૈન ધર્મના કેન્વાસ પેઈન્ટીંગ, તીર્થપટ, માર્બલ કાર્વિંગ તીર્થપટ - તીર્થ રચના બનાવનાર
★ તળાવ એરીયા, પ્રાઈમરી સ્કુલ સામે, પાલીતાણા-૩૬૪ ૨૭૦. ★ ૧૩, બાલમંદિર શોપીંગ સેન્ટર, તળેટી રોડ, પાલીતાણા.
Tel. : (02848) 252454 • Mo. 94262 46176, 99240 36761

## NanoNine™ Sudoku

સપ્ટેમ્બર-૨૦૧૬ના અંકમાં છપાયેલ સુડોકુ-૧૦૭૭ના બધા સાચા ઉકેલ મોકલનારના નામ તથા વિજેતાઓના નામ માટે
જુઓ : પાના નંબર-૧૧૫

## ભાગે આવેલ કામ શ્રેષ્ઠતાપૂર્વક કરો

*જીવનમાં આપણા ભાગે જે કામ આવ્યું છે તે અવિરતપણે શક્ય એટલી ઉત્તમ રીતે આપણે કરવાનું છે. દરેક માણસ પાસે વ્યવસાયિક નિપુણતા ન હોઈ શકે. પ્રખર બુદ્ધિમાન વિજ્ઞાની અથવા પૂર્ણ કલાકાર તો વળી એનાથીય ઓછા હોય. મોટાભાગના તો કારખાનામાં, ખેતરમાં કે શેરીમાં કામ કરતા કામદાર જ હોય. પણ કોઈ જ કામ નાનું કે નગણ્ય નથી. માનવજાત માટે ઉપયોગી હોય તે દરેક ગામ ગૌરવપૂર્ણ છે. તેને પૂરેપૂરી ચીવટથી કરવું જોઈએ.*

*જો કોઈ સફાઈ કામદાર શેરીની સફાઈ કરે તો એ કામ એણે એ રીતે કરવું જોઈએ, જે રીતે માઈકેલ ઍન્જેલો ચિત્રકામ કરતો કે બીથોવન સંગીતની તર્જ બનાવતો કે શેક્સપિયર નાટક - કવિતા રચતો. તેણે સફાઈ કામ એ રીતે કરવું જોઈએ કે પૃથ્વી ઉપર માનવો અને સ્વર્ગમાંથી દેવો એનું અભિવાદન કરતાં કહે, 'અહીં એક મહાન સફાઈ કામદાર વસે છે, જે પોતાનું કામ શ્રેષ્ઠ રીતે કરે છે.'*

*– માર્ટિન લ્યૂથર કિંગ, જુનિયર*
*સૌજન્ય : "સમજણના સૂર"*

## NanoNine™ Sudoku

રજનીકાંત પારેખ (૯૮૯૮૦ ૫૩૫૨૧)

*સુડોકુ ક્રમાંક-૧૦૭૯અત્રે રજૂ કરવામાં આવેલ છે. તેના ચારે ભાગ ભરીને 'મંગલ મંદિર' કાર્યાલય પર તા. ૩૦-૧૧-૨૦૧૬ સુધીમાં મોકલી આપવા વિનંતી. તદ્દન ખરા જવાબો મોકલનારનાં નામ જાન્યુઆરી-૨૦૧૭ના અંકમાં પ્રસારિત કરવામાં આવશે.*

સુડોકુ ભરનારનું નામ : ____________________

સરનામું : ____________________

____________________ ફોન/મોબાઈલ : ____________________

### ક્રમાંક - ૧૦૭૯

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | 5 | 9 | | | | 3 | 2 |
| 1 | | | 3 | 4 | | | | 6 |
| 6 | | 7 | 1 | | | | 5 | |
| | | 3 | | 9 | | 6 | | 7 |
| 2 | | | | 1 | 4 | | | 5 |
| | 7 | 4 | | 3 | | 2 | | |
| | 5 | | | | 1 | | 9 | 3 |
| 9 | | 8 | | | 3 | | | 1 |
| | 2 | | | 7 | 9 | 5 | | |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 1 | 7 | | | 5 | | | 6 | |
| | | | 3 | | 7 | 8 | 1 | |
| 3 | | 2 | | | 1 | | | 7 |
| | 3 | | 4 | | | | 8 | 6 |
| 4 | | 9 | | 6 | 8 | | 3 | |
| | 8 | | | | 3 | | 9 | |
| 2 | | 7 | | 4 | | 6 | | 3 |
| | | 4 | | | 6 | | | |
| 8 | 6 | | | 1 | 2 | | 7 | 4 |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 3 | | | | 6 | | 8 | | |
| 4 | 5 | | | | 1 | 9 | | |
| | | 1 | 7 | 2 | | 3 | | 4 |
| | 4 | | | | 2 | 1 | | |
| | 2 | 3 | | | 8 | | 7 | 5 |
| | 9 | | 1 | 7 | | | 4 | |
| 9 | | 4 | | 1 | 7 | 5 | | |
| | | 7 | | 8 | 5 | | 3 | 6 |
| | | 5 | | | | | | 9 |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | 2 | | 3 | 7 | | | 8 |
| | 5 | | | | | | 4 | |
| 6 | 9 | | | 5 | 8 | 3 | | 2 |
| 1 | 8 | | 2 | | | | | 5 |
| | 3 | 9 | | 1 | 5 | 7 | | |
| | | | | | 3 | 2 | 8 | |
| | 6 | 4 | | | 9 | | 2 | |
| 9 | | 3 | | | | | 7 | 6 |
| | | | 3 | 2 | 6 | 4 | | |

### ઉકેલ : ક્રમાંક - ૧૦૭૮

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 3 | 6 | 7 | 8 | 4 | 5 | 2 | 9 | 1 |
| 4 | 2 | 1 | 6 | 9 | 7 | 8 | 3 | 5 |
| 8 | 9 | 5 | 3 | 2 | 1 | 4 | 6 | 7 |
| 6 | 1 | 8 | 7 | 5 | 3 | 9 | 4 | 2 |
| 7 | 4 | 9 | 1 | 6 | 2 | 5 | 8 | 3 |
| 5 | 3 | 2 | 9 | 8 | 4 | 7 | 1 | 6 |
| 2 | 8 | 3 | 5 | 1 | 9 | 6 | 7 | 4 |
| 9 | 7 | 4 | 2 | 3 | 6 | 1 | 5 | 8 |
| 1 | 5 | 6 | 4 | 7 | 8 | 3 | 2 | 9 |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 7 | 5 | 3 | 8 | 4 | 9 | 1 | 6 | 2 |
| 1 | 8 | 2 | 6 | 7 | 3 | 5 | 9 | 4 |
| 4 | 6 | 9 | 1 | 2 | 5 | 8 | 3 | 7 |
| 3 | 1 | 6 | 5 | 8 | 2 | 4 | 7 | 9 |
| 2 | 4 | 8 | 9 | 1 | 7 | 6 | 5 | 3 |
| 5 | 9 | 7 | 3 | 6 | 4 | 2 | 1 | 8 |
| 9 | 3 | 4 | 2 | 5 | 1 | 7 | 8 | 6 |
| 8 | 7 | 5 | 4 | 3 | 6 | 9 | 2 | 1 |
| 6 | 2 | 1 | 7 | 9 | 8 | 3 | 4 | 5 |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 2 | 4 | 3 | 9 | 8 | 1 | 7 | 5 | 6 |
| 8 | 7 | 6 | 4 | 5 | 3 | 9 | 2 | 1 |
| 9 | 5 | 1 | 2 | 7 | 6 | 8 | 4 | 3 |
| 4 | 6 | 9 | 3 | 1 | 2 | 5 | 8 | 7 |
| 3 | 8 | 5 | 6 | 4 | 7 | 1 | 9 | 2 |
| 1 | 2 | 7 | 5 | 9 | 8 | 3 | 6 | 4 |
| 7 | 9 | 2 | 1 | 6 | 5 | 4 | 3 | 8 |
| 5 | 3 | 8 | 7 | 2 | 4 | 6 | 1 | 9 |
| 6 | 1 | 4 | 8 | 3 | 9 | 2 | 7 | 5 |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 3 | 1 | 2 | 9 | 8 | 5 | 6 | 4 | 7 |
| 6 | 9 | 7 | 4 | 3 | 2 | 1 | 5 | 8 |
| 8 | 4 | 5 | 6 | 7 | 1 | 9 | 2 | 3 |
| 2 | 6 | 4 | 1 | 9 | 7 | 8 | 3 | 5 |
| 7 | 8 | 9 | 5 | 6 | 3 | 4 | 1 | 2 |
| 1 | 5 | 3 | 2 | 4 | 8 | 7 | 6 | 9 |
| 5 | 2 | 8 | 7 | 1 | 6 | 3 | 9 | 4 |
| 9 | 3 | 1 | 8 | 2 | 4 | 5 | 7 | 6 |
| 4 | 7 | 6 | 3 | 5 | 9 | 2 | 8 | 1 |

# જાણવા જેવું

*સંકલન : રજનીકાંત પારેખ*

★ **સમુદ્રી કેબલ :** એટલાન્ટિક સાગરનું પ્રથમ ટેલિગ્રાફ કેબલ આયરલેન્ડમાં ફિલ્ડ અને ન્યુફાઉન્ડ લેન્ડમાં હાર્ટસ કન્ટેન્ટ વચ્ચે એક જહાજના ડેકથી નાખવામાં આવ્યો હતો. વિશ્વનો ૧૧ ટકા અંતર મહાદ્વીપિય ડેટા આ કેબલ લઈ જાય છે તેમાં ૬૭૦ ખબજ (અબજ નહી) રૂપિયાના બિઝનેસની લેવડ-દેવડ થાય છે. કેબલથી ટ્રાન્સફર થતા ડેટા ઉપગ્રહથી પહોંચાડતા ડેટા કરતાં ઘણો ઓછો સમય લે છે.

★ **સ્વયં સંચાલિત બોટ :** માનવવિહીન ડ્રોન આકાશમાં છવાયેલા છે. સેલ્ફ ડ્રાઈવિંગકારોએ રસ્તા પર દોડવાનું શરૂ કરી દીધેલ છે ત્યારે મેસાચુસેટ્સ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજીએ ઓટોમેટિક હોડીઓનો પ્રથમ જથ્થો તૈયાર કર્યો છે. આ સ્વયં સંચાલિત હોડીઓ એમ્સ્ટર્ડમની નહેરોમાં લોકોને લઈ જશે. માલનું વહન કરશે અને સેન્સરોના માધ્યમથી પાણીમાં રસાયણોની તપાસ પણ કરશે.

★ **કેન્સરથી બચો :** અમેરિકાના કેન્સર સોસાયટી મુજબ ૭૫થી ૮૦ ટકા બ્રેસ્ટ કેન્સરોને સંબંધ જીવનશૈલી અને પર્યાવરણના પ્રભાવથી જોડી શકાય છે. કેન્સરથી બચવા મહિલાઓએ વજન ઉપર નિયંત્રણ, સારો આહાર, નિયમિત કસરત કરવી જોઇએ અને સ્મોકિંગ - શરાબખોરીથી બચવું જોઈએ. પર્યાપ્ત ફળો, શાકભાજી અને જેતુનના તેલ જેવા સારા ફેટના ઉપયોગથી બ્રેસ્ટ કેન્સરનું જોખમ ૬૦ ટકા સુધી ઘટી શકે તેવી સંભાવના છે. વિશેષજ્ઞો માને છે કે શરીરની ફેટ એક અંગની જેમ વર્તન કરે છે અને બ્રેસ્ટ કેન્સરનું જોખમ વધારતા હોર્મોન ઍસ્ટ્રોજન સહિત અને હોર્મોન રિલિઝ કરે છે.

★ **એક્સ્ટ્રા ઓર્ડિનરી સાત કમાન :** ગુજરાતના સર્વ પ્રથમ વર્લ્ડ હેરિટેજમાં સ્થાન પામેલ ચાંપાનેર - પાવાગઢમાં પ્રાચીનતમ સંસ્કૃતિનો વિપુલ ભંડાર ભરેલ છે. તેમાં ધ્યાનાકર્ષક જો કોઈ હોય તો તે 'સાત કમાન' છે. આ કમાનો મનમોહક અને સર્વોત્કૃષ્ટ છે. આ વિરાટ કમાનો એક છેડેથી બીજા છેડા સુધી કોઈ સિમેન્ટ કે ધાતુ વિના જ એકબીજા પથ્થરોના સપોર્ટથી ઊભી છે. આધુનિક યુગમાં આવી કમોનો બનાવવી અશક્ય છે.

★ **'શોલે' ફિલ્મ :** ફિલ્મના ઈતિહાસમાં અંકિત થઈ જનારી ફિલ્મ શોલે એક દંતકથા સમાન છે. એક વરસમાં તૈયાર થનાર ફિલ્મને પૂર્ણ થતાં સવા બે વરસ લાગ્યા. બીજી ઓક્ટોબર ૧૯૭૩ ના દિવસે ફ્લોર પર જનાર ફિલ્મ ૧૫ ઓગસ્ટ ૧૯૭૫ ના દિવસે રીલીઝ થઈ. આ ફિલ્મમાં અભિનય કરવા બદલ ધર્મેન્દ્રને પાંચ લાખ, જયા - અમિતાભને ત્રણ ત્રણ લાખ અને નવોદિત અમજદ ખાનને ફક્ત દસ હજાર રૂપિયા મહેનતાણા તરીકે આપવામાં આવેલ હતા. પ્રથમ ફિલ્મના અંતમાં ગબ્બર ઠાકુરના હાથે માર્યો જાય છે પણ સેન્સર બોર્ડે વાંધો લીધો કે એક ભૂતપૂર્વ પોલીસ ઓફિસર કાયદો પોતાના હાથમાં કેવી રીતે લઈ શકે? તેથી બીજા અંતમાં ગબ્બરને જીવતો બનાવવામાં આવ્યો. શોલેના નામે એ પણ એક રેકોર્ડ છે કે આ ફિલ્મ બે વર્ઝનમાં તૈયાર કરવામાં આવી હતી (એક આખી ફિલ્મ લંબાઈના કારણે - અસરાની સુરમા ભોપાલી વગરની) દર્શાવવામાં આવતી હતી.

★ **માતૃભાષા પ્રેમનું મિશન :** રતિલાલ ચંદર્યાએ માતૃભાષાના પ્રેમના કારણે ચાલીસ - ચાલીસ વરસ સુધી મહેનત કરી સ્વખર્ચે ૨૦૦૫માં તેમણે ગુજરાતી લેકિસકોન ડિજિટલ ડિક્ષનરી રજૂ કરી અને હિંદી તેમજ દેવનાગરી પહેલાં ગુજરાતીઓને આ ભેટ ધરી. આ ડિક્ષનરીમાં ગુજરાતી અંગ્રેજી, અંગ્રેજી ગુજરાતી, ગુજરાતી ગુજરાતી શબ્દકોશો ઉપરાંત થિસોરસ, વિરોધી શબ્દકોશ અને ગુજરાતી સ્પેલચેકર જેવી સુવિધા છે. તેમાં ભગવદ્ ગો મંડળ સાથે જોડણીકોશ, ખિસ્સાકોશ અને બૃહદ જોડણીકોશ જેવા વિવિધ શબ્દકોશનો સમાવેશ કરીને એટલો વિશાળ અને બહુઉપયોગી ડેટાબેઝ તૈયાર કર્યો છે કે આજે દુનિયાના લગભગ ૪ કરોડ લોકો તો માત્ર તેમની વેબસાઈટનો ઉપયોગ કરી રહ્યા છે અને દર મહિને ૬૦ ટકા લોકો તેમાં ઉમેરાય છે. ભારત ઉપરાંત યુએસએ, યુકે, કેનેડા, ઓસ્ટ્રેલિયા, યુએઈ, કેન્યા, ન્યુઝીલેન્ડ, ફિલીપાઈન્સ, રશિયા, પાકિસ્તાન, આર્જેન્ટિના, બ્રાઝિલ સહિત દુનિયાના દેશો તેનો ઉપયોગ કરે છે. જેમાં ૧૮ થી ૩૪ વરસના લોકો સૌથી વધુ ઉપયોગ કરે છે. તેની ૨૧ વિના મૂલ્યે મોબાઈલ એપ્લીકેશન છે જેના ૨ લાખથી વધુ ધારકો છે.

★ **ક્વોન્ટમ ઉપગ્રહ :** ચીને ૧૬ ઓગસ્ટ, ૨૦૧૬ના રોજ વિશ્વના સૌ પ્રથણ ક્વોન્ટમ ઉપગ્રહનું પ્રક્ષેપણ કર્યું છે.

"ROLEX" Brand



**Rushabh**
**STEEL CENTRE**

G-77, Sarvoday Nagar,
Shri Mahendrakumar T. Shah Marg,
(1st Panjrapole Lane), Mumbai-400 004.
**Tel. : 2242 2072, 3393 7310 ● Fax : (022) 3008 0072**

MFGR. & DEALERS IN : *Rolex* SQUARE DABBA & TIFFIN

તેણે એવો દાવો કર્યો છે કે આ સંદેશા વ્યવહાર ઉપગ્રહ દ્વારા મોકલવામાં આવનારી માહિતી ચેક થઈ શકશે નહીં. તેને અવરોધવાનું કે રેકોર્ડ કરવાનું પણ શક્ય નહીં હોય. તેમાં ડેટા કોમ્યુનિકેશન ફોટોનના માધ્યમથી થશે. ફોટોનને અલગ કરી શકાતો ન હોવાથી તેની નકલ થઈ શકશે નહીં. આ સ્થિતિમાં માહિતી હેક કરવી અસંભવ છે. પાંચમી સદીમાં ચીનના મહાન ચિંતક 'મિસિઅસ' ના નામ પરથી આ ઉપગ્રહનું નામ રખાયું છે.

★ **નોબલ પ્રાઈઝ :** આ વરસનું કેમિસ્ટ્રીનું નોબલ પ્રાઈઝ ફ્રાન્સના પિયરે સાવેજ, બ્રિટનના સર જે ફ્રેજર સ્ટોડાર્ટ અને નેધરલેન્ડના બર્નાર્ડ એલ ફેરિંગાને આપવામાં આવ્યું છે. તેમણે એવા અણુ બનાવવામાં સફળતા મેળવી છે જેમને નિયંત્રિત કરી શકાય છે. તેમની શોધ નાના રોબોટ્સ અને કૃત્રિમ અંગોમાં ખૂબજ ઉપયોગી સાબિત થશે. લગભગ ૬.૧૮ કરોડ રૂપિયાની રકમ ત્રણે વૈજ્ઞાનિકોને સરખા ભાગે મળશે. બર્નાર્ડ ફેરિંગા પહેલી વ્યક્તિ છે જેમણે આણ્વિક મોટર બનાવી છે. તેમણે ૧૯૯૯માં મોલેક્યુલર રોટર બ્લેડર બનાવ્યું હતું જે એકજ દિશામાં ફરી શકતું હતું. આ વિજ્ઞાનીઓની શોધને નેનો મશીન કે નેનો બોટ પણ કહેવામાં આવે છે.

★ **રોબોટિક સર્જન :** ભારતીય મૂળના ઑસ્ટ્રેલિયન વિજ્ઞાની સુરેન કૃષ્ણન જેમાં સામેલ છે તે ઑસ્ટ્રેલિયાની ડીકિન યુનિવર્સિટી, અમેરિકાની હાર્વર્ડ યુનિવર્સિટી અને ઑસ્ટ્રેલિયામાં રોયલ એડીલેડ હોસ્પિટલમાં ડૉક્ટર તથા ઈન્સ્ટિટ્યૂટ ફોર ઇન્ટેલિજન્સ સિસ્ટમ રિસર્ચ એન્ડ ઈનોવેશન ટીમે એવી પ્રણાલી વિકસાવી છે જેનાથી દર્દીથી હજારો કિ.મી.ના અંતરે દૂર બેઠેલ સર્જન તેના ટિશ્યુને અનુભવી તેની સારવાર કરી શકશે. આ બધું દુનિયાના પ્રથમ રોબોટિક સર્જનની મદદથી સંભવ થશે જેનું નામ હીરોસર્જ છે. આ સર્જરીની વર્તમાન ટેકનિક જે લેપ્રોસ્કોપીને જોવા સુધી મર્યાદિત હતી તેનાથી પણ આ વધુ કારગર ટેકનોલોજી છે. આ હીરોસર્જ માત્ર સર્જરીને અગાઉ કરતાં વધારે સુરક્ષિત જ નહીં બનાવે પરંતુ દર્દીને ટ્રોમા, બ્લડ લોસ તથા ઇન્ફેક્શનના જોખમમાં પણ ઘટાડો કરશે.

★ **સ્વસ્થ વાળના નુસખા :** વાળના પોષણ માટે પ્રોટીન અને આયર્ન જરૂરી છે. તેના માટે દરરોજ આ ટેવ બનાવો :

- એક મુઠ્ઠી ડ્રાયફ્રુટ (અખરોટ, બદામ, કાચી મગફળી મિક્સ કરીને) ખાવ.
- સીઝનમાં ફળોની સાથે મધ, દહીં મિક્સ કરીને ફ્રુટ ચાટ ખાવ. મધ એન્ટી ઓક્સિડેન્ટનું કામ કરે છે.
- એક ગાજર દરરોજ ખાવ. તેમાં કેરોટીન હોય છે એ ત્વચા માટે પણ સારું છે.
- લીલાં શાકભાજી સાથે નાળિયેર પાણી પણ વાળ માટે સારું છે. ■

## NanoNine™ Sudoku

*સપ્ટેમ્બર૨૦૧૬ના અંકમાં છપાયેલ સુડોકુ-૧૦૭૭ના બધા સાચા ઉકેલ મોકલનારના નામ*

૧. ઝરણાં પારેખ - અમદાવાદ
૨. નીના ગોરજી - અમદાવાદ
૩. પૂજા મૈશેરી - અમદાવાદ
૪. મહેન્દ્ર સંઘવી - અમદાવાદ
૫. જયસુખ સંઘવી - અમદાવાદ
૬. નિશાંત શાહ - અમદાવાદ
૭. ડૉ. અતુલ ધરોડ - અમદાવાદ
૮. જયશ્રી મહેતા - અમદાવાદ
૯. કવિશા ગોસર - અમદાવાદ
૧૦. મીત ગોસર - અમદાવાદ
૧૧. ખુશ્બુ ધુલ્લા - અમદાવાદ
૧૨. નેહા પારેખ - અમદાવાદ
૧૩. પ્રિયંકા શાહ - અમદાવાદ
૧૪. હરેશ મુનવર - અમદાવાદ
૧૫. સરોજ શાહ - અમદાવાદ
૧૬. વિનોદ મહેતા - અમદાવાદ
૧૭. સંજય શાહ - અમદાવાદ
૧૮. નયના ગોગરી - અમદાવાદ
૧૯. જ્યોત્સના ગોગરી - અમદાવાદ
૨૦. હીરવા પટવા - અમદાવાદ
૨૧. જ્યોતિ શાહ - અમદાવાદ
૨૨. શાંતિલાલ શાહ - અમદાવાદ
૨૩. દર્શના શાહ - અમદાવાદ
૨૪. જયેશ મહેતા - અમદાવાદ
૨૫. ઉષ્મા શાહ - અમદાવાદ
૨૬. સ્મિતા શાહ - અમદાવાદ
૨૭. ચંદ્રા શાહ - અમદાવાદ
૨૮. કિંજલ શાહ - અમદાવાદ
૨૯. નિરાલી શાહ - અમદાવાદ
૩૦. હર્ષ પરીખ - અમદાવાદ
૩૧. કલ્પના પાલાણી - અમદાવાદ
૩૨. વર્ષા શાહ - અમદાવાદ
૩૩. પ્રભાબેન શેઢિયા - વલસાડ
૩૪. હેમલતા દેઢિયા - અડાલજ
૩૫. હર્ષા મહેતા - ગાંધીધામ
૩૬. સંકેત મહેતા - ભુજ
૩૭. પદમશી ગાલા - ગાંધીનગર
૩૮. હેમલતા ગંગર - ગાંધીનગર
૩૯. નગીન શાહ - નાગપુર
૪૦. સોનલ શાહ - નાગપુર
૪૧. હેતલ મહેતા - ગઢશીશા
૪૨. તારાચંદ હેણિયા - હૈદ્રાબાદ
૪૩. રસીલા ઝવેરી - અગાસી
૪૪. ઉષા સંઘવી - રાઉરકેલા
૪૫. પ્રતીક પારેખ - સિકંદરાબાદ
૪૬. સરોજ ચંદુરા - સુરત

*ઉપર્યુક્ત સાચા જવાબ મોકલાવનારાઓમાંથી લક્કી ડ્રૉ અનુસાર ત્રણ વિજેતાઓ નીચે પ્રમાણે છે. તેઓએ પોતાના ઈનામો પાલડી ભવન ખાતેના કાર્યાલયમાંથી મોબાઈલ નંબર : ૯૮૯૮૦ ૫૩૫૨૧ ફોન પર જાણ કરી મેળવી લેવા વિનંતી.*

**વિજેતાઓ :**

૧. ખુશ્બુ ધુલ્લા - અમદાવાદ
૨. તારાચંદ હેણિયા - સિકંદરાબાદ
૩. પદમશી ગાલા - ગાંધીનગર



સંકલન : દિનેશચંદ્ર જગજીવન શાહ

★ **સાહિત્ય ગૌરવ પુરસ્કાર :** કચ્છી સાહિત્ય અકાદમી દ્વારા યોજાયેલા સમારંભમાં કચ્છના પાંચ સર્જકો (૧) જયંતી જોશી 'શબાબ' – વર્ષ ૨૦૧૦, (૨) ડૉ. વિશન નાગડા – વર્ષ ૨૦૧૧, (૩) રવિ પેથાણી 'તિમિર' – વર્ષ ૨૦૧૨, (૪) ગૌતમ જોશી – વર્ષ ૨૦૧૩ તથા (૫) હરેશ દરજી 'કસબી'ને ગૌરવ પુરસ્કારથી સન્માનિત કરવામાં આવેલ હતા. જેમાં સ્મૃતિ ચિહ્ન, પ્રમાણપત્ર, શાલ તથા પ્રત્યેકને રૂપિયા એક લાખ રોકડા અપાયા હતા. તદુપરાંત અન્ય સર્જકોને શ્રેષ્ઠ પુસ્તક પારિતોષિક પણ અર્પણ કરાયા હતા.

★ **કુદરતની કરામત :** ગઢશીશાના હાજી સુલેમાન મેમણની વાડીમાં ભાદરવા માસમાં હાફુસ આંબાના વૃક્ષમાં ફળ લાગતાં આશ્ચર્ય ફેલાયું છે. આમ તો કેરીની મોસમ વૈશાખ અને જેઠ માસ ગણી શકાય. તેમની વાડીમાં ત્રણ ઝાડમાં પાંચ કિલોનો ફાલ લાગ્યો છે.

★ **કચ્છ એક્સપ્રેસ – જન્મદિન :** આજે મહાત્મા ગાંધીજીના જન્મદિને સને ૧૯૮૪ની ૨જી ઓક્ટોબરના મંગળ દિને કચ્છ એક્સપ્રેસ બોમ્બે સેન્ટ્રલથી કચ્છ માટે પ્રથમ ટ્રેન શરૂ કરવામાં આવેલ હતી. શરૂઆતમાં ૧૪ ડબ્બાની ટ્રેન હતી, જે અત્યારે બાંદ્રાથી ભુજ ૨૩ + ૨૪ ડબ્બાથી દોડાવાય છે. આ ટ્રેનમાં થતી પાસ ધારકોની મનમાની નિવારવા કચ્છ પ્રવાસી સંઘના કન્વીનર નીલેશ શાહે વાપી, વલસાડ, નવસારી, અંકલેશ્વર, ભરૂચ, આણંદ, નડિયાદ જેવા હોલ્ટ રદ કરવાની રેલવેના સત્તાવાળાઓને પત્ર દ્વારા ભારપૂર્વક જણાવેલ છે. તેમજ આ ટ્રેનને સુપરફાસ્ટ શ્રેણીમાં પરિવર્તન કરવામાં આવેલ છે. તથા તેના નવા નંબર ૨૨૯૫૫ બાંદ્રા - ભુજ અને ૨૨૯૫૬ ભુજ - બાંદ્રા કરવામાં આવેલ છે.

★ **ભૂસ્તરની આંતરરાષ્ટ્રીય પરિષદમાં કચ્છ :** તાજેતરમાં દક્ષિણ આફ્રિકાના કેપટાઉન શહેર ખાતે યોજાયેલી ૩૫મી આંતરરાષ્ટ્રીય જિયોલોજિકલ કોંગ્રેસમાં કચ્છ યુનિવર્સિટીના એન્વાયર સાયન્સ વિભાગના વડા ડૉ. ઠક્કરે 'ક્વાર્ટર્નરી લેન્ડસ્કેપ ઈવોલ્યુશન ઈન કચ્છ કન્સીડરીંગ ધ ટેક્ટોનિક એન્ડ ક્લાઈમેટ પ્રોસેસ' પર સંશોધન પત્ર તથા રિસર્ચ, સ્ટુડન્ટ શ્રી ગૌરવ ચૌહાણે 'જિયો હેરિટેજ એન્ડ પ્રિઝર્વેશન ઑફ કી જિયો સાઈટ ઈન કચ્છ' પર પોસ્ટ પ્રેઝન્ટેશન કર્યું હતું. તે સમયે તેઓએ વિદેશની અનેક ભૂસ્તર સંસ્થાઓ સાથે સમજૂતીઓ કરી હતી. જેથી ભવિષ્યમાં કચ્છ યુનિ.ના છાત્રોને વૈશ્વિક સ્તરે ખનિજ, તેલ કંપનીઓમાં રોજગારી ઉપલબ્ધ બને.

★ **ઘાસચારાની તંગીને દેશવટો :** કચ્છના વાંકી ગામમાં ખાનગી માલિકીની વણખેડાયેલ પડતર જમીનનો ઉપયોગ પશુચારા માટે કરવાનું ગામના અન્યત્ર વસતા ગ્રામજનોને મુંબઇ સ્થિત સમાજ અગ્રણી બાબુભાઈ ભવાનજી છેડાએ સંપર્ક સાધી સમજાવતાં, અને વાંકી ગામના ગ્રામજનો તથા જૈન મિત્ર મંડળે, બાલકૃષ્ણ ગૌશાળા પાંજરાપોળ ચેરિટેબલ ટ્રસ્ટ - કોડકી (ભુજ) તથા એકમાત્ર શ્રમજીવી વ્યક્તિ લક્ષ્મણ રાજસ્થાની એકલાએ ગામની ૬૦૦ એકર જમીનમાં જુવારનું વાવેતર કરેલ છે. સારા વરસાદના કારણે જુવારનો ફાલ લહેરાઈ રહ્યો છે. તેઓ આશા રાખે છે કે ૩૦ હજાર મણ જેટલી જુવાર થશે જે પશુ માટે વરસ દરમિયાન આશિર્વાદરૂપ બની રહેશે.

★ **વૃક્ષપ્રેમ :** યુ.એ.ઈ.ના શારજહાંમાં નોકરી દરમિયાન ભુજ તાલુકાના સૂરજપર ગામના અદના આદમી ૬૦ વર્ષીય નારાણભાઈ કરશન કેરાઈએ ભંગાર દ્વારા રૂપિયા દોઢ લાખ એકત્ર કરી સંચિત રકમના વ્યાજમાંથી સૂરજપર ગામને હરિયાળું બનાવી દીધું છે. વૃક્ષોના વાવેતર બાદ તેનું જતન પણ સ્વરીતે કરે છે. તેમણે છેલ્લા ૧૭ વર્ષથી પાંચ હજાર વૃક્ષો વાવીને વનરાઈ સર્જી છે.

★ **શસ્ત્રક્રિયામાં પ્રથમ વખત સફળતા :** મીઠી રોહર પાસે આવેલી લાકડાની કંપનીમાં કામ કરતા અફસર અલીનો ડાબો હાથ કોઈ રીતે મશીનમાં આવી જતાં કાંડાથી કપાઈ ગયેલ. તેને ગાંધીધામની કોસ્મો પ્લાસ્ટ હોસ્પિટલના ડૉ. રવિશ આથાએ મુશ્કેલ અને ધીરજ માંગી લે તેવું ઑપરેશન સફળતાપૂર્વક પાર પાડેલ. આ ઑપરેશન ૧૬ કલાક જેટલું ચાલેલ હતું.

★ **કચ્છ યુનિ.ના પ્રાધ્યાપકની મંગળ ગ્રહના સંશોધન માટે પસંદગી :** કચ્છ યુનિવર્સિટીના ડિપાર્ટમેન્ટ ઓફ અર્થ એન્ડ એન્વાયરમેન્ટલ સાયન્સના જિયોલોજીના પ્રાધ્યાપક ડૉ. સુભાષ ભંડારીને 'ઈસરો'એ મંગળ ગ્રહ પરના ચોક્કસ વિસ્તારમાં વિશિષ્ટ ભૂપૃષ્ઠ અને ભૂસ્તરના અભ્યાસ કરવા ૨૫ લાખ રૂપિયાનું અનુદાન મળેલ છે. આ સંશોધન દ્વારા તસવીરોની મદદથી મંગળના ગ્રહના ખડકોનું ચોક્કસ મેપિંગ તથા મંગળ ગ્રહ ઉપર ભૂતકાળમાં કેવું વિવિધ વાતાવરણ હતું તેનો પણ અભ્યાસ કરવામાં આવશે. ■

## સમાજ દર્પણ

### પુત્ર જન્મ

- **બુધવાર, તા. ૨૧-૯-૨૦૧૬**
  **ચિ. વીર ચાંદની કવીન લક્ષ્મીચંદ ગાલા (વાંઢ - અમદાવાદ)**

## સાભાર સ્વીકાર

***શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની***
***વિવિધ સેવાકીય યોજનાઓ માટે***
***નીચે મુજબ દાતાશ્રીઓ તરફથી દાન / ભેટ પ્રાપ્ત થયેલ છે.***

### તબીબી સહાય ખાતે

| | | |
|---|---|---|
| રૂા. | ૧૧,૦૦૦/- | શ્રીમતી અલ્પાબેન રાગેશ ફડિઆ - અમદાવાદ |
| રૂા. | ૫,૦૦૦/- | શ્રી મેહુલ વલ્લભભાઈ પટેલ - અમદાવાદ |
| રૂા. | ૧,૧૧૧/- | શ્રી કાંતિલાલ મોહનલાલ ટીંબડિયા - અમદાવાદ |
| રૂા. | ૧,૦૦૦/- | શ્રી માવજીભાઈ આણંદજીભાઈ શાહ - મુંબઈ |
| રૂા. | ૧,૦૦૦/- | શ્રી મોતીલાલ માનશી ગડા - અમદાવાદ |
| રૂા. | ૧,૦૦૦/- | શ્રીમતી રેખાબેન શાંતિલાલ સાવલા - અમદાવાદ |
| રૂા. | ૫૦૧/- | શ્રી ગુલાબચંદ ડુંગરશી સાવલા - અમદાવાદ (પુત્રી ચિ. ભાવિની નીરવ નાગડા (સણોસરા - દહીંસર)ને પુત્ર પ્રાપ્તિની ખુશાલી નિમિત્તે) |
| રૂા. | ૫૦૦/- | શ્રી કુમારપાળ અંબાલાલ શાહ - અમદાવાદ |

### વૈયાવચ્ચ ખાતે

| | | |
|---|---|---|
| રૂા. | ૧૫,૦૦૦/- | મૂલચંદભાઈ એન્ડ સન્સ - વિરમગામ |
| રૂા. | ૧૧,૦૦૦/- | શ્રી ભૂરામલ હરકિશન - અમદાવાદ |
| રૂા. | ૧,૧૦૦/- | શ્રીમતી દિવ્યાબેન દિલીપભાઈ શાહ - અમદાવાદ |
| રૂા. | ૫૦૦/- | શ્રી કૃણાલ હર્ષદભાઈ સાવલા - અમદાવાદ |

### શ્રી જલારામ અન્નક્ષેત્ર ખાતે

| | | |
|---|---|---|
| રૂા. | ૨,૫૦૦/- | રીન્કુબેન અમૃતલાલ ઠક્કર - અમદાવાદ |
| રૂા. | ૧,૦૦૦/- | માતુશ્રી પાનબાઈ ધારશી રાંભિયા (નાના ભાડિયા - અમદાવાદ)ના સ્મરણાર્થે (હ. કૌશલ ગુલાબચંદ રાંભિયા) |

### સાધર્મિક સહાય ખાતે

| | | |
|---|---|---|
| રૂા. | ૫,૦૦૦/- | શ્રી રતનશી આણંદજી મૈશેરી - મુંબઈ |

### શૈક્ષણિક સહાય ખાતે

| | | |
|---|---|---|
| રૂા. | ૧,૦૦૦/- | માતુશ્રી પાનબાઈ ધારશી રાંભિયા (નાના ભાડિયા - અમદાવાદ)ના સ્મરણાર્થે (હ. કૌશલ ગુલાબચંદ રાંભિયા) |

***સંસ્થા ઉપરોક્ત તમામ દાતાશ્રીઓનો ખૂબ ખૂબ આભાર માને છે.***

## કર્યું કોઈનું જતું નથી

***Every thought that you have ever had,***
***Its own little spaced***
***Has filled every deed you have done***
***Good or bad***
***Is a stone in the temple you build.***

***– B. Kent***

*નવી પેઢીના જુવાનોને કોઈ પણ કાર્ય કરે તેનું ફળ તરત જોઈએ છે. ઘણા લોકો તો નજર સામે ફળ ન દેખાય તો કંઈ કામ જ ન કરે. કેટલાકને સફળતાની ગેરંટી ન હોય તો કામ હાથમાં ન લે. પણ આ લોકોએ નોંધી લેવું જોઈએ કે ઈશ્વરના દરબારમાં દરેક નાનામોટા કાર્યની નોંધ લેવાય છે. તમે વિચારો છો ત્યારે જ તમે એક મોટી જબ્બર જગ્યાને ભરી દો છો. તમે કરેલો વિચાર પણ વ્યર્થ જતો નથી તો પછી કરેલું કાર્ય કેમ વ્યર્થ જાય. વળી પુરુષાર્થ કરવામાં ભૂલ થાય તો તેની પણ કિંમત છે. તમારા દરેક કર્તૃત્વની એક ઈમારત ચણાય છે. એટલે ફળ મળવાની આશા વગર જ કામ કરો. કશું જ નિષ્ફળ જતું નથી. કોઈ મિત્રને મદદ કરી હોય તો તેનો બદલો આપોઆપ મળી જ રહે છે. તમે જે કાંઈ સારુંનરસું કરો છો તેનાથી તમારાં પુણ્યકાર્યોનું મંદિર બંધાય છે. નરસા થયા પછી તમે વધુ સારા થાઓ છો એ ન ભૂલશો.*

***સૌજન્ય : "પ્રેરણાની પળોમાં"***

# સમાજના સભ્યો જોગ

## *JIO (જૈન ઇન્ટરનેશનલ ઓર્ગેનાઇઝેશન) દ્વારા લેવાતા આરોગ્ય વીમા બાબત*

આપને ઉપરોક્ત બાબતની જાણકારી હશે જ. છતાં જણાવવાનું કે આ સંસ્થા (JIO) માત્ર જૈનોના જ આરોગ્ય વીમા ઘણા જ વ્યાજબી પ્રીમિયમથી અને ઘણીબધી સુવિધાઓ (જે અન્ય કંપનીઓ નથી આપતી) સાથે આપે છે.

આ ઉપરાંત આપણી સંસ્થાએ (શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ) એમ નક્કી કરેલ છે કે કોઈ સભ્ય પરિવાર પ્રીમિયમ ભરવા આર્થિક રીતે સક્ષમ ન હોય તેઓનું અડધું અથવા પૂરું પ્રીમિયમ ભરીને પણ એ પરિવારનો આરોગ્ય વીમો જરૂર કરાવવો.

આ યોજના અને સવલતને લક્ષમાં લઈને સમાજના ટ્રસ્ટી મંડળે તા. ૨૦-૧૨-૨૦૧૫ના રોજ ઠરાવ કરેલ છે કે હવે પછી સભ્ય પરિવારોની બીમારીના પ્રસંગે હોસ્પિટલના ખર્ચ પેટે અપાતી રૂા. ૫૦,૦૦૦/- સુધીની સહાય **બંધ કરવી.** આ અંગે 'મંગલ મંદિર'માં પણ જાહેરાત અને વિગત અપાયેલ છે. હવે પછી મોટી ઉંમર કે અન્ય વ્યાજબી કારણસર જ સમાજ આ યોજના અંતર્ગત સહાય આપશે, તે સિવાય નહીં.

આમ છતાં ઘણાં પરિવારો બેદરકારીથી અથવા જાણકારીના અભાવના બહાને સમાજ પાસે સહાય અર્થે આવે છે, જેઓના દાવા ઉપરોક્ત ઠરાવના કારણે સમિતિ મંજૂર કરી શકતી નથી.

આથી આ વ્યક્તિગત પત્ર દ્વારા આપ સભ્ય પરિવારોને વિનંતી કરીએ છીએ કે જે પરિવારોએ વીમો લીધેલ ન હોય તેઓએ પૂરતી રકમનો વીમો લેવો અને જરૂરત હોય ત્યાં સમાજનો સંપર્ક કરી, JIOના સભ્ય બની, વીમો અવશ્ય લઈ લેવો.

આ સિવાય જેઓએ અગાઉ વીમા લીધેલ છે તેઓએ પણ દર વર્ષે પ્રીમિયમ ભરી રિન્યુ અવશ્ય કરાવવો. સમાજ દરીકે રીતે સહાયભૂત થવા તૈયાર છે.

**કે. આર. શાહ**
**માનદ્ મંત્રી**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

# આવું કેમ બને છે?

*દુઃખમાં મા યાદ આવે છે*
*મુસીબતમાં મા યાદ આવે છે*
*પણ એવું હોય ત્યારે જ મા*
*કેમ યાદ આવે છે?*
*અંધારું હોય છે, રસ્તો દેખાતો નથી,*
*ભીતરમાં નિરાશા હોય છે*
*ત્યારે હું માને યાદ કરું છું.*
*મુસીબત નથી હોતી ત્યારે, કે*
*નાની મોટી સુખની ક્ષણોમાં*
*મા મને કેમ યાદ નથી આવતી?*
*એટલા માટે કે મા*
*સ્વાર્થી નથી હોતી,*
*એટલા જ માટે કે મા*
*સુખમાં ભાગ નથી પડાવતી.*
*એ તો દુઃખમાં ભાગ પડાવે છે.*
*દુઃખમાં એ રક્ષાકવચ બનીને*
*ઊભી હોય છે.*
*ઓ મા!*
*તું તારા સ્વાર્થી દીકરાને*
*માફ કરજે,*
*જે તને*
*અંધારામાં યાદ કરે છે*
*ને*
*અજવાળામાં ભૂલી જાય છે.*

***– એક હિંદી કવિતા પરથી***
***સૌજન્ય : "પાથેય"***

## શિક્ષણ અને સર્વાંગી વિકાસ સમિતિ

### ॥ આગામી કાર્યક્રમ ॥

★ *વિષય* : તમારી કરિયર કેવી રીતે ડિઝાઈન કરશો?

★ *વક્તા* : પ્રો. જયરાજ પંડ્યા

★ *તારીખ* : રવિવાર, તા. ૨૭ નવેમ્બર, ૨૦૧૬

★ *સમય* : સવારે ૯.૩૦ થી ૧૨.૦૦

★ *સ્થળ* : *શ્રી કચ્છી જૈન ભવન - પાલડી.*

★ *કોના માટે* : ધોરણ-૭, ૮, ૯ અને ૧૦ ધોરણના વિદ્યાર્થીઓ અને વાલીઓ માટે

લેક્ચર અને સવાલ-જવાબનો સમન્વય ધરાવતા આ કાર્યક્રમમાં નીચેની વાત પર ધ્યાન આપવામાં આવશે.

- **પાર્ટ-એ (૯.૩૦થી ૧૦.૪૫)** : ઘરનું વાતાવરણ, ઘરના સભ્યોની અને વિદ્યાર્થીની જીવનશૈલી, સ્વભાવ અને સંજોગોનો સારા પરિણામમાં કેવી રીતે ફાળો હોઈ શકે? બહુ સારા પરિણામ લાવવામાં પેરેન્ટ્સ શું ભાગ ભજવે છે? સારા પરિણામ લાવનાર સ્ટુડન્ટમાં કેવી આદત હોય છે?
- **પાર્ટ-બી (૧૧.૦૦થી ૧૨.૦૦)** : NEET - JEE - AIPMT - CPT જેવી પરીક્ષાઓની તૈયારી કરવા માટેની સાચી ઉંમર અથવા સાચું standard કયું? શું બધાએ આવી પરીક્ષા આપવી જોઈએ? આવી બધી પરીક્ષાઓ ફરજિયાત છે? કોઈ વિદ્યાર્થીએ કેવી રીતે ટાઇમ ટેબલ બનાવી ભણવું જોઈએ? ભણવાની સાથે બીજી કઈ પ્રવૃત્તિ અથવા શીખેલું કામ ઉપયોગી થઈ શકે છે?

***તમારા કોઈ ચોક્કસ સવાલ હોય તો તમે વાલીનું નામ, વિદ્યાર્થીનું નામ અને સવાલ... નીચેના Mail ID પર તા. ૨૩ નવેમ્બર, ૨૦૧૬ પહેલા મોકલી શકો છો :***

**E-mail : kutchijainamd@gmail.com**

*કન્વીનર, શિક્ષણ અને સર્વાંગી વિકાસ સમિતિ*

## ગૃહ ઉદ્યોગ સમિતિ

### આગામી કાર્યક્રમ

ગૃહ ઉદ્યોગ સમિતિ અને આદર્શ - અમદાવાદના સંયુક્ત ઉપક્રમે મહેંદી તાલીમનો એક વર્કશોપ તા. ૧૪-૧૧-૨૦૧૬થી તા. ૧૯-૧૧-૨૦૧૬ સુધી બપોરે ૧ થી ૩ દરમિયાન નવનીત ભવન, બહેરામપુરા, અમદાવાદ ખાતે રાખવામાં આવેલ છે.

ભાગ લેનાર બહેનોએ મહેંદીના કોન, સ્કેચબુક અને પેન્સિલ સાથે લાવવાની રહેશે. આ વર્કશોપમાં ઉંમર મર્યાદા નથી તેમજ કોઈ પણ જાતનો ચાર્જ રાખવામાં આવેલ નથી.

***ચંદ્રિકાબેન દેઢિયા***
*કન્વીનર - ગૃહ ઉદ્યોગ સમિતિ*

## વયસ્ક સમિતિ

સમિતિ તરફથી આગામી ૧૪ ડિસેમ્બરે સૌરાષ્ટ્રના પ્રવાસમાં જૂનાગઢ, નરસિંહ મહેતાના સ્થળોની મુલાકાત, દેવળિયામાં સિંહ દર્શન સાથે ગીરના જંગલની સફર, સોમનાથ મંદિરની મુલાકાત, માધવપુર ચોરવાડના દરિયા કાંઠાની સહેલગાહ, ચિંતામણિ પાર્શ્વનાથ, નવપલ્લવ પાર્શ્વનાથ અને બલેજ પાર્શ્વનાથ પ્રભુના દર્શનનો લહાવો — ત્રણ દિવસનો પ્રવાસ રૂા. ૨,૦૦૦/- ભરીને પોતાના નામ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ઉપર નોંધાવવા. મર્યાદિત સંખ્યાને કારણે વહેલા તે પહેલાના ધોરણે નામ નોંધવામાં આવશે.

***રજનીકાંત પારેખ***
*કન્વીનર - વયસ્ક સમિતિ*

### શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત મેડિકલ સેન્ટરમાં બાળ રોગ વિભાગમાં નીચે પ્રમાણે ડૉક્ટરો મળે છે

| દિવસ | સમય | ડોક્ટર |
|---|---|---|
| સોમથી શુક્ર | સવારે ૯ થી ૧૦.૩૦ | ડૉ. કૃપેશ શાહ |
| શનિવાર | સવારે ૯ થી ૧૦.૩૦ | ડૉ. પરેશ શાહ |
| સોમથી શનિ | સાંજે ૫ થી ૬.૩૦ | ડૉ. કોશા શેઠ |

## કચ્છ સંસ્કૃતિ મ્યુઝિયમ

**નીચે જણાવેલ સ્થળે મ્યુઝિયમ નિહાળવા જાહેર જનતાને ભાવભર્યું નિમંત્રણ છે. આ મ્યુઝિયમની મુલાકાતથી અમદાવાદમાં રહીને કચ્છ - દર્શનની એક ઝલક જોઈ શકશો. દેશ-વિદેશથી આવતા આપના કોઈપણ મહેમાનો સાથે આપ આ મ્યુઝિયમની અવશ્ય મુલાકાત લેશો.**

***મ્યુઝિયમ જોવા માટે કોઈ એન્ટ્રી ફી નથી.***

*સ્થળ* : શ્રી કચ્છી વિશ્રામગૃહ, અરિહંતનગર દેરાસરની સામે, રાજસ્થાન હોસ્પિટલ પાસે, શાહીબાગ, અમદાવાદ.

*ફોન સંપર્ક* : (૦૭૯) ૨૨૮૮૪૫૪૭ ● *સમય* : સવારે ૧૦થી ૨ અને સાંજે ૫ થી ૭.

# શિક્ષણ તથા સર્વાંગી વિકાસ સમિતિ

## શું આપ ૩ થી ૮ વર્ષની વયના બાળકના મા-બાપ / વાલી / વડીલ છો?

*આપ આપના બાળકની શક્તિઓને ઓળખો છો?* આપ તેને ઘણો બધો હોંશિયાર બનાવવામાં મદદ કરી શકો છો.

ડૉ. હાવર્ડ ગાર્ડનરના મત પ્રમાણે દરેક બાળક ૮ પ્રકારની વિવિધ બુદ્ધિ (Intelligence) લઈને જન્મે છે (visual, logical, bodily kinesthetic, interpersonal, intrapersonal, musical, linguistic and naturalistic).

આપનું બાળક કઈ બુદ્ધિ / કયા પ્રકારની Intelligence લઈને જન્મ્યું છે તે જાણવા અને તમે કેમ કરીને તેને મદદ કરી શકો તે જાણવા પધારો.

*તારીખ* : *તા. ૨૭-૧૧-૨૦૧૬, રવિવાર.*
*સમય* : *સાંજે ૪.૦૦ થી ૬.૦૦*
*સ્થળ* : *શ્રી કચ્છી જૈન ભવન, પાલડી*
*રજિસ્ટ્રેશન ફી* : *રૂા. ૨૦/-*
*ફેકલ્ટી* : *કુ. હીરલ ધોળકિયા,* ***special educator.***

## *ARE YOU PARENT OF A CHILD OF AGE 3-8 YRS?*

Do u know all the strengths of your child??

You can help him become smarter n high achiever

According to Howard Gardner, every child is born with 8 different type of intelligences : visual, logical, bodily kinesthetic, interpersonal, intrapersonal, musical, linguistic and naturalistic.

Join our workshop on 'Knowing my child' to learn about the different type of intelligences your child is born with so that u can help him better!!

***Date*** : 27 November 2016
***Time*** : 4-6 pm onwards
***Venue*** : Kutchi Jain Seva Samaj
***Registration*** : Rs 20
***Faculty*** : Ms. Hiral Dholakia, special educator.

## શિક્ષણ તથા સર્વાંગી વિકાસ સમિતિ દ્વારા "એપ્ટિટ્યૂડ ટેસ્ટ"

દર વર્ષની માફક આ વર્ષે પણ "એપ્ટિટ્યૂડ ટેસ્ટ"નો કાર્યક્રમ શુક્રવાર તથા શનિવાર ૨ અને ૩ ડિસેમ્બર, ૨૦૧૬ના રોજ (સમય : સાંજે ૭.૩૦થી રાતના ૧૦.૦૦ વાગ્યા સુધીનો) રાખેલ છે. તો જે વિદ્યાર્થીઓ ધોરણ-૮, ૯, ૧૦, ૧૧ અને ૧૨મા ધોરણમાં ભણે છે, તેઓ આમાં પોતાનું નામ નોંધાવી શકે છે.

અત્યારના સમયમાં જ્યારે Career બનાવવા માટે ધોરણ-૧૦ કે ૧૧-૧૨ના બદલે જો બાળકો બને એટલાં વહેલાં પોતાનામાં રહેલી શક્તિને પિછાણે, પોતાને શું ગમે છે? પોતાને આગળ જતા ભવિષ્યમાં શું બનવું છે? તેમ બને એટલું વહેલું જાણી શકે તો વધુ સારી રીતે; જ્યારે ધોરણ-૧૨ પછી Science, Arts, Engg., Medical, Design, Psychology, Theatre વગેરે લાઈન નક્કી કરવાનું આવશે — ત્યારે ઘણી જ આસાન થશે.

જો આપ આ વાંચી રહ્યા છો અને ધોરણ-૮, ૯, ૧૦, ૧૧, ૧૨નાં બાળકોનાં વાલીઓ છો, તો ખાસ ધ્યાન રાખીને આપનાં પાલ્યને અત્રે મોકલશો.

- **નામ નોંધાવવા માટે સંપર્ક :**
  ***નીશાબેન મહેતા,*** શ્રી કચ્છી જૈન ભવન - પાલડી
  (બપોરે ૧૨.૦૦થી સાંજના ૬.૦૦ વાગ્યા સુધી)
  ફોન : ૨૬૫૮૧૫૦૧ • મો. ૮૦૦૦૦ ૩૫૦૦૫

***કન્વીનર - શિક્ષણ તથા સર્વાંગી વિકાસ સમિતિ***

# શિક્ષણ અને સર્વાંગી વિકાસ સમિતિ

## વાર્ષિક કાર્યક્રમોની વિગત

*સમિતિ દ્વારા દર વર્ષે નીચે મુજબના કાર્યક્રમોનું આયોજન કરાશે, જેની નોંધ લેવા વિનંતી.*

- ★ જાન્યુઆરી : Positive Parenting
- ★ ફેબ્રુઆરી / માર્ચ : 'જ્ઞાન સાથે ગમ્મત' – ૧ દિવસીય પિકનિક
- ★ એપ્રિલ : Career Guidance Workshop – ૮/૧૦ દિવસ માટે (માત્ર ધોરણ-૧૦ની પરીક્ષા આપી હોય તેવા વિદ્યાર્થીઓ માટે જ.)
- ★ જૂન : (૧) 'આપના બાળકને ઓળખો' – ધોરણ-૫, ૬, ૭ના બાળકો અને વાલીઓ માટે વર્કશોપ.
  (૨) 'વિદ્યાર્થીઓને પડતાં સ્ટ્રેસમાં તેને કેમ મદદ કરશો?' વિષય ઉપર ધોરણ-૧૧, ૧૨નાં વિદ્યાર્થીઓનાં વાલીઓ માટે વર્કશોપ.
- ★ જુલાઈ :
  - 'કેવી રીતે ભણવું?' વિષય ઉપર ધોરણ-૮ થી ૧૦નાં વિદ્યાર્થીઓની વર્કશોપ.
  - ધોરણ-૮થી ૧૦માં ભણતા વિદ્યાર્થીઓના વાલીઓ માટે વર્કશોપ. જેમાં તેમના વર્તન, ભણતરના સ્ટ્રેસ ઉપરાંત ન્યુટ્રીશન અંગે પણ ચર્ચા.
- ★ ઓગસ્ટ : 'મુગ્ધાવસ્થાના પ્રશ્નો' – ધોરણ-૫, ૬, ૭ના બાળકોના વાલીઓ માટેની ચર્ચા - પ્રશ્નો - વિચારણા.
- ★ સપ્ટેમ્બર : 'કેરિયર પ્લાનિંગ ધોરણ-૮થી શરૂ થાય છે' ધોરણ-૮, ૯, ૧૦ના વિદ્યાર્થીઓ અને વાલીઓ માટે.
- ★ ઓક્ટોબર : "Multiple Intelligence & Life Skills" – ધોરણ-૧ થી ૪નાં બાળકો માટે વર્કશોપ.
- ★ ડિસેમ્બર : ધોરણ-૮, ૯, ૧૦ના વિદ્યાર્થીઓ માટે એપ્ટિટ્યૂડ ટેસ્ટ.

**• નોંધ :**

૧. કાર્યક્રમો ખૂબ જ રસપ્રદ અને માહિતીસભર રહેશે.
૨. આ વાર્ષિક કેલેન્ડર છે. કાર્યક્રમ દર વર્ષે જે તે મહિનામાં જ રહેશે.
૩. ઉપરોક્ત કાર્યક્રમો જે તે વિષયના વિદ્વાન નિષ્ણાતો દ્વારા યોજવામાં આવશે.
૪. કાર્યક્રમ માટેના નિષ્ણાતો જરૂરિયાત પ્રમાણે આવશે / બદલાશે.
૫. આપણા સમાજના બાળકો - શ્રેષ્ઠ વિદ્યાર્થીઓ અને વાલીઓ (Parents) ખૂબ જ વિચારક વાલીઓ બની શકે તે આશયથી આ આયોજન કરવામાં આવેલ છે. દરેકને લાભ લેવા આગ્રહભરી વિનંતી.
૬. સૂચનો / નાવિન્યસભર ફેરફાર આવકાર્ય રહેશે.
૭. Parents ની વ્યાખ્યા માત્ર 'માતા' જ નથી, પિતા પણ આવે તેવી સમજ ડેવલપ કરવાનો પ્રયત્ન છે.
૮. મા-બાપ સિવાય, પરિવારમાં રહેતા વડીલો, દાદા-દાદી, કાકા-કાકી, નાના-નાની પણ Parents ની વ્યાખ્યામાં આવે છે. ઘરના બાળકોના સર્વાંગી વિકાસમાં બધાની સહિયારી જવાબદારી હોવાથી વડીલો ઉપરોક્ત કાર્યક્રમોમાં આવે, તેવી આશા છે.
૯. આ કાર્યક્રમ અમદાવાદમાં રહેતા સમગ્ર કચ્છી સમાજના બાળકો તથા વાલીઓ માટે છે તથા સમગ્ર ભારતનાં કચ્છી જૈન બાળકો તથા વાલીઓ માટે છે.
૧૦. બહારગામથી આવતાં કચ્છી જૈન સમાજનાં બાળકોના વાલીઓએ એક મહિના અગાઉથી બાળકના નામનું રજિસ્ટ્રેશન કરાવવું જરૂરી છે.
૧૧. જે તે મહિનાનાં કાર્યક્રમોની તારીખ તથા સમય અગાઉથી 'મંગલ મંદિર'માં જણાવવામાં આવશે. તે પ્રમાણે કાર્યક્રમો યોજવામાં આવશે.
૧૨. બહારગામથી આવતા કચ્છી જૈન બાળકો તથા વાલીઓ માટે સંસ્થા તરફથી રહેવા તથા જમવાની વ્યવસ્થા કરવામાં આવશે.
૧૩. જે તે સમયે સમિતિ તરફથી જે તે કાર્યક્રમ માટે ફી નિયત કરવામાં આવશે. તે ભાગ લેનાર વિદ્યાર્થી બાળકે ભરવાની રહેશે.
૧૪. ઉપરોક્ત કાર્યક્રમ તથા તેની વિગતોમાં ફેરફાર કરવાની સંપૂર્ણ સત્તા સમિતિની રહેશે.

*કન્વીનર, શિક્ષણ તથા સર્વાંગી વિકાસ સમિતિ*

## મહિલા ઉત્કર્ષ સમિતિ

★ તા. ૧૮-૯-૨૦૧૬, સ્વામિવાત્સલ્યના દિવસે કેન્સર જાગૃતિ અભિયાન અંતર્ગત મેમોગ્રાફી રજિસ્ટ્રેશન કેમ્પ યોજાયો હતો (મેમોગ્રાફી — બ્રેસ્ટ કેન્સર માટેનો ટેસ્ટ). જેને ખૂબ સારો પ્રતિસાદ મળ્યો હતો.

આ વર્ષે મેમોગ્રાફી ટેસ્ટ સાયન્ટીફિક લેબ - પંચવટીમાં આયોજિત કરાયો હતો. બહેનોએ નજીવી ફી ભરીને સાથે ગીફ્ટનો પણ લાભ લીધો હતો.

બહેનોએ પોતાના અનુકૂળ દિવસે રજિસ્ટ્રેશન કરાવ્યા બાદ ટેસ્ટ કરાવીને, સાથે જ રીપોર્ટસ પણ તરત જ મેળવી લીધા હતા. મેમોગ્રાફીની સાથે બ્રેસ્ટની સોનોગ્રાફી પણ કરાવવામાં આવી હતી. આ બધું જ ફક્ત રૂા. ૩૫૦/-માં (અન્યત્ર કરાવવાની ફી : રૂા. ૨૦૦૦/-થી રૂા. ૨૫૦૦/-)

***ખાસ નોંધ*** : બહેનોમાં પ્રસરેલી જાગૃતિ (અવેરનેસ)ને માન આપીને અને સંસ્થાની મંજૂરી બાદ, સમિતિએ નક્કી કરેલ છે કે મહિલા ઉત્કર્ષના દરેક કાર્યક્રમમાં મેમોગ્રાફી ટેસ્ટ માટેનું રજિસ્ટ્રેશન કરાવી શકાશે. તેઓ પોતાના અનુકૂળ દિવસે એપોઈન્ટમેન્ટ લઈને ટેસ્ટ કરાવી શકશે.

એક તંદુરસ્ત પરિવાર સાથે તંદુરસ્ત સમાજનું ઘડતર કરવાના સમિતિના આ પ્રયાસને સહકાર આપવા વિનંતી.

★

### લેટેસ્ટ બેકિંગ વાનગીઓનું ડેમોન્સ્ટ્રેશન

સમિતિએ ફરી એકવાર બેકિંગ ડેમોન્સ્ટ્રેશનનો કાર્યક્રમ યોજ્યો હતો.

તા. ૨૯-૯-૨૦૧૬ના રોજ આ કાર્યક્રમ બેકર્સ સ્ટુડિયો - પ્રહલાદનગર ખાતે યોજાઈ ગયો. સ્ટુડિયોના સંચાલક શ્રીમતી હેના શાહે બહેનોને દરેક વાનગીનું ખૂબ ચીવટથી વિસ્તારપૂર્વક સરળ ભાષામાં ડેમોન્સ્ટ્રેશન આપ્યું હતું. જેને બહેનોએ ખૂબ માણ્યું હતું, વખાણ્યું હતું. શ્રીમતી હેનાબેનનો એવો આગ્રહ રહ્યો કે બહેનોએ આવી વાનગી ઘરે જ બનાવે જેથી ભેળસેળ - કેમિકલ્સથી દૂર રહી શકાય.

તેમની કાર્યશૈલી ખૂબ જ આયોજનપૂર્વકની અને મહેનત માંગી લે તેવી હતી, જે સૌ બહેનોએ બિરદાવી હતી.

સંસ્થા વતી, સમિતિએ સંચાલકનો અને હાજર રહેલ સૌ બહેનોનો આભાર માન્યો હતો. ડેમોન્સ્ટ્રેટ થયેલ દરેક વાનગીનો સ્વાદ માણીને સૌ છૂટા પડ્યા હતા.

***નોંધ :*** જે બહેનો રજિસ્ટ્રેશન કરાવવામાં મોડા પડ્યા હતા, તેમને ક્ષમા.

*સુલુ જલદીપ શાહ - કન્વીનર*

## એ સ્ત્રી કોણ હતી, ખબર છે?

શિયાળાનો સમય હતો. ન્યૂર્યોર્કની સડકો બરફથી છવાઈ ગઈ હતી. એ વખતે નવેક વરસની ઉંમરનો એક છોકરો ટાઢથી ઠૂઠવાતો એક ડિપાર્ટમેન્ટલ સ્ટોરના શોકેસના બહારના કાચની આરપાર તાકી તાકીને કંઈક જોઈ રહ્યો હતો. આવી કાતિલ ઠંડીમાં એણે શરીર પર થોડાંક ચીંથરા વીંટાળ્યાં હતાં. એના પગ ખુલ્લા હતા. ઠરી જતાં આંગળાંઓને રાહત આપવા માટે વારંવાર એ એક પછી એક પગ ઊંચો લઈ લેતો હતો. એના હોઠ સાવ ફાટી ગયા હતા. એના પર પડેલા ચીરાઓમાંથી નીકળેલું લોહી પણ જામી ગયું હતું. એ ખૂબ જ ભૂખ્યો હશે એવું તો એના દેખાવ પરથી કોઈ પણ કહી શકે તેમ હતું. ડિપાર્ટમેન્ટલ સ્ટોરના સંપૂર્ણ પારદર્શક કાચમાંથી નજરે પડતાં બૂટ, ગરમ કપડાં, બ્રેડ વગેરે ચીજોને જોતાં જોતાં એ જાણે કે ક્યાંક ખોવાઈ જ ગયો હતો.

'બેટા! આટલી ઠંડીમાં ક્યારનો તું એ કાચની આરપાર શું જોઈ રહ્યો છે?' શ્રીમંત દેખાતી એક સ્ત્રીએ એના ખભા પર હાથ મૂકીને કહ્યું. પેલો છોકરો ચમકી ગયો. પછી હળવેથી બોલ્યો, 'મેમ! હું ભગવાનને પ્રાર્થના કરતો હતો કે મને પેલા બૂટ અપાવે. મારા પગ હવે ઠંડી સહન નથી કરી શકતાં ને એટલે એ જલદીથી મોકલાવે એવું હું એમને કહેતો હતો!' એકદમ બાળસહજ નિખાલસતાથી એ છોકરાએ જવાબ આપ્યો.

પેલી પૈસાદાર દેખાતી સ્ત્રી થોડીક ક્ષણો વિચારમાં પડી ગઈ. એ પેલા છોકરા સામે જોઈ રહી. પછી એનો હાથ પકડીને એ એને સ્ટોરની અંદર લઈ ગઈ. કાઉન્ટર પર બેઠેલા માણસને એણે આ છોકરાના માપના સારામાં સારા બૂટ અને મોજા કાઢવાનું કહ્યું. પછી કપડાંના કાઉન્ટર પર જઈ એના માપનાં કપડાં અને ગરમ કોટ કઢાવ્યાં. આ દરમિયાન એણે નોકરને બાથરૂમમાં ગરમ પાણી તૈયાર રાખવાનું કહી દીધું હતું. એણે એ બાળકના હાથ-પગ ગરમ પાણીથી ધોવડાવી એને નવાં ગરમ કપડાં પહેરાવ્યાં. પછી સ્ટોરની કેન્ટીનમાં સેન્ડવિચ અને ગરમ ચૉકલેટનો નાસ્તો કરાવ્યો. ત્યાર બાદ કાઉન્ટર પરનાં માણસને આ છોકરાના બૂટ બરાબર બાંધી આપવાનું કહી એ પેલા છોકરાને બાય-બાય કરીને બહાર જવા માટે બારણા તરફ આગળ વધી.

'અલ્યા છોકરા! તું ઓળખે છે એ સ્ત્રીને? એ સ્ત્રી કોણ હતી તને ખબર છે?' બૂટની વાધરી બાંધતાં બાંધતાં કાઉન્ટર પરના માણસે એ છોકરાને પ્રશ્ન કર્યો. એ બાળકે માથું હલાવીને હા પાડી.

પોતાની અને આ સ્ટોરની માલકણને આ શેરીમાં રખડતો છોકરો ક્યાંથી ઓળખે એ વાત હજુ પેલા કાઉન્ટર પરના માણસના મગજમાં ફિટ નહોતી બેસતી. છતાં ખાતરી કરવા માટે એણે પૂછ્યું, 'કોણ હતી એ કહે તો?'

'એ ભગવાનનાં પત્ની હતાં!' આંખમાં છલકાઈ આવેલાં આંસુઓ સાથે એ બાળકે જવાબ આપ્યો, 'એ તો મેં પ્રાર્થના કરી હતી ને એટલે બૂટ આપવા આવ્યાં હતાં!' ■

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો માસિક અહેવાલ

## સપ્ટેમ્બર / ઓક્ટોબર - ૨૦૧૬

- **તા. ૨૬-૯-૨૦૧૬**

★ આજે સવારના શ્રી પ્રતાપ નારાણજી દંડ, શ્રી કે.આર. શાહ, ડૉ. ચંદ્રકાંતભાઈ દેઢિયા અને ડૉ. હિતેન્દ્રભાઈ શાહે ફિઝિયોથેરાપિસ્ટ ડૉ. દીપેન પટેલ સાથે શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે મિટિંગ કરેલ હતી. પ્રથમ ડૉ. દીપેન પટેલે આપણા મેડિકલ સેન્ટર અને ફિઝિયોથેરાપી સેન્ટરની મુલાકાત લીધેલ હતી. આપણી મેડિકલ પ્રવૃત્તિઓ જોઈને તેઓએ ખૂબ જ આનંદ વ્યક્ત કર્યો હતો. ત્યારબાદ તેઓ પોતે કઈ પદ્ધતિથી દર્દીઓની સારવાર કરે છે અને આપણા મેડિકલ સેન્ટર દ્વારા દર્દીઓને અપાતી સારવારમાં શું ખામી રહે છે તેની વિસ્તૃત ચર્ચા કરેલ હતી. તેઓ આપણને કઈ રીતે ઉપયોગી થઈ શકે તે માટે જણાવેલ કે ફરીથી મળીને આ બાબતે ચર્ચા વિચારણા કરી નક્કી કરવામાં આવશે.

★ આજરોજ મુંબઈ અતિથિ ભવન સમિતિની એક મિટિંગ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે મળેલ હતી. જેમાં શ્રી પ્રતાપ નારાણજી દંડ, શ્રી કે.આર. શાહ, ડૉ. ચંદ્રકાંતભાઈ દેઢિયા તથા શ્રી અશોકભાઈ મહેતા હાજર રહ્યા હતા. આજની મિટિંગમાં શ્રી અશોકભાઈ મહેતાએ રજૂઆત કરી હતી કે મુંબઇ અતિથિ ગૃહના પ્રોજેક્ટવાળા શ્રી પૂનમ ડેવલપર્સના પ્રતિનિધિઓ શ્રી પંકજભાઈ બાબરિયા તથા શ્રી પારસભાઈ બાબરિયા આપણને મજકૂર પ્રોજેક્ટ પરત સોંપી દેવા સહમત થયા છે. તેથી તેઓ સાથે મિટિંગ કરતા પહેલા આપણે અગાઉ તેઓ સાથે કરેલી મિટિંગની મિનિટ્સ વાંચીને વિગતવાર ચર્ચા વિચારણા કરી, શું રજૂઆત કરવી તેના મુદ્દા નક્કી કરવામાં આવ્યા હતા.

- **તા. ૧૨-૧૦-૨૦૧૬**

★ આજરોજ સવારના ૧૧ વાગે શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ ખાતે રિનોવેશન સમિતિ તથા ભવન સમિતિની એક મિટિંગ મળેલ હતી. આ મિટિંગમાં ભવન સમિતિના કન્વીનર શ્રી કે.આર. શાહ, રિનોવેશન સમિતિના કન્વીનર શ્રી પ્રતાપ નારાણજી દંડ ઉપરાંત શ્રી આશિષ મહેતા, શ્રી પીયૂષ પારેખ, શ્રી પીયૂષ સાવલા, શ્રી નીતિન ગાલા ઉપસ્થિત રહેલ હતા. આજની મિટિંગમાં પહેલા માળે આવેલ મહિલાઓની ડોરમેટરીમાં બાથરૂમ તોડીને નવેસરથી બનાવવાનું તથા સંપૂર્ણ ડોરમેટરી જરૂરિયાત મુજબ રિનોવેટ કરી દિવાળી પહેલાં કામ પૂર્ણ થાય તેમ નક્કી કરવામાં આવ્યું. પહેલા માળે રિનોવેટ થઈ રહેલા ૬ બાથરૂમમાં દરવાજા એ જ પ્રમાણે બેસાડવાનું નક્કી કરવામાં આવેલ.

- **તા. ૧૪-૧૦-૨૦૧૬**

★ નક્કી થયા મુજબ આજ રોજ સવારથી શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતેના ખુલ્લા કમ્પાઉન્ડમાં મિકેનિકલ લિફ્ટ લગાડવાનું કામ શરૂ કરવામાં આવેલ. ■

*તરી જવું એટલે સામે પાર જવું અને પ્રભુના અપાર તેજમાં ભળી જવું. સંસાર તરી જવા પાછળ આવી એક ભાવના છુપાયેલી છે અને આવી ભવ્ય ભાવનાનો ભગવો રંગ જેને લાગે છે તે જ આ સંસારમાં તરતો રહે છે અને તરી જાય છે.*

# તબીબી સાધનો વપરાશ માટે આપવાની યોજના

**શ્રી કચ્છી જૈન ભવન - પાલડી પર નીચે મુજબના તબીબી સાધનો દૈનિક ભાડાના ધોરણે મળી શકશે. જેઓને આ સાધનોની જરૂરિયાત હોય તેઓ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી પર ફોન : ૨૬૫૭૮૮૯૨ / ૨૬૫૮૧૫૦૧ પર સંપર્ક સાધી શકશે.**

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧. એર બેડ | રૂા.૧૦/- | ૫. વૉકર | રૂા. ૨/- | ૯. બેડ પાન | રૂા. ૨/- |
| ૨. વ્હીલ ચેર | રૂા. ૩/- | ૬. વોકિંગ સ્ટીક | રૂા. ૧/- | ૧૦. ફાઉલર બેડ | રૂા.૧૦/- |
| ૩. ઓક્સિજન સિલિન્ડર (નાનો) | રૂા. ૫/- | ૭. કમોડ ચેર | રૂા. ૩/- | ૧૧. ટેબલ ટોપ (ફાઉલર બેડ માટે) | રૂા. ૨/- |
| ૪. નેબ્યુલાઈઝર | રૂા. ૫/- | ૮. સેલાઈન સ્ટેન્ડ | રૂા. ૨/- | ૧૨. બેક રેસ્ટ | રૂા. ૨/- |

<u>નોંધ</u> : **(૧)** સ્ટોકમાં હશે ત્યાં સુધી આ સાધનો ડીપોઝિટ આપીને ભાડેથી મેળવી શકાશે. **(૨)** સાધનો પાલડી ભવન પરથી લઈને ત્યાં જ પરત કરવાના રહેશે.

***કે. આર. શાહ - માનદ્ મંત્રી, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ***

## ઊડતી નજરે....

**માસ સપ્ટેમ્બર-૨૦૧૬ દરમ્યાન શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વિવિધ સેવાઓનો લાભ લેનાર વ્યક્તિઓ**

| ક્રમ | | સેવાઓ | લાભ લેનાર વ્યક્તિઓ |
|---|---|---|---|
| ૧. | | **માતુશ્રી સાકરબેન રવજી મોરારજી લાલન (કોડાય - સુપ્રીમવાલા) શ્રી કચ્છી જૈન ભવન, પાલડી, અમદાવાદ.............................................** | |
| | (અ) | **શ્રી નવનીત મેડિકલ સેન્ટર તથા શ્રીમતી પ્રભાવતીબહેન કાંતિલાલ વેલજી સાવલા મેડિકલ ચેક-અપ સેન્ટર, પાલડી, અમદાવાદ.** | |
| | ● | કુલ લાભ લેનાર વ્યક્તિઓ ........................................................ | **૧૪,૮૦૨** |
| | | જેમાંથી – | |
| | ● | શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વ્યક્તિઓ ............................. **૫૬૮** | |
| | ● | સાધુ-સાધ્વીજી મહારાજ સાહેબો ................................................ **૮૬** | |
| | ● | મોતિયા - આંખનાં ઑપરેશન (સાપ્તાહિક બે દિવસ) ............................... **૧૧** | |
| | ● | સોનોગ્રાફી ......................................................... **૧,૧૯૨** | |
| | ● | ટી.એમ.ટી. (માત્ર ડૉક્ટર દ્વારા ભલામણથી) ......................................... **૧૭** | |
| | ● | બોડી ચેક-અપ ...................................................... **૪૮૩** | |
| | ● | અન્ય ............................................................ **૧૨,૪૪૫** | |
| | (બ) | **માતુશ્રી કંકુબેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, પાલડી, અમદાવાદ** | |
| | | કુલ લાભ લેનાર વ્યક્તિઓ ................................................ **૭૯૮** | |
| | | શ્રી કચ્છી જૈન ભવન - પાલડીની કેન્ટીનમાં કુલ લાભ લેનાર વ્યક્તિઓ ........ **૨,૮૩૨** | **૩,૬૩૦** |
| ૨. | | **જી.એમ.ડી.સી. પ્રાયોજિત શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ, અમદાવાદ** | |
| | ● | શ્રી કચ્છી વિશ્રામ ગૃહમાં લાભ લેનાર કુલ વ્યક્તિઓ .......................... **૨,૧૮૨** | |
| | ● | કેન્ટીનમાં લાભ લેનાર કુલ વ્યક્તિઓ ........................................ **૫,૭૦૧** | |
| | ● | શ્રી જલારામ અન્નક્ષેત્રમાં લાભ લેનાર કુલ વ્યક્તિઓ .............................. **૨૬૦** | |
| | ● | કચ્છ સંસ્કૃતિ મ્યુઝિયમની મુલાકાત લેનાર કુલ વ્યક્તિઓ .......................... **૮૯૮** | |
| | ● | શ્રી ધીરજલાલ ટોકરશી કાપડિયા ડાયાલિસિસ સેન્ટરમાં લાભ લેનાર કુલ વ્યક્તિઓ . **૪૬૩** | **૯,૫૦૪** |
| ૩. | | **માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, ગીતા મંદિર, અમદાવાદ** | |
| | | લાભ લેનાર કુલ વ્યક્તિઓ .................................................. **૪૨૩** | **૪૨૩** |
| | | માસ સપ્ટેમ્બર - ૨૦૧૬ દરમ્યાન વિવિધ પ્રકારની સેવાઓનો લાભ લેનાર કુલ વ્યક્તિ .......... | **૨૮,૩૫૯** |

## મેરેજ બ્યુરો

**શ્રી કચ્છી જૈન ભવન પર કોઈ પણ જ્ઞાતિના યુવક - યુવતી માટે મેરેજ બ્યુરો કાર્યરત છે. આપશ્રી આપનું નામ રજિસ્ટર કરાવીને મેચીંગ સંબંધી જરૂરી વિગતો મેળવી શકશો. રૂબરૂ મુલાકાત માટે દર શનિવારે બપોરે ૩.૦૦થી ૬.૦૦નો સમય નક્કી કરવામાં આવેલ છે. જરૂરિયાત અનુસાર આપશ્રી મેરેજ બ્યુરો સમિતિના કન્વીનર શ્રી હીરજી પાસુ શાહનો મોબાઈલ નંબર ૯૮૨૫૩ ૮૦૮૬૬ પર સંપર્ક સાધી શકશો.**

*હીરજી પાસુ શાહ, કન્વીનર - મેરેજ બ્યુરો સમિતિ*
*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ*

# સનગ્લાસ કલેક્શન 2016




MORE STYLES




Powered sunglasses in different styles also available.

GANGAR EYENATION

INDIA'S LEADING EYEWEAR CHAIN

મુંબઈ | પુણે | નાશિક | ઔરંગાબાદ | સાંગલી | સોલાપુર | નાગપુર | કોલ્હાપુર | અમદાવાદ | આણંદ
સુરત | નવસારી | વડોદરા | ગાંધીનગર | ગાંધીધામ | ભુજ | રાજકોટ | જામનગર Infoline: 022-2419 5555


Unique Features
WIDE NETWORK TO OVER 400 LOCATIONS ACROSS INDIA
BEST IN INDUSTRY INFRASTRUCTURE & IT SUPPORT
RUNS ON PROVEN SYSTEMS & EFFICIENT OPERATIONS
MOVING OVER 10 MILLION PARCELS, WEIGHING OVER 15 LAC TONS WORTH Rs. 35,000 Cr
MODERN, GPS SUPPORTED FLEET OF MORE THAN 800 VEHICLES
ETHICAL ORGANIZATION WITH CORE VALUES, VISION 2020, PURPOSE & QUALITY ASSURANCE
TRUSTED BY OVER 1 MILLION SATISFIED CUSTOMERS FROM ACROSS SME, LARGE & MNC SECTORS
WINNERS OF SEVERAL NATIONAL EXCELLENCE AWARDS
V-TRANS
Driving Excellence
Our Offerings
END TO END MARINE TRANSIT INSURANCE COVER FOR ALL GOODS BOOKED THROUGH US
SPEEDY CLAIM SETTLEMENT
24 X 7 CCTV SURVEILLANCE AT MAJOR HUBS & BRANCHES
100% COMPUTERIZED & DIGITAL ENVIRONMENT
ISO 9000:2008 CERTIFIED COMPANY & FULLY COMPLIANCE DRIVEN
DEDICATED KEY & CORPORATE ACCOUNTS MANAGEMENT
SPECIALISTS IN SAFE, SPEEDY & COST FRIENDLY PARCEL MANAGEMENT AND CUSTOMIZED OFFERINGS
NATIONAL AWARD WINNING CUSTOMER SERVICES TEAM
TOTAL PEACE OF MIND
To know more about us, call us today
CORPORATE OFFICE : V-Trans India Limited, 6, Corporate Park, V. N. Purav Marg, Chembur, Mum - 400071
Tel: + 91 25220423 – 26 | Toll Free: 1800 220 180 | Email: info@vtransgroup.com
V-TRANS
Driving Excellence
Our other Divisions
V-Xpress
Safe and Reliable - For Your Peace of Mind
V-Logis
Warehousing & Inventory Management


GAME ON
BY BLAZO
Blazo Clothing Mfg. Co. Pvt. Ltd.
310, Amit Industrial Estate, 61 Dr. S.S. Rao Road,
near Gandhi Hospital, Parel, Mumbai - 400012.
Tel:(022) 24124595, 24168645, 24115010. Fax: 24104290
Info@blazoclothing.com / blazoorder@yahoo.co.in / www.blazoclothing.com

"Mangal Mandir" - "Regd. under Postal Registration No. GAMC-315/2015-2017 Valid upto 31st December, 2017 issued by the SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 5th of Every Month."
R.N.I. No. of RNP is 33266/1978 • Published on 1st of Every Month

